## ACKNOWLEDGEMENT


We sincerely express our gratitude to **“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** from where we have sourced **“Samaadhini Swatantrataa Part-4”**(Pravachans on Shree Samaadhitantra by Pujya Shree Kanji Swami)


**“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to “**Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali**” at gnayakforever@gmail.com



# સમાધિની સ્વતંત્રતા

ભાગ - ૪





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિની સ્વતંત્રતા

## ભાગ ૪

પૂજ્યપાદસ્વામી વિરચિત

## સમાધિતંત્ર

શાસ્ત્ર ઉપર થયેલ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

શ્લોક નં. ૫૨ થી ૭૮ સુધીનાં અક્ષરશઃ ૨૫ પ્રવચનો

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી

D - 16/205, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400 092

ફોન - 2863 1155 / 93228 90089

E-mail - gnayakforever@gmail.com

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |


: પ્રકાશન :

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૩ મી જન્મજયંતિનાં

મંગલમય પ્રસંગે, ગજપંથા સિદ્ધક્ષેત્રે

તા. ૨૩.૪.૨૦૧૨ વૈશાખ સુદ - ૨

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ પ્રત

મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય

મુદ્રક : સિલ્વર પ્રિન્ટસ્, વસઇ - પૂર્વ.

ટે. ૦૨૫૦ ૩૨૧૧૩૦૪ / ૦૫

## "સમાધિની સ્વતંત્રતા" પ્રાપ્તિ સ્થાન

**મુંબઇઃ**

**બોરીવલીઃ**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
ડી-૧૬/૨૦૫, યોગી નગર,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોનઃ **2863 1155 / 9322890089**

**પાર્લાઃ**

**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૫૭
ફોનઃ **2610 2865 / 9892238006**

**દાદરઃ**

**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮
ફોનઃ **2438 8787 / 9820498454**

**ઘાટકોપરઃ**

**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોનઃ **2506 8790 / 98191 95353**

**કલકત્તાઃ**

**શ્રી પ્રકાશભાઇ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ,
ખાલસા સ્કુલની સામે, ભવાનીપુર,
કલકત્તા -૨૦.
ફોનઃ **033-24868518 / 9830331010**

**રાજકોટઃ**

શ્રી સીમંધર કુંદ કુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
સ્વરૂચી, યોગીનિકેતન પ્લોટ,
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોનઃ **0281-2477728 / 9374100508**

**જામનગરઃ**

શ્રી પરેશભાઇ વાધર
૨૫, દિગ્વીજય પ્લોટ, જામનગર.
ફોનઃ **02882-560566**

**સોનગઢઃ**

**ડૉ. માધુરીબેન એસ. નંદુ**
ધ્રુવધામ, રોજકોટ-ભાવનગર મેઇનરોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર.
ફોનઃ **02846-244132**

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો ટોટલ પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ 'સમાધિની સ્વતંત્રતા - ભાગ ૪' તે આઠમું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હ્રદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો
૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા
૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧
૪. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨
૫. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર
૬. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧ (સુ.આ.)
૭. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૩

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

**સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર**

# પ્રકાશકીય નિવેદન

શરીરાદિ પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના દિવ્ય સંદેશા **ભગવાન શ્રીપૂજ્યપાદઆચાર્યે** આ **સમાધિતંત્ર યા સમાધિશતક**માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃતટીકા શ્રીપ્રભાચંદ્રઆચાર્યે કરી છે.

સમાધિની પ્રાપ્તિ સર્વ કાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાન યુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત ગુરુદેવ **પૂજ્ય શ્રીકાનજીસ્વામી**નાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઇ રહી છે એ મહાન સદ્‌ભાગ્ય છે.

સિલ્વર પ્રિન્ટસ, મુંબઇના વ્યવસ્થાપક શ્રી રજતભાઇ દોશીએ કુશળતાપૂર્વક આ ગ્રંથનું સુંદર છપાઇ આદિ કાર્ય કરી આપ્યું છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રનાં પ્રવચનો સુંદર રીતે ટાઇપ કરવા બદ્દલ કુમારી બીનાબેન શેઠનો (કાંદીવલી, મુંબઇ) સંસ્થા આભાર માને છે.

આ શાસ્ત્રનાં પ્રવચનો ફરી-ફરીને વાંચી, સાંભળી, પ્રુફરીડીંગ કરવા બદ્દલ ડૉ. (શ્રીમતી) વસુબેન દિપકભાઇ શાહનો (તારદેવ, મુંબઇ) સંસ્થા ખુબ આભાર માને છે.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના સર્વ જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

**શ્રી કુંદકુંદ કહાન સત્‌ સાહિત્ય પ્રચાર**
**બોરીવલી**

# પ્રસ્તાવના

## ગ્રન્થ – સમાધિતંત્ર અપરનામ સમાધિશતક

શ્રીપૂજ્યપાદઆચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ – બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અંતરાત્માવસ્થાદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અંતરાત્મપણું પ્રગટ થઈ શકે નહિ, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાની ગ્રન્થ-ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વની પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનદ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ – એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમાં ઇ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોને પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાનદ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપૂર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનનથી ભવદુ:ખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાન્તિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભૂત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે-એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫) માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ- **'સમાધિતંત્ર'**-નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની-પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો



# પરમ પૂજ્ય શ્રી પૂજ્યપાદ સ્વામી

સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સાહિત્યદ્રષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થ ભાષા–સૌષ્ઠવ, પદ્ય–રચના અને સાહિત્યગુણોની દ્રષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ – અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત–ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા–પ્રશસ્તિમાં, ગ્રન્થના અપર નામ **'સમાધિશતક'** નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રન્થ, **'સમાધિતંત્ર' અને 'સમાધિશતક'** – એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ – અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

### સમય

શ્રવણ બેલ્ગોલના શિવાલેખ નં.૪૦(૧૦૮)માં ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના **'જૈનેન્દ્ર વ્યાકરણ'**માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫–૪–૧૬૮)–એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ.૨૦૦માં બીજી શતાબ્દિમાં થઈ ગયા. **શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય–ઈ.સ.૬૨૦ થી ૬૮૦) પોતાની **'તત્વાર્થરાજવાર્તિક'** માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની **'તત્વાર્થશ્લોકવાર્તિક'** ટીકામાં, શ્રી પૂજ્યપાદરચિત **'સર્વાથસિદ્ધિ'** નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ.૬૨૦ પહેલા થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ.૨૦૦ અને ઈ.સ.૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ.પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

## નિવાસસ્થાન અને માતા-પિતાદિ

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા. શ્રી દેવસેનાચાર્ય કૃત **'દર્શનસાર'** માં લખ્યું છે કે તેમના એક વજનન્દી નામના શિષ્યે વિ.સં.પરદ્દમાં દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

## તેમનું નામ

તેમનું દીક્ષાનામ દેવનન્દી હતું; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.

શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्धया महत्या स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम् ।।**

(-શ્રમણ બેલ્ગોલ શિ.લે.નં. ૪૦(૬૪); શક સં.૧૦૮૫)

**प्रागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**बुद्ध्या पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपाद इति चैव बुधैः प्रचख्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૫ (૨૫૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ-દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદ-થી પ્રસિદ્ધ હતા. દેવનન્દી-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા-વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'** -એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

## તેમની અદ્‌ભૂત જીવન-ઘટનાઓ

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :-

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपाद : ।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि ।।**
**धृतविश्वबुद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः ।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णित्तः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮); શક્ર સં. ૧૩૫૫)

श्रीपूज्यपादमुनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्र : ।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार ।।

(–શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે –

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર–વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલા–લેખમાં એવો પણ ઉલ્લેખ છે કે

૧.તેઓ અદ્વિતીય ઔષધ–ઋદ્ધિના ધારક હતા,
૨.વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;
૩.તેમના પાદોદક (ચરણ–જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનુ થઈ ગયું હતું.
આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ શાન્ત્યષ્ટક ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર–તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું.
મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

## ગ્રન્થરચના

શ્રી પૂજ્યપાદ સ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર; સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશાદિ ગ્રન્થો પ્રમુખ સ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે

जैनेन्द्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,
सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेकः स्वकः ।
छन्दः सूक्ष्मधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा
माख्यातीह स पूज्यपादमुनिषः पूज्यो मुनीनां गणैः ।।४।।

(–શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, **'જૈનાભિષેક'** ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

## જૈનેન્દ્ર વ્યાકરણ

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રન્થ છે. તેનાં સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે, અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં આ વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

**सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।**

(શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

**जैनेन्द्रे पूज्यपादः**

(શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા; અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

## શબ્દાવતાર

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે.

## સર્વાર્થસિદ્ધિ

શ્રી ઉમાસ્વામી રચિત '**તત્ત્વાર્થસૂત્ર**' ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. '**તત્ત્વાર્થસૂત્રની**' આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે '**તત્ત્વાર્થ રાજવાર્તિક**' અને શ્રી વિદ્યાનંદે '**તત્ત્વાર્થશ્લોક**' નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં '**સર્વાર્થસિદ્ધિ**' નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુજ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

## સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં.ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં.ટીકા પં.આશાધરજીએ કરી છે. બંને ગ્રન્થો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે '**સમાધિતંત્ર**' માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમ-વાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષ પાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દ્રષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.

## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદ સ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન્ તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.
તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઇ.સ.૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ - ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુકતકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.


## સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર' ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યકત કર્યો છે.

# આભારદર્શન

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો સાંભળીને નિજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું તથા પ્રુફ રીડીંગ કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

- શ્રી વિજયભાઇ શેઠ બોરીવલી
- શ્રી અનિલભાઇ શાહ બોરીવલી
- શ્રી સમીરભાઇ શાહ બોરીવલી
- શ્રી ધીરેનભાઇ વખારીયા બોરીવલી
- શ્રી જયેશભાઇ શેઠ પાર્લા
- શ્રી મણિભાઇ ગાલા પાર્લા
- શ્રી અજયભાઇ શાહ પાર્લા
- શ્રી બીપીનભાઇ શાહ પાર્લા
- શ્રી ધીરેન્દ્રભાઇ ગાલા પાર્લા
- શ્રી કવિભાઇ ગાલા પાર્લા
- શ્રીમતી લક્ષ્મીબેન સાવલા પાર્લા
- શ્રીમતી દિવાળીબેન ગડા પાર્લા
- શ્રીમતી મંજુલાબેન ગાલા પાર્લા
- શ્રીમતી મીનાક્ષીબેન નંદુ પાર્લા
- શ્રીમતી કિરણબેન પાર્લા
- શ્રીમતી ભારતીબેન સાવલા પાર્લા
- શ્રીમતી ઝવેરબેન છેડા પાર્લા
- શ્રીમતી રેખાબેન ગાલા પાર્લા
- શ્રીમતી વસુબેન શાહ તારદેવ
- શ્રીમતી જ્યોતિબેન ડગલી અંધેરી
- શ્રીમતી શુશીલાબેન ગાલા વડાલા
- શ્રીમતી સોનલબેન વખારીયા બોરીવલી
- શ્રીમતી રીટાબેન ભેદા બોરીવલી
- શ્રીમતી વર્ષાબેન શાહ બોરીવલી
- કુમારી શીતલબેન શાહ બોરીવલી
- શ્રીમતી છાયાબેન વખારીયા બોરીવલી
- કુમારી પૂર્વી દેઢીયા બોરીવલી
- શ્રીમતી પારુલબેન કપાસી બોરીવલી
- શ્રીમતી પીંકીબેન શાહ બોરીવલી
- શ્રીમતી ભારતીબેન મહેતા બોરીવલી
- શ્રીમતી જયાબેન ગાલા પાર્લા
- શ્રીમતી રજનીબેન શેઠ પાર્લા
- શ્રીમતી વંદનાબેન સાવલા પાર્લા
- શ્રીમતી ઉષાબેન શાહ પાર્લા
- શ્રીમતી ચંદનબેન છેડા પાર્લા
- શ્રીમતી મુક્તાબેન પાર્લા
- શ્રીમતી વર્ષાબેન શાહ પાર્લા
- શ્રીમતી વિણાબેન નંદુ પાર્લા
- શ્રીમતી રૂપાબેન શેઠ મુંબઇ
- શ્રીમતી લીનાબેન સચદેવ મુંબઇ
- શ્રીમતી હર્ષિતાબેન દેઢીયા વાશી
- શ્રીમતી ઈલાબેન દેસાઇ રાજકોટ




ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનનાં 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા અનંત ઉપકારી

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા
અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે:

‘‘શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ’’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ. ૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતા પૂર્વક સિંહગર્જના કરે છે – ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન – ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે – ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક – એવી સ્થિતી

તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને જાહેર કરે છેઃ ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન - પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર,

પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ - વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર - ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ - વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ - પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો – મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્–સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ – વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ – વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦૦૩ (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે

સૌરાષ્ટ્રમાં માંડ ચાર - પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય - વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર - ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્‌શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર

દરમ્યાન લાખો  જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા,

સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ - વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

: સિદ્ધાંતો:

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

## શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા



| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક ક્રમાંક | પાના ક્રમાંક |
|---|---|---|---|
| પ્રવચન - ૬૬ | ૧૯.૦૬.૧૯૭૫ | ૫૨ | ૧ થી ૧૩ |
| પ્રવચન - ૬૭ | ૨૦.૦૬.૧૯૭૫ | ૫૩ | ૧૪ થી ૨૮ |
| પ્રવચન - ૬૮ | ૨૨.૦૬.૧૯૭૫ | ૫૪ | ૨૯ થી ૪૪ |
| પ્રવચન - ૬૯ | ? ? | ? ? | ઉપલબ્ધ નથી |
| પ્રવચન - ૭૦ | ૨૪.૦૬.૧૯૭૫ | ૫૫ | ૪૫ થી ૬૧ |
| પ્રવચન - ૭૧ | ૨૫.૦૬.૧૯૭૫ | ૫૬, ૫૭ | ૬૨ થી ૭૭ |
| પ્રવચન - ૭૨ | ૨૬.૦૬.૧૯૭૫ | ૫૭, ૫૮ | ૭૮ થી ૯૪ |
| પ્રવચન - ૭૩ | ૨૭.૦૬.૧૯૭૫ | ૫૮ | ૯૫ થી ૧૦૮ |
| પ્રવચન - ૭૪ | ૨૮.૦૬.૧૯૭૫ | ૫૮, ૫૯, ૬૦ | ૧૦૯ થી ૧૨૬ |
| પ્રવચન - ૭૫ | ૨૯.૦૬.૧૯૭૫ | ૬૦ | ૧૨૭ થી ૧૪૧ |
| પ્રવચન - ૭૬ | ૩૦.૦૬.૧૯૭૫ | ૬૧ | ૧૪૨ થી ૧૫૮ |
| પ્રવચન - ૭૭ | ૦૧.૦૭.૧૯૭૫ | ૬૨, ૬૩ | ૧૫૯ થી ૧૭૩ |
| પ્રવચન - ૭૮ | ૦૨.૦૭.૧૯૭૫ | ૬૩, ૬૪, ૬૫ | ૧૭૪ થી ૧૮૮ |
| પ્રવચન - ૭૯ | ૦૩.૦૭.૧૯૭૫ | ૬૫, ૬૬ | ૧૮૯ થી ૨૦૨ |
| પ્રવચન - ૮૦ | ૦૪.૦૭.૧૯૭૫ | ૬૭ | ૨૦૩ થી ૨૧૩ |
| પ્રવચન - ૮૧ | ઉપલબ્ધ નથી | | ૨૧૪ થી ૨૧૫ |
| પ્રવચન - ૮૨ | ૦૬.૦૭.૧૯૭૫ | ૬૯ | ૨૧૬ થી ૨૩૦ |
| પ્રવચન - ૮૩ | ૦૮.૦૭.૧૯૭૫ | ૭૦, ૭૧ | ૨૩૧ થી ૨૪૩ |
| પ્રવચન - ૮૪ | ૦૯.૦૭.૧૯૭૫ | ૭૧, ૭૨ | ૨૪૪ થી ૨૫૮ |
| પ્રવચન - ૮૫ | ૧૦.૦૭.૧૯૭૫ | ૭૩ | ૨૫૯ થી ૨૭૪ |
| પ્રવચન - ૮૬ | ૧૧.૦૭.૧૯૭૫ | ૭૩, ૭૪ | ૨૭૫ થી ૨૯૦ |
| પ્રવચન - ૮૭ | ૧૨.૦૭.૧૯૭૫ | ૭૫, ૭૬ | ૨૯૧ થી ૩૦૬ |
| પ્રવચન - ૮૮ | ૧૩.૦૭.૧૯૭૫ | ૭૫, ૭૬ | ૩૦૭ થી ૩૨૨ |
| પ્રવચન - ૮૯ | ૧૪.૦૭.૧૯૭૫ | ૭૬, ૭૭ | ૩૨૩ થી ૩૩૯ |
| પ્રવચન - ૯૦ | ૧૬.૦૭.૧૯૭૫ | ૭૭, ૭૮ | ૩૪૦ થી ૩૫૩ |

# પ્રવચન – ૬૬

## શ્લોક – ૫૨

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૯.૦૬.૭૫**

**ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरुपं स्यात्तदेन्द्रियनिरोधं कृत्वा तदनुभवत: कथं दु:खं स्यादित्याह -**

**सुखमारब्धयोगस्य बहिर्दु:खमथात्मनि ।**
**बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मन: ।। ५२ ।।**

પ્રારંભે સુખ બાહ્યમાં, દુ:ખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને[૧] દુ:ખ બહિર્, સુખ નિજઆતમમાંય ।। ૫૨ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. ભાવિતાત્મને – આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને

સમાધિતંત્ર. પહેલા તો આવી ગયું છે ને જે ઇન્દ્રિયનો વિષય જે છે, ઇન્દ્રિયથી જે જણાય એ કાંઇ મારું સ્વરૂપ નથી. ઇન્દ્રિયથી જણાય એ તો બાહ્ય પદાર્થ છે, ખરેખર તો પુદ્‌ગલની વિભાવિક પર્યાય જ જણાય છે ઇન્દ્રિયથી. સ્વાભાવિક પર્યાય નથી એ તો પરમાણુની છે. આ તો શરીર એમાં અંદર આત્મા છે એ ક્યાં દેખાય છે ઇન્દ્રિયથી તેથી કહ્યું ઇન્દ્રિયોથી જે જણાય છે એમાં હું નથી, એ મારું સ્વરૂપ નથી અને અણીન્દ્રિયથી જે જણાય છે એવું જે જ્ઞાન જ્યોતિ અતીન્દ્રિય અને પ્રસન્નતા આનંદ સહિતનું જે જણાય છે તે હું. આહાહા! ઉત્તમનો અર્થ એ કર્યો છે ને? અણીન્દ્રિય, ઉત્તમ એટલે અતીન્દ્રિય એનો અર્થ આ. ઉત્તમ એટલે ઉત્તમનો અર્થ જ અતીન્દ્રિય કર્યો છે. જ્ઞાન જ્યોતિ અતીન્દ્રિય, જે અંતઃર્મુખ જોતાં એ અતીન્દ્રિય સ્વરૂપ જ ઉત્તમ છે અને તે આનંદના વેદન સહિત જણાય છે તે તે જ આત્મ જ્યોતિ. આહાહા! કારણકે જે એનું અસ્તિત્વ જેટલું જેવડું છે, જેટલામાં છે એ તો અસંખ્ય પ્રદેશમાં છે અને જેટલા ગુણો છે એ અનંત ગુણો છે. પ્રદેશ અસંખ્ય, ગુણ અનંત, વસ્તુ એક. ત્રિકાળ છે એ તો છે એ જુદું. એ ઉત્તમ નામ અતીન્દ્રિય જ્ઞાન જ્યોતિ, આનંદના દશા વાળી આનંદના પ્રસન્નતાવાળું જે જ્ઞાન એમ. આનંદની અતીન્દ્રિય આનંદની શાંતિવાળું જે જ્ઞાન તે હું છું. આહાહા! (**શ્રોતા** : અંતઃર્મુખ થઇને જાણવું) એની વાત અહીં છે નહિં વસ્તુ સ્થિતિ છે.

**ટીકા ૫૩**. બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે, કોને? કે શરૂઆત કરે અંદરમાં જવાની એને બહારમાંથી જરી ખસવું કઠણ લાગે છે. એથી એને ઠીક જેવું ભાસે છે એમ અને કોને? કે યોગ નો આરંભ કરનારને. પ્રથમવાર આતમ સ્વરૂપની ભાવનાના અભ્યાસીને. કહે છે. આત્મામાં એટલે આત્મ સ્વરૂપમાં મુશ્કેલી લાગે છે એમ એને આ અંદરમાં એકાગ્ર થવામાં મુશ્કેલ જેવું લાગે છે એટલે દુઃખ લાગે છે. એની વ્યાખ્યા કરી. બહારમાંથી બહારમાંથી ખસવું એ એને ઠીક પડતું નથી ત્યાં ઠીક પડે છે, એથી સુખ ભાસે છે એમ કહ્યું. મૂળ તો બહારમાંથી એને ખસવું નથી, ખસતો નથી એટલે ત્યાં ઠીક લાગે છે એમ લાગ્યું અને અંદરમાં જતાં એને મુશ્કેલી લાગે છે. દીઠ મગ્ગે. છે ને? ધવલમાં. અંતરમાં જવાનો માર્ગ જેણે જોયો છે, એટલે કે અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળી અને ઇ જોયો છે માર્ગ કે આમ જવાય અંદર. એ જવાની પહેલી મુશ્કેલી લાગે એથી જાણે દુઃખ હોય અંદરમાં જવામાં એમ કહ્યું છે.

અભય, અદ્વેષ, અખેદ કીધું છે ને? વળી લ્યો એ આવ્યું, આનંદઘનજીમાં એમ કહ્યું છે કે અંતરમાં જવાથી એને ભય લાગે છે. ભય ચંચળતા હો પરિણામની એવો

શબ્દ છે. હવે એ આવ્યું. પરિણામ ચંચળ રહે છે, અંદર સ્થિર થતાં નથી. એનો અર્થ એ કે જાણે ભય હોય અંદર એમ. એ તો નિર્ભયપદ છે એ એને ભાસતું નથી. આહાહા! આ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમાં બીજી રીતે કોઈ માને, કલ્પે તેથી કાંઈ વસ્તુ બીજી થઈ ન જાય. માન્યતામાં ભ્રમ પડે એને. અભય, અદ્વેષ, અખેદ એમ લીધું છે ને? ભગવાનની સ્તુતિ એટલે તો આ ભગવાન, એની અંદર અભય, અદ્વેષ, અખેદ. અભયપણું એને આવવું જોઈએ અંદરથી. અને અદ્વેષ, અદ્વેષપણું આવવું જોઈએ એટલે પરનો પ્રેમ ખસી અને પોતાનો પ્રેમ થવો જોઈએ. અભય, અદ્વેષ, અખેદ. અખેદ કંટાળો ન થાય, અંતર જવા માટે ખેદ ન થાય. એ શૈલી આનંદઘનજીમાં આવ્યું છે ને? ત્રીજા સ્તવનમાં. એ આંહી જરી એ શૈલીથી વાત કરેલ છે.

બહાર રહેવાના સંસ્કાર છે ને એથી બહારના સંસ્કારને લઈ અને એમાં કાંઈ ઠીક લાગે એટલે સુખ ભાસે એમ કહ્યું. ઠીક ભાસે છે એમ. (**શ્રોતા : સુખ છે નહિં**) છે નહિં. ઠીક ભાસે એટલે શું? ન્યાં અભ્યાસ છે ને? એટલે એને ઠીક ભાસે છે એમ લીધું, સુખ ભાસે છે એમ લીધું. ઠીક નો અર્થ ઈ છે. અંદર ભગવાન અસંખ્ય પ્રદેશી અનંતગુણનો ધામ. એના અંતરમાં જવામાં એને મુશ્કેલી લાગે છે. કેમ કે એ પ્રયત્ન એણે શરૂઆત કરી છે પણ અંદર જામ્યો નથી અંદર, એમ કહે છે. આહાહા! શું હાલે છે આ બહિર્મુખથી ખસીને અંતર્મુખ જવું (એ) શરૂઆતવાળાને એ જરી કઠણ લાગે છે એમ કહે છે. અભ્યાસની શરૂઆત છે. છે ને? આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને એમ કહ્યું છે ને? આહાહા!

પાઠ છે ને શું કીધું? **आरब्धयोगस्य** પ્રથમ આત્મસ્વરૂપ ભાવના યોગ્ય પ્રથમ છે ને એમ. આહાહા! બહુ સરસ વાત! વસ્તુનું સ્વરૂપ આ રીતે પહેલું એને લાગે. વસ્તુ તો અંતર્મુખ છે અને એમાં અંતરમાં વળવું એને મુશ્કેલ જેવું લાગે છે અને બહારમાં અહીંથી ખસવું એથી એને ઠીક જેવું લાગે છે એમ. આહાહા! આ તો મૂળ માખણની વાત છે ભાઈ આ તો! આહાહા! હવે ઓલા (બધા) રાડું પાડે કે આ છે રાગ. પણ રાગ તો બહિ:ર્મુખની દ્રષ્ટિ છે, બહિર્મુખ છે. રાગ ઈન્દ્રિયના વિષયમાંથી આવે (છે) અને ભગવાન આદિ હોય વાણી આદિ એ પણ રાગનો વિષય છે એટલે પર છે એ તો. ઈન્દ્રિય છે એ તો. આહાહા! એમાં આવશે.

ચાર કષાય ને અગ્નિ થાય એ પછી અને પરનું એમ કે ભગવાનનું ધ્યાન કરતાં કરતાં અંદરમાં જવાય એમ. એ બે અર્થ થયા. વાત તો ઈ છે કે પહેલું એ આવે (કે) ભગવાન આવા હો. એકલો જ્ઞાન સ્વભાવ જેને પરિપૂર્ણ પ્રગટ થઈ ગયો એવું લક્ષ કરે છે

પ્રથમ, એથી એને વિકલ્પવાળામાં રહેવું ઠીક લાગે છે. આહાહા! અંતરમાં જવામાં એને મુશ્કેલી લાગે શરૂઆતના અભ્યાસીને. સૂક્ષ્મથી વાત કરી છે. સમજાણું કાંઇ? પણ ભાવિતાત્મને જેણે એ મારગ જોયો છે. અંતરમાં કેમ જવું? એ વલણની દશાનો અનુભવ થઇ ગયો છે. આહાહા! ભાવિતાત્મને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપની તેની ભાવનાના અભ્યાસીને એમ. નિયમસારમાં કહ્યુંને બધા વ્રત ને તપ ને બધુ ધ્યાનથી છે. (એ) ગાથા આવે છે ને ભાઇ નિયમસારમાં. ધ્યાન એ જ વસ્તુ છે. (**શ્રોતા** : બધી વસ્તુ એમાં આવે છે) આહાહા! વસ્તુ સ્થિતિ છે. અંતરનાં સ્વભાવની એકાગ્રતા એ બધી જેને તપ, વ્રત કહો, તપ કહો એ બધું આ છે. ક્યાં ઓલા બોટાદનાં છે? અહીં ભાવનગર છે ત્યાં ગયા. તમારે છે ને એક, સાસરામાં છે. કોઇ શું હશે નહિં? ન્યાં આમજ હશે. પૂછતા'તાને તમે. અંદર ધ્યાન છે. તપને આ બધું ધ્યાનમાં સમાઇ જાય છે. લાખો રૂપિયા છે અને ઘણા દાન કરે છે ને. તમે જોયો હશે. એમાં એ લખ્યું છે એ 'તત્ત્વજ્ઞાન તરંગીણીનું' છે. તત્ત્વજ્ઞાન તરંગીણીનું હતું એક ગાથા. એમ કે ધ્યાન એ જ બધી વસ્તુ છે. અને એમાં સુખ છે. આ તત્ત્વજ્ઞાનમાં છે. નિયમસારમાં તો કહ્યું છે આ તત્ત્વજ્ઞાનનું છે. આહા! જ્યાં વસ્તુ છે, જ્યાં એના ગુણો છે, ટકતું જે તત્ત્વ છે એમાં એકાગ્ર થવું એ જ બધી ચીજ છે. પછી એને વ્રત કહો કે તપ કહો કે નિયમ કહો કે મોક્ષનો માર્ગ બધું એ છે. (પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન) બધું પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચનાને. આહાહા!

ભાવિત આત્માને એટલે યથાવત્ જાણેલા આત્મ સ્વરૂપના અભ્યાસીને અંતરમાં જવાનો માર્ગ જેણે જોયો છે, જણાયો છે એને બાહ્યમાં એટલે બાહ્ય વિષયોમાં દુઃખ ભાસે છે. બાહ્યમાં આવવું એમાં ઠીક પડતું નથી એટલે દુઃખ ભાસે છે. ઓહોહો! શાંતિભાઇ આવું છે ઝીણું! આહાહા! 'જ્ઞાનાર્ણવ'માં કહ્યું છે ને આમ કરવું ને આમ કરવું. જડ! શું કહ્યું છે? (ધૂળધાણી છે) આમ ચિંતવન કરવું. એક-એક પાંખડી ભગવાન બેઠા છે. એ બધા વિકલ્પની પહેલી લાગણી છે. એ એકદમ અંદર જઇ શક્તો નથીને એટલે ત્યાં એટલે એનો અર્થ એ થયો કે ત્યાં એને ક્યાંક ગોઠે છે. આમ પાંખડીમાં ચિંતવવું અને ભગવાનને ચિંતવવા અને ૐ ધ્વનિ નીકળે છે ને એમ ચિંતવવું. (**શ્રોતા** : આમ સમોશરણમાં બેઠા છે) આહા! એ તો બધો વિકલ્પ છે. (**શ્રોતા** : બધા સુખી થાશે એમ ધારે છે) ઓલા શ્રદ્ધે તો આવી ધારણા બધી ખબર છે ને? પણ એ તો દ્રવ્ય સંગ્રહમાં ખુલાસો કર્યો છે ને? બાહ્યમાં હોય એવા વિકલ્પ, પણ કંઇ વસ્તુ એ નથી. આહાહા!

અંદરમાં અંતર આનંદ સ્વરૂપ એટલા જ ક્ષેત્રમાં કારણ કે જ્યારે ધ્યાન

કરે છે ત્યારે આમ અંતરમાં જાય છે ને ? કેમ કે એટલામાં જ એ છે. બાહ્ય કાંઇ નથી આમ કાંઈક ભગવાન બેઠા ત્યાં આમ પકડી લે. પાખંડ છે. આહાહા ! એમ એક એક ચીજ આવી પરિપૂર્ણ, એને બધી ચીજ થઈને પરિપૂર્ણ માનવી પાખંડ છે. આહાહા ! (**શ્રોતા:** અનંત પ્રકાશમય છે) અરે ! અનંત નથી, એક એક અનંત એક એક પરિપૂર્ણ શક્તિવાળું તત્ત્વ છે. જડ હોય તોય એ પરિપૂર્ણ શક્તિવાળું તત્ત્વ છે. વસ્તુ છે ને ? એમાં શક્તિની અપૂર્ણતા ને વિપરીતતા કેવી ? આહાહા ! પરમાણુમાં પણ એટલા જ ગુણની સંખ્યા છે, જીવ જેટલા. ક્ષેત્ર નાના મોટાનું અહીં નહિં એ વાત નથી. એની શક્તિના સામર્થ્યની ભાવનું સ્વરૂપ કેટલું છે ? ઇ વાત છે અને પરમાણુ પણ એક સ્વાભાવિક તત્ત્વ છે ને ? સ્વાભાવિક તત્ત્વ છે. સહજ તત્ત્વ છે એવા અનંતગુણોમયી તત્ત્વ છે. આહાહા ! એવા એવા અનંતા પરમાણુ પૂર્ણ, એવા આત્મા જ્ઞાન, દર્શન ને આનંદથી પૂરણ, એવા ને અનંતનાં અનંતમાં છે તે પૂરણ એમ માનવું મોટું પાખંડ છે. આચાર્યે તો ખુલાસા કર્યા. 'અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ સાધનવાળું આકારવાળો લોક વ્યાપક અ (એટલે) નહિં. એ લિંગ એવું નથી એને. આહાહા ! સમજાણું કાંઇ ?

બાહ્યમાં એટલે બાહ્ય વિષયોમાં દુ:ખ ભાસે છે. એ બહાર આવે છે વિકલ્પમાં એ દુ:ખ છે. કાયોત્સર્ગ અધિકારમાં નથી આવ્યું ? આપણે તો સમયસારમાં આવ્યું છે. ભવિષ્યની આવલિકાઓ બધી અંતરમાં રહેવાની જાવ. પડિક્કમણું, પ્રત્યાખ્યાન વગેરે. આનંદ સ્વરૂપ ભગવાન એટલામાં છે ત્યાં એકાગ્રતા સદાય રહો, બહાર ન નીકળો. આહાહા ! એવો જ્યાં અભ્યાસ થઇ ગયો છે એને અધ્યાત્મ સ્વરૂપમાં જ સુખ લાગે છે. છે ? અને કહે છે કે આત્મામાં એટલે તેના અધ્યાત્મમાં, અધ્યાત્મ અંતર સ્વરૂપમાં જ તેને આનંદ લાગે છે.

**ભાવાર્થ** : યોગનો એટલે આત્મ સ્વરૂપનો પ્રથમવાર અનુભવ કરવાનો, યોગ એટલે જોડાવું એમ. ઓલો ઓલો એ કંપન એ આંહી નહિં, અહીં જોડાવું. સ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપમાં જોડાણ કરવું. રાગ અને સ્વભાવ વચ્ચે સાંધ છે. સંધિ આવ્યું'તું ને ? નિસંધિત થયા નથી. આહાહા ! વસ્તુ સ્વભાવ આખો ચૈતન્ય સ્વભાવ અને રાગ બે વચ્ચે આંતરો છે, અંતર છે, આંતરો પડયો છે આંતરો છે એમ કહે છે. એક થયા જ નથી. સંધિ છે ત્યાં નિસંધિત થયા જ નથી. આહાહા ! શું એની શૈલી. આ યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમવાર અનુભવ કરવાનો આરંભ કરનારને બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે એટલે કંઇક આમ ઠીક જેવું લાગે છે એમ કહે છે અને આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસમાં

ભગવાન આનંદસ્વરૂપ એની એકાગ્રતાના અભ્યાસમાં મુશ્કેલ જેવું લાગે છે એમ. આ મુદ્દાની રકમની વાત છે ભઇ આ. આહાહા!

આખો સરવાળો શાસ્ત્રનો વીતરાગભાવે સરવાળો કરે છે. વીતરાગભાવ ક્યારે થાય ? અંતર સન્મુખ થાય ત્યારે. આહાહા ! અને એ વીતરાગભાવ ચાર અનુયોગનું પ્રયોજન છે અને ઉપદેશ સંપન્ન ઉપદેશ ભગવાનની વાણીમાં ચારે અનુયોગમાં આ આવ્યું છે. કે અંતર્મુખ થતાં જે વીતરાગી પર્યાય થાય, અંતરના અભ્યાસથી, એ જૈન શાસન (છે), તે ધર્મ (છે) અને તે જ તેનું યથાર્થ કર્તવ્ય (છે). એ ઉપચારથી ભેદ છે ને ? હું કર્તા ને નિર્મળ પર્યાય મારું કાર્ય એ પણ એક ઉપચારથી કર્તા છે. છે ત્યાં છે ઇ રીતે પરિણમન છે ત્યાં આ વળી આ કર્તા એમ ભેદ ક્યાં આવ્યો ? એ આમાં આવે છે કળશ ટીકામાં. બહુ સરસ કળશ ટીકા. આહાહા! પરંતુ જ્યારે તેને પરિપકવ અભ્યાસથી અંતરમાં જવાના, અનુભવ કરવાના અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે. આહાહા !

૧૪૪(ગાથા)માં નથી કહ્યું ? કે દેખાય છે તે વખતે આત્મા ૧૪૪માં કહ્યું છેલ્લુ પદ નહિં ? જે વખતે ઇ અંદર દેખાય છે તે વખતે ઇ આત્મા ભાસ્યો એને સમ્યગ્દર્શન કહીએ. તે તે કાળે એને ભાસ્યો સમ્યગ્દર્શનમાં છે ને ૧૪૪માં (ગાથામાં). તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે. (સમ્યગ્દર્શન થાય છે) એનો અર્થ શ્રદ્ધાય છે. છે ને ? તત્કાળ નિજ રસથી પ્રગટ થતાં આદિ - મધ્ય - અંતરહિત, અનાકુળ, કેવળ એક, આખા વિશ્વના ઉપર જાણે કે તરતો એટલે જુદો, તેમ અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે, તે વખતે જ આત્મા (સમ્યગ્પણે) દેખાય છે એમ. અનુભવે છે ત્યારે જ આ આત્મા છે એમ શ્રદ્ધાય છે એમ. આહાહા ! તે વખતે જ એમ. આત્મા સમ્યક્પણે દેખાય એટલે શ્રદ્ધાય છે અને જણાય છે. ઓલું શ્રદ્ધાનું લીધું અને આ જ્ઞાનનું લીધું. એ વખતે અંતર્મુખ થયો ને દ્રષ્ટિ થઇ નિર્મળ, એ દ્રષ્ટિ વખતે જ આત્મા પ્રત્યક્ષ દેખાય છે અથવા જેવો છે તેવો ત્યારે દેખાય છે, ત્યારે શ્રદ્ધાય છે અને ત્યારે તે આત્મા છે એવો જણાય છે. આહાહા ! તેથી સમયસાર જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહા ! (ઇ જ સમયસાર છે) પાઠ છે ને ઓલો जवरि ववदेसं ત્યારે જ એને કહેવામાં આવે છે એમ કહે છે. જોયું ! सम्मदंसणणाणं एसो भहदि त्ति जवरि ववदेसं અંતરમાં સમ્યગ્જ્ઞાન દર્શનથી દેખાય, મનાય ને જણાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન નામ અપાય છે. આહાહા ! સમજાણું કાંઇ ?

વ્યપદેશ શબ્દ પડયો છે ને ? એ શબ્દ ભાઇએ વાપર્યો છે, ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં એમ કે ઓલા એકલા વહેવારમાત્રથી સમ્યગ્દર્શન નામ પમાતું નથી. રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં છે. નાની ઓલી. આહાહા ! વહેવારમાત્રથી નામ અપાતું નથી. જોયુંને ભાષા ? આહાહા ! તેમાં તો પહેલાના પંડિતો શાસ્ત્રની ભાષાને અનુસરીને જ કહેનારા હતા. વિશેષ કહેવાય તો પણ સ્પષ્ટ કરીને એ જ આહાહા ! વહેવાર જે છે તેને નામ અપાતું નથી સમ્યગ્દર્શનનું એમ. આહાહા ! અંતરમાં જઇને શ્રદ્ધા વડે જ્યારે આખો આત્મા દેખાય એટલે મનાય, અને જણાય જ્ઞાન વડે જણાય, ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન નામ અપાય છે એ આંહી કહે છે. પરિપકવ આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષય અસુખરૂપ પ્રતીત થાય છે. અસુખરૂપ એટલે સુખ નથી. બાહ્યમાં આવવું એ ઠીક લાગતું નથી. આહાહા ! અને આત્મસ્વરૂપમાં સુખ પ્રતિભાસે છે. ભગવાન આનંદ સ્વરૂપમાં લીન થાય છે ત્યાં એને સુખ ભાસે છે. બાહ્યમાં નીકળવું એને દુ:ખ ભાસે છે. આહાહા ! આ તો અનાદિથી બાહ્યમાં રહેવું એ સુખ ભાસે છે, અંતરમાં જવું એને દુ:ખ મુશ્કેલ લાગે છે. આહાહા ! કરવાનું તો આ હતું ને બહારની દોડધામ.

આ છવ્વીસ(૨૬) લાખના મોટા મકાન બનાવ્યા ને તેથી ધર્મની પ્રભાવના થશે એમ હશે ? (**શ્રોતા** : આપ તો ના જ પાડો છો બધે એક ઠેકાણે હા પાડો છે) એય પરચીજ થઇ એમાં ધરમ ક્યાં આવ્યો ? પરની સન્મુખતા થાય ત્યારે રાગ આવે. આહાહા ! વીતરાગ મારગ અલૌકિક મારગ છે. સાધારણ પ્રાણીને તો એવું જ લાગે કે આ મિથ્યાભાસ વહેવારથી કાંઇ થાય એમ કહેતા નથી. ઓલા કહે કે પુણ્ય ને ડાંગ મારે છે. શું કીધું ? (**શ્રોતા** : નથી ને વહેવારમાં તો) નહિં એ તો નથી ને તો રામજીભાઇએ કહયું. ઓલા કહે કે પુણ્યને એમ કાંઇક છે ને ? (**શ્રોતા** : ઓલા બાવળવાળાએ કીધું તમે લાકડીએ કેમ મારો છો એમાં અમારું અપમાન થાય છે) પુણ્યને તો એમ કહે પાછળ ડાંગ મારીને ઉભા છે મહારાજ તો. અરે બાપુ ! પુણ્યમાં આવવું એ તો દુ:ખમાં આવવું છે. આહા ! (**શ્રોતા** : પર સન્મુખનો ભાવ છે એમાં ક્યાં સુખ હતું)

શાંતરસનો દરિયો પ્રભુ ! આહાહા ! એની સન્મુખતામાં જતાં વાસ્તવિક આનંદ સહિત જે જ્ઞાન પ્રગટે, એને જ સમ્યગ્દર્શન જ્ઞાન નામ અપાય છે. આહાહા ! વ્યપદેશ. આહાહા ! શું સમયસારની વાત. લાગે જગતને આકરી પણ મારગ તો આ છે ભાઇ ! આહાહા ! બહારની ધમાધમ શું કહે છે ? નહિં ચેતનજી જ્ઞાન મારગ રહ્યો દૂર એ શૈલી (એકેય નહિં) એકેય નહિં. ધર્મને નામે ધમાધમ કરવી. (**શ્રોતા** : ધામધૂમે કરે)

ધામધૂમ કરે. આહાહા ! ઝાઝા પુસ્તક, ઝાઝા મંદિરો, ઝાઝા માણસને લઇને કે આહાહા ! અરે બાપુ ! (**શ્રોતા :** એમાં આત્મા ક્યાં આવ્યો ?) એમાં એને સંબંધ શું ? આહાહા ! નવરંગભાઇ ! આવી વાત છે. ન્યાં મોટા હાથી, રોજનું લાખ માણસ આવવાનું હતું ભોપાલ ને ગજરથ કાઢયો'તો કુંડલપુર, ભગવાનનું મંદિર ખરુંને કુંડલપુર. અતિશય ક્ષેત્ર છે ને કાંઇ સંબંધ છે એમાં. ત્યારે મોટો ગજરથ કાઢયો'તો ને ? એમાં કાંઇક સંબંધ છે, કાંઇક હતો, સંબંધ છે એમાં એમ નક્કી કર્યું હોય ને કે ભગવાનનું ધામ આ જ છે એમ કાંઇ (**શ્રોતા :** જન્મધામ) આહા ! હતો કે'દિ જનમ. જન્મધામ એ નક્કી થયું છે એટલે ત્યાં ગજરથ કાઢયો. ઘણા માણસો ગ્યા'તા. ઓલા પંડિતો ક્યાં ગયા ? પછી ઓલા આ જન્મને નામે આવ્યા'તા થોડા. પહેલા તો એકે નહોતા ને પછી થોડા આવ્યા. નહિં તો એક લાખ માણસ અહીં આવવાનું હતું ભોપાલ, પણ ઓલું કુંડલપુર જન્મધામ છે એમનું મૂળ ભગવાનનું અને એને ત્યાં મહાવીરને પચ્ચીસો(૨૫૦૦) વર્ષનું ઉજવણું કર્યું. ગજરથ કાઢયો'તો ગજરથ કાઢયો'તો, ધામ છે જન્મધામ. પચ્ચીસો(૨૫૦૦) વર્ષ અહિં ઉજવ્યા છે. માણસ ત્યાં બહુ ગયા. સાધારણ માણસને બહુ સારું લાગે. ઓહોહો ! આહાહા ! હાથી એના ઉપર બે ત્રણ મહાવત હાથી હાલે ને બે ત્રણ મહાવત હોય ને આમ હાલે તો આહાહા ! પણ એ તો ઇન્દ્રિયનો વિષય થ્યો. ન્યાં આત્મા ક્યાં રહ્યો. આહાહા !

બાહ્ય વિષયો અસુખરૂપ પ્રતીત થાય છે લ્યો અને આત્મસ્વરૂપમાં સુખ પ્રતિભાસે છે. ઓહોહો ! યોગનો અભ્યાસ શરૂ કરનારને પૂર્વના સંસ્કારને લીધે એ તો સમજાવે છે. આવે છે ગાથામાં. આવે છે ને એમાં ગાથામાં આવે છે. સંસ્કારને લઇને એમ આવે છે. આહાહા ! ગાથા છે એ કઇ ગાથા છે એમ કે આવું થવા છતાં પાછા સંસ્કારને લઇને પડી જાય છે એમ બધી વસ્તુનું વર્ણન સમજાવ્યું છે. આહાહા ! અંતર આત્મામાં શુદ્ધ સ્વરૂપમાં જોડાણ કરવામાં શરૂઆત કરનારને પૂર્વના સંબંધી બાહ્ય વિષયો તરફનું વલણ જલ્દી છૂટતું નથી હો ઇ લેવું છે વલણ છૂટતું નથી એટલે ત્યાં સુખ ભાસે છે એમ જાણ, વાત થઇ (લીધી) છે. વસ્તુ તો આ છે હોં ! બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી ને એથી જ તેને દુ:ખ છે. એમ ન્યાં સુખ છે એમ અર્થ કર્યો. નીચે છે ને ઇ બરાબર છે.

યોગનો અભ્યાસ શરૂ કરનારને પૂર્વના સંસ્કારને લઇને બાહ્ય વિષયો તરફનું વલણ જલ્દી છૂટતું નથી, અને તેથી આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે ઇ બરાબર છે. આ ભાષાનો આ ભાવ આ છે. અંદર બાહ્યના વિષયોથી, લક્ષથી, ભેદના લક્ષે પણ છૂટવું એ જલ્દી છૂટતું નથી. ખરેખર તો રંગ રાગ ને ભેદથી ભિન્ન છે. ઓલામાં

આવ્યું છે ને ? રંગરાગથી ભિન્ન, ભેદથી ભિન્ન. એ ભેદથી ભિન્ન ન્યાંથી ખસવું જલ્દી એને કઠણ પડે છે. એથી ત્યાં સુખ હોય એમ લાગે એમ કહે છે. આહાહા ! અને તેને આત્મ સ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે. ઈ લેવું છે. આત્મામાં દુઃખ ભાસે છે એનો અર્થ આ, કે મુશ્કેલ લાગે છે. અહીંથી છૂટવું કઠણ પડે છે, આંહીમાં જવું મુશ્કેલ પડે છે એમ. (**શ્રોતા** : છૂટવું કઠણ છે) આહાહા ! આવી વ્યાખ્યા હવે આ ઉપદેશ આવા આમાં માણસ ભેગા ક્યાંથી થાય ? (**શ્રોતા** : તોય થાય છે) આહાહા ! હવે તો સાંભળે છે લોકો સાંભળે છે.

લાખો લાખો માણસ આવે છે. સાગરમાં જુઓ તો પંદર પંદર હજાર માણસો. શેઠિયાની ઝાઝા, બેઉ શેઠિયાઓ કરોડપતિ તો વિશેષ સંખ્યાએ. આપણા ચીમનભાઈ તો બહુ પૈસા આપે છે. ચીમનલાલ તારાચંદ. દસેક કરોડ એમ કોક કહેતુ'તું પણ પૈસા ઘણા છે. છતાં એને કાંઈ દેખાય નહિં. કાંઈ નહિં. નરમ નરમ પણ એની એટલી છાપને, વ્યાખ્યાનમાં પંદર હજાર માણસ આવે. ચાર દિ' રહ્યા ત્યાં હોં. સુરઈમાં તો એ મહોત્સવ હતો માનસ્થંભનો. ત્યાં તો ઓલું છે ને ? ક્લાસ છે ભાઈ ત્યાં સુરઈમાં શું કહેવાય એ ? આશ્રમ આશ્રમ માણેકચંદ ગુરુકુળ છે. માણેકચંદ પોળમાં એ ગામથી જરીક છેટું છે, માઈલ એક છેટું છે હોં ! ત્યાં માનસ્તંભનો મહોત્સવ હતો. માણસો દસ હજાર પણ એ બધું આમ થયું ને એ આમ જાયને ત્યારે એને આહાહા ! કાંઈક ધર્મની પ્રભાવના એમ માણસ માને. પણ ભાઈ એ પ્રભાવના ક્યારે વિકલ્પની કહેવાય ? અંતરની નિર્વિકલ્પ પ્રભાવના થઈ હોય એને, વિકલ્પ ઉઠયો એ બાહ્ય પ્રભાવના કહેવાય. આહાહા ! આહાહા ! કોનું છે ? ગુલાબચંદનું છે ? છોટાભાઈનું છે આ બરાબર.

યોગનો એટલે અંતર સ્વરૂપનો અભ્યાસ કરનારને, અંતર ચિદાનંદ સ્વરૂપમાં જોડાણ કરનારને, શરૂઆત કરનારને પૂર્વના સંસ્કારને લઈને બાહ્યના વિષયો તરફનું વલણ, જલ્દી છૂટતું નથી તેથી એને બાહ્ય સુખ છે એવું એને કહેવામાં આવ્યું (છે). આહાહા ! અને તેવી રીતે તેથી તેને આત્મ સ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે તેથી દુઃખ લાગે છે એમ એને કહ્યું. આહાહા ! આત્મ ભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપકવ થાય છે. અંતર આનંદ જ્ઞાયક સ્વભાવનો એકાગ્રતાનો અભ્યાસ પરિપકવ યથાર્થપણે થાય છે, અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. કેમ કે અતીન્દ્રિય આનંદ સ્વરૂપ જ પ્રભુ છે. એમાં એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદનું, શક્તિમાંથી વ્યક્તતાનું વેદન થાય. આહાહા !

હવે તેને બાહ્ય વિષયો બધા નિરસ લાગે. આહાહા ! ઈન્દ્રનાં ઈન્દ્રાસનો, ઓલામાં આવ્યુંને ? ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વિટ સબ માનત હૈ. કાગ

વિટ સમ. સમ્યગ્દ્રષ્ટિ લોકોને એમાં વળી વીતરાગી લોક એમ લખ્યું છે ત્યાં એટલું કહ્યું વીતરાગી એટલે ચોથે ગુણસ્થાને. એનો અર્થ એવો કરે છે કે આગળવાળાને એ સમ્યગ્દ્રષ્ટિ લોક એની વાત છે. (**શ્રોતા** : પસટ વીતરાગ છે ને ઇ) વીતરાગ જ છે. આહાહા!

ચક્રવર્તીની સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વિટ સબ માનત હૈ, કાગ વિટ સમ, સમ્યગ્દ્રષ્ટિ લોગ. આહાહા! મનુષ્યની વિષ્ટાનું તો ખાતરે થાય, ભૂંડે ખાય. કાગની વિષ્ટાનું તો ખાતરે ન થાય અને ભૂંડે ન ખાય. એવી ઉપમા આપી છે લ્યો. જેને અંતર આનંદ ભાસ્યો છે એને બહારના ભોગો બધા કાગના વિષ્ટા જેવા લાગે છે. આહાહા! ત્યારે પુણ્યનું ફળતો આ બધા વિષ્ટા જેવું લાગે છે તો પછી પુણ્યેય શું છે? આહાહા! જેના ફળ કાગના વિષ્ટા જેવા કીધા તો એના કારણ (પણ વિષ્ટા જેવા છે). જેને બાહ્યમાં વિષયોમાં પ્રેમ છે એને પુણ્ય પ્રત્યે પ્રેમ છે. આહા! અને બાહ્ય વિષયોમાં જેને ઠીક લાગે છે એને પુણ્યનાં પરિણામમાં ઠીક લાગે છે અને બાહ્ય વિષયોમાં જેને કાગના વિષ્ટા જેવું લાગે છે આ ફળ તરીકે પુણ્ય તો એના કારણ તરીકે જે પુણ્ય છે તે પણ કાગના વિષ્ટા જેવું છે આહાહા! એવું ન આવ્યું અંદર? આહાહા!

માણસને ભડકે પ્રેમ છે ને માણસને ( **શ્રોતા** : પુણ્યની રૂચી) રૂચી છે. પુણ્યની રૂચી છે તે જડની રૂચી છે. આપણે આ છે ને સ્વાધ્યાય મંદિરમાં. સ્વાધ્યાય મંદિરમાં છે. આહાહા! (**શ્રોતા** : આપણે આ સંસારીને હાલતું નથી. આપણે આ પૈસા વગર ચાલતું નથીને) પૈસા વગર જ ચાલ્યું છે. પૈસા ક્યાં હતા આત્મામાં? સ્વથી અસ્તિ ને પરથી નાસ્તિ છે કહ્યું'તું. દસની સાલમાં ગગન. કેવા? નાગરભાઇના ભાઇ હરજીવનભાઇ પૂછયું'તું ત્યાં કે મહારાજ કંઇ પૈસા વિના કાંઇ હાલે અમારે? તમે પૈસા ને આવા આવા કહો. હરજીવનભાઇ હતા નાગરભાઇના ભાઇ, સમઢીયાળા. એને સામેનાનો પક્ષ હતો, નાગરભાઇને અહીંનો હતો છતાં સાંભળવા બેઠો તો કીધું, પૈસા વિના જ આત્માએ ચલાવ્યું છે. ખરેખર તો રાગ વિના દ્રવ્યે ચલાવ્યું છે, નહિંતર રાગ વિના દ્રવ્ય ન ચાલે તો દ્રવ્ય રાગ વિનાનું રહી શકે જ નહિં. એય! હરજીવનભાઇ હતાને એ આપણે મ્યુનિસિપાલટીના હોલમાં વાંચતા પહેલા ત્યારે. ઇ હોલમાં તમારા બાપે આ પ્રશ્ન કર્યો'તો દેવ, ગુરુ, શાસ્ત્ર પર? (**શ્રોતા** : શુદ્ધ છે એ કાંઇ પર હોય?) એ શુદ્ધ છે. કાંઇ ખબર ન મળે. આ તો કહે છે કે દેવ, ગુરુ, શાસ્ત્ર એ પુણ્યના ફળ. આહાહા! પુણ્ય છે તે એના ફળને તરીકે તો કાગ વિષ્ટા કીધી તો એનું કારણે પણ આત્માને કાંઇ લાભને કરનાર નથી એમ કહે છે (**શ્રોતા** : નુકશાન કરનાર છે) નુકશાન કરનાર છે. આહાહા!

(**શ્રોતા** : પર સન્મુખનો ભાવ દુગ્ગઈ) પર દવ્વાઓ દુગ્ગઈ કીધું. આકરું લાગે માણસને. એ વાત તો કહી'તી હોં. બધા માણસને. હવે કાંઈ બાકી નથી રહ્યું. આમ કહે છે જુઓ આચાર્ય, પર દવ્વાઓ દુગ્ગઈ. અમારા તરફની શ્રદ્ધાનો રાગ એ દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ નથી. એના ફળમાં તો મનુષ્યપણું કે દેવપણું મળશે એ ચૈતન્ય ગતિ છે ? ચૈતન્યની ગતિ તો સિદ્ધપદ પામ એ ગતિ છે. આહાહા ! મીઠાશ છે ને બહારની એટલે અંતરની મીઠાશ આવતી નથી. આહાહા ! આત્મ ભાવનાનો અભ્યાસ, ભાવના શબ્દે એકાગ્રતા, ભાવના શબ્દે વિકલ્પથી એમ નહિં. સમજાણું કાંઈ ? આહાહા ! ઓલું આવે છે ને કે સામાયિકમાં પણ આત્માની ભાવના હોય છે. પ્રવચનસારમાં સામાયિકમાં ત્યાં એ ભાવના એટલે ઓલો રતનચંદજી શું કહે, વિકલ્પ એમ ચિંતવના. સામાયિકમાં ભાવના એટલે શુદ્ધ ઉપયોગ થાય. અહીં તો શુદ્ધ ઉપયોગ એ જ ભાવના છે.

અહીં વિકલ્પ છે એ ભાવના કેવી ? એ તો રાગ છે. પ્રવચનસારમાં આવે છે ને ? જયસેનાચાર્યની સામાયિકની વ્યાખ્યામાં. ગૃહસ્થને સામાયિકમાં પણ કોઈ વખતે આત્માની ભાવના આવે છે. ભાવના શબ્દે ઉપયોગ શુદ્ધ ધ્યાન (**શ્રોતા** : ઈ ના પાડે છે) ઈ કે ભાવના એટલે વિકલ્પ. અરે હાય હાય. અરે પ્રભુ ! બધા અર્થો ફેરવી નાંખ્યા. ઈ કહે છે કે તમે ફેરવી નાંખ્યા એમ એ કહે છે. આહાહા ! ભાવના શબ્દે ભાવ, વસ્તુ છે તેની એકાગ્રતા તે ભાવના. આહાહા ! એવી આતમ ભાવનાનો અભ્યાસ જ્યારે એમ. ભાવનાની વ્યાખ્યા આ. આનંદ સ્વરૂપ ભગવાન એના અનુભવમાં એકાગ્રતાનો અભ્યાસ જ્યારે તેને પરિપકવ થાય છે, તે સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. મુશ્કેલી લાગતી એ છૂટી જાય છે એમ કહે છે. હવે તેને બાહ્ય વિષયો બધા નિરસ લાગે છે. આહાહા ! આનંદના ધામને અનુભવ્યો, અને આનંદનો અતીન્દ્રિય સ્વાદ લીધો, પછી રહ્યું શું હવે ? આહાહા ! ૯૬હજાર સ્ત્રી અને એક એક સ્ત્રીનાં હજાર દેવ સેવા કરે એ બધા ઝેર જેવા લાગે. (**શ્રોતા** : એ તો ગોકુલ અષ્ટમી છે) એ વિકલ્પ છે. (**શ્રોતા** : રોજ પરણવા જાય પાછા રોજ નિર્વિકલ્પ જોયેને એમાં શું ?) એ પરણાવાય જાતો નથી ને નિર્વિકલ્પ, વિકલ્પ આવે છે એટલે અસ્થિરતામાં આવી ગયો બસ એટલી વાત.

૬ઠ્ઠા ગુણસ્થાનમાં શુભભાવના પ્રમાદને જગપંથ કીધો છે તો પછી આ અશુભભાવ આવે એ સ્ત્રીના વિષયાદિના. આ રાગ હોય પૂરણ વીતરાગી ન હોય તો રાગ આવે, પણ છે તો એ દુઃખરૂપ. કાળા નાગને જેમ દેખીને ડરે છે એમ આને આહાહા ! પણ અસ્થિરતાવશ ખસી શક્તો નથી એટલે આવે તો એમાં પ્રેમ છે, રસ છે એમ નથી.

તેને તે ઉપરથી રુચી ઉઠી જાય છે જ્યાં અંતરનો માર્ગ પોષાણમાં આવ્યો, પોષાણો. વેપારીને પોષાય ત્યાંથી માલ લે છે કે નહિં ? આહાહા ! એમ વેપાર અંતરમાં કરતાં માલ પોષાઈ ગયો. આહાહા ! હવે એને રાગ પોષાતો નથી. આહાહા ! આવે ખરો. હોય ખરો. રુચી ઊઠી જાય છે. આત્મસ્વરૂપમાં જ રહી રહેવું ગમે છે. ગોઠે તોય અંદરમા રહેવું જ ગોઠે છે. આહાહા ! એ આવ્યું ને આવલિમાં નહિં. એ એની બધી ભવિષ્યનો આગલો કાળ એમાં જાવ. આહાહા ! સાતમામાં આવે છે ને છઠ્ઠે આવે તો વિકલ્પ આવે છે પણ એ વિકલ્પ સંસારપંથ છે, આહાહા ! માટે અમૃતચંદ્રઆચાર્ય પણ જીજ્ઞાસુ જીવને ઉપદેશીને કહે છે હે ભાઈ ! તું કોઈ પણ રીતે (કળશ ૨૩) મહાકષ્ટે એટલે કે મહા પુરુષાર્થે આહાહા ! મરીને પણ એટલે ગમે તેટલા કષ્ટો અને પ્રતિકૂળતા હોય તેને ન ગણીને. આહાહા ! તત્ત્વનો કૌતૂહલી થા.

શું છે આ ચીજ આ. ઓહોહો ! જેના વખાણ સર્વજ્ઞ વાણીમાં પૂરા ન કરી શકે તે ચીજ. અનંત ચતુષ્ટ સંપન્ન પ્રભુ. ઓલા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ નહિં ? અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત સત્તા, અનંત વીર્ય. (એમ) સ્વભાવ છે એની હદવાળું સ્વરૂપ હોય નહિં. સ્વભાવ તો બેહદ હોય એવો જે અનંત ચતુષ્ટ સ્વભાવ. આહાહા ! એના મરીને પણ એનો કુતૂહલ કરીને કૌતૂહલી થા એકવાર. આહાહા ! અંતર જોવાને કુતૂહલ તો કર. કુતૂહલ કરેને જોવાનું કામ એમ અંતર જોવાને કુતૂહલ તો કર અંદર. આહાહા ! અને શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક બે ઘડી પાડોશી થા. આહાહા ! શરીર, મન અને વિકલ્પ (એનો) પાડોશી થા એટલે પાડોશી તો દૂરમાં હોય કે એનાં ઘરમાં હોય ? પાડોશી પાડોશીના ઘરમાં હોય. (**શ્રોતા** : એ પોતે પોતાના ઘરમાં હોય) અને એકવાર તો એનો પાડોશી થા. તારા ઘરમાં એ નથી. આહાહા ! એના ઘરમાં એ છે.

આ તો માખણ છે બધું (**શ્રોતા** : પકડમાં નથી આવતું) પણ એનો ખ્યાલમાં, શ્રદ્ધામાં તો લે. વીર્ય આ છે અંદરમાં જવું. વીર્યને એટલું તો તાબે કરી દે કે અંતરમાં જવાનું જે વીર્ય છે એ માર્ગ છે. આહાહા ! બાકી બાહ્ય સુખના જેટલા વિકલ્પ એ બધાય સંસારગત છે. સંસારને પ્રાપ્ત છે. આહાહા ! એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ, પાડોશીનો અર્થ કે મારા ઘરમાં એ ચીજ નથી. આહાહા ! મારા ઘરથી એ ચીજ બહાર છે. તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર. મૂળ વિકલ્પ આદિથી, રાગથી બધું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર. ભગવાનના આત્માનો નહિં, તારા આત્માનો અનુભવ કર. આહાહા ! તું એમ ભિન્ન છો. તારા આત્માના ચૈતન્ય

વિલાસને દેખતાં જ તારો આત્માનો ચૈતન્ય વિલાસ છે. રાગ આદિનો વિલાસ એ તારો નહિં, એ તો પાડોશીનો છે. તારો વિલાસ ચૈતન્ય વિલાસ છે. જાણગ્ દેખન ચેતના એ એનો વિલાસ છે. આ શરીરાદિ મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યો સાથે, પુદ્‌ગલ દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે. આહાહા ! એ બધી વાત સાચી પણ એનો કોઇ ઉપાય બીજો ? બીજો ઉપાય હોય કે નહિં ? (**શ્રોતા :** પોતે પોતાનું સાધન છે. ૨૯૪માં પ્રજ્ઞાછીણી એ સાધન છે) આ જ ઉપાય તારો છે. બીજું સાધન છે જ નહિં કોઇ. પ્રજ્ઞાછીણી એટલે અનુભવ. સ્વનો અનુભવ એ પ્રજ્ઞાછીણી. ખસી ગયો બહારથી, અંદર ગયો એ છીણી એટલે અનુભવ છીણી એને પ્રજ્ઞાછીણી કીધી. આહાહા ! પર પુદ્‌ગલ સાથે એકપણાનો તારો મોહ મિથ્યાભ્રમ છૂટી જશે. સ્વભાવમાં એકતા થતાં રાગ જે પૃથક છે એનો મોહ તને છૂટી જશે. આહાહા ! તે ભાવના આ રીતે કરવી તે ત્રેપનમાં છે.

વિશેષ કહેશે .............

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

**ચૈતન્યના લક્ષ વગર જે કાંઇ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાંખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિં અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિં.**

**દૃષ્ટિનાં નિધાન ૧૧૪.**

# પ્રવચન – ૬૭

## શ્લોક – ૫૩

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૦.૦૬.૭૫**

**तद्भावना चेत्थं कुर्यादित्याह -**

**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् ।**
**येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विधामयं व्रजेत् ।। ५३ ।।**

તત્પર થઈ તે ઈચ્છવું, કથન-પૃચ્છના એ જ;
જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ ।। ૫૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : तत् आत्मस्वरूपं ब्रूयात् परं प्रति प्रतिपाद्येत। तदात्मस्वरूपं परान् विदितात्मस्वरूपान् पृच्छेत्। तथा तदात्मस्वरूपं इच्छेत् परमार्थत: सन् मन्येत्। तत्परो भवेत् आत्मस्वरूपभावनादरपरो भवेत्। येनात्मस्वरूपेणेत्थं भावितेन। अविद्यामयं स्वरूपं बहिरात्मस्वरूपंम् त्यक्त्वा विद्यामयं रूपं व्रजेत् ।। ५३ ।।

તે ભાવના આ રીતે કરવી - તે કહે છે :-

**અન્વયાર્થ** : (तत् ब्रूयात्) તે એટલે આત્મસ્વરૂપની વાત કરવી, (तत् परान् पृच्छेत्) તે સંબંધી આત્માનુભવી પુરુષોને પૂછવું, (तत् इच्छेत्) તેની ઇચ્છા કરવી - તેની પ્રાપ્તિને પોતાનું ઇષ્ટ બનાવવું અને (तत्परः भवेत्) તેમાં એટલે આત્મસ્વરૂપની ભાવનામાં તત્પર-સાવધાન રહેવું, (येन) જેથી (अविद्यामयं रूपं) અજ્ઞાનમય બહિરાત્મરૂપનો (त्यक्त्वा) ત્યાગ કરીને (विद्यामयं व्रजेत्) જ્ઞાનમયરૂપની એટલે પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાય.

**ટીકા** : તે આત્મસ્વરૂપ કહેવું એટલે બીજાને સમજાવવું; બીજાઓને એટલે જેમણે આત્મસ્વરૂપ જાણ્યું હોય તેમને તે આત્મસ્વરૂપ પૂછવું તથા તે આત્મસ્વરૂપની ઇચ્છા કરવી અર્થાત્ પરમાર્થસ્વરૂપે તેને માનવું, તેમાં તત્પર રહેવું અર્થાત્ આત્મસ્વરૂપની ભાવનાનો આદર કરવો; જેથી, એટલે આવી રીતે આત્મસ્વરૂપની ભાવના કરવાથી, અવિદ્યામય સ્વરૂપનો એટલે બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરીને વિદ્યામય રૂપ એટલે કે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરાય.

**ભાવાર્થ**: આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે કરવી ? તે પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય આત્માર્થીને ઉદ્દેશીને કહે છે કે:-

આત્મસ્વરૂપ બીજાઓને સમજાવવું, જેમણે આત્મસ્વરૂપ જાણ્યું છે તેમને તેના જ વિષે પૂછી તે જાણવું, તેની જ ઇચ્છા રાખવી અર્થાત્ તેને એકને જ પરમાર્થ સત્ય માનવું અને આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર લાગ્યા રહેવું. આમ કરવાથી બહિરાત્મસ્વરૂપનો-અવિદ્યામય સ્વરૂપનો નાશ થશે. પરમાત્મ-સ્વરૂપની એટલે જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થશે.

## વિશેષ

૧. આત્મા સંબંધી જ વાત કર, સંસાર સંબંધી કાંઇ પણ વાત ન કર. તેમ કરવાથી બહારમાં ભમતો તારો ઉપયોગ તત્ત્વ-નિર્ણય તરફ વળશે.

૨. આત્મા સંબંધી વધુ જ્ઞાન માટે વિશેષ જ્ઞાનીઓને પૂછ; તેથી આત્મા સંબંધી તારી શ્રદ્ધા સ્પષ્ટ થઇને દૃઢ થશે અને જ્ઞાન નિર્મળ થશે.

૩. આત્મ-પ્રાપ્તિની જ ભાવના કર, બીજા કોઈ પર પદાર્થની કે ઇન્દ્રિય-વિષયના સુખની ઇચ્છા ન કર; એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિય-સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.

૪. આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર અભિરત બન.

આવી રીતે તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને આચારમાં એક આત્માને જ વિષય બનાવ; બીજા કોઈ બાહ્ય પદાર્થને તારા જ્ઞાનનો વિષય ન બનાવ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :-

''કામ એક આત્માર્થનું, બીજો નહિં મન રોગ.''[૧]

આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તેની પ્રાપ્તિ જ કરવા યોગ્ય છે. તે સિવાય અન્ય પદાર્થોનો વિચાર મનના રોગ સમાન છે.

એવી રીતે સમજીને ધગશ અને ઉત્સાહપૂર્વક જો તું આત્મ-ભાવના કરીશ, તો અવિદ્યાનો-અજ્ઞાનતાનો નાશ થશે અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે.

''તે જ્ઞાન સ્વભાવ રૂપ જ્યોતિ અવિદ્યાનો - અજ્ઞાનનો નાશ કરનાર છે તથા મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે; માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂંછવું, તેની પ્રાપ્તિની અભિલાષા કરવી તથા તેનો અનુભવ કરવો.''[૨]

**अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तद् द्दष्टव्यइ मुमुक्षुभिः।।४९।।**

વળી શ્રી અમિતગતિ આચાર્યકૃત 'યોગસાગર'માં કહ્યું છે કે :-

''જે પુરુષ વિદ્વાન છે તેને તે આત્મ-પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું યોગ્ય છે; તે ધ્યાન કરવા યોગ્ય, આરાધના કરવા યોગ્ય, પૂછવા યોગ્ય, સાંભળવા યોગ્ય, અભ્યાસ યોગ્ય,ઉપાર્જન કરવા યોગ્ય, જાણવા યોગ્ય, કહેવા યોગ્ય, પ્રાર્થના યોગ્ય, શિક્ષા યોગ્ય, દેખવા યોગ્ય અને સ્પર્શવા યોગ્ય છે, કારણ કે તેમ કરવાથી આત્મા સદા સ્થિરપણાને પામે છે.''[૩] ૫૩

---

**૧. જુઓ – શ્રીમદ્ રાજચંદ્રકૃત આત્મસિદ્ધિ**

**૨. જુઓ – ઇષ્ટોપદેશ – શ્લોક ૪૯**

3 अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीयं,
पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यमावर्जनीयम् ।
वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयं,
द्दश्यं स्पृश्यं प्रभवति यतः सर्वदात्मस्थिरत्वम् ।।४९।।
(શ્રી અમિતગતિ આચાર્યકૃત યોગસાગર-શ્લોક ૪૯)

तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् ।
येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विधामयं व्रजेत् ।। ५ ३ ।।

# પ્રવચન – ૬૭

આ સમાધિતંત્ર ગાથા ૫૩.

**ટીકા:** તે આત્મસ્વરૂપ કહેવું જેને આત્માની પ્રાપ્તિ કરવી છે એણે આત્માની અંતરમુખની ધગશ વધારવી એમ કહે છે. બહિરમુખમાં એ ચીજ નથી. અંતરમુખ ચીજ છે. તેથી તે આત્મસ્વરૂપ કહેવું એટલે બીજાને સમજાવવું. એટલે એ વખતે પણ પોતાનું ધ્યેય આત્મા તરફ છે એ વાતને સમજાવવામાં જોર મુખ્ય કહેવામાં આવે છે. આહાહા ! આ સમજાવવું એમ કહે છે. શાસ્ત્રની બીજી વાતું હોય એ આમ સવારમાં તો આવે છે ને ? છ દ્રવ્ય આદિ જાણવાની વાત છે પણ એ ગૌણપણે વહેવારની વાત છે. આ મુખ્યપણે પરમાર્થની વાત છે આ. આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન તેના ભાવમાં સ્વરૂપ જે છે એ કહેવું.

પૂર્ણ ઈદં પૂર્ણાનંદ સ્વરૂપ છે. શુદ્ધ આનંદ છે એટલે બીજાને એ રીતે સમજાવવામાં પણ એ વસ્તુનું ધ્યેય તરફ જોર રહે એ માટે સમજાવવું એમ કહે છે. છે તો વિકલ્પ પણ એ વખતે અંદર આ ચૈતન્ય અંતરમુખ પૂર્ણ આનંદને પૂર્ણ શુદ્ધ છે એમ સમજવું અને સમજાવવું. લ્યો (**શ્રોતા** : એવી વાત). બીજાઓને એટલે જેમણે આત્મ સ્વરૂપ જાણ્યું હોય તેમને તે આત્મ સ્વરૂપ પૂછવું. જે દુકાનેથી માલ મળતો હોય ત્યાં દુકાને જાવું ને ? એમ આત્મા કઈ રીતે પ્રાપ્ત થયો છે જેને એની પાસે જાવું કહે છે. કો સુજાનમલજી આહા !

ભગવાન પૂર્ણાનંદ, ક્ષેત્ર નાનું એમ ન જોવું. પ્રગટમાં પર્યાયમાં અલ્પજ્ઞતા છે એ ઉપરથી એનું માપ ન કાઢવું. આ તો વર્તમાન છે પણ અંદર સ્વરૂપ એનું પૂરણ શુદ્ધ છે. ભાવ, ભાવ, ભાવ. જ્ઞાયક ભાવ, આનંદ ભાવ એવું જે ભાવનું સ્વરૂપ છે તેને પૂછવું. પામેલાને પૂછવું એમ કહે છે આંહી. ઓલા નિર્જરા અધિકારમાં તો એમેય આવે કે બહુ બધાને પૂછ નહિં. (**શ્રોતા** : પોતાને આવડે. પૂછવું) તને મોક્ષ જ છે. નિર્જરાનો અધિકાર છે ને ત્યાં કઈ અપેક્ષાએ ન્યાં કહે છે તે સમજવું. બીજાને શું પૂછવું ? તારી પાસે જ છે પ્રભુ.

તારી નયનને આળસે તે દેખાતો નથી. નયન જ્યાં જવું જોઈએ ત્યાં નહિં ને બહારમાં ફર્યા કરે. આ ને આ ને આ ને આ, તો એ ચીજ તો અંતરમુખ થાય ત્યારે જણાય એવી છે. આહાહા ! એ ચીજને આત્મ સ્વરૂપને પૂછવું તથા તે આત્મ સ્વરૂપની ઈચ્છા કરવી એટલે કે એને ઈષ્ટ બનાવવું. આહાહા ! આત્મસ્વરૂપની ઈચ્છા પરમાર્થ સ્વરૂપે તેને માનવું એમ. અન્વયાર્થમાં એમ કીધું. તેની પ્રાપ્તિને પોતાનું ઈષ્ટ બનાવવું.

ઈચ્છા એનો અર્થ એને ઈષ્ટ બનાવવું. આ પૂર્ણઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને ઈષ્ટ બનાવવું. આહાહા! જેને આત્માની પ્રાપ્તિ કરવી હોય એને માટે આ છે. તે પરમાર્થ સ્વરૂપે તેને માનવું.

પરમાર્થ સ્વરૂપ જ એ આત્મા છે. આહા! તેમાં તત્પર રહેવું આત્મ સ્વરૂપની ભાવનાનો આદર કરવો. અંતર આનંદ સ્વરૂપ પ્રત્યેનો ઉત્સાહથી આદર કરવો. વહેવારનો આદર અંદરથી છોડવો એમ કહે છે. જેથી એટલે આવી રીતે આત્મ સ્વરૂપની ભાવના કરવાથી. છે ને તે. येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विधामयं व्रजेत् અવિદ્યામય સ્વરૂપનો એટલે બહિરાત્મ સ્વરૂપનો ત્યાગ થાય છે અને विधामयं रूपं આહાહા! વિકલ્પ આદિ બધો અવિદ્યામય છે. એ અવિદ્યાને પોતાની માની છે, અજ્ઞાન અને રાગાદિને એનું નામ બહિરાત્મા છે. રાગને વિકલ્પને પોતાનો માને છે એ જ બહિરાત્મા. વસ્તુમાં નથી અને બાહ્યમાં રાગ ઉત્પન્ન થયો એને પોતાનો માન્યો છે એ તો બહિરાત્મા છે. આહાહા!

બહિર અંતરાત્મામાં એ રાગાદિ વિકલ્પ વહેવાર નથી. આહાહા! તેથી એ વહેવારમાં પોતાપણાની માન્યતાનો ત્યાગ કરવો, એ બહિરાત્માનો ત્યાગ છે. આ લોકોને વહેવાર આવે ને વહેવાર તો કહે એ એનો ત્યાગ કરવો એટલે? આહાહા! અંતર સ્વરૂપના વલણની વારંવાર તત્પરતામાં બાહ્ય લક્ષવાળા ભાવો એને છોડવા. આહાહા! અધ્યવસાયમાં એમ કહ્યું ને બંધ અધિકારમાં. ભગવાને જ્યારે પરને જીવાડું, સુખી કરું, દુ:ખી કરું એવી માન્યતાના અધ્યવસાયને જ્યારે મિથ્યાત્વ કહ્યો છે, તો અમે તો જાણીએ છીએ કે જેટલો પરાશ્રય વિકલ્પ ઉઠે બધાનો નિષેધ કર્યો છે. અમે તો એમ એટલે કંઈ ગાથા પછી એમ આવે છે ને પહેલો એનો ઉપોદ્ઘાત કર્યો છે. ગાથા ૨૭૨ને એમાં આવે છે.

વહેવારો અભૂયત્થો. વહેવારનો નિષેધ નિશ્ચયનયાશ્રિત મુનિ પ્રાપ્તિ કરે નિર્વાણની. (વ્યવહારનય એ રીત જાણ, નિષિદ્ધ નિશ્ચયનય થકી; નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની) આહાહા! જ્યાં તારો માલ છે ત્યાં તું જા એમ કહે છે. આહા! તારો માલ તો અંદર ભાવમાં પડયો છે. અંતરમુખ ભાવમાં માલ છે. આહાહા! તેના તરફ જા. કેવી રીતે? કે બહિરાત્મપણાનો જે વિકલ્પ મારો ને વિકલ્પથી લાભ થાય એવો અવિદ્યામયભાવને એટલે બહિરાત્મપણાને છોડ. આ તો સમાધિતંત્ર છે ને? સમાધિ પ્રાપ્ત કેમ થાય? સમાધિ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર.

સમાહિવર મુત્તમં દિંતુ આવે છે શાંતિભાઈ ક્યાં? સમાહિવર મુત્તમં દિંતુ કર્યું છે કે નહિં? લોગસ્સ ઉજ્જોયગરે નહિં? એમાં આવે છે. લોગસ્સ ઉજ્જોયગરે એમાં

સમાહિવર મુત્તમં દિંતુ એ કઇ સમાધિ ? આહા ! આત્મા તરફનું દર્શન જ્ઞાન ને ચારિત્ર એ સમાધિ. આ તો ઓલા બાવા લગાવે સમાધિ એ સમાધિ નહિં. આધિ, વ્યાધિ ને ઉપાધિનો ત્યાગ કરીને સમાધિ અંદર લગાવ. આહાહા ! બહિરાત્મ સ્વરૂપનો ત્યાગ કરીને એટલે કે જે અંતર સ્વરૂપમાં નથી એવો વિકલ્પ ને વહેવાર એને છોડ, એને છોડ. આહાહા ! અને વિદ્યામયં રૂપં જ્ઞાનમય જે સ્વરૂપ આત્મા. ઓલું તો અવિદ્યામય.

પુણ્યનો વિકલ્પ આદિ મારા ને એનાથી લાભ થાય એ તો અવિદ્યામય અજ્ઞાનમય ભાવ હતો. આહાહા ! એને છોડી વિદ્યામયં વિદ્યામય જ્ઞાન સ્વરૂપ, એવો જે આત્મા, એટલે પરમાત્મ સ્વરૂપ એમ. પરમ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરાય. ત્યાગ કરીને વિદ્યામય રૂપ એટલે પરમાત્મ પ્રાપ્ત. ઘણું જ માખણની વાત છે આ તો ભાઈ આહાહા ! સવારની વાત તો જાણવાની. છ દ્રવ્ય છે ને જાણવા એ આવે છે એ તો યોગસારમાંય આવે છે. યોગસાાર નહિં આપણે આ યોગીન્દ્ર દેવનું ? છ દ્રવ્યને જાણવા. પ્રયત્નથી જાણવા એમ છે ત્યાં. આવે છે કંઇ કડી એક આવે છે નહિં ?

**छह दव्वइ जे जिण-कहिया णव पयत्थ जे तत्त।**
**विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त ।।**

**ષટ્ દ્રવ્યો જિન ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;**
**ભખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન.**

આ તે વાત ભાઈ બાકી તો ખરું તો આ તરફ વળવું એને જાણવું. આહાહા ! ત્યારે એને વહેવાર એવો હોય છે એ જાણે આહાહા ! વિદ્યામય રૂપ એટલે જ્ઞાન સ્વરૂપી આત્મા, એટલે પરમ સ્વરૂપી પ્રભુ આહાહા ! વિદ્યામયં એકલો જ્ઞાનમય આત્મા. જ્ઞાન માત્ર આત્મા આહાહા ! હેં ? (**શ્રોતા** : જ્ઞાન સ્વભાવી આત્મા) એ જ્ઞાન સ્વભાવી આત્મા ભાવવો અને છેવટે સમયસારમાં કહ્યું કે ભાઈ જ્ઞાન માત્ર આત્મા નિર્ણય કર્યો છેલ્લો. હવે એને સ્યાદ્વાદ આવ્યું કે નહિં એમ કરીને પછી ઉઠાવ્યું છે. ઉપાય-ઉપેય નહિં પણ મૂળ તો આખા સમયસારમાં ચારસો પંદર(૪૧૫) શ્લોક ને કળશો કરીને આત્મા જ્ઞાનમાત્ર છે એમ નક્કી કર્યું છે. છેલ્લે ઇ શબ્દ છે જ્ઞાનમાત્ર આહાહા !

(**શ્રોતા** : એમાં જ આપણા વ્રત વગેરે બધા) વ્રત, તપ બધા વિકલ્પો છે. બહુ આકરું લોકોને લાગે. આહાહા ! આંહી તો આ જુઓને ગાથાએ ગાથાએ વહેવારના તો ભૂક્કા ઉડાવે છે. પર તરફના લક્ષવાળા વિકલ્પોને છોડ. આહાહા ! આ તો સત્‌ને પ્રાપ્ત કરવું હોય તો આ વાત છે અહીંયા, વાતું કરવી હોય ને એમને એમ તે કાંઇ આમ

વહેવારે પણ આમ હોય, નિશ્ચયથી આમ હોય ને નિમિત્તથી આમ થાય. નેમિચંદ થઈ ગ્યા'તા ને ભાઈ આ પંડિત જ્યોતિષ નહિં? હેં? આગ્રામાં. ગુજરી ગયા? ચાર પુસ્તક છપાણા, ચાર ન્યાં આપ્યા'તા. ક્યાં આપ્યા'તા? સાગરમાં ચાર આપ્યા'તા, પાછા ચાર તો હુબલીથી આવ્યા. આઠ થયા. કોક પાનું જોયું હશે ત્યાં કોક ઠેકાણે હમણાં ભાઈ લાવ્યા'તા ચેતનજી. કોક વાર જોયું હશે એમાં એવું આવ્યું'તું. નિશ્ચયથી પરમાત્મ સ્વરૂપ છે, કારણ કાર્ય બે કારણથી થાય. ઉપાદાન નિમિત્તથી એ બેમાં આવે.

(**શ્રોતા** : એ તો પ્રમાણનું વચન. નિશ્ચયે પોતાથી જ કામ થાય) એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. ભાઈ ઝીણી વાત છે બાપુ. સ્વના સન્મુખ થઈને જે જ્ઞાન થાય, તે જ્ઞાન નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરે છે. તે નિમિત્ત છે માટે જ્ઞાન કરે છે? એ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે નિમિત્ત છે માટે આંહી એનું જ્ઞાન એમેય નહિં. નિશ્ચય નિમિત્ત છે માટે નિશ્ચય થ્યું એમેય નહિં પણ એને જાણવાનું જે જ્ઞાન થ્યું એ નિમિત્ત છે માટે જાણવાનું જ્ઞાન થ્યું એમેય નહિં. આહાહા! એ તો સ્વપર પ્રકાશનું સામર્થ્ય જ છે એથી એમ જાણ્યું એણે. આહાહા! આવો મારગ બહુ લોકોને બિચારાને.

(**શ્રોતા** : આવો મારગ પણ સાંભળવામાંય ક્યાં મળે છે?) છે નહિં આહાહા! પરમ સત્ય. પરમ સત્ય. કહે છે એ વિદ્યામયંની વ્યાખ્યા કરી. પાઠ છે ને? **येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विधामयं व्रजेत्** એટલે વિકલ્પ આદિ જે છે એ તો અજ્ઞાનમય છે. (શ્રોતા : અવિદ્યામય) આહાહા! રાગાદિને અચેતન કહ્યો છે ને? એમાં વિદ્યા ક્યાં છે એમાં? જ્ઞાન ક્યાં છે? આહાહા! **येनाऽविद्यामयं रुपं त्यक्त्वा** એમ જુઓને ભાષા. એ વિકલ્પ આદિ અવિદ્યામય સ્વરૂપ છે. આહાહા! એના લક્ષને છોડી દે. છોડવાનો અર્થ કે એમનું લક્ષ છોડી દે અને વિદ્યામયં પ્રભુ જ્ઞાનમય પરમાત્મ સ્વરૂપ પરમ સ્વરૂપ **व्रजेत्** ગ્રહણ કર, પ્રાપ્ત કર. આહાહા! હવે આ વળી ઓલા ઈચ્છામિ પડિક્કમણું તસ્સ ઉત્તરિવાળાને ભાઈ આકરું લાગે હોં! ઓલું તો સામાયિક કરે ને પોહા કરીએ. અરે પ્રભુ સાંભળને ભાઈ! આહા! આ તો નિશ્ચયની વાત નિશ્ચયની પણ નિશ્ચય એટલે સત્ય વાત.

વહેવાર એટલે આરોપિત કથન. બંધ છે એ તો આહાહા! વહેવારનો અર્થ નથી કર્યો ભાઈએ કળશ ટીકાકારે? વહેવાર એટલે કથન માત્ર એમ ભાષા લીધી છે. ન્યાં કહેવા માત્ર એમ શબ્દ છે અને ઘણે ઠેકાણે તો જૂઠું, જૂઠું એવો શબ્દ વાપર્યો છે કળશમાં. આહાહા! જૂઠો જૂઠો જ છે. વહેવાર આત્મામાં છે ક્યાં? સત્ પ્રભુ વિદ્યામય આત્મા એકલો જ્ઞાન સ્વભાવી વસ્તુ તેને પ્રાપ્ત કર કે અવિદ્યામય તજીને જે વિદ્યામય

પ્રાપ્ત કરાય માટે અવિદ્યામય છોડ એમ. જુઓ આ મારગને પામવાની રીત. આહાહા! બીજા ભલે જાણપણાં ઓછાવત્તા હોય પણ વસ્તુ આ. अविद्यामयं रुपं त्यक्त्वा विधामयं એનો અર્થ થઇ ગયો.

વિદ્યામયંરૂપં व्रजेत् પંડિતજી આંહી રૂપ નાંખ્યું છે ભાષામાં. રૂપ એટલે સ્વરૂપ अविद्यामयं स्वरुप त्यक्त्वा विधामयं स्वरूप व्रजेत આહાહા! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ અવિદ્યામય છે. એનું રૂપ જ અવિદ્યામયનું રૂપ છે. આહાહા! એને ત્યજેત્ છોડ કે જેથી વિદ્યામય રૂપં પ્રાપ્ત કરાય. આહાહા! એમ કહે છે. જ્ઞાનમય એમ કીધું'તું ને? ન્યાં તો જ્ઞાનમય ઠરાવ્યું છે ને બધાને? સમયસાર! પછી કહે કે ભઇ આમાં સ્યાદ્‌વાદ આવ્યું? કહે આવી ગયું સ્યાદ્‌વાદ સાંભળને! જ્ઞાનમય છે એમ કહેતાં પરમય નથી, એમાં બધું આવી ગયું. આહાહા! અને જ્ઞાનમય હોવા છતાં ઉપાય-ઉપેય પણે એ પોતે એકલો પરિણમે છે અને સાધકપણે જ્ઞાન પરિણમે છે. સાધ્યપણે પણ જ્ઞાન પૂર્ણ પરિણમે છે એને બીજા દ્રવ્યના સહારાની જરૂર નથી. આહાહા!

(**શ્રોતા** : પુણ્યમાં કોઇ સાથ આપી શક્તો નથી) આવો મારગ બાપુ આ તો. જેને સંસારનો કાંઠો આવ્યો હશે એને આ બેસવું છે. આવી વાત છે. એમાં ઓલ્યા કહે કે પુણ્યની ઉપર તો ડાંગ લઇને બેઠા છે એમ કીધું ને? શું કીધું? હેં? કૈલાશચંદજી. ભાઇ કહેતા'તા પંડિતજી, એણે કહ્યું કૈલાસચંદજીએ આમ કહ્યું છે. હવે એ ડાંગ ડાંગમાં તો ભૂકો થાય આંહી તો ભસ્મ ભૂકો બળીને રાખ થાય. આહાહા! હેં? ભાષા જુઓને तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् येनाऽविद्यामयं रुपं। આહાહા! પૂછવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે કહે છે. આહાહા! એય! સાંભળવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે આહાહા! કહેવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે.

**ભાવાર્થ** : આત્મ સ્વરૂપની ભાવના કેવી રીતે કરવી? ભાવના શબ્દે વિકલ્પને એમ નહિં. અંતરમાં ભાવ, જ્ઞાયક ભાવ એની એકાગ્રતા, ભાવની ભાવના. જ્ઞાયક ભાવ, જ્ઞાન ભાવ. ભાવની ભાવના એટલે એકાગ્રતા. આહાહા! તે પ્રશ્નનાં ઉત્તરમાં આચાર્ય આત્માર્થીને ઉદ્દેશીને કહે છે. પ્રશ્ન છે ને આમ પૂછેને તે શું? આમ કરીને કહ્યું છે. શિષ્યને કહે છે ને? સાંભળનારને કહે છે ને? તો સાંભળનાર એણે પૂછયું કે મહારાજ એ શું? તો સાંભળ. તે જ વાતમાં અન્ય વધારે ન લાય? આત્માનું પૂછ. આત્માની વાત પૂછ આહાહા!

કેવી રીતે અમારે આહાર પાણી ખાવા? એ સ્વરૂપચંદજી! બધા તો બોલે નહિં આ બોલે. કેવો આહાર બનાવ્યો છે જુઓ મહારાજ. હવે એ વિકલ્પ છે એને છોડ.

નિર્દોષ આહાર લેવો ને એવો જે વિકલ્પ છે તે અવિદ્યામય છે. આહાહા! ત્યારે ઓલા એક જણે નિર્દોષ આહાર ખાય તો પરિણામ સુધરી જાય. છે ને ઓલા તારાચંદ નહિં? ચોટીલા. કપૂરચંદ ભાઈના ભાઈ. બહુ બુદ્ધિ જાડી. નિર્દોષ આહાર. ઓળખો ચેતનજી ચેતનજી? છે ને અમારે. ઘણા વર્ષો પછી ૬૮માં મળ્યા. બોટાદ ૬૮. પછી અહીંયાય આવ્યા'તા. નિર્દોષ આહાર પાણી લેતા પરિણામ સુધરી જાય. આંહી તો કહે નિર્દોષ આહાર પાણીનો લેવાનો જે વિકલ્પ છે એ અવિદ્યામય છે. એમાં જ્ઞાનનો અંશ નથી. આહાહા! આવું છે. હેં?

(**શ્રોતા** : ૫ - ૭ સાધુ આવ્યા'તા) ન્યાં આવ્યા'તા (શ્રોતા : નિર્દોષ આહારની વાત) બસ એ જ વાતું કરે. આહાહા! આ નિર્દોષ ક્યાં? એના માટે તો બનાવ્યો'તો નિર્દોષ ક્યાં રહ્યો? આહાર પાણી જોવે ને બધા લે. સવારથી બનાવે બધું હારે ચોકાવાળા હોય ને. આહાહા! કોઈ વ્યક્તિને માટે નહિં, વસ્તુનું સ્વરૂપ ફરી ગયું. અમારે હીરાજી મહારાજ તો આવુ સાંભળે તો એને એવું થઈ જાય કે આ સાધુ આવા? એના માટે આ કરે ચોકા બનાવે ને આહાર લે? આહાહા! અને એને આ નિર્દોષ આહારનું બહુ હતું. કરે વ્યાખ્યાન એક દિ' રહેવું હોય તોય વ્યાખ્યાન કરે. સાધુને માટે, કરીને આપશો તો ગરભમાં ગળશો. (પહેલું જ વ્યાખ્યાન) આહાહા! બિચારા એમને જેટલું માન્યતામાં હતું એટલું. આ ન મળ્યું. આહાહા!

નિર્દોષ આહાર પાણી લેવાનો ભાવ એ શુભ ભાવ છે, વિકલ્પ છે, તેમાં જ્ઞાનનો અંશ નથી. આહાહા! આત્મ સ્વરૂપ બીજાઓને સમજાવવું. આવ્યું'તું ને પહેલું એ બ્રુયેત્? બ્રુયેત નો અર્થ કર્યો. જેમણે આત્મ સ્વરૂપ જાણ્યું તેમને તેના જ વિષે, તેમને તેના જ વિષે તે જાણવું. પૂછીને જાણવું એમ. તેના વિષે એને પૂછવું કે મને કેમ પૈસા મળશે ફલાણું થશે. આહાહા! (**શ્રોતા** : એ કોને પૂછવું?) એ પૂછવું જ નહિં. કોને પૂછવું શું? ધૂળ કેમ મળશે એ પૂછવું જ નહિં. કોકને પૂછવું એમેય નહિં. પૂછવું જ નહિં. આહાહા!

મારવાડી આવ્યા'તા નહિં એક વાર? હેં! બાવળમાં એ એને વાત કાને ગઈતી' ઓલી ભભૂતમલની આ એને ચાલીસ(૪૦) લાખ પેદા થ્યા. એમ થ્યું એ મારવાડમાં હાલ્યું બધું (**શ્રોતા** : હવે મહારાજને એ વધારે બોલાવે) હવે ન્યાં તે કોણ જાતું'તું, આ તો ગ્યા એ ગ્યા. આહાહા! આંહી તો કહે છે કે તેના જ વિષે પૂછીને તે જાણવું, આહાહા! તેની જ ઈચ્છા રાખવી. તેને એકને જ પરમાર્થ સત્ય માનવું. અર્થમાં કર્યું'તુંને? ઈષ્ટ બનાવવું. અહીં એમ કહ્યું કે ઈચ્છા કરવી, પરમાર્થ સ્વરૂપે તેને માનવું. ખરે સ્વરૂપે એને જ

માનવું કે આત્માનું જે સ્વરૂપ છે તે સંબંધી જ માનવું. આહાહા!

વહેવારની તો વાતું છોડાવી છે આંહી તો. સંભળાય છે? (**શ્રોતા** : થોડું થોડું સંભળાય છે) એમ કે હવે આંહી તો સોનગઢ ખરુંને આંહી તો. એ વખતે ન્યાં આહાહા! તેને એકને જ પરમાર્થ સત્ય માનવું આહાહા! અને આત્મ સ્વરૂપની ભાવનામાં નિરંતર આ ઈષ્ટોપદેશની વાત છે આ નિરંતર લાગ્યા રહેવું. આહાહા! આહાહા! જુઓને વેપારીને વેપારના ઓલા સપનામાં પણ એ આવે વેપાર. આ લો પાંચ હાથ, પાંચ હાથ. ભગત હતા ને રાણપર, એય તારા બા ના બાપ હતાને નારણભાઈ? એના નોકર હતા એ, એક વખત એણે કહ્યું'તું મોનજી ભગત. જુઓ આ કહે એ તો નોકર હતા પણ એને ધંધામાં બહુ રસ. હતા નોકર. ઘરનો માણસ કામ કરે એવું કામ કરે. એવી લાગણી રાતે ઓલા પછેડી પોતાની ઓલા બે ફાળના ત્રણ ફાળના હોય ને. લે પાંચ હાથ. ખાલી પછેડી ફાટી. જાગ્યા તો વોય માળા. આહાહા!

એ જેની જેને જે (એકતા). ઓલો સપનામાં એમ આવે કે આહાહા! આત્મા જુદો છે, રાગ જુદો છે. આહાહા! આમ કરવાથી બહિરાત્મ સ્વરૂપનો એટલે કે અવિદ્યામય સ્વરૂપનો એમ. આહાહા! બહિરાત્મા એટલે રાગાદિની ક્રિયા મારી છે એવું જે બહિરાત્મપણું એને અવિદ્યામય સ્વરૂપનો નાશ થશે. આહાહા! આ રીતે નાશ થશે કહે છે અને પરમાત્મ સ્વરૂપની એટલે જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થશે. પરમાત્મ ઓલું વિદ્યામય કીધું ને? વિદ્યામય એટલે જ્ઞાનમય, જ્ઞાનમય એટલે કે પરમાત્મમય. પરમસ્વરૂપમય એ વસ્તુ. એની પ્રાપ્તિ થશે.

ચારબોલ ઉતાર્યા છે.

૧. આત્મા સંબંધી જ વાત કર. અમિતગતિની વાત કરશે અને પરમાર્થ વચનિકા પદમનંદી પંચવિંશતિમાં છે આખો શ્લોક છે અગિયાર(૧૧) બોલનો એમાં આ લખ્યું છે. સંસાર સંબંધી કાંઈ પણ વાત ન કર. તેમ કરવાથી બહારમાં ભમતો તારો ઉપયોગ તત્ત્વ નિર્ણય તરફ વળશે. અંતર જ્ઞાયક સ્વભાવ પરમાત્મ સ્વભાવ જ્ઞાનમય સ્વભાવ એના તરફ તારું વલણ થશે. આહાહા! ઓલા કહે, સર્વ પ્રાણીને ન મારવા કોઈ પ્રાણીને એ સિદ્ધાંતનો સાર.'અહિંસા સમયં ચેવ' આ કહે છે કે ભઈ પરમાત્મ સ્વરૂપ પોતે સર્વનો સાર છે. એની દૃષ્ટિ જ્ઞાન ને રમણતા એ સાર છે. આહાહા! એ બચારાને મળ્યું નહિં.

૨. આત્મા સંબંધી વધુ જ્ઞાન માટે વિશેષ જ્ઞાનીઓને પૂછ. બીજો પ્રશ્ન એનો ખુલાસો. તેથી આત્મા સંબંધી તારી શ્રદ્ધા સ્પષ્ટ થઇને દઢ થશે. એ તો વહેવારથી એમ કહ્યું ને નિમિત્તથી અને જ્ઞાન નિર્મળ થશે. બીજો બોલ થ્યો. तद्ब्रुयाततत्परान्पृच्छेत् બીજો બોલ થ્યો.

૩. આત્મ પ્રાપ્તિની ભાવના કર. એ તત્ત્વની વાત છે. આત્મ પ્રાપ્તિ સ્વરૂપ મહાઆનંદનું નિધાન અનંતગુણનો ખજાનો પ્રભુ એની પ્રાપ્તિની જ ભાવના કર. આહાહા! બીજા કોઇ પર પદાર્થની કે ઇન્દ્રિય વિષયના સુખની ઇચ્છા ન કર. આહાહા! પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં કંઇક ઠીક છે એવો જે ઉત્સાહ, છોડી દે. આહાહા! એવી વાત છે પ્રભુ. આવો ઉપદેશ કર. હવે તો આ તો ચાર મહિના થ્યું ને બહાર. હવે આ તો ટાઢા પહોરની વાત છે ને એટલે ન્યાં શાંતિ શીતળતા, શીતળતા, શીતળતા (**શ્રોતા :** આપ બહાર રહો છો તો અહીંના માણસોને બહુ અગવડ થાય છે) અગવડતા અંદરમાં જાય તો અગવડતા બધી મટી જાય. (**શ્રોતા :** પણ એ માટે આપની હાજરીની જરૂર પડે) (**શ્રોતા :** હવે બીજા ૬ - ૭ મહિના વાંધો નથી) આવતી સાલનું તો આ છે ને વઢવાણનું છે. મદ્રાસવાળાનું છે આનું અમે ગ્યા તે દિ' ઓલું કરાવ્યું. પોણા બે લાખ. કયા ગામ ? કહે છે એ આત્મા પ્રાપ્તિની જ ભાવના કર. આ તત્ત્વની વ્યાખ્યા છે હોં. એ છે ને તત્ત્વરૂપ છે ને ? આહાહા! ઇચ્છા ઇન્દ્રિય વિષયના સુખની એટલે પર તરફના ભાવમાં જરી મીઠાશ છે એ વિષય એમાં સુખ લાગે છોડી દે. આહાહા! એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિય સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે. આહાહા! ઇન્દ્રિય વિષયના સુખની ઇચ્છા ન કર. એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિયના સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.

૪. આત્મ સ્વરૂપની ભાવનામાં જ નિરંતર અભિરત બન. આહાહા! અભિરત એની સન્મુખ થઇને એમાં રત થા. આહાહા! કરવાનું તો આ છે. લાખ શાસ્ત્ર ભણે અને ભણે અને કહે પણ આ વસ્તુ કરવાની તો આ છે. (**શ્રોતા :** સ્વસન્મુખ થવાની જ વાત છે) આવી રીતે તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને આચારમાં એક આત્માને જ વિષય બનાય. આહાહા! ૧૭-૧૮માં આવ્યું ને ? ૧૭-૧૮માં કે આ આત્મા જ્ઞાનમાં જણાણો એ જ્ઞાન અને જણાણો આ આત્મા એવી એની શ્રદ્ધા અને એમાં એવી શ્રદ્ધા થઇ કે આત્મામાં ઠરીશ આમાં. આમાં ઠરીશ એટલે દરજ્જે કર્મ છૂટશે. સમજાણું કાંઇ ? નિર્જરાનો આ ઉપાય એમ કહે છે. આહાહા! સ્વના આશ્રયમાં

જેટલો ઠરીશ એટલી નિર્જરા એટલે કર્મ ખપશે. આહાહા! અપવાસ નિર્જરા, તપસા ચ નિર્જરા આવે છે ને ? પણ એ તો નિમિત્તનું કથન છે. તપસા ચ નિર્જરા તો ક્યારે થાય ? કે શુદ્ધ ચૈતન્યનો આશ્રય લે અને પવિત્ર પર્યાય પ્રગટ થાય ત્યારે અશુદ્ધતા ટળે અને કર્મ ટળે એ નિર્જરા કહેવાય.

અશુદ્ધતા નિર્જરાના ત્રણ(૩) પ્રકાર. એટલા પ્રમાણમાં શુદ્ધત્વનું ઉત્પન્ન થવું. સ્વને આશ્રયે શુદ્ધનું ઉત્પન્ન થવું એ પણ નિર્જરા લીધી છે. ત્રણ પ્રકાર નિર્જરાના અને અશુદ્ધતાનો વ્યય થવો એ પણ એક નિર્જરામાં ગણ્યું છે અને એનું નિમિત્ત ને જેટલા કર્મના રજકણો અહીંયા અશુદ્ધતા ટળી એટલા રજકણો ત્યાં એને કારણે ગળે ટળે એને પણ નિર્જરા કીધી છે. આહાહા ! (બનાવ) બીજા કોઈ બાહ્ય પદાર્થને તારા જ્ઞાનનો વિષય ન બનાવ. આહાહા! બહાર જોવાને આંધળો થા. અંદર જોવાને હજાર નેત્ર ખોલ. આહાહા ! શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ''કામ એક આત્માર્થનું બીજો નહિં મનરોગ''.

આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. આ છોકરાઓએ ગાયન બનાવ્યું એમાં આનંદનું પ્રયોજન એમ ભાષા છે આહાહા ! કલકત્તા. જ્ઞાન તે જાણે, દર્શન તે દેખે, ચારિત્રનો વિષય સ્થિરતા એમ લીધું. વિષય ન જોઈએ ત્યાં ચારિત્ર એટલે સ્થિરતા. મારું પ્રયોજન આનંદ છે. એમાં છે બધું આનંદનું પ્રગટ થવું એ પ્રયોજન છે. સમ્યગ્દર્શનમાંય આનંદનું પ્રયોજન, જ્ઞાનમાંય આનંદનું પ્રયોજન, ચારિત્રમાંય આનંદનું પ્રયોજન. આ તમારા દિલીપે બનાવી છે નવું નવું ગાયન છે એમાં, છે ને ચોપડી પેલી ? આ ચોપડી છે ને તમારા હાથમાં ? (**શ્રોતા :** ચોપડી તો હોય જ ને ?) (ઓછું સાંભળે છે) આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તેની પ્રાપ્તિ જ કરવા યોગ્ય છે. આહાહા ! તે સિવાય અન્ય પદાર્થોનો વિચાર મનના રોગ સમાન છે. 'બીજો નહિં મનરોગ' છે ને ?

આવી રીતે સમજીને ધગશ અને ઉત્સાહપૂર્વક જો તું આત્મભાવના કરીશ, આતમ ભાવના કરીશ, આતમ સ્વભાવની એકાગ્રતા રૂપી ભાવના કરીશ તો અવિદ્યાનો - અજ્ઞાનતાનો નાશ થશે. આહાહા ! અને આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થશે. विधामयं व्रजेत् આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થશે. હવે આ ઈષ્ટોપદેશનો શ્લોક છે ૪૯. અમિતગતિનોય ૪૯. સમયસારની ૪૯ અવ્યક્તનો अविद्याभिदूरं ज्योतिः परं ज्ञानमयं महत् । तत्प्रष्टव्यं तदेष्टव्यं तद् द्रष्टव्यं मुमुक्षुभिः ।। આહાહા ! પુસ્તકો બધા નથી ઝાઝા ? થઈ રહ્યા ? અહીં મળતા નહિં હોય નહિં ? પહેલેથી લીધું નથી તમે ? લીધું નથી ? બેન પાસે તો હતું ને આંહી. ઠીક.

તે જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ આહાહા ! અગ્નિ ઉષ્ણ સ્વભાવરૂપ જ્યોતિ,

આ જ્ઞાન સ્વભાવરૂપ જ્યોતિ. જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ અવિદ્યાનો-અજ્ઞાનનો નાશ કરનાર છે. આહાહા ! અગ્નિની જ્યોતિ જેમ અંધકારનો નાશ કરનાર છે. દીવાની જ્યોતિ જેમ અંધકારનો નાશ કરનાર છે એમ ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવરૂપ જ્યોતિ એ અવિદ્યાનો અને અજ્ઞાનનો નાશ કરનાર છે. તથા મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે. પાઠમાં છે ને એનું વિશેષ. મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય આહાહા ! સમયની પર્યાયની અનાદિની રચનામાં રોકાઈ ગયો છે. એટલે પર્યાયમૂઢ કહ્યો ને ? બહાર જે વ્યક્ત છે એમાં જ એની દૃષ્ટિ પડી છે પણ અંદર આખો જે અવ્યક્ત પડયો છે પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત. વસ્તુની અપેક્ષાએ વ્યક્ત. આહાહા ! એવું આનંદઘન સ્વરૂપ મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે. આહાહા !

अधियं मुणदि णाणं આવે છે ને ? णाण सहाव अधियं मुणदि आदं ત્યાંય એ જ લીધું છે જુઓને. જ્ઞાનસ્વભાવ અધિક નામ ભિન્ન, આનાથી ભિન્ન આનાથી અભિન્ન અને આનાથી જુદો એટલે પૂરણ. णाण सहाव अधियं मुणदि आदं જ્ઞાન સ્વભાવ એવા ભગવાન આત્માને વર્તમાન એક સમયની પર્યાયથી, અધિક નામ જુદો, અધિક નામ ભિન્ન, અધિક નામ પૂરણ. આહાહા ! णाण सहाव अधियं मुणदि आदं એવા આત્માને તું જાણ. આહાહા ! જ્ઞાન સ્વભાવે પરિપૂર્ણ પરથી ભિન્ન એટલે કે અધિક. આહાહા ! એક સમયની પર્યાયમાં આવતો નથી. જે અધિક ભિન્ન છે અને અધિક છે એટલે પરિપૂર્ણ છે આ બધું અપૂર્ણ છે. એક સમયની પર્યાય પણ અપૂર્ણ છે.

આ પૂર્ણ છે ભિન્ન છે, અધિક છે. એની ભાવના કર. આહાહા ! માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂછવું આહાહા ! તો આ બધા પ્રશ્નોને બધું છ દ્રવ્યનું જાણવું ને એનું બધું શાસ્ત્રમાં બહુ આવે, તો આવું નક્કી કરવા જાય તો ઓલાનું બહુ જ્ઞાન ન થઈ જાય. એ તો કીધું ને સવારમાં એ તો જાણવા માટે આ હું નહિં એ માટે જાણવું જોઈએ આહાહા ! 'આ હું નહિં ને આ હું' એ માટે એને જાણવું જોઈએ. આહાહા ! હુકમચંદજીએ લખ્યું છે બધું સારું માટે મુમુક્ષુએ તેના વિષયમાં જ પૂછવું. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન તે કેવડું અસ્તિત્વ છે ? કેમ છે ? ક્યાં છે ? એ પ્રમાણે પૂછવું. આહાહા ! આવો મારગ છે ભાઈ. હેં ? (**શ્રોતા :** પરમ સત્ય) તેની પ્રાપ્તિની અભિલાષા કરવી આહાહા ! પૂરણ સ્વરૂપની પ્રાપ્તિ દૃષ્ટિ જ્ઞાનને સ્થિરતા થાય એની અભિલાષા કરવી તેનો અનુભવ કરવો. આહાહા ! આહાહા ! એ ઈષ્ટોપદેશ ૪૯નો એ અર્થ થયો.

હવે અમિતગતિ આચાર્યે યોગસારમાં કહ્યું છે કે એય ૪૯ગાથા છે ઓલીકોર છે. એય ૪૯ છે. (**શ્રોતા :** સમયસારમાંય ૪૯ છે) આય ૪૯. આહાહા !

**अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीयं**
**पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यभावर्जनीयम् ।**
**वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयं**
**द्दश्यं स्पृश्यं प्रभवति यतः सर्वदात्मस्थिरत्वम् ।।**

આહાહા! આ પૂછ ને આ કર બધું કહે છે. આહાહા! નિર્જરા અધિકારમાં આવ્યું નહિં ભઇ? તું પૂછ ને બધું પડ્યું છે, અંદર જાને જોને તને સુખ થશે અંદર તને પ્રાપ્ત ખબર પડશે. આહાહા!

કઇ શૈલીએ વાત કરી છે? જે પુરુષ વિદ્વાન છે દેખો, यतः सर्वदात्म-स्थिरत्वम् विदुषाभ्यस्यम् એમ છે ને? બીજી લીટી છેલ્લો શબ્દ. વિદુષા લ્યો આંહી તો અમિતગતિ આચાર્ય કહે છે કે જે કોઇ પુરુષ વિદ્વાન છે. આહાહા! તેને તે આત્મ પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું યોગ્ય છે. લ્યો વિદ્વાન હોય એણે આ કરવું. જે પુરુષ વિદ્વાન છે તેને તે આત્મ પદાર્થનું નિશ્ચલ મનથી, નિશ્ચલ મનથી અધ્યયન કરવું યોગ્ય છે. આહાહા! વિદુષાં છે ને? એ કહે છે આંહી. તે ધ્યાન કરવા યોગ્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, પૂરણ સ્વરૂપ, પૂરણ ભાવ સ્વરૂપ, પૂરણ પરમાત્મ સ્વરૂપ ધ્યાન કરવા યોગ્ય છે. આહાહા!

આંહી તો ઉપરથી લીધું છે ને? ગાથા છે ને? ૪૯નો આધાર આપ્યો ને એનો અર્થ છે આ. ૪૯નો આધાર. છે ને? જુઓને? अध्येतव्यं स्तिमितमनसा ध्येयम् आराधनीयं કોને? विदुषां. આ ૪૯ગાથાનો અર્થ છે આ. આ અમિતગતિના શ્લોકનો અર્થ છે આ. એનો અર્થ પહેલો ઓલો અર્થ ગયો ઇષ્ટોપદેશનો હવે આ એનો અર્થ છે ને? આની હારે મેળ કરવા હાટુ, (માટે) ધ્યાન કરવા યોગ્ય હોય તો પરમાત્મા પોતે છે. આહાહા! પરમ સ્વરૂપ, પરમ ભાવ, પરમ શુદ્ધ, જ્ઞાન ભાવ આરાધવા યોગ્ય છે. આરાધના કરવા યોગ્ય છે, એ એની આરાધના, સેવા કરવા યોગ્ય છે. આહાહા! દેવ ને દેવીઓને આરાધ્યાતાને? આ આરાધવા યોગ્ય છે.

તીર્થસ્થાનોમાં એવું થઇ ગ્યું માળા એના અગ્રેસર હોય ને એમ કે આપણામાં અહીં કોઇ પૈસા દે તો આપણું વધે તો આપણી શોભા એવી લાઇન થઇ ગઇ પણ જરૂરે ન હોય ત્યાં. ત્યાં પદમ પદમ પદમપુરાણ! તે આંહી કેટલું એક મકાન પડ્યું છે હવે કહે ત્યાં કોણ? ન્યાં ઘર ન મળે કોઇ અને બધા આવે ને પછી બધા અગ્રેસર વાતો કરે કે કુંદ કુંદ હોલની જરૂર છે એમ જાણે આ મહારાજને કુંદ કુંદ છે ને? શું કરે છે આ? અને પાછા હીરાલાલ બેઠેલા કૂચામણવાળા, ભાવનગરવાળા. એને મારે તો બોલાણું થોડું કીધું આ

ઉદાર માણસ છે એટલે એણે પકડયો એને. મેં કહ્યું ઓલા ૮૦ હજાર આપ્યા'તા ને એ અપેક્ષાએ ઉદાર કહ્યા. તો કહે અહીં કુંદ કુંદ હોલની જરૂર છે હવે એમ, પૈસા કાઢો એમ કે કાંઈક હવે હેં?

(**શ્રોતા** : મહારાજે કીધું 'તું) કઇ અપેક્ષાએ કીધું'તું? ત્યાં એણે પોતાના કરી નાંખ્યું. ભંવરલાલ છે ને? ભંવરલાલ પંડિત. કર્તા હર્તા એ છે જેતપુરના. આ તો જે આ બધા આટલા પૈસાવાળા છે એમ કહેવામાં આ જોખમ છે. કારણ કે એને બહારના પાછા માણસો કહે આની પાસે ચાલીસ(૪૦) લાખ (**શ્રોતા** : અહીંઆય જોખમ છે ને સરકારમાંય જોખમ છે બેય જગ્યાએ) તો એ જ કીધું ને કે આટલા પૈસા આની પાસે છે કહેવામાં આહારદાનમાં જોખમ છે એમ અહીં ઉદાર છે એમ કહેવામાં (**શ્રોતા** : એમાંય જોખમ આવ્યું) હેં? આ શી વાત છે. આહાહા! આંહી તો કહે છે આરાધવા યોગ્ય હોય તો એ છે એક જ ભગવાન આત્મા. પરમાત્માની વાતેય નહિં આ તો આ પરમાત્મા. આહાહા! આરાધવા યોગ્ય હોય તો આત્મા છે, પૂછવા યોગ્ય હોય તો એ આત્મા છે. આહાહા!

કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન કેવું? ને સર્વજ્ઞ કેવા? એ કરતાં કહે પૂછવા યોગ્ય આને પૂછને! આ કેવળજ્ઞાનનો પૂંજ પડયો છે આખો. એવી કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી અનંતી અંદર પડી છે. મહાભગવાન છે પ્રભુ તો. આહાહા! અરે! એવી વાતે ક્યાં છે બાપુ? જગત ક્યાંય ક્યાંય સલવાઇ ગ્યું છે . અરે છૂટવાનો કાળ નથી. પૂછવા યોગ્ય, સાંભળવા યોગ્ય એ, એ સાંભળવા યોગ્ય આત્મા એમ કહે છે. આહાહા! અભ્યાસ યોગ્ય, શાસ્ત્રના અભ્યાસમાં પણ આ અભ્યાસ યોગ્ય છે કહે છે. ઉપાર્જન કરવા યોગ્ય, ઉપાર્જન કરવું એટલે પ્રાપ્ત કરવું એવો અર્થ જાણવા યોગ્ય એ છે, કહેવા યોગ્ય એ છે, પ્રાર્થના યોગ્ય એ છે, પ્રાર્થના યોગ્ય એ ભગવાન આત્મા છે અંદર. કો સુજાનમલજી! આવી વાત છે. આહાહા!

શિક્ષા યોગ્ય છે એ, આ શિક્ષાને સમજવાને લાયક છે. આહાહા! દેખવા યોગ્ય એ છે, અને અનુભવવા યોગ્ય સ્પર્શવા યોગ્ય એ છે. સ્પર્શવું એટલે એને અનુભવવું. આહાહા! ત્રણલોકના નાથ ચૈતન્ય પરમાત્માને સ્પર્શ, રાગને ફલાણાને સ્પર્શવું છોડી દે. આહાહા! કારણ કે તેમ કરવાથી આત્મા સદા સ્થિરપણાને પામે છે. લ્યો. છે ને? सर्वदात्मस्थिरत्वम् આમ તે સ્થિરપણાને પામે છે.

વિશેષ કહેશે......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૬૮

## શ્લોક – ૫૪

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૨.૦૬.૭૫**

तद्भावना चेत्थं कुर्यादित्याह -

**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् ।**
**येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विधामयं व्रजेत् ।। ५३ ।।**

તત્પર થઈ તે ઈચ્છવું, કથન-પૃચ્છના એ જ;
જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ ।। ૫૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

ગાથા જ્યારે ૫૩માં એમ આવ્યું કે વિદ્વાન પુરુષોએ તો આત્મ પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યન કરવું. એમાંથી આ પ્રશ્ન ઉઠાવ્યો છે. તેનું ધ્યાન કરવું, એ વસ્તુનું ધ્યાન. આરાધના કરવા યોગ્ય, પૂછવા યોગ્ય એમાંથી પ્રશ્ન ઉઠાવ્યો છે, પૂછવા યોગ્ય કીધું છે ને ? સાંભળવા યોગ્ય આત્મા છે. અભ્યાસ યોગ્ય પણ આત્મા. ઉપરાજન (ઉપાર્જન) કરવા યોગ્ય પણ આત્મા. આહાહા ! પર્યાયમાં ઉપરાજન કરવું કેવળજ્ઞાન આદિ કે સમ્યગ્દર્શન કરવું એ આત્મા. આહાહા ! જાણવા યોગ્ય આત્મા, કહેવા યોગ્ય આત્મા,પ્રાર્થના યોગ્ય આત્મા. લ્યો ઠીક ઓલી ભગવાનની પ્રાર્થના કરે છે ને ? પ્રાર્થના યોગ્ય તો આત્મા છે. આહા ! શિક્ષા યોગ્ય આત્મા. શિક્ષાને સમજાવવાને યોગ્ય હોય તો એ આત્મા છે. પોતે પોતાને સમજાવે એવો એ આત્મા છે. આહાહા ! દેખવા યોગ્ય હોય તો આત્મા, અને સ્પર્શવા એટલે અનુભવવા યોગ્ય હોય તોય આત્મા આહાહા !

આટલા બોલ લીધા છે અમિતગતિ (આચાર્યે) ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠયો, વાણી શરીરથી ભિન્ન, આત્માનો અસંભવ હોવાથી, તેને વિષે બોલવું ઈત્યાદિ યોગ્ય નથી. એના વિષે બોલવું એ પોતે વાણી ને આત્મા તો એક છે. તે એના વિષે બોલવું ઈ બધું જુદું રહ્યું ને, જુદું જૂઠ્ઠુ ઠરે છે. સમજાણું કાંઈ ? શિષ્યનો પ્રશ્ન આ છે. વાણી અને શરીર આત્મા બે એક જ છે. પછી એના વિષે પૂછવું, વાણીમાં આત્મા વિષે ઈ વાત ક્યાંથી રહી એમ કહે છે. આહાહા ! વાણી અને શરીરથી ભિન્ન કેમકે આત્મા વિના વાણી હોય નહિં, આત્મા વિના શરીર હોય નહિં. ઈ તો આત્માને શરીર ને આત્માને વાણી એક થઈ ગયા એમ કહે છે. સમજાણું ? વાણી અને શરીરથી જુદો આત્માનું અસંભવ હોવાથી વળી વાણી દ્વારા આત્માને પૂછવું એવી ભિન્નતા ક્યાં રહી એવું કહ્યું છે. એમ બોલનાર પ્રતિ કહે છે આવું જે માનતો હોય ને બોલતો હોય ને એને આ કહેવામાં આવે છે એમ વાત કરે છે.

**ननु वाक्कायव्यतिरिक्तस्यात्मनोऽसम्भवात् तद्ब्रूयादित्याद्ययुक्तमिति वदन्तं प्रत्याह -**

**शरीरे वाचि चात्मानं सन्धत्ते वाक्शरीरयोः ।**
**भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषांनिबुध्यते ।। ५४ ।।**

**टीका** : सन्धत्ते आरोपयति । कं आत्मानम् । क्व ? शरीरे वाचि च । कोऽसौ मूढः ? वाक्शरीरयोर्भ्रान्तो वागात्मा शरीरमात्मेत्येवं विपर्यस्तो बहिरात्मा । तयोरभ्रान्तो यथावत्स्वरुपरिच्छेदकोऽन्तरात्मा पुनः एतेषां वाक्शरीरात्मानं तत्त्वं स्वरुपं पृथक् परस्परभिन्नं निबुद्धयते निश्चिनोति ।। ५४ ।।

**અન્વયાર્થ :** (वाक्शरीरयोः भ्रान्तः) વચન અને શરીરમાં જેને આત્મભ્રાન્તિ છે તેવો બહિરાત્મા, (वाचि शरीरे च) વચન અને શરીરમાં (आत्मानं संधत्ते) આત્માનું આરોપણ કરે છે અર્થાત્

વચન અને શરીરને આત્મા માને છે; (पुनः) પરંતુ (अभ्रान्तः) વચન અને કાયમાં આત્મભ્રાન્તિ નહિં કરનાર અંતરાત્મા (एषां तत्त्वं) તેમના (આત્મા અને વાણી-કાયના) સ્વરૂપને (पृथक्) એકબીજાથી ભિન્ન (निबुध्यते) જાણે છે.

**ટીકા :** સંધાન કરે છે એટલે આરોપે છે. કોને ? આત્માને. શામાં ? શરીર અને વાણીમાં. તે મૂંઢ કોણ છે ? વાણી અને શરીરમાં ભ્રાન્તિવાળો અર્થાત્ વાણી તે આત્મા, શરીર તે આત્મા એવી વિપરીત માન્યતાવાળો બહિરાત્મા છે; પરંતુ તે બન્નેમાં જેને ભ્રાન્તિ નથી અર્થાત્ (તે બંન્નેનાં) સ્વરૂપને યથાર્થપણે જાણે છે તે અંતરાત્મા, તેમના એટલે વાણી, શરીર અને આત્માના તત્ત્વને એટલે સ્વરૂપને પૃથક્ એટલે એકબીજાથી ભિન્ન જાણે છે નક્કી કરે છે.

**ભાવાર્થ :** વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્ગલની રચના છે, તે મૂર્તિક - જડ છે અને આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળાં છે, છતાં અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મબુદ્ધિ કરે છે, તેને આત્મા માને છે. એ એનો ભ્રમ છે. આ ભ્રાન્તિને લીધે તે શરીરાદિકની જ ભાવના કરે છે, આત્માની ભાવના કરતો નથી.

જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિક અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદ-જ્ઞાન છે. તે આત્માને શરીરાદિકથી ભિન્ન જાણે છે. તેને શરીરાદિકમાં આત્મપણાની ભ્રાન્તિ નથી. તે શરીરને શરીર અને આત્માને આત્મા સમજે છે, એકનો બીજામાં મેળાપ કરતો નથી. તેને આત્માના અલગ અસ્તિત્વનું ભાન છે; તેથી તે નિરંતર આત્માની જ ભાવના કરે છે.

## વિશેષ

'દેહાદિ પર પદાર્થ છે તે પર જ છે. તેને પોતાના માનવાથી દુઃખ થાય છે, કિન્તુ આત્મા આત્મા જ છે અર્થાત્ આત્મા પદાર્થ પોતાનો છે, તે કદાચિત્ પણ દેહાદિરૂપ થઇ શકશે નહિં. તેના આશ્રયે જ સુખની પ્રાપ્તિ થાય છે માટે મહાપુરુષો તેને માટે જ ઉદ્યમશીલ હોય છે.'[૧]

'હું એક છું, શુદ્ધ છું, અરૂપી જ્ઞાન-દર્શનમય છું, બીજું કંઇ-એક પરમાણુમાત્ર પણ મારું નથી,[૨] એમ જ્ઞાની વિચારે છે.'

---

૧. જુઓ – ઇષ્ટોપદેશ – ૪૫ ૨. જુઓ–શ્રી સમયસાર ગુ.આવૃત્તિ –ગા. ૩૮

''હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શજ્ઞનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે.'' (૩૮)

આવી રીતે જ્ઞાની ભેદ-જ્ઞાન કરી પર પદાર્થોથી ઉદાસીન થાય છે અને આત્માને તેનાથી પૃથક્ સમજી આત્મસ્વરૂપની ભાવના ભાવે છે. ૫૪

## પ્રવચન – ૬૮

**ટીકા :** સંધાન કરે એટલે આરોપે છે. કોને ? આત્માને. શેમાં ? શરીર અને વાણીમાં એ તો આરોપ કરે છે એમ છે નહિં. આહાહા ! હું બોલું છું માટે આત્મા ને વાણી એક છે. શરીર મારા છે અને શરીરની સ્થિતીમાં મારી પ્રેરણા છે ત્યારે શરીર હાલે એટલે આત્મા અને શરીર બેય એક છે. એ રીતે તો અજ્ઞાની એને આરોપથી બોલે છે કહે છે ઉત્તરવાળા કહે છે હોં. ઓલો કહે કે નહિં આમ છે બરાબર. આત્મા હોય તો વાણી નીકળે, આત્મા હોય તો શરીર હાલે ઇ તો બધું એક જ છે એને. શામાં ? શરીર ને વાણીમાં તે મૂઢ કોણ છે ? આહાહા ! એનો અર્થ એવો કર્યો છે એણે, કે આત્મા છે તો વાણી નીકળે છે, વાણી છે. એમ આત્મા છે તો શરીર છે. શરીર છે તો આત્મા છે તો એ તો બધું એક જ થઇ ગ્યું એને. વ્યવસ્થિત જે એને કહેવું છે જ્ઞાનમાં, એવી જ વાણી વ્યવસ્થિત નીકળે, તેમાં વાણી અને આત્મા જુદા ક્યાં રહ્યાં ? ત્યારે શિષ્યને ઉત્તર દેશે કે આવું કરે છે મૂઢ જીવ. વ્યવસ્થિત વાણી છે માટે હું છું, માટે રસે વાણી નીકળે છે એવો અજ્ઞાની આરોપ કરે છે. મૂઢ છે ઇ. આહાહા ! સમજાણું કાંઇ ?

તાણીને બોલવા માગે જ્ઞાનમાં એમ થાય કેટલાને કે એવું ના બોલાય, આપણે ઓલા નહોતા બોલતા ઓલા બૂંદેલખંડવાળા કૈલાસચંદ. હળવે બોલો હવે બધું છૂટી ગયું. પહેલા બોલતા હળવે બોલો, ઉતાવળે બોલો, તાણીને બોલો, બધું કરતા આવડે. જોરથી બોલો એટલે એમાં એમ ધ્વનિ આવે છે કે આપણે આત્મા છીએ, તેવું તેવું જોરથી બોલવું નહિં નીકળે હવે બોલો ઇ તો આત્માને બેય એક ચીજ છે માટે. સમજાણું કાંઇ ? એમ નથી, કહે છે મૂઢ સાંભળ. આહાહા ! વાણી અને શરીરમાં ભ્રાન્તિવાળો. આહાહા ! એ મૂઢ કોણ છે ? કે વાણી જેવું જ્ઞાનમાં આવે કે આવું બોલવું છે તો એવું જ બોલાય માટે આત્મા ઇ છે એ અજ્ઞાનીને ભ્રાન્તિ છે.

**શ્રોતા :** આપ બોલો છો ઈ

**પૂ. ગુરુદેવ :** બોલે જડ કોણ બોલે ? બોલે ઈ બીજો.

ઈ જીવ સાટુ તો આ ગાથા ઉપાડી છે. કે બોલવાની ક્રિયા વ્યવસ્થિત જીવ સામો પ્રશ્ન કરે એનો જ ઉત્તર જ્ઞાનમાં જણાય ને એવી જ વાણી નીકળે માટે વાણીને આત્મા એક છે. આહાહા ! કેટલાક નથી કહેતા કે વાણી શું ભીંત માંથી નીકળે છે ? એમ પૂછે છે કેટલાક ? નહિં ચંદુભાઇ ?

**શ્રોતા :** વાણી કોણ બોલે ? તારો બાપ બોલે છે ?

તારો બાપ બોલે છે ? ઓલો એમ કહેતો તો ઓલો એક જણો આવ્યો'તો, પંદર દિ' રહ્યો. શ્વેતાંબર હતો. પંદર દિ' રહ્યો અહિં ને સાંભળીને. ત્યાં ગ્યા તો રામવિજયને પૂછ્યું કે આ વાણી કોણ બોલે મહારાજ વાણી ? કે આ વાણી તું બોલે છે કે વાણી તારો બાપ બોલે છે કે તું ? તો કહે મહારાજ ગજબ કરે છે ને ? અરે ! પ્રભુ શું કરે છે તું આ ? આહાહા ! તે સાટુ આ શ્લોક લીધો છે. સમજાણું કાંઇ ? જેવો ખ્યાલ હોય એવું જ બોલાય. જેવું જ્ઞાનમાં આવ્યું હોય કે મારે આવો ઉત્તર દેવો છે એવી વાણી નીકળે. આહાહા ! અજ્ઞાનીને ભ્રમ પડે છે કે ઇ વાણી મારા જ્ઞાનમાં બરાબર એવી વાણી નીકળી એમ ભ્રમ છે, ભ્રાન્તિ છે કહે છે. આહાહા ! સૂક્ષ્મ ન્યાય છે. સમાધિનો અધિકાર છે એટલે વાણી અને શરીરની વ્યવસ્થિત અવસ્થામાં આત્માનો અધિકાર છે, તેથી વ્યવસ્થિત થાય છે માટે બેય એક છે જુદા નથી એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાણું કાંઇ ? આહાહા !

સવારે એમ હતું કે પર્યાયમાં આમ દેખાય નહિં બહાર, માટે તેનો ગુણ નથી અંદર ? અને ગુણ નથી ને ગુણ ઓછો છે ? આહાહા ! વાતને સિદ્ધ કરવાની દિગંબર સંતોની પદ્ધતિ જ કંઇ જુદી જાતની છે. દ્રવ્ય ગુણ ને પહોળા બતાવવા સાટુ આ બધી વાતું લેવાય છે. સમજાણું કાંઇ ? આહાહા ! કહે છે કે વાણી પણ વ્યવસ્થિત નીકળે માટે આત્માને વાણી બેય એક છે એમ નથી, અજ્ઞાનીને ભ્રાન્તિ થઇ છે. એ જ જાતની વાણી નીકળે જેવું ઇચ્છા જ્ઞાનમાં આવ્યું કે આમ મારે પૂછવું છે તો વાણી એવી નીકળે. એવી સંધિ લઇને આને લીધી છે, પણ કોઇ વખતે એવું નીકળતુંયે નથી. સમજાણું કાંઇ ? આહાહા ! વાણી અને શરીરમાં જીવની વ્યવસ્થિત દશાથી તે વ્યવસ્થિત આવે છે એવું અજ્ઞાનીની ભ્રાન્તિ છે કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? વાણીને આત્મા સહિત આત્મા એવી વિપરીત માન્યતાવાળો બહિરાત્મા છે. આહાહા ! જે બાહ્ય ચીજની વ્યવસ્થિત દશામાં આત્માનો

અધિકાર છે માટે આત્મા ઈ છે, એમ માનનારા બહિરાત્મા છે. આહાહા ! સમજાણું કાંઈ ?

**શ્રોતા :** વકીલને બોલવાની ટેવ બધી ઉડાડી દીધી આપે.

વકીલ બકીલ કોણ બોલતો'તો ? ભાષા બોલતો'તો વકીલ ક્યાં ન્યાં ? આહાહા ! અમૃતચંદઆચાર્યે કહ્યું નહિં છેલ્લા કળશમાં ? કે હું આ વાણી સમજાવું છું ન નાચો એવો મોહ ન કરો. આહાહા ! વાણી પણ એને કાળે, એકસો બે(૧૦૨) ગાથામાં આવ્યું ને ? પ્રવચનસાર. કે છએ દ્રવ્યનો જન્મક્ષણ છે તે તે પર્યાયની ઉત્પત્તિનો એને કાળ છે, એનાથી ઉત્પન્ન થાય છે. આત્માનાં જ્ઞાનમાં એમ આવ્યું કે મારે આવો ઉત્તર દેવો, એથી વાણી એવી આવી એમ નથી. એ વાણીની પર્યાયનો એ જાતનો જન્મક્ષણ છે. આહાહા ! સમજાણું કાંઈ ? (**શ્રોતા :** આપ ધારો તો આ વાણી નીકળે છે.) ઈ કહે છે એના સાટુ તો આ વાંધા ઉઠેલા છે એના સાટુ તો આ શ્લોક ઉપાડયો છે. એમ છે નહિં તને ભ્રમ લાગે છે એવો. આહાહા ! ભેદજ્ઞાન બતાવે છે એમ કરીને, એટલે સમાધિ કરવામાં ભાષા બાષા મારાથી થાય છે ને આમ થી થાય એ મૂકી દે, છોડી દે. આહાહા ! સમજાણું કાંઈ ?

વિકલ્પ આવ્યો એથી ભાષાની વ્યવસ્થિત અવસ્થા નીકળી રહેવા દે એમ પ્રભુ. આહાહા ! અને જ્ઞાનમાં પણ એમ આવ્યું કે આનો ઉત્તર આ છે, એવું જ્ઞાનમાં આવ્યું અને એ વ્યવસ્થિત વાણી એવી જ ઉત્તરની નીકળી, માટે તે આત્મા અને શરીર વાણી બેય એક છે એમ નથી. આહાહા ! કહો હવે આ વાણી ને આત્મામાં આરોપ આપે છે અહીં તો માળો મફત. આહાહા !

શરીરને પણ જ્યાં આમ ચાલવું હોય જ્ઞાનમાં આવ્યું કે આંહી મકોડો છે પગ આમ મૂકવો તો પગ એ રીતે વ્યવસ્થિત ઉપડે. માટે વ્યવસ્થિત જડની પર્યાયમાં જીવનો આરોપ આપીને અજ્ઞાની માને છે પણ એમ છે નહિં. આહાહા ! આ લાકડી લ્યો. હવે જ્યારે ઉપાડવી હોય તો લક્ષમાં ઈ આવે. વૃત્તિ એવી આવે ને જ્ઞાનમાં એમ આવે કે આને ઉપાડું અને આ ઉપડે, ઉપડે કીધું છે. (ઉપાડ) માટે તે જ્ઞાનમાં આવ્યું'તું કે આને ઉપાડું માટે તે ઉપડીની અવસ્થા થઈ એવો આરોપ ભ્રાન્તિવાળો અજ્ઞાની આપે છે. આહાહા ! બહિરાત્મા છે. આહાહા ! વાણી ને શરીરની વ્યવસ્થા. આહાહા ! એના જ્ઞાનમાં આવ્યું છે કે આમ થાય, વાણી હું બોલું તો એ વાણી એવી જ નીકળે એ અજ્ઞાનીની ભ્રાન્તિ છે કે મેં આમ વિચાર્યું હતું, ને બોલવું હતું એવી વાણી નીકળી માટે મારે અને એને સંબંધ છે એટલે એમાં હું આ છું એમાં. ભ્રાન્તિ છે કહે છે. આહાહા ! જુઓ તો ખરા. હેં ? વાણી અને આત્મા શરીર બેયનું, શાક ખાવું હોય તો હાથ પાધરો શાક રોટલીનું બટકું ઉપડે

અને શાક આમ.

**શ્રોતા :** હાથ જુદો છે.

**પૂ. ગુરુદેવ :** આ વળી નવીનભાઇ રહ્યા જુઓ એને બિચારા ને આમ પાણી ન પી શકે. રોટલી બોટલી ઠીક, પાણી આમ આમ થઇ જાય.

**શ્રોતા :** યોગેશ

**પૂ. ગુરુદેવ :** છોકરો ભલો છે બિચારો બહુ. હવે આ એમાં કાંઇ નહિં એને તો નિવૃત્તિ નથી યોગેશ કરશે બધું. એને માથે શું ? એમાં કાંઇ ખેદ કરવા જેવું નથી. આહાહા ! ઇ એમ કહેતા'તા કે એને પાણી કે અમારે પાવું પડે કારણ કે આમ આમ થઇ જાય ને પાણી ઢોળાઇ જાય.

**શ્રોતા :** ઢોળાઇ જાય.

**પૂ. ગુરુદેવ :** આમ છે ત્યાં સુધી રહી જાય, આમ થાય તો ઢળી જાય છે. આહાહા ! એ જ બતાવે છે કે એની ભાવના આમ થઇ છતાં એ સ્થિતિ એમ ન પાણી પીવાણું. ભાવ હતો કે આ પણ આમ. એટલે એની ક્રિયા સ્વતંત્ર છે. આહાહા ! આ નાખવું છે આમ આ હોં, ઓલો અજ્ઞાની આરોપ આપે છે ને, અસમાધિ મિથ્યા થાય છે કહે છે. આહાહા ! એની નજર બહારમાં રહે છે એમ કહે છે, તેથી તે બહિરાત્મા છે. આહાહા ! લખવું, લખાવવું લ્યોને. જેવું લખવાનો ભાવ હોય એવી ભાષા નીકળે એમ લખે છે.

**શ્રોતા :** પંડિતજી એ કેવું લખ્યું છે ?

**પૂ. ગુરુદેવ :** ઇ તો પછી તમારે સમજવા જેવું છે ને એવું. લખવું, લખાવવું નથી આવતું ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. આવા શાસ્ત્ર વાંચવા, આવા લખવા લખાવવા ને આમાંય આવે છે. કળશમાં કે લખવું લખાવવું બધી વિકલ્પ છે. આહાહા ! આ શાસ્ત્રોની ટીકા કરવી એ વિકલ્પ છે, અને જે રીતે લખવાનો ભાવ હતો તેમ લખાણું, તેથી અજ્ઞાનીને એમ થઇ જાય છે કે હું આમાં કાંઇક અધિકાર મારો છે.

**શ્રોતા :** પણ લખાણ ઉપરથી માલુમ પડે કે આ ફલાણા ભાઇનું છે.

**પૂ. ગુરુદેવ :** હા ઇ તો પણ એથી શું થયું ? ઇ જડની અવસ્થાનો સ્વકાળ ને લઇને થઇ હતી. આહાહા ! આ તો જ્યાં હોય ત્યાં અમે કરીએ, અમે કરીએ. કોને કરે ભાઇ ? આહાહા ! (**શ્રોતા :** નિમિત્ત તો કરે ને ?) નિમિત્તની વ્યાખ્યા શું ? એમાં પ્રવેશ કરતો નથી

એનું નામ નિમિત્ત. નિમિત્તની સત્તા (હોવા છતાં) શરીર અને વાણીની સત્તામાં પ્રવેશ કરતો નથી, ભિન્ન રહે છે. ભિન્ન રહે છે એટલે ભિન્નથી એમાં કંઇ થતું નથી સુજાનમલજી !

**શ્રોતા :** આ કોલેજ જ જુદી જાતની છે. આ કોલેજ જુદી જાતની જ હોયને વીતરાગની.

**પૂ. ગુરુદેવ :** આ તો વીતરાગની કોલેજ છે ભાઇ આ તો. ઓલા કે આમ બોલવું, આમ બોલવું, તાણીને બોલો, જોરથી બોલો. એક ઓલા હતા તમારે નહિં ભાઇ ? રાજકોટ શું ઓલ્યા ? કૃપાશંકર ને પ્રભાશંકર બે ભાઇ હતાં. એ બોઘાણી. પ્રભાશંકર લખતાં. ઓલા ટીબા ને કાંઇ ઓલો સાકરકાંટાતેલ દરવાજો છે ને એને માથે રહેતા. પ્રભાશંકર ઇ આસ્તિક હતાં, કૃપાશંકર નાસ્તિક હતો. ખબર છે ? બેય મળેલા ને પહેલા. ઇ આવતા વ્યાખ્યાનમાં પહેલાં સીત્યોતેર(૭૭)માં. મહારાજ આમ હતું સાધારણ પાતળું શરીર એનું આમ હળવે હળવે બોલો એમ નહિં આમ બોલવું એમ બોલતો ઇ કૃપાશંકર. અરે ! કોણ બોલે બાપા ! ઇ આવ્યો’તો. કોઇ ન હોય ને પછી આવે. કૃપાશંકર અને પ્રભાશંકર બેય ભાઇઓ હતાં. બોઘાણીની શેરી છે ને ? ત્યાં દરવાજો છે ત્યાં માથે રહેતા. ઇ ચિતર ચિતરતા પ્રભાશંકર કૃપાશંકર કાંઇ હશે આહાહા ! કે તાણીને બોલવું એકવાર કહે. બીજો કો’ક દામનગર હતો ત્યાં તો તમારો બાબો હતો એના વેવાઇ હરીચંદ ને ? હરીચંદ મુળજી નહિં ? મેડીવાળો. ઇ એમ બોલતા, વ્યાખ્યાન ચાલતુ’તુ ને ? ત્યાં તોત્તેર(૭૩)માં ચોમાસું ને પછી આ છોત્તેર(૭૬)માં. ઇ આમ બોલે આમ તાણીને બોલવું.

**શ્રોતા :** તાણીને બોલે તો જ બધાં સાંભળેને ?

**પૂ. ગુરુદેવ :** કોણ તાણીને બોલે બાપા. આહાહા ! ને આમાંય કહ્યું નહિં ? આપણે પ્રવચનસારમાં છેલ્લા શ્લોકમાં ? મોટે અવાજે કહેવું હતું એ કહેવાઇ ગયું. આવે છે ? એનો અર્થ જે કહેવું હતું તે કહેવાઇ ગયું એમ એનો અર્થ. આહાહા !

**શ્રોતા :** એનો અર્થ અમે કહ્યું એમ નહિં.

**પૂ. ગુરુદેવ :** એમ નહિં ટીકા કરીને અમે તો સ્વરૂપમાં અમારા અસ્તિત્વમાં છીએ એમ કીધું. સ્વરૂપ ગુપ્ત કીધું છે ને ? સ્વરૂપ ગુપ્તનો અર્થ ઇ કે અમે તો અમારા અસ્તિત્વમાં છીએ. એ વાણીના અસ્તિત્વમાં અમે ક્યાં જઇએ ? આહાહા ! સમજાણું કાંઇ ? કો દાસ ? તમે આ બધું કરો છો ને મોટું મેલનું. મફતનો પગાર આપે એ તો કાંઇ આપતા હશે ? (**શ્રોતા:** ઇ કહે કિયા કરું પરને) એ ચંદુભાઇ ! આહા ! આંહી તો પ્રભુનું અસ્તિત્વ, અને વાણીનું અસ્તિત્વ, ને શરીરનું અસ્તિત્વ તદ્દન તેનું સમયે સમયે તદ્દન ભિન્ન છે. એટલે

વ્યવસ્થિત વાણી નીકળે માટે આત્માને કારણે નીકળી એમ નથી. આહાહા! અને શરીર પણ બરાબર સમિતિથી ચાલે આમ. શાસ્ત્રમાં એવું આવે કે જીવ દેખાય તો પગને ઉંચો કરવો. લ્યો એય એ પ્રશ્ન. આ આવતું અમારે ત્યાં પ્રશ્ન બધા સંપ્રદાયમાં એ શિવવાડ જે હતાં ને? એ બહુ કરતાં, શિવવાડ છે ને આ પ્રેમચંદભાઈનાં ફઈ. ખારા ખારા દીક્ષા લીધી'તી ને એ ભૂજકીયામાં પગ ધોઈને મૂકવો. આમ કહ્યું છે ને? તમે કહો કે પગ મૂકી શકાય નહિં.

લ્યો શાસ્ત્રમાં એમ આવે કે પગની એડી નીચે જરીક દેખાય તો પગ એડી, આમ પગને આમ આડો કરી નાંખવો અને વચ્ચેથી મકોડો હાલ્યો જાય, આની કોર ને આની કોર, બે રાખીને આમ જે પગ હોય તે જરી આમ કરવો. કો સુજાનમલજી! આ તો મા'રાજ બધું આવી ગયું હોયને બધું એને. એ તો ઈ વખતે ઈરિયા સમિતિની વ્યાખ્યા થતાં બતાવે છે પણ ઈ પગ આમ કરી શકે છે. આમ સામે દેડકો દેખ્યો એટલે પગ એમાં ન મૂકવો, આમ મૂકવો. ઈ આત્માનાં જ્ઞાનમાં આવ્યું કે આમ મૂકવું, માટે એ રીતે પગ આમ આવ્યો એમ નથી. આહાહા! આ તો ભાઈ જુદી જાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર આહાહા! ઓહોહો!

વીતરાગી સંતોની કથનીશૈલી જ કાંઈક અલૌકિક છે. આ અમારે સમાધિતંત્ર લખવું'તું એ જ્ઞાનમાં આવ્યું, માટે લખાણું છે એમ નથી એમ કહે છે. અજ્ઞાની ભ્રાન્તિ એને કે આરોપ આપે છે કે આત્મા હતો તો વાણી નીકળી. આત્મા હતો તો આ તો શાસ્ત્ર રચાણા. આત્મા છે એવા ક્ષયોપશમ વાળો જીવ તો એનાથી બધી પૂર્વની લબ્ધિનું લખાણ થયું. આહાહા! પરંતુ તે બન્નેમાં જેને ભ્રાન્તિ નથી, તે બન્નેના સ્વરૂપને યથાર્થપણે જાણે છે. શરીર ને વાણીનું સ્વરૂપ તે તે કાળે તે તો તેનો પર્યાય, એ રીતે તેનાં સ્વકાળે ઉત્પન્ન થવાનો છે, માટે આત્માના ખ્યાલમાં આવ્યું કે આમ બોલું એ વાત છે નહિં. આહાહા! તે અંતરાત્મા છે. શરીર અને વાણી બેય જડ છે પણ બંન્નેમાં જેને ભ્રાન્તિ નથી, બંન્ને એટલે આત્મા અને શરીર વાણી બેયમાં. શરીરની વાણી ને શરીરની ક્રિયા, ને વાણીની ક્રિયા તે કાળે તે સમયે તેને કારણે થાય છે. ભાષા બોલવાનો વિકલ્પ આવ્યો માટે ભાષા થઈ એમ નથી. ઓહોહો!

નિશ્ચયની વાતું સત્‌ની જગતને સૂક્ષ્મ પડે, વસ્તુ તો એવી છે. એને ભ્રાન્તિ વડે આરોપ કે તું કહે કે આમ બોલવા માંડીએ એમ બોલાશે. આમ લખવા માંડીએ તો લખાશે. આમ શરીરને ઊંચુ કરવા માંગીએ વિકલ્પમાં તો એ રીતે ઊંચુ થશે. પડખું ફેરવવા માંગીએ તો વિકલ્પ આવે તો પડખું ફરશે શરીરનું એટલો તો આત્માનો અધિકાર

છે કે નહિં પરમાં ? (જરાય નહિં) આહાહા ! એ બંન્નેમાં જેને ભ્રાન્તિ નથી. શરીર, વાણી અને આત્મા એ બંન્નેમાં જેને ભ્રાન્તિ નથી, આત્મા આત્માની પર્યાયની સત્તામાં રહે છે. વાણીને શરીરનાં અસ્તિત્વની પર્યાય, એના અસ્તિત્વમાં છે. આહાહા ! આના અસ્તિત્વને લઇને બોલવાનું જ્ઞાનનું અસ્તિત્વ છે માટે બોલવાના પર્યાયનું અસ્તિત્વ થયું. આહાહા ! દિગંબર મુનિઓએ પણ સૂક્ષ્મ રીતે ભેદજ્ઞાન બતાવ્યું છે. ઓલું તો આપણે કરી શકીએ, આપણે કરી શકીએ. વહેવારે તો કરી શકીએ ને ? નિશ્ચયથી નહિં. વળી ઇ કહે છે લ્યો. પણ આનો અર્થ શું ?

**શ્રોતા :** ન થાય છતાં કહેવાની વાત છે.

**પૂ. ગુરુદેવ :** ઇ તો બોલવાની વાત કે બોલવાનું પોતે ક્યાં બોલે છે ? વહેવારનય કહેવા માત્ર છે. કળશટીકામાં આવે છે, કહેવા માત્ર છે. એ કહેવા માત્ર છે એ કહેવામાત્રનું કથન પણ એને કારણે છે. આહાહા ! તેમના એટલે વાણી શરીર ને આત્માનાં તત્ત્વને ત્રણેમાં બે. બેય એટલે વાણી શરીર ને આત્મા એમ. વાણી શરીર એક અને એન કોર આત્મા બે થયાને ? તેમના એટલે વાણી શરીર એક કોર, અને એક આત્માનાં તત્ત્વને એટલે સ્વરૂપને પૃથક એટલે એકબીજાથી ભિન્ન જાણે છે. આહાહા ! નક્કી કરે છે. બીજાથી ભિન્ન જાણે છે. ધર્માત્મા નક્કી હોય છે એમ નક્કી કરે છે. એ સમયની ભાષા લીધી. સમજાણું કાંઇ ? માસ્તર બોલાવે કે બોલો, ઉંઠા ને આવે છે ને સાડાત્રણનાં શું કહેવાય ઇ ? અઢીયા ને સવાયા આવતા હશે કે નહિં ? એક ઉંઠુ ઉંઠુ એ સાડાત્રણ, બે ઉંઠાના સાત એવું આવતું.

**શ્રોતા :** હવે નથી

**પૂ. ગુરુદેવ :** હવે નથી. માસ્તર બોલાવે એક ઉંઠુ ઉંઠુ સાડાત્રણ, બે ઉંઠાને સાત, ત્રણ ઉંઠાના ઉંઠુ છે સાડા ત્રણનું, પણ જેવું આંહી બોલાવે, ઓલા છોકરા બોલે પાછું એવું લ્યો. એકડે એક, બગડે બે એમ બોલાવે લ્યો, આરે ભારે ભ્રમ ! કહે છે આ. આહાહા ! એકડો શિખવવાનો વિકલ્પ છે એ જ્ઞાનમાં આવ્યું છે તો એ ભાષા એવી નીકળે. એકડે એક એટલે અજ્ઞાનીને ભ્રાન્તિ થઇ જાય છે કે આ ભાષા મારે લઇને નીકળી. મેં એ જાતનું જ્ઞાન કર્યું એથી નીકળી, બિલકુલ જૂઠું છે કહે છે. આહાહા ! કહો આવું ઝીણું છે. ભઇ સવારે કરતાં વળી આ નીકળ્યું પાછું. આહાહા ! શરીર અને વાણીનો વ્યવસ્થિત તે તે સમયનો જે પર્યાય, એનો સ્વકાળ તે કારણે તે થાય, ને એવું જ્યાં જ્ઞાન ને વિકલ્પ હોય માટે એનાથી આ થયું છે એમ નથી. એક ઠેકાણે એવું આવે છે કે પરમાણું નો ક્યાં તોટો છે કે આવું જૂઠું બોલે છે. આહા !

**શ્રોતા :** જૂઠ્ઠા શબ્દો શા માટે ન વાપરવા.

**પૂ. ગુરુદેવ :** હવે આવી બધી વાતું. આવે છે ભગવતી આરાધનામાં ને, સમજાણું ? આહા ! આ જગતમાં ક્યાં તોટો છે સાચી ભાષાને બોલવાનો કે આ લે. અહીં તો કહે પણ ભાષાની વાતે છે નહિં એ તો વહેવારથી જણાવ્યું છે. આહાહા ! સાચું બોલવું એ તો ક્યાંક આવ્યું ને ? બંધઅધિકારમાં. હું બોલું છું એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આવે છે કે નહિં ? બંધ અધિકારમાં આવે છે. આહાહા ! ભાઈ તું તો આત્માની સત્તા, એ આત્મા પોતાના દ્રવ્યગુણ ને પર્યાયનાં અસ્તિત્વમાં રહે છે. પરનાં કોઈપણ અંશનો તે પ્રકારે વ્યવસ્થિત હો પણ એ આત્માનો પર્યાય ત્યાં કામ કરતો નથી. આહાહા ! આવું ઝીણું છે આ. એકબીજાથી ભિન્ન નક્કી કરે છે લ્યો.

**ભાવાર્થ :** વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્‌ગલની રચના છે. પર્યાય છે ને બેય. સવારે આવ્યું નો'તું શબ્દ પુદ્‌ગલની પર્યાય છે. આવ્યું'તું ને ? જેમ નર-નારકીની વ્યંજન પર્યાય જીવની છે. એમ આ શબ્દની પર્યાય પુદ્‌ગલની છે. આહાહા ! ભલે તેના ખ્યાલમાં હોય એવી જ વાણી આવે. તેથી વાણીને જ્ઞાનનું નિમિત્ત આવું છે, માટે એવી વાણી થઈ એમ નથી. આહાહા ! જુઓને, નિમિત્તને ઉડાવે છે. જ્ઞાનમાં એમ આવ્યું કે આવું મારે બોલવું અને આ રીતે મારે શીખવું ને આ પાના મારે આ પાના આ રીતે મારે ફેરવીને એમાં આ નામું ફલાણાનું હોય એ કાઢવું. પાના ફેરવીને એનું નામ કાઢે. હીરાલાલ મોતીલાલ, નામું જેવો ભાવ હતો ને પાનું ફરીને આવ્યું આત્માનું કાંઈ કામ ખરું કે નહિં એમાં ? આહાહા ! અરે ગાંડા ! કે

**શ્રોતા :** ગાંડા છીએ એમ તો પરમાત્મા પ્રકાશમાંય કહ્યું છે.

**પૂ. ગુરુદેવ :** કીધું છે ને ? પાગલ કહે એમ કે લોકો ધર્મની વાત સૂક્ષ્મ ને યથાર્થ વાસ્તવિક હોય એનાં કહેનારને પાગલ કહે છે. માળા બોલે ને કે અમે બોલતા નથી, હાલે ને અમે હાલતા નથી, ખાય ને કે ખાતા નથી વાહ ! ગાળું કોકને દે અને કહે અમે ગાળું દેતા નથી, બીજાની નિંદા કરે ને કહે અમે નિંદા કરતાં નથી. એ નવરંગભાઈ ! આમાં પાણી ગળવાનું તો ક્યાંય રહી ગયું.

**શ્રોતા :** અહીં જ્ઞાન ગળવાનું

**પૂ. ગુરુદેવ :** આહાહા ! ઈ તો બધો વખત ફરી ગયો ને બધો ટાઈમ ફરી ગયોને ?

**શ્રોતા :** ...

**પૂ. ગુરુદેવ :** એનાં બાપથી ભાગ્યશાળી. એને બહુ મળ્યુ નહોતું સ્પષ્ટ.

વાસ્તવમાં શરીર ને વાણી એ પુદ્ગલની રચના છે. તે મૂર્તિક જડ છે અને આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળા છે. આહાહા ! આત્માનાં સ્વરૂપની સત્તાનાં લક્ષણથી એનું વિપરીત લક્ષણ છે. આહાહા ! ઓલા અન્ય આશ્રિત ત્વાદ કીધું છે ને અધ્યવસાયમાં ? ત્યાં એવો અર્થ કર્યો છે કળશ વિપરીત આશ્રય છે જેને એવો. કળશટીકા અધ્યવસાયની આપણે આ સાધરણ ટીકા જયચંદ પંડિતમાં અન્યનો આશ્રય છે એટલું કે વહેવાર અને આણે તો એવું કર્યું છે. વિપરીત આશ્રય છે જેને. વહેવારને તો વિપરીત આશ્રય છે. ભગવાનનો આશ્રય નથી ત્યાં. આહાહા ! કળશટીકાકાર કળશટીકાકારે બહુ ચોખ્ખું કર્યું છે કેમ કે વ્યવહારની દિશા પર ઉપર છે, નિશ્ચયની દિશા સ્વ ઉપર છે તેથી તેની દશા નિર્મળ છે. વહેવારની દિશા પર તરફ છે તેથી તેની દશા મલિન છે. આહાહા ! આ વહેવારનું આકરું પડે છે માણસોને હોં !

**શ્રોતા :** થોડાક દોકડા રાખોને.

**પૂ. ગુરુદેવ :** એક દોકડો રાખીએ છીએ, સો એ સો દોકડા. એક દોકડું શું કરવા ? પણ સોએ સો દોકડા પુણ્યનાં પરિણામ અધરમ છે.

**શ્રોતા :** પ્રભુ જ્ઞાની ને અજ્ઞાનીની વાતમાં ફેર તો પડે ?

**પૂ. ગુરુદેવ :** ફેર પડે તે પોતાને કારણ ફેર પડે એમાં બીજું શું ?

**શ્રોતા :** શાસ્ત્ર અમે વાંચ્યા ...

**પૂ. ગુરુદેવ :** ઈ વાણીને કારણે વાણી નીકળે, ઈ સાટુ તો હાલે છે આ. આહાહા ! વિપરીત શબ્દ આવ્યોને આમાં ? આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળા વાણી ને જડ શરીર. આહાહા ! અને બરાબર ખ્યાલમાં આવ્યું હોય કે આ રોટલીનો ટુકડો કરી દાળમાં આમ કરીને, ને પછી સાંભાર લઉં, કે પછી જે હોય એ શું કહેવાય એ ? મસાલો. મસાલો સાંભાર કહે છે લ્યો ચટણી ચટણી. ચટણી આવે છે ને ? શેની આ ? શું કહેવાય આ કોક વનસ્પતિ નથી આવતી. કોથમીર કોથમીર. કોથમીરની ચટણી પડી હોય એક કોર, દાળનો વાટકો ભર્યો હોય, એક કોર રોટલી આહીં પડી હોય, દાળનો વાટકો બહાર પડયો હોય, ચટણી થાળીમાં હોય તો ઈ વિચાર આવે તો એવો જ હાથ પાધરો રોટલીનું બટકું દાળમાં આવે ને ચટણીમાં જાય લ્યો. ઈ કાંઈ આત્માનો અધિકાર છે કે નહિં એમાં કાંઈ ? ઈ બધા પ્રશ્ન હાલ્યા તો હો હમણાં કો'ક ઠેકાણે. આત્મા છે તો એમ બરાબર થાય છે. જડ હોય તો

એકલું કેમ થાય ? અરે, જડમાં એનું વ્યવસ્થિત થાય. એ તો આમ એક પૈસો નાંખે ને ન્યાં બરાબર ટીકીટ પૈસાની આવે છે. એવું આવે છે અત્યારે સંચા એવા આવે છે.

**શ્રોતા :** આ સ્ટેશન ઉપર હોય છે.

**પૂ. ગુરુદેવ :** હા હા હોય છે ને એ સાંભળ્યું છે ને બધું. ટીકીટ જોઈતી હોયતો જે નાંખે બે પૈસા તે ટીકીટ એવી નીકળે.

**શ્રોતા :** એટલા પૈસાની.

**પૂ. ગુરુદેવ :** એવડા પૈસાની આ સાંભળેલું છે ને ? આહાહા ! પણ એ તો તે વખતે નાંખ્યુ માટે નીકળ્યું એમેય નથી. એ નીકળવાની પર્યાયનો ઉત્પાદનો તેનો કાળ હતો તેથી બહાર આવી છે ઈ. આવી વાત છે પ્રભુ. આહાહા ! તું તો જાણનાર દેખનાર છો ભાઈ ! આહા ! થાય તેને જાણવું એ પણ વહેવાર છે. આહાહા ! થાય તેને કરવું એ તો નથી પણ થાય તેને જાણવું, એને જાણવું એ ક્યાં આવ્યું ન્યાં. આ બાળ ગોપાળ ૧૭-૧૮માં નથી આવતું ? જ્ઞાન જ અનુભવમાં આવે છે આ બાળ ગોપાળને. આહાહા !

**શ્રોતા :** માને છે જુદું.

**પૂ. ગુરુદેવ :** માને છે બીજું. આહાહા ! શી શૈલી પ્રભુની ? સત્ ને પ્રસિધ્ધિ કરવાની દિગંબર સંતોની રીત અલૌકિક છે.

**શ્રોતા :** એને એકલાને જ જાણવામાં છે. એમ જ આવેને. બીજાને જાણવા તે ક્યાં છે ?

**પૂ. ગુરુદેવ :** કહે છે અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મબુદ્ધિ કરે છે. આહાહા ! હું હતો, મારો ક્ષયોપશમ એવો હતો એવી વાણી નીકળી (**શ્રોતા :** જૂઠ્ઠી વાત સાચી લાગે છે) જૂઠ્ઠી વાત છે. અજ્ઞાની એમાં આરોપ ભ્રાન્તિ આપે છે. દલીલને રામજીભાઈ આપે એવી કાંઈ ઓલા ઝવેરભાઈ દલીલ આપી શકે ? ઝવેરભાઈ નહોતા તમારે એનો દિકરો રહે છે ને મુંબઈ રહે છે. છે. ઝવેરભાઈ ભાઈ આપણે આવતા ને આંહીતો ઘણીવાર. રામજીભાઈ દલીલ કરી શકે એવી ઈ કરી શકે ?

**શ્રોતા :** ...

**પૂ. ગુરુદેવ :** કહે છે કે દલીલ કરવાનો અધિકાર આત્માનો છે જ નહિં. એ જ્ઞાનનો ક્ષયોપશમ એ રીતે જાણે, માટે જ એ રીતે ત્યાં થાય. આહાહા ! કાપડની દુકાન હોય, પચ્ચીસ હજાર, પચાસ હજાર કાપડની, ન્યાંથી જે કાપડને ઉપાડવું હોય જે ઘરાકને ઈ

કાળે નીકળે ને ત્યારે લાવે. જયંતીભાઇ ! પેલો કહે આ આલ્પાક જોઇએ છે. તો આલ્પાક નીકળે. એ પણ જાણનાર કર્તા, અને જાણી પર્યાય તે કર્મ એ પણ ઉપચારથી કથન છે. આહાહા ! આવે છે ને ? કળશટીકામાં આવે છે. ભારે વાત કરી છે વસ્તુસ્થિતી. થોડું ભલે સમજાય પણ સત્ય હોવું જોઇએ. મોટી મોટી, લાંબી લાંબી વાતું કરીને આહાહા ! એમાં ને એમાં સલવાય એનું, મરી જાય પછી થઇ ગયું.

જ્ઞાની અંતરાત્માને, જડ શરીરાદિક ને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદજ્ઞાન છે. ધર્મીને, અંતરાત્માને, ઇ જ્ઞાની એટલે અંતરાત્મા એમ. જડ શરીરાદિક એટલે વાણી આદિ અને ચેતન આત્માના સ્વરૂપનું, જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિકનું અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદજ્ઞાન છે. આહાહા ! લડાઇ વખતે આ હથિયાર ઉપાડવો છે. જ્ઞાનમાં તે જ ઉપડે લ્યો. હવે આમાં હાથીને મારવો છે કે રાજાને મારવો છે. આરે આ ભાઇ ગજબ વાત છે. તે તે અવસ્થા જડની તે કાળે તે જ થવાની તેની એના વિકલ્પથી ને એના જ્ઞાનમાં એ આવ્યું કે આ ઉપાડું માટે એ હથિયાર ઉપડયો એમ નથી. આહાહા ! ઘઉંમાંથી કાંકરા વીણતાં પણ કાંકરો હાથમાં લઇને આમ કાઢે, ઘઉં હાથમાં લઇને કાઢે ?

**શ્રોતા :** કહેવાય એમ ઘઉં વીણું છું. કાંકારા વીણું છું એમ ન બોલાય.

**પૂ. ગુરુદેવ :** છતાં બોલાય એમ ઘઉં વીણું છું એમ. આરે આને બધું. ભાઇ એ લક્ષમાં એમ છે કે કાંકરા કાઢવા અને તે કાંકરા જ હાથમાં આવે ને આમ નીકળે પણ, છતાં એ અવસ્થા આત્માને લઇને નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? એણે બહારથી ઓસરવું પડશે. પહોળો થઇને માને છે કે મેં આ બધું વ્યવસ્થિતનાં અધિકારમાં મારો અધિકાર છે. સુજાનમલજી !

**શ્રોતા :** કાંકરા ને ઘઉંનું જ્ઞાન તો કરવું પડે ને ?

**પૂ. ગુરુદેવ :** તે જ્ઞાન તો કીધું ને, ઇ કાંકરા ને ઘઉંનું જ્ઞાન નથી. જ્ઞાન પોતાનું છે. અને આ કાંકરા છે ને આ ઘઉં છે, એનું પરનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનવાળાને જ થાય. આહાહા ! ઝીણી વાતું બાપુ ! જેને સ્વનું જ્ઞાન યથાર્થ છે એને પરનું જ્ઞાન યથાર્થ થાય. તે પણ ઇ જાણે કે ઇ જ્ઞાન પરનું થયું નથી, એ મારું થયું છે. આહાહા ! કેમ સ્વપરપ્રકાશક મારા જ્ઞાનનો જ સામર્થ્ય સ્વભાવ, ઇ પરને જાણ્યું માટે પર પ્રકાશક મારામાં આવ્યું એમ નથી. આહાહા ! પર પ્રકાશનું જ્ઞાન, મારાથી મારામાં, પરની હૈયાતીની અપેક્ષા રાખ્યા વિના. આહાહા ! કહો કાંતિભાઇ ! ત્યાં તમે બહુ કરતા આ ટોપી નાંખીને આમ પ્લેનમાં પંદરસો(૧૫૦૦)નો પગાર હતો.

**શ્રોતા :** ...

**પૂ. ગુરુદેવ :** આ નિશ્ચય આ રીતે છે, ઈ બેસવું અંદર જગતને ભારે આકરું પડે. નિશ્ચય એટલે સત્ જ એ રીતે છે. આહાહા! તેને શરીરાદિકમાં અને આત્માને શરીરાદિકથી ભિન્ન જાણે તેને શરીરાદિકમાં એટલે શરીર વાણી આદિ પરમાં આત્મપણાની ભ્રાન્તિ નથી. એટલે હું છું તો આ બધી વ્યવસ્થા થાય એવી ભ્રાન્તિ નથી. એ વ્યવસ્થાનો વ્યવસ્થિત પદાર્થનો તે સમયની વ્યવસ્થા થવાનો કાળ હતો તે થયું છે, મારાથી થયું નથી. આહા! એમ કહો કે છવ્વીસ(૨૬) હજાર માણસનું નેમચંદભાઈ ને બાબુભાઈ બધું વ્યવસ્થિત કામ કરતાં જો એમ કહે. રામજીભાઈ એમ કહેતા લ્યો.

**શ્રોતા :** હોય એમ કહેવાયને?

**પૂ. ગુરુદેવ :** લ્યો. એ નવરંગભાઈ, હજી પોર જ સવા વરસ થયું હજી, સવા વરસ થયું ને? કાલે સવા વરસ થયું, માગશર સુદ તેરસ, ચૈત્ર, વૈશાખ, જેઠ સુદ તેરસ, કાલે સવા વરસ થયું લ્યો. ત્યાં બધું ફરી ગયું હશે? તે દિ' કહે આ કરતા બે જણ કરતાં હતાં બધું લ્યો એમ કહેતા'તા નેમચંદભાઈને.

**શ્રોતા :** બોલવાની રીત જુદી છે.

**પૂ. ગુરુદેવ :** આહાહા! જે સમયમાં, જીવને જે પ્રકારનાં જ્ઞાનના ક્ષયોપશમમાં વાત જણાણી, તેવું જ સામે વાણી ને શરીરમાં વ્યવસ્થિત દશા થઈ, માટે તે આત્માથી થઈ એમ છે નહિં. આહાહા! પચ્ચીસ(૨૫) રૂપિયા ગણવામાં પાંચ ને પાંચની નોટો આમ આપી, એ લ્યો એને પચ્ચીસ (૨૫) દેવાનો ભાવ હતો. વિકલ્પ હતો જ્ઞાનમાં માટે પચ્ચીસ(૨૫) આમ દેવાણા એમ નથી.

**શ્રોતા :** આમ નોટ પડી હોય ને ઈ પાંચ પાંચ આપે.

**પૂ. ગુરુદેવ :** ઈ પાંચ પાંચની જુદી પાડે ગણતરીમાં, એક એકની હોય તો વળી પચ્ચીસ(૨૫) કરે એમ. આહાહા! સમય સમયમાં જ્ઞાનની પર્યાયમાં જે ખ્યાલ આવ્યો કે આ આમ હાલે કે આમ બોલું કે આ ખાવું, કે આમ પીવું માટે તે ક્રિયા આત્માના અસ્તિત્વમાં એવું જ્ઞાન થયું માટે ત્યાં એ થયું? આહાહા! આજ તો ભઈ ખીચડી ને શાક ખાવું છે બીજું કાંઈ નથી ખાવું. ખીચડી ને દૂધ લ્યો, ઠીક. એ તો ખીચડી ને દૂધ જ ખાય એ વખતે આવે. ઢોકળું બોકળું હોય એ વખતે તો કાઢી નાંખે નહિં એવો કાંઈ અધિકાર છે કે નહિં? ચંદુભાઈ શું છે આ? દાક્તર છે, ને ઈ દાક્તર ખાવાની છૂટ આપે હોં બધી. વૈદ ના પાડે. આહાહા!

ભારે ભ્રમ ભાઇ. નવરંગભાઇ ! આવો ઉપદેશ કઇ જાતનો કે ઉપદેશની પર્યાયનોય કર્તા આત્મા નહિં. આહાહા !

**શ્રોતા :** તો જડ થઇ જાય, જડનો કર્તા જડ હોય.

**પૂ. ગુરુદેવ :** અને આમ કહેવું છે છ દ્રવ્ય છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે. ભાવવાળો અને ગુણવાળો છે એને આત્મા કહીએ એવો ખ્યાલમાં છે અને એવી ભાષા આવી લ્યો.

**શ્રોતા :** ન હોય એવી ભાષા આવે ?

**પૂ. ગુરુદેવ :** અન્યમતિને એવું આવે ? કે આત્મા અસંખ્ય પ્રદેશી છે ? કહો એય. અહીં આત્મા અસંખ્ય પ્રદેશી, અનંત ભાવના ગુણ વાળો ભાવી, ભાવવાળો. આહાહા ! ઇ છે એમ. જ્ઞાનમાં પણ એમ વર્તતું હોય, ભાષા એવી જ આવે. આહાહા ! અજ્ઞાનીને ભ્રાન્તિ થાય કે આ ભાષાની પર્યાય મારે એ વખતે આમ જાણવામાં આવ્યું માટે થઇ. આહાહા !

**શ્રોતા :** અવાજ ઉપરથી ઓળખાયને કે આનો અવાજ છે.

**પૂ. ગુરુદેવ :** હેં ? હા અવાજ પણ એ તો ભાષાની પર્યાય છે. પેલું સત્તાસ્વરૂપમાં નથી આવ્યું ? સત્તા સ્વરૂપ આવ્યું છે. એમ કે અંદર વગાડતો હોય (વીણા વગાડતો હોય) ઓરડી બંધ હોય પણ કોણ કળા બાંધશે ઇ પણ. સત્તા સ્વરૂપમાં વ્યાખ્યાનમાં આવ્યું ને ? પજોસણના આઠ વ્યાખ્યાનમાં. ખબર છે એમાં એ આવ્યું. એમ આ કેવળજ્ઞાની છે, પર્યાયમાં એવું એને સત્તાની ખબર પડે એમ લીધું છે. એ વખતનાં જ્ઞાનમાં તે જાણવાનાં સ્વભાવ વાળું હોય તો તે જ્ઞાનમાં આવે. આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! એ વિના સમ્યગ્દર્શનની સમાધિ નહિં પ્રગટે એમ કહે છે. આ રીતે નિર્ણય નહિં કરે કે ઇ વાણી નીકળવાને કાળે નીકળે, મારા ખ્યાલમાં હતું કે આમ બોલવું જોઇએ તો એમ બોલાણું એ કાઢી નાખ. એને કારણે એ વાણી નીકળી, એને કારણે શરીર હાલ્યું. મેં તો જાણવાનું કામ કર્યું, પોતાના જાણવાનું હોં ! આહાહા !

વિશેષ કહેશે.......

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

## પ્રવચન – ૬૯

## ઉપલબ્ધ નથી

# પ્રવચન – ૭૦

## શ્લોક – ૫૫

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૪.૦૬.૭૫

एवमवबुद्ध्यमानो मूढात्मा येषु विषयेष्वासक्तचित्तो न तेषु मध्ये किञ्चित्तस्योपकारकमस्तीत्याह -

न तदस्तीन्द्रियार्थेषु यत्क्षेमङ्करमात्मनः ।
तथापि रमते बालस्तत्रैवाज्ञानभावनात् ।। ५५ ।।

ઇન્દ્રિયવિષયે જીવને કંઇ ન ક્ષેમસ્વરૂપ;
છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ।। ૫૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : इन्द्रियार्थेषु पंचेन्द्रियविषयेषु मध्ये न तत्किञ्चिदस्ति यत् क्षेमङ्करमुपकारम्। कस्य ? आत्मनः। तथापि यद्यपि क्षेमङ्करं किञ्चिन्नास्ति। रमते रतिं करोति कोऽसौ ? बालो बहिरात्मा तत्रैव इन्द्रियार्थेष्वेव। कस्मात्? अज्ञानभावनात् मिथ्यात्वसंस्कारवशात्। अज्ञानं भाव्यते जन्यते येनासावज्ञानभावनो मिथ्यात्वसंस्कारस्तस्मात् ।। ५५ ।।

આવી રીતે (આત્મસ્વરૂપ) નહિં જાણનાર બહિરાત્મા, જે વિષયોમાં તેનું ચિત્ત આસક્ત હોય છે, તેમાં (તે વિષયોમાં) કોઇપણ (વિષય) તેને ઉપકારક નથી. તે કહે છેઃ-

**અન્વયાર્થ** : (इन्द्रियार्थेषु) પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં (तत्) એવો કોઇ પદાર્થ (न अस्ति) નથી (यत्) જે (आत्मनः) આત્માને (क्षेमंकर) હિતકારી-લાભકારી હોય; (तथापि) તેમ છતાં (बालः) અજ્ઞાની બહિરાત્મા (अज्ञानभावनात्) મિથ્યાત્વના સંસ્કારને લીધે (तत्र एव) તેમાં જ એટલે તે ઇન્દ્રિયોના વિષયોમાં જ (रमते) રમે છે - આસક્ત થાય છે.

**ટીકા** : ઇન્દ્રિયોના પદાર્થોમાં એટલે પાંચે ઇન્દ્રિયોના વિષયો મધ્યે એવું કાંઇ પણ નથી જે ક્ષેમંકર (સુખકર) અર્થાત્ ઉપકારક હોય. કોને ? આત્માને; તેમ છતાં અર્થાત્ જો કે કંઇ સુખકર નથી છતાં (તેમાં) રમે છે - રતિ કરે છે. કોણ તે ? બાલ (અજ્ઞાની) અર્થાત્ બહિરાત્મા તેમાં જ એટલે ઇન્દ્રિયોના વિષયોમાં જ (રમે છે), શાથી ? (રમે છે) ? અજ્ઞાન-ભાવનાથી અર્થાત્ મિથ્યાત્વના સંસ્કારવશ (રમે છે), જેનાથી અજ્ઞાન જન્મે-પેદા થાય તે અજ્ઞાનભાવન એટલે મિથ્યાત્વના સંસ્કાર - તેનાથી (ઇન્દ્રિયોના વિષયોમાં રમે છે).

**ભાવાર્થ** : ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઇ પણ વિષય નથી કે જે આત્માને હિતકારી હોય, તેમ છતાં અજ્ઞાની બહિરાત્મા, અનાદિકાળના અવિદ્યાના સંસ્કારને લીધે, તેમાં રતિ કરે છે - આસક્ત રહે છે.

ઇન્દ્રિય-વિષયોનું સુખ તે સુખ નથી. વાસ્તવમાં તે દુઃખ છે, કારણ કે તે પરાધીન છે,આકુળતાવાળું છે, અસ્થિર છે, ક્ષણભંગુર છે, વિચ્છિન્ન છે, પરિણામે દુઃસહ છે અને બંધનું કારણ છે;[૧] તેમ છતાં અનાદિ મિથ્યાત્વના સંસ્કારવશ અજ્ઞાની તેની રુચિ કરે છે અને તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.

**પરયુક્ત બાધાસહિત, ખંડિત, બંધકારણ વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે. (૭૬)**

૧. જુઓ - શ્રી પ્રવચનસાર ગાથા - ૭૬ અને ટીકા-ભાવાર્થ (ગુ.આવૃત્તિ)

### વિશેષ

વિષયો હિતકારી કે સુખદાયી નથી. તેઓ 'અકિંચિત્કર' છે. ''સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે; તેમાં વિષયો 'અકિંચિત્કર' છે અર્થાત્ કાંઇ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે.''[૨]

''જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.''[૩]

અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે, તેના ગ્રહણની નિરંતર ઇચ્છાથી સદા આકુલવ્યાકુલ રહે છે. આ આકુળતાનું દુઃખ તેને કેટલીક વખત એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી. એ બતાવે છે કે મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે છે.[૪]

એ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં વાસ્તવિક સુખ નહિં હોવા છતાં, અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે અજ્ઞાની તેમાં રત રહે છે. ૫૫

## પ્રવચન – ૭૦

સમાધિતંત્ર, ૫૫ ગાથાનો ભાવાર્થ છે. ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઇ પણ વિષય નથી કે જે આત્માને હિતકર હોય. આહાહા! ઇન્દ્રિયોનો વિષય એ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ ને શાસ્ત્ર તે બધા ઇન્દ્રિયોના વિષયો છે. ઇન્દ્રિયના વિષયમાં પરપણું છે સ્વપણું નથી એમાં, તેથી કોઇ વિષય આત્માને હિતકર છે એમ નથી. આહાહા! તેમ છતાં અજ્ઞાની, બહિરાત્મા, જે ઇન્દ્રિયના વિષયો બાહ્ય છે, પર છે, એમાં અનાદિકાળના અવિદ્યાના સંસ્કારને લીધે, પોતાનું સુખ ને શાંતિનો ધ્યેય તો દ્રવ્ય છે. સુખ અને શાંતિની પ્રાપ્તિ તો દ્રવ્યથી થાય છે. સ્વદ્રવ્યથી. એના ધ્યેયની જેને ખબર નથી એ ઇન્દ્રિયના વિષયમાં અજ્ઞાનથી હિતકારી હોય તેમ માને છે. અજ્ઞાની બહિરાત્મા એ અવિદ્યાના

૨. શ્રી પ્રવચનસાર – ગા. ૬૭નો ભાવાર્થ.

૩. વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વાભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ વ્યાપાર નહિં વિષયો વિષે. (૬૪) (શ્રી પ્રવચનસાર ગુ.આવૃત્તિ–ગાથા ૬૪)

૪. જુઓ : મોક્ષમાર્ગ પ્રકાશક – ગુ. આવૃત્તિ પૃ.૫૧.

સંસ્કાર છે. આહાહા ! ઘણું ટૂંકુ ને હિતકર ધર્મને કરનારને તો સ્વદ્રવ્યનું ધ્યેય જોઇએ, જે અણીન્દ્રિય છે, કે જેમાંથી આનંદ ને શાંતિ આવે, એ ધ્યેયને છોડીને અજ્ઞાની ઇન્દ્રિયોના પર પદાર્થના વિષયમાં અજ્ઞાનના સંસ્કારથી તેમાં રતિ કરે છે, પ્રેમ કરે છે, પર પદાર્થમાં આહાહા ! આસક્ત રહે છે. ભગવાન આનંદનો નાથ એને એ ભૂલી જાય છે.

પર્યાયનો ધ્યેય દ્રવ્ય જોઇએ, સક્રિય પરિણામ જે જીવના એનો ધ્યેય નિષ્ક્રિય ભગવાન આત્મા છે. સમજાણું ? એને ઠેકાણે સક્રિય જે પરિણામ, એ ઇન્દ્રિયના વિષય તરફ ઝૂકીને, એમાંથી રતિ એમાં રતિ પામે છે. આહાહા ! એ અજ્ઞાનને લઇને છે. આહાહા ! ઇન્દ્રિય વિષયોનું સુખ તે સુખ નથી. એટલે પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં, જે રાગ થાય તે સુખ નથી. આહાહા ! કારણકે તે પરાધીન છે. પરયુક્ત બાધા સહિતનું છે ને અંદર. પરાધીન છે. પાંચ ઇન્દ્રિયોના તરફના વલણના ભાવમાં સુખ નથી, એ તો પરાધીન છે. આહાહા ! પરાધીન એટલે જે સુખની કલ્પના એ તો પરને આધીન છે. સ્વભગવાન એમાં આધીન એમાં આવ્યું નથી. આહાહા ! વાસ્તવમેં તે દુ:ખ જ છે. આહાહા ! પાંચે ઇન્દ્રિયોના વિષયોના વલણમાં દુ:ખ જ છે. ઓહોહો ! સમજાણું કાંઇ ?

અણીન્દ્રિયનો જે પર્યાય એનો વિષય જે આત્મા, એમાં સુખ છે. આહાહા ! ઇન્દ્રિયનાં વિષયમાં સુખ તો માનેલું કલ્પેલું દુ:ખ છે. આહાહા ! બીજી રીતે કહીએ તો પાંચ ઇન્દ્રિયના વિષયના વલણમાં અધર્મની ઉત્પત્તિ થાય છે. આહાહા ! અને ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ, એના ધ્યેયે આનંદ થાય છે. એ વાસ્તવિક સુખ અને વાસ્તવિક એ શાંતિ છે. આહાહા ! આ શાસ્ત્રનાં ભણતર એમ એ કહે છે. (**શ્રોતા** : રાગ છે આકુળતા છે) એ તરફનું લક્ષ છે, રાગ છે, દુ:ખ છે આહાહા ! લખવાના જે વલણ જાય છે એ રાગ છે, કહેવામાં જે જાય છે એ પણ રાગ છે અને એ દુ:ખ છે. આહાહા ! શું વીતરાગ મારગ, વીતરાગ સ્વરૂપ જ ભગવાન છે. જિન સ્વરૂપી આત્મા આહાહા ! એ જે કરવાનું હતું એને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ, આહાહા ! ધર્મને નામે પણ પર તરફના વલણમાં રાજી થઇ જાય છે, ખુશી થઇ જાય છે. આહાહા ! એ અજ્ઞાન છે કહે છે સમજાણું કાંઇ ? આહાહા !

શાસ્ત્રના ભણતર એ વિકલ્પ, ઓલા બાર અંગને કીધું ને ભાઇ વિકલ્પ નહિં, કળશમાં બાર અંગનું ભણવું વિકલ્પ છે. આહાહા ! એમાં પણ અનુભૂતિની વિધિ કીધી છે એમ કીધું છે ને ? આહાહા ! 'વિહિત્તમ્' વિધિ આનંદના નાથને વળગીને જે આનંદ અનુભૂતિ થાય, આહાહા ! એવી વિધિ બાર અંગમાં કહી છે. આહાહા ! અને એ

આત્માના ધ્યેયે અબંધ સ્વભાવને પકડતાં, જે શાંતિ ને આનંદ આવે એ જૈન શાસન છે. આહાહા! એ ધર્મ છે, એ જૈન શાસન છે. એ વાસ્તવિક સુખનું વેદન છે. બાકી તો પાંચ ઇન્દ્રિયના વલણથી આહાહા!

શેના એને અભિમાન. બહારના ભણતરના અભિમાન એ મિથ્યાત્વના સંસ્કાર છે. આહાહા! ચંદુભાઇ આવી વાતું છે. આહા! (**શ્રોતા** : ચંદુભાઇ કાંઇ બહારનું ભણ્યા નથી કે ઉપાધી હોય) એને આ એ મગજ ફરી ગયું હતું, પછી આનો શોટ લીધો'તો હવે એની અસર દેખાય છે. પૂછ્યું હતું પહેલું. આ શરીરની એવી સ્થિતી છે. આહાહા! અજ્ઞાની એમાં આસક્ત છે. પર તરફના વલણના ભાવમાં આસક્ત છે એ દુ:ખી છે. આહાહા! આવી વ્યાખ્યા અને એવું સ્વરૂપ જ છે એવું. દિગંબર સંતો વીતરાગમાં આવેલા છે ને એ વીતરાગતાની વાત કરે છે. આહાહા! આ બાજુ ઢળતો રાગ છે ને દુ:ખ છે કહે છે. આહાહા! ઇન્દ્રિય વિષયોનું સુખ તે સુખ નથી કારણકે પરાધીન આકુળતા વાળું છે, આહાહા! અસ્થિર છે, ક્ષણભંગુર છે, વિચ્છિન્ન-નાશ થાય તેવું છે. આહાહા! પરિણામે દુ:સહ, દુ:સહ છે. દુ:ખને સહન કરે એવું એ છે અને એ બંધનું કારણ છે. આહાહા!

એકડો છે ને? પ્રવચનસાર ૭૬ની ટીકા. તેમ છતાં અનાદિ મિથ્યાત્વના સંસ્કાર વશ આહાહા! જુઓ મિથ્યાત્વ ક્યાં સુધી જાય છે? આહાહા! કુદેવ, કુગુરુ કુશાસ્ત્રને છોડયા ને મિથ્યાત્વ ગયું. સુદેવ સુશાસ્ત્રને પકડયા પણ એના તરફના વલણનો તો રાગ છે કહે છે અને એને દુ:ખ છે. આહાહા! મિથ્યાત્વના સંસ્કારવશ અજ્ઞાની તેની રૂચિ કરે છે આહાહા! અને તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી, આહાહા! રાત દિન તેની પાછળ લાગ્યો રહે છે. આહાહા! આંહી તો ત્યાં સુધી લઇ ગયા. શાસ્ત્રમાં પણ વળ લાગ્યો હોય તે એનો એ સંસાર છે એ. અમિતગતિમાં કહ્યું છે નહિં? શાસ્ત્ર, વાર્તા, પર વસ્તુ તરફના વલણની હોંશું અને એમાં ઉલ્લાસિત વીર્યનું અટકવું આહાહા! એ દુ:ખરૂપ છે.

સ્વ વિષય જે અણીન્દ્રિય, અતીન્દ્રિય આનંદનો નાથ એને ધ્યેયમાંથી છોડી દઇ અને પાંચ ઇન્દ્રિયોના વિષય તરફ એટલે શાસ્ત્ર તરફના વલણનો, આહાહા! ભાવ પણ દુ:ખરૂપ છે ત્યાં લાગ્યો રહે છે. ઓહોહો! રાત - દિન એની પાછળ રહે છે. જેની જેને રૂચિ તેનું વીર્ય ત્યાં કામ કર્યા કરે છે. રૂચિ અનુયાયી વીર્ય. આહાહા! બાહ્ય પદાર્થની અનુકૂળતાની મોટપે મોટપ માનવી મિથ્યાત્વ છે. એમ શાસ્ત્રના ભણતરના પરલક્ષી જ્ઞાનથી મોટપ માનવી એ મિથ્યાત્વ છે. આહાહા! વલણ ફેર છે ને એમ કહે છે. આમ છે ભગવાન. આહાહા! ધર્મીની દશાનું વલણ દ્રવ્ય છે, સ્વ છે એને છોડીને પર દ્રવ્યને વિષય

બનાવે છે, આહાહા ! એ દુઃખરૂપ છે બંધનું કારણ છે. આહાહા ! તેની પ્રાપ્તિ માટે ચિંતા કે રાત-દિન લાગ્યો રહે છે. વિષયો હિતકારી કે સુખદાયી નથી. આહાહા !

પાંચ ઇન્દ્રિયનાં વલણવાળું જ્ઞાન કે ઇ વસ્તુઓ તે હિતકર નથી, આહાહા ! સુખદાયી નથી, તેઓ અકિચિંતકર છે એ પ્રવચનસારની ગાથા આપે છે. પરયુક્ત ભાવ, એના પછી ગાથા ૧૦નો ભાવાર્થ. સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે સુખરૂપ પરિણમે છે. આહાહા ! શું કહે છે ? સંસારમાં પાંચ ઇન્દ્રિયના વિષયો એ એની કલ્પનાના સુખને અકિંચિત્કર છે. એ કલ્પના માને છે કે આ સ્પર્શમાં સુખ છે, ઇન્દ્રિયના સ્પર્શો કરીએ તો સુખ છે. શબ્દ સારા, સુખી પ્રશંસાના સાંભળીએ તો સુખ છે, નિંદાના સાંભળીએ તો દુઃખ છે. આહાહા ! એ બધા વિષયો અકિંચિત્કર છે એની કલ્પનાને એમ કહે છે. જે કલ્પના કરી કે મને સુખ છે ને આમાં દુઃખ છે. સુખ છે એના વિષયો છે અકિંચિત્કર છે, પર વસ્તુ શું કરે ત્યાં ? પોતે જ પોતાને ભૂલીને પર્યાયમાં આવા રાગદ્વેષના પરિણામ ઊભા કરે છે અને વિષયો છે, માટે આ ઉભા થાય છે એમ નથી. અને મોક્ષમાં પણ સુખરૂપ પોતે પરિણમે છે. દેવ, ગુરુ ને શાસ્ત્ર મળ્યા માટે સુખરૂપ પરિણમે છે એમ નથી. આહાહા !

સત્ સમાગમ મળ્યો, માટે તેને સુખરૂપ થાય છે આત્મા એમ નથી. એ વખતે પણ કલ્પનામાં એમ આ ઓહો !ભગવાન મળ્યા, ગુરુ મળ્યા, શાસ્ત્ર મળ્યા એવી કલ્પના એ ચીજ ને એ ચીજ કાંઇ એને કલ્પના કરાવતી નથી. આહાહા ! વિષયો તો એની કલ્પનામાં અકિંચિત્કર છે. આહાહા ! વિષયના ભોગ કાળે ઇન્દ્રિયોની ક્રિયાઓ થાય શરીરની, એ ક્રિયાઓ એને સુખની કલ્પના કરાવે છે મિથ્યાત્વની એમ નથી. આહાહા ! સમજાણું કાંઇ ? એમ મોસંબી ને ઉંચી ચીજ કોઇ મેસુબ કે ખાતા એ ક્રિયા થતાં, એને જે રાગ થાય છે કે ઠીક છે, એ રાગની કલ્પના ને એ વિષયો અકિંચિત્કર છે. આહાહા ! સમજાણું કાંઇ ? એની પ્રશંસા કાને સાંભળી અને એને કલ્પના થઇ કે આ આ ઠીક, એ ભાવને પ્રશંસાના શબ્દો અકિંચિત્કર છે. ચંદુભાઇ ! આહાહા ! એમ નિંદાના શબ્દો સાંભળ્યા અને એને ઠીક ન લાગ્યું એવો જે ભાવ, એ ભાવને નિંદાના શબ્દો અકિંચિત્કર છે. આહાહા ! આવું જ સત્નું સ્વરૂપ છે.

અહીં સમાધિ ને અસમાધિની વ્યાખ્યા છે ને ? એટલે જેટલું પર તરફના વલણમાં જાય છે એ બધી અસમાધિ છે એમ કહેવું છે, આહાહા ! એટલે કે દુઃખ છે. એમના ઓલા સાધુ મળ્યા'તાને દેવચંદજી, ત્યાં જામનગરમાં, એમ કહે કે આયંબિલો કરી, હવે શું કહેવાય તમારું કેવું પારસનાથનું ? શંખેશ્વર, શંખેશ્વર. ત્યાં એમ કે આયંબિલ

કરી બહુ આનંદ આવ્યો કે અરે ભાઈ! હેં (**શ્રોતા** : રાગ થયો પરના લક્ષે) રાગ થયો બાપુ! દેવચંદજી છે ને? એ બિચારા આમ આવ્યા'તા મળવા ખાસ એક વારે ને ખાસ, આમ એમ કે મહારાજ મહાવિદેહથી આવ્યા છે તો ત્યાં સીમંધર ભગવાનની દીક્ષાની તિથી કઈ? ભાઈ એ કાંઈ ખબર નથી. બહેનને પૂછવું કીધું બહેન ને પૂછવું, ચંદુભાઈ પાસે પૂછાવ્યું'તું. હવે એ તિથીનું ક્યાં છે? આહાહા! આમ બિચારા અપાસરાવાળા અહીં ભટકે. લ્યો ઈ આયંબિલું કરી શંખેશ્વરમાં. શું કીધું મીઠાશ આવે છે ને લુખો આહારમાં મીઠો લાગે છે આહાહા! એ તો જડની પર્યાય છે. એને તો જીવ અડતોય નથી, સ્પર્શતોય નથી. એ જડની પર્યાયની તો જીવમાં નાસ્તિ છે, છતાં કલ્પના ઉઠાવે કે મને ઠીક પડયું. આ તપસ્યા થઈને નિર્જરા થઈ, ધર્મ થયો. આહાહા! મિથ્યા સંસ્કાર છે.

એ મિથ્યા સંસ્કારને, એ વિષયો અકિંચિત્કર છે એમ કહે છે, એણે આ ભાવ ઉત્પન્ન કરાવ્યા છે એમ નથી. આહાહા! તેમાં વિષયો અકિંચિત્કર છે. આ ગાથા છે અર્થાત્ કાંઈ કરતા નથી. આહાહા! સ્ત્રીનું શરીર માખણ જેવું સુંદર, રંગે રૂપાળું, સ્પર્શે સુંવાળુ, સ્પર્શે સુંવાળુ, ગંધે સુગંધ હોય, કહે છે કે એમાં જે એને પ્રેમ થાય છે, એ પ્રેમમાં એને ઠીક લાગે છે, એવી જે સુખની કલ્પના એને આ વિષયો અકિંચિત્કર છે. કાંઈ એને કરતું નથી. આહાહા! સમજાણું કાંઈ? અજ્ઞાનીઓ વિષયોને સુખના કારણ માની, આહાહા! ઓલામાં આવે છે ને વેદ - વેદકમાં નહિં? વેદ - વેદકમાં આવે છે ને ભાઈ! ધર્મી પર પદાર્થને ઈચ્છતો નથી કેમ કે પર પદાર્થને ઈચ્છે ત્યારે એ પદાર્થ નથી અને પદાર્થ આવે ત્યારે ઈચ્છા રહેતી નથી એવો મેળ વિનાની કોણ ભાવના કરે એમ કહે.

વેદ - વેદકમાં આવે છે ને ૧૬ગાથા નહિં એ પ્રશ્ન પહેલો થયો હતો ૯૧માં, ઉમરાળામાં આ ભાઈએ કર્યો હતો. દાસ, પરસોત્તમદાસ, અહીંયા આવ્યા પહેલા. ન્યાં આવ્યા'તા ને? જેની ઈચ્છા કરે તે પદાર્થ અત્યારે નથી, અને જે પદાર્થ આવે ત્યારે તે પ્રકારની તે ઈચ્છા તો રહી નથી. એવી નિરર્થક ઈચ્છા કોણ કરે? આહાહા! જ્યારે એને મેળવવાની ઈચ્છા ત્યારે એ પદાર્થ નથી, અને પદાર્થ આવે ત્યારે એ મેળવવાની ઈચ્છાનો કાળ વયો ગયો અને એ ઈચ્છા ગઈ એ તો. આહાહા! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ તત્ત્વ છે ભાઈ! વીતરાગ માર્ગની અંદર ઓળખવો એ અપૂર્વ વાત છે. જેને ઓળખાણો થયો એને સંસાર ન મળે હવે ફરીને. સંસાર તો પરલક્ષના ભાવથી ઉત્પન્ન થતો હતો. સમજાણું કાંઈ? આહાહા!

પોતાના સ્વના લક્ષે જે ઉત્પન્ન થાય ભાવ, એ તો સંસાર ન હોય, એટલે

કે એ ભાવમાં સંસારનો અભાવ છે. આહાહા! અને પરલક્ષે જે ભાવ થાય એ સંસાર છે. એમાં મોક્ષના માર્ગનો એમાં અભાવ છે. આહાહા! તેથી કાંઈક અજ્ઞાનીઓ વિષયોને સુખના કારણો માનીને, નકામા તેમને અવલંબે છે. આહાહા! અવલંબે એટલે કે એનો આશ્રય કરે છે. આહાહા! હવે આવો ઉપદેશ એમાં, ઓલા ઝપટ બોલાવતા હોય પંડિતો વ્યાખ્યાનના કાળે. આહાહા! ભાઈ! જેમાં પરના લક્ષવાળા ભાવ દુઃખરૂપ છે, એમાં જેની હોશું છે મિથ્યાત્વભાવ છે. આહીં કહે છે અજ્ઞાનીઓ માનીને અવલંબે છે આહાહા! હવે પ્રવચનસારની ગાથામાંથી થોડું લીધું છે. જેમને વિષયોમા રતિ છે આહાહા! વિષય શબ્દે, પર તરફના વલણવાળી દશાઓ બધી. આહાહા! જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વભાવિક જાણવું. એ દુઃખરૂપ જ છે એ સ્વભાવિક દુઃખ છે એનું. આહાહા!

**શ્રોતા** : એ સમયની પર્યાયનો સ્વભાવ છે.

એ પર્યાયનો સ્વભાવ છે ને? એ તો આપણે આવી ગયું ને, સ્વભાવનું આવી ગયું ને? દુઃખનો એ સ્વભાવ છે, આવ્યું ને એમાં આવ્યું હતું પ્રવચનસારમાં. સ્વભાવિક ચૈતન્ય પરિણામના રાગ રૂપી સ્વભાવિક પરિણમન ન આવ્યું? શેમાં આવ્યું? પ્રવચનસાર, વિભાવને પણ સ્વભાવ કીધો ઈ. સ્વભાવિક પરિણામ કઈ ગાથામાં આવ્યું ઈ? આ હમણાં વંચાણું હતું. (**શ્રોતા** : ૧૨૬) ૧૨૬ ઓલા કર્તા-કર્મ, કર્તા-કર્મ-કરણ નહિં? (ચાર) કર્તા તો કારણ તે હું એકલો જ ઉપરોક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે, એ હતું. ચૈતન્ય મેલા, ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો. આ કર્તાનો પહેલો બોલ છે. આહાહા! અને પછી પણ હું એકલો ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ હતો અને કરણમાં પણ કર્મમાં, એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ પરિણમવાના સ્વભાવને લીધે. આહાહા! આત્માથી પ્રાપ્ય તે હું એકલો મારા એ સ્વભાવ, મારા સ્વભાવ આહાહા! અજ્ઞાનરૂપી ભાવ હતો. જેમને વિષયોમાં રતિ છે, ભગવાન ત્રિલોકનાથ આનંદમાં જેને પ્રેમ નથી, પરમાત્માના સ્વભાવમાં જેને રતિ ને રૂચિ નથી. આહાહા! આનંદનો નાથ પોતે નિધાન પડયો છે, એના પ્રત્યે જેને પ્રેમ નથી, રૂચિ નથી, ધ્યેય નથી, વલણ નથી આહાહા!

એ પાંચ ઈન્દ્રિયના તરફ વલણમાં રતિ એમને દુઃખ સ્વભાવિક જાણવું. દુઃખરૂપ સ્વભાવ જ એનો દુઃખરૂપ છે, આહા! એટલે કોઈ કારણે દુઃખ છે એમ નહિં. આહાહા! બહારના વિષયોમાં પ્રેમ એજ સ્વભાવિક દુઃખ છે એમ કહે છે. આહાહા! કેટલું એને ખસેડવું પડશે. આહાહા! કારણકે જો દુઃખ તેમનો સ્વભાવ ન હોય, ભાષા જુઓ, તો વિષયાર્થ વેપાર ન હોય, તો વિષયને કારણે એને બાહ્ય તરફનો ઝુકાવ ન હોય.

આહાહા !પ્રશંસા સાંભળવાની એમાં એનું વલણ ને ખુશીપણું એ વિષયમાં એને દુઃખ છે તેથી દુઃખી ત્યાં ઝંપલાવે છે. મારી પ્રસંશા કોણ કરે છે ? આહાહા ! મને કોણ વખાણે છે ? મને ગણત્રીમાં કોણ ગણે છે આહાહા ! આહાહા ! જેમને પર પદાર્થ પ્રત્યેના વલણમાં રતિ છે તેમને દુઃખ સ્વભાવિક જાણવું. આહાહા ! એટલે કે અસમાધિ છે આંહી. સમાધિતંત્ર છે ને ? પર તરફના વલણમાં અસમાધિ છે. આહાહા ! ચાહે તો ભગવાનની વાણી સાંભળવા કાળમાં જે રાગ આવે એ અસમાધિ છે. આહાહા !

લ્યો આ ગજબ કરે છે ને ! જો એને દુઃખ સ્વભાવિક ન હોય તો પર તરફના વેપાર કેમ ન છોડે ? પણ પરના વેપારમાં વર્તે છે ઈ. આહાહા ! દુઃખી પ્રાણી પરના તરફના વેપારમાં પ્રવર્તે છે. આહાહા ! અજ્ઞાની બાહ્ય ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે. અજ્ઞાની બાહ્ય ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે. તેના ગ્રહણની નિરંતર ઈચ્છાથી સદા આકુળ વ્યાકુળ રહે છે. આહાહા ! આ આકુળતાનું દુઃખ તો એને કેટલી વખત એટલું અસહ્ય લાગે, કે વિષય ગ્રહણ કરવાના નાશ પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે. આહાહા ! પણ ઈ પરના તરફનું વલણ છોડે નહિં. એટલું અસહ્ય લાગે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી. આહાહા !

આ ક્ષય થઈ ગયો શરીરનો હવે, પણ વિષયમાં જતાં જતાં મૃત્યુ થશે તરત, (**શ્રોતા :** ખબર છે,) ખબર છે દાક્તરે કહ્યું'તું અહીં એક માણસને ઈસ્પિતાલમાં, કેટલાક દિ' રહ્યો ને સારું થયું, હવે કાલે એને જવાની રજા આપી. પણ જે કામ કરનારી બાઈ હતી એની સાથે પ્રેમ થઈ ગયેલો એને, એણે જતાં એની હારે વિષય લીધો, દેહ છૂટી ગયો. આહાહા ! વિષયોનું લક્ષ છોડવું એને અસહ્ય લાગે છે. મૃત્યુ ભાળે તો પણ તે એમાં ઝંપલાવે છે, ઝંપલાવે છે. આહા ! આ તો સ્થૂળ દાખલામાં પણ સૂક્ષ્મપણે તો અંદરમાં જે રાગનો રસ છે ને, એને એ છોડવા ચાહતો નથી, એટલે પરમાં પછી મૃત્યુ થઈ જાય, દેહ છૂટી જશે. અરે ! આજ કરવાનું હતું મારે આ કર્યું નહિં, કાલ કરીશ, કાલ કરીશ, કાલ કરીશ એમ કરતાં કરતાં દેહ છૂટી જાય છે અહીં. આહાહા !

મૃત્યુના દુઃખ કરતાં, આકુળતાનું દુઃખ વધારે લાગે છે, આ ખોટ જાય, જ્યારે એવું થાય છે ને, ત્યારે એને વર્તમાન આ ખોટ ગઈ એની આકુળતા એને મૃત્યુ કરતા વધારે લાગે છે. મૃત્યુ થઈ જાય છૂટશે અહીંથી એમ. ઘણા વાણિયા મરે છે નહિં તમારે અમદાવાદમાં નહોતું ? કોણ, કો'ક હતું ને બહાર નામ આવ્યું હતું ને શું ? અમદાવાદમાં નહિં (**શ્રોતા :** સારાભાઈ) સારાભાઈ, આ ખોટ ગઈ તે કાંઈ સહન ન થયું,

ને પૈસા હતા નહિં. ઝેર ખાધું. એટલે મૃત્યુના દુઃખથી આકુળતાનું દુઃખ વધારે લાગે છે. એમ મૃત્યુને લઇને પણ આકુળતા ગણતો નથી મૃત્યુની. આહાહા!

આ બેન હમણાં જોવોને લાલભાઇની દિકરી કો ક્યાં રહે, લાલભાઇના ઘરે રહે. સોળ-સોળ વરસ, સત્તર વરસ. લાલભાઇ કોણ? હવે એને ઘેરે ઉછરી, અહીં કરોડપતિને દીધી. આહાહા! બાર મહિના ન થયા લગ્નને પાણીમાં ઝંપલાવ્યું. હેં? આહાહા! આ પ્રતિકૂળતાના દુઃખ આગળ મૃત્યુ એને સહેલુ લાગ્યું. (**શ્રોતા :** મૃત્યુ પસંદ કર્યું) પસંદ કર્યું આહાહા! (**શ્રોતા :** દુઃખ ભોગવવું આકરું લાગ્યું) આકરું લાગ્યું. હવે આંહી શું હતું ભાઇ! ગામમાં મામા હતા, ગામમાં એને ભાઇઓ હતા, મૂંઝાઇને ન્યાં જાત, બાપુ મને કાંઇ ઠીક પડતું નથી ત્યાં હું હવે અહીં રહેવાની છું એ ન થયું. આહાહા! શું ચાલે છે ને શું થાય છે. આહાહા! પાછું એ મડદું તે દિ' મરીને તે દિ' કાઢયું લાગે છે તેથી એની આંખને કાંઇ થયું નથી ને આપણે આ ધીરુભાઇ, રજનીભાઇના ભાઇ નહિં, ધીરુભાઇ? (**શ્રોતા :** જામનગર) જામનગર પડયા, ૨૪કલાક, આંખ્યું ઓલી થઇ ગઇ હતી, માસ્તર હતા એ. છોકરાઓ પછી કોલેજવાળાએ બહુ ધામધૂમથી પછી એનું ઓલામાં કાઢયું ખટારામાં, એના ભાઇબંધો હોય ને બધા. ફૂલના હાર ને ફૂલ નાંખીને ઘણું કર્યું'તું કારણકે ઇ તો અકસ્માતે પડી ગયો હતો. એ કાંઇ લપટી ગ્યો'તો. શું કહેવાય એ? લીલફૂગ, લીલફૂગમાં આમ પગ લપસી ગયો ને તરતા આવડે નહિં. આહાહા!

અમે જોવા ગયા'તા હોં ઇ તળાવ બીજે વરસે ગયા હતા. આહાહા! એણે તો અકસ્માત થઇ ગયું પણ આ જાણીને પડે ને મરે. આહાહા! જીવ નિરોગ શરીર આ સાધન શું કરતા હશે? આહાહા! એને વર્તમાન આવી પડેલી પીડા એટલી આકરી લાગે કે મૃત્યુ આગળ એને આકરી લાગે. મૃત્યુનુ થવું પસંદ પડે મૃત્યુ. આહાહા! અફીણ ખાઇને મરે છે, મરે છે ને? આંહી નો'તુ કર્યું એક ફેરે, આ પારસી હતો, ધોળામાં ચારસો(૪૦૦)નો પગારવાળો, તે દિ' હોં ૯૨ની સાલમાં, હીરાભાઇના મકાનમાં તે દિ'. પણ ઘણા વર્ષ થઇ ગયા, બાર(૧૨), આંઠ(૮) ને એકત્રીસ(૩૧), ઓગણચાલીસ(૩૯), ચાલીસ(૪૦) વર્ષ થઇ ગયા. એ ત્યાં આવ્યો હતો, લ્યો હાથ કાઢયો. મેં કીધું ભાઇ અહીં હાથની આ દુકાન નથી, અહીં તો આત્માને જોવાની દુકાન છે. એ જાણે કે મોટા માણસ છે તો કહેશે કાંઇક આમાંથી આહાહા!

એ બે ત્રણ મહિના સાંભળ્યું બંદુક ખાઇને મરી ગયો, કાંઇક હશે પ્રતિકૂળતા. ગમે તે હોય અંદર ધોળામાં હતો પારસી. ચારસોનો(૪૦૦) પગાર, ૯૨ની સાલ હતી.

ઓગણચાલીસ(૩૯) વરસ પહેલા. (**શ્રોતા** : એના બાપ રાજકોટની મ્યુનિસિપાલટીમાં સેક્રેટરી હતા) હા. પણ એને ચારસોનો(૪૦૦) પગાર. એમાં કોઇ એવી પ્રતિકૂળતા લાગી કે મૃત્યુ એને સહેલું લાગ્યું. હેં? ન્યાં કાંઇ માસીબા બેઠા હશે કે આવો ભાઇ ત્યાં દુઃખથી મુક્ત થયાને અહીં આવ્યા. આહાહા! એ ક્યાં કાંઇ એ તો મૂંઝાઇને, મૂંઝાઇને ફટ. આહાહા! મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે લાગે છે. છે ને? છે અંદર ઓલામાં. જો તે ન હોય સ્વભાવ તો વેપાર નહિં વિષયો વિશે. આહાહા! એ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં વાસ્તવિક સુખ નહિં હોવા છતાં, આહાહા! અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે અજ્ઞાની તેમાં રત રહે છે. આહાહા! આ જાતના સંસ્કારથી કેટલા ભવ કરવા પડશે એની એને ખબર રહેતી નથી.

એક ભવની પ્રતિકૂળતાના દુઃખને ટાળવા, મૃત્યુને સહેલુ કરીને ગયો. બાપુ અનંતા મૃત્યુ પાછા છે તારા માટે. આહાહા! આ છોડી શું બીચારી, શું, ક્યાં મરીને ગઇ હશે, પશુમાં ગઇ હશે! બહુ એવા ભાવ ન હોય કાંઇક નરકના તો, આહા! તિર્યંચ પશુ થઇ હશે? લાલભાઇને કહ્યું હતું મેં તો પશુ થઇ હશે ક્યાંક ......... નરકમાં તો એવા પરિણામ ન હોય. આહાહા! સંસાર જ એવો છે કહે છે. અનાદિ મિથ્યાત્વના સંસ્કારને લીધે આવા બહિરાત્માઓ થાય છે એ ૫૬માં કહે છે હવે.

**तथा अनादिमिथ्यात्वसंस्कारे सत्येवम्भूता बहिरात्मनो भवन्तीत्याह -**

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ।। ५६ ।।**

**મૂઢ કુયોનિમહી સૂતા તમોગ્રસ્ત[૫] ચિરકાળ;**
**જાગી તન-ભર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ[૬] ।। ૫૬ ।।**

**टीका** : चिरमनादिकालं मूढात्मानो बहिरात्मानः सुषुप्ता अतीव जडतां गताः। केषु? कुयोनिषु नित्यनिगोदादिचतुरशीतिलक्षयोनिष्वधिकरणभूतेषु। कस्मिन् सति ते सुषुप्ताः? तमसि अनादिमिथ्यात्वसंस्कारे सति। एवम्भूतास्ते यदि संज्ञिषूत्पद्य कदाचिद्दैववशाद् बुध्यन्ते तदा ममाहमिति जाग्रति? केषु? अनात्मीयात्मभूतेषु-अनात्मीयेषु परमार्थतोऽनात्मीयभूतेषु पुत्रकलत्रादिषु ममैते इति जाग्रति अध्यवस्यन्ति। अनात्मभूतेषु शरीरादिषु अहमेवैते इति जाग्रति अध्यवस्यन्ति।।५६।।

**અન્વયાર્થ** : (मूढात्मनः) મૂર્ખ અજ્ઞાની જીવો (तमसि) મિથ્યાત્વરૂપી અંધકારવશ (चिरं)

૫. તમોગ્રસ્ત – અજ્ઞાનથી ઘેરાયેલા
૬. અધ્યાસ – માન્યતા

અનાદિકાળથી (कुयोनिषु) નિત્ય નિગોદાદિ કુયોનિઓમાં (सुषुप्ताः) સુષુપ્ત અવસ્થામાં એટલે મૂર્છિત અવસ્થામાં પડી રહ્યા છે. જો કદાચિત્ તેઓ પંચેન્દ્રિય સંજ્ઞી થાય તો (अनात्मीयात्मभूतेषु) 'અનાત્મીયભૂત'માં એટલે વાસ્તવમાં જે પોતાનાં નથી તેવાં સ્ત્રી-પુત્ર વગેરેમાં (मम) 'એ મારાં છે', અને 'અનાત્મભૂતમાં' એટલે શરીરાદિમાં (अहं) 'હું છું - હું એ રૂપ છું' (इति जाग्रति) એવો અધ્યવસાય કરે છે.

**ટીકા :** ચિરકાલથી - અનાદિ કાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઇ રહ્યા છે અર્થાત્ અતિ જડતાને પ્રાપ્ત થયા છે. ક્યાં (સૂઇ રહ્યા છે)? કુયોનિઓમાં અર્થાત્ નિત્ય નિગોદાદિ ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં. શું થતાં તે તેમાં સૂતા છે? અંધકાર અર્થાત્ અનાદિ મિથ્યાત્વના સંસ્કાર (-ને વશ) થતાં (સૂતા છે). એવા થયેલા (સૂતેલા) તે (બહિરાત્માઓ) જો સંજ્ઞી (જીવોમાં) ઉત્પન્ન થઇ કદાચિત્ એટલે દૈવવશાત્ જાગૃત થાય, તો તેઓ 'મારું - હું' એવો અધ્યવસાય કરે છે. શામાં? અનાત્મીયભૂતમાં અને અનાત્મભૂતમાં - અર્થાત્ અનાત્મીયમાં એટલે વાસ્તવમાં અનાત્મીયભૂત અર્થાત્ પોતાનાં નથી તેવા પુત્ર-સ્ત્રી આદિમાં 'એ મારા છે' એવું માને છે એટલે એવો અધ્યવસાય કરે છે, અને અનાત્મભૂત જે શરીરાદિ તેમાં 'તે હું જ છું' એવો અધ્યવસાય કરે છે - એવી ઊંધી માન્યતા કરે છે.

**ભાવાર્થ :** અનાદિકાળથી આ અજ્ઞાની જીવ, મિથ્યાત્વના સંસ્કારવશ નિત્ય નિગોદાદિ નિંદ્ય પર્યાયોમાં - ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં - જ્ઞાનની અત્યંત હીનદશામાં અર્થાત્ જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો છે. કદાચિત્ જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે અને થોડી જ્ઞાન-શક્તિ જાગૃત થાય, તો તે અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, સ્ત્રી-પુત્ર-મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે અર્થાત્ 'અનાત્મીય' છે તેમાં 'આ મારાં' એવી મમકારબુદ્ધિ કરે છે અને શરીરાદિ જે પોતાનું સ્વરૂપ નથી, જે 'અનાત્મ' અર્થાત્ જડ છે, તેમાં 'આ હું છું' એવી આત્મબુદ્ધિ કરે છે.

## વિશેષ

શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો આત્મા સાથે સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તે બધાં આત્માથી ભિન્ન છે - આત્મસ્વરૂપ નથી; માટે તેઓ 'અનાત્મભૂત' છે; છતાં અજ્ઞાની તેને પોતાનાં માને છે.

સ્ત્રી-પુત્ર-મિત્રાદિનો આત્મા સાથે પ્રત્યક્ષ ભિન્ન સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તેઓ જીવનાં પોતાનાં નથી; તેથી તેઓ 'અનાત્મીયભૂત' છે.

અજ્ઞાની, આ અનાત્મભૂત અને અનાત્મીયભૂત પદાર્થોમાં મમકારબુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી અનાદિકાળથી ભવ-ભ્રમણ કરી રહ્યો છે. ભવ-ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.

'જે આત્મા એ રીતે જીવ અને પુદ્ગલના(પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ વડે સ્વ-પરનો વિભાગ દેખાતો નથી. તે જ આત્મા 'આ હું છું આ મારું છે' એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરે છે; બીજો નહિં....''[૭]

# પ્રવચન – ૭૦

**ટીકા:** ચિરકાળથી, અનાદિકાળથી, મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે. આહાહા! બહિરાત્માઓ સૂઈ રહ્યા છે આહાહા! સૂઈ રહ્યા છે. આત્માની શું ચીજ છે એ ભાન જ ન મળે. આહાહા! સાધુ થઈને પણ જુઓને, ત્યાં એ ફરી નહિં ક્યા ગામમાં? બોટાદ, વઢવાણ, વઢવાણ, વઢવાણ નહિં સ્થાનકવાસીનો સાધુ. અમે ગ્યાતાંને બેનને ત્યાં, એકાણુ(૯૧) દરિયાને અપાસરે, એકાણુ(૯૧)માં, વ્યાખ્યાન વાંચતા બહાર પણ ધર્મશાળા ત્રણ-ત્રણ હજાર માણસ. એક સાધુ કો'ક હતા ત્યાં, કાંપમાં, એકલો રહેતો'તો એ આવ્યો હતો પાત્રા દેવા, મહારાજ અમારા પાત્રા, એકલો મૂંઝાઈ ગયો હશે. એવો મૂંઝાઈ ગયેલો, પાત્રાને કાંઈક આપવા આવ્યો હતો, તે દિ' વીરજીભાઈ ત્યાં કાંપમાં હતા, કાંઈક આવેલા ને એ આવેલા. આ એકાણુ(૯૧)ની વાત છે. હજી છોડયું નહોતું ત્યારે, નેવુ(૯૦)ની વાત છે આ તો.

એ એવો મૂંઝાયેલો સાધુ એકલો. કોઈ કાંઈ માન, આમ નહિં મળેલું હોય એને વેશ ને. રડતો'તો અમારી પાસે આવ્યો'તો ત્યાં, એની પાસે દોરી રાખી હશે. સારી સરખી મીણની પાયેલી દોરી, એ દોરી બાંધીને (**શ્રોતા :** ઊંધો લટક્યો) લટક્યો, કાંપમાં અપાસરો છે ને એની પાસે રહેવાના રહે છે ને બધા સાધુ ત્યાં, અને બારણું બંધ કર્યું. પછી આ ખબર પડી ઓલા જીવણભાઈને, આપણા આ જીવણભાઈ, જીવણ મુળજી હેં? તમારા. ઈ કહેતા હોં કે મેં જ્યાં આમ જોયું તો ત્યાં બારણા બંધ, આમ જોઈએ તો લટકે મડદું, સાધુ હતા, મુહપતી આહાહા! (**શ્રોતા :** ચાર પાંચ જણ ભેગા થઈ જયભદ્રા,

૭. પરને સ્વને નહિં જાણતો એ રીતે પામી સ્વભાવને,
તે ' આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે ...(૧૮૩) (શ્રી પ્રવચનસાર-ગુ.આ., ગાથા ૧૮૩ની ટીકા જુઓ)

જયભદ્રા) હા પછી બધું કર્યું, દાબી દે વાત બહાર, બહાર તો માંડવી બનાવી, માંડવીમાં તો એની જયનંદા જયનંદા.

બહારમાં એમ કહેવાય કે આ સાધુએ આપઘાત કરી છે, શેઠીયાઓની ઓલી જાય. ઈ કહેતા'તા જીવણભાઈ બધા બે, ચાર, પાંચ ભેગા થયા ને ભાઈ બોલશો નહિં વાત. ઉતારીને ગળે પડી હોય ને આમ, લૂગડું બૂગડું સરખું કરીને, વળી કોઈ જોશે તો કહેશે કે આપઘાત કર્યો છે. આહાહા ! આવા તો અનંતવાર ચિંતા બહારનીમાં મરીને પડે છે. આહાહા ! ચિરકાળ, અનાદિકાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે. અતિ જડતાને પ્રાપ્ત થયા છે. આહાહા ! ક્યાં સૂઈ રહ્યા છે ? કુયોનિઓમાં, નિત્ય નિગોદાદિ. ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં. આહાહા ! નિત્ય નિગોદ જેમાંથી નીકળવું નથી હજી. એમાં ને એમાં પડયા છે. આહાહા ! નિત્ય નિગોદઆદિ ચોરાશી લાખ યોનિ સ્થાનોમાં. નિગોદાદિ, શું થતા તેમાં સૂતા છે ? અંધકાર. આહાહા !

અનાદિ મિથ્યાત્વના સંસ્કારને વશ થતાં સૂતા છે. સ્વભાવની ખબર ન મળે અને મિથ્યાત્વના ભાવમાં પડયા, એને વશે સૂતા છે, એવા થયેલા સૂતા છે ? સૂતેલા. તે તે બહિરાત્માઓ જો સંજ્ઞી ઉત્પન્ન થઈ સંજ્ઞીમાં આવે, મનવાળા જીવ એટલે દૈવવશાત્ જાગૃત થાય, ઓલું ઉઘાડની અપેક્ષાએ હો ! તો તેઓ 'મારું-હું' એવો અધ્યવસાય કરે છે. આહાહા ! જાગૃત એટલે ઉઘાડ થાય એમ. ઓલા નિત્ય નિગોદમાં તો ક્ષયોપશમ એટલો છે નહિં એમ. આંહી કાંઈક ઉઘાડ થયોને આવ્યો આહાહા ! ત્યાં એવું બંધાઈ જાય. અહીંયા સંજ્ઞી પંચેન્દ્રિયનું ને ક્ષયોપશમમાં આવ્યો, ત્યાં આ 'મારું-હું' એવો અધ્યવસાય કરે છે, શેમાં ? અનાત્મભૂતમાં આહાહા ! ત્યાં જ્યાં ઉઘાડ થયો ત્યારે પછી જે અનાત્મભૂત વસ્તુ રાગ, શરીર, વાણી, મન બધી અનાત્મ, પર બધી અનાત્મ વસ્તુ. આહાહા ! એમાં મારું, હું એવું એકત્વબુદ્ધિ કરે છે. આહાહા !

બાયડી, છોકરાં, કુટુંબ, પૈસા, આબરુ, નિર્જીવ એ બધું અનાત્મ પર છે એમાં આ મારું છે એમ અધ્યવસાય કરે છે. આહાહા ! જે એનામાં નથી, એના નથી અને એના થઈને રહ્યા નથી, એમાં આ મારું છે એવો અધ્યવસાય અજ્ઞાની કરે છે. આહાહા ! નિગોદમાં પડયો છે. ત્યાં તો કહે છે જડ છે, સૂઈ રહ્યો પણ બહાર આવ્યો સંજ્ઞી પંચેન્દ્રિય. આહાહા ! આ મારો દિકરો ને આ મારી બાયડી, આ મારા મકાન ને આ મારી આબરુ, ને આ મારી દિકરીયું ને આ મારા જમાઈ ને આહા ! આ મારા વેવાઈ ને વેવલા. આહાહા ! અનાત્મીયભૂતમાં અનાત્મભૂતમાં, અનાત્મીયમાં એટલે ? વાસ્તવમાં અનાત્મભૂતમાં એટલે

પોતાના નથી, જોયું? તેવા પુત્ર-સ્ત્રીઆદિ. આહા! ક્યાં એનો આ પુત્ર હતો? એનો આત્મા જુદો, એના રજકણ જુદા. એ સ્ત્રી આદિમાં કહેને પછી આબરૂ, મકાન, પૈસા, આ મારા છે પૈસા. અમારા બાપ મૂકી ગયા છે. પાંચલાખ, દસલાખ મૂકી ગયા છે એ મારા છે, અમે શ્રીમંત છીએ પહેલેથી. (**શ્રોતા** : ગર્ભશ્રીમંત) ગર્ભશ્રીમંત. આહાહા! આવું અનાત્મમાં. આહાહા!

આ તો સ્થૂળ ભાષા છે પણ અણાત્મા એટલે રાગાદિમાં અને પુત્ર-સ્ત્રી-કુટુંબ-પરિવારમાં આહાહા! સગો હોય, સાળાનો સાળો પણ પૈસાવાળો ને આબરૂવાળો હોય તો કહેતા એને હરખ આવે. અમારા સાળાનો સાળો, મુંબઈમાં આવું છે, ઢીકણું. તારે શું પણ એમાં? અમારા સાળાની વહુ, મુંબઈમાં શું કહેવાય મોટી (**શ્રોતા** : મેયર) હેં? મેયર. લ્યો માળા મેયર અને દિકરાનો દિકરો એનો કોઈ સાળો હોય એ પણ વિલાયત ગયો હોય તો મોટી કાંઈ લઈને આવ્યો હોય, ભણીને આવે છે મોટો હોશિયાર. પણ તારે શું એમાં? મૂર્ખાઈ વેદે છે તે કેટલી પણ. આહાહા! એ મારા છે એવું માને છે એટલે એવો અધ્યવસાય કરે છે. આહાહા! જે એને કાંઈ સંબંધ નથી પર દ્રવ્ય હારે, શરીર અમને નિરોગી મળ્યું છે મને. મારા શરીર નિરોગી છે, સૂંઠ ચોપડવી પડતી નથી. સાઠ વરસ થયા. (**શ્રોતા** : આપ કહો છો એવું જ એક જણ કહેતા) હેં! હા કહે છે ને ૮૦વરસ થયા કોઈ દિ' સૂંઠ ચોપડી નથી, રોગ આવ્યો નથી, માથુ દુખ્યું નથી અને હવે આવ્યું આ ત્યાં એકદમ ત્યારે નક્કી મરણનું ટાણું લાગે છે. વળી એમેય બોલે. આવું જે દુઃખ આવ્યું એકદમ રોગ, મરણનું લાગે છે, આવું આપણે જોયું નથી. આહાહા!

આવાય જોયા છે ને બધા, સાંભળેલા છે. મૂર્ખાઓના કાંઈ ગામ જુદા હોય છે? આહાહા! (**શ્રોતા** : ગામ જ મૂર્ખા હોય મૂર્ખા ન હોય તો સીમમાં જાય અરે કોના બાપા (મુનિ થાય તો એ જંગલમાં જાય) આહાહા! લ્યો શું કીધું? અને અનાત્મભૂત જે શરીરાદિમાં તેમાં તે હું જ છું. આવ્યું પાછું જોયું? પુત્રીથી લઈ પછી આંહી નાંખ્યુ, શરીર-વાણી. આહાહા! મારો કંઠ અને શરીર એવું સુંદર કે સાધારણ માણસ પણ આકર્ષાય. અરે પ્રભુ! પણ ક્યાં તારા, આ તો જડ માટી છે આહાહા!

વાણી એવી મીઠી નીકળે, જેવી વાણી, આ છોડી હમણાં નહોતી પેલી કીધું'તું ને જયપુરમાં છે ને એ શું કહેવાય? (**શ્રોતા** : આદર્શનગર) આદર્શનગર (મુલતાન) મુલતાનમાં મંદિર છે મોટું મંદિર છે એવી છોડી બોલી'તી. છ-સાત હજાર માણસોમાં વ્યાખ્યાન આપ્યું'તું તે દિ'. એ છોડી પાછી અહીં આવી. આ પદમ હમણાં ગયા હતાં ને

ટોંકથી પદમપુર, વ્યાખ્યાન આપ્યું સાડાત્રણે, ત્યાં તો માણસ બહુ માણસ ત્યાંય. આખો હોલ મોટો ભરાઇ ગયો હતો. જોવા આવ્યા હતા ન્યાં અને સાંજે તો અમારે વયુ જવું હતું.

તે ઓલી છોડી, અમે આહાર કરતા હતા ને આહાર કરીને જાવુતું ને ત્યાં બોલી, ઓમ હરી ઓમ એમ કરીને બોલે છે ને ઇ. ઇ આપણે ભાઇ બોલે છે તારો (જલગામવાળા) હા. જલગામવાળો, વયા ગયા, નટ્ટુ, નટ્ટુ, ઓમ હરી, ઓમ હરી એવી કંઠ તે કંઠ માળીને. ફરીને એની પાસે સંભળાવ્યું. હતું તો વૈરાગ્યનું ગાયન, પણ એવો એનો કંઠ કે માણસ એકવાર સાંભળે તો એને પણ એમ થઇ જાય કે મારો કંઠ, પણ કંઠ તો જડ છે. આહાહા! કોક બાઇનું નથી સાંભળેલું, ટોકરી વગાડીને (ટોકરી વગાડીને) હા એ પ્રવચનમાં આવેલું. ટોકરી વાગે ને રણકાર નીકળે પણ એ તો હોય રજકણ એમાં એનું વિશેષ શું? કંઠનું, રજકણનું બંધારણ એવું હોય ત્યાં કે અવાજ જ નીકળે આમ અંદર. ટોકરી વાગે તો આમ ઝણઝણાટ. વાજુ બાજુ પણ પડયું રહે, વાજાનો અવાજ, એવો અવાજ હોય. તે ઇ પણ ઇ તો જડની દશા છે તે કાળે જડનું ઉત્પન્ન થવું તે પ્રકારનું છે એમાં તારું ક્યાંથી આવી ગયું? આહાહા! પાછો કંઠ એવો સારો રાખવા માટે, રાખે બધું આહા! વરીયાળી ને આવે છે ને કંઇક

**''દુધ સાકર ને એલચી, વરિયાળી ને દરાખ,**
**જો ગાયાનો ખપ કરે તો પાંચે વસ્તુ રાખ''**

એવું આવે છે, એવું સાંભળેલું. હમણાં ન્યાં સાંભળવા આવ્યો'તો નહિં? ભાવનગરવાળો, ભાવનગર નહોતો? ૨૦૦ રૂપિયા આપ્યા હતા એક કલાકના (**શ્રોતા:** રાજકોટમાં, જયંતિભાઇના ભાઇ હતાને જેઠાલાલભાઇ) હા, આ જેઠાભાઇ તો હતાને એ સંઘમાં પણ આનો કંઠ તો બહુ ઝીણો ભાઇ! જેઠાલાલભાઇ એને સાંભળ્યા હતા. વ્યાખ્યાન, ભાષણ એના ગાયન. બોલતા એ.

'પીયાવા કાંઠે' એવું આ બોલતા ઇ. શું કે પછી ભાષા હતી કાંઇ? પીયાવા કાંઠે પંથ બન્યો છે આ તો. એ વ્યાખ્યાન પૂરા થઇને જેઠાલાલ બોલતા. કંઠ આ તો નવરો એવું તીખું ન ખાતા, ઘીમાં તળેલું ખાતા. ખબર છે ને. તે દિ' આવ્યા'તા ને ૭૭માં. ત્યારે કાંઇ કંઠ બહુ ઓલું હતું. મારે ત્યાં મહારાજ પધારજો, મારા સાટું શાક થાય ચોખ્ખું એમ કહેતા. બિચારાએ કીધું'તું સત્તોતેરની વાત છે. જેઠાલાલ મોરારજી, કેવા? જેઠાલાલ મોરારજી, પ્રેમજી મોરારજીના ભાઇ, એ તો બધા જાણીએ સત્તોતેરથી. અરે! પણ ઇ તો

જડના પરિણામ છે ભાઈ ! એને રાખવા, રક્ષા કરવી એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા ! ત્યાં મૂંઝાણા થકા સૂઈ ગયા, આત્માની જાગૃતિની એને ખબર નથી.

વિશેષ કહેશે.........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની ઉપર નજરબંધી થવી જોઈએ - દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી - એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ.**

**દૃષ્ટિનાં નિધાન ૧૧૩**

# પ્રવચન – ૭૧

## શ્લોક – ૫૬ અને ૫૭

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૫.૦૬.૭૫**

तथा अनादिमिथ्यात्वसंस्कारे सत्येवम्भूता बहिरात्मनो भवन्तीत्याह -

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ।। ५६ ।।**

મૂઢ કુયોનિમહી સૂતા તમોગ્રસ્ત[1] ચિરકાળ;
જાગી તન-ભર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ[2] ।। ૫૬ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

૧. તમોગ્રસ્ત – અજ્ઞાનથી ઘેરાયેલા    ૨. અધ્યાસ – માન્યતા

**ભાવાર્થ:** અનાદિકાળથી આ અજ્ઞાની જીવ, એમ પાછળ એક શબ્દ વાપર્યો છે ને? સંસ્કૃતમાં જ એમ છે પહેલું. મિથ્યાત્વનાં સંસ્કાર વશ, કર્મને કારણે નહિં. વિપરીત માન્યતાના સંસ્કારને વશે નિત્ય નિગોદમાં કુયોનિમાં વસ્યો છે. નિત્ય નિગોદ આદિ નિત્ય નિજ પર્યાય. આહાહા! જેમાં અનંત કાળ ગાળ્યો. નિંદ્ય દશા જેને જગતના પ્રાણી, આત્મા છે એમ કબુલાત ન કરી શકે એવી સ્થિતિ મિથ્યાત્વના સંસ્કારવશ એમ લીધું છે. પાઠ એમ છે ને? અનાત્મનીય આત્મભૂતેષુ એમ.

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ।।**

चिरं सुषुप्त तमसि એમ શબ્દ છે ને? મિથ્યાત્વને લઇને છે, કર્મને લઇને છે એમ નહિં ગોમ્મટસારમાં એમ કહ્યું છે. પ્રચુર કલંક. પોતાનું સ્વરૂપને ભૂલીને વિપરીત સંસ્કાર મિથ્યાત્વના, અજ્ઞાનપણે એમાં રહ્યો, અનંતકાળ તો એમાં રહ્યો. ચોર્યાશી લાખ યોનિસ્થાનમાં, જ્ઞાનની અત્યંત હીન દશામાં જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો. આહાહા!

એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં કાંઇ ખબર ન મળે. આહાહા! અનંત કાળ કેમ ગયો વીત્યો એની એને ખબર ન મળે. ખબર નથી એટલે ન હોય એમ કોણ કહે? એ તો ઘણીવાર કહેવાય છે કે નહિં જન્મ પછી છ(૬) મહિના ને બાર(૧૨) મહિનામાં આજ ભવમાં શું થયું, એની યાદ છે? (નહિં) યાદ નથી માટે નહોતું એમ કોણ કહે? છ મહિને જનમ્યા પછી બાળક અવસ્થામાં (**શ્રોતા :** ગઇકાલનું આજે યાદ નથી) આ તો છ મહિનાની સ્થિતિ, બાર મહિનાની સ્થિતિમાં શું ખાધું? શું માએ ધવરાવ્યું કે કાંઇ ખબર છે? એ હતું કે નહિં? હતું છતાં યાદ નહિં માટે નહોતું એમ કોણ કહે? આહાહા!

અરે! અનાદિ મિથ્યા સંસ્કારમાં કુયોનિમાં અનંત ભવ ગયા એના આહાહા! એને યાદ ન આવે એટલે નહોતું એમ કેમ કહેવાય? કહે છે, જ્ઞાનની અત્યંત હીન દશા આહાહા! અક્ષરના અનંતમા ભાગમાં નિગોદની દશા રહી ગઇ. શક્તિરૂપે ભલે સત્ કેવળજ્ઞાન આદિ પૂર્ણ છે પણ પર્યાયમાં હીન દશા એટલી બધી થઇ ગઇ કે કાંઇ ખબર નથી. આહાહા! અર્થાત્ જીવિત (હોવા છતાં) જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો. આહા! કોણ ત્યાં મહાન ને ક્યાં ત્યાં અપમાન ને કાંઇ છે ખબર? આહાહા! કદાચિત જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત પર્યાય થાય, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે અને થોડી જ્ઞાન શક્તિ જાગૃત થાય, જાગૃતિનો અર્થ તો દશ્યતિ કર્યો છે એણે. જાગૃતિ કર્યો છે ને. મમ્ ઇતિ જાગૃતિ. મારું એમ એ માને એવો અર્થ કર્યો છે. જાગૃતિ એટલે ક્ષયોપશમ

થયો છે એમ અર્થ નથી કર્યો. છે ને સંસ્કૃતમાં? 'अनान्मीय आत्मभूतेषु मम् अहं इति जागृति' જાગૃતિ એટલે અધ્યવસાય કરે છે એમ. આહાહા! સમજાણું કાંઇ?

જ્ઞાન શક્તિ કાંઇક થોડી થાય તો તે અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, એ સ્ત્રી, પુત્ર, મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે. કાંઇ લેવા ને દેવા સંબંધ નથી આહાહા! શું કીધું? (**શ્રોતા :** ઘર સાચવી દે, રાંધી દે) અરે પગ દાબે એ તો ઓલા આઠ-હજાર(૮૦૦૦)ના પગારવાળો, પગ દાબે પગ તો પગ આત્માના નહિંને? કાંતિભાઇ! આહાહા!

'કોના બાયડી ને કોના છોકરા, કોના છોરુ ને કોના વાછરુ, કોના ભાઇ ને બાપ, અંતકાળે જાવું એકલું સાથે પુણ્ય ને પાપ'. આવે છે કે નહિં? આહાહા! ભજનમાં આવે. હમણા જ ગાયુ'તું ત્યાં, ઓલો ભાવનગરવાળો નહિં તમારો. દોઢ કલાકના પંદરસો (૧૫૦૦) લીધા'તા. એ ત્યાં હિંમતભાઇને ઘરે આહાર કર્યોને પાંચ મીનીટનો રસ્તો છે ને ત્યાં ઓલી. ત્યાં રસ્તો છે ને ઓલો શું કહેવાય તમારે પ્લેનનો. નજીક ખરોને, નહિં તો બીજે ગામમાંથી જઇએ તો ૨૦ મીનીટ થાય. પાછું ખાવાનું મોડુ થાય. ત્યાં આહાર કર્યા. પહેલા આવ્યો. બે ભજન બોલ્યો'તો. બે ભજન. એ જ માણસ. પણ એવા કંઠને એમાં કાંઇ વૈરાગ્યનું કાંઇ ન મળે, શ્વેતાંબર છે. કલાક દોઢ કલાકના દોઢ હજાર (૧૫૦૦) લીધા'તા તમારે પંચકલ્યાણકમાં. આહાહા! એ આ ગાયું'તું.

'કોના મંદિર ને માળિયા કોના એમાં સોડ તાણીને સૂતો, કાઢો રે કાઢો એને સૌ કહે, કાંતિભાઇ જાણે જનમ્યો નહોતો,' આવ્યો જ નથી જાણે, કાઢો કાઢો કહે (**શ્રોતા :** બે ચાર પેઢી જાય તો સાવ ભૂલાઇ જાય) અરે થઇ રહ્યું. આમાં જરી આહા! જુઓ એ આ જુઓ 'ઊંચા મંદિર ને માળિયા સોડ વાળીને સુતો, કાઢો કાઢો એને સૌ કહે જાણે જનમ્યો જ નહોતો, એક રે દિવસ એવો આવશે.' લ્યો શું છે આ છે શું આ? સજ્ઝાય? ઓલું કર્યું છે અમદાવાદમાં છે ને? સાલ સોનાના રે સાંકળા પહેરણ નવા નવા વાઘા મખમલના કપડા ને મખમલના વાઘા.

હમણાં તો વળી આવા વાળ આમ રાખે છે મોટા ભરવાડ જેવા (**શ્રોતા :** હિપ્પી જેવા અમેરિકામાં હિપ્પી હોય) આમને આમ અહીંથી અહીં સુધી ભરવાડ રાખતા ભરવાડ પહેલા આંહીથી આંહી સુધી. હવે વાણીયા રાખે છે, હવે આંહી સુધી આંહી અને આમ. છોડ મોટા વાળ વાળ. જુઓને મોટા આહાહા! ઓલો સાંઇબાબો રાખતો'તો છાપા વાંચતો'તો ને ઇ. અહિં તો બધા છોકરાઓ રાખે છે. આહા! છે ને? પહેરણ નવા નવા વાઘા, ધોળું વસ્ત્ર એના કરમનું. ઇ તો વાતું બહારની છે તે તો શોધવા લાગ્યા, એ

તો કરમ બરમ ક્યાં એને ઈ તો વયો ગ્યો. છે, હવે એને ક્યાં? આહાહા! ચરુ કડાઈયા અતિ ઘણાં બીજાનું ન લેખું. ખોખરી હાંડી એના કરમની. એને શું છે હવે એ તો ગ્યો. એ તો વાતું વૈરાગ્યની વાતું. આહાહા!

કોના છોરુ ને સગી નારી રે તારી કામીની ઊભી ટક ટક જુએ એનું પણ કાંઈ ચાલે નહિં બેઠી ધ્રુસકે ધ્રુસકે રોવે, વહાલા તે વહાલા શું કરો વહાલા વળાવીને વળશે, વહાલા વળાવીને વળશે પણ ઈ તો ગયો. મડદાને હવે એ તો ગ્યો. ઘરમાં અડવા ન દે, ઠાઠડી કાઢતા ઓલા બારણાને શું કહેવાય? હેં? બારણાને હોય ને? સાખું, સાખું. અડવા ન દે (**શ્રોતા :** હવે તો બુટ પહેરીને આવે છે) હા એવું છે. વહાલા વનના લાકડા એની હારે શું? ઓલો તો ગ્યો હવે નહિં ત્રાપો ને નહિં તુંબડી નથી તરવાનો આરો. ચોરાશીમાં ગ્યા ન્યાં તરાપો નથી. અવતારને ઉતારો ક્યાંય નથી. આહાહા! એકેન્દ્રિય, બેઈન્દ્રિયમાં વાઘમાં ને વરુમાં ક્યાંક જંગલમાં અવતરે. આહાહા! આહીં એ કહે છે. અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે એ સ્ત્રી પુત્ર મિત્રાદિ પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે, અનાત્મીય છે. આહાહા!

એ આ આત્મા નથી. એ તો પર ચીજ એને કારણે આવી, ને એને કારણે એમાં ઊભી રહી છે ને એના કારણે એમાં એ પરિણમી રહી છે. આહાહા! તેમાં મારા એવી મમકાર બુદ્ધિ કરે છે. આહાહા! આ મિથ્યાત્વ ભાવ છે. જે ચીજ પર છે, પરપણે ટકીને બદલી રહી છે, પોતામાં પર્યાયમાં આવી નથી એને મારા માની મમકારથી મિથ્યાત્વને સેવે છે. આહાહા! એવી મમકાર બુદ્ધિ કરે અને શરીરાદિ જે પોતાનું સ્વરૂપ નથી, અહીં લાવ્યા હવે. શરીર વાણી એનું અસ્તિત્વ એ આત્માનું નથી. જે અનાત્મા અર્થાત્ જડ છે તેમાં આ હું છું, હું રૂપાળો છું, સુંદર છું, જવાન છું, વૃધ્ધ છું, ખોખલું શરીર મારું થઈ ગયું, જીર્ણ થઈ ગયું, મજબૂત છે, દઢ છે. આહાહા! એવી મમતામાં એવી આત્મબુદ્ધિ કરે છે. આહાહા!

## વિશેષ

શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ, અને જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મનો આત્મા સાથે સંયોગ સંબંધ છે. સંયોગી એટલે પરરૂપે તે સંબંધ છે, સ્વરૂપે સંબંધ નથી એનો. આહાહા! વાસ્તવમાં તે બધા આત્માથી ભિન્ન છે. આ રાગાદિ પણ નાખ્યાને પછી. સંયોગી ભાવ છે ને રાગાદિ. આહાહા! આત્મસ્વરૂપ એ નથી. શરીર કર્મ અને દયાદાનના વિકલ્પ કે કામ ક્રોધના ભાવ, એ આત્મા સ્વરૂપ નથી, પર સ્વરૂપ છે. એને પોતાના માને છે, એ મિથ્યાત્વના સંસ્કાર છે. આહાહા! માટે તેઓ અનાત્મભૂત છે,

આત્મા નથી. આહાહા ! છતાં અજ્ઞાની તેને પોતાના માને છે. આહાહા ! અરે શાસ્ત્રજ્ઞાન જે છે, એ પણ પોતાનું જ્ઞાન નથી. અહિતકર છે. આહાહા ! સમજાણું કાંઇ ? પરલક્ષી જ્ઞાન એ કંઇ આત્મજ્ઞાન નથી, પોતાનું નથી. પોતાનું હોય તો જુદું કેમ પડે ?

એ જુદું પડી જાય છે એકેન્દ્રિયમાંથી આવે નવપૂર્વ પ્રાપ્ત કરે લ્યો. મુનિ થાય મિથ્યાદ્રષ્ટિ પાછો એકેન્દ્રિયમાં જાય. આહાહા ! એ શાશ્વત ચીજ છે. ધ્રુવ જ્ઞાનસ્વરૂપ છે. ધ્રુવ જ્ઞાનગુણ છે. એમાંથી પર્યાય આવે એ એનું જ્ઞાન છે. એને પોતાનુ ન જાણતાં આ અજ્ઞાન છે એને પોતાનું જાણે છે. આહાહા ! અજ્ઞાની તેને પોતાના માને છે. એ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનો આત્મા સાથે પ્રત્યક્ષ ભિન્ન. સારા મિત્રો અનુકૂળ મળે અને બેઠા હોય પાંચ ભેગા થઇને અને જોવો તમારે આહાહા ! એકબીજા મશ્કરીઓ ને એકબીજા મારાપણાની વહાલપણની વાતું મારાપણાની વહાલપની વાતું, વાતું હોં ! આહાહા ! ક્યાંનો તું ક્યાંનો એ ? એની હારે શું સંબંઘ છે ? એ સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ સગાવહાલા, દિકરાના સસરા, દિકરાની વહુરું એ બધા આહાહા ! ક્યાંય લાભ આંતરે સંબંધ નથી, એને પણ એના સંબંધને એમ માને કે આ મારા છે. અમારા છે. માટે તેઓ છે છતાં અજ્ઞાની માને છે પ્રત્યક્ષ ભિન્ન સંયોગ સંબંધ છે.

વાસ્તવમાં તેઓ જીવના પોતાના નથી, ખરેખર આ જીવના એ કોઇ ચીજ જ નથી. આહાહા ! તેથી તેઓ અનાત્મીયભૂત છે. આ આત્મા નથી તેથી તે અનાત્મભૂત છે એમ કહેવું છે. કળશમાં આવે છે ને ? જીવ અધિકાર નહિં ? આત્મ-અનાત્મ, ભગવાન પણ અણાત્મા છે. આ આત્મા નથી એટલે અણાત્મા છે. આહાહા ! અજ્ઞાની આ અનાત્મભૂત અને અનાત્મભૂત પદાર્થોમાં મમકાર બુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી. આહાહા ! આ સ્ત્રી મારી, આ દિકરો મારો. ક્યાં હતો પણ તારો ? એતો એનો આત્મા હતો તારો ક્યાંથી થઇ ગયો ? કોના બાપ ને કોના દિકરા. આહાહા ! સમજ્યા દામોદરભાઇ આહાહા ! ભાઇ આવ્યા નથી ? આહાહા !

આ સંસારની જંજાળ એમાં ગુંચી ગયો કાંઇ લેવા ને દેવા એને ન મળે. પાંચ પચ્ચીસ વર્ષના સંગાથનાં સંબંધમાં બસ જાણે અમે એક છીએ. ભાઇઓ એક છીએ. ડાંગે માર્યા કાંઇ પાણી જુદા પડે ? ભાઇ એમ ભાઇઓ છીએ. (**શ્રોતા :** એક એક પરમાણું જુદું છે) એવો ડાંગ મારે ત્યાં પાણી પાછું ભેગું થઇ જાય. પાણી એમ કહે છે ને લોકો ભાઇઓ એકે છીએ ડાંગ માર્યે પાણી જુદા થાય ? અમે ભાઇઓ તો ભાઇઓ એક અમે છીએ. આહાહા ! ઓલા રામ બોલ્યા'તા ને ? લક્ષ્મણને જ્યારે હતું ને ઓલુ વિધા રાવણની.

લક્ષ્મણને રાવણની શક્તિ વાગીતીને જ્યારે અસાધ્ય થઇ ગયા'તા લક્ષ્મણ ને સીતાજીને ન્યાં લઇ ગયા'તા એકલા. ભાઇ મરે એમ આવે છે અંદર. ભાઇ મરે ભવ હારી અને બેની મરે દશ જાય દિશા જાય જ્યાં બેન હોય ત્યાં પછી મરી જાય ન્યાં એની કોઇ દિકરો કે દિકરી ન હોય તો ભાણેજ ભાણેજ એટલે, એવું આવે છે એમાં દુકાન પર બધું બોલતા'તા ભાઇ મરે ભવ હારી ભાઇ મરે ને ભવહારી એવું ક્યાંથી ? બેની મરે દિશા જાય, નાનપણામાં જેની માયું મરે એને ચારે દિશાના વા વાય એવું ગાતા. દુકાન ઉપર સામાયિક કરીને બેસે પડિક્કમણું ને નવરા થઇને પછી આવું ગાતા'તા. આહાહા !

ક્યાં વયા ગયા કુંવરજીભાઇ ને ક્યાં વયા ગયા શીવલાલભાઇ. બિચારા ભાઇ ક્યાં ના ક્યાં ? દુકાનમાં ભેગા હતા. આહાહા ! ખુશાલભાઇ ક્યાં ગયા લ્યો ? ખુશાલભાઇનો વિકલ્પ આવ્યો'તો કીધું ને ભાઇ હમણાં. તે દિ' આમાં ગયા ને જલગાંવ. રાજકોટનો મુનશી ગૃહસ્થ મોટો, નાગર જેવો, નાગરનો દેખો છે એવો. ગૃહસ્થ ને પૈસાવાળો હશે. મોટો ધંધો હશે. રાજકોટમાં ત્યાં મોટી દુકાન હશે. અમારું સ્વાગત નીકળ્યું એમાં રોવા જ માંડયો ઇ. મને ખબર નહિં હો એ તો પછી કાગળ લખ્યો. રોવા જ માંડયો અને પછી મોટરથી ઉતરતો જ્યારે લાંબુ હતું ત્યાં ઇ રોવા માંડયો. રોઇને અંદર અંદર આંસુ લુવા ગયો. કાગળ લખ્યો મહારાજ, તમને દેખીને મને બહુ રુદન આવ્યું. શું છે આ ? અપશુકન થયા આ એમ બિચારા. કીધું ભાઇ વરસ કેટલા થયા તને ? આવ્યો કાગળ લઇને આવ્યો, કાગળ આપ્યો પછી આવ્યો. ૧૦૧ રૂપિયા લઇને આવ્યો ૧૦૧ મૂક્યા, ગૃહસ્થ માણસ. ભાઇ તને વરસ કેટલા થયા ? કહે ૩૫. કીધું અમારે ખુશાલભાઇ ગુજરીને માણસ થ્યા છે ક્યાંક. ત્યારે એ વખતે યાદ આવ્યું'તું જરી. પણ મને કહે ઉંમર ૩૫ અને અમારે ખુશાલભાઇને ૩૮ વરસ થયા. એ તો થયું. ગમે તે કારણ પણ એને એને રોવું જ આવતું હતું.

રૂપાળું નાગરનો દિકરો રોવા જ માંડયો, એવું રોવે રોવે દુકાન ઉપર ન જઇ શક્યો કે હું અંદર ગરી ગયો. અને પાછું મોટરથી ઉતરતાય રોવે. કીધું ભાઇ કાંઇ મુંઝાઇશ નહિં કાંઇ હોં, એ તો સારા શુકન, સત્ સમાગમના રૂદન તને આવ્યા. ૧૦૧ રૂપિયા લઇને આવ્યો બિચારો. પાછા અહીં આવ્યા'તા હમણાં જામનગર. એણે ૧૦૧ રૂપિયા આપ્યા ગામને મંદિર ખાતે. ઉદ્ઘાટન કર્યું ને ? પૈસાવાળો માણસ આવા ક્યાં અવતાર કોના ક્યાં જઇને આવ્યા ? આહાહા ! કોને કાંઇ સંબંધ છે કાંઇ ? આહાહા ! કહે છે. અજ્ઞાની અનાત્મભૂત પદાર્થમાં મમકાર બુદ્ધિને આત્મબુદ્ધ કરી પોતાના ચૈતન્ય સ્વરૂપને ભૂલી, ઓહોહો ! જેનો સ્વભાવ નિત્ય જ્ઞાન ને આનંદ. આહાહા ! એક સવારની વાત યાદ થઇ બીજી કેવળ નિમિત્ત

નૈમિત્તિક પર્યાય કીધીને ભાઈ ! પણ જ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત, પણ લોકાલોકની પર્યાય એને નિમિત્ત એકલી નહિં. કેવળજ્ઞાનમાં એ વાત થઈ ગયેલી પહેલી. પ્રવચનસારમાં આવે છે ને, એમ કે જ્ઞાનમાં વર્તમાન નિમિત્ત છે ને ઈ ? ભૂત ભવિષ્ય નહિં. ભૂત ભવિષ્ય તો હજી છે નહિં. એ વર્તમાનમાં જ એનો પર્યાય ને દ્રવ્ય ગુણ ત્રણેય વર્તમાનમાં આખું છે. એ આંહી જ્ઞાનને નિમિત્ત છે કેવળજ્ઞાનમાં ઈ ત્યાં એટલી વાત ફેર છે.

કેવળજ્ઞાનની પર્યાય એને નિમિત્ત, એને ગુણ ને દ્રવ્ય નહિં. પણ કેવળજ્ઞાનની પર્યાયમાં, લોકાલોકની પર્યાય દ્રવ્ય ગુણ એ નિમિત્ત છે આમ અરસ પરસ. સમજાણું કાંઈ ? ભાઈ ! એ વાત કરી'તી તે દિ' નહિં ? ચેતનજી કરી'તી ને તે વખતે કહી'તીને ? આ ફરતા કરી'તીને તમને (તમે) ભૂલી ગયા ? લો થઈ ગયું લો. આપણે આ ફરતા નહોતા આહાર કર્યા પહેલા અંદર. આજની હજી વાત કરી હતી તમને કે ભઈ લોકાલોકમાં પર્યાય, દ્રવ્ય ને ગુણ એ નિમિત્ત છે કેવળજ્ઞાનમાં. એ ભૂલી ગયા. આહાર પહેલા અહીંથી ગયા ને ત્યારે કરી'તી. (**શ્રોતા :** પરસ્પર છે ને ?) પરસ્પર નહિં આ વળી. કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત, પણ કેવળજ્ઞાનની પર્યાયને લોકાલોકનું પર્યાય દ્રવ્ય ને ગુણ નિમિત્ત. કેવળજ્ઞાન ગુણ ને દ્રવ્ય નિમિત્ત નહિં. ત્રણેય એમ કહેવું છે. કારણકે કેવળજ્ઞાનમાં વર્તમાન એને નિમિત્ત ત્યારે વર્તમાનમાં આખું હોય ત્યારે નિમિત્ત થયુંને ?

એ તો ઓલી ગાથામાં આવ્યું'તું ને ? ચિત્રાનું ? શિવલાલા ચોવીસ તીર્થંકરનું નહિં ? એમા કહ્યું તું. આ વાત થઈ'તી કે ભૂત ભવિષ્યનું એને વર્તમાનમાં નિમિત્ત હોવું જોઈએને ? કેવળજ્ઞાનની પર્યાયમાં આખી ચીજની વર્તમાન નિમિત્ત હોવું જોઈએને ? ભૂત ભવિષ્યનું નહિં પણ વર્તમાનમાં એનું અંદર છે એ નિમિત્ત છે રહેલું. આહાહા ! (**શ્રોતા :** એમાં રહેલું છે) સમજાણું કાંઈ ? ચંદુભાઈને કહ્યું પછી આહાર કર્યા પછી આ ઓલી જરીક વાત આ રહી છે કીધું બધામાં પર્યાય, આહાહા ! અવગાહન ગુણની પર્યાય એ બધા અનંતા પદાર્થને વર્તમાન નિમિત્ત થઈ શકે અવગાહન તરીકે. એક હારે. એનો ગુણ નહિં, ભાષા તો એમ જ આવેને ? પણ કેવળજ્ઞાનની પર્યાયમાં દ્રવ્યગુણ ને પર્યાય ત્રણેય આવે. વર્તમાન આખું આવે. સમજાણું કાંઈ ? જે રીતે એને ન્યાય હોય એમ જાણવું જોઈએને ? આહાહા !

શ્રુતજ્ઞાનમાંય એમ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે પણ બધું જાણે છે ને ? બધું જાણે છે એટલે, વર્તમાન જ્ઞાનની પર્યાયની નિમિત્તતા પરને અને પર એને બધું નિમિત્ત છે. જેટલો એનો વિષય છે એટલો આખો આહાહા ! નથી કહ્યું ? મતિજ્ઞાન અસર્વ પર્યાય દર્શન. દ્રવ્ય બધા પર્યાય સર્વ નહિં એટલું આવે છે તત્ત્વાર્થસૂત્રમાં ભાઈ. અસર્વ પર્યાય

મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય પણ અસર્વ પર્યાય છે. બધી પર્યાય નહિં એમ આવે છે ત્યાં અને કેવળજ્ઞાનમાં બધું. એક સમયમાં વર્તમાન આમ. આહાહા! છતાં એક બીજાને કાંઇ સંબંધ નહિં, એ લોકાલોક આના છે ને આ એના છે. આહાહા! (**શ્રોતા** : તો તો એક થઇ જાય) આહાહા! સમજાણું કાંઇ ?

અનાદિકાળથી ભવભ્રમણ કરી રહ્યો છે. આહાહા! પોતાની જાત જે જ્ઞાન સ્વરૂપ ભગવાન, એ તો જાણવા દેખવાના કાર્યવાળો ભગવાન છે. એ સિવાય એને ઓળંગીને બીજી ચીજ એની માનવી અજ્ઞાન છે. આહાહા! ભવભ્રમણનું મૂળ કારણ જીવનો મિથ્યાત્વ ભાવ છે. કર્મ છે એમ ન આવ્યું કીધું જોયું ? આહાહા! સ્વરૂપની જે સામર્થ્યતા છે એના વિરુદ્ધની માન્યતા છે મિથ્યાત્વ એ સંસારનું કારણ ને ભૂલનું કારણ છે. આહાહા! ભ્રમણનું મૂળ કારણ જીવનો મિથ્યાત્વ ભાવ જ છે. શ્રીમદે કહ્યું ને, સંતોની એ શિખામણ છે કે તારી ભૂલથી તું રખડે છે. (સંતોની) પહેલી શિખામણ એ છે. હવે આ કહે કે કર્મની ભૂલ, કર્મની ભૂલ આ બધા ઠીક છે લ્યો. આહાહા! ગૃહસ્થાશ્રમમાં રહેલા પણ સમકિતી એમ કહે કે, સંતોની પહેલી એ શિખામણ છે કે તારી ભૂલથી તું રખડયો. ભૂલ એ કઇ, કે પોતાને પરનું માનવું પરને પોતાનું માનવું પોતાને પર માનવું ને પરને પોતાનું આહાહા! આ તારી ભૂલ છે એ કર્મને લઇને ભૂલ છે એમ નથી. કર્મ તો પર દ્રવ્ય છે. આહાહા!

આ એક ગોમ્મટસારની ગાથા છે ને ભાઇ ? સમકિતી ઇન્દ્રિયોથી નિવૃત્યો નથી ઇન્દ્રિયોથી અવિરત ગાથા છે ને આખી, કે નો ઇન્દ્રિય અવિરહિત આખો શ્લોક છે આમાં તો બીજુ કહેવું છે કે, સમ્યગ્દર્શન હોવા છતાં ઇન્દ્રિયોના વિષયથી નિવર્ત્યો નથી, છૂટયો નથી, એટલો હજી ભાવ છે. ચારિત્રનો દોષનો એટલો ભાવ છે. આ તો ઓલા દુ:ખ ઉપરનું શેઠિયા ઉપરનું લક્ષ ગયું'તું. ગાથા છે ક્યાંક, હેઠે મૂકી છે આપણે નો ઇન્દ્રિય ક્યાંક પુસ્તકમાં મૂકી છે. ઇન્દ્રિયના વિષયોથી સમકિતી નિવર્ત્યા નથી ને એ તો ચારિત્ર હોય તો નિવર્તે. આહાહા!

ત્યારે એનો અર્થ એ થયો કે ઇન્દ્રિયોના વિષયોના ભાવવાળો છે તે એટલું દુ:ખ છે. એ શ્લોક છે ક્યાંક ભાઇ ખબર છે ? ગોમ્મટસારની ગાથા છે ક્યાંક આપણે નીચે મૂકી છે ક્યાંક. ઘણા ગ્રંથોનું કાંઇ યાદ રહે છે. ઓલો ભાવલક્ષમાં રહે ઇન્દ્રિયના વિષયથી નિવર્ત્યો નથી એથી અન્યાયના વિષયને સેવે એમ નથી. કારણ કે આત્મભાન થયું, પણ હજી ઇન્દ્રિયના વિષયની આસક્તિનો જે રાગ એ ગયો નથી. એ જો જાય તો ચારિત્ર્ય થઇ

જાય. સમજાણું કાંઇ ? એ શ્લોક કાઢજો પછી ક્યાંકથી આપણે ક્યાંક મૂક્યો છે ખરો હેઠે. આ બાજુ કે પુસ્તકમાં મૂક્યું છે. નોઇન્દ્રિય બીજા ત્રણ પદ છે. ગોમ્મટસારના છે. અહીં તો બીજું કહેવું'તું કે સમ્યગ્દ્રષ્ટિ જીવ ઇન્દ્રિયના વિષયોથી નિવર્ત્યા નથી છતાં, વિષયનો સંબંધ હોવા છતાં એને સંબંધથી પૃથક પોતાને જાણે છે. સ્વામિત્વ નથી એટલે કે કર્તા, કર્મ એનો હું નથી. આહાહા ! અને અજ્ઞાની બહારથી વિષયો છોડયા છે એ સ્ત્રી, કુટુંબ આદિ, પણ અંદરમાં રાગ છે ને વિષય વિકાર છે તે મારા છે એવી માન્યતામાં એ વિષયોના રાગને પોતાનો માને છે, અને એમાં સુખ છે એમ એ માને છે. અને જ્ઞાનીને વિષયોનો ભાવ નિવર્ત્યો નથી, પણ એને દુ:ખભાવ માને છે. અહીં તો એ લઇ જવું'તું.

સમ્યગ્દ્રષ્ટિને દુ:ખ છે, ઇન્દ્રિયોના વિષયો નિવર્ત્યા નથી એટલા વિષયનો ભાવ દુ:ખ છે, પણ એની હારે મારા છે એવો ભાવ નથી. આહાહા ! ભાવકર્મ કીધું ને ઇ ? વિષયનો ભાવ એ ભાવકર્મ છે. એ પણ મારી ચીજ નથી. હું એનો સ્વામી નથી છતાં છૂટયા નથી. આહાહા ! દ્રષ્ટિથી છૂટયા છે, સ્થિરતાથી છૂટયા નથી હજી. આહાહા ! સમજાણું કાંઇ ? આ તો બે વિચાર એ આવ્યા'તા ઓલા લોકાલોક અને એક એ અને એક આ નોઇન્દ્રિય વિરહિત આવ્યું'તું ત્યાં મગજમાં આવી ગયું'તું. અજ્ઞાની વિષયનો ભાવ અને વિષયની સામગ્રી એ બધી મારી છે એમ માને છે. એ મિથ્યાત્વના સંસ્કારને લઇને છે. અને સમ્યગ્દર્શનમાં વિષયોની નિમિત્તતા છે અને એનો ભાવ પણ છે પણ તેનો સ્વામી નથી પૃથક્ માને છે. આહાહા ! પણ ત્યારે એમ કહે કે પૃથક્ માને તો પણ તો એમાં કરે શું કરવા ? પણ કરે નહિં એ આવે છે એ. એ ચારિત્ર્યનો દોષ છે. આહાહા ! કર્તવ્ય તરીકે છે ને કરવા લાયક છે એમ નથી જાણ્યું. આહાહા ! બહુ ફેર.

સત્‌ના શરણે જાવું અને પાછું થોડું અસત્ રહેવું. રહે ખરું પણ એકત્વ બુદ્ધિએ ન રહે. વિષય વાસના છે એ બધી અસત્ છે ને બધી સત્‌ની અપેક્ષાએ. આહાહા ! ભવ ભ્રમણનું મૂળ કારણ જીવનો મિથ્યાત્વ ભાવ જ છે, ભાવ જ છે. એકાંત કરી નાંખ્યું નહિં ? આહાહા ! કર્મ પણ કથંચિત છે એમ કહેવું જોઇએને ? કથંચિત મિથ્યાત્વ ને કથંચિત કર્મ. એય ચંદુભાઇ ! ચંદુભાઇ આ એકાંત મિથ્યાત્વ જ છે. એજ એ જ અનેકાંત છે. પર ચીજ નથી, અને એકાંત મિથ્યાત્વ છે એ જ અનેકાંત છે. જે આત્મા એ રીતે, જીવ અને પુદ્‌ગલના નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ, જીવનો ચેતન સ્વભાવ ને પુદ્‌ગલનો અચેતન સ્વભાવ. એ વડે સ્વપરનો વિભાગ દેખતો નથી. આહાહા ! એ રીતે સ્વ અને પરની જુદાઇને દેખતો નથી વિવેક નથી, આહાહા ! સ્વને પરની જુદાઇનો જેને

વિવેક નથી, તે જ આત્મા આ હું છું આ મારું છે એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરી જાગૃતિનો અર્થ કર્યો. જાગૃત છે ને (મમ્ ઈતિ જાગૃતિ) જાગે છે એટલે એકત્વબુદ્ધિ કરે છે એમ. આહાહા!

એમ કે એકેન્દ્રિયમાં તો એટલો ક્ષયોપશમ નથી. આંહી ક્ષયોપશમ થયો એ પણ ક્ષયોપશમ થયો એથી એને એ સ્ત્રી પુત્રના સંયોગ થયો એને ઈ માને છે એ અધ્યવસાય એકત્વ છે એમ. ઉઘાડ થયો માટે જાણે માને છે એમ નહિં. ઉઘાડ છે એમાં આ મારા છે એમ માને છે, એ અધ્યવસાય મિથ્યાત્વ છે સમજાણું કાંઈ ? ત્યારે તો બધા બાવા થાય ત્યારે તો એકલા મનાય. બાવો જ છે. (**શ્રોતા** : પહેલા શ્રદ્ધામાં બાવો થાય પછી ચારિત્રમાં બાવો થાય) શ્રદ્ધામાં રાગ ને પરચીજ મારી નથી એવી દ્રષ્ટિમાં બાવો થયા વિના પરનો સંબંધ મારો છે એમ માન્યા વિના રહે નહિં. આહાહા! પોતાનું મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનો અધ્યવસાન કરે છે, બીજો નહિં. એકડો છે ને એ આધાર આપ્યો છે. પરને સ્વને નહિં જાણતો, એ રીત પામી સ્વભાવને તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે.(૧૮૩ પ્રવચનસાર) લ્યો ૧૮૩ સારો અર્થ કર્યો છે છોટાભાઈએ. તેથી બહિરાત્મા સ્વરૂપનો ત્યાગ કરીને, સ્વપરના શરીરને આવી રીતે જોવું એ હવે ૫૭માં કહે છે.

**ततो बहिरात्मस्वरुपं परित्यज्य स्वपरशरीरमित्थं पश्येदित्याह –**

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः ।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ।।५७।।**

**આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ**
**મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ ।। ૫૭ ।।**

**टीका** : आत्मनो देहमात्मसम्बन्धिशरीरं अनात्मचेतसा इदं ममात्मा न भवतीति बुद्ध्या अंतरात्मा पश्येत्। निरंतर सर्वदा। तथा अन्येषां देहं परेषामात्मा न भवतीति बुद्ध्या पश्येत्। किं विशिष्टः ? आत्मतत्त्वे व्यवस्थितः आत्मस्वरुपनिष्ठ : ।।५७।।

તેથી બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરી સ્વ-પરના શરીરને આવી રીતે જોવું - તે કહે છે:-

**અન્વયાર્થ** : જ્ઞાનીએ (आत्मतत्त्वे) આત્મસ્વરૂપમાં (व्यवस्थितः) સ્થિત થઈ (आत्मनः देहं) પોતાના શરીરને (अनात्मचेतसा) 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિથી (निरंतरं पश्येत्) નિરંતર જોવું - અનુભવવું અને (अन्येषां) બીજા જીવોના શરીરને પણ (अपरात्मधिया)

'આ બીજાનો આત્મા નથી' એવી બુદ્ધિથી (पश्येत्) સદા અવલોકવું.

**ટીકા :** પોતાના શરીરને એટલે આત્મા સાથે સંબંધ રાખનાર શરીરને, અનાત્મબુદ્ધિએ અર્થાત્ 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિએ અંતરાત્માએ નિરંતર - સર્વદા દેખવું (અનુભવવું) તથા બીજાઓના દેહને, 'એ પરનો આત્મા નથી' એવી બુદ્ધિએ જોવું. કેવા થઈને (તેમ કરવું) ? આત્મતત્ત્વમાં, વ્યવસ્થિત થઈને એટલે આત્મસ્વરૂપમાં સ્થિત થઈને (તેમ કરવું).

**ભાવાર્થ :** જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્બુદ્ધિએ નિરંતર જોવું - અનુભવવું અર્થાત્ 'આ શરીર તે મારો આત્મા નથી' એવી ભેદબુદ્ધિથી સદા જાણવું. બીજાના શરીરને પણ તેવી ભેદબુદ્ધિથી દેખવું - અર્થાત્ બીજાનું શરીર તે તેનો આત્મા નથી એમ ભેદ બુદ્ધિએ સદા દેખવું.

## વિશેષ

આચાર્ય ઉપદેશરૂપે કહે છે :-

'હે જીવ, તું અનાદિથી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ કરી સંસારમાં રખડી દુ:ખી થયો, પણ હવે સુખી થવું હોય તો દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી આત્મ સ્વરૂપમાં સ્થિર થા, અર્થાત્ બહિરાત્મપણું છોડી દઈ હવે અંતરાત્મા બન. તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર તો અચેતન છે. એ તારું સ્વરૂપ નથી, છતાં તું તેને તારો આત્મા માને છે અને તેની ક્રિયા તું કરી શકે છે એમ માને છે - એ તારો ભ્રમ છે. એ ભ્રમ હવે છોડી દે અને તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો, એટલે કે તે પર છે એમ જો; તે તું છે એવી આત્મબુદ્ધિથી ન જો. તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કર, બંનેની એકતાબુદ્ધિ છોડી દે. તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે તેવી જ ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે. તું તેમના શરીરને પણ તેમનો આત્મા માને છે. માટે તેમના આત્માને પણ તેમના શરીરથી ભિન્ન જાણ. શરીરને શરીર જાણ અને આત્માને આત્મા જાણ.

'સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી તું સ્વ-પરનું ભેદજ્ઞાન કરીશ નહિં ત્યાં સુધી શરીરાદિ પર પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ - એકતા બુદ્ધિ - મમત્વબુદ્ધિ - કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહિં અને તારા દુ:ખનો અંત આવશે નહિં. માટે બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ જ સુખનો ઉપાય છે.' ૫૭

# પ્રવચન – ૭૧

**'આમાં નાંખ્યું છે આત્મતત્ત્વમાં સ્થિર થઈ નિજ દેખવું એમ**
**મુજ તન તે મુજ આત્મ નહિં પર તનનું પણ એમ'**

બનાવ્યું છે ને કો'કે એને પોતે બનાવ્યું છે? (**શ્રોતા** : પોતે).

**ટીકા** : પોતાના શરીરને એટલે, આત્મા સાથે સંબંધ રાખનાર, શરીરને અનાત્મબુદ્ધિએ (અર્થાત્) આ મારો આત્મા નથી, છે? પોતાના શરીરને એટલે આત્મા સાથે સબંધ રાખનાર શરીરને, આમ બેય ભેગા ભલે હોય એમ કહે છે પણ અનાત્મબુદ્ધિએ. આ મારો આત્મા નથી. એ શરીર એ મારી ચીજ નથી. એવી બુદ્ધિએ અંતરાત્માએ નિરંતર આ સર્વદા દેખવું, સર્વદા એવું હોય જ છે. ભિન્ન પડેલી ચીજને ભિન્ન પાડવી પડે એમ છે નહિં. આહાહા! નિરંતર ભગવાન આત્મા અને શરીર ભિન્ન છે. નિરંતર ધારા અંતરાત્માને હોય છે. બહિરાત્માને બહાર - પર તે હું છું એવી, મિથ્યાત્વના સંસ્કારને લઈને હોય છે. આહાહા! એવી બુદ્ધિ અંતરાત્માએ નિરંતર સર્વદા અનુભવવું. બીજાઓના દેહને એ પરનો આત્મા નથી એવી બુદ્ધિએ જોવું. બીજાનો દેહ પણ એના આત્માનો નથી. આહાહા! જેમ પોતાનો દેહ આત્મા નથી, એમ નિરંતર દેખે છે, એમ પરનો દેહ એનો નથી એમ દેખે છે. આહાહા!

પણ આ તો શરીરને દેખે ને એ મારો દિકરો ને એ મારી બાયડી એમ માને છે ને? ઓલો આત્મા, શરીરને દેખે ને આ મારો દિકરો. આત્મા અંદર કોણ જોવા જાય છે? અને મરે ત્યારે પણ એ આત્મા શરીર છોડીને ક્યાં ગયો મરીને એ ક્યાં એને નહાવા જવું છે? હિંમતભાઈ એ તો એની વર્તમાન સગવડતાને રોવે છે કે આ વર્તમાન સગવડતા જાય છે મારી આટલી. 'આ હતો તો આટલી રહી' એ મરીને નરકે ગયો એમાં અહીં અમારે શું નહાવા જાવું કહે? (**શ્રોતા** : એ તો ખરખરા કરવા આવે એ એમજ કહે છે ને આ?) એ બધા આવીને એમ કહે શાંતિભાઈ! ઓલા ખરખરો કરવા આવ્યા હોય, ભાઈ આમ હતા ને ભાઈ આમ હતા. દુકાનમાં આમ ભાગ લેતા. અમારે ઓછી પળોજણ હતી. કામ કરતા'તા. મરીને ક્યાં ગ્યો એ કોઈ પૂછે છે? (**શ્રોતા** : કોઈને ખબરે ક્યાં છે?) પણ ભાન કે દિ' છે એને કે આ જુદો છે. આહાહા!

જુદો હતો તો જુદો થઈને ક્યાંક ગ્યો પાછો. આહાહા! કઈ ગતિએ ગ્યો?

ક્યાં ગ્યો ? આહાહા ! બધા આવે છે ને ઓલા દાખલો આવે છે ને ? બાપ મરી ગયેલો તે બાર મહિનાનું શ્રાદ્ધ કર્યું. દૂધપાક કર્યો દૂધપાક. બાપ મરી ગયેલો એની તિથિ હતી. શ્રાદ્ધ કરીને બધાએ દૂધપાક ખાઇ લીધો. હવે પછી ઓલો ચોટેલો રહે ને કડાઇયાને તે ઓલો કૂતરાનું બચ્ચુ હતું એ ખાવા આવે વારંવાર આવે, મારે તોય પણ ખસે નહિં. કહે આ શું છે ભાઇ ? વળી કો'કને પૂછયું કે આ છે શું ? એ તારો બાપ છે જેનું તે શ્રાદ્ધ કર્યું એ છે. એ ખાવા ઇ આવે છે. આહાહા ! કહો જેના શ્રાદ્ધ હાટું દૂધપાક કર્યા તે ખાવા આવે તો મારે એને. કોને ખબર છે કે આ આત્મા મારો બાપ હતો ? આહાહા ! ક્યાં હતો બાપે તે ? આહાહા !

કોને બાપ ? એક ભવની સગાઇ માની છે. હતી કે દી' ? એ દરકાર કરી નથી. એ અમારે ધીરુભાઇ કહેતા ધીરુભાઇ છે ને આંહી લાઠીમાં ? દીકરો ન મળે આ દીકરી જ એક આ. પણ હાળુ જાવું છે એ તો નક્કી પણ હજી કાંઇ થાતું નથી. પણ હવે એકલો છે, પૈસા છે, પણ જાવું છે ખરું. એવું તો પણ જાવું છે બધું છોડીને પણ એ હજી અંદર છોડવું ગોઠતું નથી. આહાહા ! ધીરુભાઇ છે ને ? લાઠી, લાઠી એ એના એ મનુભાઇ ગ્યાને એનો જમાઇ એ આ ? હા એને ખબર છે આને હેં ? આ જેન્તીભાઇ આ તમારા કાકા એ ન્યાં કહેતા'તા રાતે નહિં ઓલી ચર્ચા હાલતી'તી બહાર તમારા મકાનની બહાર. હાળુ જાવું છે, છોડવું પડશે છોડીને જાવું છે. પણ અંદર ખસતો નથી રાગ. આહાહા ! દરકાર નથી. અરે ! હું ક્યાં જઇશ ? આહાહા ! ક્યાં હું જઇશ ? ક્યાંનો હું ને ક્યાં જઇશ ? આહાહા ! આ સંબંધ કેટલા કાળનો દેખાય ઇ ખોટો પણ કેટલા કાળનો પાછો, ખોટો સંબંધ છે આ કંઇ ક્યાં સાચો છે ?

આનંદને આત્માને સંબંધ છે એ સાચો છે. આહાહા ! જ્ઞાન અને આત્માને સબંધ છે સાચો. રાગની હારે સબંધ છે એ પણ જૂઠ્ઠો છે. એ પણ સબંધ એક સમયનો છે બીજા સમયે પણ એક સમયનો છે બીજા સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો થઇ જાય છે. પરની સાથે પર્યાયનો સંબંધ તો એક સમયનો માને છે. ત્રિકાળી ભગવાનને અનંત ગુણનો સંબંધ છે, જેનું ધ્રુવ જ્ઞાન છે, જેનો ધ્રુવ આનંદ છે, એવો જે સંબંધ આત્માને અનાદિથી છે, માન્યો નથી. ઓલામાં આવે છે ને ૧૯ગાથામાં નહિં ? ટીકામાં. આત્માને જ્ઞાન તો સેવે જ છે. ૧૯મી ગાથા ટીકા. આત્માને જ્ઞાન તો સેવે જ છે કાંઇ આત્માથી જ્ઞાન જુદું નથી. તો તમે વળી આત્માને જ્ઞાન સેવો સેવો એમ કરો એમ ક્યાંથી ? સાંભળને હવે, પર્યાયમાં જ્ઞાન તે આત્મા, એમ નિર્ણય કર્યા વિના સેવતા ક્યાંથી સેવ્યો ? આહાહા ! ચેતનજી ! આવે છે ને ? એ તો તદાત્મ્ય છે. આત્માને જ્ઞાન તદાત્મ છે એ તો સેવે જ છે પણ તદાત્મ

છે, એવું પર્યાયે ક્યાં નક્કી કર્યું છે? પર્યાય નક્કી કરે તદાત્મ એની સેવા કરી કહેવાય. આહાહા! ગુણ અને ગુણી એકરૂપ છે તદાત્મ છે પણ એવી સ્થિતિ કબૂલી કોણે?

જ્ઞાન એના તરફ ઢળે ત્યારે એ જ્ઞાન પર્યાય એમ કબૂલે છે ત્યારે જ્ઞાનની આત્મા એ સેવા, આત્મા જ્ઞાનને સેવે છે, જ્ઞાન આત્માને સેવે છે કહેવાય છે. આહાહા! જે ચીજમાં એકાગ્ર થાય તો એને સેવી કહેવાય. આત્માના દ્રવ્ય, ગુણ ને દ્રવ્ય તો એકાગ્ર છે પણ એકાગ્ર છે, એકરૂપ છે એવો જે પર્યાયે સંબંધ જોયો, એણે આ જ્ઞાનની સેવા કરી. આહાહા! નહિંતર તો રાગની સેવા કરે છે. પરની તો કાંઈ કરી શક્તો નથી રાગદ્વેષના વિકલ્પો. આહાહા! એ ધ્રુવ, જ્ઞાન સ્વભાવ ધ્રુવ, ધ્યેય જેનું ધ્રુવ, જ્ઞાન ધ્રુવ એવું જેણે પર્યાયે ધ્યેય કર્યું, એણે જ્ઞાનની સેવા કરી. આહાહા! તો એણે સંબંધ સાચવ્યો, જ્ઞાનને આત્માનો ધ્રુવ સંબંધ હતો એ એણે સાચવ્યો. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ!

આ લોકો બિચારા જુઓને ઉતાવળા થઈને સાધુ થઈ જાય આ બિચારા જુઓ. જુવાન સાધુ હતો, વ્યાખ્યાન બહુ આપતો હતો. આવતો હતો. આચાર્ય છે. નાની ઉંમરમાં પણ ગમે તે થયું પકડાઈ ગ્યું હશે. સાધુપણું છોડી દીધું, મુનિપણું છોડી દીધું લ્યો. આ ઉતાવળીયા થઈને સમજ્યા વિનાના મુનિપણા હતા કે દિ’? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. બહારની સભા ભરાય ને સભાને સમજાવે વાણી દ્વારા એ ક્યાં તારી ચીજ હતી? એને લઈને મોટપ ક્યાં હતી તને? જડને લઈને મોટપ? આહા! વાણી દ્વારા સમજાવે ને માણસ ભેગા થાય કાંઈ. આહાહા! આપણે કાંઈક ત્યાગ લીધો’તો સફળ તો થયો આટલા માણસો સાંભળે ને આને પણ એમાં ક્યાં પણ તારો ત્યાગ? આહાહા! મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી એમ કહ્યું? કે જે જ્ઞાનથી સમજાવતા ઘણાં માણસો સાંભળે તો એ ખુશી થાય, આવે છે ને? પણ એની હારે શું સંબંધ છે? આહાહા!

મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે ક્યાંક છે? ૭માં હશે ક્યાંક છે. ભારે એને બહુ પણ નાડી ચાલી છે બારે. એ ઓલો કહે કે નહિં માનું. પણ આ શું કહેવાય ના પાડી કેટલાએ. આહાહા! અહીં તારી સ્થિતિ શું હતી એ તને જણાવે છે, જણાવનારને તને એ ખોટા શાસ્ત્ર એમ કેમ તું કહે છે? આહાહા! જે જ્ઞાનથી પોતાને શાંતિ મળે એનું નામ જ્ઞાન છે. જે જ્ઞાનથી લોકો ઝાઝા સાંભળે તો મારું જ્ઞાન સાચું અને એમાં ખુશી થવું (**શ્રોતા** : જ્ઞાન તો જ્ઞાનના કારણે સાચું છે) આહાહા! એ તો સંસ્કાર મિથ્યા છે. આહાહા! દીક્ષા લીધી તો લોકો આદર કેટલો કરે છે અને આપણને પણ પાટ પર બેસીને વાંચવાનો જોગ બન્યો હવે. ઓલા એકલા શું? પણ એમાં મોટપ શું આવી તને? આહા! ઉપર તો

માખીઓય જાય છે એથી માણસ મોટી થઇ ગઇ. ઉપર માખી જાય છે. આહાહા! રાગથી ભિન્ન પડીને મોટો થાય એ એની મોટપ છે. આ બહારની મોટપથી મોટપ માને, મિથ્યા સંસ્કાર છે. આહાહા! ઝીણા ઝીણા શલ્યો કેવા રહે છે? હેં? એ વાત છે.

નિશ્ચય ચેતનત્વ સ્વભાવ વડે સ્વપરનો વિભાગ દેખતો નથી તે જ આત્મા. અહીં આવ્યું ને આંહીં સત્તાવન(૫૭)માં, એવી બુદ્ધિએ અંતરાત્માએ નિરંતર દેખવું. બીજાઓના દેહને 'એ પરનો આત્મા નથી' એ દેહ એનો આત્મા નથી. આહાહા! દેહ એનો જીર્ણ થયો તો આત્મા જીર્ણ થઇ ગયો એમ માને તો એ તો એકત્વ બુદ્ધિ છે. દેહની પુષ્ટિ હોય ને રૂપાળો બહુ હોય માટે એ આત્મા, એ આત્મા છે તે તદ્દન મિથ્યાબુદ્ધિ છે. આહાહા! એ પરનો આત્મા નથી એવી બુદ્ધિએ જોવું. આહાહા! સર્વ જીવ છે જ્ઞાનમય આવે છે ને? ધારે સમતા ભાવ. જ્ઞાનમય તે આત્મા છે અને આ રાગ ને શરીર એ કાંઇ આત્મા નથી એનો. આહાહા! કેવા થઇને તેમ કરવું?

આત્મતત્ત્વમાં વ્યવસ્થિત થઇને આહાહા! પોતામાં વ્યવસ્થિત થઇને એકલો આ દેહથી બીજો આત્મા નથી. એ પરનું યથાર્થ જ્ઞાન કોને થાય? જેને આત્મતત્ત્વમાં વ્યવસ્થિત બુદ્ધિ થઇ છે. હું શરીર ને વાણી નહિં એવી આત્મામાં વ્યવસ્થિત થઇ દશા, એને પરનું શરીર તે એનો આત્મા નહિં. આહાહા! દિગંબરના સંતો, દિગંબરના ગૃહસ્થો, પંડિતો વાતું કરનારા, યથાર્થ, એણે થોડા થોડા ભાવમાં પણ એણે સત્‌ને પ્રસિદ્ધ કર્યું છે, સત્યને પ્રસિદ્ધ કર્યું છે. આત્મતત્ત્વમાં વ્યવસ્થિત એટલે, છે ને? આ ઉપર આમ. 'येषां आत्मतत्त्व व्यवस्थितं' ચોથું પદ છે.

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः ।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ।।**

अन्येषां आत्मतत्त्वे व्यवस्थितः આહાહા! અન્યના દેહથી ભિન્ન એનો આત્મા, એ પોતે પણ આત્માથી ભિન્ન પોતાના આત્મામાં દ્રષ્ટિ છે. એણે આ રીતે જોવું આહાહા! પોતે પણ રાગને દેહને પોતે માનતો હોય, અને બીજાના દેહથી એનો આત્મા જુદો ક્યાંથી માની શકે એ? આહાહા! સમજાણું કાંઇ?

**ભાવાર્થ** : જ્ઞાની આત્મસ્વરૂપમાં સ્થિત થઇને પોતાના શરીરને અનાત્મબુદ્ધિથી નિરંતર જોવું. ભાષા તો સમજાઇ પોતાનું શરીર છે ભાષા શું કરવી? એટલે કે આ શરીર એમ. એટલે કે આ શરીર એમ. ઓલા બીજા શરીર નહિં એમ. પોતાનું એટલે આ શરીર એમ

એટલી વાત. જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ નિરંતર જોવું એટલે કે અનુભવવું. આ શરીર તે મારો આત્મા નથી. આહા! શરીરની કોઈ પણ ચેષ્ટા તે મારી નથી. આહાહા! શરીરની ચેષ્ટામાં હું આવ્યો નથી. શરીરની ચેષ્ટા મારાથી થઈ નથી. આહાહા! એવી ભેદ બુદ્ધિથી સદાય જાણવું. આહાહા! બહુ ટૂંકામાં સમાધિને વર્ણવે છે ને? બીજાના શરીરને પણ તેવી બુદ્ધિથી ભેદ બુદ્ધિથી દેખવું. બીજાનું શરીર તે તેનો આત્મા નથી. એમ ભેદ બુદ્ધિથી દેખવું.

પર તે મારા એ બહિરાત્મબુદ્ધિ. આહાહા! તારો આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, અને તારું શરીર અચેતન છે, તે તારું સ્વરૂપ નથી. છતાં તું તેને તારો આત્મા માને છે અને તેની ક્રિયા કરી, તું જોઈ ભાષા, ભાઈએ ખુલાસો કર્યો. દેહની ક્રિયા આ હાલવું, આ ચાલવું, બોલવું, આ ચેષ્ટા બધી એ હું કરી શકું છું એમ માને છે એ તારો ભ્રમ છે. હું કરી શકું છું એનો અર્થ જ એ મારું છે. આહાહા

વિશેષ કહેશે .........

।।પ્રમાણ વચન ગુરુદેવ ।।

**લોકદષ્ટિ અને જ્ઞાનીની દષ્ટિને પશ્ચિમ - પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુ:ખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.**

**દષ્ટિનાં નિધાન ૧૭૧ શ્રીમદ્ રાજચંદ્ર**

# પ્રવચન – ૭૨

## શ્લોક – ૫૭ અને ૫૮

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૬.૦૬.૭૫**

**ततो बहिरात्मस्वरुपं परित्यज्य स्वपरशरीरमित्थं पश्येदित्याह -**

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः ।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ।।५७।।**

આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ
ભુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ ।। ૫૭ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

ગાથા ૫૭, એનું વિશેષ;

ચાર લીટી ચાલી છે ફરીને. હે જીવ, આચાર્ય ઉપદેશ આપે છે. તું અનાદિથી શરીર આદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ કરી સંસારમાં રખડી દુ:ખી થયો. જે ચીજ તારી નથી, શરીર તારું નથી, વાણી તારી નથી, એ પોતાની માની તો બીજી ચીજ તો દૂર રહી. આ દીકરા મારા, બાયડી મારી, છોકરા મારા, વેપાર મારો, દુકાન મારી એ પર બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ, એ મિથ્યાત્વભાવ છે. સંસારમાં રખડી દુ:ખી થયો પણ હવે સુખી થવું હોય તો દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી, આ નજીકની વાત પાધરી કરી છે. શરીરની ક્રિયા થાય એ મારાથી થાય છે, બોલવું એ પણ હું છું તો બોલાય છે એવી પરમાં આત્મબુદ્ધિ મિથ્યાત્વ છે. (**શ્રોતા:** કોણ બોલે છે?) ભાષા જડ બોલે છે. આહાહા! આત્મબુદ્ધિનો ત્યાગ કર. શરીર ને વાણી એ જગતના પદાર્થો અજીવ તરીકે રહ્યા છે એ કાંઇ જીવના થયા નથી. એમાં હું આ બોલું છું, હું આ દેહને હલાવું છું, લખું છું હું, બીજાને સમજાવવાની ભાષા હું કરું છું એ બધો મિથ્યાત્વભાવ છે. આહા!

(**શ્રોતા :** આ વાંચો છો ને?) એ એમાં વિકલ્પ ઉઠે છે એ પર વસ્તુ છે, આ શબ્દ એ પર (વસ્તુ) છે. આહા! આ શબ્દ છે એ મારા ને એનાથી મને જ્ઞાન થાય એ પણ મિથ્યાત્વભાવ છે. આરે, આરે વીતરાગનો માર્ગ ઝીણો બહુ ભાઇ! લોકોને બહારથી મળ્યો છે. અંતર મૂળ તત્ત્વ શું છે? શરીરના એક એક રજકણ પણ પોતે પોતાની પર્યાયને કરે, બીજા રજકણની પર્યાયને એ ન કરે, તો આત્મા તો બીજાને શી રીતે કરે? આહાહા! અર્થાત્ બહિરાત્મપણું છોડી દઇ બર્હિચીજ છે તેને પોતાની માનવી એ બહિરાત્મા છે, મિથ્યાદ્રષ્ટિ છે, એની દ્રષ્ટિમાં વિપરીતતા પડી છે. હવે અંતરાત્મા બન. તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર તો અચેતન છે.

ભાષા એ જુદી વસ્તુ અંદરમાં ઘડ બેસવી અંદરમાં. શરીર અચેતન તું ચૈતન્ય બે તદ્દન વિરોધી તત્ત્વ છે. એ તારું સ્વરૂપ નથી. શરીરની સુંદરતા શરીરની નિરોગતા અને એમાંથી હાલવા ચાલવાની ક્રિયામાં હું આ પ્રમાણે હાલું, હું આ પ્રમાણે બોલું, ભગવાન એ ભ્રમ છે તારો ભાઇ! એ જડ છે જડ. જડ બોલે જડ હાલે તારાથી નહિં, ભારે કામ આકરું. આ બધા ધંધા વેપાર કરેને? કાંતિભાઇ! બોલ્યા વિના વકીલાત થાતી હશે? કોણ બોલે ભાઇ, બોલે એ બીજો. ભાષા જડ છે ભાઇ! આહાહા! લખનારો હું, બોલનારો હું, બીજાને સમજાવવાની ભાષાનો કર્તા હું. આહાહા! એ બધી જડને પોતાનું માનવું છે. વીતરાગ માર્ગ એવો સૂક્ષ્મ છે છતાં તું તેને તારો આત્મા માને છે. વાણી

ને શરીરની ક્રિયા એ જડની ક્રિયા જડથી થાય છે છતાં તું એમ માને છે કે મારાથી થાય છે તું એ જડને તારું માને છે. આહાહા! તેની ક્રિયા તું કરી શકે તેમ માને છે.

ધાર્યા પ્રમાણે શરીરને હલાવું આહાહા! ખાવા ટાણે પણ બરાબર રોટલીનો ટુકડો કરી દાળમાં લઈ ચટણી જ્યાં લેવી હોય ત્યાં હાથ પડે આ ક્રિયા બધી મારાથી થાય છે (**શ્રોતા :** એમ આવે છે કે પેટમાં કાંઈ દાંત નથી માટે ચાવીને ખાવ) ધૂળે નથી એ બધી વાતું અજ્ઞાનીની છે. આહાહા! અંગ્રેજીનાં આડોડા છે બધા એ આહાહા! કોણ ખાય? કોણ પીવે? જડની ક્રિયા જડમાં થાય એને એમ કહે કે હું બરાબર ચાવીને ખાઉં છું. આહાહા! એ તો જડની ક્રિયા અજીવની પર્યાય છે એને પોતાનું માની એ તારો ભ્રમ છે. આહાહા! બહુ નાની વાત છે પણ બહુ સીધી સરળ વાત છે. આહાહા! (**શ્રોતા :** નાની નાની વાતમાં પણ મોટી મોટી ભરી છે) મોટી ભરી છે. નાનીમાં મોટી વાત ભરી છે. શરીર ને વાણી એને કારણે, એને કાળે, એની ક્રિયા થાય તો મેં વ્યવસ્થિત જ્ઞાનને રાખ્યું એથી કામ થયું. મૂંઢ છો આહાહા! ભાઈ તે જડને આત્મા માન્યો, તને મિથ્યાત્વનું મહાપાપ છે એમાં. આહાહા!

ક્યા કહતે હૈ? ભાષા સમજતે નહિં હમ તો. હું તો એ સમજતો નથી. આ એમ કહે કે બરાબર ખાઈ શકે નહિં તો માંદો પડે, ધ્યાન રાખીને ખાય તો સાજો રહે એ બધી ભ્રમ છે અજ્ઞાનીની. આહા! એને જડ ને ચૈતન્ય બે જુદા એની એને શ્રદ્ધા નથી. હું શરીર વડે દયા પાળી શકું, શરીર વડે દયા પાળી શકું, પર જીવ મરતો બચાવું પાણીમાં પડયો હોય તો આમ કરીને, આમથી લઈને મૂકું છું એ મારી ક્રિયા છે એમ માનનારા જડને પોતાનું માને છે. આહાહા! સૂવામાંય આમ પડખું ફેરવું, એક પડખે જરી ઓલું થાય ત્યાં, એ મારા ધાર્યા પ્રમાણે હું એને પડખે ફેરવી શકું છું, શરીરના પડખાને આમ ફેરવું છું. આહાહા! પ્રભુ કહે છે કે શરીર ને તું પ્રભુ જુદા ને ભાઈ! એ જુદો, જુદા ને શું કરે? તને ભ્રમ છે. આહાહા! (**શ્રોતા :** તમે કહો છો કે ભ્રમ છે ને બીજા કહે છે કે ડાહ્યો છે) એ તો દુનિયા તો આહાહા!

પાગલમાં પાગલ સારો હોય એને પાગલ સારો કહે. દુનિયા પાગલ છે આહાહા! એ ભ્રમ હવે છોડી દે. આહાહા! અને તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો. એ તો અનાત્મા છે આત્મા તો નહિં. એનાથી થતી જેટલી ક્રિયાઓ એ બધી અનાત્માની ક્રિયા છે. હાલવાની, બોલવાની, ચાલવાની, લખવાની. આહાહા! મોટા પંડિત થઈને પણ આમ હું બોલી શકું છું, આમ હું સમજાવી શકું, જોર જાય જડમાં અરે પ્રભુ ભાઈ!

ભ્રમ છે તને એ, ભાષાને કાળે ભાષા જડથી નીકળે છે. આહાહા! આવું બેસે કેમ એને? (**શ્રોતા :** એનું નિમિત્તપણું તો ખરુંને!) નિમિત્તની વ્યાખ્યા? એ કરતું નથી માટે નિમિત્ત. કરે તો તો ઉપાદાન થઇ ગયું. આહાહા! આહાહા! તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો, એટલે કે તે પર છે એમ જો. આહા! બાયડી, છોકરા, કુટુંબ, મકાન, દુકાન તો ક્યાંય રહી ગઇ. શાંતિભાઇ! એ તો ક્યાંય રહી ગઇ. આંહી તો આ.

(**શ્રોતા :** દુકાન તો ત્યાં રહી ગઇ પણ અહીં ગળે ચોંટી છે ને?) એને તો મમતા છે કે દુકાન મારી. દુકાન એની કે 'દિ હતી? દુકાન તો જડની છે. આહાહા! જ્યારે તમે અનેક તત્ત્વ માનો તો તો અનેક તે, તે પોતાથી થઇને બદલી રહ્યું છે. એ આત્મા એમ માને કે મારે લઇને આ શરીરમાં આ પ્રમાણે વ્યવસ્થિત હાલે. ધ્યાન રાખું તો પગ આમ હાલે, આમ હાલે, આમ જવું હોય તો આમ જવાય. એ બધી ક્રિયાઓ જડની છે. આહાહા! જો તું એવી રીતે આત્મબુદ્ધિથી ન જો. પર છે એમ જો. આહાહા! એને તું આત્મબુદ્ધિથી ન જો. એટલે એ મારા છે અને જેમ હું ધારું, તે પ્રમાણે એમાં હું કરી શકું છું એમ ન જો. આહાહા!

જુઓને આ બાઇ પડી છે ને સાત સાત મહિનાથી. શાંતિલાલ ખુશાલ. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા છે. ગોવા, ગોવા. બે અબજ ચાલીસ કરોડ. સાત મહિનાથી એ બાઇ અસાધ્ય છે. ધણી મરી ગયો. એના બાપની મામી છે આ છોકરાની, એના બાપની સગી મામી છે. ધણી મરી ગયો પાંચ દસ મિનીટમાં કંઇક મને દુઃખે છે એમ કહીને. ચાલીસ ચાલીસ લાખના મકાન દસ દસ લાખના બે બીજા, બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા. બસ્સે ચાલીસ કરોડ રૂપિયા. શું એ તો ધૂળ છે, પર છે એમાં આત્માને શું એમાં? આહાહા! અને આ બાઇ તો સાત મહિનાથી અસાધ્ય છે.

હમણાં ત્યાં આવ્યો'તો એનો જમાઇ, વિંછીયા વાળો છે ને રસિકભાઇ, નથી ઓલો આપણે કામ કરતા, એના ભાઇના દીકરા વેરે આપી છે, એ આવ્યો'તો ત્યાં. મારી સાસુ સાત મહિનાથી અસાધ્ય છે કહે. ઓલો વિંછીયાવાળા નહિં શાંતિભાઇ વિંછીયાવાળો મુંબઇમાં નથી ઓલા રસિક, રસિક, મોઢા આગળ નથી બોલતો બહુ કામ કરતો. (**શ્રોતા :** રસિકલાલ ધોળકિયા) હા ધોળકિયો, એનો મોટોભાઇ, એના દીકરા વેરે દીકરી છે આની. એ આવ્યો'તો ત્યાં મુંબઇમાં ત્યાં ઓલામાં, ભાઇ મોટાણીના ઘરે. મોટાણીના ઘેરે ઉતર્યાતા'ને અમે? મારી સાસુ સાત મહિનાથી અસાધ્ય છે. એલા પણ તારા ચાલીસ - ચાલીસ લાખ રૂપિયાના બંગલા બે અબજ ને ચાલીસ કરોડ, ધૂળ પડી છે ને? અસાધ્ય મડદું પડ્યું છે એ કહે. આહાહા! પણ એને ને પરને સંબંધ શું છે. આહાહા!

સારું શરીર હોય તો ધ્યાન રાખીએ તો નિરોગતા રાખી શકીએ અને પથ્ય ન ખાઈએ તો નિરોગ રહે અને પથ્ય ખાઈએ તો રોગ નિરોગ રહીએ. અપથ્ય ખાઈએ તો સરોગ થાય. એ બધી ક્રિયાઓ આત્માની નહિં, ઝીણી વાત છે ભાઈ. આમ તો દયા પાળે ને વ્રત પાળે અને પણ હજી માને દેહની ક્રિયા મારી એ તો મિથ્યા દ્રષ્ટિ છે. આહાહા! એને ધર્મ તો નથી પણ પાપનો ભાવ છે. આહાહા! આવી વાત છે. અને એમ જો તું એવી આત્મબુદ્ધિ એ ન જો શરીરને. તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કર. આહાહા! આત્મા જ્ઞાન સ્વરૂપ છે એ જ્ઞાનમાં આવીને ભિન્ન જો એને. આહા! ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાન શું કરે? પરને માને પોતાનું એ તો અજ્ઞાન છે. પરનું કરી શકે જ્ઞાન? અજ્ઞાન છે. એ જ્ઞાનમાં આવી અને પરવસ્તુને પર જાણ. એ પરની ક્રિયા મારાથી થાય છે એમ છોડી દે. આહાહા! તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કર. બંન્નેની એકતાબુદ્ધિ છોડી દે. આહાહા! શરીર ને આત્મા એક, અરે! રાગ ને આત્મા એક મિથ્યાત્વભાવ છે.

ત્રિકાળી શુદ્ધ જ્ઞાન સ્વભાવ, રાગનો કણ વિભાવ, બેની એકતા, આહાહા! પરની દયા પાળવાનો ભાવ રાગ, તે રાગ ને આત્મા એક, મિથ્યાત્વને સેવે છે. આહાહા! આવી મારગની રીત છે ભાઈ! દુનિયાને અંતરની વાતું મળી નથી ને બહારનું આ બધું, આ કરો ને આ કરો, મંદિર બનાવો આ બનાવ્યાને. આહાહા! કોણ બનાવે? એ પરમાણુ, પરમાણુ એનો બાપુ તને ખબર નથી. તે ક્ષેત્રે, તે કાળે, તે જાતની પર્યાયની ઉત્પત્તિ ત્યાં થવાની એને લઈને એ થયું છે. રામજીભાઈએ બહુ ધ્યાન રાખ્યું. વજુભાઈએ (**શ્રોતા :** ધ્યાન તો વજુભાઈ સાહેબે રાખ્યું) ધૂળેય ધ્યાન નથી રાખ્યું, ધ્યાનની પર્યાય એની પાસે રહી . આ પર્યાય એનામાં ગઈ. આહાહા! બહુ આકરું કામ.

અમે બનાવ્યું આ. જુઓ કેવું બન્યું પાછું ખુશી ખુશી થાય. અક્ષર કોતર્યા ને આ બાપુ એ ભાઈ, શરીરના રજકણની અવસ્થા પણ બદલાતી તારાથી નહિં આહાહા! તો આ બધું તારાથી થાય. બાપુ અભિમાન છે મિથ્યાત્વનું. આહાહા! આવો માર્ગ છે. અમે મંદિર બનાવ્યા, અમે આ કર્યું, આ કર્યું. આહાહા! જે કાળે તે જડની અવસ્થા એનો જન્મક્ષણ છે, તે તે પર્યાયને ત્યાં ઉત્પત્તિનો તે કાળનો એ કાળ છે. આહાહા! એને ઠેકાણે ત્યાં ઉભો રહેલો આત્મા, મારાથી આ વ્યવસ્થિત કામ થયું, મિથ્યાત્વ છે ભાઈ! આહા! કહો ત્રંબકભાઈ શું? હેં? આ સંચો કરે તમારો ચીમનભાઈ મોટા સંચા નથી હલાવતા કેવા? જોરાવરનગર સ્ટીલનો સંચો મોટો છે. હમણાં ગ્યા'તા હોં, વઢવાણથી આવતા અમે ગ્યા'તા, તમેય હતાને? આહાહા!

કોના સંચા ને કોના બાપુ. એ જડની સંયોગની દશા કોણ કરે ને કોણ એને પોતાની માને? આહાહા! થાય તે જડથી, માને તે અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને. આહાહા! આવો વીતરાગ મારગ ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવે આ પ્રવાહ સત્‌નો મૂક્યો. આહાહા! તું તારા શરીરના સંબંધમાં એ જેવી ભૂલ કરે છે, એવી ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે. બીજો જીવ છે એ શરીરને આમ હલવે છે ને,આમ કરે છે ને આમ કરે છે. આહાહા! એણે આમ થપ્પડ મારી શરીરથી તો કહે એ આત્માએ એને થપ્પડ મારી. એ તો શરીરની ક્રિયા છે એ આત્મા કરી શકે? થપ્પડ મારવાની ક્રિયા, માળું એવું પણ કેવું? બાપુ માર્ગ એવો છે. સમ્યગ્જ્ઞાનથી શરૂઆત એની. જડની કોઈ પણ રજકણની અવસ્થા, પુસ્તક આ બનાવવા અને એના લેખો લખવા એ આત્માની ક્રિયા છે એમ ત્રણકાળમાં નથી.

સોનગઢથી કેટલા પુસ્તકો ચૌદ - પંદર લાખ બહાર પડયા છે. લ્યો! ભાઈ કહેતા તા એકવીસ લાખ થયા છે હુકમચંદજી, ત્યાંના પાંચ(૫) - સાત(૭) લાખ. હુકમચંદજી એમ કહેતા એકવીસ(૨૧) લાખ. ચૌદ(૧૪) - પંદર(૧૫) લાખ અહીંના ને પાંચ(૫) - સાત(૭) લાખ ન્યાંના જયપુર. એકવીસ લાખ પુસ્તક બહાર પડયા છે. પુસ્તક બહાર પડયું છે ને? કે આત્માએ કર્યું છે? બહુ કામ બાપુ! આહાહા! જડ ને ચૈતન્યની ભિન્નતા અને ભિન્નતામાં એકતા માનવી. આહાહા! 'જડ ને ચૈતન્ય બંન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' મોટા પંડિત થઈને પણ એના અભિમાન એના. અમે ભાષણ આમ કરી શકીએ, આમ બોલી શકીએ, હળવે બોલવું હોય તો હળવે બોલી શકીએ, તાણીને બોલવું હોય તો તાણીને બોલી શકીએ. ભાઈ! એ હળવે ને તાણીની દશા કોની બાપુ! એ તો જડની છે ભાઈ આહા! તું ક્યાં એનો સ્વામી થઈ ગયો. આહા! બહુ કામ, વીતરાગ જૈનદર્શન.

શ્રીમદે કહ્યું ને એક વાર તણખલાના બે કટકા કરવાની અમારી શક્તિ નથી. એટલે કે તણખલાના બે કટકા આત્મા કરી શક્તો નથી એમ એનો અર્થ છે. તણખલું હોય ને એક એ તો પુદ્‌ગલની ક્રિયા છે. છૂટું પડવું ને ભેગું થવું એ તો જડની ક્રિયા છે. ત્યાં એમ કે કે તણખલાના બે કટકા કરવાની શક્તિ નથી એટલે કે કરી શક્તો નથી. આહાહા! આખો દિ'આ કાપડના ધંધા, આમ પહોળા કાપડ કરે ને ભેગા કરે ને આમ કરે ને તેમ કરે, ફાડીને આપે ને આ બધી ક્રિયા આત્મા ન કરતો હશે? ભાઈ! એ જડ પદાર્થ છે અને જડની અવસ્થાનો એને એ પ્રકારનો એનો એ કાળ છે તે ત્યાં જડમાં જડથી થાય છે. આહાહા!

આ અહીંયા કેવું સ્વાધ્યાય મંદિર પહેલું બનાવ્યું લ્યો, પછી આ વળી બન્યું દેરાસર, પછી સમોસરણ, પછી આ માનસ્તંભ ને પછી આ. એક જણો કહેતો તો નહિં તે દિ' ? એક જણો આવ્યો'તો કાગળ કે ૩પતોલા સોનું છે મારી પાસે તો સમયસારનું પૂઠું સોનાનું બનાવો. ભાઈ ! હવે રહેવા દો બાપું ! થયું તે થયું ના પાડવી પડી. કોઈને કહ્યું તો નથી કે આપણે કોઈ દિ' કે આમ કરો. એ તો એના કારણે થવું હોય ત્યારે થાય. (**શ્રોતા :** આપે નથી કહ્યું પણ બીજા કોઈએ કીધું હશેને ?) કોઈએ કહ્યું નથી. એની મેળે થયું છે. આહાહા ! કોઈ દિ' કોઈને આંહી પાંચ પૈસા આપ એય કહ્યું નથી. એને જ્યાં રજકણોને આવવાના હોય એ આવે એમાં કોણ કર્તા એનો ? આહાહા ! માણસો નથી કહેતા કે ખાનારનું નામ દાણે દાણે છે એમ કહે છે ને ? (**શ્રોતા :** રૂપિયે રૂપિયે નામ છે એમ નથી કહેતા) રૂપિયે રૂપિયે નામ છે એનો અર્થ દાણો દાણો. એ રૂપિયે રૂપિયામાં જ્યાં એ રૂપિયો જ્યાં આવવાનો ત્યાં તે આવવાનો. જે એની નોટ જ્યાં આવવાની ત્યાં આવવાની એના કારણે. બીજો કહે કે હું લાવું ને દઉં.

બાબુભાઈ ! શું હશે આ તમારે ? ધંધો તો તમારે બાબુભાઈને મોટો ધંધો છે દેહગામમાં ગુણીઓ ગુણીઓ મોટી. ભારે આ ભારે. સુજાનમાલજી ! પોતે માને તો પાર આવી જાય. એની તાકાત એની છે કે નહિં ? હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન કોનું કરે ને કોની પાસેથી કાર્ય લે ? આહાહા ! ચૈતન્ય હીરલો, અનંતગુણના પાસાથી પડયો પ્રભુ ! આહા ! ખરેખર તો એના પરિણામ જે થાય છે જીવના, એ પરિણામ પણ ત્રિકાળી ધ્રુવથી નહિં. આહાહા ! તો પરના પરિણામ જીવ કરે ? આહાહા ! દ્રવ્ય પર્યાયનો દાતાર નથી ને કર્તા નથી. આહાહા ! ભાઈએ તો એકવાર નિહાલભાઈએ તો લખ્યું નથી ? પરિણામ પરિણમી ગયા ને હું એવોને એવો રહી ગયો. લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે, લોકોને ખબર નથી. પરિણામની દ્રષ્ટિ ધ્રુવ ઉપર છે એટલે એ પરિણામ બદલી ગ્યા ને હું તો એવોને એવો. હું એટલે ધ્રુવ. આહાહા !

ન બેસે એને આ નિહાલભાઈની વાત જરી પરમ સત્ય છે. નિશ્ચયાભાસ જેવું કરીને કાઢી નાખ્યું બહારે. ઓલા જ્ઞાનચંદજી આવ્યા'તાને જોવા. એ કહે કે તમે એને નિશ્ચયાભાસ ઠરાવો તો અમે જોવા આવીએ. કહો ઠીક. આ સાલ જોવા આવ્યા'તા તમારી પાસે આવ્યા'તા. કલકત્તાવાળા  હા દિલ્હીવાળા, દિલ્હી. દિલ્હી. જયકુમાર ને જ્ઞાનચંદજી અહીં આવ્યા'તા, જયકુમાર પણ બેય જણાએ ન્યાલભાઈને તમે નિશ્ચયાભ્યાસ ઠરાવો તો અમે આવી શકીએ મેળામાં. હવે આવો ન આવો અહીં અમારે અહીં શું કામ છે. તારે એનું કામે શું ? એ જ્યાં છે ત્યાં હતા. આહાહા ! આંહી કહે છે એ બંન્નેની

એકતાબુદ્ધિ છોડી દે. તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે એવી ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે. તાણીને બોલે તો કહે એ આત્મા બોલે છે. એ હાલે બરાબર ઉતાવળા પગે તો કહે એ આત્મા હાલે છે. એટલે પરને પણ તું એના શરીરને આત્મા માને એનો. આહાહા! અને નજરે તો સગાવાલા પડે છે એ તો શરીર પડે છે આત્મા તો નજરે પડતો નથી.

બાયડી છોકરા એનું શરીર એ એ શરીર એ મારી બૈરીને આ મારો છોકરો ને આ મારો, આહાહા! ભ્રમ તે ભ્રમ પણ. માટે તેમના આત્માને પણ તેમના શરીરથી ભિન્ન જાણ. આહાહા! એની શરીરની જે ક્રિયા થાય, વાણીની ક્રિયા થાય એ એના આત્માની નહિં. એનો આત્મા ત્યાં ભિન્ન છે. આહાહા! શરીરને શરીર જાણ અને આત્માને આત્મા જાણ. બહુ સાદી ટૂંકી ભાષા પણ બહુ માલ છે એમાં હેં? આહાહા! અને પાઠમાંય એ છે ને એ ચીજ.

पश्ये निरंतरं देहमात्मनोऽनान्मचेतसः। એમ છે ને? પાઠની વ્યાખ્યા કરી છે એ તો.

## વિશેષ

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः ।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ।।५७।।**

એ મૂળ ગાથામાં ઉપદેશ છે એનો એનો વિસ્તાર કર્યો છે. અદ્ધરથી નથી કર્યું કાંઇ? આહાહા! આમાં માણસને ખુશી થાય, શી રીતે? કાંઇ કરી શક્તો નથી? પરનું કાંઇ કરી શક્તો નથી. પોતામાં અજ્ઞાનપણે રાગદ્વેષને કરે અને ભાનપણે જ્ઞાતાદ્રષ્ટાના પરિણામને કરે એટલો પણ વહેવાર છે, આહાહા! આહાહા! કેમકે આત્મા તો જ્ઞાનરસ સ્વભાવ સ્વરૂપ છે, જ્ઞાનચક્ષુ છે, એ તો જ્ઞાનચક્ષુ છે. એ જ્ઞાનચક્ષુ પરનું શું કરે? આહાહા! આંખ છે એ આમ આમ કરે માટે વેળુ નીકળે. વેળુના ખાડા પડે ને આમ જાય તો ખાડો ભરાય. એ આંખનું કામ છે? આહાહા! એમ આંખની આ પાપણ ફરે, એ પણ જડની ક્રિયા છે આત્માથી નહિં. આહાહા! અવાજ જે આવે છે એ જડની દશા છે ભાષાની, આત્માથી અવાજ ન આવે. આહાહા! ભારે કામ. હેં? આહા! સ્વ સ્વરૂપમાં સ્થિર થઇ જ્યાં સુધી તું, દેખો ભાષા એટલે કે આ જ્ઞાન સ્વરૂપ છે આત્મા, એ જ્ઞાનમાં જ્યાં સુધી સ્થિર ન થાય એકાગ્ર.

સ્વસ્વરૂપમાં સ્થિર થઇ જ્યાં સુધી સ્વ પરનું ભેદજ્ઞાન કરીશ નહિં આ રીતે પણ હોં! જ્ઞાન સ્વરૂપમાં એકાગ્ર થઇ અને સ્વ પરનું ભેદજ્ઞાન કરીશ નહિં. આહાહા!

જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન એમાં અંતરમાં એકાગ્ર થઈને જ્યાંસુધી તું સ્વ અને પરનું ભેદજ્ઞાન કરીશ નહિં, આહાહા ! ત્યાં સુધી શરીર આદિ પર પદાર્થ સાથે તારી આત્મબુદ્ધિ, ત્યાં સુધી શરીર, વાણી, આહાહા ! સંયોગોમાં આવેલા બાયડી, છોકરા, કુટુંબ,મકાન આહાહા ! એના બાપદાદાનું મકાન હોય તો પછી આપણા બાપદાદાનું મકાન, અમારું મકાન, અમે આમાં જન્મ્યા છીએ માટે, ગરીબ માણસ હતા ત્યારે વેંચાઈ ગયું. પણ હવે પૈસા થ્યા તો માંગે તે દઈને લઈ એ કારણકે એમાં એમાં જનમ અમારો. અમારું મકાન છે.

ઉમરાળામાં અમારે થયું'તું બ્રાહ્મણને. ગામમાં મકાન હતું, વેંચાઈ ગયું. વેંચી દીધું સાધારણ હશે તે. પછી થયા પૈસા, પછી એની મા કહે બેટા આ તારો જનમ આંહી છે. આ તારા બાપનું ઘર છે. માંગે એટલા પૈસા દઈને મકાન લઈ લે આપણું. બન્યું છે આ તો. એમ કંઈ સાધારણ હતું તો દસહજાર એવો કાંઈક આંકડો મૂક્યો ઓલાએ. દસહજાર તો દસહજાર લાવ. ઉમરાળામાં થયું હતું. આ એક સાદા, બીજા એક કરોડપતિ છે બીજા ભાનુભાઈ. આ બીજા હતા. આહાહા ! માણસને ક્યાં ઊભો છું અને જ્યાં ઊભો છું ત્યાં હું કોણ છું ? અને જ્યાં ક્ષેત્રે, કાળે, ભાવે જ્યાં છું ત્યાં હું કોણ છું ? ને આ કોણ છે ? એની એને ખબરું ના મળે. પાગલની જેમ, આહાહા ! ધંધામાં પણ આમ ગુણીયું ફેરવે, ખજૂરના વાડીયા ફેરવે, સાકરના બધા ઘરે. એકાકાર એકાકાર. કહે છે સ્વ સ્વરૂપમાં સ્થિર થઈ એમ થઈને, જ્ઞાનસ્વરૂપ તે હું. રાગાદિ પર હું નહિં. આહાહા !

સંઘના અગ્રેસરો મુખ્યપણે કેટલાક બહુ પૈસા આપે એને અગ્રેસરો કરે. લ્યો પૈસા પાંચ, દસ લાખ આપે એથી એ સંઘવી થઈ જાય. લ્યો પૈસે પદ મળ્યા. હેં ? શેના સંઘવી બાપા ! આહાહા ! અનંતગુણનો સંઘ તારો, એનો સ્વામી તું છો. આહાહા ! અનંત ગુણનો સામ્રાજ્ય એવો ભગવાન આત્મા એનો એ સ્વામી છે. એ રાગનોય સ્વામી માનવો એ તો મિથ્યાભ્રમ છે. આહાહા ! આવું સાંભળવા મળવુંય મુશ્કેલ પડે. આ તો આ વ્રત કરો ને તપસ્યા કરો, આ કરો ને તે કરો. હંમેશા પૂજા ભક્તિ કરો, પડિમા લ્યો, બાપા ! ભાઈ તું કોણ છો ? ક્યાં તારે જાવું છે ? બહારની ક્રિયા પ્રવૃત્તિ થઈ એ તારાથી થાય છે ? આહાહા ! તારું સ્વરૂપ અંદર જ્ઞાન છે. એ જ્ઞાનમાં સ્થિર થઈ એટલે એની તરફના વલણમાં રહી અને જ્યાંસુધી સ્વપરનું ભેદજ્ઞાન ન કરે, આહાહા ! ત્યાં સુધી શરીર આદિ પર પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ, એકતાબુદ્ધિ, આટલી ભાષા વાપરી. આહાહા !

ભગવાન આત્મા, સ્વસ્વરૂપ એ જ્ઞાનને આનંદ સ્વરૂપ એનું સ્વ રૂપ તો જ્ઞાન ને આનંદ છે, એમાં ઠરીને પરથી ભેદજ્ઞાન જ્યાં સુધી નહિં કરે, આહાહા ! ત્યાં સુધી

પર પદાર્થ સાથે તારી આત્મબુદ્ધિ, એકતા બુદ્ધિ, આહાહા! મમત્વ બુદ્ધિ એ મારા એમ, કર્તાબુદ્ધિ, મેં કર્યું. ચાર શબ્દ વાપર્યા છે. આહાહા! જીવતો જીવ છે ભાઈ! એ તો ઉછાળા મારે ને એમ માણસ વાતું કરે. એ કાંઈ મરી ગયો છે? ચંદુભાઈ! કહે છે એમ જીવતો જીવ છે તે કાંઈક ઉછાળા તો મારે ને? આમ કરું ને આમ કરું ને આમ કરું. (**શ્રોતા :** એ ઉછાળા રાગના છે કે જીવના છે?) આહાહા! એમાંથી જ્ઞાનની લહેર ઉઠે એ જીવતો જીવ છે. એમાંથી શ્રદ્ધા સમ્યક્ ઊઠે, જેમાંથી શાંતિ સ્થિરતા ઊઠે એ જીવનું જીવન છે. આહાહા!

આ જીવન જગતના. આહાહા! જ્યાં સુધી જ્ઞાન સ્વરૂપી પ્રભુ પોતાની અસ્તિત્વ, હૈયાતિ, જ્ઞાન ને આનંદ સ્વભાવે પોતે છે, એવી અંતરમાં એકાગ્રતા ન થાય ત્યાં સુધી પર પદાર્થની એકતાબુદ્ધિ એની ટળે નહિં. આહાહા! ત્યાં સુધી એની એકતાબુદ્ધિ આત્મ બુદ્ધિ ટળે નહિં, મમત્વ બુદ્ધિ ટળે નહિં. કેમ કે આ બાજુ જ્ઞાન સ્વરૂપ હું, એવી જ્યાં સુધી અંતર સ્થિરતા ન થાય, ત્યાં સુધી એને મમત્વ બુદ્ધિ આ મારા એમ રહ્યા કરે. મારા જે છે એમાં એકત્વ નથી. મારા જે છે જ્ઞાન ને આનંદ એમાં એકતા નથી, તેથી એને રાગાદિ મારા છે એવી મમતાબુદ્ધિ એને થાય. આહાહા! આવો ઉપદેશ કેવો? ઓલા તો કહે વ્રત લ્યો, તપસ્યા કરો, અપ્પા કરો, દાન કરો, દયા કરો અરે પ્રભુ! એ બધી વાતું આહાહા! (**શ્રોતા :** એ તો બધા પરસન્મુખના ભાવો છે) આહાહા!

ભાઈ મૂળ તત્ત્વમાં 'મૂળમાં ભૂલ' છે. મૂળમાં ભૂલ આપણે છપાણું છે ને? આહાહા! કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહિં એટલે જે સ્વરૂપે જ્ઞાન ને આનંદ સ્વરૂપે પ્રભુ છે એમાં આવ્યા વિના, પર મારા છે એ છૂટશે નહિં. આહાહા! ચંદુભાઈ! આહાહા! મારા જે ભાવ છે, પોતાનો જે સ્વભાવ છે તે સ્વભાવમાં આવ્યા વિના એ પરચીજની મારાપણું એને નહિં ટળે. મારાપણું જે છે તેમાં આવે, એને પરપણું મારાપણું છે તેમ ન થાય. સમજાણું કાંઈ? સોનગઢને પાદર આવો ઉપદેશ. આ તો નાનું ગામડું કહેવાય. મારગ તો આવો છે બાપુ. ત્રણે કાળ પરમસત્ય. આત્મા પરને માટે પાંગળો છે. પાંગળો છે. કોણ કરે ભાઈ? આ હોંશિયાર હોય એ દુકાન કેવી ચલાવે છે માળા? આ ચીમનભાઈ કેવા કરે છે લ્યો કારખાના?

આ અમારા બાબુભાઈ મોટી દુકાનો મોટી મોટી. ત્યાં દુકાને નો'તા ગ્યા ત્યાં એક ફેરે જોયું છે. કેટલીક ઘડીઓ પડી હોય ને એ દુકાનમાં માલ વેંચે, બે ગુણુ ચાર ગુણુ. એ દામોદરભાઈ એ રંગ વેંચે છે. નવીન આહાહા! ભગવાન તું તારામાં જ્યાં સુધી ન આવ ત્યાં સુધી પરવસ્તુની મમતા તને મારા, એ નહિં મટે એમ કહે છે. આહાહા! તું

તારામાં એટલે તારું એટલે જ્ઞાન ને આનંદ. આહાહા ! તારો એટલે જ્ઞાન ને આનંદ એ તારો ભાવ ને તારો સ્વભાવ અને તે તું. એમાં ન આવે ત્યાં સુધી, પરવસ્તુમાં આ મારા છે એ નહિં છૂટે એને. આહા ! ક્યાંક ક્યાંક એને લપ રહી જશે. આહાહા ! તારા દુઃખનો અંત આવશે નહિં. આહાહા ! જે તારો સ્વભાવ છે, જ્ઞાન ને આનંદ એમાં આવ્યા વિના, પર, મારાપણાની બુદ્ધિ એને નહિં છૂટે ત્યાં સુધી એને દુઃખનો અંત નહિં આવે. આહાહા ! ભલે પછી મોટો પંડિત થઈને ફરે. સાધુ નામ ધરાવીને ફરે. અમે પડિમાધારી છીએ. આહાહા !

પણ જેણે જ્ઞાન ને આનંદનો સ્વભાવ મારો છે એમ જોયું નથી, જાણ્યું નથી, આવ્યો નથી એમાં આવ્યો નથી, આહાહા ! એને ક્યાંક પરમાં મારાપણું આવ્યા વિના રહેશે નહિં. આહાહા ! સમજાણું કાંઈ ? માટે બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા. એટલે કે બાહ્યચીજમાં મારાપણાને માનવું છોડી દઈ જે ચીજ તારામાં છે તેમાં આવી, આહાહા ! આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ જ સુખનો ઉપાય છે. જે એનો સ્વભાવ છે ભગવાન આત્માનો, જ્ઞાન ને આનંદ, શાંતિ ને સ્થિરતા એ સ્વભાવમાં આવતાં, પરની એકત્વબુદ્ધિ તૂટતાં એ સુખી થશે. આહાહા ! એ સુખનો ઉપાય છે એ સુખી થશે.

આ પાંચ પચાસ લાખ મળ્યાને આ થ્યુંને છોકરા થ્યા ને સુખી થયા. શું ઓલો કહેતો તો ભાઈ અતુલ, અતુલ, ભાઈ અતુલ નહિં ? (**શ્રોતા :** ધીયા) ધીર્યો, એ મુંઝાઈ ગયો છે બિચારો. મુંઝાઈ ગયો છે, બે વાર આવ્યો'તો મારી પાસે, પહેલો અમદાવાદ ને પછી એને બિચારાને એમ કે એને બીજે પરણાવી હોત તો સુખી થાત ઈ ને અમેય સુખી થાત. અરે શું બોલે છે કીધું આ ? લાલભાઈની દીકરી આપઘાત કર્યો છે ને ? આને આઘાત થયો છે છોકરાને, ચારેકોરથી મોઢું ફરી ગયું છે, ફીકુ થઈ ગ્યુ છે આમ બોલ્યો અમારી પાસે. એને બીજે પરણાવી હોત તો એ સુખી થાત ને અમે પણ સુખી થાત. સુખી એટલે અમને આ પળોજણ ન હોત પણ સુખી થાત એમ બોલ્યો. આહાહા ! જગતની ચીજ અને ત્યાં વો'રાવા આવ્યા હતા ત્યાં જુનાગઢ એય ભુલી ગ્યો ઓલી મૂંઝવણમાં. બેય જણા વોરાવ્યુંતુંને આ જાત્રામાં. મેં નજરેય કરી'તી છોડી ઉપર જરી એને બરાબર કાંઈ નહોતું સુખ. જુનાગઢ ગ્યા'તાને ? મહાસુદ બીજ, તીજ, ચોથ, પાંચમ. ચાર દિ' ત્યાં વોરાવ્યું હતું બેય જણાએ. એય કહે કે મને ખબર નથી લ્યો. આ અતુલ કહે. મુંઝાઈ ગ્યો બિચારો. આહાહા ! શું જગતની ચીજ ? હેં ?

(**શ્રોતા :** અમદાવાદ આવ્યા'તાને અતુલભાઈ) ના એ તો રાજકોટ હતાને ? પહેલા અમદાવાદ આવ્યો'તો. ત્યાં આવ્યો તો ત્યાં પણ આવ્યોતો એકલો બાબુભાઈના

ઘરે અને અહિંયા આવ્યોતો, બે વાર અહીં રાજકોટ. એકલો આવ્યો'તો કોઇ નોતું. એ વાતું તે દિ' કરતો. આહાહા! શું માણસો નહિં તો કરોડપતિ છે એ તો કરોડપતિ, સવા કરોડ રૂપિયા. એના દીકરાનો દીકરો છે. પણ ધૂળમાંય નથી. આહાહા! મને આમ થ્યું, મારે આમ થ્યું પણ તને, તું કોણ? તું તો જ્ઞાન ને આનંદ એમાં શું થયું તને? તે માન્યું કે મને આમ થ્યું, આ શરીરમાં આમ થ્યું. બાયડી મરી ગઇ, ફલાણાથી આમ થયું. એને લઇને હેરાન થયો. પણ કોને લઇને એ તો તેં માની વાત છે. આહાહા! કહે છે બહિરાત્માપણું છોડી સ્વરૂપમાં સ્થિર થા એ સુખનો ઉપાય છે.

૫૭ થઇ. ૫૮ હવે આચાર્ય કહે છે. આત્મતત્ત્વને સ્વયં અનુભવીને, મૂંઢ આત્માઓને કેમ સમજાવતા નથી? એમ પ્રશ્ન થયો. મહારાજ આપ તો આત્મતત્ત્વને જાણો છો તો મૂંઢ આત્માઓને સમજાવોને. બિચારા મૂંઢ છે જીવને. આહાહા! જુઓ એ શૈલી લીધી છે. જેથી તેઓ પણ તે જાણે. એવું બોલનાર પ્રતિ કહે છે. છે ને?

**नन्वेवमात्मतत्त्वं स्वयमनुभूय मूढात्मनां किमिति न प्रतिपाद्यते येन तेऽपि तज्जानन्त्विति वदन्तं प्रत्याह –**

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ।।५८।।**

મૂઢાત્મા જાણે નહિં વણબોધ્યે જ્યમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહિં, ફોગટ બોધન-કષ્ટ ।। ૫૮ ।।

**टीका** : मूढात्मानो मां आत्मस्वरुपमज्ञापितमप्रतिपादितं यथा न जानन्ति मूढात्मत्वात् । तथा ज्ञापितमपि मां ते मूढात्मत्वादेव न जानन्ति । ततः तेषां सर्वथा परिज्ञानाभावात् । तेषां मूढात्मनां सम्बंधित्वेन वृथा मे ज्ञापनश्रमो विफलो मे प्रतिपादनप्रयासः ।।५८।।

એવી રીતે આત્મતત્ત્વને સ્વયં અનુભવીને મૂઢ આત્માઓને કેમ સમજાવતા નથી, જેથી તેઓ પણ તે જાણે? એવું બોલનાર પ્રતિ કહે છે :-

**અન્વયાર્થ :** જ્ઞાનીઓ વિચારે છે કે - (यथा) જેમ (मूढात्मानः) મૂર્ખ અજ્ઞાની જીવો (अज्ञापितं) જાણ કરાવ્યા વિના (मां) મને એટલે મારા આત્મસ્વરૂપને (न जानन्ति) જાણતા નથી (तथा) તેમ (ज्ञापितं) જાણ કરાવ્યા છતાં પણ (न जानन्ति) જાણતા નથી (ततः) તેથી (तेषां) તેમને - એ મૂઢ જીવોને (मे ज्ञापनश्रमः) બોધ કરવાનો મારો પરિશ્રમ (वृथा) વ્યર્થ છે - નિષ્ફળ છે.

**ટીકા :** જેમ મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને, વગર કહ્યે (વગર સમજાવ્યે)

મૂઢાત્મપણાને લીધે જાણતા નથી, તેમ કહ્યા છતાં પણ તેઓ મને (આત્મસ્વરૂપને) મૂઢાત્મપણાને લીધે જ જાણતા નથી; તેથી તેમને સર્વથા પરિજ્ઞાનનો અભાવ હોવાથી તે મૂઢાત્માઓના સંબંધમાં બોધ કરવાનો (તેમને કહેવાનો) મારો શ્રમ વૃથા (વ્યર્થ) છે, અર્થાત્ તેમને તે સ્વરૂપ સમજાવવાનો મારો પ્રયાસ વિફલ (ફોગટ) છે.

**ભાવાર્થ** : આત્માનુભવી જ્ઞાની જીવ વિચારે છે કે - જેમ મૂઢ જીવો અજ્ઞાનતાને લીધે વગર સમજાવ્યે આત્મસ્વરૂપ જાણતા નથી, તેમ તેમને આત્મસ્વરૂપ સમજાવવામાં આવે, તોપણ તેઓ મૂઢપણાને લીધે સમજવાના નથી; તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે; કારણ કે તેમની બાબતમાં સમજાવો કે ન સમજાવો - બેઉ સરખું છે.

## વિશેષ

જ્ઞાનીઓ મૂર્ખ જીવોને આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે, કારણ કે :-

૧. મૂર્ખ જીવો બહિર્મુખ હોય છે. તેમની દ્રષ્ટિ બાહ્ય વિષયો તરફ જ હોય છે. તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જિજ્ઞાસા કે રુચિ હોતી નથી. તેઓ સદા વિષયોમાં જ રત હોય છે.

૨. 'હું બીજાઓને સમજાવી દઉં' એવી બુદ્ધિ જ્ઞાનીઓને હોતી નથી, કારણકે તેઓ જાણે છે કે કોઇ કોઇને સમજાવી શકે નહિં. તેમને બરાબર ખ્યાલમાં છે કે દરેક પદાર્થ પોતપોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે, કોઇ કોઇને આધીન નથી. તેમ કોઇ પદાર્થ કોઇનો પરિણમાવ્યો પરિણમતો નથી.[1] એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શક્તું નથી એવો વિશ્વનો અફર નિયમ છે. તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા-બુદ્ધિ નથી.

૩. અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઊઠે, પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે, કારણકે ભાષા-વર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે - સ્વતંત્ર છે. વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે એમ તેઓ કદી માનતા નથી.

૪. મારું સ્વરૂપ તો જાણવું - દેખવું તે જ છે. તે સિવાય હું બીજું કાંઇ ન કરી શકું. જો કાંઇ કરવાનો વિકલ્પ ઉઠે તો રાગ ઉત્પન્ન થાય. વાણીનો તો હું કદી કર્તા છું જ નહિં અને વાસ્તવમાં વિકલ્પનો પણ કર્તા નથી.

૧. જુઓ - મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ. ૯૨; ૩૦૮. શ્રી સમયસાર - ગુ. આવૃત્તિ - ગા. ૧૦૩; ૩૭૨.

૫. ચૈતન્ય સ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે; વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય તેવું નથી.

માટે જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. તેઓ તો સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. કદાચ ઉપદેશાદિની વૃત્તિ ઊઠે તો તેની મુખ્યતા નથી; તે વખતે પણ તેમને ચૈતન્ય સ્વરૂપની જ ભાવના હોય છે.

પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ - એ શુભ રાગ છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી.

''જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે. તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.''[૨] ૫૮

## પ્રવચન – ૭૨

**ટીકા :** જેમ મૂંઢ આત્માઓ. (ટીકા) મને એટલે આત્મસ્વરૂપને વગર કહ્યે, વગર સમજાવે, મૂંઢ આત્મપણાને લીધે જાણતો નથી. આહાહા ! મૂંઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને વગર કહ્યે, વગર સમજાવે, મૂંઢ આત્મપણાને લીધે જાણતા નથી. તેમ કહ્યા છતાં પણ તેઓ મને મૂંઢ આત્મપણાને લીધે જાણતા નથી. મૂંઢ છે એ નહિં જાણે. આહાહા ! શેનો ફોગટ કોને ઉપદેશ કરશે એમ કહે છે. આહાહા ! મૂંઢ આત્માઓ, આત્મસ્વરૂપને, વગર કહ્યે મૂંઢ આત્મપણાને લીધે જાણતા નથી તો કહ્યે પણ જાણતા નથી એમ કહે છે. એ તો એને જાણવું મૂંઢ થઇ ગયો છે એને. આહાહા ! તેઓ મને મૂંઢપણાને લીધે મને જાણતા નથી. એ મૂંઢ છે માટે જાણતા નથી. તેથી તેમને સર્વથા પરિજ્ઞાનનો અભાવ હોવાથી, ભાન જ ન મળે કહે છે એને. આહાહા ! પાગલ થઇ ગયેલા એને શું સમજાવું અમારે ? એમ કરીને ઉપદેશના વાક્યો શું કરવા એમ કહે છે. આહાહા ! એ વિકલ્પ શું કરવા કરવો એમ કહે છે. શું કીધું ઇ કે એ લોકો આત્માના સ્વરૂપને, મૂંઢને લઇને જાણતા નથી તો

૨. છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ, અરે !
તે કારણે નિજ-પર-સમય-સહ વાદ પરિહર્તવ્ય છે... ... (૧૫૬) (શ્રી નિયમસાર – ગુ. આવૃત્તિ ગા. ૧૫૬)

મારા કહ્યે પણ મૂંઢને લઈને નહિં જાણે. આહાહા! એને જાણવાનો ભાવ જ્યારે જાગશે ત્યારે જાણશે. આહાહા! મારગ આ.

સમાધિશતક છે. (**શ્રોતા** : સમાધિ કેમ થાય એનો ઉપાય બતાવે છે.) આહાહા! બીજાને સમજાવતા પણ નહિં સમજે એ ભાઈ! ક્યાંક ક્યાંક એ ઊંધા તર્ક કાઢશે. લ્યો આમ ? બસ. કોઈનું કાંઈ કરી શકે નહિં ? પાંગળો જીવ ? શરીરનું ન કરી શકે તો કોણ કરે છે આખો દિ' ? આહાહા! આ હાથ ઉંચો કર્યો ભાઈ કહેતો તો ઓલો વકીલ ચીમન ચકુ, સ્થાનકવાસીનો અગ્રેસર છે ત્યાં મુંબઈ. અહીં આમાં હતા ૯૭માં. મેં કીધું બાપુ પરનું. આ કર્યું લો કહે. ભાઈ! એમાં શું થયું તને ખબર નથી.આ મેં કર્યું એમ બોલ્યો ભાઈ કીધું એમાં શું થ્યું તને ખબર નથી. એ તારી પર્યાયમાં શું થયું અને એની પર્યાયમાં કેમ તે કાળે થયું એની તને ખબર નથી. મોટા વકીલને મગજમાં આમ બહારમાં સેવા કરે માટે અમે બધાની સેવા કરીએ છીએ. હમણાં ભાષણ આવ્યું'તું. શ્રદ્ધા વેદાંતની. આહાહા!

જૈન પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ શું કહે છે એ નહિં. બસ ઓલો વેદાંત સર્વવ્યાપક આમ છે ને. વાંચી વાંચીને સ્વાધ્યાયમાંથી એ કાઢયું. આહાહા! અરર! આ સ્થાનકવાસીના પાછા એ અગ્રેસર કહેવાય. આ સુશીલ ત્યાં નહોતો. કાલ વાંચવા આવ્યો'તો. મૂળ સ્થાનકવાસીમાં હું તો જાઉં છું ન્યાં કહે. સ્થાનકવાસી સાધુ છે ને એ સુશીલ ? એનો એવો અર્થ કરતો. નમો લોએ સવ્વ સાહુણં. જુઓ આમાં ક્યાં કીધું છે જૈનના સાધુને નમસ્કાર કરું છું. બધા સાધુ નમો લોએ સવ્વ સાહુણં. અરે પણ સાધુ હતા કે દિ' બીજા. વીતરાગ મારગ સિવાય વીતરાગની દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતા એ બીજે ક્યાંય હોઈ શકે નહિં. સવ્વમાં એ તો એના ને એના. નમો લોએ સવ્વ અરિહંતાણં એમ કહ્યું છે લ્યો. નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ ત્રિકાળવર્તી, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. એ તો સ્વરૂપને સાધે સર્વજ્ઞે કહેલું. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવ એણે કહેલો જે આત્માને એણે કહેલા તત્ત્વો એ અંતરમાં અનુભવીને જે અંતરમાં ઠરે છે, સાધે છે, એને અહિંયા સાધુ કહે છે. સમજાણું કાંઈ ? ભેખ બીજા પહેર્યા માટે સાધુ થઈ ગયો. જૈનો પણ દ્રવ્યલિંગ ધારણ કર્યું નગ્નપણું ને પંચમહાવ્રતની ક્રિયા એ કંઈ સાધુપણું નથી. સાધુપણું તો સ્વરૂપનું સાધન. જેના સાધ્યમાં કેવળજ્ઞાન પ્રગટે આહાહા! એ સ્વાભાવિક વસ્તુ છે કેવળજ્ઞાન તો એનું સાધન ઉપાય પણ સ્વભાવિક છે. પરદ્રવ્યનો સહારો એમાં નથી. આહાહા! એવા વિના સાધુ એ અત્યારે જાય છે મહાવીરનો સંદેશ દેવા પરદેશમાં. હજી પોતાને ભાન ન મળે ભગવાન શું કહે છે.

વીતરાગ સર્વજ્ઞ દેવ પરમેશ્વર ત્રિલોકનાથ એવું ક્યાંય છે (નહિં) સર્વજ્ઞ પરમેશ્વર તે પણ દિગંબર સંતો આહાહા! એવી વાણી ને આવું સ્વરૂપ ક્યાંય નથી. લોકોને પરીક્ષા ન મળે અને જ્યાં ત્યાં ભટકાય. રજનીશ આમ બોલે છે ને ફલાણો આમ અરે! ધૂળેય બોલતો નથી સાંભળને. દુકાનમાં મોટું સ્વાગત. એક દુકાનમાં ગ્યા ત્યાં સ્વાગત મોટું. મોટું પુસ્તક એક ત્યાં ભગવાન રજનીશ. અરે! મિથ્યાદ્રષ્ટિ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે કહેલો આત્મા, જિનેશ્વર દેવે કહેલા નવ તત્ત્વો એની ક્યાં ખબર છે એને? આહાહા! સર્વજ્ઞ જેના પંથમાં નથી, જેના મતમાં સર્વજ્ઞ સ્વભાવી માન્યો નથી એને પર્યાયમાં સર્વજ્ઞપણું આવે નહિં. એના મતમાં એવા શાસ્ત્રો હોય નહિં આહાહા! હેં? આહાહા! આ તો સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ એનો સ્વભાવ સર્વજ્ઞ છે. જીવનો સ્વભાવ સર્વજ્ઞ છે. એ સર્વજ્ઞ ધ્રુવ સ્વરૂપ છે. સમજાણું? જીવનો સર્વજ્ઞ સ્વભાવ ધ્રુવ સ્વરૂપ છે. ધ્રુવ સર્વજ્ઞ આહાહા! એનો આશ્રય લઈને જે પર્યાયમાં સર્વજ્ઞપણું થાય અને એણે જે જોયું જાણ્યું તે સાચું. બાકી બધી કલ્પનાથી વાતું કરે એ સત્‌ને મેળ ન ખાય. આહા! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પર્યાય જે થાય તે સર્વજ્ઞ ધ્રુવ સ્વરૂપ છે. ચૈતન્યનું સર્વજ્ઞ ધ્રુવ સ્વરૂપ છે. આહા!

પરમ પારિણામિક ભાવે તે ધ્રુવ સ્વરૂપ છે, એને અવલંબીને જે સર્વજ્ઞ દશા થાય તે સર્વજ્ઞ સાચા ને એને જાણ્યું તે સાચું, બાકી કલ્પનાના સર્વજ્ઞ મનાવીને એમ ન હાલે બાપુ. આ તો વીતરાગ માર્ગ છે. આહાહા! પંડિતાઈનું આંહી કંઈ કામ નથી. તત્ત્વ શું છે? વીતરાગ પરમેશ્વર. એણે આત્મા, એણે જડ, એનો રાગ, એ કોને કહ્યો? આહાહા! એણે તો એમ કહ્યું પર દવ્વાઓ દુગ્ગઈ. આહાહા! ગજબ વાત છે ને? ભગવાનની વાણીમાં એમ આવ્યું કે અમે પર દ્રવ્ય છીએ તારા હિસાબે, તારા હિસાબમાં અમે અમારી ઉપર લક્ષ કરીશ તો રાગ થશે, અને એ રાગ દુર્ગતિ છે એ સિદ્ધપદને નહિં આપે, દુર્ગતિને આપશે. આ દેવગતિ એ બધી દુર્ગતિ છે એ તો. આહાહા! આવી વાણી વીતરાગ સિવાય, દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિં. એની પરીક્ષા કરવા જાય તો ખબર પડે. એમને એમ માની લે એમ નહીં. આહાહા! જુઓને સંતો એમ કહે અમને તમે માનશો તો તમને રાગ છે. આહા! કારણ અમે પરદ્રવ્ય છીએ. તારું લક્ષ અમારા ઉપર જશે તને રાગ થશે. પરમ સત્ય. પરમ સત્યનો પોકાર છે.

નમો લોએ સવ્વ સાહુણંમાં એ દિગંબર સંતો સાચા હોય એ આવે, શ્વેતાંબરેય ન આવે ને અન્યમતિય ન આવે. બાબુભાઈ! આજે કાગળ એક આવ્યો છે કોક તમારો અમદાવાદનો. તકરાર ન્યાં અમદાવાદમાં સંઘમાં સરખું નથી ને? કાંઈક કાંઈક

ફાટફૂટ છે. ઓલા રતિલાલ, રતિલાલ ભૂરાભાઇ એ ક્યાંક જાતા હશે શ્વેતાંબરમાં એમ કાંઇ. પહેલાય કાગળ કોકનો આવ્યો'તો. આજેય આવ્યો છે ત્રણ તો ભાગ પડી ગયા છે એમ કહે એક મંડળમાં. આ વળી થશે તો ચોથો પડશે એવી વાતો કરે છે. હવે આ ચંદુભાઇ ગામમાં છે ને આવું થાશે? વિનુભાઇ. આહાહા! કહે છે કે મૂર્ખાઓ તો એની મેળાએ મૂર્ખા થયા છે હવે એ હું સમજાવીશ તોય તે મૂર્ખાઇપણું નહિં ટાળે આહાહા! માટે કોને સમજાવું હું? એમ કરીને વિકલ્પને તોડવાની વાત વિશેષ કહેશે ......

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતુ નથી, સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતુ નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટયુ છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટયુ છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી, દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે.**

**દૃષ્ટિનાં નિધાન ૨૮૯.**

# પ્રવચન – ૭૩

## શ્લોક – ૫૮

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૨૭.૦૬.૭૫**

नन्वेवमात्मतत्त्वं स्वयमनुभूय मूढात्मनां किमिति न प्रतिपाद्यते येन तेऽपि तज्जानन्त्विति वदन्तं प्रत्याह -

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ।। ५८ ।।**

મૂઢાત્મા જાણે નહિં વણબોધ્યે જ્યમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહિં, ફોગટ બોધન-કષ્ટ ।। ૫૮ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

**એનો ભાવાર્થ:** અહિંયા સમાધિતંત્ર ચાલે છે ને ? ને સમાધિથી વિરૂધ્ધ ભાવ એનો નિષેધ કરે છે. કહે છે આત્માનુભવી જ્ઞાની જીવ વિચારે છે, કે જેમ મૂંઢ જીવો અજ્ઞાનતાને લીધે વગર સમજાવે આત્મ સ્વરૂપ જાણતા નથી, વગર સમજાવે જાણતા નથી તો સમજાવે પણ જાણતા નથી એમ કહેવું છે. આહાહા ! એની યોગ્યતા સિવાય ઇ જાણશે નહિં તેમ તેમને આત્મ સ્વરૂપ સમજાવવામાં આવે તો પણ તેઓ મૂંઢપણાને લીધે સમજવાના નથી. આહાહા ! તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. (**શ્રોતા** : અજ્ઞાની પોતાને એમ જ માનતા હશે ?) એમ જ માને. છતાં આંહી કહે છે કે તમે એમ માનો છો ત્યારે બોલો છો શું કરવા ? એમ સામે પ્રશ્ન કરે ને માણસ ? (**શ્રોતા** : એમાં એને પાછો સમજાવવાનો વિકલ્પ તો ઉઠયો છે) માટે તો કહે છે ને વિકલ્પ ઉઠયો છે છતાં એ નિરર્થક છે એમ સિધ્ધ કરવું છે.

એ આત્માની વાત આહાહા ! જેના અનંત ગુણો ને અનંત સ્વભાવ જે ગુણોની સંખ્યાનો અંત નહિં. ઓહોહો ! જેના ભૂતકાળની આદિનો અંત નહિં એના કરતાં પણ જીવના ગુણો અનંતગુણા. આહાહા ! આંહી અંત નહિં એનાથી અનંતગુણા. ભવિષ્યકાળ છે અંત નહિં, એનો અંત નહિં. શું કહે છે આ ? એનાથી પણ જીવના ગુણ અનંતગુણા. જેનો ક્ષેત્રથી અંત નહિં એનાથી અનંતગુણા આ શી વાત છે ? એવા ગુણોનું સ્વરૂપ એને સમજાવવું, વગર સમજે પણ એ સમજતા નથી વગર સમજાવ્યે. તેમ એ સમજાવે પણ મૂંઢ જીવ હોય એ નહિં સમજે, માટે કહે છે એને સમજાવવું, તેમની વાતમાં સમજાવો કે ન સમજાવો બેય સરખું છે. આ તો વિકલ્પ છે એ અસમાધિ છે એ સિધ્ધ કરવું છે. સમજાવવાનો વિકલ્પ ઉઠયો ઇ યે અસમાધિ છે. આહાહા ! લખવા વખતે એ ઉઠયો તો છે ત્યારે ઉઠયો છે ત્યારે એમ કહે છે બાપુ ! કે ખરેખર વિકલ્પ એ મારું કર્તવ્ય નથી અને વિકલ્પમાં ગુણો છે ઇ કાંઇ વિકલ્પમાં આવતા નથી અને ઇ વિકલ્પ છે એ વાણીમાં આવતો નથી. સમજાય છે કાંઇ ? આહાહા !

વાણી વાણીને કારણે નીકળે. વિકલ્પને કાળે વિકલ્પ થાય એથી વાણી નીકળે એમેય નથી અને વિકલ્પમાં સમજાવવાનો જ્ઞાનનો ક્ષયોપશમ છે એ વિકલ્પમાં આવતો નથી. આહાહા ! (**શ્રોતા** : કોક દિ' તો એ મેળ ખાય.) બિલકુલ નહિં. એમાં આવતો નથી મેળ ભલે ખાય. એવો જ વિકલ્પ અને એવી જ વાણી નીકળે, પણ નીકળે એને કારણે. આંહી જ્ઞાનનો ક્ષયોપશમ છે કે આવું સમજ્યા માટે ત્યાં એવી વાણી નીકળે છે એમ નથી. આહાહા ! જેવો ક્ષયોપશમમાં સમજાવવાનો ભાવ છે કે આવું જ્ઞાન છે જ્ઞાન,

એવો જ જ્ઞાનનો વિકલ્પ ઉઠે કે આવું સમજાવું પણ એ વિકલ્પમાં કાંઇ આ જ્ઞાનની સમજણ એમાં આવતી નથી. આહાહા! (**શ્રોતા** : ઉપાધ્યાયપણું તો ક્યાંય રહ્યું નહિં.) ઉપાધ્યાય કહે છે ને એની પાસે શીખું છું. એ બધો વહેવાર છે. વહેવાર એ વિકલ્પ છે. આહાહા! એ કહે છે એને સમજાવું તોય નહિં સમજે અને નહિં સમજાવે તોય નથી સમજતો. આહાહા! કાંઈક, કાંઈક એમાંથી કાઢશે અવળું તમે આમ કહો છો પણ નિશ્ચય થઇ જાય છે. વહેવારનો લોપ થઇ જાય છે. ઢીંકણું ને ઢીંકણું કાઢશે બાપા નહિં સમજે ઇ. આહાહા! જેની સમજવાની લાયકાત નથી ક્યાંથી સમજે? એ વિકલ્પ આવ્યો. વાણી વાણીને કારણે નીકળી. એ વિકલ્પના ઇ કર્તા નથી અને વાણીના ય કર્તા નથી. આહાહા! આવી વાત છે.

જ્યાં અનંતગુણ અંત વિનાના સંખ્યાએ, એનું જ્યાં જ્ઞાન અને પ્રતીત થઇ, એ પ્રતીતમાં કેટલી સામર્થ્યતા છે એ સામર્થ્ય આગળ વિકલ્પ ઉઠે એની કાંઇ કિંમત નથી. આંહી એમ કહે છે. કહેવું છે આમ અહીંયા. ઓહોહો! કળશમાં તો એમેય કીધું છે. શ્રુતજ્ઞાન છે એ વિકલ્પવાળું છે એમ કીધું. કળશમાં આવે છે બે ઠેકાણે. છે ખરું શ્રુતજ્ઞાન તો વિકલ્પ વિનાનું પણ શ્રુતમાં, કહું એવો જે વિકલ્પ ઉઠે છે ને એથી એને વિકલ્પવાળું કહ્યું છે. કળશમાં છે બે ઠેકાણે. કળશમાં બે ઠેકાણે છે. એટલે અનુભવ છે એ શ્રુતના વિકલ્પથી રહિત એમ સિધ્ધ કરવું છે. અનુભવ જે છે એ તો શ્રુતના વિકલ્પથી રહિત છે. ભેદથી રહિત છે. આહાહા! એ તો અનુભવગમ્ય જ આત્મા છે. કોઇ વિકલ્પ ગમ્ય કે સાંભળવું, સાંભળવાથી ગમ્ય થાય એવો આત્મા નથી. આહાહા!

(**શ્રોતા** : સુમનભાઇને જોઇતું'તુ ને એ આવતું નથી) એય છતાં શાસ્ત્રમાં આવે, ધવલમેં જરી. સૂનો. એક સૂનો ઉપર વ્યાખ્યા મોટી કરી છે. ઘણું મૂક્યું છે. એ તો આવે, વિકલ્પ આવે ત્યારે એવી શૈલી હોય. સૂનો એમ, એના ઉપર મોટી વ્યાખ્યા લીધી છે એક શ્લોકની. આહાહા! એવી સ્યાદવાદ શૈલી છે વીતરાગની, કે એ આવે વિકલ્પ પણ વિકલ્પ નિરર્થક છે. એમ સિધ્ધ કરવા સમાધિને સમાધિને સાચી છે. સાંભળનારને વિકલ્પ છે એ અસમાધી છે સંભળાવનારને! આવી વાત છે. અરે! આ તો વીતરાગ, વસ્તુ વીતરાગ સ્વરૂપ છે આત્મા. એમાં વિકલ્પ ઉઠે. અનંતાગુણો, અનંતગુણો વીતરાગ સ્વભાવે વીતરાગ ભાવે અંદર વણાયેલા છે. કારણકે વીતરાગ સ્વભાવ છે એ તો અનંતાગુણો વીતરાગના ભાવે અવિનાભાવે રહેલા છે. એમાં એક વિકલ્પ તો એક ગુણની વિપરીત પર્યાય આહાહા! દોષ છે.

શ્રીમદ્‌માં આવે છે કે એક જીવને પણ યથાર્થ ધરમ પમાડે તો તીર્થંકર

ગોત્ર બાંધે. પણ બાંધેને ? તો ઓલાય ખુશી થઇ જાય એ. (**શ્રોતા** : એ તો રાગ છે) એવું આવે છે અંદર. એક જીવને પણ આહાહા ! કઇ અપેક્ષા છે એ જાણવી જોઇએને. ઇ પુણ્યનો બંધ પડે છે ત્યાં. અબંધ સ્વરૂપી ભગવાન, અબંધ સ્વરૂપી સ્વરૂપ એનું છે. નિશ્ચયથી જોઇએ તો, અબંધ તો નાસ્તિથી અને અસ્તિથી મુક્ત સ્વરૂપ જ છે. મોક્ષ સ્વરૂપ જ ભગવાન છે. ફક્ત માન્યું'તું કે હું રાગવાળો છું એ માન્યતા છૂટી તો વસ્તુ છે ઇ છે એમ ને એમ. મુક્ત સ્વરૂપ જ છે. એવું જે ભગવાન આત્મા કહે છે બીજાને સમજાવવવો કે ન સમજાવવો બેય સરખું છે.

## વિશેષ

જ્ઞાનીઓ મૂર્ખ જીવોને મૂંઢ શબ્દ છે ખરોને ? આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે. આહાહા ! હું બીજાને સમજાવી દઉં એ સમજી જાય. કોણ સમજાવે ? લ્યો ભોપાળમાં ચાળીસ, ચાળીસ, પીસ્તાળીસ હજાર માણસ. એય મોટો પંડાળ ખીચોખીચ ભરાયેલો. લોકો સાઇઠહજાર કહેતા. સાઇઠ તો નહિં, ચાળીસ હશે ચાળીસ. એ તો એની યોગ્યતા પ્રમાણે વાણી આવે. વિકલ્પને કાળે વિકલ્પ હોય એથી બીજા સમજી જાય એવું કાંઇ નથી. આહાહા ! એમાંય તોફાન ઉપાડયું'તુ ને એક ફેરે ? થોડા છોકરાએ એતો ઉશ્કેર્યા હશે ત્યાં કોઇએ, ઓલું પૂરું થયું ને આપણે શું કહેવાય ? તીર્થનું. આંહીનું તીર્થનું જુદું છે ને ? તીર્થનું શું કહેવાય ? પૈસાનું, પૈસાનું. ઓલો ફંડનું હેં ? આ તીર્થક્ષેત્ર કમિટી. એ ત્યાં થઇ'તી, પૂરી થઇ ત્યાં કેટલાક છોકરાઓ, પૂરા થયા પછી આવ્યા. આંહી નહિં કાંઇ પૈસા ભરવા દઇએ. એમ ત્યાં પૂરું થયું'તુ ને. વાત ત્યાં ને ત્યાં સ્વતંત્ર છે. વળી કોઇ તો એમ કહેતું'તુ કે એ બધું અમે કર્યું, એ બધું એવું રાજકુમાર સિંહજીનું વચન હતું ન્યાં. કે આવું ન ભરવા દેવું, આમ ન કરવું. નહિં ? લોકો કહે ઘણી પ્રકાર માને. સંસાર એવો છે. આહાહા ! આંહી તો વિકલ્પ સમજાવવાને ઉઠવો એ પણ દુ:ખરૂપ છે એમ સિધ્ધ કરવું છે.

(**શ્રોતા** : ઉન્મત્ત ચેષ્ટા ઉન્મત્ત) આહા ! ઉન્મત્ત ચેષ્ટા એ કીધી છે. હું બીજાથી સમજું, હું બીજાને સમજાવું ઉન્મત્ત ચેષ્ટા છે. આહાહા ! એમાં એને અભિમાન આવી જાય કે મેં બીજાને ખાસ સમજાવ્યા ને આ પુસ્તક બનાવ્યા ને અમે આ કર્યું અને અમે આ વેંચ્યા આટલા, સોંઘા ભાવે વેંચ્યા તે આમ. એ અહીં તમારે સોંઘા ભાવે આપે છે ને ? એ સાટુ પૈસા આપે છે બિચારા, સોંઘા ભાવે. અરે ! કોણ આપે ? કોણ લે ? આહાહા ! મૂરખ જીવો બર્હિમુખ હોય છે. જોયું ? બર્હિમુખ એની દૃષ્ટિ નિમિત્ત ઉપર કાં રાગ ઉપર કે એક સમયની પર્યાય બર્હિમુખ છે એના ઉપર. આહાહા ! કેમકે પર્યાયની પાછળ આખું દ્રવ્ય જે છે એ તો અપ્રગટ છે. એની પર્યાયમાં એ દ્રવ્ય આવ્યું નથી અને

એક સમયનો જે પર્યાય છે એનું વલણ આમ છે. રાગ ઉપર બહિર્મુખ વલણ છે પર્યાયનું. આહાહા ! જે પર્યાય છે જેની એના મુખ સન્મુખ ન થતાં જેનામાં જેની નથી તેના તરફનું એનું વલણ છે અનાદિનું. આહાહા !

મૂરખ જીવો બહિર્મુખ હોય છે. તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ હોય એમ. વિષય એટલે બહાર વલણ. વિષય એટલે એકદમ શબ્દરૂપ અને રાગ ઉપર એનું વલણ ન્યાં હોય છે. બહિર્મુખ આમ દૃષ્ટિ હોય છે. આહાહા ! કારણકે તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જીજ્ઞાસા... ઓહો ! અનંત આનંદનો સાગર અનંત પ્રભુતાના શક્તિથી વણાયેલો ધ્રુવ, અનંત પ્રભુતાના ગુણ છે એમાં, એને જાણવાની એને અંતર જીજ્ઞાસા નથી. આ કરું, આ કરું, આ કરું. બહિર્મુખ દૃષ્ટિ. મંદિર બનાવું, દાન આપું, લોકોમાં બહાર પડું, લોકો મને સારો કહે એવી અજ્ઞાનીની દૃષ્ટિ બાહ્ય ઉપર છે. આહાહા ! એ કહે છે. એમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જીજ્ઞાસા રૂચિ હોતી નથી. તેઓ સદા વિષયોમાં રત હોય છે એટલે પર તરફના વલણમાં રત હોય છે એમ. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં પર તરફના વલણમાં જ એનું રતપણું છે. અંતર્મુખ ચીજ શું છે ? એના તરફ એનું લક્ષ નથી. ભગવાન પરમાત્મા બિરાજે છે. આહાહા ! એના સન્મુખ ને એનું મહાત્તમ નથી એને. એક સમયની પર્યાયમાં આમ વલણ છે. વિકલ્પમાં દયા પાળીને, ભક્તિ કરી, વ્રત લીધાં ને તપ કર્યા ને, આહાહા ! એથી વિષયોમાં એ રત એટલે પર તરફમાં લીન છે.

હું બીજાઓને સમજાવી દઉં એવી બુધ્ધિ જ્ઞાનીઓને હોતી નથી. આહાહા ! કારણકે તેઓ જાણે છે કે કોઈ કોઈને સમજાવી શકે નહિં. કો સુજાનમલજી ! (**શ્રોતા :** બડી ભૂલ હૈ) આહાહા ! આ કરવું એમ જે કીધું ને ? જ્ઞાનાનંદમાં રહેવું. કર્તવ્ય તો ઈ છે. (**શ્રોતા:** અજબ ગજબની વાત છે બહુ સરસ સમજાવે છે) આહાહા ! કારણકે જાણે કોઈ કોઈને સમજાવી શકે જ નહિં. એટલે અંદરમાં જોરમાં ન આવે એમ કહે છે. વિકલ્પ આવે પણ એનો કર્તા ન થાય, એનો જાણનાર રહે. જોર ન આવે એમાં કે આને સમજાવી દઉં ને આ સમજી જાય. આહાહા ! (**શ્રોતા :** એમ પણ કહેવામાં આવે છે તે શ્રુત સાંભળ્યુ નથી) ઈ એ ભાષા, વહેવાર તો એમ જ આવે ને.

શ્રુત પરિચિત અનુભૂતા. રાગથી રહિત એવો ભગવાન આત્મા, એની વાત તે સાંભળી નથી. એ તો બરાબર કહેને ! (**શ્રોતા :** કરવા યોગ્ય નથી) એમ. રાગની વાત તે સાંભળી છે કે પુણ્ય કરવું ને દયા પાળવી ને ભક્તિ કરવી અને રાગને ભોગવવાની વાત તે સાંભળી છે, પણ રાગ રહિત એકત્વ સ્વભાવ ભગવાન આત્મા,

રાગથી વિભક્ત, સ્વભાવથી એકત્વ એની વાત તે સાંભળી નથી એમ. એ તો એનું સ્વરૂપ કહે છે. સંભળાવનાર પણ એમ કહે છે. આહાહા! આવો તો મારગ ભૂલી ગયો. આંહી નહિંતર અહીં કહે કે, તમે કહો છો કે શાસ્ત્રકારે શાસ્ત્ર બનાવ્યું શું કરવા? વિકલ્પ કર્યો શું કરવા? બાપુ! સાંભળ. એમ ન પકડાય. વિકલ્પ આવે અને વાણીને કાળે વાણી નીકળે. વિકલ્પ આવ્યો માટે વાણી નીકળે, એમ નહિં અને વાણી નીકળવાની છે માટે વિકલ્પ આવ્યો એમ નહિં, અને વિકલ્પ આવ્યો માટે આત્માએ કર્યો છે એમ નહિં આહાહા!

સ્વભાવ શું કરે? જ્ઞાન સ્વભાવ રાગના કણને કેમ કરે? રાગના કણને કરે તો તો નિર્વિકારી સ્વભાવ વિકારમય છે એમ માન્યું એણે. ઝીણી વાત છે ભાઈ! જિનેશ્વર દેવ, સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક છે. કહે છે, તેમને બરાબર ખ્યાલમાં છે. દરેક પદાર્થ પોતપોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે. આહાહા! કોઈ કોઈને આધીન નથી તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે ને? અને સમયસાર ગાથા ૧૦૩; ૩૭૨ આહાહા! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શક્તું નથી, એક વસ્તુ બીજી ચીજને કાંઈ કરી શક્તી નથી, એને લાભ આપી શક્તો નથી, એને નુકશાન કરી શક્તો નથી. આહાહા! (**શ્રોતા** : માણસ જેલમાં મોકલે છે એક રાતમાં દેશમાટે) મોકલે? કોણ મોકલે? એ તો એને વિકલ્પ આવ્યો, ઓલો રાગ થયો દેશમાટે.

ત્યાં વકીલ હતો એ. કે. રજાની ત્યાં એક કો'ક ની શક્તિ એવી છે ભેજાની કે ત્રણ લાખ રૂપિયાનું ભેજુ માંગે છે એવું ભેજું છે એનું. પારસી છે ને કો'ક પાલખીવાલા? કો'ક કહેતું'તુ એમ સાંભળ્યું આપણે. શ્રીચંદજી કહેતા'તા ભેજાના ત્રણ લાખ માંગે છે. ત્રણ લાખ એમ, ભેજું અમને આપો. મગજ ભારે. કો'ક વળી બીજુ કહેતું'તુ. કો'ક કહેતું'તુ લશ્કરનો એક મોટો છે માણસ એ છૂટો થવા માંગે છે એમ કોઈ કહેતું હતું. હજી બહાર નથી પડયું ત્યાં ખળભળાટ, ખળભળાટ. આહાહા! કોણ કરે? (**શ્રોતા** : ...) ના. ના. પોતાને, પોતાને પદવીનો મોહ. આહાહા! ખળભળાટ થશે લોકોમાં, કોઈ કહેતુ'તુકે પથરા માર્યા પૂનામાં ને અમદાવાદમાં બસને. છોકરાઓ વાત કરતા હતા. (શ્રોતા : આજે બંધ) બંધ? ક્યાં? રાજકોટમાં. એમ? હા પણ આતો ઓલો ખળભળાટ છે ભાઈ! આંહી ખળભળાટ છોડવાની વાત છે આંહી તો. (**શ્રોતા** : અંતરમાં ખળભળાટ થાય) વિકલ્પ ઉઠે સમજાવવાનો એ ખળભળાટ છે કહે છે. આહાહા!

અનંતકાળથી વિકલ્પની જાળમાં રોકાઈને ચૈતન્યને ભૂલી ગયો ઈ.

શાંતરસનો સાગર પ્રભુ અનંતા ગુણો. આહાહા! સંખ્યાએ જેનો ગણતરીનો અંત ન આવે. આ તે શું ચીજ છે? સ્વભાવ છે ને? કાળનો અંત ક્યાં? એમ ક્ષેત્રનો અંત ક્યાં? એમ ભાવની સંખ્યાનો અંત ક્યાં? આહાહા! (**શ્રોતા :** ઓહો) એક સમયમાં, ત્રણ કાળના સમય કરતાં, એક સમયમાં અનંતગુણની પર્યાયો અનંતગુણી. એય હિંમતભાઈ! તો હવે ત્રણ કાળની પર્યાય કેટલી? એ પ્રશ્ન થયો તો પહેલા મૂક્યો'તો. એક સમયની પર્યાય જે છે એની સંખ્યા કેટલી? કે ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી સંખ્યા. એવી પર્યાય અનાદિ અનંત એની એ કેટલી? ત્રણકાળથી ઝાઝી? અનંતગુણની અનંત પર્યાય છે ને? ગુણો જે અનંત છે, ક્ષેત્રથી અનંતગુણા એનો અંત નથી. આમ આંહી અંત નથી સંખ્યાનો. એની પર્યાય પણ એટલી છે ને? એક સમયમાં અનંતગુણની અનંત પર્યાય છે એ અનંતી પર્યાય કેટલી થઈ? કે ક્ષેત્રના કાળથી, ક્ષેત્રની, ક્ષેત્રથી એક સમયની પર્યાય અનંતગુણી થઈ ગઈ. ઝીણી વાત થોડી પડશે અને એવી ને એવી પર્યાયો પાછી અનંતી, અનંતી આમ, અનંત આમ. કાળ થોડો એનાથી પર્યાય ઝાઝી પણ પાછી એની પર્યાયનો કાળ આમ ગ્યોને? આહાહા!

એક વાર વાત મૂકાણી હતી. રાતે વાત. ઓહો! નિર્વિકલ્પ સાગર ધ્રુવ પડયો છે આખો કહે છે. એ બધાના પરમાણુનું આમ ને પર્યાય આમ ને એક પ્રદેશથી એક પરમાણુ જાય આમ ને ત્યારે સમયનું માપ ત્યાં આવી જાય છે ને. ને એટલામાં એ કાળદ્રવ્ય છે ને અને એક પ્રદેશે એક પરમાણુંથી, પ્રદેશથી ખસીને બીજે જાય એટલામાં એક પ્રદેશ કહેવાય છે એને. એક પ્રદેશમાં એક પરમાણુ જેટલી જગ્યો છે છતાં અનંતા રહે છે. છતાં એ પ્રદેશનો અનંતમો ભાગ, પણ એ જાણે કોણ? એ તો બધી વાત થઈ પરની. પણ જાણનાર કોણ એને? કે એમ છે ને, આમ છે ને આમ છે. પોપટભાઈ! આહાહા! ન્યાં થાય છે એની તો એને ખબરે નથી હેં? પરમાણુ આમ જાય છે ને એની એક સમયની પર્યાય સિધ્ધ થઈને પર્યાય જેટલું ત્યાં દ્રવ્ય છે એટલામાં ને એવી એને ખબર છે કાંઈ? અને એક સમયમાં પરમાણુ ચૌદ રાજલોક જાય ને એને ખબર છે? આહાહા! એ ખબરનો કરનારો એનાથી જુદો રહીને જાણે છે. આહાહા! આવો જે ભગવાન જ્ઞાન સ્વરૂપી શ્રુતજ્ઞાનમાં પણ એટલી તાકાત એની છે. આહાહા! એના મહાતમ આગળ રાગના મહાતમ ક્યાં રહ્યા? આહાહા!

એ ચીજને કહે છે સમજાવવામાં કોઈ પદાર્થ પરિણમાવ્યો પરિણમતો નથી. એક (દ્રવ્ય) બીજા દ્રવ્યનું કાંઈ કરી શક્તું નથી એવો વિશ્વનો અફર નિયમ છે, વિશ્વનો અફર નિયમ છે. તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા બુદ્ધિ નથી. આ સંબંધીના વિકલ્પમાં શેઠિયાનો બહુ વારંવાર પ્રશ્ન ઉઠતો. વિશ્વની વ્યવસ્થા બરાબર છે

એમ બહુ ભાર આપશે. આમાં જરીક ફેર હતો, પડી ગયો મોટો. જ્ઞાનીને દુ:ખ ન હોય. એમ કહે કે જ્ઞાનીને આનંદની મુખ્યતાથી દુ:ખ ગૌણ હોય એમ કહે કદાચ, પણ વેદનની અપેક્ષાએ મુખ્ય ગૌણ છે જ નહિં. આહાહા! એ તો મુખ્યતાની અપેક્ષાએ ગૌણ છે. પણ એક સાથે ગણીએ તો ગૌણ છે જ નહિં. આનંદ ને દુ:ખનું વેદન એક સમયે છે.

એતો આહાહા! એક પર્યાયના બે ભાગ. વસ્તુ સ્થિતિ એવી છે. એમાં કોઇની કરેલી ક્યાં છે? એ વસ્તુની આવી મર્યાદા જ આવી છે. આહાહા! ભગવાને તો જણાવી છે. ભગવાને કાંઇ કરી છે? આહાહા! તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તાબુદ્ધિ નથી. જ્ઞાનીને પર સંબંધમાં આમ કરી દઉં, આમ કરી દઉં, આની પાસે જાઉં, એની પાસે આમ જાઉં ને તે સમજી જાય. પછી મારી વાત એ કબૂલ કરે. કબૂલ કરે તો મને સારો ગણે એ બધો મિથ્યાદૃષ્ટિનો ભાવ છે. આહાહા! આહાહા! સમજાણું કાંઇ? શાંતિભાઇ! આવો ઝીણો મારગ છે. આહાહા!

નથી આવ્યા આ વિરેન્દ્રભાઇ, આ રૂપચંદનો દિકરો આવ્યો? વિરેન્દ્રભાઇ, સાંગલી. ત્રીસ વર્ષે મેળાપ થયો. અમારો રૂપચંદ હતોને ભાણેજ, એનો દિકરો આવ્યો, સાંગલીમાં રહે છે. કેટલા? ત્રીસ વર્ષે આવ્યો. કાંઇ ખબર ન મળે. રળવું ને રળવું ને આહાહા! (શ્રોતા : આજે રળવું ને પછી રડવું) રૂપચંદભાઇનો દિકરો આવ્યો હતો. ગંગા બહેન, ખબર છે? મળ્યો? આ હું મારી પાસે ત્રીસ વર્ષે આવ્યો. સાંગલીમાં રહે છે. એક અજાણ્યો આપણો જસુ આવે છે. હીરાલાલ વાતુ કરે. આ તો કોઇ દિ' જોયો નથી. રૂપચંદનો દીકરો. અમારા બહેનનો દીકરો થાય. દાદાની દીકરી. એકલી મજૂરી કરે. મજૂરી જ કહેવાયને આ રળવાની બીજું શું? આહાહા! અરે! જીવન તો જુઓ ત્યાં, બહારમાં કાંઇ સરખાઇ એટલે આજીવિકા મળે ને રીતસર જીવન જાય તો આપણે ઠીક કર્યું કહેવાય. શાંતિભાઇ! બીજા પ્રમાણમાં કાંઇ રીતસર પેદા થાય. રીતસર દીકરા દીકરી વરે અને આમ ઠીક કહેવાય. એ ગયા હવે એમાં ધૂળમાં શું પણ? આહાહા! તારો ભગવાન અંદર બિરાજે છે ચૈતન્ય એની કિંમતું ન મળે, એના મહાતમ ન મળે, આહાહા! અને બહારની સરખાઇ રાખવામાં જીંદગી જાય. સમજાણું કાંઈ? આહાહા! આહાહા!

જ્ઞાની તો વિકલ્પ ઉઠે એનો એ કર્તા નથી. આહાહા! તો એને જોર વિકલ્પમાં ન આવે. આહાહા! અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઉઠે, કદાચ વિકલ્પ ઉઠે. આવે, પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે. આહાહા! અભિપ્રાય તેને સ્વીકારતો નથી. અભિપ્રાયમાં તો ભગવાન ત્રિલોકનાથનો સ્વીકાર

છે. આહાહા! એક સમયની અભિપ્રાયની પર્યાય જેની અંત નથી સંખ્યાએ એવા અનંતગુણનું એકરૂપ એનો જેને અંતર અભિપ્રાય બેઠો, આહાહા! એને એક ગુણની વિપરીત પર્યાયનો વિકલ્પ એના મહાતમ શા? સમજાણું કાંઇ? આહાહા! ઓલો સમજાવા જાય છે તુલસી પરદેશમાં મુહપત્તી લઇને જશે કે છોડીને? હોય એ ખરું. આહાહા! કોને સમજાવે બાપુ! આહાહા! સમજાવવા માટે ક્યાં જાય એ? તું તો સમજ હજી. આહાહા! વિકલ્પ વિનાની ચીજ છે એ વસ્તુ અનંતગુણની જ્યાં કબૂલે ત્યાં વિકલ્પ છૂટી જાય.

સંખ્યા વિનાના ગુણો. સંખ્યા વિના એટલે બેહદ ગુણોનો પિંડ પ્રભુ એની સન્મુખ થતાં આવો પ્રભુ એટલે એને વિકલ્પની એકતા રહે જ નહિં. આહાહા! સમજાણું કાંઇ? અને વિકલ્પની એકતા રહે ત્યાં એને અનંતાગુણો અનંત અનંત સંખ્યાએ ભળ્યા એનો એને ખબર નથી એને. ભલે ઇ ભણ્યો હોય, શાસ્ત્રની વાતુંય કરતો હોય આહાહા! આ સમાધિતંત્ર છે. (**શ્રોતા** : ...) અસમાધિ છે એ ઇ સિદ્ધ કરવું છે. આહાહા! ધરમીને વિકલ્પ આવે પણ એ અસમાધિ છે, રાગ છે. અસમાધિનું કતૃત્વ કેમ સ્વીકારે? આહાહા! પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે. કારણ, ભાષાવર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે. શું કહે છે? વિકલ્પનો ઉઠે એનો અભિપ્રાયમાં નિષેધ કેમ? કે ભાષા વર્ગણા જે નીકળે એને વિકલ્પની અપેક્ષા નથી. આહાહા! સમજાણું કાંઇ? એય! આહાહા! ભાષા વર્ગણાનું પરિણમન વિકલ્પની અપેક્ષા વાળું નથી. નિરપેક્ષ છે. આહાહા!

જેમ રાગને પરની અપેક્ષા કોઇ નથી, એમ વાણી નીકળવાને વિકલ્પની અપેક્ષા નથી. આહાહા! વાણીને કાળે વાણી જડથી નીકળે એને પરની અપેક્ષા હોય નહિં. નિરપેક્ષપણે નીકળે છે. આહાહા! વિકલ્પ ઉઠયો માટે વાણીનું એ રીતે પરિણમન થયું એમ નથી. આહાહા! ભાષાના સ્વકાળે પરિણમન થાય એને વિકલ્પ ને જ્ઞાનની અપેક્ષા નથી. આહાહા! સમજાણું કાંઇ? કો'ક ક્યાંક અટક્યા, કો'ક ક્યાંક અટક્યા પણ અટક્યા પડયા છે અને ભટકે છે કહે છે. આહાહા! શુભભાવમાં અટકે અને એનાથી હું કામ કરું છું વાણીનું, મારો ભાવ આવ્યો એવી વાણી નીકળે છે, માટે મારી અપેક્ષા છે વાણીને. બિલકુલ જૂઠ છે. આહાહા! જેમ રાગ થવાને પરની કાંઇ અપેક્ષા નથી, એમ સમ્યગ્દર્શન થવાને રાગની મંદતા કે પરની અપેક્ષા નથી, એમ વાણીને નીકળવાને તે કાળે તે વાણીનો જન્મક્ષણ છે. તે વાણીની ઉત્પત્તિનો સ્વકાળ ક્રમમાં એનો છે. એને વિકલ્પ આવ્યો એ અપેક્ષા નથી. આહાહા! કેવું વસ્તુનું સ્વરૂપ?

વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે, એમ તેઓ કદી માનતા નથી. આહાહા! વિકલ્પ તો વિકલ્પને કારણે, વાણી વાણીને કારણે અને જાણનારો જાણનારને કારણે જાણે. આહાહા! આવી વસ્તુની સ્થિતિ છે. નવરાશ ક્યાં છે માણસને? નવરા આમ ધંધા કરે. બાયડી ને, છોકરા ને, ધણી ને, બાયડી, મકાન એના હાટું. આહાહા! પરાધીન વૃત્તિમાં જીવન અને એમાં જીવન જાય, જાય રખડવા ચોર્યાસીમાં. આહાહા! કહે છે ખરેખર તો વિકલ્પ ઉઠે એને આત્માની અપેક્ષા નથી. કીધું ને? રાગની ઉત્પત્તિને પરતત્ત્વની અપેક્ષા નથી. એમ વિકલ્પ ઉઠે ને પર વસ્તુને આત્માની અપેક્ષા નથી. તે તે કાળે તે ગુણની તે પર્યાયનો કાળ સ્વતંત્ર તેથી ઉત્પન્ન થાય છે. આહાહા! (**શ્રોતા** : રાગનું ઉપાદાન કારણ શું?) ઉપાદાન કારણ એ અશુદ્ધ પર્યાય રાગ પોતે. રાગનું કારણ રાગ. આમ કહે કે મિથ્યાત્વ ઉપાદાન, એનો નાશ થઈને સમકિત થાય, એટલે કારણ મિથ્યાત્વ થયું એમ છે? એ તો વહેવારથી વાત કરી. ઉપાદાનનો વ્યય થાય ને ઉપાદેય થાય પણ એ તો ઉપાદેય જે પર્યાય છે, એ કાળે તે જ પ્રકારે થવાની છે. ઉપાદાનનો વ્યય થયો માટે થઈ છે આંહી. આહાહા! એમ નથી.

વિકલ્પ આવ્યો અને તેનું જ્ઞાન, વિકલ્પ એવો આવ્યો એવું જ્ઞાન આંહી થયું એમેય નથી. જ્ઞાનનો જ પર્યાય તે કાળે સ્વને પરને પ્રકાશે એવો એ પર્યાયનો સ્વકાળ છે. આહાહા! વિકલ્પથી જ્ઞાન નહિં, જ્ઞાનથી વિકલ્પ નહિં, વિકલ્પથી વાણી નહિં. આહાહા! આવું સ્વરૂપ છે. સત્વને સત્વનું સત્‌પણું તો આવું છે એને ગોટા વાળશે, જાશે ચોર્યાસીના અવતારમાં. આહાહા! અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઉઠે, પણ ભાષાવર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે, સ્વતંત્ર છે. આહાહા! આમ જ બોલું માટે વાણી નીકળે છે એની, જ્ઞાનમાં એમ ખ્યાલ આવ્યો કે આવી વાણી ન હોય. એને આ રીતે સમજાવું માટે વાણી એવી આવે એવું નથી. આહાહા! જ્ઞાનની પર્યાયથી નિરપેક્ષ વિકલ્પ, વિકલ્પની નિરપેક્ષ વાણી, અને વાણીનું નિરપેક્ષ વિકલ્પ અને વિકલ્પની નિરપેક્ષ જ્ઞાન પ્રમાણે થવું. આહાહા! આવો મારગ છે. સત્‌નું આવું સ્વરૂપ જ છે. વિકલ્પને કારણે ઉપદેશ વાણી નીકળે એમ તેઓ કદી માનતા નથી. આહાહા!

મારું સ્વરૂપ તો જાણવું દેખવું તે જ છે. એ રાગ અને વાણી નીકળી તે સમયે તે પ્રકારની એવું જ અહીં જ્ઞાન થાય. એ ઈ અસ્તિ છે માટે અહીં જ્ઞાન થાય એમ નથી. મારો પર્યાયનો જ્ઞાનનો સ્વભાવ જ એ રીતે સ્વ પરને જાણવામાં ઉઠી પર્યાય એ પરને જાણવા, પર એવો આવ્યો માટે ઉઠી છે એ સમયે, એ જ સમયે જ્ઞાન થાય છે. એ જ્ઞાનનો જ સ્વભાવ છે. સ્વ પરનું સામર્થ્ય જાણવાનું પોતાથી થયું છે, વિકલ્પથી નિરપેક્ષ

અને વાણીથી નિરપેક્ષ. આહાહા! જ્ઞાનમાં વાણી જણાય એથી એ વાણીને કારણે આંહી જ્ઞાન થયું છે એમ નથી. એ જ્ઞાન થયું છે વાણીની અપેક્ષા વિના નિરપેક્ષ રીતે થયું છે. આહાહા! એમ વાણી પણ અહીં જ્ઞાન ને વિકલ્પની અપેક્ષા વિના નિરપેક્ષપણે નીકળી છે. શાંતિભાઇ! આવો મારગ છે. આવું ઝીણું સાંભળવા રોકાય કોણ? એય મોટી વાત હોય તો આહાહા! માણસ ભેગા થાય હો..હા... લાગે. આહાહા! તે સિવાય હું બીજું કાંઇ ન કરી શકું.

જાણવાના ભાવ પણ મારા તે સમયના, પરની અપેક્ષા રાખ્યા વિના જાણવાનો ભાવ મારો મારાથી થાય છે. જો કાંઇ કરવાનો વિકલ્પ ઉઠે, રાગ ઉત્પન્ન થાય, ઉત્પન્ન થાય વિકલ્પ, વાણીનો તો હું કદી કર્તા છું જ નહિં અને વાસ્તવમાં વિકલ્પનો પણ કર્તા નથી. ઉઠે ખરો, રાગ આવે આહાહા! દૃષ્ટિની અપેક્ષાએ, સ્વભાવની અપેક્ષાએ, બાકી પરિણમન રાગનું છે એમ જ્ઞાન જાણે. જાણવાનું કીધું ને? મારા મારામાં પરિણમન રાગનું છે એમ જ્ઞાન જાણે. આહાહા! એટલે એનો અર્થ થયો ને કે ઇ કર્તાપણાની બુદ્ધિ નથી, પણ પરિણમન થાય છે એટલો કર્તા છું એમ જ્ઞાન જાણે. પરિણમું તે કર્તા એ હિસાબે જ્ઞાન જાણે કે રાગ આ રીતે પરિણમ્યું છે. આહાહા! આવી વાત ઝીણી પડેને? આ બધી હમણાં તો આ ટાઢા પહોરની શાંતિનો મારગ છે અત્યારે. આહાહા! ચૈતન્ય સ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. ભગવાન આત્મા તો સ્વ પોતાથી સમ પ્રત્યક્ષ વેદાય એવો છે, પરથી સાંભળવાથી જણાય એવો નથી. આહાહા! સાંભળ્યા વિના જ આ જાણે છે. આ દેશના લબ્ધિ ને સાંભળવાનું જે જ્ઞાન, થયું પોતાનું, પણ તેને કારણે આત્માનું જ્ઞાન થાય એમ નથી. આવી વાત છે. આહાહા!

દેશના લબ્ધિ વિના થાય નહિં એ તો એક અપેક્ષાએ જણાવે છે. બાકી થાય છે. વાણી સાંભળ્યું ને જ્ઞાન થયું એ કાંઇ વાણીથી થયું નથી. થયું છે તો પોતાથી તે કાળે પણ, પણ તે પણ પરલક્ષી જ્ઞાન સ્વસંવેદનમાં અપેક્ષા રાખતો નથી એની. આહાહા! પરલક્ષી જ્ઞાન એ સ્વસંવેદનમાં અપેક્ષા રાખતો નથી એની, એનાથી પણ નિરપેક્ષ છે. માળા એવું માણસ કહે છે કે આ તો બધો નિશ્ચય, નિશ્ચય. નિશ્ચય એટલે સત્. આહાહા! સત્ય આમ છે. વસ્તુનું સત્ સત્નું સત્પણું જ આવું છે. બીજી રીતે તું કહે તો એ સત્પણું એમ નથી. આહા! વસ્તુને વસ્તુ તરીકે રાખજે ભાઇ! શ્રીમદ્ કહે છે ને? વસ્તુને વસ્તુ તરીકે રાખજે, ફેરફાર ન કરીશ તું. કે અમને આ વિકલ્પ આવ્યા માટે લાભ થયું. સાંભળ્યું માટે લાભ થયું. સંભળાવું માટે બીજાને લાભ થાય એમાંથી મને લાભ થાય ને ધરમ પામે બિચારા. એમાંથી કાંઇ ભાગ આવે કે નહિં? જેમ ધર્મ પામનારાનો દસમો ભાગ આવતો હશે? કેટલામો?

એ ચંદુભાઇ! ઓલામાં એમ કહ્યું છે. પૈસા કમાયાનો દસમો ભાગ દાનમાં આપવો, સ્વામિ કાર્તિકેયમાં. લ્યો આપી શકે નહિં ને આપવો. એ તો રાગનો ઘટાડવાની વ્યાખ્યા કરી છે. સમજાણું? આમ તો છઠ્ઠે ભાગે આપવું, મૂડીનો તો છઠ્ઠે ભાગે ન આપે પણ કમાણી, કમાણી, એનો દસમો ભાગ તો આપવો જ કે, સો રૂપિયા પેદા થાય તો દસ રૂપિયા તો દેવા. એટલું રાગનું મંદપણું એને થાય એમ એટલું બતાવવું છે, એમ બતાવવું છે. આની કોર કહે લેવાદેવાની ક્રિયા આત્મા કરી શકે નહિં. આહાહા! આવી વાતું ભાઇ! આ તો એ વખતે એને સમજાવું ત્યારે એને શું સમજાવવું? દાનના અધિકારમાં ન આવ્યું? લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલા એવા પ્રાણીના દાનમાં ઉદ્ધાર માટે હું આ ઉપદેશ કરીશ લ્યો. ત્યાં એ કહ્યું પદમનંદીઆચાર્ય. દાનની પહેલી ગાથા. ત્રીજી(૩) ગાથા. (પદમનંદી પંચવિંશતિ પાનું ૧૦૩) ये लोभकूपकूहरे पतिताः प्रवक्ष्ये कारुण्यतः खलु तदुद्धरणाय किंचित् ।। કૂવાની ભેખડમાં ભરાયેલા જેમ માણસ હોય, ભેખડ હોયને અંદર કૂવામાં અંદર ઊંડો ગોળ ચક્કર પત્થર હેઠે. એમ જે લોભરૂપી ભેખડમાં ભરાઇ ગયા છે લોભીયા એની કંજૂસાઇ ટાળવા થોડો ઘણો દાનનો અધિકાર કહે છે. (**શ્રોતા** : એ વખતે વિકલ્પ આવ્યો છે એ એનો નથી) એ વખતે વિકલ્પ આવ્યો છે એના જ્ઞાતા છે. વાણી વાણીને કારણે નીકળે છે એવી વાત છે. આહાહા!

લોકો ત્યાં પર જીવની પાળી દયા અમારે બસ. હીરાજી મહારાજ બિચારા ઇ કહેતા. અરેરે! આવા જૈનમાં જનમ્યા ને તત્ત્વની ખબર ન મળે. સાંભળવા મળે નહિં. સાંભળે તોય, સમજાવા એ તો જ્યારે સમજે ત્યારે સમજ્યો કહેવાય. આહાહા! સાંભળવા મળ્યું તોય શું? અને પરલક્ષી ઉઘાડ થયો એથી શું થ્યું? આહાહા! અહીં એ કહે છે. મારું સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. ભગવાન આત્મા પોતાના પ્રત્યક્ષ સ્વઅનુભવની દશાથી પ્રાપ્ત થાય એવો છે. આહાહા! વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય એવું નથી, માટે જ્ઞાની મુખ્યતયા બીજાને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. મુખ્યતયા નથી, મુખ્ય તો જ્ઞાતાદષ્ટામાં રહે છે એ એનું કર્તવ્ય છે, પણ ગૌણપણે વિકલ્પની દશા નબળાઇથી આવે. તેઓ સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. આહાહા! કદાચ ઉપદેશ-આદિની વૃત્તિ ઉઠે.

મોક્ષમાર્ગમાં આવે છે ને? મુનિને અશુભની તો વાતેય નથી પણ ધર્મલોભી દેખીને કોઇ શુભભાવ આવે તો એને હેય જાણે. શ્રદ્ધામાં એને લાભ ન માને. આહાહા! ઘણાં જીવોને ઉપદેશ આપ્યો, આપણને કાંઇ લાભ થશે કે નહિં? આહાહા! આ પુસ્તકો બહુ બનાવીને વેંચવા સોંઘે ભાવે એમાં લાભ થાય કે નહિં જીવને? એય રામજીભાઇ નથી કરતા બધુ આવું? પ્રમુખ તો ઇ છે. અત્યારે પણ કોણ કરે છે અત્યારે? આહાહા!

એ તો નિમિત્તથી વાત થાય તો એમ જ થાય ને? આહાહા! ઓહોહો! જે દ્રવ્યની, જે સમયની, જે પર્યાય, એને કાળે થાય એને કોણ કરે? આહાહા! એની પર્યાયનો કાળ થયો એનાથી સમજાશે એ વાત છે. વહેવારથી બોલાય તો એમ જ કહેવાયને! (શ્રોતા : નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે) તે તો પ્રભુએ આપીયો નથી આવતું? વર્તું ચરણાધીન. આત્મસિધ્ધિમાં આવે છે.

મુનિ કહે છે ને અમને અમારું આ સ્વરૂપ આવું એ ખ્યાલ નહોતો. આવો ભગવાન મહાત્મવાળો પદાર્થ, આનંદનો દાયક, અનંતગુણોનો ધારક તારનારો આહાહા! એવી અમને હું આ છું એવી ખબર નહોતી એથી એ આવો તું છો એવું જે સમજાવ્યું, એ તમે આપ્યું એમ કહેવામાં આવે. તરણતારણ ન આવે નમોત્થુણંમાં નથી આવતું? તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં એ નિમિત્તથી કથન છે. આહાહા! વહેવારનો વિષય છે ને! આદરણીય નથી પણ વિષય છે કે નહિં એનો? નહિંતર નયે ન કહેવાય. નયના બે વિષય છે. વિરોધ વિષય છે. નિશ્ચયનો વિષય સ્વ આધીન અને વહેવારનો વિષય પર રાગાદિ કે પર્યાય આધીન. વિષય છે કે નહિં? આહાહા! જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. તેઓ તો સદા પોતાના આત્મહિત સાધવા પ્રત્યે, કદાચ ઉપદેશની વૃત્તિ ઉઠે તેની મુખ્યતા નથી. મુખ્યતા નથી એમ. તે વખતે પણ તેમને ચૈતન્ય સ્વરૂપની જ ભાવના હોય છે. વલણ તો ચૈતન્યના સ્વભાવ સન્મુખમાં જ હોય છે. આહાહા!

પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ એ શુભરાગ છે. માળે ઠીક ગોઠવ્યું ગાથામાં છે એનો વિસ્તાર કર્યો છે. ઓલી ટીકામાં એટલું બધું નથી. એટલો વિસ્તાર સારો કર્યો છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. એ પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં વિધનરૂપ છે. આહાહા! કહો ચંદુભાઇ! ભારે વાતું આવી. માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી. આહાહા! એ વિકલ્પમાં વ્યામોહમાં પડીને બીજાને સમજાવું ને મારા કરું, મને માને, મારી કિંમત કરે, અમને આવડે છે તમને સમજાવતા. (શ્રોતા : પ્રભાવના કરે) પ્રભાવના આંહી થતી હશે કે બહાર થતી હશે? કીધુંને ઓલા ત્રણ મહિના ધર્મચક્ર ફર્યું. બહારમાં માણસ માણસ આમ. ઈંદોરમાં પચાસ હજાર ને અહીંયા દસ હજાર ને પણ એમાં થયું શું કીધું? તમને શું થયું? તમે તો શુભભાવ કર્યો એટલી વાત છે. એમાં કાંઇ દસ હજાર ભેગા થયા ને પચાસ હજાર ભેગા થયા. હજાર માણસ દેખાશે સંમેલન માટે. પરદ્રવ્યના વલણવાળો વિકલ્પ શુભરાગ છે. આહાહા! એ ધર્મચક્ર હતું. આ તે દુનિયાનો માર્ગ. ધર્મચક્ર તો આંહી હોય.

વિકલ્પ વિના ચૈતન્યના અનંત ધર્મો, ગુણો એનું પરિણમન થવું એ ધર્મચક્ર છે. આહાહા! એમાંય પાછો અતિરેક થઈ જાય છે માણસને, રાતે હાલે ને દિવસે યાત્રા. વ્યાજબી ન ગણાય એ. આપણે તો ભાઈ જેમ હોય એમ લાગે. અંધારે આખી રાત હાલે. સાંજથી સવાર દિવસે જાત્રા. રાતે હાલવું એ સડક ઉપર જીવજંતુ નીકળ્યા હોય બિચારા ખાવા સાટુ. એવો મારગ હોય નહિં. આ તો અહિંસાનો મારગ છે. એય સુજાનમલજી! પહેલામાં કલાક દોઢ કલાક હોય તોય ઠીક. સવારના છેલ્લા ભાગમાં. વચલા ભાગમાં તો જનાવરો ખાવા નીકળે. ઓલા ઉંદર, મીંદડી, નોળ, સર્પ, સર્પો વચલાકાળમાં નીકળે અહીંથી અહીં. મરી બહુ જાય ઝપટમાં બહુ મરી જાય. અમે તો જોયું છે ને ઘણું. અહીંયા તો અહીં સર્પ નીકળે. એક દિ' દેખાણો'તું, આમ વાળી લઈએ. અંધારે તો ખબર ન પડે. આહાહા!

મારગ પ્રભુનો છે આ. રાત્રે ખાવાનો ત્યાગ જોઈએ જ્યાં, રાત્રે ખાવું એ ઠીક નહિં. જેમાં જીવાત મરે ત્રસ એને ઠેકાણે રાત્રે કરેલું ખાવું, એને ઠેકાણે રાત્રે હાલવું આખું. એ વિમલચંદજી! અહીં તો જેવું હોય એ વાત છે અહીં તો હેં? આહાહા! તત્ત્વ તો આવું છે બાપુ! કોઈ ફલાણા કરે, એના પક્ષકાર કરે છે માટે સારું કરે છે. આવો મારગ વીતરાગનો સમર્થ. આહાહા! પરોપદેશની પ્રવૃત્તિ, વિકલ્પ, શુભરાગ, આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી. આહાહા! હવે ઓલા નિયમસારનો એક દાખલો આપશે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**કોઈપણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિં. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન ... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે - માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.**

**દૃષ્ટિનાં નિધાન ૧૮૫.**

# પ્રવચન – ૭૪

## શ્લોક – ૫૮, ૫૯ અને ૬૦

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૮.૦૬.૭૫**

नन्वेवमात्मतत्त्वं स्वयमनुभूय मूढात्मनां किमिति न प्रतिपाद्यते येन तेऽपि तज्जानन्त्विति वदन्तं प्रत्याह -

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ।।५८।।**

મૂઢાત્મા જાણે નહિં વણબોધ્યે જ્યમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન-કષ્ટ ।। ૫૮ ।।

किंच -

**यद्बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः ।**
**ग्राह्यं तदपि नान्यस्यत्किमन्यस्य बोधये ।। ५९।।**

જે ઈચ્છું છું બોધવા[૧], તે તો નહિં હું તત્ત્વ;
હું છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ ?  ।। ૫૯ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. બોધવા – સમજાવવા

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....**

---

સમાધિતંત્ર આ ૫૮નો છેલ્લો આધાર છે ને નિયમસારની ગાથાનો. જગતના જીવો અનેક પ્રકારના છે. તેમના કર્મ પણ અનેક પ્રકારના છે. તેમની લબ્ધિઓ એના ઉઘાડની યોગ્યતા પણ અનેક પ્રકારની છે. અનેક પ્રકારના તેથી સર્વ જીવો સમાન વિચારના થાય, બધા જીવો એક સરખા વિચારના બને. (**શ્રોતા** : સમન્વય કરે તો બને) સમન્વય કોનો કરે ? છે એનું સમન્વય થાય ? આહાહા ! સાચા છે એવો સમન્વય તો કેમ થાય ? આહાહા ! એક સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો જાણેલો આત્મા, એના સ્વરૂપનું ભાન થાય એનું નામ ધર્મ. હવે એને ઈ વાત ન બેસે એ સમન્વય કોની હારે કરવો ? રાગની મંદતા વિકલ્પ જે છે એથી પણ એ આત્માની પ્રાપ્તિ નથી. કેમ ? તો એ રાગ છે. આહાહા ! એની આત્મા અંદર આનંદ સ્વરૂપ છે. એ જાણનાર સૂર્ય ચૈતન્ય છે. એની નિર્મળ દશા દ્વારા તે પ્રાપ્ત થાય ને તેને ધર્મ થાય. બીજી તો કોઈ રીત છે નહિં.

આ વહેવાર વહેવાર કરે છે ને, પણ વહેવાર તો વિકલ્પ છે ને પ્રભુ ? વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ ચીજની દ્રષ્ટિ થાય ? (**શ્રોતા** : જી ન થાય) આનંદ સ્વરૂપ ભગવાન અંદર એવા તો અનંત અનંત ગુણનું એકરૂપ, એને પ્રાપ્ત કરવા માટે તો એના સન્મુખની નિર્મળ પર્યાય જોઈએ. સ્વસંવેદ્ય એ સ્વનામ પોતાથી, એટલે રાગ વિના પોતાની નિર્મળ વીતરાગી દશા દ્વારા, સમનામ પ્રત્યક્ષ થઈ શકે એવો એનો સ્વભાવ છે કો ચંદુભાઈ ! બીજો કોઈ ઉપાય નથી. વહેવારવાળા જીવને એ ન બેસે એથી કાંઈ ચીજ કાંઈ બદલાઈ જાય ? (**શ્રોતા** : ન બદલાય. બરાબર છે) કહે છે માટે પરજીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.

એ સમાન વિચારના બધા થઈ જાય, અને હું માનું છું એમ માને, બધા એવી આકુળતા કરવા જેવી નથી. કેમ કે જીવની યોગ્યતા જુદી જુદી જાતની, કર્મની યોગ્યતા જુદી જાતની નિમિત્તપણે, પ્રાપ્તિ લબ્ધિની જુદી જુદી જાતની. આહાહા ! એટલે

બીજાને સમજાવવાની આકુળતા ન કરવી કે હું બીજાને સમજાવી દઉં. આહાહા! (**શ્રોતાઃ** સમજાવવાની મહેનત કરવી) એ વિકલ્પ કરવો એ જૂઠ્ઠો છે. આહાહા! એ તો કહેશે. જે પ્રાણી રાગમાં આરૂઢ છે, અને દેહાદિને જે હું સમજાવવા માંગુ છું, એ તો હું નથી અને હું પણ વિકલ્પથી જે સમજાવવા માંગુ એ વિકલ્પ હું નથી. વાણી દેહાદિની, વાણીથી સમજાવવા માંગું એ વાણી પણ હું નથી. ઝીણી વાત છે ભાઈ!

અનંતા જન્મ મરણ કરતાં રખડતો પ્રાણી ચોરાશીના અવતારમાં (**શ્રોતાઃ** સમયસારમાં આવે છે ગુરુ દ્વારા નિરંતર સમજાવવામાં આવતા) એ ભાવ તો એનો અર્થ જ નિરંતર. એનું એ નિરંતર સમજવાની યોગ્યતાવાળો એમ લેવું. નિરંતર ઓલો ક્યાં નવરો હતો? લખાય તો એમ જ બીજું શું? એણે કહેલો બોધ એ વારંવાર રટણમાં રાખે, એણે નિરંતર શ્રવણ કરાવ્યું એમ કહેવામાં આવે છે આવી વાતું છે. કહે છે આંહી તો કહે છે કે આવા સર્વજીવો એક વિચારના થઈ જાય એમ ન બને એટલે આકુળતા ન કરવી બહુ. આહાહા! સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, જ્ઞાન સ્વરૂપ આત્મા, પ્રજ્ઞાચક્ષુ એના સ્વાવલંબનમાં સ્વાવલંબનરૂપ નિજ હિત એમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ કર્તવ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

**किंच -**

**यद्‌बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः ।**
**ग्राह्यं तदपि नान्यस्यत्किमन्यस्य बोधये ।। ५९।।**

જે ઈચ્છું છું બોધવા[2], તે તો નહિં હું તત્ત્વ;
હું છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ? ।। ૫૯ ।।

**टीका :** यद् विकल्पाधिरूढमात्मस्वरूपं देहादिकं वा बोधयितुं ज्ञापयितुमिच्छामि । तन्नाहं तत्स्वरूपं नाहमात्मस्वरूपं परमार्थतो भवामि । यदहं पुनः यत्पुनरहं चिदानन्दात्मकं स्वसंवेद्यमात्मस्वरूपं । तदपि ग्राह्यं नान्यस्य स्वसंवेदनेन तदनुभूयते इत्यर्थः । तत्किमन्यस्य बोधये तत्तस्मात्किं किमर्थं अन्यस्यात्मस्वरूपं बोधयेहम् ।। ५९ ।।

**અન્વયાર્થ :** (यत्) જેને એટલે વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપને અથવા દેહાદિકને - (बोधयितुं) સમજાવવાને (इच्छामि) હું ઈચ્છું છું (तत्) તે (न अहं) હું નથી અર્થાત્ આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. (पुनः) વળી (यत्) જે એટલે જ્ઞાનાનંદમય સ્વયં અનુભવગમ્ય આત્મસ્વરૂપ

૨. બોધવા – સમજાવવા

(अहं) હું છું (तदपि) તે પણ (अन्यस्य) બીજાને (ग्राह्यं न) ગ્રાહ્ય નથી; (तत्) તેથી (अन्यस्य) બીજાને (किं बोधये) હું શો બોધ કરું ?

**ટીકા** : જેનો, અર્થાત્ વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપનો અથવા દેહાદિકનો હું બોધ કરાવવા ઈચ્છું છું - જેને સમજાવવા ઈચ્છું છું, તે (તો) હું નથી, અર્થાત્ તે (વિકલ્પાધિરૂઢ સ્વરૂપ) હું નથી - પરમાર્થે આત્મસ્વરૂપ નથી. વળી જે હું અર્થાત્, વળી જે હું ચિદાનન્દમય સ્વસંવેદ્ય આત્મસ્વરૂપ છું; તે પણ બીજાને સ્વયંગ્રાહ્ય (સમજાય તેવું) નથી (કેમ કે) તે સ્વસંવેદનથી અનુભવાય છે. - એવો અર્થ છે. તો બીજાને હું શો બોધ કરું ? અર્થાત્ તેથી બીજાને હું શા માટે આત્મસ્વરૂપનો બોધ કરું ?

**ભાવાર્થ** : મૂઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો વ્યર્થ છે; કારણ આપતાં જ્ઞાની કહે છે કે :-

હું બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઈચ્છું, તો વિકલ્પ - રાગ ઉત્પન્ન થાય છે અને રાગ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી; અર્થાત્ શબ્દોદ્વારા આત્માનું સ્વરૂપ સમજાવી શકાય નહિં.

વળી જે આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તે બીજાને શબ્દોદ્વારા સમજાય તેવું નથી. તે તો કેવળ સ્વસંવેદનથી જ અનુભવમાં આવે તેવું છે. તેથી બીજાને તેનો બોધ કરવો વ્યર્થ છે.

આત્મસ્વરૂપ સ્વસંવેદનગોચર[3] છે. તે શબ્દોદ્વારા કે વિકલ્પદ્વારા બીજાને સમજાવી શકાય તેવું નથી અને બીજાઓ શબ્દાદિ બાહ્ય સાધનથી તે કદી સમજી શકે પણ નહિં. જેમ મેં સ્વસંવેદનથી આત્માને અનુભવ્યો તેમ બીજાઓ પણ તે સ્વસંવેદનથી જ અનુભવી શકે. માટે બીજાઓને આત્મસ્વરૂપનો બોધ આપવાનો વિકલ્પ છોડી સ્વરૂપમાં સાવધાન રહેવું તે જ યોગ્ય છે. ૫૯

---

## પ્રવચન – ૭૪

આહાહા ! શાસ્ત્ર લખવા, અને બોલવા, ને એનાથી બીજા સમજે, એવી આકુળતા છોડી

---

૩. જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. (શ્રીમદ્ રાજચંદ્રકૃત અપૂર્વ અવસર -૨૦)

દે કહે છે. સમજાણું કાંઇ ? આવો મારગ છે. (**શ્રોતા** : આપ તો સમજાવો તો કહી શકો છો) ભાષા કોની ? ભાષા ભાષાની. વિકલ્પ વિકલ્પનો. જે રાગ છે એ મારું કર્તવ્ય છે એમ કોણ માને ? કે હું એ છું એમ માનનારા એમ માને. સ્વભાવિક વસ્તુ જ્યાં અનંત જ્ઞાન, દર્શન, આનંદનો સ્વભાવ ભરેલો અનંત ગુણ નિર્વિકલ્પ ને વીતરાગી, એમાં એ રાગનું કર્તૃત્વ એ ક્યાં આત્માનું છે ? એક સમયનો ક્ષણિક વિકલ્પ એ તો પોતાનો જે માને એને એ કર્તા થાય. પણ જ્યાં સ્વરૂપ અનંત આનંદ અને જ્ઞાન સ્વરૂપ હું, એવું જ્યાં માને ત્યાં રાગ મારો નહિં, એટલે રાગનો કર્તા એ થતો (નથી) આહાહા ! આવી વાત છે. વીતરાગમાર્ગ ઝીણો છે બહુ. સમજાણું કાંઇ ?

**ટીકા** : જેનો (અન્વયાર્થમાં જેને કીધું છે) જેને સમજાવવા માંગુ છું એમ આમાં જેનો વિકલ્પાધિ રૂઢ આત્મા સ્વરૂપનો અથવા દેહાદિકનો, હું બોધ કરાવવા ઇચ્છું છું જેનો એટલે વિકલ્પાધિરૂઢ, રાગથી આરૂઢ આત્મસ્વરૂપનો જે રાગથી આરૂઢ છે. સામે આત્મા રાગમાં એકાકાર છે આહાહા ! અને દેહાદિ જે છે એને બોધ કરાવવા ઇચ્છું જેને સમય છું તે તો હું નથી. આહાહા ! સામો પ્રાણી રાગમાં આરૂઢ છે અને એનો દેહ એ તો હું નથી. આહાહા ! સામો આત્મા રાગમાં એકત્વ છે અને એનો દેહ છે એ કાંઇ હું નથી. આહાહા ! જેને સમજાવવા ઇચ્છું છું તે તો હું નથી. આહાહા ! હું મને સમજાવું જ્ઞાનની પર્યાયથી, એ તો હું પણું મારામાં આવ્યું.

જ્ઞાનની પર્યાય આત્માને જાણવા પ્રયત્ન કરે, એ તો પોતે જ્ઞાનની પર્યાય ગુરુ થઇ. ને એ વિના સ્વસંવેદન વિના એ આત્મા જણાય એવો છે જ નહિં. આહાહા ! સાંભળવાથી જણાય એવો નથી, વિકલ્પથી જણાય એવો નથી. સાંભળેલા જ્ઞાનની પર્યાય જે છે પોતાથી એનાથી પણ એ જણાય એવો નથી. આહાહા ! આવું એનું સ્વરૂપ છે. એને ઠેકાણે એટલા બધા અભિમાન જ્યાં ત્યાં અમે આમ કરીએ ને આમ સમજાવી દઇએ અને આમ પુસ્તકો બનાવીએ ને પુસ્તકો વેચીએ ને આહાહા ! (**શ્રોતા** : બીજાઓને સમજાવવા માટે ઘણા આપી દીધા) ધૂળેય નથી બધા. આહાહા ! ખીમચંદભાઇ અને હિંમતભાઇ બે છે ને કોણ છે ? સો ઘરની માંગણી હતી. સો ઘરની, એંસી(૮૦) મોકલ્યા હતા એ વિકલ્પ હતો, ગ્યા એનેય સમજાવવાનો વિકલ્પ હતો. આહાહા ! અને સાંભળનારા વિકલ્પ આરૂઢ છે એને સમજાવવું આહાહા !

(**શ્રોતા** : વિકલ્પ શી રીતે સમજે) પુદ્‌ગલ સમજે નહિં ને ઓલો વિકલ્પે સમજે નહિં. વિકલ્પથી સમજાવી શકાય નહિં. આ તો સ્વભાવની અપેક્ષાએ વાત થઇ

હતી ને ? આમ તો પાછા નામ સ્થાપનામાં આવે છે ને ભાઈ નય. સુડતાલીસ(૪૭) નય નામ નયે એમ એટલું સ્થાપવી. વસ્તુને તદ્દન અવ્યક્ત તો નથી કહી શકાય, એવું છે કથંચિત એમ એટલું સ્થાપવું છે ત્યાં. નામ નિક્ષેપ આવે છે ને ? એટલે વક્તવ્ય તરીકે નામથી જણાય છે, જણાય એટલે ઓળખાવાય છે. આહાહા ! સ્થાપનાથી સ્થાપી શકાય એમેય લીધું છે ત્યાં તો, રહે બાપુ રહે વળી એની યોગ્યતાથી, એ તો વહેવાર છે પણ એનો અર્થ એ સ્થાપી શકાય છે ને વાણીથી કહી શકાય છે માટે તે આત્માનું સ્વરૂપ છે, અને એ બીજા એ રીતે સમજી જશે એનાથી એમ નથી. આહાહા ! એવો મારગ છે ભાઈ. આહાહા !

ચોરાશીના અવતાર કરતાં રખડતાં રખડતાં મનુષ્યપણું એને માંડ અનંતેકાળે મળ્યું છે એમાં એ જો ક્યાંક રોકાઈ ગયો રાગમાં થયે એનું પત્તુ નહિં ખાય એનું, ચોરાશીના અવતારમાં ક્યાં જઈને જશે. આહાહા ! આંખ્યુ મીંચાઈને ક્યાં ઢોરમાં કાગડા, કૂતરા આવા અવતાર અહીં ઊંઘાય નહિં એ છોકરા. માથું ઢાંકીને પડયો છે હેઠો એવું છે ઊંઘાય નહિં, અહીં ઊંઘ ન લેવાય, અરે સંભળાય તો ખરું, કાને તો પડવા દયો વાણી. અહીં ઊંઘવા નથી આવ્યા અહીંયા. ન સમજાય તો કાને તો પડવા દયો. નાના છોકરા છે ને બિચારા ઊંઘમાં કાંઈ સમજાય નહિં ત્યારે શું કરવું ? પછી કાંઈ ભાગે કાંઈ પેશાબ કરવા જાય, એક પાણી પીવા જાય, શું કરવું પણ આમાં ? આંહી તો કહે છે સમજાવી શકાય નહિં, એથી કરીને ઊંઘવું ? સાંભળવાથી સમજાય નહિં માટે ઊંઘવું ? (**શ્રોતા :** પ્રમાદ ન થાય એમ કરવું જોઈએ) એ કરવું જોઈએ. આહાહા ! અરેરે ! નાની નાની ઉંમરના છોકરાઓને હાલ્યા જાય છે, દેહ પૂરા થઈ જાય છે, તો ફૂ. જાઓ ચોરાશીમાં રખડવા. આહાહા !

કહે છે હું જેને સમજાવવા માંગુ છું તે હું નથી. પરમાર્થે આત્મસ્વરૂપ નથી. ખરેખર હું એ નથી, અને વિકલ્પથી જે સમજાવું એ પણ હું નથી. વાણીથી એ સમજાવું એ હું નથી, અને ઓલો વિકલ્પ આરૂઢ છે એ દેહ છે એને સમજાવું એ પણ હું નથી. આહાહા ! ગીરધરભાઈ ! આવી વાતું છે. આ ગીરધરભાઈ હજી મોટું મકાન કરાવે છે. મંદિર અઢી લાખનું, કેટલા લાખનું હશે ? (**શ્રોતા :** નિમિત્તનું જ્ઞાન કરાવે છે.) આહાહા ! વિકલ્પ આરૂઢ સ્વરૂપ હું નથી. આહાહા ! ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ જાણનાર સ્ફટિક રતન જેવું ચૈતન્ય છે હિરલો, એમાં વિકલ્પ ઉઠે એ કાંઈ એ સ્વરૂપ આત્માનું નથી. આહાહા ! એને ઠેકાણે જ્યાં બાયડી, છોકરા, દેહ ને આબરું, વેપાર ને ધંધા મારી નાંખ્યા પણ, મોહે મારી નાંખ્યા. હેં ?

ઓલું આવે છે ને કળશમાં ક્યાંક નહિં ? મરી મરતો તો જીવ એને બચાવ્યો.

મરી ગયેલો આવે છે કળશમાં. આવ્યું છે એક. કહ્યું'તું એકવાર, છે યાદ? ત્યાં નહિં પણ આંહી આવ્યું છે. મરી ગયેલો જીવ, મરી ગયેલો એટલે આત્માને જીવન જે છે એની ખબર નથી એને. એવા મરેલા જીવને સમજાવવું છે એમ ક્યાંક છે. હેં? ૨૯મો કળશ શેમાં? **(શ્રોતા :** કળશ ટીકામાં) ૨૯? કહ્યું'તું એકવાર કળશ. કળશમાં છે ક્યાંક આવ્યું નહિં? ૨૯ કળશમાં છે નહિં. ૨૮માં આવ્યું છે જુઓ હં. ૨૮માં. જેમ ઢાંકેલો નિધી પ્રગટ કરવામાં આવે છે. નિધાન હોય ને માથે ઢાંકણ હોય એને ઉઘાડુ કરીને દેવાનું છે, તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે. પરંતુ (અઠ્ઠાવીસ(૨૮)માં છે હોં) પરમ કર્મ સંયોગથી ઢંકાયેલું હોવાથી મરણ ને પ્રાપ્ત થઇ રહ્યું હતું એટલે છે નહિં એને. આહાહા! આનંદનો નાથ ચૈતન્યમૂર્તિ વિકલ્પ પૂરતો છે, એ આત્મા છે નહિં, એ મરણને તુલ્ય છે. આહાહા! (અઠ્ઠાવીસ(૨૮) છે હં)

**इति परिचिततत्त्वैरात्मकायैकतायां**
**नय विभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।**
**अवतरति न बोधो बोधमेवाध कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।**

સમયસાર શાસ્ત્ર કળશ ૨૮ પાનું ૭૩ કોને એ પ્રગટે? એમાં એ આવ્યું. આહાહા!

જેણે આ શરીર હું, વાણી હું, મન હું, રાગ હું એણે તો જીવને મારી નાંખ્યો. મરણ તુલ્ય થઇ ગયો જીવ. આહાહા! કરમના સંયોગથી ઢંકાયેલો હોવાથી, જેમ અગ્નિ રાખથી ઢંકાયેલી હોવાથી અગ્નિ નથી જાણે, એમ ભગવાન આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ કર્મના નિમિત્તના સંગે ઢંકાયેલો, એટલે જાણે મરણ તુલ્ય થઇ ગયો. આહાહા! એ જીવનની જ્યોત જ નથી. જાણે જગતમાં અને આ બધો રાગ અને આ હું છું. જે મરેલા મડદા તે હું અને જીવતો તે હું નહિં. આહાહા! રાગ અને શરીર તો મરેલા મડદાં છે. આહાહા! મૃત્યુ મરણ **(શ્રોતા :** મૃતક કલેવર) આહાહા! મૂર્ચ્છા કીધીને! મૃતક કલેવર કહ્યું છે ને! ૯૬માં મૃતક કલેવર છે આ, મરેલું મડદું છે આ. આને કાંઇ ખબર છે આ જડને. અમે શરીર છીએ કે આ અમે ઔદારિક છીએ કે આ પર્યાય આ છે. આહાહા!

એ મરેલા મડદાને જીવતા જાણ્યા એ હું છું એમ માન્યું. જીવતી જ્યોત અંદર આનંદનો નાથ, જ્ઞાન સ્વરૂપી, એની અસ્તિનો જ નકાર કર્યો. આહાહા! એજ એની હિંસા ને એ જ એનું મરણ છે, ભાવ મરણ. આહાહા! જીવતર શક્તિ છે ને? એ જીવતર શક્તિ, દર્શન, જ્ઞાન આનંદ ને સત્તા પ્રાણ એનું એ જીવન છે. એ જીવન ન

માનતાં રાગ ને શરીરથી જીવું છું. આહા ! દશ પ્રાણ જગતના જડના પાંચ ઈન્દ્રિય ૩ મન, વચન ને કાય એ આત્માના પ્રાણ, એ માનીને આત્માના પ્રાણ ભાવ મરણતુલ્ય થઈ ગ્યા એને. આહાહા ! માળા દાખલો કેવો આપે છે જુઓ. તે ભ્રાંતિ પરમગુરુ તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે. એ નિમિત્તથી આંહી કથન છે, મટે છે એના સ્વસંવેદનથી, પણ એના વિચાર ત્રણલોકના નાથ તીર્થંકર દેવ એની જે વાણી એને સમજવામાં નિમિત્ત કહેવામાં આવે છે. પોતે સ્વસંવેદન કરે તો. સમજાય છે કાંઈ ? આહાહા !

આંહી કહે છે જેને સમજાવવા ઈચ્છું છું તે તો હું નથી. હું નથી એને સમજાવવું ઈ કેમ ? એમ કહે છે એ તો બીજો છે. બીજાને હું સમજાવું શી રીતે ? મારા અસ્તિત્વમાં જે હોય તેને અસ્તિત્વને હું કહું, જ્ઞાન કરું તો સમજાવી શકાય, પણ મારા અસ્તિત્વમાં જે ચીજ નથી એના અસ્તિત્વ હૈયાતીમાં છે એને હું શી રીતે સમજાવી શકું ? મારી સત્તા બહારની એ ચીજ છે. સમજાણું કાંઈ ? આહાહા ! ત્યારે કહે કે તમે કેમ ત્યારે આ શાસ્ત્ર લખ્યા ? ભાઈ ! હજી સાંભળતો ખરો એમ ન જોવાય. (**શ્રોતા** : સ્વરૂપ શું છે એ વાત છે) સ્વરૂપની સ્થિતિ શું છે ? એ જાણવાના માટે વાત છે. આહાહા ! તમે કેમ કહ્યું વોચ્છાભિ સમયપાહુડં वोच्छामि समयपाहुडमिणओ सुदकेवलीभणिदं ન આવ્યું ? वंदित्तु सव्वसिद्धे સમય પ્રાભૃત હું કહીશ. (સ.સાર P.5 ગાથા-૧ બીજી લીટી, ચોથું પદ) આહાહા ! ત્યારે એને એમાંથી કાઢે. જુઓ સમયસારને કહી શકે છે આત્મા વળી ન્યાં એમ સ્થાપે.

એ તો વિકલ્પમાં આવ્યું છે કે હું સમયસાર કહીશ. એ સમયસારની પરમાણુની પર્યાય તો એને કારણે થશે, પણ એના નિમિત્તમાં વિકલ્પ ઉઠયો છે એટલે સમયસાર કહીશ એવો વિકલ્પ આવ્યો. આહાહા ! એ વિકલ્પ પણ સ્વભાવનું કર્તવ્ય નથી. જે ચીજ પોતાની માને એનો કર્તા થાય, રાગ જે વિકલ્પ છે એ તો પોતાનો માને ઈ કર્તા થાય, પણ જ્યાં રાગ એક સમયની ઉપાધિ, ત્રિકાળ નિરુપાધિ સ્વભાવનો ધરનાર એને આ શું ? સમજાણું કાંઈ ? મારગ બહુ ઝીણો ભાઈ ! અત્યારે ધમાધમ આ પચ્ચીસે વર્ષને નામે ઓહોહો ! કેટલા પુસ્તકો ને કેટલા બહાર આવે છે. લાખો પુસ્તકો છપાશે. કેટલી ગરબડું અંદરમાં, હજી એ બાહ્યલક્ષી જ્ઞાનનાય ઠેકાણા ન મળે. આહાહા !

આંહી તો કહે છે જે હું, અર્થાત્ વળી જે હું ચિદાનંદમય સ્વસંવેદનાત્મક સ્વરૂપ છું. હું તો મારા જ્ઞાનથી મારી હૈયાતિમાં, જ્ઞાન મારી દશા એવી હૈયાતિવાળું તત્ત્વ હૈયાતિવાળા ભાવથી જણાય એવું છે. મારામાં આ હૈયાતિ છે. રાગની ને પરની હૈયાતિ મારામાં (**શ્રોતા** : નથી.) આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણું છે થોડું. એ રસિક ! જરા

સાંભળવું તો પડશે કે નહિં? ઓલા અજ્ઞાનનું તમારું. કેળવણી શીખે એ બધા અજ્ઞાન કુજ્ઞાન છે તો આ શું છે? (**શ્રોતા :** એનાથી પૈસા મળશે) ધૂળેય મળતા નથી એનાથી. ઓલો ભણેલો બેરિસ્ટર મોટો હતો. પૈસા કાંઇ ઘરાક નહોતો આવતો બેરિસ્ટરને. આ રામજીભાઇ બેરિસ્ટર નથી અને સામેથી ઘરે ગ્રાહક આવતા'તા. એ તે કાંઇ ભણતરથી છે? ના પાડવી પડતી રામજીભાઇને કે ના હવે નથી લેવું. કેટલા કેસમાં જવું. ઓલો બેરિષ્ટર થયો તો ઘરે અસીલ ન આવે એને (**શ્રોતા :** પુણ્યની વાત છે) પુણ્યની વાત છે. આહાહા!

આંહી તો કહે છે પ્રભુ તું કોણ છે અંદર? આ તો માટી જડ છે. આ તો ધૂળ છે. અંદર જાણનારો ચૈતન છે. એ ચૈતન રાગવાળો નથી, એ જ્ઞાનને આનંદવાળો છે. આહાહા! તો જેણે રાગવાળો માન્યો એને તું સમજાવવા માંગ, શી રીતે સમજશે? આહા! જેને દેહનું અસ્તિત્વ મારાથી છે એમ જેણે માન્યું, એને તું શી રીતે સમજાવી શકીશ? આહાહા! જુઓને એક સેકન્ડમાં બિચારી ઓલી છોડી અમદાવાદ આવીતી', મકનભાઇની દીકરી ની દીકરી. નવ દસ વર્ષની આયુ છે અમદાવાદ નહિં? આહાહા! જનમ જયંતિ ઉપર આવી હશે. દસ વરસની છોડી. લીંમડીની છે એ. નાહીને જતી હશે આમ જરી ત્યાં એકદમ આવ્યો ખટારો. ખટારામાં ભરેલું એ શું? (**શ્રોતા :** સીમેંટ) આહા! સીમેંટ. સીમેંટ બસ ઝપટ લાગી પડી ગઇ, મરી ગઇ. એક સેકંડમાં મરી ગઇ. એની મા આવી મારી પાસે બા, મહારાજ છોડી મરી ગઇ, અમારે જાવુ પડશે, પણ પાછા આવશું એમ બિચારા કહે. પાછા જનમ જયંતિના દિવસે આવશું અહીંયા. આહા! મકનભાઇ નહિં આપણા, એની દીકરી ની દીકરી. દસ વરસની. અમદાવાદ, હા લીંમડીવાળા. એક સેકંડ. આમ બિચારી નાહીને આમ જાતી'તી ત્યાં ઓલું વાગ્યું. ક્યારે શું થાય છે એ જડની ક્રિયા.

આ હીરાલાલની દીકરી. લ્યોને કેટલા લાખોપતિ, કેટલો ઉદાર ભાવનગર કૂચામણનો હીરાલાલ હવે એની દસ વરસની છોડી ને આઠ વરસની છોડી ત્યાં લાવ્યા'તા મુંબઇ. દર્શન કરવાને ઇસ્પીતાલમાંથી. જયપુર, જયપુર, જયપુર. મુંબઇ નહિં જયપુર લાવ્યા હતા ત્યાં ઉતારો હતો ને અમારો ત્યાં લાવ્યા હતા. હવે એનું પગ અમથી બેઠી હતી આમ ખાતી હતી કંઇક આઇસ્ક્રીમ કે ગોળો, એમાં એક બસ આવી, પગનો ભાગ આખો કપાઇ ગયો એટલો ભાગ શું કહેવાય એને? (**શ્રોતા :** ઘૂંટણ) ઘૂંટી, ઘૂંટી. ઘૂંટીથી એટલો પગ કચડાઇ ગયો આખો. આહાહા! ઇસ્પીતાલમાં કાપી નાંખ્યો. એ કાંઇ ભેગું થાય એવું નહોતું. એ છોડીને લાવ્યા હતા ત્યાં જયપુર. ઇ ક્યારે જડની શું પર્યાય થાય એ કાંઇ ધ્યાન રાખી એ રહે એવું છે? આહાહા!

કેમ દામોદરભાઇ ! આ નવીન ગ્યો તમારો ત્યાં વંચાવવા ગ્યો'તો ? ઈંદોર નાના છોકરાઓને ભણાવવા ગ્યો'તો. હવે એને આ શરીર ધ્રુજે છે. શરીરની ક્રિયા છે બાપા ! એ કાંઇ આત્મા હેં ? આત્માને આધીન છે ? છોડી દે, આત્માની ક્રિયા શરીરની છે એમ છોડી દે. શરીરની ક્રિયા જે કાળે જે પ્રકારની થવાની તે જડને લઇને છે. આહાહા ! અને તે કાળે પણ જે પ્રકારનો રાગ આવે વિકલ્પમાં એ તારું કર્તવ્ય નથી. તું સ્વભાવિક ચૈતન્યમૂર્તિ છો. સ્વભાવિક ચૈતન્યમૂર્તિનું રાગ કર્તવ્ય કેમ હોય બાપુ ? આહાહા ! નિર્મળાનંદનો નાથ એ મલિનનો કર્તા કેમ હોઇ શકે ? તે પણ એક ક્ષણની પ્રતિ અને આ નિર્મળ તો ત્રિકાળ. આહાહા ! તે પણ બીજાને સ્વયં ગ્રાહ્ય સમજાય એવું નથી.

મારું સ્વરૂપ જ સ્વસંવેદન છે. વિકલ્પથી કહી શકું એ મારું સ્વરૂપ નહિં, અને વિકલ્પમાં આરૂઢ થયેલા એને સમજાવું એ પણ હું નહિં. આહાહા ! બહુ ઉતાવળો આકરો ન થઇ જઇશ કે બીજાને સમજાવી દઉં. બીજા સમજી જાય ને એમ ન કરીશ. ભાઇ ! તારા ઘરમાંથી નુકશાન થશે તને. હેં ? (**શ્રોતા** : નિશ્ચય પ્રભુ એવું ભગવાન ને આશ્રયે તો થાય) એ આવ્યું એને કારણે આવ્યું, આવ્યો એને શું થયું ? આવ્યો કર્યો નથી. આહાહા ! પણ અનંત અનંત સંખ્યાએ ગુણ જેના. આહાહા ! શું એ વાત છે. જેના કાળની આદિ નહિં, એથી અનંતગુણા આત્માઓ એથી અનંતગુણા, એને આત્માની સંખ્યા કરતાં કાળ આકાશના પ્રદેશ અનંતગુણા, એનાથી અનંતગુણા એક જીવના ગુણો. ભાઇ ! એનું અસ્તિત્વ એક સમયમાં, આટલા ગુણો જે અનંત પર્યાયનો પિંડ ગુણ, એવા અનંતગુણ એનું ક્ષેત્ર ભલે અસંખ્યમાં ભાગમાં હોય એનું કાંઇ નહિં. એવા અનંતગુણના નિર્મળ પ્રભુ એ વિકારની ક્રિયાનો કર્તા કેમ હોય ?

અનંતગુણ જેના નિર્મળ, તે ગુણની સંખ્યાનો પાર નહિં. આહાહા ! એને એક ક્ષણિક વિકલ્પ રાગ. આહાહા ! એને કેમ કતૃત્વ એને સોંપાય ? સમજાણું કાંઇ ? નિર્મળાનંદ સ્વભાવવાળું તત્ત્વ અને મલિન પર્યાયનું કાર્ય કેમ સોંપાય એને ? સમજાણું કાંઇ ? સમજાય છે કે નહિં નાનુભાઇ ? બધું આ સમજવું પડશે હોં ? ઓલી બધી તમારી વિદ્યા કરતાં એ બધી કુવિદ્યા છે. આહાહા ! સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર દેવ તીર્થંકરનો ઉપદેશ આવ્યો પણ કર્યો નથી એણે. હેં ? (**શ્રોતા** : ભગવાનનો ઉપદેશ છે) બોલાય એમ વહેવાર રૂપે ભાષા બધી, ભાષા જ એવી બધી છે ને ? આ ગામ મારું તો એ ગામ મારું છે એને રહેવાનું આમ ધરેય ન હોય એને કયા ગામના ? રાજકોટના, રાજકોટ એનું ગામ હશે ? કયા ગામના ? નવાગામના, નવું ગામ ને, કોનું તારું ? રસિક હેં ? (**શ્રોતા** : કુંભોજ) હેં ? કુંભોજ. થઇ ગયું ગામ થઇ ગયું તારું ? એ તો કહેવા માત્રની વાતું છે, એમ આંહી

ઉપદેશ દીધો એ તો કહેવા માત્રનું કથન છે. આહાહા!

આ તો સમાધિનો અધિકાર છે શાંતિનો. એ આત્માનો સ્વભાવ શાંત. એ શાંતની પર્યાય દ્વારા જ જણાય ને વેદાય એવું છે. વિકલ્પ દ્વારા જણાય અને જણાવાય એવું નથી. વહેવારથી એમ કહે, નામથી એમ આવે છે ને નિયમસારમાં? ચાર ૪૭નયમાં આવે છે ને? ૪૭નય નથી આવતી? આ તો એની સામે એક વાત નામવાળા, નામવાળાની માફક, નામવાળાની માફક શબ્દબ્રહ્મને સ્પર્શનારું. આત્મા નામ નયે શબ્દબ્રહ્મથી કહેવાય છે. અહીં ના પાડે છે. આહાહા! એનું જ્ઞાન કરાવે છે. બોલાય છે શબ્દ ઈ નિમિત્ત છે, ત્યાં આત્મા એટલું જ્ઞાન કરાવે છે. આહાહા!

શબ્દબ્રહ્મ એટલે શબ્દ કહેવાય જેમ નામવાળો પદાર્થ એના નામરૂપ શબ્દથી કહેવાય. ચંદુભાઈ! જ્ઞાનને જણાવાની વાત વખતે એવું કથન હોય, પણ જ્યાં દર્શન અને એના સ્વભાવની જ્યાં કથનશૈલી હાલે. (**શ્રોતા** : નામ જ ક્યાં છે?) નહિં. કહી શકાતું નથી. કોણ કહે? આહા! આત્માનયે મૂર્તિપણાની માફક સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે. જોયું ભાષા? એ જ્ઞાનનો વિષય જ્ઞાનનયથી જણાવ્યો છે. સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે. લ્યો ઠીક. આંહી કહે છે વિકલ્પ કરી શક્તો નથી, કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને? આહાહા! કહે છે જે હું ચિદાનંદમય સ્વસંવેદન આત્મસ્વરૂપ, તે પણ બીજાને સમજાય તેવો નથી. આહાહા! રાગથી હું સમજાવી શકું નહિં, ભાષાથી નહિં અને રાગથી આરૂઢ થયેલાને હું સમજાવી શકું નહિં. જેને રાગની એકતામાં પડયો હોય એને શી રીતે આ જ્ઞાન જણાય? આહાહા!

એ વિકલ્પ ઉઠે છે તે અસમાધિ છે એમ સિદ્ધ કરવું છે આંહી. સમાધિ નથી એ. આહાહા! સમજાણું કાંઈ? એમ એના જ્ઞાનમાં ન હોય, અને વિકલ્પથી મને લાભ થાય તો ઘર લૂંટાઈ જાય છે ત્યાં. આહાહા! સમજાણું કાંઈ? કેમ કે સ્વસંવેદનથી અનુભવાય છે એવો અર્થ છે. ભગવાન આત્મા તો જ્ઞાનની પ્રત્યક્ષ પર્યાયથી વેદાય અને જણાય એવો છે, એનું પરોક્ષપણું રહે એવું નથી. આહાહા! સમજાણું કાંઈ? અંદર જ્ઞાન જે છે, જ્ઞાનની પર્યાય જેવી છે, એ દ્વારા જ્ઞાન આત્મા જણાય એવો છે. પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાયથી જણાય એવો છે. આહાહા! અલિંગ ગ્રહણમાં આવે છે ને? આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા! છઠ્ઠો બોલ. મારગ બાપા! ત્રણલોકના નાથ તીર્થંકર દેવ આમ અરિહંત અરિહંત કરે, નમો અરિહંતાણં પણ અરિહંતને શું કહેવું છે એની ખબરું ન મળે. આહાહા!

ભગવાન તો એમ કહે છે કે અમારી વાણી ઇ અમારી નહિં. અને વાણીથી અમે બીજાને સમજાવી શકીએ એ પણ નહિં. એતો ભાઇમાં આવ્યું નહિં? અમૃતચંદ્ર આચાર્ય છેલ્લા કળશમાં. હે જીવો, અમે તને સમજાવીએ છીએ એવો મોહ ન રાખ, અને એ વાણી દ્વારા તને જ્ઞાન થાય છે એમ ન માન. આહાહા! તારું જ્ઞાન તારાથી થાય છે વાણી દ્વારા નહિં. આહાહા! અમે તને સમજાવીએ છીએ એમ ન માન, કેમ કે અમે તો વિકલ્પ અને શરીરથી ભિન્ન છીએ. અમારા સ્વરૂપના અસ્તિત્વમાં છીએ, અમે રાગ ને શરીરના અસ્તિત્વમાં નથી. આહાહા! આવો મારગ એને હિત કરવું હશે તો આ એને જાણ્યા વિના છૂટકો નથી. આવું થયા વિના છૂટકો નથી. સમજાણું કાંઇ ? એવો અર્થ છે તો બીજાને હું શો બોધ આપું, કરું? તેથી બીજાને હું શા માટે આત્મસ્વરૂપનો બોધ કરું? આહાહા! ત્યારે તમે કરો છો ને આ, એમ ન જો. વસ્તુની સ્થિતી જે જણાવાય છે એને જાણ. સમજાણું કાંઇ ?

સંપ્રદાયમાં પ્રશ્ન ઉઠતો હતો મૌનથી શું લાભ થાય? અધ્યયન છે ને ચોત્રીસ(૩૪)મો ? તોંતેર(૭૩) કળશ. મૌનથી શું લાભ થાય ? મૌન થી લાભ થાય તો તમે કેમ આ બોલો છો ? એમ ન કહેવાય, તર્ક એમ ન થાય. એની સ્થિતિનું વર્ણન જે છે એ રીતે થાય છે એને તું જાણ. સમજાણું કાંઇ ? આહાહા! કહેનાર વખતે પણ વાણીનું, મારાથી વાણી થઇ છે, અને મેં એને સમજાવ્યું એવું ક્યાં છે એમાં ? આહાહા! અને રાગ ઉઠયો એમાં એનાથી આ સમજાવે છે. સમજાવાય છે. (**શ્રોતા** : રાગમાં) એ એમાં હું ક્યાં છું રાગમાં ? આહાહા! જ્યાં હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. આહાહા! આવી ચીજ છે. બધા હોહાહોહા હોહાહોહા અત્યારે બીજાને સમજાવું, મહાવીરનો સંદેશ વિલાયતમાં આપો, લંડનમાં આપો લ્યો. (**શ્રોતા** : કોકે આપ્યો ) અરે ભગવાન! શું કરે બાપુ ? કોને આપે ? હજી તને ખબર નથી તારી ? તું ક્યાં, કેટલો, કેમ છો અને બીજાને તું કહેવા માંગે છે ? આહાહા!

**ભાવાર્થ**: મૂંઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો વ્યર્થ છે. કાંઇ ભાન ન મળે એને કહીએ એ તો ગાંડા જેવા એને શું કહેવું ? આહાહા! તેનું કારણ આપતા જ્ઞાની કહે છે. હું બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઇચ્છું તો વિકલ્પ ને રાગ ઉત્પન્ન થાય. આહાહા! બીજાઓને શબ્દો દ્વારા આત્મ સ્વરૂપ સમજાવવા ઇચ્છું તો વિકલ્પ રાગ ઉત્પન્ન થાય. રાગ તે આત્માનું શુધ્ધ સ્વરૂપ નથી. વસ્તુના અસ્તિત્વમાં રાગ છે જ નહિં. સ્વભાવમાં વિભાવ કેવો ? આહાહા! ચૈતન્યમૂર્તિ સ્વભાવ અનંતગુણનું સ્વાભાવિક રૂપ સહજ સ્વરૂપ

એમાં વિભાવ કેવો ? એ તો પર વસ્તુ છે. પર પોતાનું માને તો કર્તા થાય. પર મારું નથી ત્યાં માન્યું ને કર્તા ક્યાંથી આવ્યું ? આહાહા ! ઝીણી વાત છે.

હવે તો આંહી સવા ચાલીસ વરસ તો થયા આંહી, સવા ચાલીસ. (**શ્રોતા**ઃ વિહારમાં ગયા એ બાદ કરવા પડશે ને) હેં ? (**શ્રોતા** : એમાં કેટલા વખત વિહારમાં ગયા એ બાદ કરવા પડશે) જેટલો વખત બહાર ગયા એટલા બાદ કરો એમ કહે છે. આહાહા ! શબ્દો દ્વારા આત્માનું સ્વરૂપ સમજ. શબ્દ તો જડ છે. ભગવાન તો ચૈતન્ય અરૂપી છે. જ્ઞાન સ્વરૂપ છે. એ શબ્દો દ્વારા સમજાવી શકાય કેમ ? આહાહા ! વળી જે આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તે બીજાને શબ્દો દ્વારા સમજાય એવું નથી. આહાહા ! શબ્દો દ્વારા તો એને જરીક જ્ઞાન થાય કે આમ કહેવા માંગે છે એટલું, એ પોતાનું સ્વરૂપ છે એ એને સમજાય નહિં એને. આહાહા !

શ્રીમદ્‌માં આવે છે ને કાંઇ ? લક્ષ થવાને તેહનું કહ્યા શાસ્ત્ર સુખદાય, છેલ્લામાં આવે છે. એક લક્ષ એને કરાવવા ફક્ત આ તું છો, આ નહિં, એટલું વાણીમાં આવે બસ, બાકી ઈ જાણવા જાય ત્યારે તો સ્વસંવેદનથી જ જણાય, એવા લક્ષથી પણ જણાય એવું (**શ્રોતા** : નથી.) આહાહા ! સમજાય છે કાંઇ ? અરે ! સત્‌ના શરણ વિના ચોરાશીના અવતાર મરીમરીને અવતાર કર્યા એણે (**શ્રોતા** : ભૂલી ગયો) હેં ? હેં ભૂલી ગ્યો, ભૂલી ગયો એટલે એ તો કહ્યું નહોતું ? જનમ્યા પછી છ મહિનાની ખબર છે ? આ જનમ્યો ને જ્યારે શરીર એ છ મહિના શું થયું ? માતાએ ધવરાવ્યો, નવરાવ્યો, કંઇક ન હોય તો થપ્પડ મારે, બહુ રો રો કરે તો ખબર છે ? ખબર નથી માટે નહોતું ? ખબર નથી માટે નહોતું ? તો પછી આ બધું ક્યાંથી થયો ? આ બધું મોટો, છ મહિના વખતે નહોતો એ ? કહો સમજાય છે કે નહિં ? રસિકભાઇ ! છ મહિના જનમ્યો ત્યારે કાંઇ ખબર છે ? જનમ્યા પછી તો શું થયું ?

... મા એ શું કહ્યું'તું(**શ્રોતા** : સમજણ થયા પછી ખબર પડે) એ તો સમજણા પછીથી તો એ વખતની ખબર છે ? (**શ્રોતા** : નહોતું સમજાણું પછી ખબર પડી) ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય ? તો તો છ મહિના વખતે નહોતો ઈ ? એમ અનંતકાળના પરિભ્રમણની ખબરું ન મળે એને. આહાહા ! ઓલા સિંહનો એક દાખલો નહોતો આપ્યો ? રેલ આમ જાતી'તી. એક સિંહ અજગરને મારવા ગયો, અજગરને. આ અજગર મોટો હોય ને જંગલમાં સિંહે, એમાં અજગરે સિંહને આમ ભરડો માર્યો. લાંબો અજગર હશે. સિંહ સિંહ એના પગ આમ રહી ગયા પેટ ઉપર આમ ભરડો માર્યો આમ.

પગ આમ રહી ગયા આમ એટલે ક્યાંય જોર કરવાનું રહ્યું નહિં હવે. જમીન હારે જોર કરવાનું રહ્યું નહિં એટલે બે દિવસ સુધી અડતાલીસ કલાક સુધી પગ આમ આમ કર્યા પણ જોર ન મળે એટલે ખાડા પડી ગયા.

માણસો રેલમાં નીકળે જોવે કે અજગરે સિંહને પકડયો છે. પેટ હારે પકડેલો આમ. પગ આમ રહી ગયા ને મોઢું આમ રહી ગયું એ મોઢાથી મારી શકે નહિં, પગથી ભિન્ન કરીને છૂટી શકે નહિં. એ અહીં ખાડા પડયા છેવટે અજગરે એવી ભીંસ મારી લઈ ગયો. મરી ગયો. સિંહ મરી ગયો અજગરથી. એવી સ્થિતી છે ને અજગરને તો એટલું મોઢુંય નથી. પણ એવો જોગ બની ગયો લાંબો અજગર ઓલો સિંહ મરવા ગ્યો ત્યાં મારે પેટમાં પકડયો એને આમ, પગ રાખ્યા આમ, ઉપર પગ ને હેઠે પગ ચાર બે ઉપર ને હેઠે આમ થઈ રહ્યું. આહાહા!

કપાટ હોય છે ને કપાટ. ભીંત ને કપાટ વચ્ચે બે તસુનું છેટું હોય, એમાં જો ઉંદર આવ્યો હોય ઉપર અને અંદર ગરી ગયો હોય, થઈ રહ્યું એ ન્યાં ને ન્યાં સુકાઈ જાય. એમ પગ આમ આમ થયા કરે ને એ કાંઈ કોઈનો પગ ન આમ નીકળી શકે ન આમ, આપણને થાય છે હોં, ગરી જાય થઈ રહ્યું. આહાહા! ત્યાં તો કપાટમાં તો અહીંયા આપણે ઘણીવાર જોયું છે. ભીંતને ને કપાટને બે તસનું છેટું હોય, કબાટ ને એમાં ઓલો ગરી જાય એનું જરીક માથું એ પગ આમ આમ લટકી રહે, દબાઈ જાય, ન નીકળી શકે. આમ, આમ થઈ રહ્યું, સુકાઈ જાય ત્યાં ને ત્યાં. આહાહા! એવા મરણ અનંતવાર કર્યા છે. આહાહા! એને ખબર નથી કે આ શું કર્યું ને શું થયું. એથી આંહી કહે છે. આહા! કેવળ સ્વસંવેદનથી અનુભવમાં આવે એમ છે બીજાને તેનો બોધ કરવો વ્યર્થ છે.

આત્મ સ્વરૂપ સ્વસંવેદન ગોચર છે. જે સર્વજ્ઞે કીધું ને દીઠું.

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિં તે પણ શ્રી ભગવાન જો,**
**તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો'**

અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? જુઓ આ (**શ્રોતા** : કહી શક્યા નહિં) હેં? વાણી શી રીતે કહે. વાણી તો જડમાંથી આવે, વાણીમાં આવ્યું નથી. વાણીમાં શું આ જડ ચૈતન્ય સ્વરૂપ? આ વાણી જડ. દુશ્મન દ્વારા સજ્જનનાં વખાણ કરાવવા. વાણીમાં ખબર વાણીને ખબર નથી એને આત્માના સ્વરૂપની વાતુ કરાવવી એની પાસે. આહાહા! કેટલું કહે ઈ? વાણીમાં તાકાત છે સ્વપર કથનની હોં? સ્વપર કથનની ને આત્મામાં સ્વપર જાણવાની. (**શ્રોતા** : શબ્દોમાં) આહાહા! શબ્દોમાં

કથન શક્તિ છે, એની પોતાની સ્વતઃ. આત્મા અહીં આમ ઉઘાડવાળો છે, માટે નિમિત્ત થયું માટે વાણીમાં એવું આવે એમેય નથી. તે તે સમયમાં શબ્દની પર્યાયમાં સ્વપર કથન કરવાની તાકાત છે પોતાને અને પરની એની હદ પ્રમાણે. આહાહા! આત્મસ્વરૂપ સ્વસંવેદન ગોચર છે. તે શબ્દો દ્વારા કે વિકલ્પ દ્વારા બીજાને સમજાવી શકાય એવું નથી. બીજાઓ શબ્દાદિ બાહ્ય સાધનથી તે કદી સમજી શકે પણ નહિં. સમજાવી શકાય નહિં અને ઓલો સમજી શકે પણ નહિં. આહાહા!

અહીંયા ઓલા એકલી આ દયા પાળો ને વ્રત પાળો ને આ કરો ને થઇ ગયું. મરી ગયા. આત્મા શું છે એની ખબરું ન મળે. હેં? પરજીવની દયા પાળો ધરમ થશે તમને. અહીં કહે છે કે પરજીવની દયા પાળી શક્તો નથી. પરજીવની દયા પાળી શકું એ માન્યતા મિથ્યાભ્રમ પાખંડ છે. અને પરજીવને પાળવાનો દયા પાળવાનો ભાવ એ રાગ ને હિંસા છે. આહાહા! આંહી તો ઉપદેશ દેવાનો વિકલ્પ પણ રાગ અને હિંસા છે. આહાહા! એટલે અસમાધિ છે. સમાધિ આને આ કહ્યું ને? આહાહા! સ્વાવલંબી તત્ત્વમાં રમ બાપા! એ તારું કર્તવ્ય છે. આહાહા! ભવસિંધુ ચોરાશીનો દરિયો. આહાહા! એક એક યોનીના અનંત અવતાર મોટો ભવસિંધુ પડયો દરિયો, એમાંથી નીકળવાનો મારગ તો આ છે. હેં? સ્વસંવેદન ગમ્ય બીજી કોઇ રીતે નહિં.

ભગવાન સ્વરૂપ આ ભગવાન એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવું એની હૈયાતીવાળી મોજુદગી, એની મોજુદગી ને સ્વીકાર સત્‌માં, પર્યાયમાં, ત્યારે તેનો જનમ મરણ રહિતનો ઇ તો સ્વભાવ છે. અને જનમ મરણના કારણના ભાવનો પણ રહિત સ્વભાવ છે. એ તો રહિત સ્વભાવ છે. એવા સ્વભાવના વેદનથી ભવનો અભાવ થાય એમ છે, બાકી કોઇ બીજો ઉપાય છે (**શ્રોતા :** નહિં) દાન કર્યા ને આ કર્યા ને મંદિરો બનાવ્યા ને આ પરમાગમ મંદિર બનાવ્યું લ્યો. એમાં કાંઇ ભવનો અભાવ થવાનો હશે કે નહિં, કારણ? હેં? એ પુણ્ય નહિં આહાહા! એને કાળે થવાનું હોય તે થાય. આહાહા! એના કારણે એને બહુ તો શુભ વિકલ્પ હોય છે. પરદ્રવ્યને અનુસારે, એ પણ દુઃખરૂપ છે. આહાહા!

આવો વીતરાગ મારગ. માટે બીજાઓને આત્મસ્વરૂપનો બોધ આપવાનો વિકલ્પ છોડી, સ્વસ્વરૂપમાં સાવધાન રહેવું એજ યોગ્ય છે. આહાહા! છે ને? એ ઓગણસાઇઠ થઇ. આત્મ સ્વરૂપનો બોધ આપવા છતાં, બહિરાત્માને તેમાં અનુરાગ સંભવતો નથી કારણ કે એનું અનુરાગનું વલણ એનું રાગમાં ને પરમાં, ને પરમાં ને પરમાં. આહાહા! એનું વીર્ય જ પર તરફના ઉલ્લસિત વીર્યજ એને ખુશીપણું આપે છે.

આહાહા ! કાં ઘણા સમજે, કાં ઘણા પુસ્તકો બને, કાં ઘણા મંદિરો બને, કાં ઘણા માણસ બને સાંભળનારા એના તરફનું ઉલ્લસીત વીર્ય ત્યાં એનું કામ કરે છે. આહાહા ! એને અંતરની વાતું કેમ બેસે બાપુ ? કહે છે આ સમજાણું કાંઇ ?

જેની બાહ્ય ચીજોની અનુકૂળતામાં શરીર સુંદર, વાણી સુંદર, મકાન સુંદર, પુસ્તક સુંદર કહેવાની વાણીની સુંદરતા કંઠની, સાંભળવામાં એ કંઠની સુંદરતા એના તરફનો જ્યાં અનુરાગ છે એમાં જેનું વીર્ય ખુશીપણે કામ કરે છે. આહાહા ! એ અંતરમાં કેમ જામી શકે ? સમજાણું કાંઇ ? સુજાનમલજી (**શ્રોતા** : ક્યાં ઉભા રહેવાની જગ્યા તો રાખો) ઉભા રહેવાની છે ને નિશ્ચયની અંદર આહાહા ! કહ્યું નહિં સ્વરૂપમાં સાવધાન રહેવું એ જ યોગ્ય છે. એ તો કહ્યું ઉભો રહ્યો ન્યાં આહાહા ! અને એમાંથી ખસ્યો એટલો સંસાર છે. મુનિનેય કહ્યું નહિં ? આહાહા ! છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ પણ પ્રમાદનો એક અંશ ઉત્પન્ન થાય રાગનો, વ્રત વ્રત પાળવાનો વિકલ્પ થાય કતૃત્વબુદ્ધિએ નહિં પણ પરિણમન એ પણ સંસાર છે. આહાહા !

હવે આંહી કહે એ વ્રત પાળતાં સંવર થાય. આંહી કહે વ્રતનો વિકલ્પ સંસાર છે. હવે આંહી ક્યાં મેળ ખાય ? (**શ્રોતા** : મેળ ન ખાય) મારગ બાપા, અરે તરવાના ઉપાય અલૌકિક છે. (**શ્રોતા** : લૌકિકથી જુદા છે) જગતથી માનેલાથી જુદા છે. એ કહે છે જુઓ. જેણે બાહ્ય પદાર્થમાં અનુરાગ હોય છે બહિ:તુષ્યતિ ભાષા જુઓ. એને બાહ્યમાં જરીક આમ ઠીક લાગે છે. સંતોષ લાગે છે. આહાહા !

**बोधितेऽपि चान्तस्तत्त्वे बहिरात्मनो न तत्रानुरागः सम्भवति। मोहोदयात्तस्य बहिरर्थ एवानुरागादिति दर्शयन्नाह –**

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे ।**
**तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः ।। ६० ।।**

**અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;**
**કૌતુક જસ નહિં બાહ્યમાં, બુધ અંતઃસંતુષ્ટ ।। ૬૦ ।।**

**ટીકા** : बहिः शरीराद्यर्थे तुष्यति प्रीतिं करोति। कोऽसौ ? मूढात्मा कथम्भूतः ? पिहितज्योतिर्मोहाभिभूतज्ञानः। क्व ? अन्तरे अन्तस्तत्त्वविषये। प्रबुद्धात्मा मोहानभिभूतज्ञानः अन्तस्तुष्यति स्वस्वरूपे प्रीतिं करोति। किं विशिष्टः सन् ? बहिर्व्यावृत्तकौतुकः शरीरादौ निवृत्तानुरागः ।।६०।।

**અન્વયાર્થ** : (अन्तरे पिहितज्योतिः) અંતરંગમાં જેની જ્ઞાનજ્યોતિ મોહથી આચ્છાદિત થઇ

ગઇ તેવો (मूढात्मा) બહિરાત્મા (बहिः) બાહ્યમાં એટલે શરીરાદિ પર પદાર્થોમાં (तुष्यति) સંતુષ્ટ રહે છે - અનુરાગ કરે છે; પરંતુ (प्रबुद्धात्मा) જેને સ્વરૂપ-વિવેક જાગૃત થયો છે તેવો અંતરાત્મા (बहिर्व्यावृत्तकौतुकः) બાહ્ય શરીરાદિ પદાર્થોમાં કૌતુક (અનુરાગ) રહિત થઇ (अन्तः) અંતરંગ આત્મા સ્વરૂપમાં (तुष्यति) સંતોષ કરે છે.

**ટીકા** : બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે - પ્રીતિ કરે છે. કોણ તે ? મૂઢાત્મા (બહિરાત્મા). તે કેવો છે ? જેની જ્યોતિ ઢંકાઇ ગઇ છે, અર્થાત્ મોહથી જેનું જ્ઞાન પરાભવ પામ્યું છે. ક્યાં ? અંતરંગમાં એટલે અન્તર્-તત્ત્વના વિષયમાં. પ્રબુદ્ધાત્મા એટલે જેનું જ્ઞાન મોહથી અભિભૂત થયું નથી (પરાભવ પામ્યું નથી) તેવો (આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા, અંતરંગમાં સંતોષ કરે છે - સ્વ-સ્વરૂપમાં પ્રીતિ કરે છે, કેવો થઇને ? બાહ્યમાં કૌતુકરહિત થઇને - શરીરાદિમાં અનુરાગરહિત થઇને (આત્મસ્વરૂપમાં પ્રીતિ કરે છે).

**ભાવાર્થ** : જ્ઞાનીને પ્રશ્ન પૂછેલો કે, તમે બહિરાત્માને આત્મસ્વરૂપનો બોધ કેમ કરતા નથી ? તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું કે :-

૧. બહિરાત્માઓ વસ્તુસ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. તેઓ એટલા મૂઢ છે કે તેમને બોધ કરો કે ન કરો, તેમને માટે બધું સરખું છે. (જુઓ શ્લોક ૫૮)

૨. આત્મસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. તે શબ્દોદ્વારા બીજાને સમજાવી શકાય નહિં અને તે સમજે પણ નહિં, એટલે તેમને બોધ કરવો વ્યર્થ છે. (જુઓ શ્લોક ૫૯)

૩. આ શ્લોક ૬૦માં કહ્યું છે :- અનાદિ મિથ્યાત્વને લીધે બહિરાત્માને સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન નથી, તેને આત્મસ્વરૂપનું ભાન નથી; તેથી તે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં જ આનંદ માને છે, તેમાં જ અનુરાગ કરે છે, પણ આત્મસ્વરૂપનો મહિમા લાવી તેમાં પ્રીતિ કરતો નથી. તેનું કારણ - અવિદ્યાના ગાઢ સંસ્કારથી તેનું જ્ઞાન મુર્ચ્છાઇ ગયું છે, આચ્છાદિત થઇ ગયું છે; તે છે.

અંતરાત્માને વિવેક - જ્યોતિ પ્રગટ થઇ છે, તેથી તેને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં પ્રીતિ નથી. તેમાં તેને ક્યાંય સુખ ભાસતું નથી. તે તરફ તે બહુ ઉદાસીન રહે છે. તે ત્યાંથી હઠી સ્વસન્મુખ થઇ આત્મસ્વરૂપમાં સ્થિત થવા માટે સદા પ્રયત્નશીલ છે. જ્યાં એને આવી જ્ઞાનદશા વર્તતી હોય, ત્યાં બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે ? ન જ ગમે. ૬૦.

# પ્રવચન – ૭૪

આહાહા! કેવી શૈલી વાપરી છે. બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં, જે કૌતુક એટલે સારું આમ કાંઈક લાગે આમ શરીર સારું, વાણી સારી, સંયોગોમાં પણ અનુકૂળતાની બહાર દેખાય ને સંતુષ્ટ થાય. આહાહા! બહિતુષ્યતિ, બહારની રાગાદિની ચીજમાં કે બહાર ચીજમાં અમે કાંઈક સારું કરીએ છીએ, બીજા કરતાં સારું કરીએ છીએ એવો એને સંતોષ થાય છે. આહાહા! એ ત્યાં રોકાઈ ગયો છે કહે છે. સમજાણું કાંઈ? બાહ્યમાં એટલે શરીર, વાણી, બાહ્યનાં પદાર્થમાં સંતોષ કરે છે. પ્રીતિ કરે છે. કોણ? તે મૂઢાત્મા. આહાહા! રાગમાં પ્રીતિ કરે છે ને બાહ્ય પદાર્થની. પુસ્તક સારા બન્યા ને મકાન સારા બન્યા. (**શ્રોતા:** હજી આપણે પરમદિ' જ કીધેલું પુસ્તકનું બહુ સરસ બનાવ્યું છે.) પણ એથી સંતોષ શું? થાય એમાં થાય. અમે કહ્યું હતું ને ભઈ, ૩૫ તોલા સોનું આપ્યું. સોનાના પૂઠાં કરો સમયસારના. સોનાનું પૂઠું સમયસારનું. બસ થઈ ગયું હવે. (**શ્રોતા :** ઘણું કર્યું) શું થયું હવે, કર્યું નથી. એટલે બાહ્યની કોઈ ચીજથી અનુરાગમાં ત્યાં જોડાઈને સંતોષ માને, મૂઢાત્મા છે.

વિશેષ કહેશે........

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

**જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઊકળતાં કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો. તેમ જગતજીવો પુણ્ય - પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે.**

**દૃષ્ટિનાં નિધાન ૨૯૩**

# પ્રવચન – ૭૫

## શ્લોક – ૬૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૯.૦૬.૭૫**

**बोधितेऽपि चान्तस्तत्त्वे बहिरात्मनो न तत्रानुराग: सम्भवति। मोहोदयातस्य बहिरर्थ एवानुरागादिति दर्शयान्नाह –**

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे ।**
**तुष्यत्यन्त: प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुक: ।। ६० ।।**

અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;
કૌતુક જસ નહિં બાહ્યમાં, બુધ અંત:સંતુષ્ટ ।। ૬૦ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

**સમાધિતંત્ર શ્લોક ૬૦. ટીકા :** બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે. અજ્ઞાની આત્મા અંદર, સહજાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. ચિદાનંદ સ્વરૂપ આત્મતત્ત્વની પ્રીતિ, પ્રેમ છોડીને, અનાદિથી જે પદાર્થ પોતાના નથી, એમાં એને અનુરાગ અને પ્રેમ કરે છે, એ મૂંઢ જીવ છે. (**શ્રોતા :** શરીરમાં એકતા કરે તે) શરીરમાં, વાણીમાં, મનમાં, વિષયો પાંચ ઈન્દ્રિયોના વિષયોને દેખીને સંતોષ માને છે એ બધા મૂંઢાત્મા છે. (**શ્રોતા :** દુનિયા આખી મૂઢ થઈ ગઈ) દુનિયા આખી મૂંઢ છે. સહજાનંદ સ્વરૂપ આત્મા, સવારમાં આવ્યું'તું નહિં ? ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ, ભગવાન આત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપી છે. એના પ્રેમને છોડી અનાદિથી અજ્ઞાની પોતાનું જે સ્વરૂપ નથી, રાગ, શરીર, વાણી એ તો પર વસ્તુ છે પદાર્થ જડ છે. એ જડમાં એ પ્રીતિ કરીને સંતોષાય છે. મને શરીરની નિરોગતા છે, મને આ છે. આહાહા ! ધૂળેય નહિં. શરીરાદિ તો જડ છે, માટી છે. શરીર જડ છે એની નિરોગતા હોય તો એ જડની છે એમાં આત્માને શું ?

તમારાથી બધું વિરુદ્ધ છે ઓલુ વૈદથીતો. માટીના પ્રયોગ છે ને બધા આત્માના પ્રયોગ નથી. આહા ! આ આત્મા અંદર વસ્તુ છે ને ભગવાન આત્મા અંદર અસ્તી છે કે નહિં ? (**શ્રોતા :** છે) તો એ છે શું એનું સ્વરૂપ ? એનો સ્વભાવ તો ચિદ્ જ્ઞાનાનંદ જ્ઞાન ને આનંદ અતીન્દ્રિય એ એનું તત્ત્વ ને સ્વરૂપ છે. આહાહા ! એ અનાદિની એ ચીજ છે પણ એને મોહથી ઢાંકી દીધો. મોહ એટલે પર પદાર્થની સાવધાનીમાં અને પર પદાર્થની પ્રીતિની સંતુષ્ટતામાં ચૈતન્ય ઢંકાઈ ગયો. આહાહા ! એ કહે છે. અનાદિ આ રખડવાનું કારણ આ છે. ચોર્યાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. સમજાણું કાંઈ ?

બાહ્ય શરીર, વાણી, મન, આ સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધી ચીજો તો બાહ્યની પર છે. એમાં પ્રેમ કરીને સંતોષે છે. અમને મજા છે. પાંચ પચ્ચીસ લાખ મળે પૈસા, શરીર સુંદર, બાયડી ઠીક, કહ્યાગરા છોકરા સુખી છીએ મૂંઢ છે. આહા ! એ પાપી છે. આત્માના ભાન વિનાના પ્રાણી આવા મૂંઢાત્માઓ. આહાહા ! ભગવાન ચિદાનંદ સ્વરૂપ અંદર પડ્યું છે, સચ્ચિદાનંદ સ્વભાવ જેનો છે, એના પ્રેમને છોડીને, બાહ્ય પદાર્થના પ્રેમમાં સંતોષાય છે, પ્રીતિમાં મશગુલ થઈ જાય છે. આહાહા ! જેમ ઝોક, એ ઝોક નથી ઓલી ઝોક, ઝોક (**શ્રોતા :** જળો, જળો) જળો માથું લોહી પીલે અને પુષ્ટી પામે છે. આહાહા ! એમ જળોની પેઠે અજ્ઞાની પર પદાર્થના પ્રેમમાં સંતોષાઈ જઈને મરી જાય છે. ચૈતન્યના ભાવપ્રાણને મારી નાંખે છે. આહા ! આવી વાત છે ભાઈ. આ તો સમજાય એવું છે ને ? સવારે જરી ઝીણું હતું પણ એ તો ભાઈ આવે ત્યારે આ અધિકાર આવે ને ?

અંદર આ દેહમાં આ તો માટી છે જડ, અંદર એનો જાણનારો એ સવારે વર્ણન આવે છે બધું ભલે આકાશનું ને ફલાણું પણ એનો જાણનાર કોણ ? કે આમાં આવી શક્તિ છે ને આમાં આવી શક્તિ છે ને આ એક પ્રદેશી છે ને ? આહા ! (**શ્રોતા** : પ્રદેશ આવડો હોય) એ જાણનારો ભગવાન આત્મા જ્ઞાનને આનંદના સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્, શાશ્વત અને ચિદ્, જ્ઞાન ને આનંદ અતીન્દ્રિય, અતીન્દ્રિય આનંદ હોં. આહાહા ! એવો જે આત્મા એને ભૂલી મોહથી તેને ઢાંકી દઇ અને છે, એ છતી ને અછતી કરી નાંખી અને જે અછત વસ્તુ છે રાગ, શરીર, વાણી, મન એને છતો બનાવી ને સંતોષાઇ ગયો છે. આહાહા ! સમજાણું કાંઇ ? છે ? કોણ ? મૂઢાત્મા, બહિરાત્મા એટલે જે અંદર સ્વરૂપ આનંદ ને જ્ઞાન છે, એનાથી બાહ્યચીજ જે છે, એ એની નથી, એનામાં નથી. અને બાહ્ય ચીજમાં પોતે નથી. બરાબર છે ? (**શ્રોતા** : બરાબર છે.)

બાહ્યચીજમાં પોતે નથી, બાહ્યચીજ આત્મામાં નથી એને પોતાની માનીને સંતોષાય એ બહિરાત્મા છે. આહાહા ! પાંચ પચ્ચીસ લાખ મળે, શરીર ઠીક હોય, બાયડી ઠીક હોય, છોકરા ને વ્યાપાર ચાલતો હોય, સરખા પાંચ પચાસ હજાર મળતા હોય પેદાશ ને. હિંમતભાઇ ! મૂંઢ છે કહે છે આહાહા ! તારી ચીજ ને તે ઢાંકી દીધી. તારી ચીજની મહિમા જે જોઇએ તે છોડી દીધી અને પરની મહિમામાં પડયો. આહાહા ! સમજાણું કાંઇ ? કે તે કેવો છે બહિરાત્મા ? જેની જ્યોતિ ઢંકાઇ ગઇ છે. આહાહા ! ભગવાન ચૈતન્ય જ્યોત શુદ્ધબુદ્ધ ચૈતન્ય ધન સ્વયં જ્યોતિ સુખધામ. એવી આત્મા ચીજ છે. એને પરની પ્રીતિના પ્રેમમાં ઢાંકી દીધી.

મોહથી ઢાંકી એટલે. આહા ! કીધું ને ? મોહથી જેનું જ્ઞાન પરાભવ પામ્યું છે, જેના જ્ઞાનમાં આનંદ અને સ્વરૂપી શુદ્ધ ચૈતન્ય આવવો જોઇએ એમ વિષય ન બનાવતાં જેણે રાગ અને શરીર, વાણી, મન ને વિષય બનાવી અને એ મારી ચીજ છે, મને હમણાં સરખાઇ છે. કહે છે ને આ પાંચ પચાસ પેદા થાય ને કાંઇ ઓલું બાદશાહી છે હમણાં. ધૂળેય નથી સાંભળને માળા મૂરખ, બહારમાં બાદશાહી કે દી’ ? એય આંહી તો આવી વાત છે. પ્રવિણભાઇ કે છોકરા સારા જાગ્યા, વહુરુ સારી આવી, સારા કુટુંબની એમાં વળી પાંચ પચાસ હજાર શું કહેવાય ? (**શ્રોતા** : કરીયાવર) કરીયાવર લઇને આવી આહાહા !

શું છે પણ તને આ ? આ શું વળગ્યું તને આ આવી બળતરા ? આહા ! (**શ્રોતા** : રાગની એકતાબુદ્ધિ) અનાદિનો, અનાદિનો અજ્ઞાની જે ચીજમાં પોતે નથી પોતામાં એ ચીજ નથી એના પ્રેમમાં ફસાઇ મૂંઢ આત્મા પોતાના સ્વરૂપને ઢાંકી દે છે. છતી

ચીજ છે અંદર પડી છે મોટી. આહા! જેનું અસ્તિત્વ આનંદ ને જ્ઞાન વાળું અસ્તિત્વ છે એવા અસ્તિત્વનો આદર ન કરતાં, જેમાં એ જ્ઞાન ને આનંદ નથી, અને એ એમાં આત્મા એમાં નથી, આહા! એમાં સંતોષાઇ જાય છે, હરખાઇ જાય છે, પ્રેમનો પ્યાલો ચડી જાય છે એની અંદર આહાહા! એ મૂંઢ આત્માઓ છે. આહાહા! બહિરાત્મા છે એટલે કે જે ચીજ એનામાં નથી એવા બહિઃ એને પોતાનું માનનારો બહિરાત્મા મૂર્ખ છે. સમજાણું કાંઇ?

કાંતિભાઇ! શું હશે આ બધું? એને તો બાયડી છોકરા નથી, એને તો પંદરસો(૧૫૦૦)નો પગાર હતો છોડી દીધો. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ છે. પંદરસો(૧૫૦૦)નો પગાર હતો પ્લેનમાં. પ્લેનમાં. આ ભાઇ છે ને? પંદરસો(૧૫૦૦)નો પગાર પ્લેનમાં હતો છોડી દીધો. નોકરી છોડી દીધી. મહિનાના પંદરસો(૧૫૦૦) હોં! શું ધૂળમાં હતું પંદરસો ને લાખ રૂપિયા ક્યાં જાવું છે? ક્યાં છું? એક ક્ષણમાં આ બધું છોડીને જાવું છે અને ક્યાં ઉતારા થવાના એની ખબર ન મળે. આહાહા! આત્મા તો અનાદિ છે, અવિનાશી છે એ કાંઇ નાશ થાય એવો છે? આહા! (**શ્રોતા** : ના રે નહિં) એ બધી પળોજણ મળી હોય એક ક્ષણમાં જાવ રખડવા. જેને પ્રીતિ કરીને પાળ્યા, જેને મારા કરીને રાખ્યા આવું આંહી તો છે. આ ઈંજેક્શન બીજી જાતનું છે. (**શ્રોતા** : કાયમનું દુઃખ મટી જાય એવું ઈંજેક્શન છે) આહાહા! કહો આ સમજાય છે કે નહિં રસિકભાઇ?

એય છોકરાઓ આ ધ્યાન રાખજો હોં, ન સમજાય એમ ન સમજવું કોઇ વખત ઝીણું આવી જાય તો કહે સવારમાં ઝીણું હતું પણ શું થાય? એ ઝીણું એ પણ જાણનારો કોણ? એ અહીં લેવું છે. આહાહા! એ આવશે પછી અઢાર(૧૮) ગાથા પૂરી થઇ જશે ને છવ્વીસ(૨૬) ને અઢાર(૧૮) - ચુમ્માલીસ(૪૪) એ પીસ્તાલીસ(૪૫)માં આવશે. જીવ લીધો છે, જીવ લીધો છે એનો જાણનારો કોણ છે? આહાહા! છએ દ્રવ્યની ભિન્નતા, જીવ અજીવની ભિન્નતા, લોક અલોકની ભિન્નતા, સક્રિયક ભાવવર્તી ને ક્રિયાવર્તી શક્તિની ભિન્નતા, આહા! ગુણની ભિન્નતા, એણે ક્ષેત્રમાં કેટલું સ્થિર રહેવું અને કેટલાનું અસ્થિર થવું એવાની ભિન્નતા, આહાહા! અને કેટલાકના પ્રદેશ ઝાઝા અને કોઇના પ્રદેશ નહિં એવી ભિન્નતા, એ બધુ જાણનારો તો પ્રભુ છે આત્મા હોં! પ્રભુ એટલે કોઇ બીજો ભગવાન નહિં. આહાહા!

એ ભિન્ન ચીજને જાણનારું તત્ત્વ ભિન્ન, પરથી ભિન્ન છે છતાં અજ્ઞાની એમાંથી પોતાને માની આહાહા! જ્ઞાન ને પરાભવ પામ્યું છે. ભગવાન જ્ઞાન સ્વરૂપી આત્મા એનો પરાભવ કરી નાંખ્યો. પોતાના મહાતમને ન જાણતાં પોતાની ચીજને સ્વરૂપનું

સ્વરૂપ શું છે? એને ન જાણતાં જે એનામાં નથી એને માની જ્ઞાનનો પરાભવ કર્યો, આત્માનો અનાદર કર્યો. આહાહા! આ અનાદિથી રખડવાનું આ કારણ છે. હેં? ચોર્યાશીના અવતાર કરી કરી મરી ગયો છે. અનંત અવતાર કર્યા, કીડી, મંકોડા, કાગડા. આહાહા! આત્મા છે અનાદિ જે છે એ વસ્તુ એ તો નિત્ય છે, પણ રહ્યો ક્યાં? એના ભાન વિના પરિભ્રમણના સંસાર કરીને ચોર્યાશીના અવતારમાં રહ્યો. કહે છે કે ક્યાં? અંતરમાં અંતરતત્ત્વના વિષયમાં પરભવ પામ્યો છે. શું? ક્યાં? કે અંતરતત્ત્વના વિષયમાં. આત્મા આનંદને સ્વરૂપ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એના સ્વરૂપમાં એ પરાભવ પામ્યો છે. આહાહા! સમજાણું કાંઇ? આહા!

સવારના બહુ સારુ આવ્યું હતું ઓલુ ટીકામાં. જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ તેમાં પ્રખર પણે, પ્રબળ પણે એકાગ્રલક્ષણ થાય, તો એને આનંદનું ઉત્પન્ન થવું થાય. અતીન્દ્રિય આનંદની દશા થાય એ આત્માનું સ્વરૂપ છે. જેને અતીન્દ્રિય આનંદ ભર્યો છે ભગવાન આત્મામાં, ઇ અતીન્દ્રિય આનંદની દ્રષ્ટિ કરતા એમાં એકાગ્રતા થતાં એને અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં, દશામાં, વર્તમાનમાં સ્વાદ આવે એણે આત્માને જાણ્યો, ને એણે ધર્મ કર્યો એમ કહેવાય છે. આહાહા! બીજાના કામ કરી દઇએ, પરોપકાર કરીએ છીએ. પરોપકાર કરીએ છીએ. ધૂળેય નથી પરોપકાર. સાંભળને એ. આ ડોક્ટરો બોક્ટરો બધા ઓનરરી કરે ને પણ એનો હેતુ એવો હોય કે બહાર પડે પછી એમાં બહાર પડેને દવાખાના ચાલે સરખા. બે ચાર મહિના ઓનરરી કરે પણ હેતુ તો ઓલો હોય. ધૂળેય નથી ઓનરરી પરોપકાર ન્યાં ક્યાં?

આંહી કહે છે કે ચૈતન્યના સ્વભાવને પરાભવ પમાડી આહાહા! જે જ્ઞાનાનંદ પ્રભુ એને પરાભવ પમાડી અંતરના તત્ત્વના વિષયમાં મૂઢ થઇ ગયો. આહાહા! બહારમાં ડાહ્યાનો દિકરો જાણે દૈવનો દિકરો ઉંચી વાતો કરતો હોય તો આમ છે ને આનું આમ થાય ને આનું આમ થાયને પણ છે કોણ તું ઇ ખબર છે? ઇ ખબર નથી આ બધી. શશીભાઇ! આહાહા! કહે છે કે અંતરતત્ત્વના વિષયમાં મૂંઢ થઇ ગયો. આહાહા! ઇ અજ્ઞાનીની વાત કરી. હવે પ્રબુદ્ધ આત્મા, જેણે ભગવાન ચિદાનંદ સ્વરૂપ આત્મા છું, જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એ મારી ચીજ છે, આહાહા! એવું જેણે પ્રબુદ્ધ પ્ર વિશેષે બુદ્ધ નામ જ્ઞાન થયું છે. આહાહા! જેણે આત્મજ્ઞાન કર્યું, આત્મા જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન થયું છે, પ્રબુદ્ધ આત્મા એને અહીં પ્રબુદ્ધ આત્મા કહે છે. પ્ર વિશેષ ને બુદ્ધ યથાર્થ જ્ઞાન થયું એને. આહા!

આ બધા વકીલાતના, આ ડોક્ટરના, આ બધા વેપારી આ લોઢાના, એ હસમુખભાઇ ! એ બધા કુજ્ઞાન છે. આ મિલના પુરષોત્તમભાઇ ! મિલનું કરે છે ને કામ ? (**શ્રોતા :** નોકરી કરે છે) પણ મિલનું કામ તો કરે છે ને ન્યાં, આ કરું ને આ કરું. એ એનું પણ જ્ઞાન હોય ને એને ? કે આજ આમ કરવું, આનું આમ કરવું. આ સંચા આમ થાય ને આ આમ થાય એ દામોદરભાઇ ! એને રંગનું હોય. આહાહા ! અરે એ તો કુજ્ઞાન છે કહે છે, ચાર ગતિમાં રખડવાનું જ્ઞાન છે. આહાહા ! ભગવાન આત્મા પ્રબુદ્ધ આત્મા, પ્રબુદ્ધ નામ પોતે જે ચીજ છે રાગ ને શરીર ને વાણી વિનાની ચીજ છે એ. એવું જેને અંતરજ્ઞાન થયું એણે અહીંયા પ્રબુધ્ધ આત્મા એને ધર્મીનો આત્મા એ ધર્મને પામ્યો એમ કહેવામાં આવે છે. આહાહા ! શી રીતે ? કે જેનું જ્ઞાન મોહથી અભિભૂત થયું નથી છે ને ? પરમાં પોતાનો માનીને જે જ્ઞાનનો પરાભવ એ એને નથી. આહા !

જેનું જ્ઞાન મોહથી હણાણું નથી અભિભૂતી છે ને ? આહા ! હું તો જ્ઞાન સ્વરૂપી પ્રભુ જગતની જ્યોત છું, જગત છે તે જ્ઞેય છે, હું એક જાણનાર ચૈતન્ય જ્યોત છું. એ જ્ઞેય મારી ચીજ નથી તેમ હું જ્ઞાનથી જ્ઞેયનો નથી. આહાહા ! આવું જ્ઞાન થાય તેના જ્ઞાનનો પરાભવ મોહથી થતો નથી. ચંદુભાઇ ! આ બધા તમને ડાહ્યા બહુ ગણે છે ને ? રંગમાં, વેપારમાં બધામાં સાચવવા આવવું. પરાભવ પામ્યો નથી એ તેઓ આત્મસ્વરૂપમાં જાગૃત આત્મા છે આહાહા ! જ્યાં હું છું ત્યાં તો જ્ઞાન અને આનંદ છે. હું એ આત્મા છું. આહા ! રાગ છે, વિકલ્પ થાય છે એ હું નથી અને પુણ્યના ફળ તરીકે સામગ્રી મળી હોય બહારની એ પણ હું નથી. એમાં હું નથી એમાંથી મને સંતોષ નથી. સંતોષ તો આવ્યું'તું ને સવારમાં ? આલ્હાદ્ આહાહા ! સહજાનંદ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એમાં એકાગ્ર થવાથી આલ્હાદ્ પ્રસન્નતા સંતુષ્ટતા જે જાગે, એ સુખનો અમૃતનો સાગર છે. આહા ! સમજાણું કાંઇ ?

રાગમાં રોળાઇ જવું એ દુ:ખી પ્રાણી છે અને રાગથી ભિન્ન મારી ચીજ છે એવું જેણે જ્ઞાન કર્યું આત્માનું, એ જગતમાં સુખી છે. એ સુખી પોતાના સુખથી સુખી છે. પરથી સુખ છે એ માનનારા મૂઢ છે. સમજાણું કાંઇ ? તેઓ એવો આત્મસ્વરૂપમાં જાગૃત આત્મા છે. આહાહા ! અંતરંગમાં સંતુષ્ટ રહે છે. ધર્મીજીવને તો પોતાના આનંદ અને જ્ઞાનનો સંતોષ છે. બહારની ચીજની સગવડતાની અનુકૂળતાનો સંતોષ ધર્મીને હોતો નથી. આહાહા ! હમણાં માન વધ્યું, અભિનંદન અમને આપે લોકો, મોટા ઠરાવે એનો એને સંતોષ થાય પ્રેમ, એ મૂંઢ છે કહે છે. આવી વાત છે શશીભાઇ ! આ તો ધરમની વાત

છે ને બાપા ! આહા ! તે સ્વ સ્વરૂપમાં પ્રીતિ કરે છે.

ધર્માત્મા પ્રબુદ્ધ આત્મા, સ્વ સ્વરૂપ પોતાનું સ્વ નામ પોતાનું, જ્ઞાન ને આનંદનું સ્વરૂપ પોતાનું ભગવાન આત્માનું, એમાં ઈ સંતોષ કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? એમાં પ્રીતિ કરે છે. આવે છે ને ઓલા ૨૦૦ નહિં ગાથા ? નિર્જરાની. તેમાં રુચી પ્રીતિ, સંતોષ કર બાપા ! ભાઈ અંદર તારી તત્ત્વ ચીજ છે ને તત્ત્વ છે કે નહિં તું અસ્તિ છે કે નહિં ? (**શ્રોતા :** છે) મોજુદગી ચીજ છે કે નહિં ? (**શ્રોતા :** છે) અને એ મોજુદગી ચીજનો સ્વભાવ શું ? જે સ્વ ભાવ પોતાનો ભાવ, એ તો જ્ઞાન અને આનંદ એનો પોતાનો ભાવ છે. આહાહા ! જ્ઞાન અને આનંદનું જ્ઞાન કરનાર પોતાથી સંતોષાય છે. સમજાણું કાંઈ ? જેના આનંદના સ્વાદ આગળ ધર્મીને ઈન્દ્રનાં ઈન્દ્રાસનો, ન આવ્યું કે -

**''ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ,**
**કાગ વિષ્ટ સબ માનત હૈ સમકિત દ્રષ્ટિ લોક''**

કાગડાની વિષ્ટા, માણસની વિષ્ટા તો હજી ખાતરમાં કામ આવે અને ભૂંડેય ખાય પણ કાગડાની વિષ્ટા તો ખાતરમાં કામ ન આવે કારણકે એવી સૂકી ને આમ નીકળે એ ખાતરને બગાડે. આહા ! એમ ધર્મીજીવને પોતાનો આત્મા જ્ઞાન ને આનંદનું સ્વરૂપનું ભાન થયું, એકવાર પણ અનુભવ થયો એને. આહાહા ! આતો આનંદ અતીન્દ્રિય આનંદને જ્ઞાનનો સાગર છે, એવા આનંદમાં પરના. અજ્ઞાની પાણી મેલા પીવે છે ને પણ જ્ઞાની તો કહે છે કે મેલા પાણીમાં મજા માનનારા એમ રાગ અને પરમાં મજા માનનારા મેલા પાણી પીનારા છે. આહાહા ! ભારે ફેરફાર કરવો પડે સમજવા. હેં ઉલટ પલટ છે ભાઈ ! આ બધા રાજ મળે ને ધૂળ મળે ને પાંચ પચાસલાખ.

આ બાઈ નથી જુઓને અત્યારે જેની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. બે અબજ ચાલીસ કરોડ છે. સાત મહિનાથી અસાધ્ય છે. ગોવા, ગોવા, ગોવા છે ને આ ? દીવ દમણ ને ગોવા. હેં એને ઘણાં વરસથી હમણા ભાઈએ ન કીધુ સવા વરસથી અમદાવાદમાં સવા વરસથી અસાધ્ય. આ તો સાધારણ આ તો પૈસાવાળા. જેને ઘેરે ચાલીસ લાખના બંગલા. જેને ઘરે બે અબજ અને ચાલીસ કરોડ. એની બહેનની દીકરીઓ આપણે અહીં છે. બાલ બ્રહ્મચારી છે અહીં છે બે એમાં. બાસઠમાં બાસઠ થઈ કે ચોસઠ ? બાસઠ, બાસઠને ? ચોસઠ. બાસઠ હતી ને બે થઈ હમણાં રાજકોટમાં થઈને ભાઈ રોજકોટમાં બે બ્રહ્મચારી થઈ કોઈ છે. નાની ઉંમરના બે બાલ બ્રહ્મચારી થઈ હમણાં રાજકોટ.

બાસઠ હતી ચોસઠ. એમાં એની બે દીકરીયું છે, એમની બહેનની દીકરીયું

છે. હેં. મોહન ડોસા, મોહન ડોસાભાઇ આ લીંબડી વાળો. એની બે. એ ઈ એની બે દીકરી એક હા મોહનભઇ ડોસાભાઇની ને એક ઓલો બીજો આપણે વારંવાર આવતો ઓલો પારસ, પારસ નહિં ? આવતો વ્યાખ્યાનમાં કાયમ આવતો. અત્યારે ઓલું થઇ ગયું નથી આવી શક્તો. શરીર ઓલું થઇ ગયું છે. બે દીકરીયું બાલ બ્રહ્મચારી, બાસઠ ને બે વધારે. બહેનની નીચે ચોસઠ થયા, પુરણ થયું. ચોસઠ એય ! એ બેનની નીચે છે બધી બેનો, બેનને પ્રતાપે બધુ થયું હોં જે થ્યું ઇ ! આહીં કહે છે આવી આવી ચીજો હોવા છતાં અરેરે ! અસાધ્ય એ શું સામગ્રી અસાધ્ય છે. આહાહા ! અસાધ્ય તો આ જીવો પરને પોતાનું માનનારા એ અસાધ્ય છે. પોતાનું સાધ્ય જેને નથી, જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ આત્મા છે એને જેનું સાધ્ય નથી, એ બધા અસાધ્ય છે. આહાહા !

ઓલા બાહ્યથી અસાધ્ય દેખાય, આ અભ્યંતરમાં અસાધ્ય છે એમ કહે છે. જુઓ એ કહ્યું ને કે જ્ઞાનનો પરાભવ કરનારા છે. આહાહા ! પાંચ પચ્ચીસ ઈંચ વરસાદ આવે, ખેડ સારી થાય, વરસ સારું પાકે અને ખેડૂ હોય ને જ્યાં એનો પાક હોય ને મોટો આવડા આવડા ડુંડા થાય ને આમ અંદર જોવા જાય ત્યાં તો જાણે આમ આહાહા ! જાણે શું થયું પાક્યું હેં ? આપણે છે ને ભાઇ ખુરઈમાં, ખુરઈમાં એ છે ઋષભકુમાર, મોટો કરોડપતિ. કૃષિ પંડિતની ઉપમા છે સરકાર તરફથી. હમણાં ગયા હતા ને ત્રણ દિ' રહ્યા'તા એના ઘરે રહ્યા હતા. મોટો પૈસા વાળો પણ દીકરો દીકરી નથી. સાત પેઢીથી એમને એમ હાલ્યું આવે છે દીકરા વિના ને દિકરા વિના. આય દત્તક લીધો છે એના ભાઇના દીકરાને. એની વહુ આપણે આવી ગઇ છે. મહિનો મહિનો રહી ગઇ આપણને કાંઇ ખબર નહિં. મહિનો, મહિનો.

બહુ પૈસાવાળા. પાંચ - સાત લાખના તો ઘરે મંદિર ઘરના, મકાનો ઘરના. કેટલા લાખોના તો ચણા પાકતા હશે, કેટલા લાખોના ઘઉં પાકતા હશે. માઇલ, માઇલમાં આખી જમીનો ઘરની એની બધી. હમણા ત્રણ દિ' રહ્યા'તા કૃષિ (શ્રોતા : બહુ સુખી) ધૂળેય નથી સુખી. આહાહા ! સરકાર તરફથી કૃષિ પંડિત અને એને ભાઇ કૃષિનું આવડે છે ખેતીનું ખેતી કામમાં આમ કરવું, આમ કરવું. માઇલ માઇલમાં જમીનો ઘરની. મોટો રાજા. આમ નરમ માણસ છે હોં. ત્રણે દિ' અમારી પાસેજ રહ્યો એને ઘરે આખો દિ'. એને એવો નિર્ણય કરવાનો નહિં. પણ એની વહુને ખરું. અહીં મહિનો મહિનો રહી ગઇ છે પણ આપણને તો ક્યાં બાઇઓ આવી હોય એની ખબર હોય. મહિનો પંદર દિ' બે વાર રહી ગઇ છે કહે એ ઋષભકુમારની. મોટા બાદશાહ પણ હોં. રાજાઓ. એ

દુનિયા એમ માને કે આ સુખી છે. ધૂળેય નથી આહા! (**શ્રોતા :** આ તમે દુ:ખી તરીકે દ્રષ્ટાંત આપ્યું)

એ દુ:ખની વાતો છે આ બધી દુ:ખની. આંહી તો જગતથી જુદી જાત છે ભાઈ! આંહી તો. એ દુ:ખીયા બિચારા. 'સુખીયા જગતમાં સંત, દુરીજન દુ:ખીયા' એક આત્માના આનંદની લહેરમાં રહેનારા એ સુખી છે બાકી બધા દુ:ખીયા. આખી દુનિયા દુ:ખી છે. આહાહા! કહે છે તેવો આત્મા જાગૃત છે. અંતરંગમાં સંતોષ કરે છે સ્વ સ્વરૂપમાં પ્રીતિ કરે છે કેવો થઈને? બાહ્યમાં કૌતુક રહિત થઈને ભાષા જુઓ 'કૌતુક' શબ્દ પડયો છે ને? છેલ્લો કૌતુકનો અર્થ એવો છે એમ કાંઈક આમ બીજી ચીજ ને દેખીને અંદરમાં વિસ્મયતા આવી જાય તે એ બધું કૌતુક છે. કૌતુક એટલે પરમાં સુખબુદ્ધિ છે એમ કહેવું છે. સમજાણું? આહાહા! કુતૂહલતા થાય પરમાં, વિસ્મયતા લાગે પૈસા, આબરુ કીર્તિ, શરીરાદિમાં એ કૌતુક શબ્દ વાપર્યો છે આચાર્યે એ ગજબ કરી છે.

કૌતુક એટલે આમ કુતુહલ થાય આ આમ આમ આહાહા! આમાં ઠીક છે એમ કરીને કુતૂહલથી જોવા માંગે છે એ. આહાહા! પર પદાર્થને કુતૂહલથી જોવા માંગે છે. મૂઢ જીવ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? (**શ્રોતા :** આત્માને જોવાનું કુતૂહલ કરતો નથી) એ કરતો નથી એ તો ઓલામાં કહ્યું છે ને કે એક વાર કુતૂહલ તો કર. નથી આવતું ભાઈ? છ મહિના. કોણ છે પણ આ? જેના આટલા વખાણ હાલે એ છે કોણ આ અંદરમાં, એને જોવા કુતૂહલ તો કર આહાહા! એને મૂકીને કૌતુક બહારનો કૌતુક શબ્દ વાપર્યો આચાર્યે, એ કૌતુકનો અર્થ હરખાઈ જાય છે. આમ બહાર એમ કહે છે બહારની કાંઈ અનુકૂળતા દેખીને શરીરની, વાણીની, પૈસાની, આબરૂની, કીર્તિની, બાયડીની, છોકરાની આ બધી દુકાનની, ધંધાની એમાં કુતૂહલતા એને હરખાઈ જાય છે. આહાહા! મૂઢ છે. આહાહા!

સન્નીપાતીયો એ આમ વાત, પિત્ત ને કફના ત્રણે રોગ વધી ગયા હોય, સન્નીપાત થાય જેમાં દાંત કાઢે એ કાંઈ સુખી છે? સુખીના દાંત છે? આહાહા! એમ આત્મામાં કુતૂહલતા છોડી દઈ અને પર પદાર્થમાં કુતૂહલતાથી જે માને સુખ જોવા માંગે છે એ સન્નીપાતીયા દુ:ખી છે. આહાહા! દુકાનમાં સારો ધંધો ચાલે છે, પેઢી ધીકતી ચાલે છે એમ વાતું કરે વાણિયાઓ નહિં? ધીકતી પેઢી દસ દસ પેઢી, બે પાંચ કરોડ રૂપિયા આમ નાંખ્યા, કોઈક ઠેકાણે વીસ હજાર લાખ આપીને એક ટકાનું વ્યાજ ને છ મહિને, મહિને મહિને જોવા જવું દુકાને આ શું? બધે આમ ચારેકોર પથારા પાથર્યા હોય, શું છે

પણ હવે ? મૂંઢ છો. તારી મૂર્ખાઇના દર્શન છે કહે છે એય ! આહાહા !

આચાર્ય મહારાજ કૌતુક શબ્દ વાપરીને અને એની કાંઇક વિશેષતા દેખાય છે એમ કહે છે. પોતા શિવાયના પર પદાર્થમાં કાંઇ આમ સુખ બુદ્ધિ કુતૂહલતા, વિસ્મયતા, આશ્ચર્યતા વીર્યમાં એને આમ કાંઇક ને કાંઇક ઠીક બુદ્ધિ થઇ જાય છે એને આંહી કૌતુક કહે છે. આહાહા ! આંહી તો આત્મતત્ત્વનું ભાન નથી એની વાતું છે બાપા ! અને ભાન હોય એ જીવ પરમાં કુતૂહલ કરતો નથી એમ કહે છે. આહાહા ! ઝીણી વાત છે ભગવાન ! એ બધા જગતના ડહાપણને ભાઇ ખેતી એટલી એની પાકે છે કે પછી ચણા એ વધતા બધા લીલા કે અમને કાંઇક આપ્યા'તા કોકને નહિં ? હારે રસોઇયાને આપણો બચુભાઇ ત્યારે આવ્યો'તોને ! અધમણ મોટા લીલા ચણા શાક કરવા. ઘણો પાક પણ ગજબ મોટો ખેડૂત. કેટલા લાખોની પેદાશ છે. છે વાણિયા, કીધું ધૂળમાંય નથી આમાં ક્યાંય. આહાહા ! સાંભળે પણ બિચારો માણસ બહુ આવતુ હાં દસ દસ હજાર માણસો હોં.

ત્યાં એક આશ્રમ છે. ભાઇ ઓલાનું કો'કનું કોનું કીધું ? ગુરુકુલ છે. ત્યાં ચૌરે ત્યાં હતા. ચૌરે હતા ત્યાં. ત્યાં હતા અને ગામથી માઇલએક છેટું છે ત્યાં માનસ્તંભનો મહોત્સવ હતો ત્યાં, પણ માણસો દસ દસ હજાર, બહુ માણસો. આહા ! બધા સાંભળે ભાઇ આવ્યા'તાને જગમોહનલાલજી, જગમોહનલાલજી પંડિત ત્યાં આવ્યા હતા. લોકો બિચારા સાંભળતા પણ આ કયાં વાત ને પ્રેમ ને રસ લાગવો અંદર. બહારની વાતોમાં રસિલા એને આ આત્માની વાતનો રસિકપણું ભારે કઠણ પડે. આહાહા ! કેવો થઇને ? બાહ્યમાં કૌતુકરહિત થઇને. આ હવે આ ધર્મીજીવને, પ્રબુદ્ધ આત્માને બાહ્ય પદાર્થમાં કુતૂહલતા વિશેષતા કાંઇ ભાસતી નથી. કહો સુજાનમલજી ! પણ આ છોકરો એનો બારસોનો પગાર લાવે અને રોટલા ઘડવા પડે. (**શ્રોતા :** એને આનંદનો જોગ છે એ અત્યારે એના દીકરાને નથી) વાત સાચી. આહાહા ! એ બધી સગવડતા ઝેરની સગવડતા. એમાં જેને પ્રેમ થાય છે, કુતૂહલતા થાય એ મૂંઢ આત્મા આહાહા !

અરે ! આંહી ત્યાગી થઇને પણ આબરું વધે, શિષ્યો વધે તો ખુશી થાય એ મૂંઢ છે. (ધર્મનો ફેલાવો થાયને ?) ધર્મનો ફેલાવો આત્મામાં થાતા હશે કે બહાર થાતા હશે ? આહાહા ! સમજાણું કાંઇ ? કૌતુકરહિત છે. આહાહા ! એટલે શરીરાદિમાં અનુરાગ રહિત થઇને આહા ! એને અનુસરીને ઠીક છે એ ભાવ છૂટી જાય છે. ધર્માત્મા ને બાહ્ય ને અનુસરીને રાગ થાય, એ અનુરાગ છૂટી જાય છે. આહાહા ! નબળાઇનો રાગ થાય એ જુદી વસ્તુ છે, પણ એના અનુસરીને થાય કુતૂહલતાના પ્રેમને વિશેષતા દેખીને, એ તો

મિથ્યાત્વનો રાગ છે. આહાહા! સમજાણું કાંઇ? આ તો આમ સમજાય એવું છે. એય રસિક! સવારે તો ઝીણું હતું પણ હવે સાંભળવું પડશે ને કરવું પડશે. આ મરી જાય છે ચોર્યાશીના અવતાર જુઓને આ. આહાહા! હમણાં તો કેટલા હાર્ટફેઇલના સાંભળીએ છીએ. ફલાણા ને હાર્ટફેઇલ થયું, ઢીકણાને આમ થયું. આહાહા!

**ભાવાર્થ:** જ્ઞાનીને પ્રશ્ન પૂછેલો કે તમે બહિરાત્માને આત્મ સ્વરૂપનો બોધ કેમ કરતા નથી. મૂંઢ જીવોને તમે કેમ સમજાવતા નથી? તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું, કે બહિરાત્માઓ વસ્તુ સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. એને આત્માને પર શું ચીજ છે ભિન્ન, બેયની વસ્તુ સ્થિતીથી અજ્ઞાત છે. આહાહા! તે શબ્દો દ્વારા તેઓ એટલા મૂંઢ છે કે તેમને બોધ કરો કે ન કરો પત્થર ઉપર પાણી જેવું છે. એવા પકડાઇ ગયા છે પરમાં, એને બોધ કરે તોય સમજશે નહિં. આહાહા! તેમને માટે તે બધુ સરખું છે. એ આવી ગયું છે શ્લોક અઠ્ઠાવન(૫૮)માં મૂંઢ છે કાંઇ ભાન જ ન મળે. આહાહા! ગાંડા થઇને ગાફેલ થઇને ફરે છે પાગલ. પાગલ.

પાગલ જ આખી દુનિયા છે. જેને ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એની ખબરું ન મળે ને આ બહારની ખબરું પાગલ છે બધા. આહાહા! જેને જન્મ મરણના ફેરામાં રખડવું છે એવા પાગલો આત્માના ભાનને કરતા નથી. આહાહા! પોતાની કિંમત ને ટાંકતા નથી અને બાહ્યચીજની કિંમતમાં ઘસાય ગયા છે, દોરાઇ ગયા છે એય. આહાહા! બહુ સરસ વાત. સમાધિનો અધિકાર છે ને? તેમને (બીજો) આત્મ સ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. ભગવાન આત્મા તો અંતરના સ્વનામ પોતાના જ્ઞાનથી સમનામ પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે, એ કોઇ શબ્દોથી સાંભળવાથી જણાઇ જાય આહાહા! એવી ચીજ નથી. આત્મ સ્વરૂપ સ્વસંવેદનગમ્ય સ્વનામ પોતાના સમનામ પ્રત્યક્ષ જ્ઞાનના વેદનથી ગમ્ય છે. આહાહા! એ રાગથી ને વાણીથી ને સાંભળવાથી પણ ગમ્ય નથી. એ તો કહ્યું'તું નહિં?

વિકલ્પ જે ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભ વિકલ્પ રાગ છે. એ રાગની તાકાત નથી કે જાણી શકે આત્માને. કારણકે રાગ પોતે જ અજ્ઞાન છે, અચેતન છે. રાગની સ્થિતી પોતે શું છે? એ રાગ જાણતો નથી. અને રાગ કઇ ભૂમિકામાં આ સ્થિર છે અને થાય એની ખબર નથી. એથી રાગની તાકાત નથી કે ચૈતન્યના સ્વભાવને જાણી શકે. એ તો પોતાના સ્વભાવની જ્ઞાન પર્યાય નિર્મળ એ એને જાણે. સ્વસંવેદનથી જણાય એવો આત્મા છે. આહાહા! આ બધા લૌકિક ભણતર સંસારના મેટ્રીક ને એલ.એલ.બી ને એમ. એ. ના પૂછડા એમ છે ને ડાક્તરો એમ. એ. થાય, વકીલો એલ. એલ.બી. થાય પૂછડા છે બધા અજ્ઞાનના. આહાહા! મૂંઢ આત્માઓ આત્માના ચમત્કારને

ન જાણતાં બહારની ચીજમાં એને ચમત્કારથી એને વિસ્મયતા લાગે છે. આહાહા!

ઓલો કોક કહેતો'તો નહિં કાલ ઓલો પારસી નથી ઈંદિરા પાસે મોટો પારસી છે. વકીલ પાલખીવાળો, એ છૂટો થઇ ગયો. કહે છે એનું ભેજુ ત્રણલાખનું માંગે છે અત્યારે. (**શ્રોતા :** એ તો મરી ગયા પછી માંગે ને એમાં એને શું લાગે વળગે) એની વાત નથી આ તો લોકોને કેટલી કિંમત છે બહારની. ભેજાવાળો એ બધું શીખ્યો જાણે. આપણા રામજીભાઇ કાઠીયાવાડમાં ભેજાવાળા ગણાતા એ વળી ભેજાવાળો ગણાતો હશે. એવુ કહે છે કોક સાંભળીએ આપણે ક્યાં? ચેતનજી કહેતા'તા એનું ત્રણલાખનું ભેજુ માંગે છે. આ ત્રણલાખનું ભેજું મરી ગયા પછી હોં. હવે એની કિંમતું આહાહા! ભગવાન અંદર ત્રણલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ એની કિંમત શું એની એને ખબરું ન મળે. આહાહા! અને સમજે પણ નહિં એટલે તેમને બોધ કરવો વ્યર્થ છે. આહાહા!

બે શ્લોકમાં કહ્યું ને અઠ્ઠાવન(૫૮) ને ઓગણસાઇઠ(૫૯)માં. આ શ્લોકમાં એમ કહ્યું કે અનાદિ મિથ્યાત્વને લઇને ભ્રમણા, ચૈતન્યના ભાન વિનાના પ્રાણી અંતરાત્મા સચ્ચિદાનંદ હિરલો, શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ, આહાહા! એના અજ્ઞાનને લઇને, મિથ્યાત્વને લઇને, આહાહા! બહિરાત્માને સ્વપરનું ભેદવિજ્ઞાન નથી. શરીર એ પર છે, મારી ચીજ આનંદ એ સ્વ છે. એની જુદાઇનું જ્ઞાન નથી અજ્ઞાનીને, તેને આત્મસ્વરૂપનું ભાન નથી. સ્વપરનું ભેદ વિજ્ઞાન નથી, તેથી તેને આત્મ સ્વરૂપનું ભાન નથી. તેથી તે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં જ આનંદ માને બસ. આહાહા! સારી રસોઇ થઇ હોય આમ મેસુબ ને પતરવેલીયાના ભજીયા ઘીમાં તળેલા, અળવીના પાંદડા નથી થતા? એ જેમાં ચણાના વાટા કરીને કટકા કરીને બનાવે. આહાહા!

મૂર્ખાઇના કાંઇ ગામ જુદા હોય છે? કહે છે. આમાં આનંદ માને અરે જડમાં, ભગવાન આનંદનો નાથ અંદર બિરાજે છે જેનું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદ જેનું સ્વરૂપ છે. આહાહા! એ વિષયમાં આનંદ માને મૂર્ખ લોકો છે બહિરાત્મા છે કહે છે. આહાહા! પાંચ પાંચ હજારનું દનિયું લેતો હોય મોટો વકીલ તોય કહે છે મુરખ છે મોટો. (**શ્રોતા :** આપ તો મુરખ કહો છો, દુનિયા બહુ ડાહ્યો કહે છે) દુનિયા તો ડાહ્યા ડાહ્યા. પાગલ તો પાગલને સારો જ કહે ને! પાગલની ઇસ્પિતાલ હોય એમાં પાગલ મોટો હોય એને સારો કહેવાય. આહાહા! પરમાત્મ પ્રકાશમાં ક્યાંક આવ્યું છે ને ભાઇ? પરમાત્મ પ્રકાશમાં આવ્યું છે કે ધર્મી જીવ ને જગત પાગલ કહે છે. શું આવી વાતુ કરે છે? આત્મા આવોને આત્મા આવોને! આહાહા! ધર્મી એ જગતને પાગલ માને છે કે પાગલ છે બધા.

(**શ્રોતા** : સામ સામા બે છોકરા બાઝતા હોય એવું છે) આહા! બાઝવાની વાત નથી આ તો એને કિંમત નથી એને આત્માની એને બહારની કિંમતવાળાઓને ઉડાડવા માંગે જ્યારે આત્મા ત્યારે એમ કહે કે આ માળા હજી ન દેખાય એમાં આનંદ, દેખાય એમાં વાતું ભારે કરે છે ભાઇ. પાગલ જેવી વાતુ કરે છે એમ લાગે અજ્ઞાનીને, પણ ન દેખાય એવો નિર્ણય કરનાર કોણ? ન દેખાય એવો નિર્ણય કરનારો દેખાય છે. આહાહા! ન દેખાય એવો નિર્ણય એ એના અસ્તિત્વમાં જણાવે છે. આહાહા! હું જણાઉં નહિં એજ કહે છે હું કંઇક છું. આહાહા! એ જણાઉં નહિં એ જાણનાર તે હું છું. એ નહિં જણાઉં એ એવું જે એનો જાણનાર તે હું છું એમાં એ અસ્તિત્વ એની મોજુદગી સિદ્ધ કરે છે. પણ એની ઉપર નજર છે નહિં ને ખબર નથી. આહાહા! દુનિયાના ડહાપણ આડે પોતાનું ડહાપણ ભૂલી ગયો. જ્ઞાની પોતાના ડહાપણ આડે દુનિયાના ડહાપણની કિંમત ઉડી ગઇ એને. આહાહા!

પાંચ પાંચ હજારનો પગાર લાવતો હોય, દસ હજારનો પગાર લાવતો હોય એક એક દિ'ના વકીલો મોટા હોય તે બે બે હજાર પાંચ પાંચ હજાર લેતા હોય. ઓલા હતા ને ભુલાભાઇ નહિં ને મોટા! હા ભુલાભાઇ, બે હજાર લેતા. એક દિવસના બે હજાર. એમાં શું થયું ધૂળ? પાગલ જેવા છે એ બધાય. પાગલ જેવા કે પાગલ (**શ્રોતા**: પાગલ જ) જેવા વળી કોણ કહે વળી? આહાહા! અહીં એ જ કહે છે, જે શરીરાદિ બાહ્ય પદાર્થો. એમાં આનંદ નથી અને આનંદ માને છે, આનંદ તો આત્મામાં છે. આહાહા! હરણની નાભીમાં કસ્તુરી, હરણની નાભીમાં કસ્તુરી પણ એની ગંધ પવનને લઇને ફેલાયેલી બહાર બહુ આમ એટલે એ ગંધ જાણે બહારથી આવે છે એમ શોધવા જાય માળો.

પવન વાય ને જંગલમાં ને અહીંની ગંધ બહુ ફેલાય આમ એટલે જાણે અહીં હશે આંહી. ગંધ પણ અહીં છે એની ખબર નથી એને. એમ આનંદનો નાથ ભગવાન એની નાભી અંદરમાં અતીન્દ્રિય આનંદ પડયો છે. મૃગલા જેવા જીવો તે આનંદને બહારની ચીજમાં શોધે છે. આહાહા! મૂંઢાત્મા છે. મૂંઢાઇ ગયા છે. નુન્નર થઇ ગયા છે. નુન્નર એટલે નન્નુર. નન્નુર એટલે તેજ વિનાનાં. ન નુર. આમ તો આપણે નુન્નર શબ્દ કહીએ છીએ પણ ખરો શબ્દ ત્યાંનો નનુર, છે નનુર તેજ નહિં. તેજ વિનાનાં. આહાહા! તેજી ઘોડી હોય એને ચાબકો મારવો ન પડે. આમ જરી કરે ત્યાં વેગ કરે. ગધેડાને ડાફણા મારવા પડે ત્યારે હાલે માંડ. ઘોડી તેજવાળી જે હોય એની આંખો આમ ઓલો ચાબકો આમ કરે ત્યાં એની નજર જાય એની, એકદમ ગતિ કરે. આહાહા!

એમ પાત્ર જીવો સત્‌ને સાંભળતા એની તેજવાળા છે એની ગતિ અંદરમાં જાય. ગધેડાને ડાફણા મારે એટલે એ ! આહાહા ! કરુણાતીત છે ઈ. ભાઈ આપણે ગોઠવ્યું છે હોં. રમેશે રમેશે વીંછીયાવાળા ઘાટકોપર છે ને રમેશ ? વ્યાખ્યાનમાં આવ્યું'તું બધું ગોઠવ્યું છે એણે ભક્તિના ગાયનોમાં ગોઠવ્યું છે. તેજી ઘોડી ને ચાબકા ન હોય. ગધેડા ને ડફણા હોય એમ ગોઠવ્યું છે એણે. રમેશે નહિં ? રમેશ ! વીંછીયાવાળા આપણા પ્રેમચંદભાઈના દીકરા ના દીકરા. પ્રેમચંદ લક્ષ્મીચંદ રમેશ એ કવિ છે, હોંશિયાર છે. ગાયન ભક્તિ બોલે છે. ઓહોહો ! કહે છે આનંદ માને છે તેમાં અનુરાગ કરે છે આહાહા ! એટલે કે આત્માને અનુસરવુ ભૂલી પર પદાર્થને અનુસરીને વલણવાળા છે. આહાહા ! અનુરાગ કરે છે, પણ આત્મ સ્વરૂપનો મહિમા લાવી તેમાં પ્રીતિ કરતા નથી. તેનું કારણ અવિદ્યાના ગાઢ સંસ્કારથી તેનું જ્ઞાન મુર્છાઇ ગયું છે. આહાહા !

ભ્રાંતિના જ્ઞાનથી, સંસ્કારથી એનું જ્ઞાન મુર્છાઇ ગયું મુર્છા આવી ગઈ. આહાહા ! લક્ષ્મણ જેવાને પણ રાવણની શક્તિ લાગી ને મુર્છા આવી ગઈ'તી ને. લક્ષ્મણ ને લક્ષ્મણ ! રામચંદ્ર જેવા મહાપુરુષ એ જ ભવમાં મોક્ષ જનારા, એના ભાઈ લક્ષ્મણ ને. રાવણની શક્તિ લાગી અસાધ્ય. સવારે જો નહિં જાગે તો દેહ છૂટી જાશે એવું લોકોને લાગે, આ તો જાણે આ બલદેવ છે. બલદેવનો દેહ છૂટે નહિં પણ એ શંકા લોકોમાં જરી. શક્તિથી મુર્છાઇ ગયેલા મુર્છાઇ ગયેલા. એમ અનાદિના અજ્ઞાની અજ્ઞાનને મિથ્યાત્વની શક્તિથી મુર્છાઇ ગયા છે. ઓલી રાવણની શક્તિથી મુર્છાણા. આહાહા ! આચ્છાદિત થઇ ગયું છે. અંતરાત્માને વીર જ્યોતિ પ્રગટ થઈ છે. આહા ! અરે ! હું તો આત્મા જ્ઞાન સ્વરૂપી આનંદ, હું શરીરેય નહિં, વાણીયે નહિં, રાગે નહિં. આહાહા ! એ દયા દાનના પરિણામ થાય, વિકલ્પ થાય એ હું નહિં. એ તો વિકાર દુઃખરૂપ છે. સમજાણું કાંઇ ? બહુ.

આ જગતથી વાત જુદી બહુ ભાઈ ! ને અત્યારની પ્રણાલિકા. હા હો હા હો આહાહા ! અત્યારે જુઓને આ ખળભળાટ થઇ ગયો છે. ઓલા ને પકડયા છે ને કાંઇક છસ્સો સાડા છસ્સોને ? ખળભળાટ, કો'ક તો વળી કાલ કહેતુ'તું એનો જ વિશ્વાસુ માણસ જગજીવન, ઈંદીરાનો વિશ્વાસુ જગજીવન કરીને છે કો'ક, એને પકડયો છે. ખળભળાટ થઇ ગયો છે. ઓલીની વિરુદ્ધ થયો હશે તો પકડયો, એનો વિશ્વાસુ માણસ. જુઓને આ જગતમાં એ છોકરાઓ વાતું કરે. આહા ! કેવું જગતમાં અત્યારે ચાલે છે. આહાહા ! પણ અંતર ચીજને જોવાને વખત મળતો નથી એને. આવી વાતો સાંભળેને એને એવું લાગે કે આહાહા ! અનાદિથી હાલ્યું જાય છે એ કાંઇ નવું નથી બાપા ! તેથી તેને શરીરાદિ બાહ્ય

પદાર્થમાં પ્રીતિ નથી ધર્માત્માને. તેમાં તેને ક્યાંય સુખ ભાસતું નથી. આત્મામાં આનંદ ભાસે એને ક્યાંય સુખ ભાસતું નથી. આહાહા!

તે તરફ તે બહુ ઉદાસીન રહે છે, ત્યાંથી હટી સ્વસન્મુખ થઈ આત્મ સ્વરૂપમાં સ્થિર થવા માટે સદા પ્રયત્નશીલ છે. આહાહા! જ્યાં એને આવી જ્ઞાનદશા વર્તતી હોય ત્યાં બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે? એમ કહે છે. આ તો વિકલ્પ. આહાહા! અને બીજા સમજે ન સમજે એ કાંઈ એનાથી સમજતા નથી એટલે વિકલ્પ ઉઠે એને થોથા બનાવી દીધા. આહાહા! નિરર્થક છે કહે છે બીજાને સમજાવવું. હું મારામાં રહું નહિં હવે, આહાહા! બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે? ન જ ગમે. કેમકે અંતરમાં સ્વરૂપ તરફની વલણ દશામાં જેની તૈયારી વિશેષ છે, એને બહારના વિકલ્પમાં એની તૈયારી હોતી નથી. એટલું કહીને વિશેષ સમજાવવા એ અંતરમાં.....

વિશેષ કહેશે ........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**બંધ મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષ રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું એમ સ્વ વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે.**

**દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર ૧૯**

# પ્રવચન – ૭૬

## શ્લોક – ૬૧

સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૩૦.૦૬.૭૫

कुतोऽसौ शरीरादिविषये निवृत्तभूषणमण्डनादिकौतुक इत्याह –

न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।
निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते ।।६१।।

અતન સુખ-દુઃખ જાણે નહિં, તથાપિ એ તનમાંય,
નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય  ।। ૬૧ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

ઉવજ્ઝાયાણં એમ આવે છે ને ? એ કાંઇ ફેર નહોતો કરતો. ઓલો કોટામાં એક સંગીતમાં નવકાર ઉતાર્યો. બોલે નમો અરિહંતાણં નહોતો બોલાવતો કોટામાં. એના પર આખું ગાયન જુવાનિયાએ ગાયું નમો અરિહંતાણં, નમો ઉવજ્ઝાયાણં એવું કાંઇક હતું એમ કાંઇક હેં ? એ શબ્દ કાંઇક વધારે છે આમાં (શ્રોતા : લંબાવતો'તો) લંબાવતો'તો ઉવજ્ઝાયાણં, નમો આયરિયાણં, આ ઉવજ્ઝાયાણં એમ કાંઇક કહેતો'તો. વ્યાખ્યાન પૂરું થાય ને પછી સંબોધીયે સભાને થોડું બધી સભાને થોડું બોલતો તો.

**कुतोऽसौ शरीरादिविषये निवृत्तभूषणमण्डनादिकौतुक इत्याह -**

**न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।**
**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते ।। ६१ ।।**

**અતન સુખ-દુઃખ જાણે નહિં, તથાપિ એ તનમાંય,**
**નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય ।। ૬૧ ।।**

**टीका** : सुखदुःखानि न जानन्ति। कानि ? शरीराणि जडत्वात्। अबुद्धयो बहिरात्मनः तथापि यद्यपि न जानन्ति तथापि अत्रैव शरीरादावेव कुर्वते। कां ? निग्रहानुग्रहधियं द्वेषवशादुपवासादिना शरीरादेः कदर्थनाभिप्रायो निग्रहाबुद्धिं रागवशात्कटककटिसूत्रादिना भूषणाभिप्रायोऽनुग्रहबुद्धिम् ।। ६१ ।।

**અન્વયાર્થ** : અંતરાત્મા વિચારે છે કે - (शरीराणि) શરીરો (सुख-दुखानि न जानन्ति) સુખ તથા દુઃખને જાણતાં નથી (तथापि) તેમ છતાં (अबुद्धयः) મૂઢ જીવો (अत्र एव) એમાં જ એટલે એ શરીરોમાં જ (निग्रहानुग्रहधियं) નિગ્રહ અને અનુગ્રહની બુદ્ધિ (कुर्वते) કરે છે.

**ટીકા** : સુખ દુઃખ જાણતા નથી. કોણ (જાણતા નથી) ? શરીરો જડપણાને લીધે (જાણતાં નથી); બુદ્ધિ વિનાના બહિરાત્માઓ, તેમ છતાં અર્થાત્ (શરીરો) જાણતાં નથી તેમ છતાં, એમાં જ એટલે શરીરાદિમાં જ કરે છે. શું (કરે છે) ? નિગ્રહ-અનુગ્રહની બુદ્ધિ (કરે છે) - અર્થાત્ દ્વેષને આધીન થઇ ઉપવાસાદિદ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ-બુદ્ધિ અને રાગને આધીન થઇ કંકણ, કટિસૂત્રાદિ વડે (શરીરાદિને) ભૂષિત કરવાનો (શણગારવાનો) અભિપ્રાય તે અનુગ્રહ-બુદ્ધિ (કરે છે).

**ભાવાર્થ** : શરીરો અચેતન - જડ છે. તેમને સુખ-દુઃખ નથી, તેમ જ તેમને જ્ઞાન નથી; તેમ છતાં બુદ્ધિ વિનાના બહિરાત્માઓ દ્વેષવશ ઉપવાસાદિદ્વારા તેમને (શરીરોને) નિગ્રહ કરવાની અર્થાત્ કૃશ કરવાની બુદ્ધિ કરે છે અને રાગવશ તેમને કંકણ, કટિસૂત્ર (કંદોરો), આદિ વડે વિભૂષિત કરી અનુગ્રહ (કૃપા) કરવાની બુદ્ધિ કરે છે.

બહિરાત્માને દેહાધ્યાસ છે એટલે દેહમાં તેને આત્મબુદ્ધિ છે; તેથી તેને શરીરાદિ વિષે નિગ્રહ-અનુગ્રહ બુદ્ધિ રહે છે, પરંતુ અંતરાત્માને ભેદજ્ઞાન વર્તે છે. તે આત્માને શરીરાદિથી અત્યંત ભિન્ન માને છે. તેને તેની સાથે એકતા બુદ્ધિ નથી, તેથી તેને શરીરાદિ વિષે રાગદ્વેષ કે અનુગ્રહ-નિગ્રહબુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે. અસ્થિરતાને લીધે શરીરાદિ શણગારવાનો રાગ આવે, પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી, તેને તે દોષ માને છે એટલે તે શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉદાસીન હોય છે.

**વિશેષ**

અજ્ઞાનીઓ માને છે કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઈન્દ્રિયોનો નિગ્રહ થાય છે, વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય છે અને તેથી રાગ-દ્વેષાદિ થતાં નથી; પણ આ માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે શરીરાશ્રિત[૧] ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, તાટક કરવું, અનેક યોગ-આસનો કરવા, વગેરે પૌદ્‌ગલિક જડ ક્રિયાઓ છે. તેનો સંબંધ શરીર સાથે છે આત્મા સાથે નથી. શરીર જડ છે. તેને સુખ-દુઃખ હોતું નથી. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ છે, તેથી તે શરીરની જે અવસ્થાઓ થાય છે તે પોતાની (આત્માની) થઈ માને છે, એ તેનો ભ્રમ છે.

વળી અજ્ઞાની મોહવશાત્ વસ્ત્ર-આભૂષણાદિ દ્વારા શરીર ઉપર અનુગ્રહ (ઉપકાર) કરવાની બુદ્ધિ કરે છે, કારણ કે તેને દેહાધ્યાસ છે-શરીરમાં તેને આત્મબુદ્ધિ છે, એટલે તેના પ્રત્યે રાગના કારણે તેવો અનુગ્રહ કરવા ઈચ્છે છે પરંતુ આ પણ તેનો ભ્રમ છે. માટે શરીર વિષે નિગ્રહ-અનુગ્રહબુદ્ધિ કરવી તે અજ્ઞાનતા છે. ૬૧

## પ્રવચન – ૭૬

**૬૧ ગાથા ટીકા:** કયા કારણે તે અંતરાત્મા શરીરાદિ વિષયમાં ભૂષણ - મંડનાદિમાં અનુરાગ રહિત હોય છે? ૬૧.

**न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।**
**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते ।।६१।।**

---

૧. જુઓ : શરીરાશ્રિત ઉપવાસાદિ માટે મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ પૃ.૨૨૯ અને ૨૪૪.
(... જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદ્રષ્ટિ છે...) પૃ. ૩૪૪.

સુખ-દુઃખ જાણતાં નથી કોણ? શરીરો. શરીર તો જડ છે એને સુખ દુઃખ ક્યાં છે? જડપણાને લીધે એ જાણતા નથી. બુદ્ધિ વિનાનાં બહિરાત્માઓ, તેમ છતાં શરીરો જાણતા નથી તેમ છતાં એમાંજ એટલે શરીરમાં જ કરે છે. શરીરમાં જ કરે છે શું? નિગ્રહ અનુગ્રહની બુદ્ધિ, શરીરને કૃશ કરવું, પાતળું પાડવું, ઉપવાસ કરવા એવી અજ્ઞાનીઓ શરીરને કૃશ કરવાની બુદ્ધિ રાખે છે. જરી સમાધિનો અધિકાર છે ને કહે છે. એ શરીરમાં જ નિગ્રહ અનુગ્રહની બુદ્ધિ દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ દ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય (એ) નિગ્રહ બુદ્ધિ. શરીરને કૃશ કરું તો ઇન્દ્રિય દમન થાય. શરીરને અપવાસ કરું તો ઇન્દ્રિયો કાબુમાં રહે એવો મિથ્યાદ્રષ્ટિનો અભિપ્રાય છે કહે છે. આહાહા!

કહો સુજાનમલજી! (**શ્રોતા :** મારા દીકરાએ વરસીતપ કર્યો'તો મૂકી દીધો) એ બધાં વરસીતપ કરતા. આહાહા! એ આંહી નાંખે જુઓને! શરીર જાણતા નથી, શરીરને ખબર નથી કે આ કૃશ થાય છે માટે મને લાભ થાય છે. આહાહા! એ શ્વેતાંબરમાં દશવૈકાલિકમાં આઠમાં અધ્યનમાં એક ગાથા આવે છે ''દેહે દુઃખમ્ મહાફલમ્ દેહે દુઃખમ્ મહાફલમ્'' પણ દેહને દુઃખ ક્યાં હતું? આહાહા! એમ કે શરીર કૃશ કરે ને દુઃખ થાય તો જીવે ને લાભ થાય. અજ્ઞાનીને દ્વેષ છે, શરીર ઉપર દ્વેષ છે એને. આહાહા! જ્ઞાનીને જે હોય છે એ તો આનંદનો, ઇચ્છા નિરોધથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એથી એને ઇચ્છા ઉત્પન્ન થતી નથી. એથી એને આહારનો જોગ ન હોય એને ઉપવાસ કહેવામાં આવે છે.

આ તો એણે પોતાનો અભિપ્રાય, કે શરીરને પાતળું કૃશ કરું ને તો ઇન્દ્રિય દમન થાય, તો ઇન્દ્રિય વશ થાય એ અભિપ્રાય મિથ્યા છે. ઝીણી વાત છે ભાઈ. સમજાણું કાંઈ? નિગ્રહ શરીરાદિ કાંઈ જાણતા નથી. દ્વેષને આધીન થઈ ઉપવાસ આદિ દ્વારા ઉપવાસ, ઉણોદરી, રસત્યાગ આદિ શરીરને આદિને કૃશ કરવાનો અભિપ્રાય, શરીર પાતળું પાડે તો ઇન્દ્રિય દમન થાય. હવે જડને શું છે? પાતળું પડે કે નહિં અને પાતળું પાડવું એ આત્માના અધિકારની વાત છે? ઈ તો એને પાતળું, કૃશ થવાનો કાળ હોય તો કૃશ થાય. અજ્ઞાનીને બહારમાં દેખાવ કરવો છે ને? આહાહા! ઇચ્છા નિરોધ આવે છે હોં તપ. એ મૂળ પાઠમાં આમાં આવે છે. પ્રવચનસાર ૧૪૩ ગાથા આવે છે ને? ૧૪૩. પાઠમાં આવે છે ૧૪૩ છે.

''अत्र यदाप्यतीतानन्तकाले दुर्लभायाः सर्वप्रकारोपादेयभूतायाः सिद्धगतेः कालभब्धिरूपेणं बहिरङसहकारी भवति कालस्तथापि निश्चयनयेन निजशुद्धात्मतत्त्वसम्यक्क्षद्धानज्ञानानुष्ठान समस्त

पर द्रव्येच्छा निरोध लक्षणतप''

આમાં નીકળશે શબ્દ. એ સર્વ પર દ્રવ્ય ઇચ્છા નિરોધ લક્ષણ તપ. આનંદનું ભાનમાં રહેતા ઇચ્છા ઉત્પન્ન થતી નથી, એથી એને આહારનો જોગ નથી. આહાર એને આવવાનો નહોતો. આહાહા! આવું છે. એ આહારને છોડું ને ગ્રહણ કરું એ મિથ્યાત્વભાવ છે. કારણકે પર દ્રવ્યનો ગ્રહણ ત્યાગ આત્મામાં છે નહિં. આહાહા! છે ને? આદાન ઉપાદાન, ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ ઇ ગુણ છે એનો, કે પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એમાં છે જ નહિં. સમજાણું કાંઇ? પણ આ છોડું, આ છોડું તો એ જડનો સ્વામી થાય છે. આહાહા! ઝીણી વાત છે ભાઇ! પાણી ન લઉં એ પણ લઇ શકે છે કે દિ'? ને છોડી શકે છે કે દિ'? આહાહા! સમજાણું કાંઇ?

એ તો આનંદ જ્ઞાન સ્વરૂપ પ્રભુ એ તો ન આવવાના હોય એને જાણે ને આવવાના હોય એને જાણે. એ લાવે ને કરે એ કાંઇ છે નહિં એમાં. ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ. ભગવાન આત્મામાં રજકણ માત્રનો ત્યાગ, ને રજકણનું ગ્રહણ એનાથી એનો શુદ્ધ, શૂન્ય સ્વભાવ છે. ચંદુભાઇ! આહાહા! આ વરસીતપવાળા એ બધાતો કાંઇક એ તો મિથ્યાત્વના પોષક બધા (છે) હેં? ઉભા ઉભા આ તો એમ કે મોટા લાખોપતિની વહુઓ. આવા અપવાસ કરે એને ઇ કહે છે કે એને લાંઘણ છે. નેવુ(૯૦)ની સાલમાં કહ્યું'તું રાજકોટ. આંહી તો પર દ્રવ્ય ઇચ્છા નિરોધ લક્ષણ. પર દ્રવ્યનો ત્યાગ એમ નહિં. પર દ્રવ્ય પ્રત્યેની જે વૃત્તિનું વલણ હતું એને ઉત્પન્ન થવા ન દે, કેમ કે અતીન્દ્રિય આનંદનાં સ્વાદના પ્રેમમાં એ ઇચ્છા ઉત્પન્ન થતી નથી, એને ઉપવાસ કહેવામાં આવે છે. આહાહા! જેઠાભાઇ! શું આ બધું અત્યાર સુધી કર્યું'તું ને બધું. (**શ્રોતા :** એ તો અનાદિનું ચાલે છે એમાં શું).

આ તો એક દાખલો મોઢા આગળ બેઠા છે ને એટલે. ઊના પાણી પીતાં પાણીના આહાર કરે આમ આહાહા! આંહી તો इच्छा निरोध लक्षणतपश्चरणरुपा या तु निश्चय चतुर्विधाराधना सैव तत्रोपादानकारणं એ આત્માને આદરણીય છે. આહાહા! 'नच कालस्तेन कारणेन स हेय' કાળ નિમિત્ત છે પણ હેય છે કીધું, આમાં નીકળ્યું આમાં પાઠમાં. સંસ્કૃત પાઠમાં છે. કહે છે ધર્મીજીવને તપસ્યા કેવી હોય એને? કે અતીન્દ્રિય આનંદનાં સ્વાદમાં, ઉગ્રપણે આવ્યો, એથી એને ઇચ્છા ઉત્પન્ન ન થાય અને અતીન્દ્રિય આનંદની તપસ્યા અંદર થઇ तप्यन्ते સોનું જેમ ગેરુથી ઓપે ને તપે, એમ આનંદનો સ્વભાવ શોભે સુંદર રૂપે અંદર, એનું નામ અપવાસ છે. અહીંયા કહે છે અજ્ઞાની મોક્ષમાર્ગ પ્રકાશકમાંય એમ આવે છે.

આત્માનું જ્ઞાન, આનંદ સ્વરૂપ એનું જ્યાં ભાન નથી એને આ દ્વેષથી આ બધો ત્યાગ છે, એ કહે છે. દ્વેષને આધીન થઇ ઉપવાસ આદિ વિનય કરે બહુ આમ ને આમ. આહાહા! એક ફેર ઓલા બૌદ્ધ, બૌદ્ધનું શું કહેવાય, ગયા. ગયાને? ગયામાં ગયા'તા. ગયા નહિં? ન્યાં ગ્યા'તા ને? બૌદ્ધ ગયા જોવા ગ્યા'તાં ને? બૌદ્ધ હતો ત્યાં. આમ ને આમ પગે લાગતો'તો. આવા અક્કલ વિનાનાં એમ ને એમ મજૂરી કરતો'તો. બૌદ્ધની મૂર્તિ હતી એની સામે અને ત્યાં ઓલો ગોરો ઉભો'તો ઓલો આંહી નહોતો આવ્યો હેં? હા એ ગોરો ઉભો તો ત્યાં આંહી કહે કે હું જૈન છું ને ત્યાં એની સામે બૌદ્ધની મૂર્તિ સામે ગયામાં. આંહી કહે છે કે નિગ્રહ બુદ્ધિ કરવાનો ભાવ શરીરને વશ કરવું, કૃશ કરવું એ માટે ઉપવાસ એ બધો મિથ્યાત્વભાવ, આહાહા! દ્વેષભાવ છે. ત્યારે ઓલામાં તો એમ કહ્યું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં, તું અપવાસ આદિ ને આવે છે ને?

**શ્રોતા :** ...

નથી તો તને દ્વેષ છે તપ ઉપર દ્વેષ છે ત્યાં એમાં કહ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે, ઇ બીજી વાત છે. એને તો રાગનો ત્યાગ થવો, એનો પ્રેમ નથી એને એથી એને દ્વેષ છે કે આ અપવાસ આદિ કરે એ દ્વેષ એમ અને આ દ્વેષ છે, એ તો શરીરની બુદ્ધિમાં પોતા પણે માન્યું છે ને એને નિગ્રહ કરું, વશ કરું તો મને લાભ થાય છે તો એ તો દ્વેષ છે. દ્વેષથી કામ લીધું છે. આહાહા! આરે! મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. એ આંહી કે તું સમકિત નામ ધરાવે છે ને તપનો તને પ્રેમ નથી ઇચ્છા નિરોધ કરીને તો એ દ્વેષ છે તને તપ ઉપર ત્યાં એમ કીધું. આંહી કહે છે કે શરીરને કૃશ કરવા, પાતળું પાડવાથી લાભ થશે, ઇન્દ્રિય નિગ્રહ થશે, ઇન્દ્રિયને વશ થશે વશ. તાબે થશે એને તાબે ન થયા. ઇન્દ્રિય વશ એવી બુદ્ધિથી, આહાહા! ઉપવાસ આદિ દ્વારા, શરીરને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ બુદ્ધિ છે. આહાહા!

આકરું કામ ભારે. અને રાગને આધીન થઇ કંકણ કટિસૂત્રાદી વડે. કંદોરા ને કંકણ ને શરીરાદિ ને ભૂષિત કરવાનો, શરીરને શણગારવાનો, સારા કપડાં, લટકતાં કુંડળ ને આમ મોતીનો હાર ને હીરાનાં હાર, મોતીના હાર આવે છે. આ નિલમનો હાર નહોતું ભાઇનું? શેઠીયા સર હુકમીચંદ સત્તર(૧૭) હજારનો હતો. હેં? (**શ્રોતા :** સત્તર(૧૭) લાખનો) સત્તર લાખનો, સત્તર લાખનો. ઓહોહો! હા સત્તર લાખનોઇ તો કે સિત્તેર(૭૦) લાખનો પછી થ્યો'તો. આ તો જોયો'તો અમે લાવ્યા'તા અહીં ગળામાં સિત્તેર લાખનો. મળ્યોતો સત્તર(૧૭) લાખનો પણ ભાઇને પૂછયું'તું નાનાલાલભાઇને કે

અત્યારે કેટલાનો મળે તો કે સિત્તેર(૭૦) લાખનો. પથરા હતા ઓલા લીલા. આહાહા!

જરીના કપડાં, જરીની છત્રી, જરીના જોડા, જરીના કપડાં આમ શરીરનાં રાગને લઈને આહાહા! કંકણને કટિસૂત્ર. આ કટિ કંદોરા અત્યારે બાયડી કેટલી કંદોરા અમથા નાંખે છે. લટકતું સારું લાગે આમ ચાંદીનો હોય, સોનાનો હોય મોટા ઘરથી. હેં? (**શ્રોતા** : સોનાના કંદોરા પહેરે છે) સોનાના પહેરે છે. હેં? (**શ્રોતા** : વૈભવ વધ્યો) દુઃખ વધ્યું છે. આહાહા! શરીરાદિ ને ભૂષિત કરવાનો શણગારવાનો અભિપ્રાય, તે અનુગ્રહ બુદ્ધિ કરે છે. ઠીક, ઓલો નિગ્રહ કરે છે, આ અનુગ્રહ કરે છે. શરીરાદિને કૃશ કરવાનો, અપવાસ આદિથી તે નિગ્રહ કરે છે. અને આ અનુગ્રહ કરે છે. આહાહા!

પ્રીતિથી આને શરીરને આમ શોભાડું, આમ કરું ને આમ કરું. સવારમાં સ્નાન કરવામાં જુઓને સાબુના ગોટા મોટા. આમ કરતો હોય ત્યારે ભૂલી જાય પણ શું છે? કોને કરું છું આ. પાછા ઓલા અરીસામાં જોવે ત્યારે આમ વાંદરા જોવે એ તો તમારે. એને બરાબર દેખીને પાછો અહીંયા ચાંદલો કરવો હોય ને અરીસામાં દેખાય નહિં તો આડો અવળો થઈ જાય. અહીં અરીસામાં દેખે ત્યારે અહીં વચમાં થાય. અહીં પાણી પડે છે ને જુઓને, પાણી ક્યાંય નથી પડતું ઓલામાં. સવારમાં ઘણાં ચોપડવા આવે છે ઓલું પાણી હોય ને ભગવાનનું અંદર આમ આંખે ચોપડે બધે. શું થતું હશે કીધું આમાં? આ ઓલો છે ને ત્યાં રહેતું ઓલો થાંભલો છે ને થાંભલો ઓલો નહિં ઓલો ન્યાં? પાણી રાખે છે. હેં? ગંધોદક એનાથી શરીર સારું રહે. ઠીક રહે બધી ભ્રમણાબુદ્ધિ છે. પાછુ આમ પેટે ચોપડે, કપડું આમ કાંઈ રાખીને. આ જોયા'તાં બધા સવારમાં શું શું કીધું?

(**શ્રોતા** : અમારોય નંબર એમાં છે) વ્યક્તિની વાત નથી. આંહી તો વાત તત્ત્વની છે આવું જેને ખબર નથી કે આ શું કરું છું? શેનું આ ફળ છે? આહાહા! હેં? દ્રષ્ટિની વાત છે ઓલાને. કીધું ને ઓલા ભાઈને નહિં શું કહેવાય એ? હેં? મયણાસુંદરી, એ તો કોઈ પુણ્યના ઉદયને લઈને થાય એને લઈને આનાથી આ થાય માનતા ભ્રમ છે. આહાહા! આકરું કામ બાપુ! આહાહા! પોપટભાઈ કહેતાને પોપટભાઈ આપણા વઢવાણવાળા નહિં? દૂર કાં પ્રભુ દોડ તું મારે રમત રમવી નથી. આ રાગની રમતું હવે મારે નથી કરવી એમ કહે છે. હું સુધાનો સ્વાદીયો ચાલ્યો સુધાને શોધવા. આ શું છે વચમાં? આહાહા! રાગ ને દ્વેષના વિકલ્પોના ઝેરના પ્યાલા આ શું છે આ? આહા! એમ જ્ઞાનીને વિકલ્પ ઉઠે છે એ ઝેરનો પ્યાલો લાગે છે. સમજાણું કાંઈ? ગીરધરભાઈ, પોપટભાઈ શું કહેવાતા ઈ સન સન (**શ્રોતા** : પોપટભાઈના સન) હા એ. આહાહા! તે અભિપ્રાયથી

અનુગ્રહબુદ્ધિ કરે છે.

**ભાવાર્થ:** શરીરો અચેતન જડ છે, તેમને સુખ દુ:ખ જોતું નથી આને શું સુખ ? આ તો જડ માટી છે. આંહી દશવૈકાલિકમાં આઠમાં અધ્યનમાં ગાથા મૂકી દેહે દુ:ખમ્ મહા સુખમ્ શું એનો અર્થ ? એ તો એમ કે ઉપવાસાદિ કરે, તો જીવને દુ:ખ થાય એટલે પ્રતિકૂળતા થાય એને મલાવે એમ. સહન કરવાને સહન કરવાનો આવા લખાણ બધા દેહ દુ:ખમ્ મહા સુખમ્. દેહને દુ:ખ થતું હશે જડ માટીને ? આહાહા ! અંદરમાં દ્વેષ કરે છે એને દુ:ખ છે. દ્વેષ નું દુ:ખ છે. આહાહા ! આવી ઝીણી વાત બહુ પણ ભાઈ ! તેમને સુખ દુ:ખ થતું નથી જડને, તેમજ તેમને જ્ઞાન નથી. શરીરમાં ક્યાં જ્ઞાન છે ? કે આ કૃશ થયું છે ને આ પાતળું પડ્યું છે ને તેમ છતાં બુદ્ધિ વિનાનાં બહિરાત્માઓ, દ્વેષ વશ ઉપવાસ આદિ દ્વારા, તેમને નિગ્રહ કરવાની, કૃશ કરવાની બુદ્ધિ કરે છે. છે ? પાઠમાં છે ને ઈ 'निग्रह अनुग्रहधियं तथापि अत्रैव कुर्वते'.

શરીરમાં નિગ્રહ કરું ને આમ કરું ને અરે ! શરીરને એને શું એ જડ છે, એનો એક રજકણ આવે (ને) જાય એ કાંઈ તારા અધિકારની વાત છે ? આહાહા ! સમજાણું કાંઈ ? શરીરોને નિગ્રહ કરવાની કૃશ કરવાની બુદ્ધિ કરે છે દ્વેષ વશ. આ શરીરમાં મેદ વધે લ્યો, મેદ વધવા સારુ એવી ચીજ ન ખાય કે મેદ ઘટે, મોસંબીનો રસ લે તોયે મેદ રૂપે પરિણમે ન્યાં ક્યાં ? આહાહા ! મેસુબ ખાયને તો જ એને મેદ થાય એવું કાંઈ છે નહિં. આહાહા ! આ મોસંબીના પાણી પણ પડે ને પેશાબ સોસરવટ નીકળે. લ્યો અમારે રાજપાલજીને થયું'તું. રાજપાલજી આંહી ગુજરી ગયા ને જીવરાજજીના નાનાભાઈ. છેલ્લે છેલ્લે મોસંબી આપી ને પૂંઠે પાણી નીકળ્યું. આંહીથી નાંખ્યું ને નીકળી ગ્યું મોસંબીનું પાણી ન જઠરે સંઘર્યું એની પર્યાયનો ધરમ છે એ કોણ ભજવે ? આહાહા ! ને આંહી પચે તો માંસનાં કટકા પચે સીધા શીયાળીયાના, સસલાના. આહાહા ! એ તો જડની અવસ્થા એને આત્મા કેમ કરે ને રોકે ? રાગ વશ તેમને કંકણ ને કટિસૂત્ર, કંદોરા આદિ વડે વિભૂષિત કરીને અનુગ્રહ કરવાની બુદ્ધિ કરે, આને સારુ રાખવું, સારુ રાખવું, દેખાવડું રાખવું સાફસૂફ. આહાહા !

બહિરાત્માને દેહાધ્યાસ છે. દેહનો જ અભ્યાસ છે, એ ઉપર જ એની બુદ્ધિ છે. એટલે એના ઘટ વધ ઉપર જ એનો આધાર છે બધો, એટલે દેહમાં તેને આત્મબુદ્ધિ છે તેથી તેને શરીરાદિ વિષે નિગ્રહ અનુગ્રહ બુદ્ધિ રહે છે. પર પદાર્થની ઉપર નિગ્રહ એટલે દ્વેષ કરવો અને અનુગ્રહ એટલે રાગ કરીને શોભાવતું એવી બુદ્ધિ રહે છે. આહાહા ! પરંતુ અંતરાત્માને ભેદજ્ઞાન વર્તે છે. દેહથી ભિન્ન ચૈતનમૂર્તિ આહાહા ! એ તો ચૈતન

સ્વરૂપી વસ્તુ છે. તે આત્માને શરીરાદિથી અત્યંત ભિન્ન માને છે. શરીર, વાણી, મન એનાથી તો ભગવાન ભિન્ન છે. એની સત્તાનું હોવાપણું તો એનાથી ભિન્ન છે. પરની સત્તાથી પોતાની સત્તા છે એમ નથી. શરીરાદિ વિષે રાગ, દ્વેષ કે અનુગ્રહ શ્રદ્ધામાં અભાવ હોય છે.

શરીરાદિને વિશે રાગ, દ્વેષ કે અનુગ્રહ નિગ્રહ બુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે. અસ્થિરતાને લઈને અસ્થિરતાનો રાગ આવે, શરીરાદિ શણગારવાનો રાગ આવે. સમકિતી, ચક્રવર્તી ચોસઠ સરો હાર પહેરે મોટો લ્યો. આખું શરીર ઢંકાય એવો હાર હોય, ચોસઠપોરો હીરાનો હાર પણ એ તો અસ્થિરતાના રાગનો એક વિકલ્પ છે. એથી આને પહેરું તો ઠીક છે એવું છે નહિં, અભિપ્રાયમાં એમ નથી. આહાહા ! ઓલામાં આવ્યું છે બનારસીવિલાસમાં, કે સમકિતી ને કોઈ ગાળ દે તો એની શોભા છે. એવું આવ્યું'તું કેમ કે બાપુ મારગ એમ છે. તું કહે છે ને કે એટલે એને એમ થાય છે કે આહાહા !

આનંદનો નાથ સહજાનંદ પ્રભુ એમાં રાગનું કરવું, ને પરનું છોડવું, એવી વસ્તુ ક્યાં છે ? આહાહા ! રાગનું ભોગવવું એ પણ જ્યાં મુખ્યમાં નથી મુખ્યપણે. મુખ્યપણે તો શાંતિ ને આનંદનું ભોગવવાનું છે. રાગનું ભોગવવું છે પણ દ્રષ્ટિને સ્વભાવની અપેક્ષાએ ગૌણપણે છે. જ્ઞાનની અપેક્ષાએ તે કાળે દુઃખ ને સુખ બેઉ છે એમ જાણે છે. આહાહા ! આવે છે ને છેલ્લે નહિં ? ક્વચિત કષાય મેચકમ પાછળ આહાહા ! આમ જુવે તો રાગની પરિણતી દેખાય છે. આમ જોવે તો શુદ્ધતા ચૈતનમૂર્તિ મુક્ત દેખાય છે. આહાહા ! આમ જોવે તો ભવનો અપહત રાગ છે એ પરિભ્રમણનું કારણ છે એ દેખાય છે. આમ જોવે તો મુક્ત સ્વરૂપ ભગવાન છે એમ દેખાય છે. આહાહા !

જ્ઞાન એવી વિવિધતાને જાણતા છતાં મુંઝાતો નથી. આ શું ? હોય છે કમજોરીને લઈને રાગ હોય છે. અને એ મારું પોતાનું વેદન છે. સમજાણું કાંઈ ? આહાહા ! પણ એ વેદન દુઃખરૂપ છે અને આત્મા સ્વભાવનું જે જાગૃતી થઈ ને થયું, એ આનંદનું વેદન સુખરૂપ છે. એક સમયે બે હોવા છતાં જ્ઞાનીને મુંઝવણ થતી નથી. આહાહા ! એમાં આવે છે ને પાછળ બહુ આવે છે ... ક્વચિત્ કષાય એકમ કષાય આહાહા ! આચાર્યે કેટલું સ્પષ્ટ કરી નાંખ્યું છે. એને ઠેકાણે એમ માને કે દુઃખ એ જ્ઞાનીને હોય જ નહિં. જ્ઞાનની અપેક્ષાએ દુઃખ નહિં. દ્રષ્ટિ અપેક્ષાએ દુઃખ નહિં. સ્વભાવ અપેક્ષાએ દુઃખ નહિં એમ નથી. નબળાઈને લઈને છે. અસ્થિરતાને લીધે ચારિત્ર... પ્રગટ નથી. વીતરાગતા પ્રગટ જોઈએ તે એટલી નથી.

વીતરાગ સ્વભાવની દ્રષ્ટિ છે એટલી તો વીતરાગતા દ્રષ્ટિની અપેક્ષાએ છે. અસ્થિરતાની અપેક્ષાએ રાગ જ્ઞાનીને આવે છે. આહાહા! શરીરાદિ શણગારવાનો રાગ આવે નહાય, શણગાર કરે. ન્યાલભાઈમાં તો એવું આવે છે છેલ્લે નાહ્યા'તા ન્યાલચંદભાઈમાં આવે છે. એ ચોપડીમાં આવ્યું'તું. મરવાની તૈયારી હતી એમની છેલ્લે સ્નાન કર્યું. આરે! એવો વિકલ્પ આવ્યો કાંઈક. આવે છે? હા પ્રસ્તાવનામાં છે ને? આહા! એવા વિકલ્પ હોય છે. આહાહા! પણ એને એ દોષ જાણે છે. લાભ માટે આમ કરું છું એમ નહિં. આહાહા! કરું છું તો નહિં, પણ થાય છે એ પણ લાભ માટે નહિં. આહાહા! અસ્થિરતાને લીધે શરીર, વાણી, આહાર ને પાણી એને અનુકૂળ કરવાનો રાગ આવે પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી. આહાહા!

આજ મેસુબ બનાવો લ્યો ભજીયા બનાવવાનો વિકલ્પ આવે, બનાવી શકાય છે એમ માનતો નથી. અને વિકલ્પનું કતૃત્વ એ પણ સ્વીકારતો નથી. આહાહા! પૂર્ણાનંદનો નાથ જે અનંતગુણોનો સમાજ પ્રભુ આત્મા દ્રષ્ટિમાં આવ્યો, એને આ વિકલ્પની એક ગુણની અમુક પર્યાયની શી કિંમત? એને કિંમત વિનાનો કરીને કાઢી નાંખે છે. તેને તે દોષ માને છે. છે? રાગાદિ ભાવ આવે. મકાન દેવતા બનાવે, ચક્રવર્તીને લ્યોને! વળી એમ કહે કે ઠીક થયું છે. આ સમોશરણ બનાવે લ્યોને! ઈન્દ્રો ભગવાનનું સમોશરણ બનાવે પણ એ બનાવ્યું છે મેં એમ નથી ત્યાં. કારણકે મેં જે બનાવ્યું એના પ્રમાણમાં આ તો વિશેષતા પરિણમી છે એની સમોશરણની આ શું? એ તો એ કાળે ભગવાનનાં પુણ્ય એને લઈને બન્યું છે.

આવે છે ને? સમોશરણમાં આવે છે. સ્તુતિમાં આવે છે. ઈન્દ્રો બનાવે ને વિસ્મય પામે કે આ શું બની ગયું આ? કારણકે એ કાળે એ જ રજકણ એ રીતે બનવાનાં હતા એમાં કોણ બનાવે એને? આહાહા! એ સમોશરણની રચનાનો રાગ, અને રચનાનો સ્વામી સમકિતી નથી. આહાહા! કહો સમજાણું કાંઇ? શરીરાદિ પર પદાર્થ પ્રત્યે ઉદાસીન હોય છે. એમાં એકતાબુદ્ધિ હોતી નથી. આહાહા! હેં? ... ઇ તો અત્યારે આ ઠીક પણ. પાછો ઓલો ગોટો છે ને મોટો. ન્યાલભાઈને નિશ્ચયાભાસ કહો એ તો બહારની. હવે એમાં એ તો બની ગયું છે કોણ કરતું? નહિં તો કોણે ધાર્યું'તું? રામજી ભાઈએ ધાર્યું'તું દસ લાખનું થાશે પહેલું. ત્રણ લાખ ને પાંચ લાખ, દસ લાખનું.

ઓલો કે'તો હોં તમારો રમણીકભાઇ અને ઓલો ચંદ્રકીર્તી, ચંદ્રકીર્તી, ચંદ્રાનન, ચંદ્રકાંત એ આવ્યો'તો મારી પાસે અંદર એક ફેરી હોં તે શરૂ થતુ'તું. પચ્ચીસ(૨૫)

લાખનું કરવું છે કહે (**શ્રોતા :** ...) હા અંદર બોલેલો બોલશો નહિં કીધુ એટલું બધુ. બેય બોલ્યા'તા હોં! રમણીકભાઇ ને એ ભાઇબંધ હતાને. પચ્ચીસ(૨૫) લાખનું કરવું છે મારે. ખર્ચ થાશે. પૈસા થઇ જશે બોલશો નહિં અત્યારે કીધું દસ લાખનું રાખો. બહાર ન પાડો એટલું બધું એના ઠેકાણે છવ્વીસ(૨૬) લાખનું થઇ ગયું. થવા કાળે થયું એમ કોણ કરે ને કોણ મૂકે? આહાહા! છવ્વીસ(૨૬) હજાર માણસને છવ્વીસ(૨૬) લાખનું ખરચ. કોણ કરે બાપુ. આહાહા! એનાં પરાવર્તનનાં પરમાણું શરીરનાં અને આના થવાના જે કાળે ત્યાં થાય તે આવે. આહાહા!

(**શ્રોતા :** એ બનાવવાનો વિચાર તો કોઇને આવ્યો હશે ને?) વિકલ્પ આવે એટલે શું? કીધું'તું ત્યાં મુંબઇવાળાને આવ્યો'તો પેલો કે આ ફેરી કાંઇ કરવું એમ સાભળ્યું'તું કાંઇક નહિં. એ ભઇ કાંઇક નવું કરવું ત્યારે કહેતા કે પાંચ લાખનું, ત્રણ લાખનું કરવું એમ કાંઇક સાંભળ્યું'તું. એમાં ત્રણ લાખ ને પાંચ લાખ ઉપજી ગયા. પાંચ લાખ કરોડો થઇ ગયા એમ સાંભળ્યું'તું આપણને કાંઇ ખબર નથી. સાંભળ્યું'તું ત્યારે કોઇ કહે પાંચ લાખનું કરો પછી કહે કે દસ લાખનું કરો પછી તો થઇ ગયુ છે આમ કરવાનું નથી. અહીંયા એને કાળે, એની પર્યાય આહાહા! તે તે પરમાણું તે તે ક્ષેત્રે, તે તે કાળની પર્યાય એની જન્મક્ષણ છે માટે ઉત્પન્ન થાય ભાઇ વસ્તુ તો આમ છે. આહાહા! ધર્મીને વિકલ્પ આવે પણ એ વિકલ્પથી બન્યું છે આ એમ માનતો નથી. વિકલ્પને અસ્થિરતાનો દોષ માને છે આહાહા! ઝીણી વાત ભારે ભાઇ!

## વિશેષ

અજ્ઞાનીઓ માને છે કે, શરીર આશ્રિત ઉપવાસ વ્રત, નિયમ આદિથી શરીરને કૃશ કરતા ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે. શરીર આશ્રિત ઉપવાસ માટે છે ને મોક્ષમાર્ગપ્રકાશ આવૃત્તિ ગુજરાતી પૃષ્ઠ બસ્સો ઓગણત્રીસ(૨૨૯) અને ત્રણસો ચુમ્માલીસ(૩૪૪). દેહાશ્રિત વ્રત સંયમને પણ પોતાનાં માને તો મિથ્યાદ્રષ્ટિ છે. આવે છે ચિઠ્ઠીમાં નહિં. ચિઠ્ઠીમાં આવે છે દેહાશ્રિત આહાહા! ઉપવાસ, વ્રત, નિયમ આદિ શરીરને કૃશ કરતાં ઇન્દ્રિયોનો નિગ્રહ થાય, વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય, તેથી રાગ દ્વેષ આદિ થતાં નથી એમ અજ્ઞાની માને છે. આહાહા! પણ એ માન્યતા ભૂલ ભરેલી છે કારણકે શરીર આશ્રિત (એકડો છે જુઓ) ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, અરે મૌન રહેવું. આહાહા! એ તો ભાષાની પર્યાય નહોતી તે મૌન છે, એમાં તેણે શું મૌન રહ્યો? આહાહા! હું મૌન છું બોલીને જાણી શકું છું, વાણીનો કાળ નહોતો એ થવાનો માટે મૌન

છે. આહાહા !

ત્રાટક કરવું આમ, આમ કોઇ પણ ચીજ પર આમ લક્ષ કરવું, ભગવાનની મૂર્તિ ત્યાં આમ લક્ષ. ઓલા ભાઇ હતાં ને ઝવેરી મૂળસુંદર ઝવેરી હતાં. મોરબી એનાં દીકરાના દીકરા છે ને આપણામાં છે. આમાં બોર્ડિંગમાં છે તે 'દિ તો બહુ છોકરાઓ છે બે તે એનો બાપ હતો આ એનો બાપ એનો બાપ મૂળસુંદર એ આમ માળ રાખતો સામે. ભગત કહેવાતો ભગત. માળાનાં એક એક મણકા પર ત્રાટક રાખે આમ. હાથમાં નહિં સામે રાખે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં.... બીજા ઉપર, ત્રીજા ઉપર એકસો આઠ(૧૦૮) એ જોયેલા અમે ત્યાં વઢવાણ, વઢવાણ. અરે આ ચીજની ખબર નહિં, આ ચીજ હતી નહિં એટલે એમાંથી એમ કે ધ્યાન ત્રાટક આમ રાખે ને આમ. બરાબર એકાગ્ર થાય. માળાના એક એક મણકા ઉપર ધ્યાન રાખીને નમો અરિહંતાણં બોલે. નમો અરિહંતાણં

(**શ્રોતા :** મન બીજે ન થાય એકમાં તો જાયને) એની સાથે શું છે ? કારણકે શરીર આશ્રિત ઉપવાસ કરવા, મૌન રાખવું, ત્રાટક કરવું અને યોગ આસનો કરવા, આસન લગાવવા, આમ ઉંચા બેસીને વગેરે. પૌદ્‌ગલિક જડ ક્રિયાઓ છે આહાહા ! તેનો સંબંધ શરીર સાથે છે. શરીરને આમ પલોઠી વાળવી, ફલાણું કરવું, ઉંચુ કરવું એ તો બધી જડની ક્રિયા છે. 'તાવ, કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં' આવે છે કે નહિં ? શરીરને આમ રાખવું, તાવ કાયં ત્યાં સુધી કાયાની સ્થિરતા ઠાણેણં,મોણેણં, ઝાણેણં દેહને સ્થિર રાખવું, મૌન રાખવું, મનને ધ્યાનમાં રાખવું, અપ્પાણં વોસિરે કહે છે. કાંઇ ખબર ન મળે હેં ? આહાહા ! તસ્સ ઉત્તરિ કર્યું'તું કે નહિં ? હેં ? ઠીક તમે એ કર્યું'તું કે નહિં ? કર્યું'તું ઠીક.

આ ઓલા ભાઇને પૂછયું નહોતું ? નટુભાઇ વકીલ, વકીલ એ આમ આવ્યા ને પછી મોટી ઉંમર થઇને. નાની ઉંમરથી આમાં આવેલા. એટલે વકીલ નહોતા આવ્યા પરમદિ' પાલીતાણા નટુભાઇએ કે નથી કર્યું અમે. પહેલેથી આવે આંહીતો દસ વરસની ઉંમરથી કર્યું છે બધું ઇચ્છામી પડિક્કમિયુ તસ્સ ઉત્તરિ પાઠશાળામાં, જૈનશાળામાં. સોમચંદ ભગત ભણાવતાં. શરીર સાથે આત્માનાં સાથે નથી. આહાહા ! એ સંબંધ શરીર સાથે છે, આત્મા સાથે નથી. કોનો ? એ ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, ત્રાટક કરવું, અરે ! આસનો લગાવવા શરીરનાં એ બધુ આ પુદ્‌ગલ સાથે સંબંધ છે, આત્મા સાથે નથી. શરીર તો જડ છે તેને સુખ દુઃખ હોતું નથી. એને સુખ દુઃખ થાય છે ? આહાહા !

સુખ દુઃખ તો આનંદ સ્વરૂપથી વિપરીત પર્યાયમાં જીવને થાય છે. આહાહા! દેહને બહુ કષ્ટ આપીએ તો આપણને નિર્જરા થાય. આહાહા! એક અઠ્ઠમ કર્યો હોય એમાં એક પોરસી ચડાવે, પચ્ચીસ ઉપવાસનું પુણ્ય, છે તો પાપ. એય! આહાહા! જ્ઞાન સ્વરૂપી ભગવાન છે એમાં એને આ ને આ ને એવો વિકલ્પ પણ જેમાં નથી એનો નથી એમાં નથી. એને આ શરીરનું આ કરું ને આનાથી આ કરું તે અભિપ્રાય અભિપ્રાય મિથ્યા છે. આહાહા! તેને સુખ દુઃખ હોતું નથી. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ છે. તેથી તે શરીરની જે અવસ્થાઓ થાય તે પોતાની થઇ માને છે. આહાહા!

નિરોગ થયો, રોગ થયો, આ દાક્તરો ને વૈદો શરીરમાં નિરોગતાં કરી દેતાં હશે કે નહિં? દવા બવા કરીને ન કરે? આમ ખાય તો આમ થાય ને આમ કરે તો કાંઇ નહોતો આવ્યો એક માણસ. માણસ આવ્યો'તો એક આંહી નહોતો આવ્યો ભાવનગરથી એક આમ, શરીર આમ કરે તો આમ થાય આવ્યો'તો એક ફેરી ભાવનગરમાં આવ્યો'તો. એ અહિં આવ્યો'તો. અમુક પગનું દાબે આંહી તો અમુક આંહીથી રજકણ આમ ફરી જાય અહીંથી અટકી જાય પગ ખેંચે ત્યાં, આવ્યો'તો આવ્યો'તો ખબર છે ને. હેં? (**શ્રોતાઃ** નસ દબાવે) હા નસ દબાવે હા આણે કીધું એ. નસ દબાવે મટાડે હા એ ધૂળ એ કાંઇ મટાડે. આહાહા! જડની પર્યાયનો સંબંધ તો જડ સાથે છે કંઇ આત્મા મટાડી દે એને? હેં?

(**શ્રોતા** : દવાથી રોગ ન મટે?) ધૂળે મટતો નથી રોગ. એ તો એની પર્યાયમાં એ પ્રકારનું હોય ત્યારે, દવાને નિમિત્ત કહેવામાં આવે. નિમિત્તે અડે છે ક્યાં એને? ભારે મારગ બાપા! આ તો દુનિયાથી નિરાળો મારગ છે. (**શ્રોતા** : દુનિયાથી નિરાળો જ હોય ને) શરીરની જે અવસ્થા થાય તે પોતાની થઇ માને. એ તો ભ્રમ છે. આહાહા! શરીર પાતળું પડે તો એમ માને કે હું પાતળો, મેં કર્યું અને પાતળું થયું, કૃશ થયું છે કૃશ. કોણ કરે ભાઇ? ભ્રમ છે અજ્ઞાનીનો. અજ્ઞાની મોહવશાત્ વસ્ત્ર આભૂષણ આદિ દ્વારા શરીર ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ કરે છે. શરીર સારુ રહે તેલ ચોપડે છે નહિં આ બધા શું કહેવાય ઇ? હેં? માલીશ કરે, મગદળીયા ઉપાડે આમ. આંહી નથી ઉપર, માંડ માંડ આમ કરે હો મૂકે ત્યારે લોહી ફરતું થાય. આ દોડે છે સવારમાં તો સારું શરીર રહે એ બધી ભ્રમણા છે. દામોદરભાઇ! આકરું કામ ભારે કહે.

સવારમાં શિયાળો હોયને સવારે બહુ કામ ન થાય એટલે દોડે ને એટલી ઓલી ટાઢ ઓછી વાયને લોહી ફરતું થઇ જાય. (**શ્રોતા** : દોડે ત્યારે લોહી ફરે તો છે ને) ફરે તો એને કારણે ફરે છે. મરી જાય છે ન્યાં એક જણો મરી ગયો એમાં કરતો'તો

જામનગરમાં ઉપાડીને આમ આમ કરતો'તો ત્યાં એકદમ શ્વાસ એવો વધી ગયો, મરી ગયો. કસરત કરતાં મરી ગયો. જામનગરમાં હતું. (**શ્રોતા :** ફરવા ગયોને બગીચામાં મરી ગયો) ફરવા ગયો ને બગીચામાં મરી ગ્યો નહિં. હા છબીલભાઇ ઠાકરસીભાઇનો દીકરો. દુ:ખે છે જ્યાં બેઠો ત્યાં મરી ગયો. એની પૂરી સ્થિતી થવાનો એનો કાળ હોય એમાં કરે કોણ ? આહાહા ! એનેય ખબર ન પડે કે આ શરીરથી હમણાં છૂટશે ત્યાં તો દેહ છૂટી જાય. આહાહા ! શું થયું જરીક એ ત્યાં તો એટલો ઉપયોગે ન એટલો કાળે ન રહે એને. આહાહા !

રજકણને છૂટવાનો એક સમય છે જે કોણ રાખે ? આ શ્વાસને હું લઉં ને દઉં એ ક્રિયા જડની છે. એ શરીરની સાથે સંબંધ છે. હેં ? (**શ્રોતા :** ધીમે ધીમે ચાલે તો લાંબુ જીવાય) હા એક જણો કહેતો'તો ૭૧માં જોયું'તું લાઠીમાં હતા ત્યારે. ત્રિભોવન ડોસા. ત્રિભોવન વિઠ્ઠલ. વિઠ્ઠલ શેઠ હતા લાઠીમાં. એનો દીકરો આંહી ગુજરી ગયો ને ક્ષયમાં ઘણાં વર્ષ પહેલાની વાત છે. ... એ બહુ હળવે હળવે હાલતા તો મેં પૂછયું શરીરમાં રોગ નહિં, સારું શરીર, હળવે હળવે ચાલે. મેં કોઇને પૂછયું આમ કેમ ચાલે છે ડોસા ? લાઠીમાં હતા એ. કાંતિભાઇ ! ઓલા ડોસા નહિં વિઠ્ઠલ શેઠ, ત્રિભુવન વિઠ્ઠલને હેં ? (**શ્રોતા :** ત્રિભુવનભાઇના બાપા) હા ઇ ત્રિભુવનનાં બાપા. લાંબા હતા મેં કીધું આમ કેમ ચાલે છે આ ? કહે ઇ શ્વાસ બહુ ન ચાલે, શરીર એવું ઘસારો ન થાય, આયુષ્ય વધે ને લંબાય. ધીમે ધીમે હાલવાથી આયુષ્ય વધે. ધૂળે વધે નહિં. આહાહા !

શરીરનાં રાગીલા પ્રેમીઓ આમ આમ ફસાઇ ગયા છે કહે છે આહાહા ! વસ્ત્ર આભૂષણથી શરીર પર અનુગ્રહ કરે કારણકે તેને દેહાધ્યાસ છે ને ? શરીરમાં તેને આત્મબુદ્ધિ છે એટલે તેના પ્રત્યેના રાગના કારણે એવું અનુગ્રહ કરવા ઇચ્છે છે, પરંતુ આ પણ તેમનો ભ્રમ છે. આહાહા ! માટે શરીર વિશે, નિગ્રહ અનુગ્રહ બુદ્ધિ કરવી, તે આંહી અજ્ઞાનતા છે. આહાહા ! હમણાંજ આવ્યું નથી કાંઇક ઓલુ પુસ્તક લાંબુ નહિં ? દેહને આમ કર્યું ને તને બહુ સંભાળીયે, તારું ધ્યાન રાખ્યું તોયે છાપામાં આવ્યું'તું પુસ્તક ક્યાંક આપણામાં આમાં આત્મધર્મમાં આવ્યું'તું. પછી ચોપડી છપાણી નથી નાની ? (**શ્રોતા :** ચેતન ને કાયાનો સંવાદ) હા ઇ. સંવાદ કર્યો છે.

ચેતન ને કાયાનો સંવાદ (છે) ઇ કહેતો તો આત્મધર્મમાં આવ્યું છે આપણને કાંઇ ખબર નહિં. એમાં આ ચોપડી છાપી છે નહિં બહાર છે ને આંહી ચોપડી ઘણી હતી. બીજાને આપી. ચેતન કે મેં તારી બહુ સંભાળ રાખી'તી. તેલ ચોપડયા આ આ આપ્યા આ આપ્યા હવે તું હારે. હાલ, હાલ, આમારી અનાદિની જે સ્થિતી છે એ છોડશું નહિં.

અમે તો અમારામાંરહેશું. તું જ હાલ્યો જાને અહીંથી. આહાહા ! બહુ સંભાળ રાખી. રાતે આટલી નિંદ્રા લેવી, આમ પગ વાળવા, આમ ઘણું કરવું. આમ કસરતો કરવી. આહાહા ! અરે ! તારે માટે આટલી મહેનતું કરી એ બધી મહેનતું મારી મફત જાય. આ પગે પક્ષઘાત થાય ત્યારે ઘણી મહેનતું કરે છે શરીરને આમ રાખવા ચંદુભાઈ ! આહાહા ! જ્યાં સુધી શરીરાદિમાં આતમબુદ્ધિથી પ્રવર્તે છે ત્યાં સુધી સંસાર છે. આહાહા ! ભગવાન આત્મા નિરાળો ચીજ, એ પર પદાર્થમાં પોતાપણાની બુદ્ધિએ પ્રવર્તે છે ત્યાં સંસાર છે, રખડવાનું છે કહે છે આહાહા ! તેનાં અભાવે મુક્તિ છે તે દર્શાવતાં કહે છે લ્યો. ૬૨

**यावच्च शरीरादावात्मबुद्ध्या प्रवृत्तिस्तावत्संसार: तदभावान्मुक्तिरिति दर्शयन्नाह -**

**स्वबुद्ध्या यावद्गृहणीयात् कायवाक्चेतसां त्रयम् ।**
**संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृत्ति: ।। ६२ ।।**

**જ્યાં લગી મન-વચન-કાયને આતમરૂપ મનાય,**
**ત્યાં લગી છે સંસાર ને ભેદ થકી શિવ થાય ।। ૬૨ ।।**

**टीका** : स्वबुद्ध्या आत्मबुद्धया यावद् गृहणीयात्। किं ? त्रयम् । केषाम्। कायवाक्चेतसां सम्बन्धमिति पाठ:। तत्र कायवाक्चेतसां त्रयं कर्तृ। आत्मनि यावत्सम्बन्धं गृहणीयात्स्वीकुर्यादित्यर्थ:। तावत्संसार:। एतेषां कायवाक्चेतसां भेदाभ्यासे तु आत्मन: सकाशात् कायवाक्चेतांसि भिन्नानीति भेदाभ्यासे भेदभावनायां तु पुनर्निर्वृत्ति: मुक्ति: ।। ६२।।

જ્યાં સુધી શરીરાદિમાં આત્મબુદ્ધિથી પ્રવૃત્તિ છે ત્યાં સુધી સંસાર છે. તેના અભાવે મુક્તિ છે. તે દર્શાવતા કહે છે :-

**અન્વયાર્થ** : (यावत् ) જ્યાં સુધી (कायवाक्चेतसां त्रयं) શરીર, વચન અને મન એ ત્રણને જીવ (स्वबुद्धया) આત્મબુદ્ધિથી (गृहणीयात्) ગ્રહણ કરે, (तावत्) ત્યાં સુધી (संसार:) સંસાર છે, (तु) પરંતુ (एतेषां) એ મન-વચન-કાયાનો (भेदाभ्यासे) આત્માથી ભિન્નરૂપ અભ્યાસ થતાં (निर्वृत्ति:) મુક્તિ થાય છે.

**ટીકા** : સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે, શું (ગ્રહણ કરે) ? ત્રયને (ત્રણને). કોના (ત્રયને) ? કાય, વાણી અને મનના ત્રયને - અર્થાત્ જ્યાં સુધી આત્મા વિષે કાય-વાણી-મનનો સંબંધ ગ્રહણ કરે - સ્વીકાર કરે, એવો અર્થ છે - ત્યાં સુધી સંસાર છે, પણ એ કાય-વાણી-મનના ભેદનો અભ્યાસ થતાં અર્થાત્ આત્માથી કાય-વાણી-મન ભિન્ન છે એવો ભેદનો અભ્યાસ થતાં એટલે ભેદભાવના થતાં નિવૃત્તિ એટલે મુક્તિ થાય છે.

**ભાવાર્થ :** જ્યાં સુધી જીવને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિ રહે છે, તેને આત્માનાં અંગ સમજે છે એટલે કે તેની સાથે અભેદબુદ્ધિ-એકતાબુદ્ધિ કરે છે, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે, પરંતુ જ્યારે તેને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિનો ભ્રમ ટળી જાય છે, અર્થાત્ તે ત્રણે 'આત્માથી ભિન્ન છે' એવો નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે, ત્યારે તે સંસારના બંધનથી મુક્તિ પામે છે.

## વિશેષ

જ્યાં શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ છે ત્યાં એકતાબુદ્ધિ છે. જ્યાં એકતાબુદ્ધિ હોય છે, ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે અને જ્યાં કર્તા-બુદ્ધિ છે, ત્યાં સંસારના કારણભૂત રાગાદિ ભાવ અનિવાર્યપણે હોય છે. એ રીતે શરીરાદિ પર પદાર્થોમાં આત્મ-બુદ્ધિ તે જ સંસારનું કારણ છે અને આત્મા તથા શરીરાદિનો ભેદ-વિજ્ઞાનપૂર્વક દૃઢ અભ્યાસ તે મુક્તિનું કારણ છે.

મન-વચન-કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી, કારણકે તે જડની ક્રિયા છે, પરંતુ તેમાં આત્મબુદ્ધિ-એકતાબુદ્ધિ કરવી તે સંસારનું કારણ છે. પ્રસ્તુત શ્લોકમાં **स्वबुद्धया** શબ્દથી આ વાત સૂચિત થાય છે.

''કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલન સ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારનાં કારણો કે નથી ચેતન-અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે''[૨]

માટે શરીરાદિની ક્રિયામાં આત્મબુદ્ધિ અર્થાત્ તે ક્રિયાઓ હું કરું છું એવી માન્યતા તે સંસારનું કારણ છે અને તે ક્રિયાઓમાં આત્મબુદ્ધિ અર્થાત્ કર્તાબુદ્ધિનો અભાવ તે મોક્ષનું કારણ છે. ૬૨.

# પ્રવચન – ૭૬

આહાહા ! સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી

૨. જુઓ – શ્રી સમયસાર કલશ ૧૬૪ અને ગા. ૨૩૭ થી ૨૪૧

**ટીકા :** નીચે આ લખાણ આવ્યું ને ? શરીરાશ્રિત ઉપવાસ આદિને માટે મોક્ષમાર્ગ પ્રકાશનું ૨૨૯ અને ૩૪૪. જો દેહ આશ્રિત વ્રત, સંયમને પણ પોતાનાં માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. છે નીચે ? નીચે છે રહસ્યપૂર્ણ ચીઠ્ઠી છે. દેહ આશ્રિતની ક્રિયાને પોતાની માને એ (મિથ્યાદ્રષ્ટિ છે). ક્રિયાની વાત છે હોં. ઓલા શુભ પરિણામ થાય એ પોતે જાણે. એ મોક્ષમાર્ગ પ્રકાશમાં આવે છે. કે ભાઈ દેહાદિની ક્રિયા જડની એને પોતાના માને. અપવાસ ને આહાર છૂટયો ને ઉપવાસ કર્યો ને પાણી ન પીધા ને આ કર્યું. એમાં શુભભાવ થાય એ પોતાનો છે ઈ જાણે છે. શ્રદ્ધામાં માને છે કે આ હેય છે. આહાહા ! સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે, શું ગ્રહણ કરે ? ત્રયને. કયા ત્રયને ? કાય, વાણી ને મનના ત્રયને. લ્યો દેહને, વાણીને, મનને. આહાહા !

મનના પરમાણું અંદર જુદા છે. વાણી જુદી ચીજ છે, કાયા જુદી ચીજ છે. અને જ્યાં સુધી આત્મા વિષે કાય વાણી મનનો સંબંધ ગ્રહણ કરે, સ્વબુદ્ધિથી આત્મબુદ્ધિથી જ્યાં સુધી એને ગ્રહણ કરે કોને ? કાય, વાણી ને મનને. અને આત્મા વિષે કાય, વાણી ને મનનો સંબંધ ગ્રહણ કરે એની સાથે આમ સંબંધ કરે ને મારા વિષે આ સંબંધ છે. આ મારામાં છે, સ્વીકાર કરે, એવો અર્થ છે ત્યાં સુધી સંસાર છે. આહાહા ! આતમબુદ્ધિથી કાયા, વાણી ને મનને ગ્રહણ કરે મારા છે એમ, ત્યાં સુધી સંસાર છે. આંહી તો મુનિને છઠ્ઠે ગુણસ્થાને વ્રતનો જે શુભરાગ આવે એ સંસાર છે. આહાહા ! કેમ કે એ ઉદયભાવ છે એ સંસાર છે. સ્વભાવમાં એ સંસાર નથી, તેથી એ ઉદયભાવને પોતાના માને એ સંસાર છે, મિથ્યાત્વ છે. આહાહા !

સ્વબુદ્ધિથી એટલે આતમબુદ્ધિથી ગ્રહણ કરે. શું ? મન, વચન ને કાયાને ત્યાં સુધી આત્મા વિષે કાય, વાણી, મનનો સંબંધ ગ્રહણ કરે સ્વીકારે છે એવો અર્થ છે. પણ એ કાય, વાણી ને મનના ભેદનો અભ્યાસ થતાં, આહાહા ! રાગથી ભિન્ન ચૈતનનો અભ્યાસ થતાં કાયા, વાણીને મનનું તો જુદાપણું પણ અંદરમાં આ રાગને આ સ્વભાવ, ચૈતનની સત્તા શુદ્ધ અને રાગ અશુદ્ધ, બેની ભેદજ્ઞાનનો અભ્યાસ થતાં ભેદજ્ઞાનથી, આત્માથી કાય, વાણી, મન ભિન્ન છે. એવો ભેદનો અભ્યાસ થતાં, એટલે ભેદભાવના થતાં, નિવૃત્તિ, મુક્તિ થાય છે. વાણી, મન એક બેની એકતાબુદ્ધિ સંસાર છે. નિવૃત્ત બુદ્ધિ મોક્ષ છે. આહાહા !

વિશેષ કહેશે.......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૭૭

## શ્લોક – ૬૨ અને ૬૩

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૦૧.૦૭.૭૫**

**यावच्च शरीरादावात्मबुद्ध्या प्रवृत्तिस्तावत्संसार : तदभावान्मुक्तिरिति दर्शयन्नाह -**

**स्वबुद्ध्या यावद्गृहणीयात् कायवाक्चेतसां त्रयम् ।**
**संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृत्तिः ।। ६२ ।।**

જ્યાં લગી મન-વચન-કાયને આતમરૂપ મનાય,
ત્યાં લગી છે સંસાર ને ભેદ થકી શિવ થાય ।। ૬૨ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

**૬૨ ગાથા સમાધિતંત્ર ભાવાર્થ :** જ્યાં સુધી જીવને, બહુ નજીકમાં પોતાનું માને ત્યાં લઈ ગયા છે. બહારની ચીજો તો ક્યાંય ભિન્ન રહી ગઈ, પણ નજીકમાં અહીંયા મન, વચન ને કાયા, એ પર ચીજ છે. એમાં સ્વબુદ્ધિ એમ છે ને પાઠમાં ? આત્મબુદ્ધિ. જે નજીકના જાણે અવયવો અને હું એક અંગી, એના આ અંગો હોય એમ અજ્ઞાની અનાદિથી માને છે. તેને આત્માના અંગ સમજે છે. છે ને ? પોતાનું અસ્તિત્વ જે હૈયાતિ છે, એ તો જ્ઞાનને આનંદના, અતિ અનંત ગંભીર શક્તિઓનો સ્વભાવ એ આત્મા છે. જેની શક્તિઓ અનંત સંખ્યાએ એનો અંત નહિં, સંખ્યાનો અંત નહિં. આહાહા ! એવી જેની શક્તિની હૈયાતી છે અને જેનો એક એક શક્તિનું અસ્તિત્વ અમાપ, અપરિમિત છે, એની દૃષ્ટિનું શરણું અવલંબન છોડી અને આ મન, વચન ને કાયા હારે જોડી, પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમન છે, એને એ પોતાનું માને છે.

આ સંસાર છે. એ મિથ્યાત્વ છે એ સંસાર છે. આહાહા ! મન, વચન ને કાયા 'चेतसां' શબ્દ પડયો છે ત્યાં અર્થ કર્યો છે ને એનો ? 'चेतसां' એટલે મન, એમ કર્યો છે અર્થ. ચિત્ત, ચિત્ત. ચેતન એમ ન આંહી લેવું. ચિત્ત એટલે મન આંહી. જોડે ચૈતન્યના સ્વભાવના ક્ષેત્રમાં જોડે રહેલા મન વાણી ને દેહ એ બધી ચેષ્ટાઓ અને એનું જે વાણીનું અસ્તિત્વ એ મારું છે એવી જે બુદ્ધિ આહાહા ! સ્વબુદ્ધિ, અને જેને સ્વબુદ્ધિ થાય એનો એ કર્તા અને ભોક્તા થયા વિના રહે નહિં, એથી સંસાર છે કહે છે. આહાહા ! સૂક્ષ્મ ધીર ધીરજની વાતું છે આ તો. આહાહા !

ચૈતન્યનું અસ્તિત્વ જે હૈયાતિ એ તો અનંત ગુણ ગંભીર સ્વભાવથી ભરેલું તત્ત્વ છે એમાં એના સ્વબુદ્ધિ ન કરતાં એનામાં નથી ને જોડે રહેલા અવયવો, જડના અવયવો, અવયવી ભગવાન આત્મા એનો અવયવ એની પર્યાય એના ગુણ એના અવયવો કહેવાય. રાગેય નહિં. એને ઠેકાણે શરીરને મન, વાણી એને પોતાના અંગ ગણે પોતાના અવયવ ગણે, કેમ કે જાણવામાં ઈન્દ્રિયથી જણાય. કાનથી સંભળાય એટલે જાણે કે મારા અંગને અવયવો હોય એમ એ માને છે. આહાહા ! તેને આત્માના અંગ સમજે છે એટલે કે તેની સાથે અભેદબુદ્ધિ, એકતા બુદ્ધિ કરે છે. ઓહોહો ! ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે એટલે ત્યાં સુધી તે સંસારી છે.

રખડતો પરિભ્રમણમાં. આહાહા ! આંહી તો નજીકના અવયવની લીધી વાત. બહારની ચીજ સ્ત્રી, કુટુંબ પરિવાર, ધંધા વેપાર એ તો ક્યાંય બહાર રહી ગયા પણ એના એક ક્ષેત્રમાં પરચીજનો જે સંબંધ, પર્યાય ને વસ્તુનો સ્વભાવ છે એની (હારે)

સંબંધ જોઈએ કેમ કે એ પર્યાય જે છે નિર્મળ એનો સંબંધ આત્મા (હારે) છે. દ્રવ્ય (હારે) સંબંધ છે. એ સંબંધને ન માનતા એને રાગ ને મન, વાણીને દેહથી મને સંબંધ છે. આહાહા! એ મિથ્યા બુદ્ધિ છે. આહાહા! પર્યાય, મન વાણી દેહની ક્રિયાની, કે એના અસ્તિત્વને, પોતાની બુદ્ધિથી આ હું છું કેમ કે અસ્તિત્વ જે જ્ઞાયક ચૈતન્ય અસ્તિત્વ જેની મોજુદગી હૈયાતી અનંત ગુણ ગંભીર, એવું તત્ત્વ પ્રતીતમાં જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યું નહિં, એથી એને આ રાગ, શરીર, મન, વાણી, દેહ નજીકના અંગો એ જાણે હું એક અંગી એટલે આખો અવયવી, ને એ મારા અંગ છે એમ અજ્ઞાની માને છે. આહાહા!

(**શ્રોતા :** આખી દુનિયા એમ માને છે) હેં? આખી દુનિયા તો સંસારી છે. જેઠાભાઈ! આવી વાત છે. બહુ નજીકની વાત લીધી છે. મન, વચન ને કાયા ત્રણ ચીજ પર છે પણ એના સંબંધમાં એને એમ લાગે કે એ સંબંધે મને જ્ઞાન થાય છે. મન છે તો જ્ઞાન થાય છે, ઈન્દ્રિય છે તો જ્ઞાન થાય છે, ઈન્દ્રિય ન હોય તો જ્ઞાન ક્યાંથી થાય? આહાહા! લ્યો એટલે નજીકના ત્રણેય લીધા, દૂરના બાયડી, છોકરાં, કુટુંબ, રાજપાટ એ તો ક્યાં રહી ગયું. પોતાનું હોવાપણું મન, વચન ને કાયામાં બુદ્ધિથી ગ્રહણ કરીને આ હું છું એમ માને છે એ સંસાર છે અને એ સંસારના પરિભ્રમણના ચોર્યાસી(૮૪)ના અવતારનું એ કારણ છે, પરંતુ જ્યારે તેને મન, વચન,કાયામાં આત્મબુદ્ધિનો ભ્રમ ટળી જાય છે.

ભેદ અભ્યાસ કીધોને? હું તો એક જાણનાર જ્ઞાયક, ચૈતન્યની હૈયાતિવાળું મહા તત્ત્વ જેના સ્વભાવની અચિંત્યતા, ગંભીરતા, અણહદ, એવું જે તત્ત્વ હું, એમ રાગથી ભિન્ન પડીને અભ્યાસ કરતાં મન, વચન ને કાયા એ મારા, એ બુદ્ધિ છૂટી જાય છે. આહાહા! તોય બીજા આ બધા બાયડી, છોકરાને, વેપાર ને ધંધા એના નહિં? આ કારખાના કરે છે. પેટ્રોલ હોય તો હાલે એનું કારખાનું નહિંતર ન હાલે. (**શ્રોતા :** પેટ્રોલ હોય તોય ન હાલે) મોટુ કારખાનું ત્યાં. વિનોદ મીલમાં ગયા'તા નહિં. વિનોદ, ઉજ્જૈન ઉજ્જૈન, એ બસ એક બે માણસ ઉભા હોય બસ. બાકી અહીં નાંખો સુતર એ કપડું થઈને નીકળી જાય, બસ કાંઈ કોઈ કામ કરે નહિં. ક્યાંક દોરો તૂટે તો એને ઉભો રહી સાંધવો પડે એટલા સાટું માણસ. ઈ કાંઈ માણસ વિના થાય?

(**શ્રોતા :** માણસ વિના થયું નહોતું એનામાં એવી શક્તિ છે જોને પુદ્ગલની) આહા! આંહી નાંખે કપાસ, કપડું થઈને નીકળે બહાર, એવી બધી શૈલી છે લ્યો. મોટું હતું ને આ ભાઈ લાલચંદ**ભાઈને કેવા એ?** હેં? લાલચંદ શેઠ. લઈ ગયા'તા એક ફેર જોવા, પાંચસો એક રૂપિયા મૂક્યા હતા ને જ્ઞાન ખાતે. અરેરે! સંચા એમ આ મન, વચન ને કાયા

ત્રણના સંચા એને કારણે હાલે છે. આત્માનું નિમિત્ત છે માટે આ ચાલે છે એમ નથી. આહાહા! જેને એવું આત્મબુદ્ધિ મન, વચન, કાયામાંથી છૂટી જાય છે બસ એને સંસાર નથી કારણકે આત્મામાં એ છે નહિં. આત્મા તો સંસાર અને સંસારનાં ફળ ચાર ગતિ એ ભાવ વિનાની ચીજ છે. આહાહા!

એ ચિદાનંદ સ્વભાવનો અનુભવ થતાં પરની બુદ્ધિ છૂટી જાય છે. પોતાનું હોવાપણું મન, વચન ને કાયાથી ભિન્ન છે. એ વસ્તુની સ્થિતી એવી છે, એમ ભિન્નનો અનુભવ થતાં નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે. નિશ્ચયપૂર્વકનો અનુભવ એમ, ધારણામાં આવી જાય એમેય નહિં, અનુભવ. આ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય જ્યોત, મન, વચન ને કાયાના સંયોગી ભાવ, અરે! વિકાર ભાવ, પુણ્ય ને પાપ એ સંયોગી ભાવ. સંયોગ લક્ષણમ્. એનાથી હું જુદો છું, એવું ભાન થતાં એને સંસાર રહેતો નથી. કહો જેઠાભાઈ! આ મુક્તિ છે. આ તો ક્રિયા હું આ કરું ને ઉપવાસ મેં કર્યો, શરીર જીર્ણ મેં કર્યું, ફલાણું કર્યું, મેં કર્યું, પરનો ગ્રહણ ત્યાગ, એમ માને એ મિથ્યાત્વ છે. પરના ગ્રહણત્યાગ એના સ્વરૂપમાં છે જ નહિં. આહાહા!

બુદ્ધિથી એમ માને કે હું આ છોડું છું પરચીજ, ને આટલી ગ્રહણ કરું છું, લ્યો. સાતમા વ્રતમાં નથી આવતું? અમુક પદાર્થની છૂટ રાખે ને બીજાને છોડે. નથી આવતું? આવે છે ને એ તો વિકલ્પની વાત છે. એ આ છોડું ગ્રહું એવું સ્વરૂપમાં છે નહિં. આહાહા! બહુ ઝીણું બાપુ! કહે છે એ નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય. શરીર, વાણી, મનથી મારી હૈયાતિ ભિન્ન છે, એમ અંતરના સ્વ સન્મુખના અભ્યાસથી પરથી ભિન્ન પડીને અનુભવ થાય ત્યારે તે સંસારના બંધનથી મુક્તિ પામે એટલે એને બંધન છે નહિં. પછી અબંધ સ્વરૂપ એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં જ્ઞાનમાં, પરિણામે પરિણમીનો સ્વીકાર કર્યો. સમજાણું કાંઇ?

વર્તમાન પરિણામે જે પરિણામી ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ છે, તેનો સ્વીકાર એટલે સન્મુખ થયો, સ્વીકાર કર્યો, એને મુક્તિ છે. આહાહા! એને મુક્તિનો મારગ છે. આવી વાત છે. આંહીતો પરથી ભાન ન મળે ને પછી આ કાંઇક છોડયું ને મૂક્યું ને આ લીધું એ ત્યાગ કર્યો આનો, આહાહા! જેને પોતાનું માન્યું હતું તો કહે ત્યાગ કર્યો, ગ્રહ્યું હતું એમ માન્યું'તું એ બુદ્ધિ જૂઠ્ઠી છે. એની માન્યતામાં ફેર હતો એટલો. આ વસ્તુ મારી છે ને આ હું નહિં એટલો ફેર બુદ્ધિમાં હતો. એ બુદ્ધિને ફેરવી નાંખી અંદર. જે હું છું, એ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવવાળું તત્ત્વ, તે હું છું એમ અનુભવ થતાં સંસાર એને રહેતો નથી.

એટલે કે સંસારનું બંધન એને થતું નથી એટલે સંસાર રહેતો નથી.

## વિશેષ

ટીકા, ભાવાર્થ ને વિશેષ ત્રણ-ત્રણ અર્થ ભર્યા છે આ. જ્યાં શરીર, મન ને કાયા પર પદાર્થમાં આત્મબુદ્ધિ છે ત્યાં એકતાબુદ્ધિ છે. આમ એ હું છું એનો અર્થ એકતાબુદ્ધિ છે. આહાહા! જ્યાં એકતાબુદ્ધિ હોય, ત્યાં કર્તા-ભોક્તા બુદ્ધિ હોય જ. જ્યાં પરને પોતાનું માન્યું એવી એકતાબુદ્ધિ છે, તો એનો કર્તા હું છું. કારણ જે મારી ચીજ છે એ મારી ચીજનો કર્તા હું છું, એમ અજ્ઞાનીએ માન્યું. આહાહા! સવારમાં ભાવનામાં ઘણું આવ્યું'તું. ઓલા દ્રવ્યલીંગ ધારણ કર્યા પણ ભાવ જિન ભાવના પ્રગટ ન કરી તે. જિન ભાવના એટલે સમ્યગ્દર્શન. આહાહા! કેમકે આત્મા અનંત ગુણો, વીતરાગ સ્વભાવથી ભરેલા ગુણો છે બધા. એની શ્રદ્ધા, એનો અનુભવ થયા વિના બહારના ત્યાગમાં રોકાઇ જાય છે એ સંસાર છે કહે છે. સમજાણું કાંઇ ?

ત્યાં કર્તા ભોક્તા, કેમ કે જેને પોતાનું માને એનો કર્તા થાય. શરીર, વાણી, મન જ્ઞાનમાં એમ આવે કે આ આંગળી આ પુસ્તકને ફેરવે આમ પાના, તો જુઓ એવું કામ ચાલે છે કે નહિં કામ ? **(શ્રોતા :** દેખાય છે પણ આપ ના પાડો છો) જ્ઞાનમાં એમ આવે કે આ પાનું આમ થવું જોઇએ ને પાધરું એમ થાય, જેઠાભાઇ ! કોનાથી થયું ઇ ? એ તો એનાથી થયું છે. એક ઠેકાણે લખ્યું છે, એક ઠેકાણે આવે છે. જુઓ ધાર્યા પ્રમાણે કામ ઇન્દ્રિયોએ પ્રમાણે જાય ત્યાં, માટે એટલું તો સચેતપણું આત્માને સંબંધ છે કે નહિં શરીરને ને એને, એવું છે એક ઠેકાણે લખાણમાં ક્યાંક. બિલ્કુલ નહિં, એની ઇચ્છાને જ્ઞાનમાં આવ્યું કે આ પાનું ફરે, કે રોટલીનો ટુકડો થાય, એ ક્રિયા મારી છે ને મેં જ્ઞાનમાં આવ્યું માટે ક્રિયા આમ થઇ, એ બુદ્ધિ અજ્ઞાન. આહાહા! આવું ભારે ભાઇ !

**(શ્રોતા :** એમાં ભેદજ્ઞાન કેમ થાય ?) હેં ? **(શ્રોતા :** એવું નક્કી કર્યા વિના ભેદજ્ઞાન ન થાય) માટે કહે છે ને કે નક્કી કરવું જોઇએ ત્યારે ભેદજ્ઞાન થશે કે પરની ક્રિયા મારી છે જ નહિં. હું એનો કર્તા ભોક્તાય નહિં. એકતા માને તો કર્તા ભોક્તા થાય. એકતા ન માને તો કર્તા ભોક્તા ન થાય. આહાહા! પંચોતેર(૭૫)માં કહ્યું હતું ઇ કાંઇ કહેવું'તું બીજું હોં રાત્રે પણ પછી રહી ગઇ વાત અંદર. પંચોતેર(૭૫)મી ગાથામાં કહેવું તો કાંઇ બીજું કાંઇક આવ્યું'તું પણ પાછું વયુ ગયું. પણ ન્યાં એટલું તો એક આવ્યું છે ને કે, રાગનું જ્ઞાન એ મારું કર્મ છે. જ્ઞાનીનું કર્મ નામ કર્તવ્ય. શરીર, વાણી, મન ને રાગ જે રીતના જેટલા પ્રકારના જેમ વર્તે છે તેનું તેના કારણે નહિં, પણ મારામાં થયેલું જ્ઞાન એ

સંબંધીનું મારું જ્ઞાન જે થયું, એ મારું કાર્ય છે. ચંદુભાઇ! આહાહા! ભાષા તો એમ આવે. રાગનું જ્ઞાન તે જ્ઞાનીનું કર્મ છે પણ રાગનું જ્ઞાન નથી.

રાગનું, જેવો રાગ હતો તેવું જ જ્ઞાન, સ્વપર પ્રકાશકપણાની શક્તિને લઇને, પોતાના સામર્થ્યથી તે કર્મ થયું જાણવાનું, પણ લોકોને સમજાવ્યું જગતને, જે રાગ એનું જ્ઞાન. શરીર આમ ચાલે, એવું જ અહીંયા જ્ઞાન. એ જ્ઞાન જે છે એ આત્માનું કર્મ છે, કાર્ય છે, આ નહિં. સમજાણું કાંઇ ? જ્યાં આત્મબુદ્ધિ છે એટલે પોતાપણાની માન્યતા ત્યાં એકતાબુદ્ધિ છે, એકતાબુદ્ધિ છે ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે. આહાહા! અને જ્યાં કર્તાબુદ્ધિ છે ત્યાં સંસારનાં કારણભૂત, વિકારીના ભાવનું અન્વયાર્થપણું છે. વિકારીભાવ થયા વિના રહે જ નહિં ત્યાં. મિથ્યાત્વનો વિકાર હો એ ત્યાં, ભ્રમણા, ભ્રમણા, ભ્રમણા.

વહેવારે તો કરી શકેને ? એમ કહે છે કેટલાક. નિશ્ચયથી નહિં. એનો કાંઇ નિર્ધાર ? એ તો બોલવામાં આવે છે એમાં અમારું રાજકોટ, રાજકોટ થઇ ગયું ? એ આવ્યું છે ને ત્યાં સર્વ વિશુદ્ધમાં આવ્યું ને. વહેવારે બોલે થઇ ગયું ભાષા થઇ ગયું ? વહેવારે બોલે એમ માની લે મૂઢ છે. અમારા અમારું રાજકોટ. રાજકોટમાં રહેવાનું મકાને નહોય એના ઘરે (**શ્રોતા** : હોય તોય એનું ક્યાં છે ?) હોય તો એનું ક્યાં છે ઇ ? પથરા ને ઇંટોનું છે. ભાઇ! મકાન, મકાન ઇંટોનું શેનું છે ? પથરાનું છે, ઓછું સાંભળે છે. (**શ્રોતા** : શેઠીયાનું નહિં) ધૂળ! શેઠીયા શેના ? ધૂળના શેઠીયા! આહાહા!

આત્મા આનંદનો નાથ, અનંત સ્વભાવથી ભરેલો જેની શક્તિની અચિંત્યતા ઓહોહો! જેના કાળની અસ્તિ જે તત્ત્વ ભગવાન ક્યારનું ? આહાહા! જેના કાળની અચિંત્યતા એમને એમ છે. અનાદિ અનાદિ છે આહાહા! શું વસ્તુ છે ? અને જેના ભાવની અચિંત્યતા, કે જેને ક્ષેત્રની અનંતતા, એથી અનંતગુણા ભાવ એની સંખ્યાનો અંત નહિં. અહીંયા ક્ષેત્રમાં આટલામાં આવી ગયો. આમ સાડાત્રણ હાથમાં કે આ એ તો ક્ષેત્ર એટલે કે આમ પહોળાઇમાં આવ્યું પણ એની સંખ્યાની હદ ન મળે ત્યાં. આહાહા! એક ડુંગળીનો કટકો લ્યો આટલો હાથમાં આમ આવી જાય. લ્યો કેટલા જીવો અનંતા પણ એ તો ક્ષેત્રની અપેક્ષાની વાત થઇ એના ભાવ જે છે. આહાહા!

અનંત અનંત અંગુલના અસંખ્ય ભાગમાં પણ અનંત નિગોદના જીવો, એ જીવની શક્તિઓની સંખ્યાની હદ નહિં. ઓહોહો! એવી જ્યાં અંતર વિચારધારા હાલે, એ વિચાર ત્યાં રોકાઇ જાય અંદર. સમજાણું કાંઇ ? જેના ગુણની સંખ્યાનો અંત

નહિં. આ શું ? અને જેની એક એક શક્તિની સામર્થ્યતાનું હદ નહિં, માપ નહિં. એનું માપ જે જ્ઞાન પર્યાય કરે, સમજાણું કાંઇ ? આહાહા ! દેવજી ભાઇ ! આવી વાતું છે બધી. આહાહા ! એવી જ્યાં રાગથી ને પરથી ભિન્ન પડીને પોતાનો અસ્તિત્વનો સ્વીકાર અંતરમાં થયો અનુભવમાં, આહાહા ! એટલે કે વસ્તુ જે ધ્રુવ છે, ધ્રુવમાં અનંતગુણો બધા ધ્રુવ છે, એનું એકરૂપ તે દ્રવ્ય છે. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં એવા દ્રવ્ય ઉપર જ્ઞાનની પર્યાય વળતાં, એને એકાગ્ર થાય છે એમાં, એને મન-વચન-કાયાની જુદાઇ થઇ ગઇ અંદરથી. આહાહા ! સમજાણું કાંઇ ? આહા !

અંદરમાં મુખ કરીને જો. બહારને જોવાને આંધળો થઇ જા એમ કીધુ. આહાહા ! કારણ કે બહારને જોવામાં તો તું બહાર દેખાય, એ ચીજ તો તારી નથી. અંતર ચીજ જે ભગવાન પૂર્ણ મહા ગંભીર. ઓહોહો ! ક્ષેત્ર ભલે શરીરના કદ પ્રમાણે હો. કીધુંને ? ડુંગળી એટલામાં હાથમાં આવી જાય એટલે શું કે ? આમ આવી જાય એટલે કે જ્ઞાનમાં, એના શક્તિઓને, એના શક્તિઓનો સ્વભાવ અચિંત્ય છે. ક્ષેત્ર મોટું હોય તો વચ્ચે એમ કાંઇ આંહીયા નથી, એ એના કારણે. એક પરમાણું જો ને એક પરમાણું. આહાહા ! જે અનંતા પરમાણું એક આકાશના પ્રદેશમાં રહે, એવું એક પરમાણુમાં પણ જીવની સંખ્યા જેટલા ગુણની, એટલી ગુણની એમાં છે. ઓહોહો ! એવા અનંતા ગુણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું. ઓહોહો !

એક રંગ ગુણની એવી અનંતગુણની જ્યાં સંખ્યાનું માપ નહિં. પરમાણુમાં હો ! એ વસ્તુ એમ ન જુઓ કે આટલામાં છે ને રૂપી છે. એ એક સ્વભાવી તત્ત્વ, મૂળ તો તત્ત્વ સ્વભાવથી ભરેલું, એવા તત્ત્વની પણ જ્યાં અચિંત્યતાને ગંભીરતા, પણ એને જાણનારો કોણ ? એ તો આ. એને પરમાણુને ખબરેય નથી. પરમાણુમાં અનંતગુણ છે એની અનંતગુણની પર્યાય થાય. આહાહા ! એવું એનું અસ્તિત્વ છે, પણ એના અસ્તિત્વની એને ખબર નથી. એ બધી અસ્તિત્વની ખબર તો ભગવાન આત્માને છે. આહાહા ! કહેશે ઓલા પ્રવચનસારમાં, ત્યાં જ્ઞેય અધિકાર છે પણ આત્મા પોતે જ્ઞેય પણ છે ને આત્મા જ્ઞાન છે. પછી આવશે ને. ચુમ્માલીસ(૪૪) વિશેષમાં પણ છે. પીસ્તાલીસ(૪૫) પ્રાણનો જીવના પ્રાણ ત્યાં એમ લ્યે છે.

જ્ઞેય આત્મા જ્ઞેય પણ છે. અનંતગુણને અનંતની પર્યાય તેનું તે જ્ઞેય છે અને એ પોતે જ્ઞાન છે. લ્યો ઇ તો આવ્યું'તું ને ? સમયસાર નહિં ? જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય પોતે છે. છ દ્રવ્ય જ્ઞેયને આત્મા જ્ઞાન એમ ન કરવું, ભ્રમ ન કરવો. આહાહા ! જેનો એક

સમયમાં અચિંત્ય અનંતગુણ ગંભીર તત્ત્વ, તે પોતે જ્ઞાનની પોતાની પર્યાયનું પોતે જ્ઞેય, દ્રવ્ય જ્ઞેય, ગુણ જ્ઞેય, પર્યાય જ્ઞેય, અને જ્ઞાનની પર્યાય તે તેની, તેનું તે જ્ઞેય અને તેનો જ્ઞાતા. ઓલામાં એમ લીધું છે. જ્ઞેયની એક શક્તિ, જ્ઞાનની એક શક્તિ, જ્ઞાતાની અનંત શક્તિ, કળશ ટીકામાં. એ કળશમાં લીધું છે ને જ્ઞેય એક પ્રમેય શક્તિ, જ્ઞાન એક જાણવાની શક્તિ પણ જ્ઞાતાની અનંત શક્તિ. પણ જ્ઞાતા, જ્ઞેયને જ્ઞાન એ વચન ભેદે એમાં. આહાહા! સમજાણું કાંઇ ? એવો જે ભગવાન આત્મા! આહાહા!

અનંતગુણ ગંભીર સર્વજ્ઞ પરમેશ્વરે જોયો ને કહ્યો. એવી જેની અંતર દ્રષ્ટિ થાય, એને સંસાર હોય નહિં. આહાહા! પરિભ્રમણ એનું રહી શકે નહિં. કહે છે, શરીરાદિ પર પદાર્થમાં આત્મબુદ્ધિ, ત્યાં કર્તાબુદ્ધિ હોય છે, ત્યાં સંસારના કારણ રાગાદિ ભાવ અનિવાર્ય હોય છે. એ રીતે શરીરાદિ પર પદાર્થોમાં, આત્મબુદ્ધિ તે સંસારનું કારણ છે. આહા! પોતે ભગવાન અનંત આનંદનો નાથ પ્રભુ, એનું હોવાપણું, પોતાનું ભૂલીને પરની સામગ્રીમાં મારાપણું મન, વચન ને કાયા, આહાહા! એ સંસારનું કારણ છે. આહા! એ રખડવાનું કારણ છે. આત્મા ને શરીરાદિનો ભેદવિજ્ઞાન પૂર્વક દઢ અભ્યાસ, ભગવાન આત્માને રાગ ને શરીર, મન, વાણી એનાથી ભિન્ન એવો જે ભેદનો અભ્યાસ થતાં ભેદ પડે તે મુક્તિનું કારણ છે. આહાહા! સમજાણું કાંઇ ? આહા!

'એકતાબુદ્ધિ એ સંસાર છે ને ભેદબુદ્ધિ એ મોક્ષ છે'. ટૂંકામાં એમ કહ્યું. શરીર, વાણી, મન આ તો જડ પર, એ મારા અંગો છે ને એનાથી હું કામ લઉં, એ બુદ્ધિ મિથ્યાત્વને સંસાર છે. આહાહા! અહીંયા તો ત્યાં સુધી કહ્યું હતું ને કે હું કોને સમજાવું ? કારણ કે વિકલ્પ ઉઠે છે તે હું નહિં, વાણી થાય એ હું નહિં, આહાહા! સમજાવનારું જ્ઞાન છે એ બહાર આવતું નથી રાગમાં. વાણીમાં આવતું હશે કે નહિં ? (**શ્રોતા :** વાણીમાં શું આવે ? વાણી જડ છે) વાણી તો જડ છે. એમાં જ્ઞાન સ્વરૂપ, ભગવાન ચિદાનંદ સ્વરૂપ વાણીમાં ક્યાંથી આવે ? ત્યારે સાંભળનારને જ્ઞાન થાય છે ને વાણીથી, એ ભ્રમ છે. એનો જ્ઞાનનો પર્યાય એમાંથી આવે એમાંથી થાય છે. આહાહા! એ વાણીથી થાય એ પણ પરની સાથેની એકતાબુદ્ધિ છે. આહાહા! બહુ ઝીણી વાત બાપુ!

અનંતકાળથી પરિભ્રમણ કરે છે. જગતને એના એકતાબુદ્ધિનુ કેટલું. સંસારનું દુઃખ છે અને ભેદ બુદ્ધિમાં કેટલું આનંદનું સુખ છે, ખબર નથી. એ સંયોગને લઇને દુઃખ નથી. સંયોગી ચીજ મારી એવી માન્યતા તે દુઃખ છે. આહાહા! ભેદવિજ્ઞાન પૂર્વક દઢ અભ્યાસ એ મુક્તિનું કારણ છે. આહાહા! મન, વચન, કાયાની પ્રવૃત્તિ એ

સંસારનું કારણ નથી, એ તો જડની પ્રવૃત્તિ છે. આ વાણી, દેહ તે જડની પણ એ કાંઈ સંસારનું કારણ નથી, કારણકે તે જડની ક્રિયા છે. આહાહા! પરંતુ તેમાં આત્મબુદ્ધિ, વાણી, મન ને જડ શરીર, એમાં પોતાની સ્વબુદ્ધિ તે સંસારનું કારણ છે.

પ્રસ્તુત શ્લોકમાં 'સ્વબુદ્ધયા' શબ્દથી આ વાત સૂચિત કરી છે. પાઠ છે ને ત્યાં? 'સ્વબુદ્ધયા' પહેલો, પહેલો જ બોલ છે. સ્વબુદ્ધિ એટલે પરમાં પોતાની માન્યતા, આ સંસાર છે. પરની ક્રિયા એ સંસાર નથી એ દુઃખ નથી. આહાહા! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જે જોયો આત્મા એ તો જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા છે એકલો. એમાં એને સ્વબુદ્ધિમાં પોતે આ છે એમ ન માનતાં રાગ ને, શરીરને, મન, વાણી, દેહ એ 'સ્વબુદ્ધયા' પોતાની બુદ્ધિથી આ મારા માનતા, બસ એ સંસાર. એ પરિભ્રમણનું મૂળિયું. ઓહોહો!

(**શ્રોતા :** બહુ નાની ભૂલ છે) હેં? નાની ભૂલ છે? મોટી ભૂલ છે. આહાહા! કહ્યું નહોતું? દાખલો એક ફેર ભાવનગર દરબાર હતા તકતસિંહજી હતા. તકતસિંહજી. આ તો હમણા ગુજરી ગયાં ઈ કૃષ્ણકુમાર એના બાપ ભાવસિંહજી એના બાપ તકતસિંહજી. અમારી નાની ઉંમર હતી એ ભાવનગરમાં દરબાર હતા તકતસિંહજી. તે એણે એક બાઈ રાખેલી એનું શું નામ કેમ હતું? એમાં એક વાણિયો અંદર આવ્યો સોનાની ઘડિયાળ દેવા. મોઢા આગળ આરબ બેઠેલા અને ઓલા પીવે શું કહેવાય? કાવો. બુંદ બુંદ બુંદનો દાણો પીવે એટલે ઉંઘ ન આવે એમ દરબારને એવું હતું.

એ ભલે ત્યાં બારણે બેઠા પણ એ વાણિયો એવો હોંશિયાર કે ગઢ જેવડી એક મોટી નિસરણી લાવ્યો. નિસરણીથી ગઢે ચડયો ને એ નિસરણી પછી અંદર ઉતારી, એમાંથી ઉતર્યો. ઉતરીને એના દરબાર જ્યાં સૂતા હશે ત્યાં સોનાની ઘડિયાળ ને લઈ ગયો, લઈ ગયો. પાછો ફરીવાર આવ્યો, ત્યાં તો ઓલા દરબાર સૂતા હશે તે ખબર ન રહી, પણ ફરી આવ્યો લેવા, તેમાં દરબાર જાગ્યા. ઉઘાડી તલવાર પડી'તી. એ તો ઉઘાડી. દરબારને? એને ઉઘાડી રાખેને? કોક આવે તો. જોખમ બહુ હોય એને ઉપાડી. એ બાઈ કહે કે હા હા આવ્યો છે બિચારો જવા દયો અરે કે અમે જ્યાં સૂતા છીએ ત્યાં ચોર? અમે રાજા. ઘરમાં? આ મહા ગુનેગાર છે. પછી તો બાઈએ કહ્યું એટલે છોડી દીધો. એમ આ ઘરની દુકાન અંદર માલ, એમાં ચોર માળો આ કહે.

ચિદાનંદ અનંત આનંદનો નાથ, એવો સ્વભાવનું ઘર એને ભૂલીને મન, વાણી ને દેહને માનવા મોટો ચોર છે. મોટો ગુનેગાર છે. આહાહા! સમજાણું કાંઈ?

અનાદિકાળથી એમ ને એમ કરી આવ્યો છે. સાધુ નામ ધરાવ્યા, સાધુ થયો તો પણ બુદ્ધિમાં આ રહ્યું, કે આ હું કરું છું, ઇન્દ્રિયની દયા પાળું છું, ઇન્દ્રિયથી આ કામ કરું છું, બધા આમ કર્યા ને બધા કામ સારા કર્યા ને એ બધી મિથ્યાબુદ્ધિ અજ્ઞાનબુદ્ધિ સંસાર છે. આહાહા! કર્મબંધ કરનારું કારણ, હવે બંધનું. બંધમાં આવે છે ને પહેલી ગાથાઓ. કર્મબંધ કરનારું કારણ નથી બહુકર્મ યોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, બંધ અધિકારની ગાથાઓ છે ને.

ઘણાં કર્મયોગ્ય પુદ્‌ગલથી ભરેલો લોક બંધનું કારણ નથી. નથી ચલન સ્વરૂપ કર્મ. કાય, વચન મનની ક્રિયા એ બંધનું કારણ નથી. આહાહા! બંધ અધિકારમાં છે આ. કળશ એકસો ચોસઠ(૧૬૪) ગાથા બસ્સો સાડત્રીસ(૨૩૭) થી બસ્સો એકતાલીસ(૨૪૧) સુધી. જગતમાં કર્મથી ભરેલો, કર્મ થવાને યોગ્ય એવા પુદ્‌ગલો ભર્યા છે એ કાંઇ બંધનું કારણ નથી. આ કાયા, મન, વચન ક્રિયા થાય એ કાંઇ બંધનું કારણ નથી. એ તો જડની અવસ્થા છે. એ અનેક પ્રકારના કરણો, ઇન્દ્રિયો એ પણ બંધનું કારણ નથી. ચેતન અચેતન નો ઘાત, આહાહા! એ પણ બંધનું કારણ નથી.

'ઉપયોગ ભૂ', 'ઉપયોગ ભૂ', ઉપયોગની ભૂમિકા એવો જે ભગવાન આત્મા આહાહા! એની સાથે, રાગાદિ સાથે એક પામે તે, એ બંધનું કારણ છે. ઉપયોગ એવો જે ભગવાન આત્મા, એને પુણ્ય ને પાપના વિકલ્પથી એકતાપણું માને, 'ઉપયોગ ભૂ' ઉપયોગ આનંદનો ઉપયોગરૂપી ભૂમિકા એવો આત્મા, એમાં રાગ ને શરીર, વાણી, મન ને પોતાના માને, એ માન્યતા એ દુઃખરૂપ છે એ બંધનું કારણ છે. આહાહા! દરકાર કરી નથી એવા અવતાર અનંત થયા. વયા ગયા.

(શ્રોતા : અત્યારે બુદ્ધિ ચાલતી નથી) હેં?

(શ્રોતા : અત્યારે બુદ્ધિ ચાલતી નથી) શું કીધું?

(શ્રોતા : બુદ્ધિ અત્યારે ચાલતી નથી તો ક્યારે ચાલશે?) શું કીધું?

(શ્રોતા : બુદ્ધિ અત્યારે ચાલતી નથી) બુદ્ધિ અત્યારે ચાલતી નથી એમ.

(શ્રોતા : જ્ઞાનની બુદ્ધિ અત્યારે નથી ચાલતી) ચાલતી નથી એવો નિર્ણય કરનારો, એ એની હૈયાતિમાં એ નિર્ણય કરે છે, જાણતો. આહાહા! એ નિર્ણય પોતાના સ્વભાવ સન્મુખ થઈને કરે, એ ભેદજ્ઞાન છે. એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે. એનું નામ મુક્તિનું કારણ છે, બાકી બધા થોથા છે. આહાહા! સમજાણું કાંઇ ? એક માત્ર આહાહા! એ દયા,

દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ ઉઠે છે રાગ, એ રાગ સાથે આત્માને જે ઉપયોગનો ધરનારો, ભૂમિ આત્મા આનંદ, એને આ રાગ સાથે એકતાબુદ્ધિ, બસ એ સંસાર, એ મિથ્યાત્વ, એ પાખંડ ને પાપ છે. આહાહા!

ભાન વિનાના ભવ એવા અનંતા કર્યા. બહારની ક્રિયાઓ પણ ત્યાગની અનંતવાર, એની હારે શું સંબંધ છે? બાયડી છોકરા છોડયા, દુકાનો છોડી, ધંધા છોડયા પણ ઓલું મિથ્યાત્વ છોડયું નહિં. રાગના વિકલ્પની સાથે એકતાબુદ્ધિ, એ છોડયા વિના એનો સંસાર છૂટે નહિં કોઈ દિ'. આહાહા! અજ્ઞાની એમ કહે આણે દીક્ષા લીધી, સંસાર છોડયો પણ સંસાર કહેવો કોને? એની ખબર નથી. આહાહા! સંસાર ક્યાં રહેતો હશે? (**શ્રોતા** : પોતાની પર્યાયમાં) આહાહા! મેલ આંહી હોય તલને કાચમાં દેખાય ન્યાં ઘસે એટલે મેલ જાય? એમ આ ચીજ બહાર છે તેને છોડે એ તો છૂટેલી પડેલી જ છે. એને એકતાપણે જે રાગની સાથે બુદ્ધિ હતી એને એણે છોડવી જોઈએ એ છોડી નહિં. સંસાર એમ ને એમ ઉભો રહ્યો ચાર ગતિ. આહાહા! સમજાણું કાંઈ? આહા!

ખરેખર પુરુષોને બંધનું કારણ તો આ એક જ છે. આહા! જે પોતાની ચીજ નથી, રાગાદિ હોં! વિકલ્પ ઉઠે દયા-દાનનો એ આત્માની ચીજ નથી. એની સાથે એકતાબુદ્ધિ બસ એ સંસાર છે, એ નરક ને નિગોદનું કારણ છે. પરિભ્રમણનો એ ઉપાય આ એકજ છે. આહાહા! દરકાર કરી છે ક્યારેય મારું શું થશે? ક્યાં જઈશ? અહીંયાથી દેહ તો છૂટી જશે, ક્યાંક જશે તો ખરો કે નહિં. ક્યાં જશે? (**શ્રોતા** : જેવા ભાવ કર્યા હશે) જેની દૃષ્ટિમાં રાગની એકતા તો ત્યાં જઈને ત્યાં રહેશે. રાગની એકતાબુદ્ધિ લઈને ગયો તો રાગમાં રહેશે ત્યાં. આહાહા! અને રાગની એકતા તોડીને અહીંથી ગયો, તો જ્ઞાનમાં રહેશે. આહાહા! રહે તો અનાદિનો અનંત છે. અનંતકાળ રહેશે. કઈ રીતે રહેશે? જેવી દૃષ્ટિ છે તે રીતે રહેશે. પરની એકતાબુદ્ધિ એ તો મિથ્યાત્વમાં રહેશે, પરથી ભિન્નતા બુદ્ધિ તો આત્મામાં રહેશે. ચંદુભાઈ! આહાહા! માટે શરીરાદિની ક્રિયામાં આત્મબુદ્ધિ, તે ક્રિયાઓ હું કરું છું એવી માન્યતા તે સંસારનું કારણ છે. આહાહા!

શરીરથી આમ દયા પાળે ને શરીરથી આમ પૂજા ભક્તિ થાય તે સ્વાહા! એ બધી ક્રિયાઓ વાણીની ક્રિયા. ભગવાનને હું આ પૂજું ને આમ એ તો જડની ક્રિયા છે. એ ક્રિયા મારી છે હું કરું છું એ માન્યતા સંસાર છે. આહાહા! હેં? (**શ્રોતા** : ભગવાનની પૂજા ન થઈ) મિથ્યાત્વની પૂજા થઈ, આહાહા! અને તે ક્રિયાઓમાં આત્મબુદ્ધિ, કર્તાબુદ્ધિનો અભાવ એ મોક્ષનું કારણ છે. હું તો એ ક્રિયાનો જાણનાર એ પણ વહેવાર, કર્તા તો નહિં

પણ એનો જાણનાર એ વહેવાર. હું તો મારા જ્ઞાનની પર્યાયને જાણનારો. જે મારા અસ્તિત્વમાં છે તેને હું જાણનારો. મારા અસ્તિત્વમાં એ ક્રિયા નથી. એને જાણનારો કહેવું, એ તો અસદ્ભૂત વહેવારથી કથન છે. આહાહા! વીતરાગ મારગ, એનો મારગ અલૌકિક છે. ૬૨ થઈ લ્યો.

હવે શરીરાદિમાં આત્માનો ભેદ અભ્યાસ થતાં શરીર, વાણી, મનથી જુદો પડતાં, સમ્યક્ ભાન થતાં, અંતરાત્મા શરીરની દઢતાથી થતાં, શરીરની પુષ્ટ આદિ થતાં આત્માની દઢતા આદિ માનતો નથી. શરીર પુષ્ટ એટલે હું પુષ્ટ છું એમ માનતો નથી. શરીર જીર્ણ થાય તો હું જીર્ણ થયો એમ માનતો નથી ધર્મી. શરીરને રોગ થયો તો મને રોગ થયો એમ જ્ઞાની માનતો નથી. આહાહા! ૬૩.

**शरीरादावात्मनो भेदाभ्यासे च शरीरद्धतादौ नात्मनो द्धतादिकं मन्यते इति दर्शयन् धनेत्यादि श्लोकचतुष्टयमाह -**

**धने वस्त्रे यथाऽऽत्मानं न धनं मन्यते तथा ।**
**धने स्वदेहेप्यात्मानं न धनं मन्यते बुधः ।। ६ ३ ।।**

**સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,**
**પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ ।। ૬૩ ।।**

**टीका** : धने निविडावयवे वस्त्रे प्रावृते सति आत्मानं धनं द्धावयवं यथा बुधो न मन्यते । तथा स्वदेहेऽपि धने द्धे आत्मानं धनं द्धं बुधो न मन्यते ।। ६ ३ ।।

''શરીરાદિમાં આત્માનો ભેદાભ્યાસ થતાં તે (અંતરાત્મા) શરીરની દઢતાદિ થતાં આત્માની દઢતાદિક માનતો નથી'' એમ બતાવી 'ઘન' ઈત્યાદિ ચાર શ્લોક કહે છે:-

**અન્વયાર્થ** : (यथा) જેવી રીતે (घने वस्त्रे) જાડું વસ્ત્ર પહેરવાથી (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (घनं) જાડો - પુષ્ટ (न मन्यते) માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि घने) પોતાનું શરીર જાડું - પુષ્ટ થવા છતાં, (बुधः) અંતરાત્મા (आत्मानं) આત્માને (घनं न मन्यते) જાડો - પુષ્ટ માનતો નથી.

**ટીકા** : ઘન એટલે ગાઢું (જાડું) વસ્ત્ર પહેરવાથી, જેમ બુધ (ડાહ્યો પુરુષ) પોતાને (શરીરને) જાડો-પુષ્ટ માનતો નથી, તેમ પોતાનું શરીર જાડું-પુષ્ટ થવા છતાં બુધ (અંતરાત્મા) આત્માને જાડો-પુષ્ટ માનતો નથી.

**ભાવાર્થ :** જેમ જાડું વસ્ત્ર પહેરવાથી, ડાહ્યો માણસ, પોતાને જાડો થયેલો માનતો નથી, તેમ શરીર જાડું થતાં, આત્મા જાડો થયો એમ અંતરાત્મા કદી માનતો નથી.

જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન ભિન્ન છે તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે; આ ભ્રાન્તિથી તે સારા ખોરાકાદિથી શરીરને પુષ્ટ કરવાની બુદ્ધિ કરે છે; પરંતુ જ્ઞાની તે બાબતમાં ઉદાસીન રહે છે, કારણકે તે શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ કદી માનતો નથી. તેને શરીર અને આત્મા બંનેનું ભેદજ્ઞાન વર્તે છે; તેથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ પોતાના આત્માની પુષ્ટિ માને છે. ૬૩.

---

## પ્રવચન – ૭૭

ચાર શ્લોક છે. પરમાત્મ પ્રકાશમાં પણ છે.

**घने वस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा ।**
**घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः ।। ६३ ।।**

**સ્થૂલ વસ્ત્ર જે રીતે સ્થૂલ ગણે ન શરીર,**
**પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ ।। ૬૩ ।।**

ઘન એટલે ગાઢું જાડું વસ્ત્ર પહેરવાથી, જાડું વસ્ત્ર પહેર્યું મખમલનું એટલે પોતાને જાડો થયેલો માને ? એ તો જાડું વસ્ત્ર જડ છે. એનાથી હું જાડો થયો એમ માને ? માનતો નથી, એમ શરીર જાડું થતાં આ તો રજકણ માટીના ધૂળ, નિરોગી ને જાડું થતાં એમ અંતરાત્મા કદી માનતો નથી. મારો આત્મા જાડો થયો, મારું બળ વધ્યું, શરીરની નિરોગતાથી મારું બળ વધ્યું એમ ધર્મી માનતો નથી. આરે આવી વાત. શું કહ્યું ઈ ? જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો થયો શરીરમાં એમ માનતો નથી, એમ શરીર જાડું થયું એટલે હું જાડો થયો આત્મા, એમ જ્ઞાની માનતો નથી. એ તો જડની અવસ્થા જાડી થઈ. આહાહા !

નથી કહેતા ? મારી કાઠી પાતળી છે, મારું શરીર અદોદરુ છે. મારા શરીરમાં શું કહેવાય ? (મેદ) મેદ છે બહુ ને પણ શરીરજ ક્યાં તારું છે ? હું મેદવાળો છું, હું તો સદાય રોગી જ રહું છું. કાંઈક કાંઈક રોગ રહ્યાજ કરે છે. પણ તું કે શરીર ? અને કેટલાકને અભિમાન એંસી(૮૦)વર્ષ સુધીના એંસી(૮૦)-એંસી(૮૦) વર્ષ થયા સૂંઠ ચોપડી

નથી, કોઈ દિ' માથુ દુ:ખ્યું નથી, તે શું છે પણ હવે? એ તો જડની દશા છે એ પ્રમાણે રહેવાની હતી, એમાં તને ક્યાં નિરોગતા આવી ગઈ? આહાહા! જેમ શરીર ને વસ્ત્ર ભિન્ન ભિન્ન છે તેમ શરીર ને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આ માટી છે ને ભગવાન ચૈતન્ય છે.

આ માટી છે. માટી નથી કહેતા? ખીલો, ખીલો વાગે, કે ભઈ પાણી મને અડાડશો નહિં. મારી માટી પાકણી છે એમ કહે છે ને? બોલે ખરો મારી માટી પાકણી પણ માટી એટલે શું? ગાંડાની પેઠે સનેપાતી છે. આ શરીરમાં વાગે ને કાંઈક? ખીલો ને કે ચૂંક વાગે ને કે પાણી અડાડશો નહિં બહુ કારણકે મારી માટી પાકણી છે. માટી આ માટી, ફરી ફરી કહે છે આ મારી. આહાહા! કહે છે શરીર અને વસ્ત્ર ભિન્ન ભિન્ન, તેમ શરીર ને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે, અજ્ઞાની જીવ, શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને. હમણાં આ શરીર બહુ હું નિરોગી છું, મારું શરીર એટલે હું પુષ્ટ છું. આહાહા!

આ જુઓને શું કહેવાય? કસરતને? કસરત કરે છે ને દોડે માણસ. શરીર નિરોગી રાખું છું. એ મારું છે (**શ્રોતા :** એ રહે છે ય ખરું?) હેં? એ તો રહે. મરીજાય છે એમાંથી રહે તો શું? જામનગરમાં એક કસરત કરતો કરતો મરી ગયો. દેહ છૂટી ગયો. મોટો મગદળ ઉપાડતો'તો આમ એકદમ જોર આવ્યુ ત્યાં શ્વાસ બંધ થઈ ગયો. ઉપાડે ને આ લોઢાના બે-ત્રણમણ, ચાર મણ. લોઢાના આમ ઉંચુ કરવા ગયો ને ત્યાં શ્વાસ બંધ થઈ ગયો. એ તો દેહની સ્થિતી તેમાં આત્માને શું? આહાહા! એ તો ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપે ભિન્ન છે. એની પુષ્ટિ તો અંતર આનંદના રમણતાથી એની પુષ્ટિ થાય. આ શરીરની પુષ્ટિ થી આત્માની પુષ્ટિ એ ભ્રમ છે ભ્રમ. આહાહા!

આ પૌષધ નથી કરતા પૌષધ? પૌષધમાં પુષ્ટિ છે. શેની? અતીન્દ્રિય આનંદનો ખજાનો ભગવાન છે. આહાહા! જેની ખાણમાં અનંત આનંદ પડયો છે પ્રભુમાં આહાહા! જેના ખજાને ખોટ નથી. પૂર્ણ સંપદા પૂર્ણ પડી છે જેમાં. કેમ બેસે? રાંક થઈને માન્યા એને. આ આતમ રાજા અનંતગુણનો સ્વામી છે એ કેમ બેસે. ઈ કહે છે કે આનંદનો ખજાનો ભગવાન છે. આહાહા! દાખલો આપે ત્યારે કહે, વાત કરે કે મૃગની નાભિમાં કસ્તુરી, એ કસ્તુરીને ન માને અને એ કસ્તુરીની ડુંટીમાં પડેલી નો સ્વાદ જરી આવે, આમ પ્રસરે એટલે જાણે ગંધ બહાર છ એમ ગોતવા જાય મૂરખ. એમ આનંદનો નાથ પ્રભુ પોતાનો આનંદ બહારમાં ગોતવા જાય. બાયડીમાં ને છોકરામાં ને પૈસામાં ને આબરુમાં

મૃગલા જેવા છે. કહે છે રાજા મહારાજા બધા બિચારા દુ:ખીના દાળિયા છે.

(શ્રોતા : મોટું રાજ્ય છે તોય ?) હેં ? રાજ્ય ધૂળેય નથી. અહીંયા અત્યારે જુઓને બહારમાં દુ:ખ કેટલું છે. ઓલાને પીડા છે. ખળભળાટ થઈ ગયો છે. ખાનગી છે હજી કાંઈક. કંઈક વાતો કરે લોકો પૂર્યાને ઓલા મોટા મોટાને. ખળભળાટ, ખળભળાટ બહારથી હોં ! હેં ? (**શ્રોતા** : સામા થાય તો પૂરી જ દેને ? આપણે છોકરા ઘરમાં સામા થાયતો પૂરી નથી દેતા ?) એને ન્યાં ક્યાં સુખ હતું પણ રાજમાં અંદર હવે ? ચિંતા, ચિંતા, ચિંતા. કઈ રીતે રહેવું આવા જીવનમાં. મોટા મોટા ને પીડા એના માનનારાઓ વિરુદ્ધ થઈ ગયા એના કે આવું કામ કર્યું ?

એવું એક ઠેકાણે નહોતું આપણે જાતા ને મકાન ઉપર લટકાવ્યું ઈંદિરા ક્યાં ? એક ગામમાં નહિં ? વ્યાખ્યાન વાંચવા જતા'તા ને (ભોપાલ) ભોપાલ મોટા અક્ષરથી ઈંદિરાનો વિરોધ લખેલો. ઈંદિરા આવી છે ને ઈંદિરા આવી છે. ભોપાલ વ્યાખ્યાન વાંચવા જતા હતા બહારથી ત્યાં લખેલું ભોપાલ રહ્યાને હમણાં આઠ દિ' ? એમાં બહુ લખેલુ ઈંદિરા શું કાંઈ ભાષા ? (**શ્રોતા** : ઈંદિરા હટાવો) હટાવો ઈ પણ બીજું કાંઈ અંદર લખેલું. ભૂલી ગયા. ત્યાંથી નીકળતા હતા ને ? ભોપાલ ચાલીસ પીસ્તાલીસ હજાર માણસ વ્યાખ્યાનમાં. આઠ દિ' રહ્યાને આઠ દિ' ત્યાં દૂર હતું. જાતા'તા. રસ્તામાં આવતું હતું. દુ:ખી દુ:ખી દુ:ખી બિચારા. આત્મામાં આનંદ છે એમ ભૂલીને પરમાં ક્યાંક છે. ભ્રમણામાં દુ:ખી છે ઈ.

વિશેષ કહેશે.........

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

**હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુ:ખી - એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે, અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.**

**દૃષ્ટિનાં નિધાન ૨૩ શ્રીમદ્ રાજચંદ્ર**

# પ્રવચન – ૭૮

## શ્લોક – ૬૩, ૬૪ અને ૬૫

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૨.૦૭.૭૫**

**शरीरादावात्मनो भेदाभ्यासे च शरीरदृढतादौ नात्मनो दृढतादिकं मन्यते इति दर्शयन् धनेत्यादि श्लोकचतुष्टयमाह -**

**धने वस्त्रे यथाऽऽत्मानं न धनं मन्यते तथा ।**
**धने स्वदेहेप्यात्मानं न धनं मन्यते बुधः ।। ६३ ।।**

સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,
પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ ।। ૬૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

૬૩ ગાથા **ભાવાર્થ:** એનો બીજી લીટી, બીજો પેરેગ્રાફ. જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન-ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. જેમ વસ્ત્ર જાડું હોય એથી શરીર જાડું છે એમ કાંઈ માને? એમ જાડું શરીર હોય, તેથી હું આત્મા જાડો છું એમ માને? આહાહા! શરીરની સ્થિતી, ચૈતન્યની સ્થિતીથી ભિન્ન છે, શરીરની સ્થિતીથી વસ્ત્રની સ્થિતિ ભિન્ન છે, એજ રીતે આ ભિન્ન છે. આહાહા! આમ છતાં દેહમાં આત્મબુધ્ધિને લીધે, અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે. ખરેખર તો, શરીરથી જેમ વસ્ત્ર ભિન્ન, ને ભગવાન આત્માથી શરીર ભિન્ન. અંતર જતાં તો રાગથી પણ ભિન્ન, અંતર જતાં વર્તમાન પર્યાયથી પણ ભિન્ન. આહાહા!

(**શ્રોતા** : શુધ્ધ પર્યાયથી) શુધ્ધ પર્યાય હોય તો પણ પર્યાયથી તો ભિન્ન છે. વસ્તુ કુટસ્થ છે. પર્યાય પરિણમતી અવસ્થા છે. અવસ્થાનું પરિણમન એનાથી ધ્રુવ વસ્તુ ભિન્ન છે. સત્યાર્થ જેને ભૂતાર્થ કીધીને? **भूदत्थमस्सिदो खलु** એજ સત્યાર્થ વસ્તુ છે. એમ કીધું ત્યાં, શરીર તો એનું નથી, રાગ તો નથી, પર્યાય પણ સત્યાર્થના ત્રિકાળમાં આવતી નથી. આહાહા! પર્યાય એમ જાણે છે કે આ સત્યાર્થ તે હું છું. શરીર હું છું એ તો ક્યાંય ગયું. રાગ છે એ વિભાવ છે. ત્રિકાળ શુધ્ધ ચૈતન્યના ધ્રુવ સ્વભાવની આગળ રાગ તો ક્યાંય ભિન્ન છે, પણ એ ભિન્ન છે એવી જાણનાર પર્યાય જે છે, આહાહા! એ પર્યાય પણ જે ધ્રુવ ત્રિકાળ સત્યાર્થ છે, તે હું છું એમ ઈ માને છે. આહાહા! પર્યાય છે એક સમયની અવસ્થા એ હું છું એમ એ નથી. એ હું છું એમ માન્યતા તો મિથ્યાત્વ છે. આહાહા! પર્યાય જે નિર્ણય કરે છે કે આ સત્યાર્થ તો આ છે. આહાહા!

ધ્રુવ, અનંત ગુણરૂપ ધ્રુવ સ્વરૂપ, ગુણ પોતે ધ્રુવ પણ ગુણ અનંત છે. વસ્તુ એક છે. એવી એકની દષ્ટિમાં,પર્યાયથી પણ જ્યાં ભિન્ન છે, તો શરીરની વાતું શું કરવી? આહાહા! સમજાણું કાંઈ? હેં? (**શ્રોતા** : શરીર તો દ્રવ્યનો પર્યાય બેયથી ભિન્ન છે) એ તો ક્યાંય રહી ગયું જુદું. આહાહા! એનું તો ક્ષેત્ર, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા છે એના તો. દ્રવ્ય-ક્ષેત્ર- કાળ-ભાવ જુદા છે. એમાં આત્માની નાસ્તિ છે,ને આત્માનાં દ્રવ્ય-ક્ષેત્ર- કાળ-ભાવમાં શરીરની નાસ્તિ છે. છે જ નહિં એમાં, ત્યાં ભલે હો. આહાહા! અજ્ઞાની શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે. જ્ઞાની પર્યાયની પુષ્ટિથી હું પુષ્ટ છું એમ નથી માનતો. હું તો જે પૂર્ણ ધ્રુવ સ્વરૂપ છું, એ પર્યાયમાં કેવળજ્ઞાનની પુષ્ટિ આવે, તો પણ તે ધ્રુવમાં પુષ્ટિ થયો છે એમ નથી. અને ક્ષયોપશમની દશા જ્ઞાનની થોડી હોય, તો પણ તે પર્યાય કહે છે કે હું તો પર્યાય નથી, હું તો આ છું. અલ્પ પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર કરીને

સન્મુખ થાય છે, તે સન્મુખ જેને થાય છે તે હું છું એમ માને છે. આહાહા!

ગંભીર વસ્તુ ગંભીર. એક સમયમાં આ તે કાંઈ વાત છે. આહાહા! એ તત્ત્વ છે એ છે, એ તત્ત્વ છે એ તો પલટતુંય નથી. પલટે છે તે પર્યાય છે. એ તત્ત્વ નથી. વસ્તુ નથી. આહા! આવી દૃષ્ટિ અંદર લઈ જવી એણે તત્ત્વ ને વાસ્તવિક સ્વીકાર્યું છે. આ તો ક્યાંય રહી ગયું શરીર. શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે. આ ભ્રાંતિથી તે સારા ખોરાકાદિથી શરીરને પુષ્ટ કરવાની બુધ્ધિ કરે છે. સવારમાં દૂધ-માખણ, શીરો, પૂરી, બદામની પૂરીયું, હવે તો બદામની પૂરી ક્યાં મળે છે? બહુ મોંઘી થઈ ગઈ, પહેલાં તો ૧૨ આનાની પૂરી આવતી, ઘણાં વર્ષ ની વાત છે. બદામની તે દિવસ તો બદામ ૧૨ આનાની શેર બદામ મળતી હતી અત્યારે તો સવાસો રૂપિયાનો કિલો. હેં? (શ્રોતા : મણનું વજન નીકળી ગયું) નીકળી ગયું. કિલો ઈ આપણને કિલોની બશેર, ત્રણ ને છ ભાર એમ કહે છે નહિં? બશેર ને છ ભારને? આહાહા! એનાથી શરીરને બરાબર.

એક જણ કહેતાં ને કે બદામ ખાય છે, બદામથી કંઠ સારો રહે, વ્યાખ્યાનમાં કંઠ ઠીક નીકળે. આહાહા! ભ્રમણા છે. એને નોકર્મ ગણવામાં આવ્યું છે ગોમ્મટસારમાં. એટલે ઓલા શીતલપ્રસાદને ઈ ગાતાને? મતિજ્ઞાનને નોકર્મ ગણ્યું છે ગોમ્મટસારમાં છે. આહાહા! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, એનાથી આત્માને બદામ ને પિસ્તા ખાતાં મગજ વધે,જ્ઞાન પુષ્ટિ થાય, ભ્રમણા છે. આહાહા! ખોરાક, સારા ખોરાક લે, સવારમાં બદામની પૂરી અને દૂધ, કેસરીયા દૂધ, કંઠ સારો રહે પુષ્ટિ રહે, આહાહા! ભ્રમણા છે કહે છે આ. હેં? પરંતુ જ્ઞાની તે બાબતમાં ઉદાસીન છે. શરીરની સ્થિતી કેમ રહેવી એ તો એને કારણે છે. એ કાંઈ ખોરાક આપે સારો ને ઈ ખોરાક આવવાનો ઈ તો આવવાનો હોય ઈ આવે, જે રજકણો આવવાના છે આવે ઈ કાંય તારે ધાર્યા કે આમ બદામને લાવું ને પિસ્તાને લાવું, ઊંચામાં ઊંચી ચીજ તો બદામ કહેવાયને? ઘીમાં તળીને નાંખે કે કાંઈક એવું ખાય. આહાહા!

એ બદામનો શીરો બનાવે લ્યો. બદામનો શીરો બનાવ્યો તો ભાઈએ નહિં? આપણે ગયાં'તા મદ્રાસ, મદ્રાસ, ઓલો જોડેવાળો કચ્છી હતો એ ગૃહસ્થ હતો, ને ત્યાં ઉતર્યા હતાંને આંહિ. ચંદુભાઈ મોરબીવાળા છે ને? ત્યાં ઉતર્યા હતા. ત્યાં ઉતરીએ છીએને મદ્રાસમાં અને જોડે એક હતા એક કચ્છી, પગલાં કર્યા, પછી બદામનો શીરો કરીને લાવ્યો એ. ભઈ અમે બદામ એક તો બદામ ઊંચી, એમાં પછી ઘીમાં તળી શીરો કરીને લાવ્યો તો લ્યો. ઈ પાછો હમણાં મળ્યો તો નહિં મુંબઈ? આંહી મોટાણીને ત્યાં

આવ્યો હતો, મોટાણી ને ત્યાં આપણે ઉતર્યા ત્યાં આવ્યો'તો અન્યમતિ છે, પણ હવે પ્રેમ થઈ ગયો ઓલા જોડે. અરે બદામના શીરા. આહાહા! એથી શરીર સારું રહે.

(શ્રોતા : આયુર્વેદમાં તો એમ લખ્યું છે) એ બધું લખેલું આમાંય એમ. એ તો થવાની પર્યાય એ થાય, ત્યારે એ નિમિત્ત કહેવાય. આહાહા! જેને મોસંબી પચે નહિ, એવી જઠર એને બદામના શીરા પચે ભ્રમણા અજ્ઞાનીની છે. રજકણની અવસ્થા જે થવાની તે થાય છે. આહા! જ્ઞાની તે બાબતમાં ઉદાસ છે. જે કાંઈ શરીરની અવસ્થાને જે મળવાનો ખોરાક તે મળે, અને જે થવાની પર્યાય તે થાય એમાં આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા! કારણ કે તે શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ કદી માનતો નથી. આહાહા! શરીરની નિરોગતાથી આત્મા નિરોગ છે, એમ માને ? આહાહા! શરીરમાં સરોગતા માટે આત્મા રોગી છે, એમ માને ? એ તો જડની દશા છે. આહાહા! પુષ્ટિથી આત્માની પુષ્ટિ માનતો નથી. તેને શરીર ને આત્મા બન્નેનું ભેદજ્ઞાન વર્તે છે. આહાહા!

ધર્મીને તો જ્યાં પર્યાયથી દ્રવ્ય ભિન્ન વર્તે છે, એને રાગ ને શરીરથી તો ભિન્ન ક્યાંય વર્તી રહ્યું જુદું. આહાહા! એની સંભાળ કરું તો રહે એમ ક્યાં છે? બીજું તત્ત્વ છે. જ્યાં શરીર સંબંધ આવ્યોને સંબંધ ? નાસ્તિ. આહાહા! ચૈતન્ય તત્ત્વ ભગવાનને, જડ તત્ત્વની હારે શું સંબંધ છે. આહાહા! એ શરીર ઈ બહાર લોટે, ફરે, પણ એ આત્માની પર્યાયને એ શરીર સ્પર્શે નહી, તેમ આત્માની પર્યાય શરીરને સ્પર્શે નહિં. એકબીજામાં તો અત્યંત અભાવ. એક બીજામાં અત્યંત અભાવ એમાં ઈ પુષ્ટિ થઈ ઈ આત્માની પૃષ્ટિ માને ? આહાહા! તેથી તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ પોતાના આત્માની પુષ્ટિ માને લ્યો. આહાહા!

ભગવાન પૂર્ણ આનંદ ને સ્વભાવ સંપન્ન એની સમ્યગ્દર્શન દશા એની પ્રતીતિની, આવો ચિદ્ સ્વભાવ ભગવાન પૂર્ણ. ઓહોહો! ગંભીરતાનો પાર નહી. અચિંત્ય શક્તિના સ્વભાવનો સાગર મોટો પ્રભુ. એવી વસ્તુની જ્યાં અંતરમુખ પ્રતીતિ થઈ, એનું જ્ઞાન થયું, ને એમાં રમણતા એ આત્માની પુષ્ટિ છે, તે પર્યાયમાં. આહાહા! દ્રવ્ય તો છે ઈ છે. એ તો સદાય પડયું જ છે આખું. કેવળજ્ઞાન થાય તો ત્યાં ઘટાડો થાતો નથી, અને અક્ષરનો અનંતમો ભાગ કે નિગોદમાં રહે તો ત્યાં ધ્રુવમાં વિશેષતા પુષ્ટિ રહે છે એમેય નથી. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાયમાં પુષ્ટિ માને છે પર્યાયમાં. આહાહા! વસ્તુ ભગવાન પૂર્ણ, શુધ્ધ, ધ્રુવ, ચૈતન્ય સ્વભાવ એને અવલંબીને થતી પરિણતી પર્યાય દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પુષ્ટિ પર્યાયની છે. પૌષધ કરે છે ને પૌષધ ? ઈ પૌષધ આ હોય તો

પૌષધ છે. બહારનો ઉપવાસ કર્યો ને આહાર ન કર્યો માટે પૌષધ થઈ ગયો એમ નથી.

ભગવાન અનંતગુણનો ખજાનો, એ ખજાનાને ખોલીને, આહાહા! જેમ ફુગ્ગો ફુંક મારીને ફુગાને મોટો કરે છે ને ? ફૂલાવે છે એમ ચૈતન્ય ધ્રુવ એની એકાગ્રતાની દૃષ્ટિમાં પર્યાયને ફૂલાવે છે. આહાહા! ઓલો ફુગ્ગો છે ઈ પોલો છે પોલો ઈ તો. આવડું મોટું દેખાય આમ, આ તો નક્કોર ચીજ છે. આહાહા! ઈ જ્ઞાન, દર્શનને ચારિત્ર એ પર્યાયની પુષ્ટિ છે. છે ને ? તેથી તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ એમ, પોતાના આત્માની પુષ્ટિ પર્યાયમાં માને છે. આહાહા! ૬૪

**जीर्णे[1] वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा ।**
**जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः ।। ६४।।**

**જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,**
**જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ ।। ૬૪ ।।**

**टीका :** जीर्णे पुराणे वस्त्रे प्रावृते यथाऽऽत्मानं बुधो जीर्णं न मन्यते तथा जीर्णे वृद्धे स्वदेहेऽपि स्थितमात्मानं जीर्णं वृद्धमात्मानं मन्यते बुधः ।। ६४ ।।

**અન્વયાર્થ** : (यथा ) જેવી રીતે (वस्त्रे जीर्णे) પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (जीर्णं न मन्यते) જીર્ણ માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि जीर्णे) પોતાનું શરીર જીર્ણ થતાં પણ (बुधः) અંતરાત્મા (आत्मानं) આત્માને (जीर्ण न मन्यते) જીર્ણ માનતો નથી.

**ટીકા** : જીર્ણ અર્થાત્ પુરાણું વસ્ત્ર પહેરવા છતાં, જેમ બુધ (ડાહ્યો માણસ) પોતાને (પોતાના શરીરને) જીર્ણ માનતો નથી, તેમ પોતાનો દેહ જીર્ણ - વૃદ્ધ થવા છતાં, તે અંતરાત્મા (શરીરમાં) રહેલા આત્માને જીર્ણ - વૃદ્ધ માનતો નથી.

**ભાવાર્થ** : જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી, તેમ અંતરાત્મા શરીર જીર્ણ થતાં, પોતાના આત્માને જીર્ણ માનતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી, તેમ શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન હોઈ શરીરના જીર્ણરૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી.

**१.** जिण्णिं वत्थि जेम बुहु देहु ण मण्णइ जिण्णु ।
देहि जिण्णिं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु ।। (२-१७९) - परमात्मप्रकाशे, योगीन्दुदेवः ।

**વિશેષ**

શરીર જીર્ણ હોય; રોગગ્રસ્ત હોય, છતાં જીવ આત્મહિત કરી શકે છે. એમ જ્ઞાની જાણે છે અને માને છે; તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મ-પ્રવૃત્તિ ચાલુ જ હોય છે.

અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં તે આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય - નીરોગી હોય તો જ ધર્મ થાય, જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય. એ એનો ભ્રમ છે. ૬૪

---

# પ્રવચન – ૭૮

**ટીકા :** જીર્ણ - પુરાણું વસ્ત્ર પહેરવાં છતાં, જેમ ડાહ્યો માણસ લોકમાં પોતાને જીર્ણ માનતો નથી. આહા! જીર્ણ વસ્ત્ર સડી ગયેલા જેવા હોય ગરીબ માણસને, એથી જીર્ણ વસ્ત્ર ફાટલાં હોય તૂટેલાં હોય, ચોયણી ફાટલા હોય, એથી શરીર મારું જીર્ણ છે એમ માને? પહેરે, પુરાણું વસ્ત્ર પહેરવા છતાં, જીર્ણ ડાહ્યો માણસ પોતાને શરીરને જીર્ણ માનતો નથી, તેમ પોતાનો દેહ જીર્ણ વૃધ્ધ થવા છતાં શરીર વૃધ્ધ થયે જાય, જીર્ણ થઈ જાય, લીજરી પડી જાય, બેસવાનું કામ પણ કરી શકે નહી, ઓઠીકણે માંડ બેસી રહે, આહાહા! એવું શરીર જીર્ણ થયું એથી આત્મા જીર્ણ થયો? આહાહા! શરીરની એવી જીર્ણતા હોય ને અંદરમાં ધ્યાનમાં કેવળજ્ઞાન થાય. આહાહા!

શરીર જીર્ણ થઈ ગયું હોય, આવે છે ને? ઉપસર્ગની વાત આવે છે શાસ્ત્રમાં શિયાળીયા આમ શરીર ખાય કટકા આહા! પણ અંદરમાં ધ્યાનમાં ગયો જ્યાં આનંદમાં, કેવળજ્ઞાન થઈ જાય છે. પણ એ વખતે ઉપસર્ગ હોય જ નહિ ઓલા ઉપસર્ગ થી શરીર આવું જીર્ણ થઈ ગયું હોય, કટકા કરી નાંખ્યા. આહાહા! સુકુમાર જુઓ આવે છે ને? શિયાળીયા આમ ખાય છે તેથી શું? એથી શરીર જીર્ણ થઈ ગયું? ઓલા આત્માનું જીર્ણ ગઈ ગયું? શરીર તો શરીરની અવસ્થા થઈ અંતર આનંદ સ્વરૂપમાં. સચ્ચિદાનંદ આનંદના સ્વાદમાં પડયો છે તે તો પર્યાયમાં પુષ્ટિ થઈ છે. શરીર જીર્ણ થયું ને આંહી કેવળજ્ઞાન થયું. આહાહા! શરીરના આમ એક પગ કાપી નાંખ્યો હોય ને આવું હોય લ્યો.

(**શ્રોતા** : કેવળજ્ઞાન થાય પછી શરીર સરખું થઈ જાય) પછી શરીર

સરખુ થઈ જાય ઈ તો એનો સ્વભાવ છે એવો, પણ આ તો આવું હતું ને કેવળજ્ઞાન થયું. કેવળ થયે શરીર પછી તો ખાડા-બાડા હોય તો, કટકા હોય એ બધું ભેગું સરખું થઈ જાય. (**શ્રોતા :** શરીરને ખબર પડતી હશે કે અહીં કેવળ જ્ઞાન થયું) ઈ એ જાતના રજકણની અવસ્થાનું સ્વરૂપ જ એ કાળે હોય છે. એનો સ્વકાળ જ એવો હોય. આહાહા ! જે પ્રમાણમાં રાગ કરે, ઈ જ પ્રમાણમાં ચારિત્રમોહની પર્યાય એમાં કર્મની પર્યાય થાય છે. એને ખબર છે ? કે આવો રાગ આટલો કર્યો પણ સ્વભાવ જ એવો છે કોઈક, ઈ પરમાણુમાં જેટલા પ્રમાણમાં એ રાગ કર્યો, એટલા જ પ્રમાણની ચારિત્રમોહની પર્યાય થાય, ઈ આને લઈને નહિ. આહાહા !

એ સમયના તે પરમાણુનો તે ચારિત્રમોહની પર્યાયપણે પરિણમવાનો સ્વકાળ હતો. આહાહા ! અને આત્મા અંદરમાં ધ્યાનમાં આવીને કેવળજ્ઞાન પામે, ત્યારે એ કર્મની અવસ્થા અકર્મરૂપ થાય ઈ એનો ક્રમ ને કાળ હતો. આહાહા ! ભારે આકરું કામ. પુદગલમાં તે કાળે કર્મની અવસ્થાનો અભાવ થઈ, અકર્મરૂપ થવાનો સમય હતો એનો. આણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું માટે કેવળજ્ઞાનાવરણીય ને અકર્મરૂપે થવું પડયું એમ નથી. આહાહા ! ભારે મારગ ભાઈ ! હેં ? (**શ્રોતા:** તત્ત્વાર્થસૂત્રમાં કર્મનાં ક્ષયથી થાય) એ બધા નિમિત્તના કથનો છે એ વખતે ત્યાં થાય છે, એથી એમ જણાવ્યું છે પણ થાય છે એની પર્યાય એને કાળે, એને કારણે થાય છે.

નાશ થવું એટલે શું ? જે કર્મરૂપની પર્યાય હતી તે અકર્મરૂપ થાય એનું નામ કર્મનો નાશ. ભાઈ એ નાંખ્યું છે ને, નહિં ? તત્ત્વજ્ઞાન જૈન નાખ્યું છે ફૂલચંદજીએ, આમાંય એમ આવે છે કળશટીકામાંય, અકર્મ રૂપ થવું ઈ અહિંયા કેવળધ્યાન કરીને આનંદ આવ્યો કેવળનો, જેવું સ્વરૂપ શુધ્ધ ચૈતન્યઘન છે સત્ત્વ, એનું જ સત્ત્વનું એકાગ્ર થતાં જે પર્યાયમાં સત્ત્વ આવ્યું, કેવળજ્ઞાન ને અનંત-આનંદ માટે કેવળજ્ઞાનાવરણીયને નાશ થવું પડયું એમ નથી. આહાહા !

જેઠાભાઈ ! તમારે ચર્ચાનું હતુંને કે કર્મથી થાય માનો, તો આપણે ચર્ચા કરીએ. આ કહે કે ભાઈ કર્મથી એ અમે માનતા નથી, કર્મથી થાય રાગ ને વિકાર એમ માનો. આહાહા ! આંહી તો રાગ થાય એ પણ પરની અપેક્ષા વિના, અને એ વખતે કર્મની પર્યાય તે પ્રકારે થાય તેટલા જ પ્રમાણમાં એ પણ રાગની અપેક્ષા વિના. ઓહોહો ! આવું જ્યાં વસ્તુનું સ્વરૂપજ છે, એમ પરની જીર્ણતાએ પોતાને જીર્ણ માનતો નથી. અંતરાત્મા શરીરમાં રહેલા આત્માને જીર્ણ વૃધ્ધ માનતો નથી.

**ભાવાર્થ :** જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, હતા ને આંહિ, આંહી હિંમતભાઈનું મકાન છે ત્યાં હતા ને એક, કયા ગામ વાળા નહિં? ભાવનગરવાળા? વિષ્ણુ ગોગાવાળા. ગોગાવાળા હતા જીર્ણ થઈ ગયું શરીર, આંહી હતા ને ઓલા નહિં વિષ્ણુ નહોતા આ ગામમાં? એના સગા થતા હતા, હારે એની બેન હતા. બે બૈરાં હતા તે'દિ હિરાભાઈના મકાનમાં હતા. છેલ્લી સ્થિતી ડાક્ટર બાક્ટર આવ્યાને શ્વાસ બહુ છુટયોને, ને મંગલને વસ્ત્ર. જેમ એમ કે શરીર હવે જીર્ણ થયું છે એ છૂટી જશે હવે ઈ પોતે કહે, હવે આ બીજું શરીર. વિષ્ણુ હતો વિષ્ણુ, ૯૪ ની વાત છે, હજી આંહિ આવ્યા નહોતા આંહી, હિરાભાઈના મકાનમાં હતા. આ હિંમતભાઈ નહીં છે ને ત્યાં હતા. ઈ આંહિ નહોતા પેલા વિષ્ણુ, હેં? કરશનજી, કરશનજી મોદી એની બેન હતા. આહાહા!

શરીર જીર્ણ થઈ ગયું. ડાક્ટરો બધા ઘમાઘમ કરે. પણ શરીર જીર્ણ માણસ જરી ડાહ્યો ખરો અંદર એટલે કહે મંગળને કહે હવે શરીર જીર્ણ થઈ ગયું. શરીર રહેશે નહિ હવે શરીર બીજું આવશે એમ બોલતો બિચારો. આહાહા! એ શરીરના જીર્ણ થયે કાંઈ આત્મા જીર્ણ થાય છે? આહાહા! આંહી જીર્ણ થાય ને આંહી કેવળ જ્ઞાન થાય. આહાહા! ક્યાં ગ્યો? છોકરો ગ્યો? જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી, તેમ અંતરાત્મા શરીર જીર્ણ થતાં પોતાના આત્માને જીર્ણ માનતો નથી. આહાહા! અરે! પર્યાયમાં હીણી પૂર્ણ થઈ, ઘણી હીણી, એથી ધ્રુવ હીણું થયું એમ માને? આહાહા! એને ઠેકાણે શરીરની જીર્ણતાથી આત્માની જીર્ણતા થઈ એ વાત ક્યાં છે? આહાહા!

ધર્મ ની દૃષ્ટિ, શરીર ઉપર લક્ષેય ક્યાં છે? ઈ શિયાળ કરડેને ભુક્કા કટકા કરે, ધર્માત્માની દૃષ્ટિ તો આત્મા ઉપર પડી છે. એ શરીરનાં કટકા કરે શિયાળ તોય ત્યાં, અંતરમાં તો આનંદ વેદાય છે. ઓલુ બટકું ભરે, આંહી આનંદ પુષ્ટ થાય. આહા! ઈ એને ને આને સંબંધ શું છે? આહા! ઓલો ટુકડો જાય, આંહી પુષ્ટિ આનંદની થાય. આહાહા! ચીજ એ ચીજ જુદી છે. ભાઈ લખે છે નહિ નિહાલભાઈ! કરોડો સોયું ધગધગતી શરીરમાં આવે તો પણ જ્ઞાનીને એની ચિંતા નથી, કારણ કે ઈ અડતું નથી મને. છે ને? નિહાલભાઈમાં છે, ધર્મી એ તો હર સમયે તૈયાર. શરીરમાં ધગધગતી કરોડો સોયું પેસે, તો પણ એને હું અડતો નથી, એ મને અડતી નથી. આહાહા! જેનાથી મારો અત્યંત અભાવ શરીરનો એમાં શરીરમાં એ થાય એમાં મને શું? આહાહા!

સાતમી નરકનો નારકી એ મરે ત્યારે મરે એટલે મિથ્યાત્વમાં જાય છે પણ

વચમાં રવરવ નરકની અપૈઠણા નરકની, શરીરની પીડા છતાં શરીર નથી, ભગવાન ભિન્ન છે માટે એ શરીરની પીડા મને છે એમ માનતો નથી. આ જેટલો રાગનો અંશ બાકી રહે છે, એટલો દ્વેષનો અંશ દુઃખ હોય છે, પણ ઈ એને કારણે નહિં. (**શ્રોતા** : પોતાની નબળાઈને કારણે) નબળાઈને કારણે, આહાહા! એ શરીરની આ સ્થિતી થાય માટે દુઃખી છે એમ છેજ નહિ. જેટલા પ્રમાણમાં હજી એની આસક્તિ પર પ્રત્યેની અસ્થિરતા, તેટલા પ્રમાણમાં પ્રતિકૂળ સંયોગમાં દ્વેષનો અંશ આવે એનું નામ દુઃખ. આહાહા!

સમ્યગ્દષ્ટિ પણ નરકમાં પડયા છે, એને જેટલે અંશે ભિન્ન પડયું છે તત્ત્વ એટલે અંશે તો આનંદ છે. જેટલે અંશે અંદર રાગ હજી બાકી છે એટલે અંશે ખેદનું દુઃખ પણ છે. આહાહા! પણ એથી દુઃખ શરીરને કારણે આ થયું માટે આ દુઃખ થયું, એમ નથી. આહાહા! મારી સહનશીલતાની કમીપણું એને કારણે જે દુઃખનોભાવ વેદાય છે એમ. શરીરમાં કટકા થાય ને જીર્ણ થાય માટે આ દુઃખ થાય છે એમ છે નહિ. માળું માર્ગ આવો ભારે ભાઈ હેં? વીરનો મારગ છે આ, શૂરવીરનો મારગ છે આ, કાયરના કામ નથી આંહી, કાળજા ધ્રુજે અંદર. આહાહા! જેમ વસ્ત્ર ને શરીર ભિન્ન- ભિન્ન એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી.

ભાવાર્થનો બીજો પેરેગ્રાફ. વસ્ત્રને શરીર બે ભિન્ન ભિન્ન છે. આહાહા! એકના પરિણમનથી પર્યાયથી બીજાનું પરિણમન થતું નથી, તેમ શરીરને આત્મા એકબીજાથી ભિન્ન હોઈ શરીરના જીર્ણરૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી. ૬૪ થઈ. જેમ વસ્ત્રની જીર્ણ પરિણમનથી શરીરનું જીર્ણ પરિણમન થતું નથી એમ શરીરનું જીર્ણ પરિણમનથી આત્માનું જીર્ણ પરિણમન થતું. આહાહા!

## વિશેષ

શરીર જીર્ણ હોય, રોગગ્રસ્ત હોય શરીરને પણ છતાં જીવ આત્મહિત કરી શકે છે. આહાહા! તેના તરફનું લક્ષ છોડીને આત્માના ધ્યેયના લક્ષમાં જાય, રોગ વખતે પણ આત્મા કલ્યાણ કરી શકે છે. આહાહા! જેણે અભિમાન સેવ્યા છે શરીર તે હું, એની ક્રિયા તે હું, વાણી તે મારી. આહાહા! વાણીની કળા કહેવાની તાકાત પણ મારી. આહાહા! એની દષ્ટિમાં જ સડો પડયો છે. આહાહા! વાણી, મન ને શરીર એ આવી ગયું ને પહેલું, ત્રણેય શબ્દ આવ્યા હતા. મન, વચન ને કાયા. કાયા વાણી ને ચેતસાં એમ આવ્યું'તું ને? મન ત્રણે તદ્દન ભિન્ન છે.

એ ત્રણને જેણે પોતાના માન્યા એ પરનો સ્વીકાર કરનારો, સ્વને છોડીને

ભ્રાંતિમાં પડયો છે. પોતાનું હોવાપણું તે પરની ક્રિયાથી ભિન્ન છે એમ ન જાણતાં એ બધી ક્રિયાઓ જે મન, વચન ને કાયાની થાય, મારી ઉપસ્થિતી ચૈતન્યની છે માટે થાય છે, એ ભ્રમમાં પડયો છે. એ ભ્રમથી દુઃખી છે. રોગગ્રસ્ત હોય, જીર્ણ હોય છતાં આત્મહિત કરી શકે છે એમ જ્ઞાની જાણે છે, આહાહા ! અને માને છે. એથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મપ્રવૃત્તિ ચાલુ જ હોય છે. પ્રતિકૂળતામાં વીર્યની વિશેષ સ્ફૂરણા હોય છે. શ્રીમદ્ એમ લખ્યું છે એક પત્રમાં, એક પત્રમાં છે ચેતનજી ! એક પત્ર છે આ બાજુનો. આહાહા ! આ શું ? મારા સમીપમાં ભિન્ન ચીજમાં આ શું ? એમ વીર્યની સ્ફૂરણા સ્વ તરફ જાય છે વિશેષતો. આહાહા ! એટલે એને કારણે ત્યાં અટકે છે એવું કાંઇ નથી. હોં શરીરમાં, તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મપ્રવૃત્તિ ચાલુ જ હોય છે.

જેમ શરીરની અનુકૂળતામાં પોતાના તરફના વલણની પ્રવૃત્તિ છે એવી જ પ્રતિકૂળતાના સમયે પણ પોતાના વલણમાં પ્રવૃત્તિ છે. આહાહા ! એ પ્રતિકૂળતાના કારણે મંદ પડે છે એમ નથી. હા, એમાં અશુભ ભાવ થાય તો એ વખતે શુદ્ધતાની પરિણતી મંદ છે, અને શુભનો ભાવ હોય એ વખતે શુદ્ધની પરિણતી જરીક શુદ્ધ વિશેષ છે, અને શુદ્ધ હોય ત્યારે તો વિશેષ છે. આહાહા ! એટલે પરને કારણે ન થયું ત્યાં. પોતામાં અશુભ ભાવ હોય એ વખતે શુદ્ધ તરફનું વલણ ઓછું હોય, વલણ તો છે. દૃષ્ટિની અપેક્ષાએ પણ સ્થિરતાની અપેક્ષાએ શુભભાવ હોય ત્યારે વલણ કાંઇક વિશેષ છે. શુદ્ધમાં તો વલણ જ એક જ છે એ પોતાને કારણે છે એમ પરને કારણે કાંઇ છે નહિં.

પ્રતિકૂળતા છે માટે અહીંયા શુદ્ધની પ્રવૃત્તિ કાંઇક મંદ છે, એમ નહિં એ અશુભ ભાવ છે એ તો પોતાના પુરુષાર્થથી ઉંધાઇને લઇને અશુભમાં છે, તો આની શુદ્ધ તરફની પ્રવૃત્તિ મંદ છે એમ. એના પરિણમનના આવા પડખા છે એમ કહે છે, પરને લઇને નહિં. આહાહા ! (**શ્રોતા :** શુભ વખતે વિશેષ હોય) વિશેષ આ બાજુ ઢળી પાપના તીવ્રતાના પરિણામ નથી, ને દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે જ પણ શુભ વખતે પુરુષાર્થ આ બાજુ વિશેષ છે, અશુભ વખતના કાળની અપેક્ષાએ. સમજાણું કાંઇ ? આહાહા ! આમ તો ગણો તો છઠ્ઠા ગુણસ્થાનવાળાનું આર્તધ્યાન હોય તો પણ પરિણતી તો વિશેષ છે ત્યાં. અને ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પ પરિણતીમાં પડયો હોય તો પણ એની પરિણતીની શુદ્ધતા થોડી છે. કષાયના ઉપર છે ને ? આહાહા !

અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી છેલ્લો પેરેગ્રાફ એ પરમાત્મપ્રકાશનો દાખલો આપ્યો છે. હેઠે છે ને ? હેઠે શ્લોક લખ્યો છે ને ?

**जिण्णि वत्थि जेम बुहु देहु ण मण्णइ जिण्णु ।**
**देहि जिण्णिं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु ।। (२-१७९)**

**- परमात्मप्रकाशे, योगीन्दुदेवः ।**

આ સમાધિશતક. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં તે આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય, નિરોગી હોય તો ધર્મ થાય. ડાબા ને જમણા પડખામાં શૂળ આવતા શૂળ હેં ? એ વખતે કેમ ધર્મ થાય કે એમ અજ્ઞાની માને છે સબાકા આવતા હોય અંદરથી રાડ નંખાવે રાડ.

શ્રીમદ્ ને છેલ્લે અવાજ ઘૂંટાતોતો બહુ, ઝવેરભાઈ કહેતા એના બનેવી, ભાઈ કહેતા, કે છેલ્લે અવાજ ઘૂંટાણો એટલો કે પાંચ-પાંચ ઘર સુધી સંભળાતો તો, એટલે અમને તો એમ કે લો આવું આ મરણ પણ એ તો દેહની ક્રિયા. કાંઈક હતી ઠીક એથી અંદર ધ્યાનમાં ગયા હશે એ ક્રિયા શરૂ થઈ ગઈ એની, એથી કાંઈ આત્માને અંદર નુકશાન છે એ કાંઈ છે નહિં. આહાહા ! કારણ કે ઊભા થયા એટલી શરીરની તાકાત હતી બેસી ગયા. આમ શું કહ્યું બીજું, આરામ ખુરશી બસ લુંગડું માથે નાંખ્યું, એ તો અંદર આનંદમાં ગયા પણ બહારમાં ઓલો શ્વાસ ઘૂંટાવા માંડયો, લોકો ઈ જોવા માંડયા એના બનેવી કહે કે અમને તો શ્રદ્ધા કાંઈ નથી. અરે ભાઈ એ દેહની ક્રિયા છે. એની સાથે કાંઈ અંતરના આનંદના ભાન ને કાંઈ વિઘ્ન નથી આહાહા ! છોતેર(૭૬), છોતેર(૭૬) ની સાલમાં એ ઘાંગધ્રામાં એક સંઘવી હતા અપાસરાની પાસે, પહેલું ખડકીમાં ઘર પહેલું ઓલા સૂરચંદ સંઘવી નહોતા એ ખડકી ૭૬ ની વાત છે, એ સંઘવી હતા અમે ત્યાં હતા મંગલીક, પણ પીડા-પીડા ખાટલો નહોતો, હેઠે નાંખેલા પણ ત્યાંય રહી શકે નહી. હેં ?

(**શ્રોતા** : આખા ઘરમાં ગાદલા નાંખ્યા'તા) હેં ? આ તો પડયા-પડયા મંગલિક સાંભળવું'તું પણ સ્થિર એટલી પીડા વાત ઈ કે ઓલી એકતા બુધ્ધિ છે ને ? આહાહા ! પથારીમાં બેસી શકે નહિ, રહી શકે નહિ, સુઈ શકે નહિ એટલું આર્તધ્યાન આહાહા ! આમ ગુલાંટ ખાય, આમ ગુંલાટ ખાય, આમ ગુંલાટ ખાય માણસ વૃધ્ધ નહોતા, પચાસ(૫૦)-પંચાવન(૫૫) વરસ હશે. આ છોતેર(૭૬)ની વાત છે, પહેલા વાર ધાંગધ્રા ગ્યા ને ત્યારે મરી ગયા તરતજ થોડા વખતે. આહાહા ! ધર્મીને શરીરની પ્રતિકૂળતાના વખતે પોતાનું આત્મહિત અસમર્થ નથી થતું. શરીર સ્વસ્થ હોય કે નિરોગી હોય તો ધર્મ થાય એવું માનતા નથી. આહાહા ! શરીરની અવસ્થામાં પોતે ક્યાં છે ? અને શરીરની અવસ્થા પોતામાં ક્યાં છે ? આહાહા ! આવું કામ ભાઈ !

પોતે તો આનંદ સ્વરૂપ છે, એવું જે જાણ્યું છે આનંદનું વેદન થયું છે. એ વેદનનો ધણી જે ધ્રુવ છે ત્યાં એની દૃષ્ટિનું જોર છે, પર્યાય ઉપર પણ જેનું જોર નથી. આહાહા! એને તો કહે છે કે ઈ પ્રતિકૂળતા ઈ વખતે ઈ ધર્મ સાધન થાય છે. આહાહા! શ્રીમદ્‌માં એક પત્ર છે એક ઠેકાણે એવો, પ્રતિકૂળતા વખતે ધર્મીની વીર્યની સ્ફુરણા વિશેષ હોય છે, એવો છે એક પત્ર છેલ્લાં આ બાજુમાં પાછળ. આનંદનો નાથ ભગવાન જ્યાં હાથમાં આવ્યો, આહાહા! એ ચીજ હતી અને તે છે. વસ્તુ પરિપૂર્ણ આનંદ ને જ્ઞાનથી પડી છે, છે. આહાહા! એનો જેના અંતરમાં સ્વીકાર થયો તો શરીરની પ્રતિકૂળતા કાળે એની અંદર અસમર્થ કાંઈ થઈ જાય એવું છે નહિ, એમાં છે જ નહિ એ આંહી નથી આ એમાં નથી. આહાહા!

એક રે દિવસ એવો આવશે આવ્યું છે ને ગાયન નહિં? હમણાં હિંમતભાઈએ ચોપડી લખી એમાં હતું ને? હેં? આ હિંમતભાઈ જે હિંમતભાઈ નથી હમણાં ગ્યાં હશે.

**એક રે દિવસ એવો આવશે, તે મનુષ્ય સબ હોય સાલેજી,**
**સગી નારી એ તારી કામની, ઉભી ટગ ટગ જોવેજી**
**આ રે કાયામાં હવે કાંઈ નથી, એ ધ્રુસકે ધ્રુસકે રોવેજી,**
**એક રે દિવસ એવો આવશે, આવશે રે પણ નહીં એને?**

દેહ સંયોગી ચીજ છૂટવાનો કાળ તો આવ્યા વિના રહેશે આ ભવમાં? હેં? સો ટકા. એમ ધીરૂભાઈ કહેતા'તાં હમણાં આવું, આ બધું છુટશે તો પણ માળું કાંઈ હજી થાતું નથી, કે લ્યો, આ ધીરૂભાઈ લાઠી, દીકરો નથી, દીકરી એકજ છે, પૈસા કહે કે બે-ચાર લાખ હશે. અને ઈ લાડ લડાવે શરીરને, ભાણીયાને. અરર! પણ આ જાવું છે છોડીને આ બધું, એકલો રહેવું ત્યાં નહીં આ સંગાથ આવે હારે. હેં? (**શ્રોતા** : હજી વાર છે) વાર છે હજી. આહાહા! એ સમય તો અચાનક આવશે એનો. આહાહા! આ કીધું ને? ૩૫- ૩૫ વરસનો જુવાન માણસ આંહી મરી ગયો, કુચામણ કહે તો હતોને, કુચામણને હેં? (**શ્રોતા** : મલકાપૂર) મલકાપૂર નો જુવાન આમ, કાંઈ નહોતું, કીધું માણસ બેઠો હતો પોતે એનો આમ બેઠો, એમાં બગાસું ખાધું દેહ છૂટી ગયો.

બસ દેહ ઉડી ગયો એ તો સ્થિતી પૂર્ણ થાય એને. આહાહા! ક્યાં એનામાં એ હતી ચીજ કે એમને એમ રહે. આહાહા! એને છૂટવાનો સમય હોય તે છુટયે છુટકો પોતે સ્વસ્થ આમ હો બગાસું ખાધું, બસ બીજું કાંઈ નહીં, કે ૩૫ વર્ષનો જુવાન દેહ છૂટી ગયો પણ એનો સમય છે ક્ષેત્રે ભેગો છે અહીયાં, ભાવે ભેગો કે દિ' હતો? એક ક્ષેત્રે તો,

એનું ક્ષેત્ર ને આનું ક્ષેત્રમાં અત્યંત અભાવ છે આ તો આકાશની અપેક્ષાએ ક્ષેત્ર એક છે. એમ કહેવામાં પણ એય ક્યાં છે? આકાશનું ક્ષેત્રને આત્માનું ક્ષેત્ર એકબીજામાં અભાવ છે. આહાહા! તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય, નિરોગી હોય તો ધર્મ થાય. જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય એમ અજ્ઞાનીનો ભ્રમ છે. આહાહા! મિથ્યાદષ્ટિનો ભ્રમ છે.

પ્રભુ જ્યારે જ્યારે તું કરવા માંગે ત્યારે કરી શકે. પરની (હારે) કાંઈ સંબંધ છે નહિ. આહાહા! પાણીમાં ડૂબકા મારતાં શરીર સાધુના અંદર આમ જાય એમાં ન્યાં તે ન્યાં કેવળ પામે લ્યો. આહાહા! દેવે નાખ્યા દરિયામાં એ વખતે પ્રમત ભાવ હોય ત્યારે એને નાંખે. એમાં અંદરમાં પણ પાણીના હિલોળા, પાણી આહાહા. એમાં આત્મા, મારામાં શરીરમાં લીન ક્યાં છું કે શરીરની સ્થિતી મને રોકે, એમાં કેવળ પામે ન્યાંથી, દેહ પડયો રહે ને કેવળજ્ઞાન થઈ શરીર છૂટી જાય એવી રીતે અનંતા મોક્ષ ગયા છે. આહાહા! દરિયામાં પણ એક-એક બિંદે અનંત મોક્ષે ગયા છે આ, આ રીતે, ૪૫ લાખ જોજનમાં અનંતા સિધ્ધ એક હારે પડયા છે, (**શ્રોતા** : હરેક ઠેકાણે) તો ત્યાંથી સીધા ગયા છે ને? સીધા ગ્યા તો ન્યાંથી ગયા તો આ રીતે ગ્યા છે. આહાહા!

હું જ્યાં છું ત્યાં શરીર નથી, રાગ નથી. આહાહા! જેનો નિશ્ચયથી તો ફુટસ્થ સ્વભાવ છે, એમાં પરિણતીનો પર્યાય પણ જેમાં અભાવ છે. આહાહા! કોણ રોકે એને? કોનાથી નબળો થાય ને કોનાથી સબળો થાય? આહાહા! ભ્રમ છે. ૬૪ થયું, પાંસઠ

**नष्टे[२] वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा ।**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ।।६५।।**

**વસ્ત્ર નાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર,**
**દેહ નાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ ।। ૬૫ ।।**

**टीका** : प्रावृत्ते वस्त्रे नष्टे सति आत्मानं यथा नष्टं बुधो न मन्यते तथा स्वदेहेऽपि विनष्टे कुतश्चित्कारणाद्विनाशं गते आत्मानं न नष्टं मन्यते बुधः ।।६५।।

**અન્વયાર્થ** : (यथा) જેવી રીતે (वस्त्रे नष्टे) વસ્ત્રનો નાશ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (नष्टं न मन्यते) નાશ થયેલું માનતો નથી, (तथा) તેવી રીતે (बुधः) અંતરાત્મા (स्वदेहे अपि नष्टे) પોતાના દેહનો નાશ થવા છતાં (आत्मानं) આત્માને (नष्टं न मन्यते) નાશ થયેલો માનતો નથી.

---

૨. वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु ।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णटु ।। २-१८०।। - परमात्मप्रकाशे. योगेन्दुदेवः

**ટીકા :** જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામવા છતાં, ડાહ્યો પુરુષ પોતાનો (પોતાના શરીરનો) નાશ માનતો નથી, તેમ પોતાનો દેહ નાશ પામતાં અર્થાત્ કોઇ કારણે તેનો વિનાશ થતાં, અંતરાત્મા આત્માને નાશ થયેલો માનતો નથી.

**ભાવાર્થ :** જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને નાશ થયેલું માનતો નથી, તેમ શરીર નાશ પામતાં અંતરાત્મા પોતાના આત્માને નાશ પામેલો માનતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.

શરીર અને આત્માનો સંયોગ સંબંધ છે છતાં અજ્ઞાનીને તે બંનેની એકતાબુદ્ધિ હોવાથી તે શરીરના વિયોગથી (નાશથી) પોતાના આત્માનો નાશ માને છે અને તેના સંયોગથી પોતાના આત્માની ઉત્પત્તિ માને છે. કહ્યું છે કે :-

**'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ જાન'**

મિથ્યાદૃષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માને છે અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.[૩]

## વિશેષ

શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી તેને આવી ઉંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં તેના આત્માનો નાશ માની તે દુઃખી થાય છે.

''... જેમ કોઇ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે તે પછી તેને છોડી કોઇ અન્ય નવીન વસ્ત્ર પહેરે, તેમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે પછી તેને પણ છોડી અન્ય નવીન શરીર ધારણ કરે છે. માટે શરીર સંબંધની અપેક્ષાએ જન્માદિક છે. જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે, તો પણ મોહી જીવને ભૂત-ભવિષ્યનો વિચાર ન હોવાથી પર્યાયમાત્ર જ પોતાનું અસ્તિત્વ માની પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે છે.... ''[૪]

જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે તેથી શરીરના નાશ વખતે વ્યાકુલ થતો નથી. કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુલતા થાય પણ શ્રદ્ધા અને

૩. જુઓ - શ્રી દૌલતરામજી કૃત છહઢાલા -૨/૫

૪. મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ. ૪૭.

જ્ઞાનમાં તે એવો દઢ છે કે શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી અને આકુલતાનો સ્વામી થતો નથી. ૬૫.

## પ્રવચન – ૭૮

બહુ આ તો સાદી ભાષા, આ તો સાદુ સમજાય એવું છે, સવારનું જરીક ઝીણું છે.હજી કાલનું એક ઝીણું કાઢશે. એક છે થોડું પણ ઈ તો સમજાય એવું છે, બધું કાંઈ આચાર્યોએ બહુ સરળ, ઘણી સરળ ભાષા કરીને ઓહોહો ! ભાષાની સરળતા જ એવી આવી, બહુ સરળ ઘણું સરળ. દિગંબર સંતોએ તો અનંત અનંત ઉપકાર કર્યો છે. સાદી ભાષામાં એને ઠેઠ અંદરમાં પહોંચાડી દે. આહાહા ! ભગવાન ! તને શરીર નથી, તને રાગ નથી, તું છો જ્યાં ત્યાં તો પર્યાય નથી લે. આહાહા ! પરમાત્મ પ્રકાશનો શ્લોક આવ્યો એકસો એંસી(૧૮૦).

જેમ પહેરલું વસ્ત્ર નાશ પામવા છતાં ડાહ્યો પુરૂષ પોતાને શરીરનો નાશ માનતો નથી. વસ્ત્ર બળી જાય એટલે હું બળી ગયો એમ માને શરીર ? (નહીં) તેમ પોતાનો દેહ નાશ પામતાં કોઈ કારણે તેનો વિનાશ થતાં અંતરાત્મા આત્માને નાશ થયેલો માનતો નથી. આત્માનો નાશ ક્યાં, આત્મા તો ઈ છે અવિનાશી ભગવાન છે. દેહનો નાશ ઈ આત્માનો નાશ નહિ, વસ્ત્રના નાશે દેહનો નાશ નહિ, એમ દેહના નાશે આત્માનો (નાશ નહિં). આ વસ્તુ ભિન્ન છે ઈ અંતરમાં આ બેસવી જોઈએ ભઈ એ વાત. એકલા શબ્દોએ કામ આવે એવું નથી આંહી. જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન-ભિન્ન છે તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. સાદા દાખલા આપ્યા છે. શરીર ને આત્માનો સંયોગ સંબંધ છે. આહાહા ! સંયોગ સંબંધ છે એટલે કે બીજી ચીજરૂપે એ ચીજ છે બસ એટલું. આહાહા !

છતાં અજ્ઞાનીને તે બન્નેની એકતાબુધ્ધિ હોવાથી, તે શરીરના વિયોગથી સંયોગી ચીજ છે તે સંયોગનો વિયોગ થાય જ. શરીરના વિયોગથી પોતાના આત્માનો નાશ માને છે. હાય ! હાય ! મરી ગયા રે મરી ગયા. અને તેના સંયોગથી પોતાના આત્માની ઉત્પત્તિ માને છે. શરીર નો સંયોગ થયો ત્યારે હું જન્મયો, શરીરનો વિયોગ થયો ત્યારે હું મર્યો, અજ્ઞાની ની એવી ભ્રમણા છે.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૭૯

## શ્લોક – ૬૫ અને ૬૬

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૩.૦૭.૭૫**

**नष्टे[१] वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा ।**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ।।६५।।**

વસ્ત્ર નાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર,
દેહ નાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ ।। ૬૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

१. वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु ।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णदु ।। २-१८० ।।    - परमात्मप्रकाशे. योगेन्दुदेवः

**ભાવાર્થ :** ૬૫ ગાથા સમાધિતંત્ર. 'તન ઉપજત આપની ઉપજ જાન તન નશત. આપકો નાશજાન' છ ઢાળા. મિથ્યાદ્રષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માનેછે, હું જન્મયો એમ, અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.

**વિશેષ**

શરીરમાં આત્મબુધ્ધિ હોવાથી તેને આવી ઉંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં, તેના આત્માનો નાશ માની દુઃખી થાય છે. હાય હાય મારો દિકરો મરી ગયો, એમ માને છે ઈ. શરીરનો નાશ થતાં જાણે આત્મનો નાશ. આત્મા ક્યાં ગયો એમ નહિ, અને રોવે છે તે એની સગવડતા જાય એને રોવે છે. એ મરીને નરકમાં ગયો કે ઢોરમાં ગયો એની ક્યાં એને પડી છે? આહાહા! એનું શરીર હતું કામકાજમાં, વેપારમાં, ધંધામાં મદદ થાતી'તી (**શ્રોતા** : ઉપયોગી હતો) એ એમ ગયો, એની એને, એને દુઃખ એમ છે, ઈ મરી ગયો એટલે કે શરીર નાશ થયું. આત્મા ક્યાં ગયો ? ને કેમ રહ્યો છે ? એની કાંઈ એને એને પડી નથી. આહાહા! કારણ કે એની નજરમાં તો શરીર આવ્યું હતું એનો આત્મા છે. એ તો નજરમાં આવ્યો નહોતો, અને શરીર સાથે એનો સંબંધ માન્યો હતો. એ સંબંધ છુટયો, એટલે જાણે આત્માનો નાશ થઈ ગયો એનો એમ. આહાહા!

જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે કેટલોક કાળ તે રહે એ પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે, એમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે, પછી તેને છોડી અન્ય નવીન શરીર ધારણ કરે. આહાહા! એ કાંઈ જન્મે છે ને મરે છે આત્મા એમ તો છે નહિ, એ તો શરીરનું નવું થવું અને એનું જવું એ તો શરીરની કરામત છે પણ પોતાનું અસ્તિત્વ ભિન્ન છે એની ખબર નથી. એથી એના અસ્તિત્વની દૂર થતાં જાણે એ આત્મા મરી ગયો ને એનો અસ્તિત્વ સંયોગ થાય તે કહે આત્મા જન્મ્યો, આહાહા! શરીર સંબંધની અપેક્ષાએ જન્માદિ છે કંઇ આત્માને કાંઈ જન્મ ને આત્માને મરણ છે નહિ, એ તો વસ્તુ અનાદિ અનંત. જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે, જન્મ ને મરણ એ વસ્તુને ક્યાં છે આત્માને ?

ભલે એની પર્યાય પલટાય પણ વસ્તુ તરીકે તો નિત્ય છે અને વર્તમાન પરિણામને પણ આશ્રય તો દ્રવ્યનો છે ધ્રુવ, એ તો નિત્ય છે. વર્તમાન પરિણામ છે, એ તો એનો આધાર છે એ તો ધ્રુવ છે. એ તો નિત્ય છે. શરીર પલટતાં આત્મા પલટયો એમ નહિ પર્યાય ભલે પલટે, પર્યાય પલટતાં વસ્તુ પલટે છે ? વસ્તુ તો નિત્ય રહે છે. આહાહા!

આવા અસ્તિત્વની શ્રધ્ધા ને રૂચિ, અંતરમાંથી થવી એનું નામ પ્રથમ ધરમની દશા છે બધી વાતું, બાકી તો એમાં લખ્યું છે કે બૌધ્ધને કેવળ થયું, પછી એણે વિચાર્યું કે હું બીજાને ઉપદેશ દેવા રોકાઈશ તો મારી એકાંતતા ના પાડે એકાંત મારો કેવળજ્ઞાન થયા પછી કહો હજી, અરે! (**શ્રોતા** : કેવળજ્ઞાન થયા પછી વિચાર આવ્યો) વિચાર આવ્યો, પછી એનો એક ભગત હતો એણે કહ્યું સાહેબ એવા જીવો છે તૈયાર ઘણાં, કે આપનો ઉપદેશ મળે એટલે તરત સમજી શકે એવા જીવો છે માટે ઉપદેશ કરો. પછી ઉપદેશ શરૂ કર્યો પછી ધર્મચક્ર હલાવ્યું. નહિં તર નહિં એને, કેવળજ્ઞાનીના આવા લખાણ આ જૈન પ્રકાશ શું કરે છે આ તે કાંઈ. આહાહા!

જૈન પરમાત્મા સર્વજ્ઞ સ્વરૂપી પર્યાયે હોં, એ ચીજ છે ક્યાં બીજે? બૌધ્ધ ક્ષણિકવાદ, વેદાંત ફૂટસ્થ વાદ એક એક પદ વિનાનું એક પદ વિનાનો. એક વસ્તુ છે એનો નિર્ણય કરનાર તો પર્યાય છે, ઈ પર્યાયને જેણે માની નથી એ વસ્તુ જૂઠ્ઠી બધી. આહાહા! કેમકે પર્યાયમાં જ કાર્ય થાય છે. હું ત્રિકાળ નિત્ય શુધ્ધ ધ્રુવ. મારું પૂર્ણ અસ્તિત્વ ધ્રુવ છે. એવું તો પર્યાયમાં જણાય ને નિર્ણય થાય છે. સમજાણું કાંઈ? હવે એ જે ન માને અને શરીરને પલટે એ બધું પલટયું, હું એ આત્માય પલટી ગયો ભ્રમ છે અજ્ઞાનીનો. અને દેહ છૂટતાં જ્યાં જાય ત્યાં બધા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ બીજા થઈ જાય છે ત્યાં એને. સંયોગી દ્રવ્ય બીજું, ક્ષેત્ર બીજું, એની પર્યાય પણ બીજી થઇ અને ભાવ પણ એમ થયો કે આ હું છું. આ હું છું, રાગ હું છું, આ હું છું, આંહી હતો ત્યારે બીજા રાગાદિ બન્યા, ત્યાં એ એ જાતના બન્યા. આહાહા! એ તો એની દ્રષ્ટિ, પર્યાય ઉપર દ્રષ્ટિ હતી પર્યાયની એટલે એમ માન્યું હતું.

વસ્તુ એમ નથી. પર્યાયની દ્રષ્ટિ છોડીને દ્રવ્ય દ્રષ્ટિ જ્યાં જાણે, દ્રવ્ય દ્રષ્ટિને જાણનાર તો પર્યાય છે. પૂરણ છે એવો સ્વીકાર તો પર્યાય કરે છે. એવું જે નિત્ય દ્રવ્ય પરિણામના પક્ષમાં આવવું અથવા તેનો ધ્રુવનો પક્ષ થવો એ તો નિત્ય છે. એને જનમવું કે મરવું એને છે નહિ, અરે! એને પર્યાયમાં પરિણામવું એ જ્યાં નથી. આહાહા! સમજાણું કાંઈ? પર્યાયમાં પરિણમન જે છે એ તો પર્યાયનું છે. એક ઠેકાણે આવ્યું છે, નિહાલભાઈમાં, કે પરિણામી અપરિણામી કહીએ તો, પરિણામી પરિણામ, આવે છે એક ઠેકાણે (**શ્રોતા** : તો કે અપરિણામી પરિણામ) અપરિણામી પરિણામ, (વાત) ઓલી પરિણામ પોતે અપરિણામી ઉપર લક્ષ છે તેથી અપરિણામી પરિણામ.

એ ચેતનજી છે? આ બાજુમાં છે. આ વસ્તુ સ્થિતિ છે. કારણ કે અપરિણામી

ને પરિણામે જ્યારે જાણ્યું ત્યારે અપરિણામી એ પરિણામ એમ. ચંદુભાઈ! મારગ એવો છે બધો ભાઈ! અને એ સર્વજ્ઞ પંથમાંજ આ મારગ હોય આવો, બીજે ક્યાંય હોય નહિ ત્રણકાળમાં. આહાહા! જુઓને જેની એક સમયની પર્યાય નિત્યને સ્વીકારે છે સત્યાર્થ એ સત્યાર્થ છે. એને જન્મ ક્યાં? મરણ ક્યાં? એને પર્યાયનું ઉપજવું ને વિણસવું એ ધ્રુવમાં ક્યાં? સમજાણું? જેમ જીવ પોતે જન્માદિ રહિત નિત્ય છે, આ આ શબ્દની આતો વ્યાખ્યા કરી. જીવ ધ્રુવ છે, એને જન્મને મરણને એ ક્યાં છે એમાં? એ તો નિત્ય વસ્તુ ભગવાન છે. અને તેને જ આત્મા કહ્યો છે. પર્યાયને આત્મા, વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા કહ્યો. આહાહા! પર્યાયને આત્મા અભૂતાર્થ, અસત્યાર્થ કહ્યો ત્રિકાળની અપેક્ષાએ, અને ત્રિકાળ પર્યાય એમ સ્વીકારે છે કે હું તો જન્મ મરણ રહિત, અને પરિણામની પરિણતી રહિત એવી ચીજ છું. આહાહા! એ તો નિત્ય છે.

સુજાનમલજી! (**શ્રોતા** : એક મ્યાનમેં દો તલવાર) એક મ્યાનમાં એક જ તલવાર. કહ્યું ને જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે. આહાહા! ખરેખર તો જીવ તત્ત્વ જે નિશ્ચય જીવ છે, એ તત્ત્વાર્થમાં કહ્યું નહિં, પહેલાં શુભભાવના અધિકારમાં એ જીવ છે. (**શ્રોતા** : પર્યાય તો વહેવાર છે) પર્યાય તો વહેવાર છે આહાહા! એ વહેવાર નિશ્ચયને સ્વીકારે છે. આહાહા! એ તો નિત્ય છે. (**શ્રોતા** : અભૂતાર્થ ભૂતાર્થ ને સ્વીકારે છે) હેં? અભૂતાર્થ ભૂતાર્થ ને સ્વીકારે છે. અભૂતાર્થ કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. છે વર્તમાનની અપેક્ષાએ ભૂતાર્થ છે. આહાહા! ત્રિકાળ છે એની અપેક્ષાએ પર્યાયને ગૌણ કરીને અસત્ય ને અભૂતાર્થ કીધી છે, અભાવ કરીને અસત્યને. અભાવ હોય તો પછી નિર્ણય કર્યો કોણે? આહાહા!

કારણ કાર્ય ને બધું નિર્ણયને બધું પર્યાયમાં થાય છે. ધ્રુવ તો કૂટસ્થ છે. એમ ને એમ છે છે ને છે જેમ છે. આહાહા! પરમાત્મ પ્રકાશમાં ન કહ્યું? બંધો મોક્ખો ન જીવે ને, બંધને મોક્ષ એ પરિણામ જીવને નથી, ઠીક એમ કહ્યું ત્યાં. આહાહા! એ જીવ એને કહીએ કે જેને બંધ ને મોક્ષના પરિણામ નથી. આહાહા! બંધના ને મોક્ષના પરિણામ તો વહેવાર થયો, ગૌણ કરીને એને મોક્ષના પરિણામ પણ નથી અસત્યાર્થ કહ્યા અને છઠ્ઠી ગાથામાં તો એમ લીધું કે પ્રમત્ત અપ્રમત્ત પર્યાયો એમાં છે જ નહિં. એક સમયની દશા વસ્તુમાં ક્યાં? દશા દશામાં છે. આહાહા! એવો જે જીવ, પોતે જન્માદિક રહિત નિત્ય છે. આહાહા!

સર્વજ્ઞ સ્વભાવ થી ભરેલું તત્ત્વ એ જન્માદિકથી રહિત નિત્ય છે, તો પણ

મોહી જીવને ભૂત ભવિષ્યનો વિચાર ન હોવાથી કાયમ ટકતા તત્ત્વ ની ખબર નહિં હોવાથી, આહાહા! પર્યાય માત્ર જ પોતાનું અસ્તિત્વ માની, એક સમયની અવસ્થા જ એ પોતાની હૈયાતિ માની, પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે છે. મોક્ષમાર્ગનું આપ્યું છે ને ? મોક્ષ માર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ સુડતાલીસ(૪૭) એમાં એનો વિસ્તાર આપ્યો છે. જ્ઞાની ને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે. ધર્માત્મા ને સમ્યગ્દર્શન થતાં શરીર ને આત્માની જુદાઈનું ભાન છે. ચાહે તો એ લડાઈની ક્રિયામાં દેખાય, છતાં પોતાનું અસ્તિત્વ દેહની આ ક્રિયાઓથી ભિન્ન છે એવું તે ક્ષણે પણ ભાન છે. સમજાણું કાંઈ ? આહા! તેથી શરીરના નાશ વખતે તે વ્યાકુળ થતો નથી. શરીર બદલતાં છૂટવાને કાળે તે ખેદ પામતો નથી. આહાહા! કારણ કે બે થી બેનું ભેદજ્ઞાન કર્યું છે,તો ભેદજ્ઞાનમાં જુદો છું એતો અનુભવ છે.

હવે શરીરનો નાશ થતાં એને ખેદ થાય એ રહ્યું નથી. આહાહા! કારણ કે એનાથી તો જુદો છું, જુદો છું અને એ જુદું થાય છે એમાં ખેદ શો ? સમજાણું કાંઈ ? કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુળતા થાય, પણ શ્રધ્ધા અને જ્ઞાનમાં તો એવો દઢ છે કે, શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી, બહુ સરસ. આહાહા! કારણ કે શરીર છૂટતાં જરીક આકુળતા થઈ એ છુટવાના કારણે નથી નબળાઈને કારણે છે. નબળાઈને કારણે જરીક આકુળતા થાય પણ એની સાથે આનંદ પણ સાથે છે, એ શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી, અને આકુળતાનો સ્વામી થતો નથી લ્યો. મારામાં આકુળતા છે સ્વરૂપમાં એમ માનતો નથી. આહાહા!

એ (પાંસઠ) ૬૫ થઈ. જેટલું કષાયનું અસ્તિત્વ છે, એટલી આકુળતા છે. વસ્તુ અકષાય સ્વભાવી અનુભવ થયો એટલી તો આનંદને અનાકુળતા પણ છે. બેય છે. પણ એ શરીર છૂટે છે માટે આકુળતા છે એમ નથી. આહાહા! કેવળજ્ઞાન થાય ને શરીર છુટે , છુટે માટે દુઃખ છે ? એટલે આકુળતા છે એમ નથી. ફક્ત કમજોરીને લઈને, અજ્ઞાનીને, આકુળતા થાય છે આ જાય છે કે હું જાઉં છું એમ. આ મરે એટલે હું મરું છું. શરીર જન્મે એટલે હું જન્મ્યો. એવી નિત્યતાની એને ખબર નથી. એટલે સંયોગ ઉપર એનું લક્ષમાં જોર જાય છે એનું બહાર. આહાહા! ઈન્દ્રિયો પાંચ મળી તો કહે મને અવયવ મળ્યા, મને સાધન મળ્યા એમ માને છે અજ્ઞાની. એ સાધન ન હોય તો હું જાણી શી રીતે શકું ? હેં ?

(શ્રોતા : લાકડી ન હોય તો હું શી રીતે ચાલુ ?) લાકડી હાલે છે લાકડીને લઈને, એક કોર છત્રીને ને એક કોર બટુક, હાલે છે ને ? જોયું છે હમણાં આવે છે,

એ કંઈ નથી, એ પરને ટેકે શરીર હાલતું જ નથી. (**શ્રોતા** : આપે જ કીધું નજરે જોયું છે) નજરે જોયું શું ? કે એ હાલે છે આમ, હાથ આમ ઝાલ્યો છે ઓલા બટુકનો, બટુકને એનું નામ શું છે ? ગરાસીયો એક કોર છત્રી. સવારમાં આવે છે ને આમ દેખાય ને અંદરથી બારીમાંથી ! એ રજકણે રજકણ એના ક્ષેત્રાંતરના કાળમાં કારણે એને કોઈ પરની મદદ નથી. આહાહા ! (**શ્રોતા** : એક પદાર્થના પરિણામને બીજાની જરૂર હોયને) કંઈ છે જ નહિ, આહાહા ! લાકડી પણ જે આમ હાલે છે હાથમાં એ હાથ આમ હાલ્યો માટે લાકડી આમ હાલે છે એમ નથી. (**શ્રોતા** : દુનિયાથી જુદી જાત છે) વસ્તુ આવી છે. વસ્તુની સ્થિતિ જ એવી છે નહિતર બીજી સ્થિતિ સિધ્ધ થાય ને ?

અનેક દ્રવ્યો સિધ્ધ છે એમ કહો,તો અનેક અનેક પણે રહીને પોતાની પરિણતી પોતામાં કરે છે. ચંદુભાઈ ! પરની (હારે) શું સંબંધ છે કાંઈ ? બાહ્ય પદાર્થ ભલે લોટે ફરે આમ બહિર લુટંતિ પણ એને અંદરમાં ક્યાં પ્રવેશ છે ? આહાહા ! આવો મારગ છે અને આને તુચ્છ કરી નાંખ્યો આત્માને, જેને સર્વજ્ઞ દશા શું છે એક સમયની ? આહાહા ! ત્રણકાળ ત્રણ લોકને જાણે એમ કહેવું એ પણ અસદ્ભૂત વહેવાર છે. પણ એ પર્યાયનું સામર્થ્ય એટલું છે, આહાહા ! એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ પરને સ્વસંબંધીનું પોતાનું જ્ઞાન છે એ આત્મજ્ઞાન છે. એ આત્મજ્ઞ છે. આવો જે સ્વભાવ જેનો, એને અપૂર્ણ જ્ઞાની માનવો અને એને અપૂર્ણ જ્ઞાનીવાળા જાણ્યા છે અને આત્માને. આહાહા !

જેનો સ્વભાવ જ સર્વજ્ઞ સ્વરૂપી, સર્વજ્ઞ સ્વરૂપી, જ્ઞાનનો સૂર્ય સ્વપર પ્રકાશનો પિંડ પ્રભુ, એને સર્વજ્ઞપણું તો એની સત્તામાં, શક્તિમાં, સ્વભાવમાં પડયું જ છે. ઓલામાં ન આવ્યું ? પુણ્ય પાપમાં સર્વનાણ સર્વદર્શી છે તો એવો, આહાહા ! પુણ્ય પાપ અધિકાર ઓલા આવ્યા હતા ત્યારે ગાથા હાલતી હતી ને એ ! (**શ્રોતા** : પંડીત આવ્યા'તા ને વાંધો પાડયો'તો) વાંધો ઉઠાવ્યો ઈ. કર્મ ને લઈને, અરે સાંભળતો ખરો હવે. સર્વજ્ઞ ને સર્વદર્શી તો એવું એનું સ્વરૂપ જ છે. એ જ આત્મા ને એને આત્મા કહીએ. પણ એ પોતાના કર્મરજના અપરાધને કર્મ શબ્દે ભલે રજકણ ત્યાં નથી લીધા, પોતાના વિકારની પર્યાયમાં પરિણમતાં, પરલક્ષે પરિણમતાં, એ સર્વને સર્વ જાણવું દેખવું એને રહ્યું નથી, છે તો એવો. આહાહા !

ચૈતન્યના તેજ જેના ઉંડાણ ચૈતન્યના તેજના ઉંડાણ એવો પરિપૂર્ણ સ્વભાવી ભગવાન આત્મા એની શક્તિ જ સર્વને દેખવું જાણવું એવો એનો તો સ્વભાવ છે. આહાહા ! એવો આત્મા જેણે માન્યો નથી, એણે આત્માજ માન્યો નથી. સમજાણું કાંઈ ?

આત્મા એટલે જ્ઞાન ને દર્શન એનો સ્વભાવ. સ્વભાવ એટલે પરિપૂર્ણ ભાવ. પરિપૂર્ણ ભાવ એટલે જેનો એકરૂપ જાણવું દેખવું એવો સ્વભાવ. ચિદાનંદ એક સ્વભાવ રૂપી આત્મતત્ત્વ આવ્યું હતું ને ? ટીકામાં આવ્યું હતું. ચિદાનંદ એક સ્વભાવ એવું નિજ આત્મતત્ત્વ આહાહા ! આ આત્મતત્ત્વ. ન્યાં પર્યાયને ક્યાં ગણી છે ? ચિદાનંદ, જ્ઞાનાનંદ નિજ એક સ્વભાવી નિજ આત્મતત્ત્વ, એક સ્વભાવ બસ ભેદ નહિ. આહાહા ! આવું સ્વરૂપ જ એનું જીવનું છે, એને જીવ કહીએ. એમ કે બીજા બૌદ્ધે આમ કર્યું, ભગવાને તો બીજા બધા પ્રાણીની દયાનો પણ ઉપદેશ આપ્યો એમ કહે.

અરરર ! ભારે ભાઈ ! આવા આવા લખાણ જૈનમાં. જૈન પ્રકાશ તો સર્વજ્ઞ સ્વભાવી આત્માને જે સિધ્ધ કરીને સાબિત કરે અને પર્યાયમાં પ્રગટ કરે એ જૈન પ્રકાશ છે. આહાહા ! આ જૈન. ચંદુભાઈ ! ઈ આ. છાપુ આ છે, છાપા ને ક્યાં ખબર છે કે હું કોણ છું ? હેં ? છે ખબર ? તો એને જાણનારો જે છે, એ તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવી છે. આહાહા ! આંહી કહે છે કે જરી શરીરનો નાશ થતાં જરી આકુળતા થાય જ્ઞાનીને, એ આકુળતા શરીરનો વિયોગ થાય છે એ કારણે નહિ, પણ નબળાઈ ને લઈને. નબળાઈને સ્વરૂપ એ જ્ઞાન જાણે, નબળાઈઆદરણીય નથી, છે એને જાણે તો ખરુંને ? જ્ઞાન તો બરાબર જાણે. જેવી અસ્તિત્વની સ્થિતિ પર્યાયમાં છે અને પૂર્ણ દ્રવ્યમાં જેવું અસ્તિત્વની સ્થિતિ છે, એમ બેયને જ્ઞાન તો જાણે. આહાહા ! પોતાના વસ્તુના સ્વભાવમાં અસ્તિત્વની મોજુદગી જેટલી જેવડી છે એને જાણે, અને પર્યાયમાં જેટલી મોજુદગી જ્ઞાનની ને રાગની આદિ છે એને જાણે, પરની હારે શું સંબંધ છે આહાહા સમજાણું કાંઈ ? એ ૬૫ થઈ.

**रक्ते[२] वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा ।**
**रक्ते स्वदेहेप्यात्मानं न रक्तं मन्यते बुध : ।। ६६ ।।**

**રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,**
**રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ ।। ૬૬ ।।**

**टीका** : रक्ते वस्त्रे प्रावृते सति आत्मानं यथा बुधो न रक्तं मन्यते तथा स्वदेहेऽपि कुंकुमादिना रक्ते आत्मानं रक्तं न मन्यते बुधः ।। ६६ ।।

**અન્વયાર્થ** : (यथा) જેવી રીતે (वस्त्रे रक्ते) પહેરેલું વસ્ત્ર લાલ હોવા છતાં (बुधः) ડાહ્યો માણસ (आत्मानं) પોતાને-પોતાના શરીરને (रक्तं न मन्यते) લાલ માનતો નથી, (तथा)

૨. रत्ते वत्थे जेम बुहु देहु ण मण्णइ रत्तु ।
देहे रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु ।। (२ -१७८) - परमात्मप्रकाश योगीन्दुदेवः ।

તેવી રીતે (स्वदेहे अपि रक्ते) પોતાનું શરીર લાલ હોવા છતાં (बुधः) અંતરાત્મા (आत्मानं) આત્માને (रक्तं न मन्यते) લાલ માનતો નથી.

**ટીકા** : જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં ડાહ્યો પુરુષ પોતાને (પોતાના શરીરને) લાલ માનતો નથી, તેમ પોતાનો દેહ કુમકુમાદિથી લાલ થવા છતાં અંતરાત્મા આત્માને લાલ માનતો નથી.

**ભાવાર્થ** : જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી તેમ પોતાનું શરીર કુમકુમાદિથી લાલ થતાં આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે તેમ લાલ વર્ણવાળું શરીર અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે.

આત્મા રસ, વર્ણ[૩], ગંધ અને સ્પર્શ રહિત છે છતાં શરીર સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા વર્ણનો આત્માને (પોતાને) પણ માની રાગ-દ્વેષ કરે છે.

જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી અર્થાત્ પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી, તે જાણે છે કે રૂપ, રસ, ગંધાદિ પુદ્‌ગલના ધર્મ છે, આત્માના ધર્મ નથી. આત્મા તો નિરંજન, નિરાકાર, અરૂપી, અતીન્દ્રિય અને સ્વસંવેદન-ગમ્ય છે. ૬૬

## પ્રવચન – ૭૯

**रक्ते[४] वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा ।**
**रक्ते स्वदेहेप्यात्मानं न रक्तं मन्यते बुध : ।। ६६ ।।**

**રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,**
**રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ ।। ૬૬ ।।**

૩. નથી વર્ણ જીવને, ગંધ નહિં, નહિં સ્પર્શ, રસ જીવને નહિં,
નહિં રૂપ કે ન શરીર, ન સંસ્થાન સંહનને નહિં. (૫૦) શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગા.૫૦

૪. रत्ते वत्थे जेम बुहु देहु ण मण्णइ रत्तु ।
देहे रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु ।।(२-१७८) - परमात्मप्रकाश योगीन्दुदेवः ।

**ટીકા :** જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં, ડાહયો પુરૂષ પોતાને લાલ માનતો નથી. આહાહા! તે વખતે લાલનું જ્ઞાન થાય એ લાલનું જ્ઞાન નથી. લાલ વસ્ત્ર તો હું નથી એમ રક્ત શરીર લાલ કે ધોળું ગોરું શરીર એને જે જાણતું જ્ઞાન એ રક્તને લાલને જાણે છે એમ નથી. આ બાળગોપાળ આવે ને? સત્તર(૧૭) - અઢાર(૧૮)(સમયસાર) ખરેખર તો એ જ્ઞાનની પર્યાય ત્યાં જાણે છે ઈ કેમકે એના અસ્તિત્વમાં શરીરાદિ લાલ કે એના રાગ એના અસ્તિત્વમાં આંહિ તો નથી. આંહિ જે છે એ તો સ્વપર ને જાણવાના જ્ઞાનની દશાનું અસ્તિત્વ છે, એ પરને જાણવું એ પણ પર સંબંધી પોતાના સામર્થ્યને જાણવું એમ છે. આહાહા! ભાઈ! આ મારગ એવો છે. આ તો ધીરાના મારગ છે, હો હા ને કુદવું ને આ ને આ, આને આ ધમાધમ શું કીધું ચેતનજી?

ધામ ધૂમે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર. એ યશોવિજયજીએ લખ્યું છે. લાલ વસ્ત્ર પહેરવા છતાં ડાહ્યો પુરુષ પોતાને લાલ માનતો નથી શરીરને લાલ માને છે, એમ પોતાનો દેહ કુંમકુમાદિથી લાલ થવા છતાં, કુંમકુમાદિથી લાલ એ પણ રંગ લાલ હોય લ્યોને એનો, રાતો, ઘઉંવર્ણે શરીર હોય છતાં અંતરાત્મા આત્માને લાલ માનતો નથી. આહાહા! ઘઉંવર્ણે શરીર કે ગૌર શરીર એ તો બધી જડની અસ્તિત્વની દશા જડને બતાવે છે એથી હું લાલ છું એમ માને? લાલ કપડું છે માટે હું શરીર લાલ થયો એમ માને? એમ લાલ શરીર છે માટે હું લાલ છું એમ માને? આહાહા! લાલ શરીર છે તે હું, લાલ છે એ એ મિથ્યાભ્રમ અસમાધિ છે. પણ હું લાલ શરીરને પણ જાણનારનું અસ્તિત્વ, લાલ શરીરના અસ્તિત્વથી એમાં નહિં રહેલું અસ્તિત્વ એ જુદું મારું અસ્તિત્વ છે. આહાહા!

ગોરું શરીર, ગોરા જેવું શરીર, ઈ ગોરું શરીરે આત્મા ગોરો થઈ ગયો ગોરો? (**શ્રોતા :** આત્મામાં રંગ જ ક્યાં છે?) રંગ ક્યાં છે? અરે! ગોરાનું જ્ઞાન છે એ કંઈ ગોરાને લઈને ક્યાં છે? સમજાણું કાંઈ? ગોરાને લઈને ગોરું તો નથી પણ ગોરાનું જ્ઞાન છે એ ગોરાને લઈને નથી, આહાહા! એવું છે. દેહ કુમકુમાદિ લાલ થવા છતાં એમ નાખ્યું, શરીરમાં એમ કે કંકુ નાખ્યું આ નથી નાખતા બધા હોળીમાં, કે અંતરાત્મા આત્માને લાલ માનતો નથી, એતો જડની દશા છે. કંકુ તો ઠીક પણ રંગ એનો જે શરીરનો એ તો જડની દશા છે. એના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ ક્યાં? અને આત્માના અસ્તિત્વમાં એ લાલ રંગના અસ્તિત્વનું અસ્તિત્વ ક્યાં? આહાહા! અરે! એ લાલ રંગનું જ્ઞાન એના જ્ઞાનના અસ્તિત્વમાં એ લાલ રંગનું શરીર એવું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાન અસ્તિત્વ

થયું એવું ક્યાં છે ? આહાહા ! મારગ એવો છે.

અંતરમુખના મારગ, બહિરમુખથી માનીને લોકો પર્યાયમાં અલ્પજ્ઞતાની રમતમાં એને, એનો આખો સ્વભાવ વસ્તુ છે, જે એક સમયની પર્યાયમાં આવતી નથી ચીજ, એ ચીજ જે છે તે હું છું. એવડું જે અસ્તિત્વ છે હૈયાતિ, વસ્તુના સ્વભાવની નિરાલંબ પર્યાયના અવલંબન વિનાની, અથવા પર્યાયના અસ્તિત્વ વિનાની. આહાહા ! એવું જે અસ્તિત્વ એ કાંઈ લાલ રંગને લઈને નથી, તેમ લાલનું જ્ઞાન થયું માટે તેનું અસ્તિત્વ જ્ઞાનનું અહિંયા, લાલનું જ્ઞાન થયું માટે જ્ઞાન લાલના અસ્તિત્વથી જ્ઞાન એનું થયું ઈ એમ નથી. એતો જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ, પરને ને સ્વને જાણવાનું પ્રગટયું છે. સમજાણું કાંઈ ? આહાહા ! અરે ! એની જાતની શું કિંમત છે ?

શ્રીમદ્‌માં આવે છે ને ! જિનવાણીનું માપ કરતાં પોતે મપાઈ જાય છે. નહિં ? આવે છે. હેં ? માપવાથી નિજ મતિ મપાય છે. કેટલી વાર તો એમના શબ્દો ઘણા ભાવ જિનવાણીનું માપ કરતાં, આહાહા ! એટલે કે એના કહેલા સ્વભાવનું માપ કરતાં માપ વાળી પર્યાય મપાઈ જાય છે, એની હદ વાળી થઈ જાય છે. આહાહા ! શું એની ભાવની શ્રેણી ધારા, કથન શ્રેણી એ લીધી છે ભાષા, પણ મૂળ તો ચૈતન્યની નિર્મળ શ્રેણી ધારા, શું એની તેજતા, એની પ્રભાવતા. આહાહા ! એ પ્રભાવ બધો પ્રગટયો છે એ પરને જાણ્યું માટે પ્રગટયો છે જાણવાની એમ નહિં, જાણનારના જાણવામાંથી પ્રગટયો છે એ પર્યાય. આહાહા !

ભગવાન આત્મા જાણનાર છે, ઈ જાણનારના સ્વભાવમાંથી જાણવાની પર્યાય, સ્વપર ને જાણવાની, એ પરને જાણવાની અર્થ એ તો પરસબંધીનું પોતાનું જ્ઞાન. આહાહા ! એવો જે ભગવાન આત્મા એ પોતે લાલ શરીરથી લાલ છું, એમ કેમ માને ? અરે લાલ શરીરને લાલનું જ્ઞાન થયું માટે લાલને લઈને જ્ઞાન થયું એમ કેમ માને ? આહાહા ! એ તો મારો સ્વભાવ જ જ્ઞાન સ્વભાવ છે. મારા સામર્થ્ય ને લઈને સ્વપર પ્રકાશનું સામર્થ્ય મારી હૈયાતીમાંથી તે હૈયાતી આવી છે. આહાહા ! અંતરાત્મા આત્માને લાલ માનતો નથી.

**ભાવાર્થ** : જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી, તેમ પોતાનું શરીર કુમકુમાદિ લાલ થતાં આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી. એ તો ઠીક, એ તો રક્ત વર્ણ. શરીર જ રક્તવર્ણે લાલ હોય, માણસ નથી કહેતાં, એની મા ના શરીર ઘઉં વર્ણે હતું જરી એનું શરીર ઘંઉવર્ણે થયું એમ કહે છે ને ? હેં ? (શ્રોતા : ઘઉંવર્ણુ) એ કાંઈ એના બાપ પિતાજીનું શરીર ગોરું હતું તેનું ગોરું થયું. એક જ માની કુખે બે થાય, થાય છે ને ? મા ના ઘઉંવર્ણે

હોય તો ઓલાને ઘંઉવર્ણે શરીર કારણ કે માતાના જેવું શરીર એમ અને પિતાજીનું ગૌર વર્ણે હોય શરીર, તો એનો એ ઉત્પન્ન થયેલો એમાં હવે એ ગૌરવર્ણ શરીર થાય. પણ એ તો શરીરની પર્યાય થઈ એથી આત્મા ક્યાં ગૌરવર્ણે થઈ ગયો ? આહાહા ! એ તો જડની પર્યાય થઈ, એ જડની પર્યાયથી આત્મા જડ પર્યાય થઈ ગયો ? આહાહા !

આવી વાત સરળ ધારા, કેવળજ્ઞાની પરમાત્મા ની ધારામાં આ પ્રવાહ આવ્યો. તે આંહિ આચાર્યો સમાધિનું તત્ત્વ જણાવવા બતાવે છે. ભાઈ ! હું મારાથી છું. મારું જ્ઞાન પણ પરને લઈને નહિ, એવી દશામાં એને શાંતિને સમાધિ થાય છે. સમજાણું કાંઈ ? એમાં એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર રૂપી સમાધિ થાય છે. આહાહા ! જેમ લાલ વસ્ત્રને શરીર ભિન્ન - ભિન્ન છે તેમ લાલ વર્ણવાળું શરીર જુઓ અહીં લાલ વર્ણવાળું અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે. પરમાત્મ પ્રકાશમાં પણ નાંખ્યું છે. **रत्ते वत्थे जेम बुहु देहु ण मण्णइ रत्तु। देहे रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु।** (૨-૧૭૮) પરમાત્મ પ્રકાશમાં છે. આત્મા રસ વર્ણ ગંધ ને સ્પર્શ રહિત છે. નથી વર્ણ જીવને છે ને ? ૫૦મી ત્યાં તો હમણાં કહ્યું નહોતું ? નથી વિશુધ્ધ સંકલેશ પરિણામ જેને મારા અનુભૂતિથી ભિન્ન છે. એમ કહ્યું ન્યાં, કારણ કે દ્રવ્યથી તો ભિન્ન એ પછી, પણ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જતાં જે અનુભૂતિ થઈ એનાથી પણ શુભ પરિણામથી ભિન્ન છે. આહાહા !

હવે એ શુભ પરિણામ ભિન્ન છે. એનાથી એને ધર્મ થાય, લાભ થાય ? ભારે ગરબડ ભાઈ ! ઉંડે ઉંડે મિથ્યાત્વનાં શલ્ય પડયા છે ને ? અહિંયા તો એ કીધુંને વિશુધ્ધને સંકલેશ પરિણામ, એ અનુભૂતિથી ભિન્ન છે. ચૌદ(૧૪)મા ગુણસ્થાનના ભાવ એ અનુભૂતિથી ભિન્ન છે. **શ્રોતા...** એથી તો ભિન્ન છે, પણ લબ્ધિ સ્થાન જે કીધા એમ આવ્યું ને પછી એમાં ? (**શ્રોતા :** સંયમ લબ્ધિ સ્થાન) એનાથી અનુભૂતિ અભેદ છે. ભિન્ન છે. આહાહા ! શું શૈલી ! સંતોની શું રચના સિધ્ધાંતની ! શું સ્વભાવની રચના ને સિધ્ધ કરવાની યુક્તિ ને તર્ક ! આહાહા ! (**શ્રોતા :** યુક્તિ આગમને અનુભવ) બધું. આત્મા રસ વિનાનો, રંગ વિનાનો, ગંધ વિનાનો, સ્પર્શ રહિત છે, આહાહા ! છતાં શરીર સાથે એકતા બુધ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય, તેવા વર્ણનો આત્માને પણ માની રાગ દ્વેષ કરે છે. આહાહા !

જ્ઞાનીને આત્મ સ્વરૂપનું ભાન છે. ધર્મી ને રાગથી અને પરથી જ્ઞાનાનંદ સ્વભાવ ભિન્ન છે એવું ભાન છે. ભિન્ન છે એવું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ દ્વેષ થતો નથી. હું રૂપાળો શરીર અને લોકો મને જુએ, અને જોવા લાયક

મારી શરીરની સ્થિતી નમણાઇ એટલે લોકોની આંખો ઠરે, એમ અજ્ઞાની માને છે, સમજાણું કાંઈ ? હા, ભગવાનની ભક્તિનો વિકલ્પ આવે અને નિર્વિકલ્પ જ્ઞાન પણ વર્તે, ઓલામાં આવ્યું છે ને ? સ્તુતિમાં નહોતું આવ્યું ? ઋષિભદેવની સ્તુતિ પ્રભુ આ બે હાથ જોડીને પગે લાગે છે ને આપને, એમાંથી તો હું એમ માનું છું, કે એક તો અનુભૂતિની પરિણતી ઉભી છે ત્યાં, અને એક વિકલ્પ ઉભો છે એ બે.

એક વિકલ્પનું ફળ સંયોગ અનુકૂળ મળશે. અને આ નિર્વિકલ્પ પરિણતી તો ત્યાં વેદાય છે, એય ઋષભ સ્તુતિમાં આમ લખેલું ભોપાળમાં કરી હતીને ? ભોપાળમાં કરી હતી, પછી બીજે આંહિ લીધી'તી, બેંગલોર હેં ? (**શ્રોતા :** કોટા) કોટા , કોટામાં લીધી હતી એ ત્યાં લાવ્યા'તા ખરા કાગળ લાવ્યા'તા ઠીક. આમ બે હાથ જોડાય છે માટે હું એમ માનું છું પ્રભુ ! ધર્માત્માની દ્રષ્ટિની નિર્મળતા તો છે, એનું ફળ ત્યાં નિર્મળતા છે અને એક બીજો વિકલ્પ ઉઠે છે એનું ફળ સંયોગની અનુકૂળતા છે. સંયોગી ભાવનું ફળ સંયોગ આવશે, સ્વભાવ ભાવનું ફળ ત્યાં આનંદને શાંતિ આવશે. સમજાણું કાંઈ ? સંયોગીભાવ કીધો છે ને ? ભક્તિઆદિનો ભાવ સંયોગીભાવ છે. સ્વભાવ ભાવ નથી, એ ક્યાં છે વસ્તુમાં ? એ કહે છે.

અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા રંગનો આત્માને પણ માની બેસે છે ને પછી રાગ દ્વેષ કરે આહાહા ! મારું સુંદર શરીર રૂપાળું અરે ! તારા રૂપની શું વાત કરવી ભાઈ ! તારું રૂપ તો અંતર છે. હેં ? ભગવાનનું શરીર જોવા તો હજાર નેત્રો કરે છે ને જો ઈન્દ્રો ? એ જોવાનો વિકલ્પ છે એ દુઃખરૂપ છે, બહારથી તો આમ હરખ મનાવે માને બહુ પ્રેમને. આહાહા ! ભગવાનના ઈન્દ્ર સમ્યગ્દ્રષ્ટિ છે આમ જુએ છે તો એને જાણે કે ખુશી થાય છે એમ માને પણ અંદરમાં રાગ થાય છે એ દુઃખ છે. (**શ્રોતા :** એની તરફ વલણ જાય છે એજ આકુળતા છે) એ રાગ સ્તુતિ છે ને ? વલણ થયું એ પોતે રાગ છે, આહાહા ! આમ તો હરખ મનાવે. જો ભગવાનનો જન્મ મા-બાપ ભેગા થાય, સભા ભરાય, નાચ કરે છે ને શું કહેવાય એ ? (**શ્રોતા :** દેવીઓ નાચે) ઈ નહિં ઈ નહિ એનું નામ છે કાંઈ. તાંડવ, તાંડવ એમ કાંઈ કહે છે ભાષા. દેવો પણ એ ક્રિયા ઝાંઝરને એની ક્રિયા જડ, અને વાણી નીકળે એના વખાણ એ પણ જડ, એમાં વિકલ્પ ઉઠયો છે એ પણ ખરેખર તો સાંભળનારનું કામ છે એ દુઃખ છે. આહાહા !

સહજાનંદ સ્વભાવથી વિરૂધ્ધ ભાવ એ જીવની શુધ્ધિને કેમ મદદ કરે ? સમજાણું કાંઈ ? આ લોકોને એ નિમિત્તથી થાય ને વહેવાર આ શુભથી શુધ્ધ થાય અને

ક્રમબધ્ધ નહિ આ બધા વાંધા પાછળના છે. આહાહા! તકરારુ આ. ગામો ગામ જ્યારે પ્રશ્ન ખાનગી ઉઠે તો એને આવા ઉઠે, બહારથી ન બોલી શકે બહુ. આહાહા! ધર્મીને, જ્ઞાનીને આત્મ સ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ દ્વેષ થતો નથી. ગોરો માટે ઠીક છે ને કાળો માટે ઠીક નહિં કુબડુ શરીર કાળુ હોય, શીતળા નીકળ્યાં ચાઠા, શીતળા નીકળ્યા હોય ને પછી સુકાઇ જાય એમ પછી ચાંઠા રહે છે તેથી હું ખરાબ છું એમ માનતો નથી. તેમ એના ઉપર દ્વેષ થતો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા!

શરીરના કોઈ પણ રંગથી રાગ દ્વેષ થતો નથી. પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી, આહાહા! કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી. શરીર બગડેલું હોય ઈયળું પડે, આહાહા! એ તો શરીરની દશા છે એથી એને દ્વેષ થતો નથી કે આમ કેમ? પણ એ જડની અવસ્થા એ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગ પાડવા કે આ ઠીક છે અઠીક છે એવું છે નહિં. વૃત્તિ અસ્થિરતાની ઉઠે એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ? કે અણગમતાને જોઈને નાખુશ થતો નથી, તે જાણે છે કે રૂપ રસ ગંધાદિ પુદ્ગલનો સ્વભાવ છે. આહા! રજકણ કે ઋધ્ધિ વૈમાનિક દેવની જાણ્યા એ પુદ્ગલ સ્વભાવ. તે જાણે છે કે રૂપ રસ ગંધાદિ પુદ્ગલનો સ્વભાવ ધર્મ છે, ધર્મ એટલે સ્વભાવ. આત્મામાં ધર્મ નથી આત્માનો એ સ્વભાવ નથી. આહાહા!

આત્માનો નિરંજન, નિરાકાર. જડનો કોઈ આકાર નથી. અરૂપી, અતીન્દ્રિય અને સ્વસંવેદન ગમ્ય છે. આત્મા તો નિરંજન અંજન મેલ બેલ વિનાની ચીજ છે. નિરાકાર જેને શરીરનો કે રાગનો આકાર નથી. અરૂપી છે એ તો રૂપ વિનાની ચીજ છે. આહાહા! પણ કર્મ ના સંબંધથી એને રૂપી કહો, હવે એ તો સંબંધનું જ્ઞાન કરાવે છે, રૂપી તો રૂપી છે. પ્રવચનસારમાં આવે અમૂર્તના અમૂર્ત ગુણ છે. એણે એમ કીધું છે કે અમૂર્ત ને મૂર્ત છે? બે ને જુદા પાડયા નહિ? દ્રવ્ય તરીકે ગણીને, પછી મૂર્તને અમૂર્ત બંન્ને જુદા પાડયાં. અમૂર્ત દ્રવ્યના અમૂર્ત ગુણને અમૂર્ત પર્યાય. આત્મા તો નિરંજન, નિરાકાર. નિરાકાર શબ્દે પ્રદેશ ગુણને લઈને આકાર છે એ ઈ આકાર એનો અહીં નિષેધ નથી. આકાશ એ પણ આકારવાળી ચીજ છે. સર્વ વ્યાપક ક્યાંય અંત નહિ, તો એને પણ પ્રદેશગુણને કારણે આકાર છે આરે આ. ઓહોહો! વસ્તુની સ્થિતિ કોઇ અલૌકિક છે. આકાશ સર્વ વ્યાપક છતાં તેને આકાર છે કહે છે. પરનો આકાર નહિં. આકાર આ એનું કદ આવડું કદ આવડું છે. આહાહા!

પ્રદેશ ગુણને કારણે આવે છે ને કંઈ? હેં? જુઓ તો ખરા! આંહી તો શરીર અને વાણીનો આકાર તે આકારે આ આકાર નથી. આહાહા! પણ પોતાનું કદ છે

જેટલામાં તેટલો આકારવાળો તો એ છે. આહાહા! સર્વ વ્યાપક આકાશને પણ જ્યાં આકાર છે. આહાહા! શું વાત આ તે! (શ્રોતા : હદ ચાલી ગઈ) હેં! (શ્રોતા : હદ આવી ગઈ આકારની) હદ જ્ઞાનમાં આવી ન્યાં હદ નથી. અણહદ ને અણહદે જાણનારે જાણી છે. આહાહા! એક વસ્તુની સ્થિતી તો જુઓ, કેટલી આશ્ચર્યકારી વસ્તુ. એક કોર અરૂપી આકાશ, આંહિ અરૂપી ભગવાન, એને આકાર નથી એમ કહેવું. છતાં પ્રદેશગુણને લઈને એની વ્યંજન પર્યાયનો આકાર હોય છે. આહાહા! એના અસ્તિત્વમાં એ આકાર છે. શરીરના અસ્તિત્વનો આકાર એનામાં નથી એ અપેક્ષાએ નિરાકાર કહ્યું. અરૂપી અતીન્દ્રિય, આહાહા! અને સ્વસંવેદન ગમ્ય, એ તો પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષના અનુભવમાં વ્યક્ત છે. પરોક્ષ રીતે પણ જણાય એવો નથી એમ કહે છે. એનું સ્વરૂપ જ સ્વસંવેદન ગમ્ય છે એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એ છાસઠ(૬૬) થઈ. સડસઠ(૬૭) લેશે.

આગળ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપણાને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન - મન - ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતા હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે આરંભ - પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારીને પોતાના થતાં અટકાવવા; ત્યારે મુમુક્ષતા નિર્મળ હોય છે.**

**દૃષ્ટિનાં નિધાન ૫૬ શ્રીમદ્ રાજચંદ્ર**

# પ્રવચન – ૮૦

## શ્લોક – ૬૭

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૪.૦૭.૭૫**

**एवं शरीरादिभिन्नमात्मानं भावयतोऽन्तरात्मन: शरीरादे: काष्ठादिना तुल्यताप्रतिभासे मुक्तियोग्यता भवतीति दर्शयन्नाह -**

**यस्य सस्पन्दमाभाति नि:स्पन्देन समं जगत् ।**
**अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतर : ।।६७।।**

સક્રિય જગ જેને દીસે જડ અક્રિય અણભોગ,
તે જ લહે છે પ્રશમને, અન્યે નહિં તદ્યોગ ।। ૬૭ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

**टीका** : यस्यात्मनः सस्पन्दं परिस्पन्दसमन्वितं शरीरादिरूपं जगत् आभाति प्रतिभासते । कथम्भूतं ? निःस्पन्देन समं निःस्पन्देन काष्ठपाषाणादिना समं तुल्यं । कुत स्तेन तत्समं ? अप्रज्ञं जडमचेतनं यतः । तथा अक्रियाभोगं क्रियापदार्थपरिस्थितिः भोगः सुखाद्यनुभवः तौ न विद्येते यत्र । यस्यैवं तत्प्रतिभासते स किं करोति ? स शमं याति शमं परमवीतरागतां संसारभोगदेहोपरि वा वैराग्यं गच्छति। कथम्भुतं शमं ? अक्रिया-भोगमित्येतदत्रापि सम्बंधनीयम्। क्रिया वाक्कायमनोव्यापारः। भोग इन्द्रियप्रणालिकया विषयानुभवनं विषयोत्सवः । तौ न विद्येते यत्र तमित्थंभूतं शमं स याति। नेतरः तद्विलक्षणो बहिरात्मा ।। ६७ ।।

**અન્વયાર્થ :** **(यस्य)** જેને એટલે જે જ્ઞાની પરુષને **(सस्पन्दं जगत्)** ક્રિયાઓ-ચેષ્ટાઓ કરતું (શરીરાદિરૂપ) જગત **(निःस्पन्देन समं)** નિઃશ્ચેષ્ટ કાષ્ઠ-પાષાણાદિ સમાન **(अप्रज्ञं)** ચેતનારહિત જડ અને **(अक्रियाभोगं)** ક્રિયા અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત **(आभाति)** માલૂમ પડે છે, **(सः)** તે **(अक्रियाभोगं शमं याति)** મન-વચન-કાયાની ક્રિયાની તથા ઇન્દ્રિય વિષયભોગથી રહિત એવા પરમ વીતરાગતારૂપ શાન્તિ-સુખને પામે છે; **(इतरः न)** બીજો કોઇ અર્થાત્ તેનાથી વિલક્ષણ બહિરાત્મા જીવ ઉપરોક્ત શાન્તિ-સુખને પામતો નથી.

**ટીકા :** જે આત્માને (જ્ઞાની આત્માને) સસ્પંદ એટલે પરિસ્પન્દયુક્ત (અનેક ક્રિયાઓ કરતું) શરીરાદિરૂપ જગત્ લાગે છે - પ્રતિભાસે છે, કેવું (જગત) ? નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ) સમાન, અર્થાત્ કાષ્ઠ-પાષાણાદિ સમાન એટલે તુલ્ય નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ). શાથી તે સમાન (ભાસે છે) ? કારણ કે તે ચેતનારહિત જડ - અચેતન છે તથા અક્રિયાભોગ અર્થાત્ ક્રિયા એટલે પદાર્થોની પરિણતિ અને ભોગ એટલે સુખાદિ અનુભવ - એ બંનેનો જેમાં અભાવ છે, એવું તે (જગત્) જેને પ્રતિભાસે છે તે શું કરે છે ? તે શાંતિ પામે છે, અર્થાત્ શમ એટલે પરમ વીતરાગતા અથવા સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય - તેને પામે છે. કેવી શાન્તિ ? અહીં પણ તેની (શમની) સાથે અક્રિયાભોગનો સંબંધ લેવો. ક્રિયા એટલે વાણી, કાય અને મનનો વ્યાપાર અને ભોગ એટલે ઇન્દ્રિયોની પ્રણાલિકાથી (ઇન્દ્રિયોદ્વારા) વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ - તે બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાન્તિને પામે છે. બીજો કોઇ નહિં, અર્થાત્ તેનાથી વિપરીત લક્ષણવાળો બહિરાત્મા (તેવી શાન્તિ પામી શક્તો નથી.)

**ભાવાર્થ :** જેને શરીરાદિરૂપ જગત્ કાષ્ટ-પાષાણાદિ તુલ્ય અચેતન-જડ અને નિશ્ચેષ્ટ ભાસે છે, અર્થાત્ પરિણમનરૂપ ક્રિયાથી અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત પ્રતિભાસે છે, તે

એવી પરમ વીતરાગતારૂપ શાન્તિને પામે છે, કે જેમાં મન-વચન-કાયની પ્રવૃત્તિનો તથા ઇન્દ્રિયોના વિષયભોગનો અભાવ હોય છે. અજ્ઞાની બહિરાત્મા આવી શાન્તિ પામતો નથી.

---

# પ્રવચન – ૮૦

જે સમયે અંતરાત્મા આત્મસ્વરૂપની ભાવના કરતાં કરતાં સ્વરૂપમાં સ્થિર થઇ જાય છે, તે સમયે તેને આ જડક્રિયાત્મક-પ્રવૃત્તિમય જગત્ તરફનું લક્ષ છૂટી જાય છે અને તે પરમ વીતરાગતાને પ્રાપ્ત થઇ નિર્વિકલ્પ નિરાકુલ આનંદ અનુભવે છે. ૬૭

કોઇએ મને શીખવ્યું નથી કહે, આ સાધુ. એઇ, ત્રસ કે સ્થાવર. ઘણાં વર્ષની વાત છે છોત્તેર(૭૬)ની. મોહનલાલજી નહિં આ લીમડીની અંદર? એની પાસે દીક્ષા લીધી હતી. વિરમગામનો ડોસો હતો પછી એને મેળ ન ખાધો તો એટલે એકલો રહેતો'તો. લૂગડાં ધોવા સાટું દીધેલું એમાં કાંઇ મેળ ન ખાધો. એકલો રહેતો'તો. આહાહા! શું આ લોકોને કીધું, કીધું કે આ સામાયિક અથવા સાધુપણું ત્રસ હશે કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી લો હવે. આહાહા! હવે આ સાધુ થઇને બેહે. આહાહા! હજી આ વસ્તુ જાણનારો, જાણનારો, ધર્મ કરનારો, એ ધર્મ કરનારો કેવડો? ક્યાં? કેમ છે? એની જેને ખબરું નથી એને ધર્મ ક્યાંથી થાય? આહાહા!

જાણનારને જાણ્યો નહિં ને માથાકૂટ બીજી કરી. સુજાનમલજી આ એવું બધું કર્યું ન્યાં સાદડીમાં? એ આંહી કહે છે. શાંતિ સમ એટલે પરમ વીતરાગતા. આહાહા! પરની ચેષ્ટાઓનું જ્યાં લક્ષ જતાં લક્ષ છોડી દે છે. એમાં હું નથી એ મારામાં નથી. એથી એની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ વસ્તુ એના ઉપર ઢળતાં એને શાંતિ થાય છે. વીતરાગતા થાય છે. એ વીતરાગતા થાય તે ધર્મ છે. આહાહા! અને તેનું વીતરાગતા થઇ એની મૂળ મુદ્રા, છાપ શું એની? કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ એની મુદ્રા, છાપ છે. અનુભવમાં આનંદનો સ્વાદ આવવો એની પ્રધાનતા છે. આહાહા! સમજાણું કાંઇ?

કુંદકુંદઆચાર્યે કહ્યુંને! કે ભઇ હું મારા નિજ વૈભવથી સમયસાર કહીશ. મારો નિજ વૈભવ એટલે પ્રચૂર સ્વસંવેદન સ્વરૂપ. એવું જે મારું નિજ વૈભવ સ્વરૂપ જેની આહાહા! નિરંતર ઝરતા સુંદર સુખ. એ જેનું સ્વ સ્વરૂપ છાપ છે. જ્યારે પરના ઉપરનું લક્ષ હતું ત્યારે તો રાગનું વેદન, પર્યાય ઉપર લક્ષ થયું તો પણ રાગનું વેદન, એ વેદનનાં

તરફથી પરના લક્ષને છોડી દીધું, આહાહા! અને જ્યાં સ્વભાવના આશ્રયે જ્યાં આવ્યો ત્યાં તો એને વેદન પલટી ગયું, એ આંહી કહે છે જુઓ. પરમ વીતરાગતા ઉત્કૃષ્ટ વાત લીધી છે ને? આહાહા! જ્ઞાતા દૃષ્ટાના ભાવમાં વીતરાગતા વહે છે.

પર આખું જગત કંપન ને ચેષ્ટાવાળું જડ છે. ભગવાનની વાણી એ જડ, ભગવાનનું શરીર જડ. આહાહા! સમોસરણની રચના બધી જડની. આહા! (**શ્રોતા** : ભગવાન જડ) શરીર જડ કીધું ને? ભગવાન અંદર છે એ તો દેખાય એને દૃષ્ટિ નથી. એ તો પોતાની દૃષ્ટિ જ્યારે શરીરથી રાગથી ભિન્ન પડી ને જાણે, ત્યારે એ બીજા ભગવાન અંદર છે દેહથી ભિન્ન, ત્યારે એનું જ્ઞાન સાચું થાય એમ છે. પોતાની પર્યાય બુદ્ધિ જઈને દ્રવ્ય બુદ્ધિ થાય એ બીજાને દ્રવ્યપણે દેખે કે ભગવાન આત્મા અંદર કેવળજ્ઞાની છે. આહાહા! આવું સ્વરૂપ આહાહા! **अक्रियाभोगं शमं याति** એમ છે પાછું **अक्रियाभोगं शमं याति** બે શબ્દ લીધા છે ને **अक्रियाभोगं** ભોગથી રહિત છે અને **अक्रियाभोगं शमं याति** એમ લીધું પાછું, આહાહા! **अक्रियाभोगं शमं याति** રાગની ક્રિયા રહિત અને રાગના અનુભવ રહિત, અંતરાત્માના અનુભવની ક્રિયા થાય એ વીતરાગી પર્યાય થાય. આહાહા! એવી શૈલી લીધી છે. આહાહા!

ભગવાન અંદર અકષાય સ્વરૂપે બિરાજમાન છે, વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે. આહાહા! ચારિત્ર સ્વરૂપ છે ને? આ ગુણ વીતરાગ સ્વરૂપ પ્રભુ જ્ઞાન સ્વરૂપ છે, શ્રદ્ધા સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. કોઈપણ ગુણથી લ્યો એ આત્મા તે સ્વરૂપે જ છે. તો એવા સ્વરૂપમાં પરની ચેષ્ટાની દૃષ્ટિ છોડી દઈને, આંહીતો ભગવાનની વાણી અને ભગવાનને પણ ઇન્દ્રિય કીધી. ઇન્દ્રિય છે એ, આ અણીન્દ્રિય નહિં. આહાહા! સમજાણું કાંઈ? જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને એનો વિષય બધા એ ત્રણેય ઇન્દ્રિય. આહાહા! જડ બધી વાણી બાણી ભગવાન કહે છે કે એ ઇન્દ્રિય છે. એની ચેષ્ટાને, એનું આચરણ, જે જડનું એના તરફથી લક્ષ છોડી દે. આહાહા! વાણીનું સાંભળવું ને ભગવાનને જોવું એ પણ છોડી દે એમ કહે છે.

(**શ્રોતા** : ભગવાનને જોવુંય છોડી દે?) છોડી દે. ભગવાનને એટલે એનું શરીર ન્યાં ભગવાન ક્યાં ઓલા નહિં? આહાહા! **अक्रियाभोगं** સંસાર ભોગને દેહ ઉપર વૈરાગ્ય તેને પામે છે. આહાહા! સંસારનો ઉદયભાવ, એનો ભોગ અને દેહ ત્રણથી ધર્મીજીવને પરથી દૃષ્ટિ ફરી જાય છે એટલે વૈરાગ્ય પામે છે. વૈરાગ્યની વ્યાખ્યા ઈ એમ નથી કે પરને છોડયું માટે વૈરાગ્ય. ફક્ત પરના તરફના લક્ષને છોડી દે છે અને સ્વના

આશ્રયમાં આવે છે તેને અહીંયા વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા! જૈન પરમેશ્વરનું સત્ય પરમ સત્ય. કહે છે કે સંસારનાં ઉદયભાવ, એનો ભોગ, ઉદયનું કરવું અને એનું ભોગવવું અને શરીર, એ ઉપરથી વૈરાગ્ય પામે છે. આહા!

રાગનું, પુણ્યના ભાવનું કરવું, ને એનું ભોગવવું, એનાથી પણ દૃષ્ટિ ખસી જાય છે તેથી તેનાથી એને વૈરાગ્ય છે એમ કહે છે. એકલો વૈરાગ્ય એનાથી ખસ્યો એમ નહિં, અંદરમાં દૃષ્ટિ પડી એટલે આંહીથી ખસી ગયો છે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? સંસાર ભોગને દેહ ઉપર વૈરાગ્ય, પરમ વીતરાગ સમને પામે કીધું ને? સમ, સમ પામે છે એટલે વીતરાગતાને પામે છે. આહાહા! બહુ ટૂંકામાં સમાધિ કહો કે ધર્મ કહો. સમાધિ કહો કે મોક્ષનો મારગ કહો. સમાધિ કહો કે વીતરાગ જ્ઞાન વીતરાગી પર્યાય કહો. આહાહા! એ ક્યારે પામે છે? કે પર તરફના ભાવની, જડાદિની ચેષ્ટા ઉપરનું અસ્તિત્વનું લક્ષ છોડી દઇ, આખું જગત જડ છે. એથી એનો આશ્રય અથવા લક્ષ છોડી દઇ, અને સ્વભાવ સન્મુખ જાય છે, એથી પરથી તેને વૈરાગ્ય થાય છે.

વચ્ચે વૈરાગ્ય થાય છે એ વૈરાગ્ય. પુણ્ય-પાપના અધિકારમાં આવશે. પુણ્ય-પાપ રહિત થવું એ વૈરાગ્ય છે. શુભાશુભ ભાવ રહિત થવું એ વૈરાગ્ય છે પુણ્ય-પાપના અધિકારમાં. આહાહા! ચૈતન્યના પૂર્ણ સ્વભાવમાં આવતાં એ અસ્તિ થઇ, એને પુણ્ય-પાપના વિકલ્પથી હટી જાય છે. એ જ્ઞાન ને વૈરાગ્ય બે શક્તિ ચાલે છે ને? નિર્જરા અધિકારમાં નહિં. સમજાણું કાંઇ? જ્ઞાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એનું જ્ઞાન, અને પુણ્ય-પાપના પરિણામથી વિરક્તતા એનું નામ વૈરાગ્ય, આવું ધર્મીને હોય છે. આહાહા! અજ્ઞાની બહારથી માની લે કે આ દયા કરીને, વ્રત પાળ્યા ને, ભક્તિ કરી એ તો મિથ્યા ભાવ છે. આહાહા!

રાગની ક્રિયા ને ધર્મ માન્યો, આહાહા! અને દેહની ચેષ્ટા જે કાંઇ દયા પાળવામાં રહી, કે હિંસામાં ન ગઇ, વિષયના ક્રિયામાં ભોગની ક્રિયામાં ન ગઇ શરીરની ક્રિયા, એથી જાણે કે મેં બ્રહ્મચર્ય પાળ્યું, એ મિથ્યાભ્રમ છે અજ્ઞાનીનો. આહાહા! એમાં જે શુભ ભાવ થાય, શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો એ પણ વિકાર છે, દોષ છે. આહાહા! એનાથી રહિત જેમાં રાગ નથી એટલે કે જેમાં વીતરાગતા પડી છે. જેનું ભગવાન આત્માનું સ્વરૂપ તો વીતરાગ જિન સ્વરૂપ છે. એની દૃષ્ટિ થતાં એને સમતા પ્રગટે છે. પુણ્ય ને પાપનો પ્રેમ હતો એ છૂટી જાય છે. સમયગ્દૃષ્ટિને પુણ્ય ને પાપમાં ભાગ પાડતો કે આ પુણ્ય ઠીક છે ને પાપ ઠીક નથી એ દૃષ્ટિ પરથી છૂટી જાય છે આહા! ત્યારે એની દૃષ્ટિ દ્રવ્ય

ઉપર જાય છે.

અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ જે સર્વજ્ઞે જોયું ને કહ્યું, આહાહા! એમાં દૃષ્ટિ જતાં એને શાંતિ થાય છે. આહાહા! એ શાંતિ થઇ તે ધર્મ છે. આહાહા! ભારે આકરું કામ. આ તો ધમાધમ જાત્રામાં ધમાધમ. આ ત્રણ મહિના જાત્રા નો કરી? કેટલું માણસ, કેટલું માણસ ભેગું થાતું હતું રાતના બાર-બાર વાગ્યા સુધી ત્યાં તો. હેં? (**શ્રોતા :** ભોપાલમાં આવ્યા'તાને) મોડા આવ્યા હશે. થઇ જાય ને અમદાવાદમાંય મોડા આવ્યા હતા નહિં કાંઇ? બાબુભાઇને જુનાગઢથી હેં? સાડાદસે ન્યાં જૂનાગઢથી આવ્યું હતું ને રાજકોટ થઇને. જૂનાગઢ હતાં ને અમે, ત્યાં હતા ને ન્યાંથી રાજકોટ ને ન્યાંથી અમદાવાદ. એમાં ધર્મ ક્યાં આવ્યો? હેં? (**શ્રોતા :** આટલી મોટી પ્રભાવના થઇ ને ધરમ ક્યાં આવ્યો? કરે એ તો માણસ બહારની. આહાહા! ઇ તો બધી બહારની ચેષ્ટાઓ થઇ જડની. ઇ શું કહેવાય એ બસ, બસ ધર્મચક્રની કરી હતી ને બહુ શોભા કરી હતી લાખ રૂપિયાની.

ત્યારે ત્યાં જૂનાગઢમાં ને હું બીજે દિ' નીકળ્યો વ્યાખ્યાનની બહાર જવા ત્યાં આવીને ઉભુ રહ્યું ધર્મચક્ર. બીજે દિવસે ત્રીજ મહાસુદ બીજે ગયા હતાને ત્યાં? બપોરના વ્યાખ્યાન હતું, ત્રીજે સવારમાં મહારાજ અહીંયા બેસો મહારાજ કે આવો. બહાર નીકળ્યા બરાબર ને વ્યાખ્યાનમાં જાવું'તું તળેટી ત્યારે ઇ ધર્મચક્ર. અરેરે! એ ક્રિયાઓ બધી પરની છે. આહાહા! (**શ્રોતા :** એ થયા વગર રહેતી નથી) થાય તે થાય તે એના કારણે થાય છે એમાં આત્માને શું છે? આત્મા કરે તો થાય છે એમ છે? શરીરનું હાલવું, ચાલવું, દોડવું એ તો એની ક્રિયા એના કાળે એનો જન્મક્ષણ છે તે ઉત્પત્તિ થાય જડની. આહાહા! એના ઉપરથી દૃષ્ટિ હટાવી અને દૃષ્ટિને દોલત બતાવે અંદર આત્મા, આહાહા! ત્યારે એને શાંતિ થાય, વીતરાગતા થાય, એને અહીંયા ધરમને સમકિત કહેવામાં આવે છે. આહાહા!

ચંદુભાઇ! અને એમાં પણ એક કોર આખી રાત હાલવું અને દિવસે જાત્રા એનો કોઇએ વિચાર જ કર્યો નહિં. (**શ્રોતા :** મોટા માણસ જોડે હાલવું) હેં? મોટા માણસ દોરે આવું. આ તો મારગ પ્રભુ એવો છે ને. આહાહા! રાત્રે આખી રાત હાલે તે રાતના આઠ વાગ્યાથી, નવ વાગ્યાથી બે વાગ્યા ત્રણ વાગ્યા સુધી. પંચેન્દ્રિય જીવના કચ્ચરઘાણ થઇ જાય. એ જેઠાભાઇ! ધર્મ થઇ જાય કે નહિં? ભાઇ આંહી તો એવી વાત છે. આંહીનો માણસ હોય કે પરનો હેં? આંહી ક્યાં? રાત્રીનો ભાગ નવ વાગ્યા પછી

પ્રાણીઓ, સર્પ, નોળ, ઘોર બહાર નીકળે ખોરાક માટે. એ અંધારે બસું હાલે. સ્થાનકવાસી એકેન્દ્રિય જીવને દુઃખ દે તો ધર્મ નહિં ન્યાં એને મનાવ્યું ને અહીંયા એટલો બધો અતિરેક થઇ ગયો. હેં? ભાઇ આ તો મારગ છે બાપુ!

મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે, પૂજા વખતે પણ એકેન્દ્રિયના જીવને જતના રાખવી. મકાન બને એમાંય જતના રાખવી મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. (**શ્રોતા** : જૈન ચારિત્ર) ના એ નહિં, આ તો જતનની વાત છે. મોક્ષમાર્ગ પ્રકાશકની છે. જૈન ચરિત્ર બીજું મુનિનું છે. આંહી તો કહે છે કે પરચીજની જે ક્રિયા થાય એની ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે. આહાહા! સમજાણું કાંઇ? આહાહા! ચાહે તો સમ્મેદ્ શિખર ઉપર શરીર આમ હાલે એકદમ. પહેલો તો ભાઇ વિરોધ કર્યો'તો એક ભાઇએ કો'કે. શાંતિસાગર ગયા હતાને સમ્મેદ્ શિખર! કો'કે સાંભળ્યું હતું ક્યાંક એવું, ત્યાં ઇરિયા સમિતિ ન પળે એમાં, એટલે બધે ઉંચે જાવું. એકદમ ઝપટથી જાવું જાણે ઇરિયા સમિતિ ન પળે ત્યાં. એ આવી'તી, આવી'તી આવી'તી આ ભાઇએ કીધું હતું મુનશીને, વાત સાચી. આહાહા! ઉંચે એટલે બધે જાવું પડે અને એકદમ જાય તો હાલે (ચાલે) હવે એમાં નીચે કીડી કોણ ક્યાં જીવજંતુ શું? આ તો મારગ વીતરાગનો છે ભાઇ! એમાં રાગને એ બહારની ચેષ્ટાથી ધર્મ થઇ જાય એવું નથી.

આંહી તો કહે છે ને ઇ બહારની ચેષ્ટાઓ છે ઇ બધી જડ જેવી ચેષ્ટા. આહાહા! હાલવું ને ચાલવું ને બોલવું ને એ બધું. આહાહા! (**શ્રોતા** : આ ધર્મચક્રની ક્રિયા થઇ એ બધી જડની?) બહારની તો જડની જ હતીને ત્યારે શું હતું? (**શ્રોતા** : મહાવીરનો સંદેશ) મહાવીરનો સંદેશ બોલતો'તો ઓલો અંદર નાનો બાબુ. પ્રવચન ચાલતું'તું ને અડધો, અડધો કલાક, કલાક સાંભળતો હતો. પણ હવે આ વાતમાં જરી. ધર્મ એ કાંઇ બહારની ચેષ્ટાથી નથી તેમ બહારની ચેષ્ટાના ઉપર થતાં ભાવ, એ તો શુભ ભાવ છે. જાત્રાના ભાવ થાવા એતો શુભ ભાવ છે, એ કાંઇ ધર્મ નથી. ભારે આકરું કામ હેં? (**શ્રોતા** : સ્થાનકવાસી માટે જાત્રાની ના પાડે છે) ઇ જાત્રા કઇ એ તો કઇ અપેક્ષાથી? એ જાણતા નથી એમ એકાંત નથી, એવું એકાંત નથી. એમાં શુભ ભાવ આવે તે ચેષ્ટા તો જડની થવાની હોય તે કાળે થાય, તેના ઉપર એનું જોર ન હોય. આહાહા!

વચમાં એવો શુભ ભાવ અશુભથી બચવા, અથવા કાળક્રમમાં એ ભાવ આવે, એ ન જ આવે તો એ પણ જૂઠી વાત છે. અને તેને ધર્મ માનવો એ બીજી જૂઠી વાત છે. આહાહા! પછી શુભને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે એનું શું થયું? હેં? (**શ્રોતા** : મિથ્યાભાવ) આંહી તો કહે છે કે એ બધુ જડની ચેષ્ટાઓ ઉપરથી લક્ષ છોડી દે! અને ચેષ્ટા

તરફના ભાવ થાય છે એથીય લક્ષ છોડી દે હેં? આવી વાત છે. તો તને સંસાર, ભોગ ને દેહથી તને વૈરાગ્ય થશે. આહાહા! શાંતિ થશે. કેવી શાંતિ? કે શમની, સમતાની સાથે અક્રિયાભોગનો સંબંધ લેવો એટલે કે ક્રિયા એટલે વાણી, કાય ને મનનો વ્યાપાર એ અહીં લીધું. વાણી, કાય, મનનો વ્યાપાર એ ક્રિયા.

ભોગ એટલે ઇન્દ્રિયોની પ્રણાલિકાથી એટલે એના દ્વારાથી વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ. આહાહા! વિષયનો ઉત્સાહ તે બન્ને જેમાં વિદ્યમાન ન હોય, આહાહા! એવી શાતિને પામે એને વીતરાગી ધર્મ કહેવાય છે. આહાહા! **विषयानुभवनं** વિષયોત્સવ, વિષય ઉત્સવ ઠીક. આહાહા!**अक्रिया भोत्रमित्येतदत्रापि सम्बंधनीयम्** । **क्रिया वाक्कायमनोव्यापार:** । **भोग इन्द्रियप्रढ़ालिकया विषयानुभवनं विषयोत्सव:** । વિષયોત્સવ શબ્દ પડયો છે, આહા! વિષયનો એ ઉત્સવ છે. આહાહા! શુભ અશુભ રાગનો એ વિષયનો ઉત્સવ છે. ત્યાં ઓલો કહે પૂજામાં આ છે લ્યો, પૂજામાં વિશુદ્ધભાવ છે પણ વિશુદ્ધભાવ એટલે પોતે શુભ છે, રાગ છે. એ તો સંકલેશની અપેક્ષાએ વિશુદ્ધ કહ્યું. વિશુદ્ધનો અર્થ ત્યાં શુદ્ધતાની વિશુદ્ધતા છે એ નથી કાંઇ. આહાહા! ભગવાન આત્માતો અનુભૂતિમાં અંતરના સન્મુખ જતાં અનુભૂતિ થાય એનાથી તો શુભભાવ ભિન્ન છે. આ તો અંતરના મારગ બાપા! વીતરાગ સ્વભાવે ચૈતન્ય સ્વરૂપનું.

**''જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ,**
**એ વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ''**

વિષય ઉત્સવ આહાહા! ઇન્દ્રિયો દ્વારા વિષયોનું અનુભવન, એટલે પર તરફના લક્ષ વાળા રાગનો અનુભવ. આહાહા! તે બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાંતિને પામે. કેમ કે ભગવાન આત્મા અકષાય રસ સ્વરૂપ છે. ચારિત્રની અપેક્ષાએ અકષાય રસ, જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનરસ. એવો જે અકષાય સ્વભાવ એને પરનો આશ્રય છોડીને, એને આશ્રયે જાય તો એને અકષાય ભાવ થાય અને આંહી શાંતિ કહે છે. અકષાય ભાવ વસ્તુ છે. એમાં એકાગ્ર થાય એટલે અકષાય ભાવ પર્યાયમાં પ્રગટ થાય. આહાહા! ઓહો! વીતરાગ દેવે સર્વજ્ઞે તો પૂર્ણ સ્વભાવનો આશ્રય લઇને વીતરાગતા પ્રગટ કરી, હવે એને આશ્રય લેવો રહ્યો નહિં. આહાહા!

પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા. એના અવલંબે જતાં વીતરાગતા થાય છે. પરના અવલંબે જતાં રાગ થાય છે. આહાહા! વાણી, કાય ને મનનો વ્યાપાર એ ક્રિયા, ભોગ - ઇન્દ્રિયોની વિષયોનું વેદન, તે બંન્ને જેમાં વિદ્યમાન ન હોય એવી શાંતિને પામે છે.

આહાહા! સમ્યગ્દર્શન જ્ઞાન ને શંતિ, ચારિત્ર એ ત્રણે સ્વભાવના આશ્રયે પામે છે. પરનો આશ્રય ને લક્ષ છોડી દે એને. આહાહા! ધર્મ સિદ્ધાંત એ આપણે પુસ્તક આવ્યું'તું પહેલા નહિં ભાઈનું? માણેકચંદજીનું આ આંહી પડયું છે અહિં. એ? કોઈકે મૂક્યું છે કાલે, પૂઠાવાળું છે. વાંચ્યું'તું થોડુ ઘણું ન્યાં એમ કહે.

ગોમ્મટસારને હિસાબે કહેતાં સમ્યગ્દર્શન જીવો બહુ થોડાં છે માટે છોટો ધર્મ કરવો. છોટો, છોટો, નાનો ધર્મ. રાગની ક્રિયા એ પુણ્યની એ નાનો ધર્મ છે. (શ્રોતા : રાગની ક્રિયા એ છોટો ધર્મ ક્યાં હતો? એતો અધર્મ છે) પુણ્યના ભાવને ધર્મ શબ્દ એ વાપર્યો છે ને? (**શ્રોતા** : સમયસારમાં આવે છે) એ તો વહેવારથી વાપર્યો છે. ધર્મ નથી એને ધર્મ કહેવું એ વહેવારનું વચન છે. આહાહા! એવી શાંતિ બીજો કોઈ નહિં એટલે કે જેને પર તરફનો આશ્રય છૂટી, અને સ્વનો આશ્રય પામે તેને શાંતિ પ્રાપ્ત થાય છે, બીજો કોઈ નહિં. પરને આશ્રયે રહેનારાઓને શાંતિ મળતી નથી. આહાહા! અર્થાત્ તેનાથી વિપરીત લક્ષણવાળો બહિરાત્મા તેવી શાંતિને પામી શક્તો નથી. એટલે બાહ્ય ચીજ જો દેહાદિની ચેષ્ટા, રાગાદિનો ભાવ, એના ઉપર જેનું લક્ષ છે તે હું છું એવો બહિરાત્મા. બહિ નામ એની ચીજમાં એ નથી એને પોતાની માને એને આવી શાંતિ થાય નહિં. આહાહા!

બહિરચીજો જે છે રાગાદિથી માંડીને બાહ્ય બધા પદાર્થો એના ઉપરનું લક્ષ છોડી દઈ, અંતર સ્વરૂપ ભગવાન અંતરાત્મા, અંતરઆત્મા. આહાહા! જ્યાં શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે, એને પર્યાય ને ત્યાં વાળતાં જે શાંતિ થાય, એ બહિરાત્માને એવી શાંતિ હોતી નથી. આહાહા! ભલે રાગની મંદતા, દયા, દાન, વ્રત, તપ કરે પણ એ બધી અશાંતિ છે, એ તો રાગ છે. આવો મારગ ભારે આકરો. તેથી કહે છે નિશ્ચય, પણ નિશ્ચય એટલે સત્ય આ છે. વહેવારતો નિશ્ચયથી ભાન થયું એને રાગ આવે છે. એને વહેવાર ધર્મ ઉપચાર કરવામાં આવે છે. ધર્મ બે પ્રકારનો નથી. ધર્મ એક જ છે. હેં? (**શ્રોતા** : આ પ્રથમ કરવા યોગ્ય છે) પહેલું આ જ છે. કરવાનું એ જ છે. એ જ શરૂઆત છે એની, આહાહા! બીજું પછી, પછી ઠરવાનું ઈ. આહાહા! આવો મારગ અનંતકાળથી એને ખબર નથી.

**''અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન,**
**સેવ્યા નહિં ગુરુ સંતને, મૂક્યા નહિં અભિમાન''**

પણ એ સમજે ત્યારે ને! આહા! એવો વિકલ્પ આવે એ જુદી વાત છે. નિશ્ચયથી પોતે પોતાના સ્વભાવને ગુરુ તરીકે જાણીને જેણે જાણ્યો, ત્યારે બીજા ગુરુને આરોપ આપવામાં આવે કે આ ગુરુ મારા એવી વાત છે.

**ભાવાર્થ :** જેને શરીરાદિ, શરીર, વાણી, મન, જગત કાષ્ટ પાષાણાદિ તુલ્ય અચેતન, જડ અને નિશ્ચેષ્ટ ભાસે છે. આહાહા ! એટલે જ્ઞાનની ચેષ્ટા ક્યાં છે ? બધી જડની ચેષ્ટા છે ને ! એટલે જડની ચેષ્ટા નિશ્ચેષ્ટ છે એમ. અર્થાત્ પરિણમનરૂપ ક્રિયાથી અને સુખાદિ અનુભવથી રહિત છે. એ જાણવાની ક્રિયારૂપ પરિણમન એમ. જાણવારૂપ આચરણ એવા પરિણમનથી રહિત છે અજ્ઞાની. સુખાદિથી રહિત છે જગત. આહાહા ! તે એવી પરમ વીતરાગતારૂપ શાંતિને પામે છે. જેને આ રીતે પરનો પ્રતિભાસ પરથી, પર તેમાં જ્ઞાનનું આચરણને ભોગવું છે જ નહિં એમાં, એનો એવો પ્રતિભાસ જેના જ્ઞાનમાં થાય તે જ્ઞાન પરમ વીતરાગ શાંતીને પામે. આહાહા ! એ સમજીને સમાય એમાં. આવે છે ને ? શ્રીમદ્‌માં આવે છે.

(**શ્રોતા :** એ સમજીને સમાય જાય તો પછી ઉપદેશકને માનવા નહિં ?) ઉપદેશક એ પોતે જ છે. પોતે પોતાને સમજાવે છે પોતે ઉપદેશક એવી વાત છે. બહારના ઉપદેશને પછી નિમિત્ત તરીકે કહેવાય. પોતે પોતાને જ સમજાવે છે ને કે હે પ્રભુ ! તું પૂર્ણ શુદ્ધ છો. આનંદ સ્વરૂપ એવા અસ્તિત્વનું શ્રદ્ધાનું જ્ઞાન કોણ કરે છે ? પોતે જ. હેં ? (**શ્રોતા:** એ નિર્ણય તો પોતે કરે ને) એ નિર્ણય એ ત્યારે ઓલું વહેવાર કહેવાય. (**શ્રોતા :** અંતરમાં જાય ત્યારે નિર્ણય થયો કહેવાય) નિર્ણય તે અનુભવનો નિર્ણય એ નિર્ણય. આહાહા ! મારગ આવો ભાઇ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઇન્દ્રોને ગણધરોની સમક્ષમાં પણ આ હતું સાંભળ્યા વિના નિર્ણય કરે. સાંભળ્યું એ તો પર ઉપર ગયું અને પરનું લક્ષ છે, પરના લક્ષે જે જ્ઞાન થયું એ જ્ઞાન પણ કાંઇ આત્માનું નથી, વાત તો વહેવારે એમ છે. શ્રીમદ્‌માંય આવે છે ને ? બાર(૧૨)માં ગુણસ્થાન સુધી શ્રુતજ્ઞાન ભાવશ્રુત છે. આણેય નાંખ્યું છે ધર્મ સિદ્ધાંત ફળમાં એ આંહી કેવા માણેકચંદજી બાર(૧૨)માં ગુણસ્થાન સુધી શ્રુતનો આધાર છે. અરે ભાઇ ! એ તો શ્રુતજ્ઞાન હોય છે એટલે કે, પ્રત્યક્ષ જ્ઞાન કેવળ નથી એ અપેક્ષાએ શ્રુતજ્ઞાન હોય છે એ. એ સાભળેલું છે માટે શ્રુતજ્ઞાન થાય છે એમ નથી. અંદર ભગવાન આત્માને સાંભળ્યો અંદર વેદનમાં આવ્યું એને. આહાહા !

ઓલું નથી કહ્યું ? સમસ્ત જીવો બંધની કથાને અનંતવાર સાભળી છે તો નિગોદના જીવો નીકળ્યા નથી એણે સાંભળી છે એમાં તો એમ આવ્યું. પરિણમન છે ને ઇ સાંભળ્યું છે ? આહાહા ! બધા જીવોએ રાગની કથા પૂર્વે અનંતવાર સાંભળી છે, એમ ચોથી(૪) ગાથામાં છે. તો કયા એકેન્દ્રિય નિગોદના જીવો હજી બહાર નીકળ્યા નથી એણે સાંભળી છે ? એનો અર્થ કે રાગનું વેદન છે ઇ સાંભળ્યું છે એણે. આહાહા ! આહાહા !

શુભ અશુભ ભાવ, શુભ અશુભ ભાવ તો થયા જ કરે છે એકેન્દ્રિયને, એનું એણે સાંભળેલું છે વેદન છે. સાંભળ્યું, પરિચય ને વેદન, પણ એ વેદન છે એટલે શ્રુત એનું થઇ ગયું એનો અર્થ ઇ. આહાહા!

પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા, અને અંતર પૂર્ણ સ્વભાવ તે અભિન્ન સ્વભાવવાન પૂર્ણ વીતરાગ સ્વભાવથી સ્વભાવવાન અભિન્ન, તે વાત સાંભળી નથી તેં. આહાહા! સાંભળી એને કહીએ કે રાગથી રૂચી છોડીને સ્વભાવ સન્મુખ જાય, એણે એ રાગ રહિતની વાત સાંભળી. સમજાણું કાંઇ? આવો મારગ. જેમાં મન, વચન ને કાયાની પ્રવૃત્તિનો અને ઇન્દ્રિયોના વિષયભોગનો અભાવ હોય છે. અજ્ઞાની બહિરાત્મા આવી શાંતિ પામતો નથી. કષાયની મંદતા કરે, ઉદાસ પરથી આદિ પણ એને શાંતિ હોતી નથી. આહાહા! એ હમણાં મળ્યા હતાં ને દેવચંદજી જામનગર, કે ઓળી કરી અને શંખેશ્વરમાં બહુ શાંતિ કીધું શાંતિ બાંતિ તો બાપુ હેં! હેં! એ શાંતિ એમ કે શ્રદ્ધા ફેર છે ને, ત્યારે એમ તમારી શ્રધ્ધાને અમારી શ્રધ્ધા એવા ને એવા માણસ. આહાહા! (શ્રોતા : સમજીને સમાઇ ગયા ને સમજી ને સમાઇ રહ્યા) રહ્યાં એ તો બધું બે શબ્દ આવે છે ખબર છે ''સમજીને સમાઇ રહ્યાં અંદરમાં, સમજીને સમાઇ ગયા અંદરમાં'' અજ્ઞાની બહિરાત્મા આવી શાંતિ પામતો નથી. થોડું છે.

વિશેષ કહેશે ..........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**વૈરાગ્ય તો તેને કહીએ કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, પુણ્ય - પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી.**

**દૃષ્ટિનાં નિધાન ૨૪૧**

# પ્રવચન – ૮૧
# ઉપલબ્ધ નથી

## શ્લોક – ૬૮

**सोप्येवं शरीरादिभिन्नमात्मानं किमिति न प्रतिपद्यत इत्याह –**

**शरीरकंचुकेनात्मा संवृतज्ञानविग्रहः ।**
**नात्मानं बुध्यते तस्माद्भ्रमत्यतिचिरं भवे ।।६८।।**

તે (બહિરાત્મા) પણ એવી રીતે શરીરાદિથી ભિન્ન આત્માને કેમ પ્રાપ્ત કરતો (જાણતો) નથી ? તે કહે છે : –

**અન્વયાર્થ** : (शरीरकेचुकेन) શરીરરૂપી કાંચળીથી (संवृतज्ञानविग्रहः आत्मा) જેનું જ્ઞાનરૂપી શરીર ઢંકાયેલું છે તે બહિરાત્મા (आत्मानं) આત્માના યથાર્થ સ્વરૂપને (न बुध्यते) જાણતો નથી;(तस्मात्) તેથી (अतिचिरं) બહુ લાંબા કાળ સુધી (भवे) સંસારમા તે (भ्रमति) ભમે છે.

**ટીકા** : શરીર તે જ કંચુક (કાંચળી) - તેનાથી ઢંકાયેલું એટલે સારી રીતે આચ્છાદિત થએલું જ્ઞાનરૂપી શરીર અર્થાત્ સ્વરૂપ જેનું, (અહિં શરીર સામાન્યનું ગ્રહણ કરવા છતાં કાર્માણ શરીરનુ જ ગ્રહણ સમજવું, કારણ કે તેની જ મુખ્ય વૃત્તિએ તેના આવશ્યકપણાની ઉપપત્તિ છે અર્થાત્ તે આવરણરૂપ છે) એવો બહિરાત્મા આત્માને જાણતો નથી; તેથી આત્મસ્વરૂપ નહિં જાણવાના કારણે તે અતિ ચિરકાળ - બહુ બહુ કાળ સુધી ભવમાં એટલે સંસારમાં ભમે છે.

**ભાવાર્થ** : વાસ્તવમાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન જ તેનું શરીર છે, પરંતુ અનાદિ કાળથી સંસારી આત્માને કાર્માણ શરીર સાથે એકપણાના અધ્યાસથી તેનું સ્વરૂપ વિકૃત થઇ ગયું છે. તેવા બહિરાત્માને આત્માના યથાર્થસ્વરૂપનું જ્ઞાન નથી, તેથી તે સંસારમાં ચિરકાળ સુધી ભમ્યા કરે છે.

અહીં કાંચળીનું દૃષ્ટાંત સ્થૂલતાની અપેક્ષાએ છે, કારણકે જેવી રીતે કાંચળી સર્પના ઉપરના ભાગમાં રહે છે, તેવી રીતે કાર્માણ શરીરનો સંબંધ આત્મા સાથે નથી, પરંતુ પાણીમાં નિમક જેમ મળી જાય છે, તેમ બંનેનો એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ છે. [૧]

## વિશેષ

આત્મા અને કર્મનો સબંધ અનાદિકાળથી છે, પણ તે પ્રવાહરૂપે છે જ્યારે અજ્ઞાનવશ જીવ કર્મના ઉદયમાં જોડાય છે તે જ સમયે ઉદયમાં આવેલા કર્મ ખરે છે અને નવાં કર્મ સ્વયં બંધાય છે. એમ કર્મ - સંતતિ પ્રવાહરૂપે ચાલુ રહે છે. જો જીવ કર્મના ઉદયમાં ન જોડાય તો નવા કર્મ બંધાતા નથી અને જૂના કર્મ ખરી જાય છે.

જ્યાં સુધી જીવ પોતાની વિપરીત માન્યતા ટાળતો નથી, ત્યાં સુધી દર્શનમોહનીય કર્મનો પ્રવાહ ચાલુ રહે છે અને જીવ તેના ઉદયમાં જોડાતો રહે છે, અને તેથી સંસારમાં રખડયા જ કરે છે.

''દ્રવ્ય પ્રત્યયોનો ઉદય થતાં, શુદ્ધાત્મ સ્વરૂપની ભાવનાનો ત્યાગ કરીને (જીવ) જ્યારે રાગાદિભાવે પરિણમે છે ત્યારે બંધ થાય છે, ઉદયમાત્રથી નહિં જ. જો ઉદયમાત્રથી બંધ થાય તો સર્વદા સંસાર જ રહે. કેવી રીતે? સંસારીઓને સર્વદા જ કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે માટે. તો શું કર્મોદય બંધનું કારણ નથી થતું? ના, નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ થએલાઓને મોહસહિત કર્મોદય વ્યવહારથી નિમિત્ત થાય છે, પણ નિશ્ચયથી તો પોતાનો રાગાદિ અજ્ઞાન ભાવ જ અશુદ્ધ ઉપાદાન કારણ છે.''[૨] ૬૮

૧. સર્પની કાંચળી તેના શરીરથી જુદી થવા યોગ્ય ન હોય ત્યાં સુધી તે સર્પના શરીર સાથે સંલગ્ન (ચોંટેલી) રહે છે, તેમ અજ્ઞાની જ્યાં સુધી કાર્માણ શરીર સાથે એકતા કરે છે ત્યાં સુધી કર્મો સાથે બંધ ચાલુ રહે છે; જેમ સર્પની કાંચળી તેના શરીર સાથે ચાલુ રહે છે તેમ.

૨. જુઓ - શ્રી સમયસાર ગા. ૧૬૪ -૧૬૫ની શ્રી જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા.

# પ્રવચન – ૮૨

## શ્લોક – ૬૯

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૬.૦૭.૭૫**

**यद्यात्मन: स्वरूपमात्मत्वेन बहिरात्मानो न बुद्धयन्ते तदा किमात्मत्वेन ते बुद्धयन्ते इत्याह-**

**प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ ।**
**स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धय: ।। ६९ ।।**

અસ્થિર અણુનો વ્યુહ[૧] છે સમ-આકાર શરીર,
સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ ।। ૬૯ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

૧. વ્યૂહ –સમૂહ

**टीका** : तं देहमात्मानं प्रपद्यन्ते । के ते? अबुद्धयो बहिरात्मानः । कया कृत्वा? स्थितिभ्रान्त्या। क्व? देहे। कथम्भूते देहे? व्यूहे समूहे। केषां? अणूनां परमाणूनां । किं विशिष्टानां? प्रविश-द्गलतां अनुप्रविशतां निर्गच्छतां च। पुनरपि कथम्भूते? समाकृतौ समानाकारे सदृशपराप-रोत्पादेन। आत्मना सहैकक्षेत्रे समानावगाहेन वा। इत्थम्भूते देहे या स्थितिभ्रान्तिः स्थित्या कालान्तरावस्थायित्वेन एकक्षेत्रावस्थानेन वा भ्रान्तिर्देहात्मनोरभेदाध्यवसायस्तया ।।६९।।

જો બહિરાત્માઓ આત્મસ્વરૂપને આત્મપણે ન જાણતા હોય, તો તેઓ કોને આત્મપણે જાણે છે? તે કહે છે :-

**અન્વયાર્થ** : (अबुद्धयः) અજ્ઞાની બહિરાત્મા જીવો, (प्रविशद् गलतां अणूनां व्यूहे देहे) પ્રવેશ કરતા અને બહાર નિકળતા - એવા પરમાણુઓના સમૂહરૂપ દેહમાં, (समाकृतौ) આત્મા અને શરીરની આકૃતિના સમાનરૂપમાં (स्थितिभ्रान्त्या) આત્મા સ્થિત હોવાથી - અર્થાત્ શરીર અને આત્મા એક ક્ષેત્રમાં સ્થિત હોવાથી - બંનેને એકરૂપ સમજવાની ભ્રાન્તિથી (तम्) તેને એટલે શરીરને (आत्मानं) આત્મા (प्रतिपद्यते) સમજી લે છે.

**ટીકા** : તેઓ દેહને આત્મા સમજે છે. કોણ તેઓ? બુદ્ધિ વિનાના બહિરાત્માઓ. શાથી (એમ સમજે છે)? સ્થિતિની ભ્રાન્તિથી. શામાં? દેહમાં. કેવા દેહમાં? વ્યૂહરૂપ એટલે સમૂહરૂપ (દેહમાં). કોના (સમૂહરૂપ)? અણુઓના-પરમાણુઓના (સમૂહરૂપ). કેવા પ્રકારના (પરમાણુઓના)? પ્રવેશતા-ગલતા અર્થાત્ પ્રવેશ કરતા અને નીકળતા (પરમાણુઓના). વળી કેવા (દેહમાં)? સમાકૃત-એકબીજાના સદૃશ ઉત્પાદથી સમાન આકારવાળા (દેહમાં) - અર્થાત્ આત્માની સાથે સમાન અવગાહથી એક ક્ષેત્રવાળા (દેહમાં). આવા દેહમાં જે સ્થિતિ ભ્રાન્તિ-સ્થિતિથી એટલે કાલાન્તર-અવસ્થાયિપણાને લીધે યા એક ક્ષેત્રમાં રહેવાના કારણે-જે ભ્રાન્તિ અર્થાત્ દેહ અને આત્માના અભેદરૂપ અધ્યવસાય - તેના કારણે (દેહને આત્મા માને છે).

**ભાવાર્થ** : નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્ગલ-પરમાણુઓના સમૂહરૂપ દેહમાં સમાન આકૃતિએ-એક ક્ષેત્રે આત્મા સ્થિત હોવાથી, દેહ અને આત્માની એકપણાની ભ્રાન્તિને લીધે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે.

આ શરીર પુદ્ગલ પરમાણુઓનું બનેલું છે, આ પરમાણુઓ તેના તે કાયમ રહેતા નથી. સમયે સમયે અગણિત પરમાણુઓ શરીરની બહાર નીકળે છે અને નવા નવા પરમાણુઓ શરીરની અંદર દાખલ થાય છે. પરમાણુઓના નીકળી જવાથી તથા બીજાનો પ્રવેશ થવાથી શરીરની બાહ્ય આકૃતિમાં સ્થૂલ દૃષ્ટિએ કાંઇ ફેર લાગતો

નથી. વળી આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ સંયોગ સંબંધ છે, તેથી બંનેની સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની જીવને ભ્રમ થાય છે કે 'આ શરીર જ હું છું'. તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વનું જ્ઞાન જ નથી.

શરીર અને આત્માને દૂધ-પાણીની જેમ એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે. શરીર ઇન્દ્રિયગમ્ય છે અને આત્મા અતીન્દ્રિયગમ્ય છે. અજ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાન હોવાથી તે શરીરનેજ દેખે છે, આત્માને દેખતો નથી; તેથી તે શરીરને જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે અને શરીર સંબંધી રાગ-દ્વેષ કરે છે.

### વિશેષ

''જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં (આત્મામાં) 'આ કર્મ-નોકર્મ છે' - એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે.''[૨]

શ્લોકમાં કર્મના કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહયું નથી, પણ પોતાના અપરાધથી જ તે તેવા ભ્રમમાં પડે છે. ૬૯.

---

## પ્રવચન – ૮૨

સમાધિતંત્ર. ૬૯ ગાથા છે. જો બહિરાત્માઓ આત્મસ્વરૂપને આત્મપણે ન જાણતાં હોય, તો તેઓ કોને આત્માપણે જાણે છે ? પોતાનું અસ્તિત્વ જેને જ્ઞાનમાં આવતું નથી તો એને ન જાણે તો એ કોને જાણે છે ? એવો પ્રશ્ન શિષ્યનો છે.

**प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ ।**
**स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः ।। ६९ ।।**

**અસ્થિર અણુનો વ્યુહ[૩] છે સમ-આકાર શરીર,**
**સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ ।। ૬૯ ।।**

**ટીકા :** આ દેહ જ આત્મા સમજે છે. જે જીવ આ દેહને આત્મા જાણે છે આ દેહ છે એને.

---

૨. નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે,'
-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે(૧૯) (શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ-ગા. ૧૯.)
૩. વ્યૂહ –સમૂહ

કોણ ? બુધ્ધિ વિનાનાં લ્યો. આહા। આ દેહ છે એ જડ માટી એને પોતાનું સ્વરૂપ જાણે છે ઇ હું છું. કારણકે એમાં ઘણો કાળ એમાં રહે છે અને એકક્ષેત્રાવગાહ છે. એક ક્ષેત્રમાં આમ સાથે છેને ? એથી એને એમ સમજે છે ? સ્થિતિની ભ્રાન્તિ એટલે રાજેશ છે ? હેં ? આ તો મોટો હેં ? આહાહા ! આ દેહને આત્મા કેમ સમજે છે જીવ અજ્ઞાની ? અબુદ્ધિ સ્થિતિ ભ્રાંતિથી. આ શરીરમાં ઘણો કાળ રહે છે, અને એકક્ષેત્રાવગાહમાં હોય છે, એથી જાણે આ શરીર તે હું. સવારમાં આવ્યું'તું ને ઓલું. શરીરની ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ તો પરમાણુ પરમાણુમાં છે. આહાહા ! શરીરની નવી અવસ્થા થાય, જૂની જાય અને ધ્રુવ એ તો એનું અસ્તિત્વ એનામાં રજકણમાં છે. ખરેખર તો એ આત્માનાં ક્ષેત્રમાંય નથી, અને આત્મા એના કાળમાં ઘણો કાળ એમાં રહ્યોય નથી. આહાહા ! ફક્ત આ બાહ્યક્ષેત્રથી એ અંદર છે અને ઘણો કાળ એમાં રહે એટલે જાણે 'આ તે હું' મૂંઢ બુદ્ધિ થઇ ગઇ.

જુઓને આ લોકો કહે છે ને ? હમણાં કો'ક કહેતું હતું કોઇ, વિનોબાજીએ ઈંદિરાને ભલામણ કરી અભિનંદન આપ્યું. તમે આ રીતે ગરીબી હઠાવશો. ઓલા સંગ્રહ કરનારાઓને કેદમાં નાંખ્યાને ? એથી લોકોની ગરીબી હઠશે. આહા ! ગરીબી કહેવી કોને ? (**શ્રોતા** : નિયમ કરવો એ તો પર પદાર્થમાં સન્મુખ છે). આંહી ગરીબી તો, ભગવાન અનંત આનંદ અને અનંત શાંત સ્વરૂપ છે, એને ન માનતાં, હું એક પર્યાય જેટલો કે શરીરમાં રહું છું માટે શરીર તેટલો એ ગરીબાઇ છે. વરાકા શબ્દ કહ્યોને શાસ્ત્રમાં ? એને વરાકા - ગરીબ ભિખારા બિચારા ગરીબ છે ઇ. આહાહા ! એની ગરીબાઇની પર્યાયમાં આખો ભગવાન પૂરણ એક સમયમાં જ્ઞાન આનંદ આદિ સ્વભાવથી પરિપૂર્ણ છે. એનું અસ્તિપણુંનું પ્રતીત નથી. જ્ઞાનમાં તે જ્ઞેય ભાસ્યું નથી. જ્ઞાનમાં રાગ અને આ શરીરની પર્યાય અથવા પોતાની એક સમયની પર્યાય એટલી ભાસી છે તે ગરીબ છે. એ ગરીબીને હઠાવી કોણ શકે ? બીજો હઠાવી શકે ? (**શ્રોતા** : ...) ભાઇ નથી આવ્યા હિંમતભાઇ ? મહેમાન આવ્યા.

અનંત આનંદ અને અનંત જ્ઞાન એવી લક્ષ્મી પોતાની પડી છે એને એટલી એવડી ન માનતાં હું એક સમયની પર્યાય જેટલો, કાં રાગવાળો, કાં શરીરની સ્થિતિમાં ઘણો કાળ રહું છું માટે શરીર તે હું. આહાહા ! આ ગરીબાઇ છે. (**શ્રોતા** : ઇ બીજી જાતની ગરીબાઇ આ શાસ્ત્ર પાઠની ગરીબાઇ) હેં ? પૈસાની વાતું કરે છે. (**શ્રોતા** : ... ) ધૂળેય ગરીબાઇ નથી પૈસાની. આહાહા ! સાતમી નરકમાં નારકી, પાણીનું બિંદુ નહિં, આહારનો કણ નહિં, રહેવાના સ્થળ નહિં, રહેવાનાં ઓટલાં નહિં. આહાહા ! પણ ભગવાન અંદર

આનંદસ્વરૂપ પૂરણ શક્તિ અને પૂરણ સ્વભાવ અંદર પડયો છે. એનો અંતરમાં અનુભવ અને સ્વીકાર થયો છે એ ગરીબ નથી. એ સમ્યક્ પૂરણ સત્યને સ્વીકાર્યું, પૂરણ સત્યને સમ્યગ્દષ્ટિએ તે સમ્યક્પણે સ્વીકાર્યું. એ એ એ ઇ લક્ષ્મીવાન છે. આહાહા !

કેવળજ્ઞાન ને પૂરણ સ્વભાવને જેણે શ્રદ્ધામાં, શ્રદ્ધાએ પ્રગટ કર્યું છે, શ્રીમદ્માં આવે છે. આહાહા ! આ ગરીબાઇ તો પાછી મિથ્યાદૃષ્ટિ પાપી પાપ કરશે, અને વળી ફરીને પાછી ગરીબાઇ તો મળશે જ એને બહારની. આહાહા ! જે ગરીબાઇ ટળે અને શ્રીમંત થાય, શ્રીમંત સ્વરૂપ જે આને શ્રીમંત (સીમંત) કહે છે ને ? આ બાળક રહે ને એને હેં ? એજ સીમંત કહે છે. બાળક આમ પેટમાં આવેને ? હેં ? આવ્યો ખરોને એક. આ શ્રીમંત તો આ છે. આહા ! જેણે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂરણનો સ્વીકાર, એ પર્યાય પણ એને સન્મુખ થઇ, એથી એનો આશ્રય લીધો એટલું કહેવામાં આવે, પણ પર્યાયમાં શ્રીમંતપણું એને પ્રગટયું. હું આ પૂરણ છું, શુદ્ધ ધ્રુવ છું.

અખંડ એકરૂપ મારી ચીજ છે. જેના ખજાને અનંતગુણના રતન ભર્યા છે જેમાં. આહાહા ! એવું જેણે વર્તમાન પર્યાયનાં સત્ સ્વભાવમાં એનો સ્વીકાર કર્યો, પર્યાયે આશ્રય લીધો દ્રવ્યનો એમ કહેવાય. શાસ્ત્રમાં તો એમ ભાષા આવે છે ને ? **भूयत्थं असिदो खलु** ભૂતાર્થને આશ્રયે એનો અર્થ એ, કે જે પર્યાયમાં પોતાની કબૂલાત નહોતી, એ પર્યાયે પોતાના અંશને આખો માન્યો'તો, રાગ અને દયા-દાનનાં વિકલ્પને માન્યો'તો એ પર્યાયે દિશા ફેરવી, એથી એણે દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવામાં (આવે છે). આહાહા ! બાકી તો એની પર્યાયમાં આખી ચીજ એ છે એની શ્રધ્ધામાં આખી ચીજ આવી ગઇ તો એ જ્ઞાનની પર્યાયમાં આખું જ્ઞેય જ્ઞાનમાં આવી ગયું છે. આહા ! એ શ્રીમંત છે કે જેને કેવળજ્ઞાન થશે, થશે ને (થશે). આહાહા ! કહો સમજાણું આમાં ? એમને.

જયંતિભાઇ છે કે ગ્યા ? તમારા હેં ? (**શ્રોતા** : ગ્યા ભાવનગર) ગ્યા ઠીક. (**શ્રોતા** : ગ્યાં ઠીક) હેં ? નિયમસારમાં શું (**શ્રોતા** : એ તો સ્વતંત્ર દ્રવ્ય રહે છે) એ તો ધ્યાનની વાત કરી. એ તો આત્મા અંદર પૂરણ સ્વરૂપ છે તેનું જેણે ધ્યાન કર્યું એનો અર્થજ ઈ આ, કે જેણે વર્તમાન પર્યાયને તે બાજુ વાળી એ સર્વસ્વ છે. ત્યાં આવે છે ને ભાઇ ? વ્રત ને તપ ને ફલાણું બધુંય સર્વસ્વ જાણજે. આહાહા ! કારણકે જેણે પૂરણ આનંદના નાથને પૂરણ ચતુષ્ટય ભર્યા છે અનંત આનંદ આદિ ચતુષ્ટય, ઇ સિવાય અનંત ગુણો પૂરણ ભર્યા છે, એ ગુણની સંખ્યાનો તો પાર નથી પણ ગુણની શક્તિનો પાર નથી. એક એક ગુણની, આહાહા ! એવી લક્ષ્મી જેણે પર્યાયે તાબે કરી કે આ હું. ગિરધરભાઇ ! આવી વાત છે.

આહાહા ! આ બધી તમારી શેઠાઇ ને નહિં ? કાર્યકર્તા ને શેઠ બેય.

આ દુનિયામાં તો એમ કહે ને કે બહારથી કાર્યકર્તા છે અહાહા ! કાર્યનો કરનારો તો જેણે આત્માનાં પૂર્ણાનંદનાં સ્વભાવને પર્યાયમાં, પર્યાય કહો કાર્ય કહો એ કાર્યમાં કારણ પરમાત્મા જેણે સ્વીકાર્યો એ કાર્યકર્તા છે. આહાહા ! આ બધી આ બહારની ગરીબાઇ અને બહારની તવંગર, એ તો બહારના ભેખ એ તો અનંત વાર આવે અને ગ્યા એ કાંઇ વસ્તુ નથી. આહાહા ! ખાવા પીવાના સાધન હોય, સૂવા બેસવાના મકાન હોય, સહુના સાધન હોય, અત્યારે રાખે છે ને કપાટો બધું, કંઇક જાતની દવાઓ રાખે. હેં ? હવે વીંછી કરડે તો ઓલું રાખે, સર્પ કરડે તો રેકર્ડના કટકાઓ શું કહેવાય આ ? (**શ્રોતા :** ગ્રામોફોન) ગ્રામોફોન રેકર્ડ રાખે. (**શ્રોતા :** વીંછી કરડે એટલા માટે) ઇ જ હાં એ કામ આવે. ધૂળેય નથી સાંભળને ! આહાહા !

આંહીતો અનંતા સ્વભાવનાં શણગારવાળો પ્રભુ, એવું જેને જ્ઞાનમાં પર્યાયમાં, પર્યાય છે સત્, એ સત્ કંઇ પરની અપેક્ષા રાખતું નથી, સમજાણું કાંઇ ? પણ એ પર્યાય આમ વળે છે એટલે એટલો આશ્રય લીધો એમ કહેવામાં (આવે) બાકી તો એ પર્યાય સ્વતંત્ર છે. આખું દ્રવ્યને કબૂલ્યું જેણે દ્રવ્યને અડયા વિના. આહાહા ! જે પર્યાયે પર્યાયવાનને સ્પર્શયા વિના જેણે કબૂલ કર્યું, ઓહોહો ! એવી સત્ પર્યાય એ શ્રીમંત છે. રતીભાઇ ! આ બધા તમારા પૈસાવાળાને બહુ કહે, લ્યો અહિંયા આ ધીયા કરોડપતિ છે ને આમ છે એ વખતે માણસો વાતો બહુ કરે. પૈસા આવા પેદા કરે છે ને આવું કરે છે. કોણ પૈસા પેદા કરે ? એ જડ અને કરોડ પૈસા એ આત્મા કરોડપતિ જડનો પતિ ? (**શ્રોતા:** એક લાખ રૂપિયા કમાય છે રોજના) ધૂળેય નથી, એ તો એક લાખ કમાય ને ઓલો મરી ગ્યો હેં ? શાંતીલાલ ખુશાલ, ગોવા. એક દિ' ના એક લાખની પેદાશ, મરી ગ્યો પાંચ મિનિટમાં. પણ ઇ ચીજ ક્યાં એની હતી ને એનામાં હતી. આહાહા !

ઓગણીસ(૧૯)મી ગાથામાં નથી કાંઇ આનું આ છે એમાં, એમાં હશે. નોકર્મ કર્મે હું, હુંમાં વળી કર્મને નોકર્મ છે, એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯ગાથામાં (સમયસાર) કહે છે ઓલીકોર આહાહા ! માળે ઠીક કંઇ ગોઠવ્યું છે. હેં ? સારું કર્યું છે ગાથાનો જે ભાવ છે એને સ્પષ્ટીકરણ કર્યું. આ જડ આત્મા માટી અને ભગવાન અંદર ચૈતન્ય, ઓલી શું કહેવાય આ વીસ તત્ત્વમાળા બાળકની બાળપોથી. એય નવરંગભાઇ ! નાનું પુસ્તક બાળપોથી નથી આવતી ? એમાં નથી આવતું કે આ શરીર એ હું નહિં. હું જ્ઞાન તે આત્મા, હું જાણનારી પર્યાયથી જાણું એ પર્યાય મારી. આ

જણાય એ ચીજ હું નહિં એમાં નથી ? એ શરીરનાં આકારે મૂકે છે. (**શ્રોતા :** હા ને ના. ના. ના. ના. ના. ના. ના. હા. હા. હા) આહાહા !

ભાઇ નથી હરિભાઇ ? આવ્યા નથી ? (**શ્રોતા :** તબિયત ઠીક નથી) ઠીક નથી હરિભાઇને કારણકે એણે કર્યું છે ને એ બધું. આહાહા ! કાયમની ગરીબી જાય ને કાયમનો તવંગર થાય, એ વસ્તુને વસ્તુ કહેવાય. હવે આ તો કંઇક ગરીબી હઠે ને પાછો જશે નરકમાં. અરેરે ! પાછો જશે એકેન્દ્રિયમાં. આહાહા ! ત્યાં તો એને (**શ્રોતા :** આપ ભવિષ્યની વાત કરો છો) ભવિષ્યની, પણ વર્તમાન છે ત્યાં ભવિષ્યનું પણ તે દિ' તો વર્તમાન થશે ને એને ! અત્યારે વર્તમાન છે એમ તે ભવિષ્યનું તે વખતે વર્તમાન થશે ને ? આહાહા ! જ્યાં જ્યાં જશે ત્યાં તેને વર્તમાનકાળ થશે. આહાહા !

આંહી કહે છે પ્રભુ તું ભૂલ્યો છો મૂળમાં હોં કહે છે. આહાહા ! અને તેથી એને બુદ્ધિ વિનાનો કીધો હેં ? આહાહા ! આ શરીર તે હું, આત્મા અંદર એ ચીજ છે. સચ્ચિદાનંદ પ્રભુ એનો જેને સ્વીકાર નથી, એ બુદ્ધિ વિનાના છે કહે છે. આહાહા ! તારી બુદ્ધિમાં આ આવ્યો નહિં બુદ્ધિવાન. તારી બુદ્ધિમાં, બુદ્ધિવાન એટલે જ્ઞાનવાન સ્વરૂપ ભગવાન એ આવ્યો નહિં. તું બુદ્ધિ વિનાનો છો તું. આહાહા ! સમજાણું કાંઇ ? (**શ્રોતા :** બુદ્ધિ વિનાનો તો જડ હોય) જડ જ છે. જડ શરીરને માન્યું આહાહા ! મોટો ચૈતન્ય ભગવાન પરમાનંદ સ્વરૂપ જ પરમાત્મ સ્વરૂપ પોતે છે. એને ન માનતાં રાગ અને શરીરને પોતે, એ તો જડ છે. અચેતનને પોતે ચેતન માન્યું એણે. આહાહા ! જુઓને કીધું છે પાઠમાં હોં ! **अबुद्धयः** - અજ્ઞાની બહિરાત્મા આ બુદ્ધિ વિનાનાં ટીકામાં આ લીધું. અર્થ કર્યો એ તો પછી. **अबुद्धयो बहिरात्मानः** આહાહા ! સ્થિતિની ભ્રાંતિથી કેમ એ એમ માન્યું ?

સ્થિતિની ભ્રાંતિથી. આ શરીરમાં કંઇક લાંબો પચ્ચીસ(૨૫)-પચાસ(૫૦) કાળ વર્ષ રહ્યો, અને એક ક્ષેત્ર રહ્યો, એથી સ્થિતિની ભ્રાંતિ થઇ ગઇ એને. કે આમાં છું માટે એ હું છું. આહાહા ! સમજાણું કાંઇ ? આ દેહ ચામડા હાડકાંનું પૂતળું છે આ તો. એમાં કાળાંતરની અપેક્ષા ત્યાં કાળથી રહ્યો ને પચ્ચીસ(૨૫)-પચાસ(૫૦)-સાંહીઠ(૬૦)-સો(૧૦૦) વરસ, અને એક ક્ષેત્રે રહ્યો એથી એને સ્થિતિને લઇને ભ્રાંતિ થઇ ગઇ કે આ તે હું, શરીર તે હું છું. આહાહા ! આ તો અહિંયા પણ આ ઢોરને જ ગોટો ક્યાં ? એને એક જ વાત ઇ શરીર તે આ. આ ખાઉં, આ લઉં, આ ખાઉં છું આ, અંદર અંદરથી એ એ હું છું. આ મકાન, ભેંસો ઢોર, ઇ ને ઇ આ બધું જ્યાં આમ આ આ આ આ. ભલે એની ખબર ન હોય કે આ પણ આ આ છે તે હું છું. આ આખો દિ' ખાય આહારસંજ્ઞાએ મોઢાં ભર્યા કરે

જ્યાં ત્યાં, આહાહા! હવે વળી આ લીલા ખડ મળ્યાં, આ વરસાદ આવ્યો'તો. આઠ મહિના નહોતો એને સૂકું ખડ મળતું, અંતે જૂનું ક્યાંનું એટલે એને એમ કે આહાહા! હવે મને ઠીક મળ્યું. મને એટલે શરીરને, અને શરીર એટલે હું. આહાહા!

આ સૂક્ષ્મ શલ્યને બતાવે છે. આમ તો એમ માને છે ને કે આમ નથી કીધું ત્યાં? કે ભઇ આ અનાદિથી અજ્ઞાની અભવી આ બધું ભૂત ગ્રહણ આદિ કરે છે, ને ક્રિયાઓ બધી કે ઇ શરીરઆશ્રિત ક્રિયાઓ બધી મારી છે, અને તે હું છું, એવી બુદ્ધિથી એ બધું કરે એ માટે મિથ્યાદૃષ્ટિ છે. શામાં સ્થિતિભ્રાંતિ છે? દેહમાં. કેવા દેહમાં? વ્યૂહરૂપ સમૂહરૂપ દેહમાં. સમૂહ - વ્યુહ, વ્યૂહ - વ્યૂહ નથી કહેતા? લશ્કરની રચનાને વ્યૂહ. એમ આ પરમાણુઓનો વ્યૂહ છે આ બધો. આ રજકણોનો સમૂહ છે આ વ્યૂહ. અણુનાં સમૂહનું. કેવા પ્રકારનાં કે પ્રવેશતા ગળતા અને પ્રવેશ કરતા અને નીકળતા આમાં કે અનંતા રજકણો આવે અને અનંતા જાય. યુવાનીમાં ઘણાં ઓછા જાય ને ઘણાં આ આવે. વૃદ્ધાવસ્થામાં ઘણાં જાય અને થોડા આવે એથી જીર્ણ થઇ ગયું. એ જાણે આ મને થયું. ઘણાં રજકણ આવ્યાં એટલે જાણે હું જાડો થયો, હું યુવાન થયો, હું યુવાન થયો. આહાહા!

હું બાળક હતો, કૂણા અવયવો હતા એ હવે મજબૂત થયા અને હવે એ ઇન્દ્રિયો દ્વારા હું કામ સારું કરી શકું. કાવડ દ્વારા જેમ ભાર ઉપાડી શકેને? કાવડ નથી કાવડ? સારી કાવડ હોય તો સારું કામ કેમ ન દઇ શકે? ઇ દાખલો આપ્યો છે પરદેશી રાજાનો. રાય પસેણી આ તે દિ' દાખલો આપ્યો ૮૯માં સંપ્રદાયમાં આવું વ્યાખ્યાન આપ્યું હતું ને? મંડે રાજકોટ. ઇ કાવડ જો મોળી હોય તો પાણીનું કામ ન કરી શકે. પાણી એ આમ મૂકે બે બાજુ મૂકે અધમણનું પાણી. કાવડ મજબૂત હોય તેથી કંઇ એમ શરીર મજબૂત હોય, કાવડ સમજતે હૈ? આ ઉપાડવાનું કામ બે બાજુ. આ એક આ વાંસ હોય ને વાંસ હોય ને વાંસ, આમ આમ એની બંન્ને બાજુ હેઠે લટકતા હોય એમાં પાણી મૂક્યું હોય મણ મણ પાણી. (**શ્રોતા** : ઠામ હોય ઠામ) આહાહા! એમ આ શરીર મજબૂત હોય તો કામ સારું કરી શકે. (**શ્રોતા** : ...) ધૂળેય નથી બધું. એ તો જડનું કામ છે. આહાહા! જડના કામને પોતાના માન્યા એ અબુદ્ધિઓ બુદ્ધિ વિનાના જેને જ્ઞાન સ્વરૂપ ભગવાન પ્રતીતમાં - શ્રદ્ધામાં અસ્તિ છે એ આવ્યો નહિં, અને જેમાં ઘણો કાળ ને ક્ષેત્રમાં રહ્યો એ સ્થિતિથી જાણે હું એ છું એવી સ્થિતિ ભ્રાંતિ થઇ ગઇ છે. આહાહા! ઇ આ અણુઓ ઘણાં રજકણો આવે, ગળે અને આવે, જાય અને આવે. આહાહા!

એ વળી કેવા દેહમાં? સમાકૃત એકબીજાના સદૃશ ઉત્પાદથી સમાન.

કારણકે જેવું શરીરનો આકાર થાય એવી રીતે જ આત્માનો આકાર હોય અંદર, પણ એ આકાર પોતાનો પોતાથી છે અને આનો આકાર પરથી છે. આહાહા! બાળક હોય તો એના પ્રમાણમાં એનો આત્માનો આકાર શરીર. શરીર મોટું તો શરીર એના પ્રમાણે ચાલે. પણ ઈ આકાર એ આકાર બે ભિન્ન છે. આહાહા! શરીરનો આકાર પુષ્ટ થયો એટલે મારો આકાર આ થયો એમ એને. આહાહા! કૂવામાં ભાંગ પડી. નથી કહેતા, હેં? હા એ. એ ભાંગ પીવે એ બધા ગાંડા થાય. આ કૂવામાં ભાંગ પડી. ભગવાન આત્મા શરીરમાં કેટલો કાળ, અને એક ક્ષેત્રે રહે અને એનાં રજકણોનો આકાર બદલાય એમ હું બદલી ગયો, શરીર પાતળું તો હું પાતળો. શરીર પુષ્ટ તો હું પુષ્ટ. આહાહા!

એણે શરીરને પોતાનું માન્યું. આહા! શરીરાશ્રિત ક્રિયાનું આવે છે ને? આવી ગયું છે. શરીરાશ્રિત ક્રિયાને પણ પોતાની માને, નથી આવ્યું, નો'તુ આવ્યું, આવ્યું'તું ત્યાં. પહેલાં. આમાં આવ્યું હતું હમણાં. ઈ નહિં. શરીરાશ્રિતનો દાખલો આપ્યોને? આહા! છન્નુ(૯૬) પાને છે, એકસઠ(૬૧)મી ગાથામાં છે. અજ્ઞાનીઓ માને કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિ શરીરને કૃશ કરતાં ઈન્દ્રિયોનો નિગ્રહ થાય છે, છે ને? એકસઠ(૬૧) ગાથાનાં અર્થમાં છે અને ૯૬ પાને છે. અજ્ઞાનીઓ એમ નીચે પણ દાખલો આધાર આપ્યો જુઓ! શરીરાશ્રિત ઉપવાસાદિ માટે 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગુ. આવૃત્તિ પૃ.૨૨૯ અને ૨૪૪ જોવું (''..... જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને તો તે મિથ્યાદૃષ્ટિ છે..... '') પૃ.૩૪૪ છે ને ઈ આવી ગયું આપણે. આહા! ફૂટનોટમાં.

શરીરાદિ ઉપવાસ ને વ્રત નિયમથી શરીર કૃશ થાય એથી ઈન્દ્રિયનો નિગ્રહ થાય એમ માને અજ્ઞાની. એથી વિષયોમાં પ્રવૃત્તિ અટકી જાય તેથી રાગ-દ્વેષ આદિ ઘટી જાય, આ માન્યતા ભૂલ ભરેલી છે. આહાહા! મુનિ હોય છે ને એને એવી લબ્ધિ હોય છે કે મહિના મહિનાનાં બદલે પાંચ–છ-છ મહિનાના અપવાસ કરે તોય શરીર એવું ને એવું રહે. (આવા દેહમાં જે સ્થિતિ ભ્રાંતિસ્થિતિથી એટલે કાલાન્તર) અવસ્થાયિપણાને લીધે ઘણો કાળ શરીરમાં રહે. દસ(૧૦)-વીસ(૨૦)-પચ્ચીસ(૨૫)-પચાસ(૫૦) વરસ એટલે એને એમ થઈ જાય કે આ આ રહ્યાો છું ને તે શરીર તે જ હું છું. આહાહા! અને એક ક્ષેત્રમાં રહેવાના કારણે બે વાત. સ્થિતિભ્રાંતિની વ્યાખ્યા જે ભ્રાંતિ દેહ અને આત્માનાં અભેદરૂપ અધ્યવસાય, તેનાં કારણે દેહને આત્મા માને. ઘણો કાળ દેહમાં રહેવું. રહે છે તો આત્મા આત્મામાં, દેહ દેહમાં, પણ આમ દેહના સંબંધમાં ઘણો કાળ રહેવું અને એક ક્ષેત્રે રહેવું એથી એને ભ્રાંતિ થાય છે કે શરીર તે હું. મારાથી શરીર રહ્યું મેં કૃશ ન કર્યું અને આહાર

પાણી અનુકૂળ આપ્યાં એથી રહ્યું અને એમાં હું રહેનારો એને લઈને રહ્યો. આહાહા !

આવે છે ને ? જ્ઞાની, એમાં આવે છે. જ્ઞાની ઉપવાસ આદિ કાર્ય કરે છે ને ? કહે, એ તો ઈચ્છાનો નિરોધ અનુગ્રહ ઉત્પન્ન ન થતાં, અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનાં શુધ્ધ ઉપયોગ થાય છે એને માટે એ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા ! तपसा च निर्जरा આવે છે ને ? બસ એણે ઉપવાસ કર્યો, એકટાણું કર્યું એ અપવાસ અને તપસ્યા, અને તપસ્યા એ નિર્જરા. નિર્જરા એ મોક્ષનું કારણ. હેં ? એમ નથી, એ તો નિમિત્તનાં કથનો છે. આમ નથી કહ્યું 'સ્વાધ્યાયને પરમતપ !' હેં ? હવે સ્વાધ્યાય તો વિકલ્પ છે પરનો. સ્વાધ્યાય અંદર આત્માના આનંદનો સ્વાધ્યાય કરવાનો. એકાગ્રતાની રમતું માંડવી રમતમાં ભગવાન ના ઓલી આહાહા ! એનું નામ સ્વાધ્યાય છે.

શાસ્ત્રનાં ભણતરનો સ્વાધ્યાય એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા ! અને જે જ્ઞાન થાય શાસ્ત્રનું એ પણ વિકલ્પ, આકુળતા વાળું જ્ઞાન છે. એમાં સ્વ નિર્જરાને સ્વાધ્યાય ક્યાંથી આવી ? આહાહા ! પણ એ મને છે એમ, કંઠ બરાબર વાણીને અનુભવાય, ચોખ્ખા અક્ષરો શાસ્ત્રમાં એમ આવે ને ? કે અક્ષર બરાબર બોલવો. શુધ્ધિ કરવી, હીણાં અને હીણો - અધિક અક્ષર ન બોલવા. જુઓ આવે છે કે નહિં ? (**શ્રોતા** : અત્યારે આ પક્ષમાં જણાતું નથી) આહાહા ! અક્ષર બરાબર એમ કે અક્ષરની શુધ્ધિ રાખવી હવે. (**શ્રોતા** : ...) હેં ? આવે છે ને બધી વહેવારની ભાષા. હવે અક્ષરની શુધ્ધિ કોણ આત્મા કરે ? આહાહા ! પણ એવી જ ભાષા બરાબર આવે એટલે એને એમ થઈ જાય કે અક્ષરની શુધ્ધિ મેં કરી. આહા !

**ભાવાર્થ** : નિરંતર પ્રવેશ કરતા, અને બહાર નીકળતા, પુદ્‌ગલ પરમાણુઓનો સમૂહરૂપ દેહમાં સમાન આકૃતિ, સમાન આકૃતિ છે ને ? કારણ દેહનો આકાર છે એવો જ અંદર આત્માનો આકાર રહે. પણ પોતપોતાને કારણે છે એમ ન માનતાં, આને આકારે મારો આકાર થયો. આહાહા ! નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્‌ગલ પરમાણુઓનાં સમૂહરૂપ દેહ, આ પુદ્‌ગલ પરમાણુનો સમૂહરૂપ દેહ. એક છોકરો હતો ઘણાં વરસ પહેલાં આંહિ ભઈ જો કહે આત્મા આત્માનો છે અને શરીરનું કંઈ બીજાને માર્યો ધબ્બો. આત્મા ધબ્બો ક્યાં મારી શકે ? એટલે મેં માર્યો નથી ધબ્બો એ હાંક્યું, પણ તને વિકલ્પ આવ્યો અને દેહની ક્રિયા થઈ એ તો દેહને કારણે.

એ ઘણાં વરસ પહેલા આંહી થયું'તું. આત્મા બીજાને મારી શકે ? હું ક્યાં મારી શકું ? એ તો હાથે માર્યો પણ ધબ્બો સમજાય છે ? થપ્પડ. એ થપ્પડ તો થપ્પડને

લઈને થઈ છે પણ એનો ભાવ હતો કે નહિં ? એ ભાવને અને હું કાંઈ કરતો, અમે ક્યાં માર્યો છે ? આહાહા ! અને છોકરાઓ તો પછી એવા હોયને જરીક એક બીજા બેઠા હોય, આમ કરે ને આમ જોવે પછી જાણે હું, હું ને એક ઈ આમ ચાળો કરે અને આમ. અને નજર કરે પાછી આમ. એમ ઘણીવાર જોયું છે આંહી, દેરાસરની બેઠા હોય છોકરા બહાર. તે બધા હું બેઠો તે આમ કરીને પછી બીજા આમ જોઈ જાય. અમે કાંઈ કર્યું નથી. આહાહા ! દેહની ક્રિયા ભાવ હતો કે આમ કરું આને, એને ગોપવ્યો જૂઠ્ઠું બોલ્યો. ભાવ તો તારો હતો કે નહિં આમ કરું આને. ચાળા - ચાળા કરે છોકરા બધા. આહાહા !

દેહમાં સમાન આકૃતિએ પુદ્‌ગલ પરમાણુઓમાં પ્રવેશ અને નીકળતાં એનાં સમૂહ આકૃતિએ એક ક્ષેત્રે આત્મા સ્થિત હોવાથી દેહ અને આત્માની એકપણાની ભ્રાંતિને લીધે, આહાહા ! નિમિત્ત - નિમિત્ત એક સંબંધ ગાઢો છે ને ? આવ્યું છે ને ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. એથી જાણે આ ક્રિયા બધી થાય એ મારાથી થાય છે. આહાહા ! ઘનિષ્ઠ સંબંધ છે ને એકબીજાને ! આમ નિમિત્ત - નિમિત્તથી. પણ એથી એ નિમિત્ત - નિમિત્ત સંબંધનો અર્થ નિમિત્ત કંઈ કરે છે એમ નથી, ત્યારે તો એને નિમિત્ત કહેવાય છે. આહાહા !નથી કરતો માટે નિમિત્ત કહેવાય છે. કરે તો તો ઉપાદાનમાં ગરી ગ્યું એમ કે સમજાણું કાંઈ ? બધા એમ કહે છે ને અહીંયા. ભાઈ એમ કહેતાને પેલા ઢેબરભાઈ, કે આપણે નિમિત્ત તો થાઈએને બીજાને. નિમિત્ત થઈને બીજાના કાર્યમાં અમે નિમિત્ત થાઈએ. આહાહા !

આવા ને આવા ભ્રમણા. એ હમણાં મળ્યા’તા ત્યાં પ્લેનમાં. પૂછયું આવીને મારી પાસે બેસીને, કે ગાંધીની શું કક્ષા હતી ? કહે કે, ગાંધીની હતી લૌકિક કક્ષા કીધું ધાર્મિક નહિં. એય ! અમદાવાદ ઉતર્યા હતાં ક્યાંક અમારે બીજ ઉપર જવું હતું ને મુરાદાબાદ નહિં ? ચૈત્ર વદ દસમ હતી. મૂળ મુંબઈ આહા ! અરે ! જગતને ક્યાં ? એનાં કાર્ય કાળે થાય ત્યારે એ બીજું નિમિત્ત હોય ત્યારે એને નિમિત્ત કહેવાય, પણ મેં નિમિત્ત થયો માટે ન્યાં થયું એ તો નિમિત્ત ક્યાં રહ્યું ? નૈમિતિક કાર્યનો કાળ જેનો છે તે કાળે તે થાય ત્યારે નિમિત્ત કહેવાય, એમાં એણે એણે ક્યાં કર્યું એમાં ? મોટો ગોટો છે નિમિત્તનો. ઈ આ શરીરની ક્રિયા બરાબર ધાર્યા પ્રમાણે થાય. લાડવાનો બટકો પાડે અને બટકાની હારે અડદની દાળ લે, પતરવેલીયાના ભજીયા લે અને મોટું હોય તો ટુકડો નાનો કરીને નાંખે ટુકડો કરીને મોઢામાં. બે ત્રણ ચીજ ભેગી થઈ ગઈ હોય તો ઓલું પતરવેલીયું મોટું ન હારે હારે હાલે. ઓલું નાનું જેટલું નાનું લેવાય લ્યો. આરે આ ! એ ભ્રમ થઈ જાય છે એને. હેં ? આહાહા !

શરીરમાં રહેલો આત્મા લાંબો કાળ ને એક ક્ષેત્ર એથી એ ક્રિયા ઓમાં મારો અધિકાર છે અને મેં એ રીતે, શરીરને ક્યાં ખબર હતી આંગળીઓને ? કે આ આ રોટલીનું બટકું પાડયું એ જાણ્યું મેં જાણ્યું. એ વાતો ડાહી કરે નહિં ? (**શ્રોતા** : એની એ મોટર) મોટરે ઈ શું થાય. હેં ? જાતા હૈ હેં ? (**શ્રોતા** : હશે) ચીજ હા એ મોટર આનીકોર છે. આ જેની કોર વાળવું હોય એમ વળે પાછી લ્યો. સીધી હોય તો આમ વાળે. એ પર્યાયનું કામ કરે છે કે નહિં મોટરનું ? મોટર એટલે સોનગઢ વાળા કહે છે કે મોટર મોટરને લઈને હાલે છે પેટ્રોલને લઈને નહિં. (**શ્રોતા** : સોનગઢની મોટર પેટ્રોલથી ન ચાલે અને અમારી મોટર પેટ્રોલથી ચાલે) પેટ્રોલથી ચાલે અરે ! અજ્ઞાન ! એમ કે અમે આપણે આ મોટરમાં બેઠા છીએ માટે આપણે મોટર હાલે છે માટે એમાં હાલીએ છીએ. એમ નહિં એમ કહે, આપણે હાલીએ છીએ મોટર છે ને એ તો નિમિત્ત છે. અમે પોતાને કારણે આમ હાલીએ છીએ, અને એ લોકો એમ કહે છે. અને આપણે તો આ મોટર હાલે છે એમ આ દેહ આમ હાલે છે. માટે મોટરનાં પ્રમાણમાં દેહ હાલ્યો અને મોટરે હલાવ્યું ? આહાહા ! એ વાત તો હાલી’તી એટલી.

દેહ અને આત્માની એકપણાની ભ્રાંતિને લીધે બહિરાત્મા શરીરને જ આત્મા માને. આ શરીર પુદ્‌ગલ પરમાણુઓનું બનેલું છે. એ આવશે આપણે પ્રવચનસારમાં હવે. ગાથાઓ કર્તાન કારયિતા નાંખશેને ? એનાં શરીરને અમે કરતા નથીને. (**શ્રોતા** : એક સાથે માનશે) હં એ આવશે ગાથામાં. હા એ. એ પ્રતિક્રમણનો અધિકાર તો નિયમસારમાં આવે છે. (**શ્રોતા** : આ પ્રવચનસારમાં) એમાંય આવે છે. ઓલો નિયમસારમાં આવે છે. પ્રતિક્રમણ અધિકાર પાંચ ગાથા પહેલી. શરીરની પર્યાયનો હું કર્તા નથી, કારણ નથી, હું એને સંમત નથી, એનું હું કારણ નથી. આહાહા ! ઓલું વહેવાર કારણ છે એ વાતને ઉડાવ્યું ત્યાં, એ તો કહેવા માત્ર કારણ છે બધા. એની પર્યાય એને કાળે એને કારણે તે થાય છે, એને પરની અપેક્ષા છે નહિં. વાત એવી લોકોને લાગે આ નિશ્ચયની. (**શ્રોતા** : સાચું છે.)

આ શરીર, છે ને ? પુદ્‌ગલ પરમાણુઓનું બનેલું છે અને આ પરમાણુઓ તેના તે કાયમ રહેતા નથી, એના એ રજકણ કાયમ રહેતા નથી. સમયે સમયે અગણિત પરમાણુઓ શરીરની બહાર નીકળે છે. અગણિત અનંત પરમાણુઓ બહાર નીકળે છે અને નવા નવા પરમાણુઓ શરીરની અંદર દાખલ થાય છે. પરમાણુઓના નીકળી જવાથી, તથા બીજાઓ પ્રવેશ થવાથી, શરીરની બાહ્ય આકૃતિમાં સ્થૂળ દૃષ્ટિએ કાંઈ ફેર લાગતો નથી. જાણે એવું ને એવું શરીર છે એમ લાગ્યા કરે. વળી આત્મા શરીરને એક

ક્ષેત્રાવગાહરૂપ સંયોગ સંબંધ છે. આત્માને અને શરીરને એક જગ્યાએ રહેવું, એક ક્ષેત્રઅવગાહ એટલે રહેવું, સંયોગ સંબંધ છે. તેથી બંન્નેની સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની જીવને ભ્રમ થાય છે કે આ શરીર જ હું છું. જેની પર્યાય ઉપર બુદ્ધિ છે ઈ આઘી જાય તો શરીર ઉપર જાય છે એનું લક્ષ. અને એ (એ) એની ક્રિયા તે હું કરું છું. આહાહા!

જોઈને ચાલવું, વિચારીને બોલવું એ નથી આવતું શાસ્ત્રમાં ? અને જોઈને આ ચાલું છું ઈ જોઈને હું ચાલું છું. આહાહા! અને વિચારીને બોલું ને બોલવાની ક્રિયામાં મારો વિચાર છે તેથી એ બોલવાની ક્રિયા થાય છે, ભ્રમ છે. તેણે અભ્યંતર રહેલા આત્મતત્ત્વને માન્યો નથી. સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની ને ભ્રમ થાય છે કે આ શરીર જ હું છું. અને આવે છે ને शरीराद्यं खलु धर्म साधनं નથી આવતું, પુરુષાર્થ સિદ્ધિમાં આવે છે લ્યો. પુરુષાર્થસિદ્ધિમાં આવે છે. આહાહા! ધર્મના સાધન અલબ્ધ એવા શરીર છે. રાગે ધર્મનું સાધન નથી તો શરીર વળી ક્યાં રહ્યું ? આહા! બહુ મારગ જુદો ભાઈ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે સમય સમયની પર્યાય પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રપણે થાય એવું એનું સ્વરૂપ છે. એવું એમ ભગવાને જાણીને કહ્યું છે. ભગવાને કાંઈ કર્યું નથી પરનું કાંઈ ? જાણ્યું એવું વાણી દ્વારા આવ્યું, આવી વાણી દ્વારા ભાષા. આહાહા! ભાષા ભાષાથી કોણ ભાષા કરે ? આહાહા!

અભ્યંતર ભગવાન આત્મા બાહ્ય શરીરની અવસ્થાને આકારે રજકણો આવે જાય એવો આકાર થાય એટલે એવો આકાર મને થયો. પુષ્ટ થયો'તો હું થયો, કૃશ થયો તો હું થયો, રોગી થયો તો હું અને નિરોગ થયો તો હું. આહા! એવી શરીરની સ્થિતિમાં ભ્રાંતિ અજ્ઞાનીને થાય છે, તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વ અને બાહ્ય રહેલાની વાત લીધીને પહેલી! બાહ્ય થતી ક્રિયાઓ એમાં મારો અધિકાર છે એમ માને, એ હું છું, એવા બુદ્ધિ વિનાનાં માણસો એને આત્મતત્ત્વનું જ્ઞાન નથી. ભગવાન સમયે સમયે જડની પર્યાયના ફેરફાર કાળે પણ જ્ઞાનને કારણે એમાં ફેરફાર થાય છે, એમ નથી.

શરીર અને આત્માને દૂધ પાણીની જેમ એક ક્ષેત્રાવગાહ સ્થિતિ છે. આ સ્થિતિ ભ્રાંતિની વ્યાખ્યા થઈ. શરીર અને આત્મા દૂધ પાણીની જેમ એક ક્ષેત્રાવગાહ સ્થિતિ છે. એક ક્ષેત્ર અવગાહ એટલે એક શરીરે વ્યાપેલા અંદર એમ. શરીર ઈન્દ્રિયગમ્ય છે. આ શરીર તો ઈન્દ્રિયગમ્ય છે, આત્મા ઈન્દ્રિયગમ્ય નથી. આહાહા! હેં ? આ શરીર છે તે ઈન્દ્રિયથી જણાય છે, આત્મા ઈન્દ્રિયથી જણાય એવો નથી. આહાહા! આત્મા અતીન્દ્રિયગમ્ય છે. આહાહા! એ તો નિજ સ્વભાવથી જણાય એવો છે. દેહ ને આત્મા

બેની ચીજ જૂદી છે તદ્દન. અજ્ઞાનીને ઈન્દ્રિજ્ઞાન હોવાથી તે શરીરને દેખે છે. ઈન્દ્રિયથી જણાય એટલે આ દેખે આ શરીર છે, બસ આ શરીર દેખાય. આહા! આત્માને દેખતો નથી, પણ દેખનારને દેખતો નથી. આહાહા! તેથી તે શરીર જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે. હાથીની જેમ મલપતી હાથી ગતિ શરીરને હોય તો એ મારી ગતિ છે એમ હું એમાં અને ઉંટિયાની જેવી ગતિ હોય એક પગ આય આડો હાલે છે ને? એ ગતિ મારી છે એમ માને છે. આહાહા! શરીર અને આત્મા એક માની એકતાબુદ્ધિ કરે છે અને શરીર સંબંધી રાગ દ્વેષ કરે છે.

હવે વિશેષ. ૧૯ ગાથા. સમયસારની ૧૯ ગાથા. જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મ - જડકર્મ, ભાવકર્મ - પુણ્ય પાપનાં દયા, દાન, વ્રતનાં ભાવ અને શરીરાદિ નોકર્મમાં આ હું છું. ''નોકર્મ કર્મે હું, હું માં વળી કર્મ ને નોકર્મ છે, એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે.'' વાણી દ્વારા ઉપદેશ થાય તે હું કરું છું અને બીજાને કંઈ જ્ઞાન થાય એનો એને લાભ એમાંથી મને લાભ મળે. બીજા સમજે એટલે એનો લાભ મળે કે નહિં આંહી? (**શ્રોતા :** એમાં આને શું?) એ માન્યતા બધી ભ્રમ છે. આહાહા! લાખો માણસ ધરમ સમજે તો એમાંથી કંઈ લાભ થાય કે નહિં સમજાવનારને? જેઠાભાઈ? નહિં. મેં સમજાવ્યું, વાણી કાળે વાણી નીકળી. આહાહા! જ્ઞાનાવરણાદિ જડકર્મ એ મારાં અને એમાં હું, પુણ્યપાપના ભાવકર્મ એ મારા અને એ મારા હું, એ મારા અને એમાં હું. શરીરાદિ મારા, અને એમાં હું, એ નોકર્મ અને હું માં એટલે મારામાં, આ કર્મ નોકર્મ છે. એમાં હું છું અને મારામાં એ છે, કર્મ છે પુણ્યપાપના ભાવ મારામાં છે. આહાહા! એવી બુદ્ધિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે આ તો ૧૯ ગાથા સમયસારની.

શ્લોકમાં કર્મના કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહ્યું નથી. એમ કહ્યુંને? આમાં હું માં કે હું એ બુદ્ધિ જ્યાં લગી જીવની. કર્મને લઈને બુદ્ધિ થઈ છે એમ નથી. અજ્ઞાની ત્યાં લગી તે રહે. આહાહા! કર્મને કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહ્યું નથી પણ પોતાનાં અપરાધથી જ તેવા ભ્રમમાં પડે છે. ખુલાસો ઠીક કર્યો છે. આહા! એમાં એમ કીધું છે ન્યાં એમ નથી કહ્યું કે કર્મમાં નોકર્મમાં હું ને કર્મ નોકર્મ એ કર્મનાં કારણે આવી બુદ્ધિ થાય છે. કર્મઅનુસારિણી બુદ્ધિ એમ નથી. એ પોતે જ એવી બુદ્ધિ ઊભી કરે છે. જે આત્મામાં નથી, અને જેમાં એ નથી, એ મારાં છે એવી બુદ્ધિ અજ્ઞાની ઉભી કરે છે. એમાં કર્મનું કોઈ કારણ નથી. આહા! (**શ્રોતા :** પુણ્ય પાપમાં ક્યાં ગયો) હેં? (**શ્રોતા :**

જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકેને) એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાનની હીણી દશા પોતે કરે ત્યારે જ્ઞાનાવરણીયનું નિમિત્તપણું હતું એટલું પણ એણે હીણી કરાવી છે ? એ મોટી તકરાર થઇ હતી એક ફેર. શું કહેવાય ઇ ? હેં ? મધુવન. છપાઇ ગયું છે બહુ કહે છે ભાઇ અહીંયા. આ આત્મામાં જ્ઞાનની હીણાધિક દશા થાય એ પોતાની યોગ્યતાથી થાય છે એમ કહે છે.

હું કર્મ કર્મથી જ્ઞાનાવરણીયથી નહિં, એ આવ્યું છે બહારે પુસ્તક છે. છે ને ક્યાંક ? બીજાને હશે. જ્ઞાનની હીણી દશા એ પણ પોતાના કારણે કરે છે. કર્મને કારણે જ્ઞાનાવરણીયને લઇને હીણી દશા છે એમ નથી, અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય ત્યાં જડમાં તેથી આંહી જ્ઞાનનો ક્ષયોપશમનો વિકાસ થાય છે એમ નથી. આહાહા ! સમય સમયની સ્વતંત્રતા. ત્યારે ઓલા કહે કે શરીર અને આત્મા જૂદા છે ? ગોદો મારો કે સોયનો. ૯૭ી સાલમાં થયું'તું ન્યાં, પાલીતાણે પરમ'દી ગ્યાં'તાને ! શરીર અને આત્મા જુદા જુદા ? મારો ગોદો કહે અરે ! ભગવાન ત્રણે કાળે જુદા છે ભાઇ ! તે માન્યા છે.....

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**આત્માના વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યો પણ ખરેખરું માહાત્મ્ય અંદરથી આવવું જોઇએ. બાકી જ એ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.**

**દૃષ્ટિનાં નિધાન ૨૩૮.**

# પ્રવચન - ૮૩

## શ્લોક - ૭૦ અને ૭૧

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૮.૦૭.૭૫**

**ततो यथावदात्मस्वरूपप्रतिपत्तिमिच्छन्नात्मानं देहाद्भिन्नं भावयेदित्याह -**

**गौर:[१] स्थूल कृशो वाऽहमित्यङ्गे नाविशेषयन् ।**
**आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम् ।। ७० ।।**

હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,
એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ।। ૭૦ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

१ हउँ गोरउ हउँ सांमलउ हउँ जिवि भिण्णउ विष्णु ।
हउँ तणुअंगउ थूलु हउँ एहउँ मुढउ मण्णु ।।८०।। (श्री परमात्मप्रकाशे-योगीन्द्रदेव:)

टीका : गौरोऽहं स्थूलोऽहं कृशोवाऽहमित्यनेन प्रकारेणाङ्गेन विशेषणेन अविशेषयन् विशिष्टं अकुर्वन्नात्मानं धारयेत् चित्तेऽविचलं भावयेत् नित्यं सर्वदा । कथम्भूतं? केवलज्ञप्तिविग्रहं केवलज्ञानस्वरूपं । अथवा केवला रूपादिरहिता ज्ञप्तिरेवोपयोग एव विग्रहः स्वरूपं यस्य ।।७०।।

તેથી યથાર્થરૂપે આત્મસ્વરૂપને સમજવાની ઇચ્છા કરનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો. તે કહે છે :-

**અન્વયાર્થ :** (अहं) હું (गौरः) ગોરો છું, (स्थूलः) જાડો છું, (वा कृशः) અથવા પાતળો છું; (इति) એવી રીતે (अंगेन) શરીર સાથે (आत्मानं) આત્માને (अविशेषयन्) એકરૂપ નહિં કરતાં (नित्यं) સદા (आत्मानं) પોતાના આત્માને (केवलज्ञप्तिविग्रहम्) કેવલજ્ઞાનરૂપ શરીરવાળો (धारयेत) ધારવો-માનવો.

**ટીકા :** હું ગોરો છું, હું સ્થૂલ (જાડો) છું કે હું કૃશ (પાતળો) છું - એવા પ્રકારે શરીર વડે આત્માને, વિશેષરૂપે એટલે વિશિષ્ટરૂપે નહિં માની (તેને) ધારવો અર્થાત્ ચિત્તમાં તેને નિત્ય-સર્વદા અવિચલપણે ભાવવો. કેવા (આત્માને) ? કેવલ જ્ઞાનવિગ્રહરૂપ એટલે કેવલ જ્ઞાન-સ્વરૂપ અર્થાત્ કેવલ રૂપાદિરહિત જ્ઞપ્તિ જ - ઉપયોગ જ જેનું વિગ્રહ એટલે જ્ઞાન સ્વરૂપ છે તેવા આત્માને (ચિત્તમાં ધારવો).

**ભાવાર્થ :** ગોરાપણું, સ્થૂલપણું, કૃશપણું વગેરે અવસ્થાઓ શરીરની છે - પુદ્‌ગલની છે, આત્માની નથી. આ શરીરની અવસ્થાઓ સાથે આત્માને એકરૂપ નહિં માનવો અર્થાત્ તે અવસ્થાઓને આત્માનું સ્વરૂપ નહિં માનવું. તેને શરીરથી ભિન્ન, રૂપાદિરહિત અને કેવલ જ્ઞાન સ્વરૂપ જ સમજવો અને તે સ્વરૂપે જ તેનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું. ૭૦

---

## પ્રવચન – ૮૩

સમાધિ તંત્ર સિત્તેર(૭૦) ગાથા છે તેથી યથાર્થરૂપે આત્મ સ્વરૂપને સમજવાની ઇચ્છા કરનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો તે કહે છે.

સવારમાં એ ચોપનમાં આવ્યું હતું કે પર્યાયમાં દ્રવ્યને જાણવું. એનો અર્થ એ કે દ્રવ્ય પર એને લક્ષ દેવું. દૃષ્ટિ પ્રધાન કથનમાં તો સત્યાર્થ ભૂતાર્થ ઉપર દૃષ્ટિ અને આંહી તો જ્ઞાન પ્રધાન કથન છે. જ્ઞાન વસ્તુ જે ચેતન, ચેતન, ચેતન, ચેતન, ચેતન દ્રવ્ય એ અન્વય સત્ કાયમ રહેનારું. એને જાણે ત્યારે એને જાણવાનો અર્થ શું થયો ? કે પર્યાય

એના તરફ ઢળી. એટલે ચેતન સત્તા અવિચ્છિન્ન ધારાએ દ્રવ્યરૂપ છે એમ જ્ઞાનની પર્યાય જાણે અને એના ગુણો છે વિશેષપણે ભેદરૂપ, એનેય જ્ઞાનની પર્યાય જાણે. જાણવામાં કાંઇ રાગ થાય છે એમ નથી. અને એની પર્યાય વ્યતિરેક છે ભિન્ન ભિન્ન એનેય પર્યાય જાણે. એનો અર્થ એ થયો કે પર્યાયે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી. આહાહા! એની આંહી વાત છે.

જેને આત્મા જાણવો હોય અને જેને ધર્મ કરવો હોય, જેને સુખી થવું હોય એણે શું કરવું? એ વાત છે. એ સુખનો સાગર દ્રવ્ય સ્વભાવ કાયમ છે. બીજા ઉપર લક્ષ છોડી દઇ અને એ વસ્તુ છે કાયમની જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક એ ઉપર દૃષ્ટિ દેવી અને એના ગુણો જે ભેદરૂપ, વિશેષરૂપ છે એને પણ એણે જાણવું, અને પોતે જે પર્યાય જાણનાર છે ઉત્પાદ વ્યય એનેય જાણવું. આહા! (**શ્રોતા** : જાણવું, જાણવું, જાણવું બીજું કામ ક્યારે કરે?) બીજું શું હોય? એનો સ્વભાવ જ જ્ઞાન છે ત્યાં! એજ આંહી કહેશે. જ્ઞપ્તિવિગ્રહમ્. જ્ઞાન જેનું શરીર છે, ઉપયોગ જેનો સ્વભાવ છે, ત્રિકાળ હો. આહાહા! જ્ઞાન જ્ઞપ્તિ જેનું વિગ્રહ છે એમ છે ને? શરીર. એનું શરીર એટલે એનું સ્વરૂપ. ચેતન જ્ઞપ્ત સ્વભાવ. ઉપયોગ સ્વભાવ. જાણવું દેખવું એટલે ક્રિયા નહિં, એનો સ્વભાવ. ત્રિકાળ છે એને પર્યાયે જાણવું. આહાહા!

એ પર્યાયે પોતાના દ્રવ્યને એ આંહી કહે છે ને? કે હું ગોરો છું, કે સ્થૂળ છું કે કૃશ એવા પ્રકારે શરીર વડે આત્માને વિશેષ રૂપે એટલે વિશિષ્ટ રૂપે નહિં માન્યું. એને નહિં માનવું એનો અર્થ તો આવ્યો ઇ ત્યાં, કે પોતાનું જે દ્રવ્ય છે. છે છે છે છે છે એવું જે જ્ઞાન થયું એને ગુણનું જ્ઞાન થયું. એનું પોતાની પર્યાયનું થયું. એ જ્ઞાનમાં સ્વપર પ્રકાશક પર્યાય પ્રગટી એને પણ એ જ્ઞાન જાણે. એ જ્ઞાન જાણતાં પોતામાં નથી એવી બીજી ચીજ અચેતન દ્રવ્ય એમ લીધું ને? એક એક પરમાણુ ને ઓહોહો!

અચેતન અચેતન અચેતન અચેતન અચેતન દ્રવ્ય એમ જ્ઞાન જાણે એને, અને એના ગુણની વિશેષતાને પણ જાણે, અને એની ઉત્પાદ વ્યય થતી પર્યાયને પણ એ જાણે. એ પર પર છે, અને આ સ્વ છે, એમ જાણતાં એ પર મારા છે, એ મોહ ઉડી જાય છે. એના સંબંધીનું જ્ઞાન એ પોતાથી થયું છે. બીજું દ્રવ્ય છે કે બીજા દ્રવ્યો છે એનું દ્રવ્ય એના ગુણો અને પર્યાય એવું જે જ્ઞાન એ સંબંધીનું પોતામાં પોતાથી થયું છે, એથી એને પર દ્રવ્યની મમતા કે પર દ્રવ્ય મારા છે એ વાત ઉડી જાય છે. ભ્રાંતિ મોહ ને મિથ્યાત્વ. આહાહા! મિથ્યાત્વના નાશ કરવાનો આ ઉપાય છે. આહાહા!

પોતે વસ્તુ છે. આ વસ્તુ વસ્તુ વસ્તુ એનો ગુણ છે અને એની પર્યાય છે

એટલાના અસ્તિત્વને જ્ઞાન પર્યાય જાણે, અને એ પર્યાય પરના અસ્તિત્વને મારામાં નથી છતાં, એના સંબંધીનું અસ્તિત્વ છે એને હું જાણું છું એવો મારો સ્વભાવ છે. એ છે માટે જાણવાનો સ્વભાવ છે એમ નહિં. મારો સ્વભાવ છે કે સ્વદ્રવ્ય ગુણ પર્યાય ને જાણતાં પર્યાયનું સ્વ પર પ્રકાશક પર્યાય થાય છે, એમાં એ ચીજ જણાય છે એમ વહેવારે કહેવામાં (આવે છે). આહાહા ! આવી વાત છે. આવી શૈલી ઓહોહો ! એવી વાત કરે છે જ્યાં દ્રવ્ય ગુણ પર્યાયની પણ વાત ક્યાં લઈ ગયા ત્યાં. આહાહા !

એની વર્તમાન પર્યાય જે છે જેમ સત્યાર્થનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન કીધું, તો એની સાથે થયેલું જ્ઞાન એ પણ સત્યાર્થને જાણે છે. આહાહા ! એના ભેદને જાણે, કંઈ જાણવાના સ્વભાવમાં કાંઈ અનેકપણું જાણવું એ કંઈ વિકલ્પનું કારણ નથી. એ તો જ્ઞાનનો સવિકલ્પ સ્વભાવ જ છે, કે સ્વને પરને જાણવું એવું સવિકલ્પ એટલે સ્વ પર પ્રકાશક એવો ભાવ. સવિકલ્પ એટલે ઓલો રાગ એ નહિં. આહાહા ! એને પોતાના સ્વભાવનું આ શરીરાદિની વિશેષ અવસ્થાઓ જે ગોરાપણું કૃશ પાતળું એ ખાસ દશાઓ છે તે મારામાં નથી. મારા અસ્તિત્વમાં એના સંબંધીનું તે પ્રકારનું તે ક્ષણે તે જ્ઞાન મારાથી થયું છે, એથી એ જ્ઞાનમાં આ પર ચીજ છે એટલી વસ્તુનું જ્ઞાન થાય છે, પણ એ વસ્તુ મારી નહિં. આહાહા !

જેનું અસ્તિત્વ પોતાથી સ્વયં સિદ્ધ છે એવું જે અસ્તિત્વ હૈયાતિ મારી નહિં, પરની. આહાહા ! એવી અંતરમાં જ્ઞાન દૃષ્ટિ કરવી, આહાહા ! જ્ઞાનની વર્તમાન દશાને દ્રવ્યનું અને ગુણનું અને પોતાનું જ્ઞાન થાય, આહાહા ! એ જ્ઞાન પોતાનું અસ્તિત્વ સત્તા જેટલી છે તેનું જ્ઞાન થયું. એ જ્ઞાનમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ ? અને સ્વનો થતાં પર શરીરાદિની અવસ્થાનું જ્ઞાન એનું અસ્તિત્વ છે, હૈયાતિ છે, એ એના દ્રવ્ય ગુણ પર્યાયમાં એની હૈયાતિ છે. તો અહીં એ કહ્યું કે આ ધોળું શરીર છે ને, ગોરું શરીર છે, ને કૃશ શરીર છે, ને સુંવાળું શરીર છે, ને રૂપાળું શરીર છે એ તો બધી જડની વિશેષ અવસ્થાઓ, દ્રવ્ય ગુણ સહિતની એની દશા છે એ તો. આહાહા ! એવા પ્રકારે શરીર વડે આત્માને વિશેષ ખાસ રૂપે નહિં માની અમે, એવી દશાઓ જે છે એ રૂપે જીવ ને ન માની. આહાહા ! મારગ એવો છે ભાઈ આ તો.

ચિત્તમાં તેને નિત્ય સર્વદા અવિચલપણે ભાવવો જોઈએ છે ? 'आत्मानं धारयेत् नित्यं' આહાહા ! જ્ઞાનની પર્યાયમાં ભગવાન નિત્ય છે એમ એણે માનવું. આહાહા ! પર્યાય પોતે અનિત્ય છે, એ નિત્ય છે તેને માનવું. આહાહા ! કેવી શૈલી છે ! ઓહોહો !

સવારની ગાથા હતી ચોપન(૫૪) એકસોને ચોપન(૧૫૪). એ કેવળજ્ઞાનીના કેડાયતોની કથનની શૈલી. ઓહોહો! કે જ્યાં વસ્તુની સ્થિતિ જ્ઞાનમાં આવે અને એ સિવાયની વસ્તુની સ્થિતિ જ્ઞાનમાં જણાય, પણ આંહી આવે નહિં, મારી થઈને રહે નહિં. આહા! આવી અલૌકિક વાત! સમજાણું કાંઈ? એનું એને જ્ઞાન કરવું જોશે. બધી ક્રિયાકાંડોની બધી વાતું એ બધા શુભભાવ એ તો કહેશે, પુણ્યબંધનું કારણ છે, એ કાંઈ ધર્મ નથી.

ધર્મ તો આ ધર્મી એવો જે ચૈતન્ય સ્વરૂપ એની અસ્તિત્વની હૈયાતિની પર્યાયમાં જ્ઞાન થવું, અને તેના ગુણો છે અનંત વિશેષપણે, વિશેષપણે એટલે વિશેષ ગુણો એમ નહિં કે સામાન્ય ગુણ કે વિશેષ ગુણ એમ નહિં. આ તો ગુણોની વિશેષતા, ભિન્ન ભિન્નતા. સામાન્ય ગુણ હો કે વિશેષ હો, એ ગુણો એ વિશેષ એ દ્રવ્યનું વિશેષ સ્વરૂપ છે. આહાહા! એને પર્યાયે જાણી અને એ રીતે માનવું અને એમાં ઠરવું એનું નામ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. આહા! આમાં કાંઈ કોકનું કરવું એવું તો આવ્યું નહિં. ગીરધરભાઈ! પરનું કરવાની કોઈ અવસ્થા એ મારામાં નથી. મેં એને કર્યું એ ક્યાંથી? મારામાં હોય મારી સત્તામાં તેનું પરિણમન કરવું કે ટાળવું એમ હોય. પરનું પરિણમન છે એ મારી સત્તામાં નથી તેને હું કરું શી રીતે? આહાહા!

પરની દયા પાળવી એવી દશા એ કાંઈ મારી નથી, હું કરી શક્તો નથી. આહા! પરનું જીવન રહે એનું અસ્તિત્વ એને હું જાણું, પણ એનું અસ્તિત્વ દયાને જીવતો રાખું એનું અસ્તિત્વ મારામાં નથી. આહાહા! આ 'અહિંસા પરમો ધર્મ' લોકોએ આમ ઠરાવ્યું. બહારની અહિંસા એ ધર્મ, એ નથી આંહી વાત. આંહી તો એ પર દ્રવ્યનો જે દ્રવ્ય ગુણ પર્યાય છે તેનું અસ્તિત્વ છે, એવું એ સમયે પોતાના દ્રવ્ય ગુણ પર્યાયનાં અસ્તિત્વના જ્ઞાનમાં એનું જ્ઞાન થઈ જાય છે. એ જ્ઞાન થવું એ એકાગ્રતા, શુદ્ધતા, એનું નામ અહિંયા ધર્મ છે. એનું નામ અહિંસા છે. આહાહા!

કહે છે કે ચિત્તમાં નિત્ય સદા અવિચળપણે ભાવવો, આહાહા! એટલે હું નિત્ય વસ્તું છું એમ પર્યાયે ભાવના નિત્યમાં કરવી. નિત્ય સર્વદા અવિચળપણે ભાવવો. કેવા આત્માને ભાવવો? કેવળ વિગ્રહરૂપ, કેવળ જ્ઞાન વિગ્રહરૂપ, કેવળજ્ઞાન સ્વરૂપ. વિગ્રહ એટલે સ્વરૂપ કર્યું. કેવળ જ્ઞાન સ્વરૂપ, કેવળજ્ઞાન વિગ્રહ, કેવળજ્ઞાન વિગ્રહ. કેવળજ્ઞાન શરીર એટલે કેવળજ્ઞાન સ્વરૂપ. આહાહા! એકલું જ્ઞાન જેનું સ્વરૂપ છે, જ્ઞાન જેનું શરીર છે, શરીર એટલે એ સ્વરૂપ છે એમ. જેમ આ જડનું શરીર છે એમ આત્માનું જ્ઞાન શરીર છે. આહાહા! કેવળજ્ઞાન વિગ્રહરૂપ એટલે કેવળજ્ઞાન સ્વરૂપ. વિગ્રહનો અર્થ

સ્વરૂપ કર્યો, અર્થાત્ કેવળ રૂપાદિ રહિત જ્ઞપ્તિ જેમાં રૂપ, ગંધ, રસ, સ્પર્શની દશાઓ નથી એવી ઉપાધિ રહિત જ્ઞપ્તિ એટલે ઉપયોગ જ ત્રિકાળ જાણવું દેખવું એવો ઉપયોગ જ જેનું વિગ્રહ એટલે સ્વરૂપ છે. આહાહા!

આ શરીરની વ્યાખ્યા ચાલે છે ને એટલે આંહી શરીર લીધું આ. આ જડનું શરીર, શરીર છે. આ જ્ઞાન સ્વરૂપ શરીર, જ્ઞાનનો પૂંજ, જ્ઞાનનો પૂંજ, નિત્ય એની ભાવના કરવી, એમાં એકાગ્ર થવું એમ કહે છે આહાહા! ત્યારે તેને અહિંસા એટલે કે વીતરાગતા પ્રગટે. અહિંસા એટલે વીતરાગતા. આહાહા! જ્ઞપ્તિ જ ઉપયોગ છે એનો, એ બીજાના અસ્તિત્વથી આ થયું છે એમ છે નહિં. આહાહા! આહાહા! એ તો આવ્યું'તું સવારમાં! અજીવ, અજીવમાં તું તારા જ્ઞાનની પર્યાયથી અજીવ અજીવ અજીવ અચેતન કાયમ છે, અને એના ગુણો પણ વિશેષ છે એમ જાણ. અને એની પર્યાય વ્યતિરેક ભિન્ન ભિન્ન થાય છે એમ જાણ બસ. ભિન્ન ભિન્ન કેમ થઈ ? કે હું હતો ને થઈ નિમિત્ત હતું ને થઈ એમ નહિં. એની પર્યાયો વ્યયને ઉત્પાદ, વ્યયને ઉત્પાદ થવાનો એનો અસ્તિત્વનો ગુણ જ છે. ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તમ્ સત્ છે. આહાહા!

એ તો કહે નિશ્ચયથી વાત છે. બે નય છે કે નહિં ? તો બીજો નય, બીજો નય છે એ જાણે છે પણ બીજો નય છે એ પરને હું કરું છું એવો એ નયનો વિષય નથી. આહાહા! મારગ એવો છે બાપુ! અંતરમાં સન્મુખ થવું અને પરથી વિમુખ થવું. પરના અસ્તિત્વથી જ્ઞાન કરે, અસ્તિત્વ પણ લક્ષમાં એને વિમુખ કરે. આહાહા! લક્ષ તો સ્વભાવ સન્મુખ કરે. જેનું જેમાં જેનું અસ્તિત્વ છે, આહાહા! એને ચિત્તમાં ધારવો એટલે જ્ઞાનની પર્યાયમાં એને ધારવો, એને જાણવો, એને માનવો. આહાહા! અહીં આચરણનો અર્થ એ થયો કે ચેતવું. આવી વાત છે ભાઈ!

વાદ વિવાદ કરે તો પાર આવે એવું નથી. વહેવારના લખાણ આવે ને અને આવે છે ને પહેલી ગાથામાં નહિં ? પંચાસ્તિકાય ને નિયમસારમાં જિનવાણી બે નયનું કથન છે. પહેલેજ શ્લોક આવે છે. સર્વસ્વ કથન હેં ? પધ્ધતિ બે નય છે. દ્રવ્ય ને પર્યાય બે છે ખરી ને ? એ બે નયનું સર્વસ્વ કથન છે, પણ કથન છે માટે બીજો નયનું કથન આદરણીય છે, આશ્રય કરવા જેવું છે એમ નથી. (**શ્રોતા :** એક ઉપાદેય ને એક હેય છે) એ શું કહે છે ? ઓલી ગાથા આવે છે ને નિયમસારની ? પંચાસ્તિકાયમાં આવે છે. વહેવારનો વિષય છે પર્યાય ને રાગાદિ છે એને જાણવાનો વિષય બતાવે છે પણ એથી વહેવારનયનો વિષય છે એનાથી નિશ્ચય થાય છે, એમ નયનો વિષય લે તો બે નયનો તો વિરોધ છે. એટલે એમ

અહીં આવ્યું જુઓ.

ભગવાને તો બે નયનું કીધું છે. તમે એકલા નિશ્ચય નિશ્ચયની વાત કરો છો. અરે બે નયનું આવે છે બાપુ! આહાહા! આહાહા! પરની ઉપેક્ષા કરી ત્યાં એ વહેવારેની અસ્તિત્વતા આવી ગઇ એમાં. સમજાણું કાંઇ? ભાઇ એ નાંખ્યું છે ફૂલચંદજી ભાઇ આ તો પણ પરની ઉપેક્ષા થઇ એ જ વહેવારની અપેક્ષા સિદ્ધ કરી બસ, ઉપેક્ષા જેનાથી કરી અને આંહી અપેક્ષા કરી દ્રવ્ય ઉપર આવી રીતે વહેવાર છે. આહાહા! બે નયનું કથન છે દરેક દ્રવ્યને માટે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં? એક નયનું સ્વરૂપ છે તે આદરણીય છે, બીજા નયનો વિષય છે તે જાણવા લાયક છે. આદરવો ને જાણવો એમ બે છે. હેય તરીકે જાણવું અને આને ઉપાદેય તરીકે ગ્રહણ કરવું. આહાહા!

આંહી કહે છે કે ઉપયોગ જેનું સ્વરૂપ. વિગ્રહ છે ને? વિગ્રહ એટલે શરીર. એટલે એનું હોવાપણું જ્ઞાન સ્વરૂપે છે પ્રભુ! જ્ઞાનનો સ્વરૂપ એનું છે એટલે જ્ઞાન શરીર એનું છે એમ. જ્ઞાન એનું શરીર છે, શરીર એટલે સ્વરૂપ છે. એ ત્રિકાળ જ્ઞાન સ્વરૂપનો પૂંજ છે. એમ જ્ઞાનની પર્યાયમાં ધારવું, ભાવવું. આહાહા! ભારે વાતું ઝીણી. ઓલો મહાવીરનો સંદેશ દેવા જાય છે, ગ્યા કહે છે. હારે માણસો ઘણાં છે. હોય ને એની શૈલીવાળા? શેઠિયા હોય, પૈસાવાળા હોય, પૈસા ખર્ચે ત્યારે એમ લાગે હોં હોં, હોં. પણ એનેય ખબર નથી કે મહાવીરનો સંદેશ શું છે? આહાહા! નમો લોએ સવ્વ સાહુણં. બધા સાધુ એમાં આવ્યા એમાં જૈનનાં જ આવ્યા એમ ક્યાં છે? (**શ્રોતા :** એક સાધુ પદમાં બધા આવી ગ્યા) આહાહા!

(**શ્રોતા :** તો મુસલમાનના ફકીરે આવી ગયા અને ખ્રીસ્તીના પાદરીએ આવી ગયા) એ બધાય એ તમારા તારાચંદભાઇ એમ કહેતા હોં. વિરજીભાઇના બાપા. એ આંકડા ઉપરથી કહેતા આટલો આંકડો શાસ્ત્રમાં છે સાધુનો. તો એ સાધુ બધા ક્યાંથી? બીજા બધા ભેગા કરશો ત્યારે, એમ કહેતા. (**શ્રોતા :** ત્યારે આંકડો મળે) આંકડો શું કામનો? આહા! સાધુ તો સ્વરૂપ જે પૂર્ણાનંદ સ્વરૂપ છે એને સાધે છે એ તો વીતરાગ દશામાં જ હોય છે. એ વીતરાગ મારગ સિવાય બીજે હોઇ શકે નહિં. એ સાધુ ક્યાંથી આવી ગયો? અનંત ગુણોનું એકરૂપ એને જે પર્યાય સાધે છે એટલે નિર્ણય કરીને ઠરે છે એ તો વસ્તુના સ્વરૂપમાં છે, એને સાધુ કહીએ અને એને મોક્ષના મારગમાં સર્વ સાધુ એને કહીએ.

સર્વ સાધુ એટલે આમતો શાસ્ત્રમાં આવ્યું છે લ્યો. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. લ્યો નમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સાહુણં. આહાહા! એમ છે ને?

ધવલમાં એમ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, એમ છે ત્યાં નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આહાહા! અરિહંતાણં, સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, નમો લોએ ત્રિકાળવર્તી આયરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં એમ આ નવકારનું પદ છે લ્યો. એમાં ત્રિકાળવર્તી ભવિષ્યના સાધુ જે થશે એનેય નમસ્કાર છે. ભવિષ્યમાં તીર્થંકરનો આત્મા થશે એને અહીં વર્તમાનમાં નમસ્કાર છે. આહાહા! અને સાધુ આ, જે અનંતગુણોની સંખ્યાનો પાર નથી અને એનું ક્ષેત્ર ફક્ત શરીરના કદ પ્રમાણે એવો જે કદ પ્રમાણે પહોળો અને અનંત ગુણોનો વિસ્તારથી ભરેલો એ સર્વજ્ઞે જોયો તે આત્મા. એવા દ્રવ્યને પર્યાયમાં માની, જાણી અને એમાં ઠરે એ તો વીતરાગ મારગમાં જ હોય છે. બીજે એ હોઇ શક્તું નથી. આહાહા!

આંહી કહે છે કે એવો જે ભગવાન આત્મા વસ્તુ તરીકે જ્ઞાન સ્વરૂપ છે. ઉપયોગ સ્વરૂપ. ઉપયોગ એટલે ત્રિકાળ હોં. જ્ઞપ્તિ કીધું છે ને? જ્ઞપ્તિનો અર્થ ઉપયોગ કર્યો. જેનું વિગ્રહ સ્વરૂપ છે એવો આત્મા, એને ચેતવામાં જ્ઞાનની પર્યાયમાં એને ધારવો, એને માનવો, એને જાણવો, એની ભાવના કરવી. આહાહા! હેં? આ વસ્તુ છે, એનું જ્ઞાન તો કરે પહેલું સાચું, કે વસ્તુ તો આ છે. આહાહા! જ્ઞાનમાં એને લક્ષમાં આ નક્કી કરે કે ભાઇ! સ્વરૂપ તરફમાં એકાગ્ર થવું તે જ ધર્મ છે. બાકી કોઇ ધર્મ છે નહિં. આહાહા!

**ભાવાર્થ :** ગોરાપણું આંહી પરમાત્મ પ્રકાશનું લખ્યું છે નીચે. ગોરાપણું એટલે રૂપાળાપણું, સ્થૂળપણું, કૃશપણું. મોટું હાથીનું શરીર આમ મળે ને ક્ષય લાગુ પડે શરીરમાં જ્યારે ત્યાં આ ચકલાના ટેંટા જેવું અંદરથી થઇ જાય, પથારીમાં પડયો હોય, આહાહા! એ બધી દશાઓ અવસ્થાઓ શરીરની છે, આત્માની એ અવસ્થા છે નહિં. પુદ્‌ગલની છે. આ આત્માની નથી. આહાહા! પરમાણુની અસ્તિત્વમાં એની દશા છે, આત્માના અસ્તિત્વમાં એ દશા નથી. પાણીનો લોટો હોય ને લોટો, એ લોટાનો આકાર અને અંદર પાણીનો આકાર એ બેય ભિન્ન ભિન્ન છે. પાણીનો આકાર રૂપે, પાણી એના આકારમાં રહ્યું છે આમ પણ એ તો પોતાના આકારમાં છે એ એના આકારમાં નથી.

એ લોટાનો આકાર એમાં એનો પાણીનો આકાર નથી. એમ આ લોટો આ શરીરનો આ જે લોટો છે એક એના આકારમાં ચૈતન્યનો આકાર ભિન્ન છે. આ આકારમાં આત્મા છે એમ નથી. આહા! અહીં આત્માના પ્રદેશ આમ એવા ગુણસ્થાન, આ આકાર, પણ એ આકાર દેહનો છે એ આત્માનો નથી. આ શરીરની અવસ્થાઓ સાથે આત્માને એકરૂપ નહિં માનવો, આહાહા! તે અવસ્થાઓને આત્માનું સ્વરૂપ નહિં

માનવું, તેને શરીરથી ભિન્ન, રૂપાદિ રહિત એટલે એના ગુણો, આ શરીરનું રૂપ ગોરો ને સુંવાળું ને આકૃતિ આ બધી દરેક અવયવની આકૃતિ સુંદર ને, તો એ તો બધી જડની પર્યાય છે. આહાહા! અને કેવળજ્ઞાન સ્વરૂપ જ આ સમજવું.

જોયું ? ભગવાન આત્માના એકલો જાણક સ્વભાવ પર્યાયમાં એમ સમજવું કે આ તો આ જ્ઞાયક જાણન સ્વભાવ છે. ધ્રુવમાં ધ્રુવ ને ધ્રુવના ગુણમાં કાંઇ આ સમજવાનું નથી, તેથી ચિત્તમાં કીધું ને એની પર્યાયમાં. આ આત્મા જ્ઞાન સ્વરૂપ ધ્રુવ છે ઉપયોગ એમ જાણવું. આહાહા! શરીરની અવસ્થા થવામાં હોંશું જેને છે હોંશ, હોંશ, આહાહા! ભગવાનની ભક્તિ વખતે ભાષા જોરથી નીકળે અને તાળીયું પડે આમ (**શ્રોતા :** બે હાથ ભેગા થાતા નથી ને) બધી અવસ્થાઓ સ્વતંત્ર થઇ રહી છે એમાં આત્મા નથી. આહાહા! ભોગીભાઇ ભક્તિ કરતા કોઇવાર જોયું છે ? ભોગીભાઇ ભૂલી જાય, ધૂન ચડે, ધૂન, પુણ્ય છે એ તો બધી અવસ્થાઓ શરીરની છે. એમાં આત્મા ક્યાં આવ્યો ? ને આત્મા એ ક્યાં કર્યું'તું કાંઇ ? આહા! કેવળ જ્ઞાન સ્વરૂપ સમજવું અને તે સ્વરૂપે જ તેનું તે સ્વરૂપ એટલે જ્ઞાન સ્વરૂપ જ તેનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું. આહાહા! જ્ઞાનની પર્યાયમાં તેને ધ્યેય બનાવવો, ધ્યાનની પર્યાયમાં જ્ઞાનની પર્યાયમાં એને વિષય બનાવવો, એનું નામ ધ્યાન અને એનું નામ ધ્યાતા એ ધ્યાન જીવનું કર્યું પોતે એ આ આહાહા! એ સીત્તેર(૭૦) થઇ.

એકોતેર(૭૧) જે એવા પ્રકારના આત્માને એકાગ્ર મનથી ભાવના કરે, જે આત્મા આવો વસ્તુ તરીકે ચેતન, ગુણ તરીકે ચૈતન્ય, પર્યાય તરીકે એની પર્યાય વ્યતિરેક ભિન્ન ભિન્ન, એવું જે જ્ઞાન કરીને એમાં આત્મામાં એકાગ્ર ભાવના કરે, મનથી એટલે ભાવ અંદરથી તેને જ મુક્તિ હોય. કેમ કે રાગથી મુક્ત છે રાગના અસ્તિત્વથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે અબધ્ધ સ્પૃષ્ટ કીધોને ? અબધ્ધ સ્પૃષ્ટ કહો કે મુક્ત સ્વરૂપ કહો. આમ બધ્ધ સ્પૃષ્ટ નથી એમ કહ્યું. આમ તો મુક્ત સ્વરૂપ વસ્તુ છે ને ચૈતન્ય સ્વરૂપ એ કોઇ વસ્તુ બંધાણી નથી. પર્યાયની અવસ્થામાં બંધને મોક્ષ છે, એ બંધ મોક્ષ સ્વરૂપમાં નથી. આહાહા!

જીવોને લ્યો ભાષા એમ લીધી. પરમાત્મ પ્રકાશમાં. જીવો ન કરે બંધન જીવો ન કરે મોક્ષ. જીવ બંધને મોક્ષ ન કરે. ઓહો! ત્રિકાળ ચૈતન્ય મૂર્તિ ભગવાન એ પર્યાય બંધ મોક્ષને શી રીતે કરે ? આહાહા! પરમાણુ જેમ બીજા પરમાણુના ચીકાશ લુખ્ખાશની યોગ્યતાથી વહેવારથી બંધાયેલું ને છૂંટુ એમ કહેવાય, એમ વહેવારનયથી એમ જણાય. રાગનો સંબંધ હતો એ રાગનો અભાવ થયો એ વહેવારનયનું કથન, પુદ્ગલનો સંબંધ હતો ને છૂટયો એ વહેવારનયનું જ્ઞાન, અને નિશ્ચયનું પોતે જ પોતાથી રાગથી બંધાણો

હતો એ છૂટયો શુદ્ધપણે એ પોતાનો નિશ્ચય સ્વભાવ. એમાં પુદ્ગલનો નિમિત્ત ને અભાવ એનો સંબંધ એમાં નિશ્ચયનયમાં ન આવે. સુડતાલીસ(૪૭) નય છે ને વહેવારનયે નાંખ્યું છે. વહેવારનય, નિશ્ચયનય એ બધી છે, છે તો એક જ સમયે બેય આહાહા!

પરની અપેક્ષાથી જે જાણવું કે આ બંધ હતો, તે બંધનો અભાવ એ એ વહેવારનય છે. અને પોતે જ પોતાથી રાગમાં અટકેલો, એ બંધમાં અને પોતેજ રાગથી છૂટીને મુક્ત થયો, એમાં પરની કોઈ અપેક્ષા આવી નહિં એ નિશ્ચય થયો. આહાહા! એવા શાસ્ત્રોના કથનો આગળ પાછળના મેળવે નહિં ને એકાંત માને કે લ્યો આંહી આમ કહ્યું છે. પંચસ્તિકાયમાં નથી પહેલું આવતું? કે વહેવારનયથી એમ કે આ બંધ મોક્ષ પરથી જુદો છે. વહેવારથી એવું આવે ને? વહેવારનય શું કહ્યું એમાં પહેલી એ પંચાસ્તિકાયનું નહિં? એકસો બોંતેર(૧૭૨)ગાથા. છે? એકસો બોંતેર(૧૭૨) નહિં?

અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધન ભાવને અવલંબીને છે ને? સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. છે ને? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સ્વનો આશ્રય લઈને જે નિર્મળ દશા છે એને અહીં નિશ્ચય કીધો એની સાથે જરી રાગ રાગ બાકી છે એને જાણે અને એ પર્યાય પોતે જ વહેવાર છે. ત્રિકાળ નિશ્ચય છે એની અપેક્ષાએ મોક્ષનો મારગ પોતે જ વહેવાર છે. ભેદરૂપ પર્યાય છે ને? આહાહા! આંહી કહે છે કે એવા પ્રકારના આત્માનું એકાગ્ર મનથી ભાષા એમ છે. મનસામન નામ, જ્ઞાનની પર્યાય ભાવના કરે તેને મુક્તિ હોય બીજા કોઈને નહિં.

**यश्चैवं विधमात्मानमेकाग्रमनसा भावयेत्तस्यैव मुक्तिर्नान्यस्येत्याह -**

**मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः ।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ।।७१।।**

**જો નિશ્ચળ ધૃતિ[૨] ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;**
**ચિત્તે નહિં નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નોય. ।। ૭૧ ।।**

**टीका** : एकान्तिकी अवश्यम्भाविनी तस्यान्तरात्मनो मुक्तिः। यस्य चित्ते अविचला धृतिः आत्मस्वरूपधारणं स्वरूपविषया प्रसत्तिर्वा। यस्य तु चित्ते नास्त्यचला धृतिस्तस्य नैकान्तिकी मुक्तिः ।।७१।।

---

૨. ધૃતિ - ધીરજ, ધૈર્ય, ધારણા

જે એવા પ્રકારના આત્માની એકાગ્ર મનથી ભાવના કરે તેને જ મુક્તિ હોય છે, બીજા કોઈને નહિં - તે કહે છે :-

**અન્વયાર્થ :** (यस्य) જેના (चित्ते) ચિત્તમાં (अचला) આત્મસ્વરૂપની નિશ્ચલ (धृतिः) ધારણા છે (तस्य) તેની (एकान्तिकी मुक्तिः) એકાન્તે એટલે નિયમથી મુક્તિ થાય છે. (यस्य) જેને (अचला धृतिः न अस्ति) આત્મ સ્વરૂપમાં નિશ્ચલ ધારણા નથી (तस्य) તેની (एकान्तिकी मुक्तिः न) અવશ્યપણે મુક્તિ થતી નથી.

**ટીકા :** એકાન્તિક એટલે અવશ્ય થવાવાળી મુક્તિ તે અંતરાત્માને થાય છે કે જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય કે સ્વરૂપમાં પ્રસક્તિ (લીનતા) હોય; પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) હોતી નથી, તેને અવશ્યંભાવી મુક્તિ થતી નથી.

**ભાવાર્થ :** જેનો ઉપયોગ બીજે નહિં ભમતાં આત્મસ્વરૂપમાં જ સ્થિર થાય છે, તેની નિયમથી મુક્તિ થાય છે, પરંતુ જેનો ઉપયોગ એકથી બીજે ભમે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતો નથી, તેની કદી મુક્તિ થતી નથી.

જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પર પદાર્થોમાં અટકે છે ત્યાં સવિકલ્પ દશા વર્તે છે. આ સવિકલ્પ દશામાં ઉપયોગ આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ શક્તો નથી. નિર્વિકલ્પ દશામાં જ ઉપયોગ આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. જેનો ઉપયોગ આત્મ સ્વરૂપમાં સ્થિર થાય છે તેન જ મુક્તિ થાય છે, બીજા કોઈને નહિં. ૭૧

## પ્રવચન – ૮૩

**ટીકા :** અસ્તિ નાસ્તિ વાત કરે છે. આહા ! એકાંતિક એટલે અવશ્ય થવા વાળી મુક્તિ તે અંતરાત્માને થાય છે. એકાંતિક એટલે જરૂર થવા વાળી મુક્તિ એમ, તે અંતરાત્માને થાય છે, કે જેના ચિત્તમાં અવિચળ ધૃતિ આત્મ સ્વરૂપની ધારણા હોય છે. જેની પર્યાય જ્ઞાનમાં લીન છે તેની મુક્તિ થાય છે. જેના ચિત્તમાં નિશ્ચળ ધૃતિ આત્મ ધારણા હોય. ધારણા એટલે જેના જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર છે, કે જે સ્વરૂપમાં પ્રસક્તિ હોય, જેને આનંદ સ્વરૂપ ભગવાન, જ્ઞાન સ્વરૂપ જેનું ત્રિકાળ એમાં જેની લીનતા છે. લ્યો શુભ વહેવાર મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ ન કહ્યો આંહી. વસ્તુ જે છે, ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ,

એમાં જેની લીનતા છે એની મુક્તિ છે.

જેનું ચિત્ત ભક્તિ ને વ્રતને નિયમમાં ડામાડોળમાં બહુ થાય છે, એની મુક્તિ નથી એમ કહે છે. સમજાણું ? જેની જ્ઞાન પર્યાય ત્રિકાળમાં લીન છે. મુક્ત સ્વરૂપમાં જેની પર્યાય લીન છે એની મુક્તિ થાય છે. રાગ એ તો બંધ સ્વભાવ છે એ તો આવી ગયું ને ? એ બંધનું લક્ષણ છે. રાગ એ તો બંધનું લક્ષણ છે, અને ભગવાન આત્માનું ચેતના લક્ષણ છે. જેની જ્ઞાનની પર્યાય ત્રિકાળમાં લીન થઇ, મુક્ત સ્વરૂપમાં જેની પર્યાય લીન થઇ એની મુક્તિ થાય છે. રાગ એ તો બંધ સ્વભાવ છે. એ તો આવી ગ્યું ને ? બંધનું લક્ષણ છે. રાગ એ તો બંધનું લક્ષણ છે અને ભગવાન આત્માનું ચેતના લક્ષણ છે. બંધના લક્ષણમાં એકાગ્ર થાય ને મુક્તિ થાય ? વહેવારમાં શુભ હોય પુણ્ય એવું સ્વરૂપ નથી. આહાહા !

એ જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય પ્રભુ કેવળજ્ઞાન વિગ્રહ, એકલું જ્ઞાન જ જેનું સ્વરૂપ રાગાદિ જાત જ જુદી અરે જેમાં અલ્પજ્ઞતા નથી. કેવળજ્ઞાન સ્વરૂપ કહ્યું ને ? એમાંથી કેવળજ્ઞાનની પર્યાય એમ નહિં. કેવળજ્ઞાન એકલું જ્ઞાન સ્વરૂપ એમાં જેની લીનતા છે એની મુક્તિ છે. આહાહા ! ત્યારે એમ કહે છે કે અત્યારે મુક્તિ તો નથી. અરે સાંભળને ભાઇ ! જ્યાં દૃષ્ટિએ નિત્ય સ્વરૂપને સ્વીકાર્યું એટલી તો મુક્તિ પર્યાયમાંય થઇ ગઇ. મુક્ત સ્વરૂપ છે, અબંધ સ્વરૂપ છે, નિત્ય સ્વરૂપ વસ્તુ છે એનો જેને પર્યાયમાં સ્વીકાર થયો એ તો મુક્ત સ્વરૂપ છે એમ સ્વીકાર થયો. એનો એને સ્વીકાર થતા પર્યાયમાં પણ મિથ્યાત્વને અનંતાનુબંધી તો છૂટી ગયો, અને સમ્યગ્દર્શન ને સ્થિરતાનો અંશ પ્રગટયો એ મુક્ત સ્વરૂપ છે. સમજાણું કાંઇ ?

એમાં તો ભાઇ બહુ જેને આત્માની દરકાર હોય એની વાત છે આંહી. બહારમાં ધમાધમ કરે ને આ બધા મકાનો બનાવ્યા ને અહીં અમે આમ કર્યું અને અમે સંભાળીયું ને આમ કર્યું ને એમાંથી અમારે લાભ થશે ધર્મનો, (શ્રોતા : એ તો રાગની ક્રિયા) કેટલો બગાડ થઇ ગ્યો છે જૈન ધર્મમાં. સાધુની ખબર ન મળે કે સાધુપણું કોને કહેવું. આત્મા આનંદમૂર્તિ પ્રભુ એમાં લીનતાં થવી દર્શન જ્ઞાન ચારિત્રની એનું નામ સાધુ છે. પંચ મહાવ્રત એ પણ સાધુપણું નથી. આહાહા ! એય ! સમજણ પડી ? એકાન્તિક એટલે જરૂર થવાવાળી મુક્તિ એ અંતરાત્મા જે વસ્તુ છે. એમાં જેની લીનતા એ અંતરાત્મા. આહાહા ! સમજાણું કાંઇ ? જેના ચિત્તમાં અવિચળ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય કે સ્વરૂપમાં પ્રસક્તિ (લીનતા) હોય, લીનતા, પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) દૃષ્ટિ હોતી નથી ત્યાં સ્થિત જે વિકલ્પમાં થયા કરે છે આમ આ કરું ને આ

કરું, એની મુક્તિ નથી. કો સમજાણું કાંઇ ?

મંદિર બનાવું ને આ પુસ્તક બનાવું, અને શાસ્ત્ર બનાવું ને ગ્રંથ બનાવું ને એવી ચિત્તની વૃત્તિ જેની બહાર ફરે છે એને ધર્મ નથી, એટલે મુક્તિ નથી એને. આહાહા ! જેના ચિત્તમાં વૃત્તિ હોતી નથી, એટલે અખંડ આનંદ સ્વરૂપમાં જેની દર્શન જ્ઞાન ચારિત્રથી લીનતા નથી, તેને અવશ્ય ભાવિ મુક્તિ થતી નથી, તેને જરૂર મોક્ષ થતો નથી. સમજાણું ? સમયસારમાં તો કહ્યું ને ? છઠ્ઠે ગુણસ્થાને પણ વિકલ્પ મહાવ્રતનો છે એ સંસાર છે. આહાહા ! હવે એને મોક્ષનો મારગ માનવો. (**શ્રોતા** : વહેવાર છે ને) વહેવાર એટલે છે નહિં એમ કહ્યું જગ પંથ કીધું છે લ્યો શુભભાવ. આહાહા ! ભૂમિકાને યોગ્ય મહાવ્રતના પરિણામ એ તો સંસાર છે. એ સંસાર તરફ ઝૂક્યો છે. મોક્ષ તરફથી ખસી ગયો છે એ.

જેની દૃષ્ટિમાં જ્ઞાનમાં પૂરણ સ્વરૂપ તરવરે છે જેને સ્વરૂપનો અનુભવ છે. એની સ્થિરતા પણ સ્વરૂપમાં લીનતા કેટલીક છે. પણ એ પ્રમત્ત દશામાં આવ્યો છે એથી એને પંચ મહાવ્રતના વિકલ્પો, પરનો વિનય કરવો એ જીવને એવો ભાવ આવે છે તે જગપંથ પર ઝુકાવ આવ્યો છે. આહાહા ! શું શૈલી ! એ સંસાર તરફ ઝૂકાયેલો ભાવ છે. પંચ મહાવ્રતના સમિતિ ગુપ્તિવાળા એનો ભાવ, વિકલ્પ, એ સંસાર પંથ છે. આહાહા ! એટલો સંસાર તરફ ઝુકાવ છે અને જેને અશુભમાં રસ પડે છે કે પુણ્યમાં રસ પડે છે એ તો શુદ્ધતાથી ખસી ગયો છે. એમાં રસ પડે છે એમાં પુણ્ય કરવાનો ભાવ થાય છે એ તો શુદ્ધ સ્વભાવથી ખસી ગયો છે એની મુક્તિ નથી. એને સંસાર મળશે. પછી સ્વર્ગ મળે કે રાજા કે શેઠાઇ મળે એ બધો સંસાર છે. આહાહા ! એટલે દુઃખરૂપ દશામાં જાશે. (શ્રોતા : શેઠાઇ દુઃખરૂપ દશા છે ?) બીજું શું હતું ? એ ગીરધરભાઇ ! (શ્રોતા...) એની પોતાની વાત છે. ક્યાં છે ? એ તો મુક્ત છે. એ શેઠ એટલે શું ? કોનો ? રાગનો, પરનો કે સ્વનો ? મુક્તિ તો મુક્ત છે સ્વસ્વભાવમાં એ મુક્તિ છે. આ બધા વહેવારમાં પડયા છે એ શેઠિયા નથી હેઠિયા છે. આવી વાત છે.

વિશેષ કહેશે.........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૮૪

## શ્લોક – ૭૧ અને ૭૨

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૦૯.૦૭.૭૫**

**यश्चैवं विधमात्मानमेकाग्रमनसा भावयेत्तस्यैव मुक्तिर्नान्यस्येत्याह -**

**मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः ।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ।।७१।।**

જો નિશ્ચળ ધૃતિ[1] ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;
ચિત્તે નહિં નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નોય ।। ૭૧ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

૧. ધૃતિ - ધીરજ, ધૈર્ય, ધારણા

એકોતેર(૭૧)મી ગાથા. જી પ્રભુ હેં! ભાવાર્થ બાકી છે? હાજી ઠીક. જેનો ઉપયોગબીજે નહિં ભમતાં આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. મૂળ વસ્તુ આત્મા જે છે એ શુદ્ધ પૂર્ણ આનંદઘન એનું પ્રથમ દૃષ્ટિ થઇને અનુભવ થવો એ મારગની શરૂઆત છે. આ બધી તકરાર એ બધી નથી. નથી આવ્યો એ હમણાં? ઓલો આવ્યો'તો એક આવે છે ને? સાધુ હતો નહિં સાધુ હતો જવાહરની સાથે સાધુ હતો. મૂકી દીધું'તું પછી આવ્યો'તો એ બેઠો'તો કલાક. કાંઇ ઠેકાણા નહિં. ત્યાં બોટાદમાં આવ્યો'તો. અહીંયા ઘણીવાર આવે છે.

(શ્રોતા : ... ) ઠેકાણા વિનાનો માણસ, ચેલા બનાય દો મેરેકો કે. નથી એ આવે છે રખડાઉ. સ્થાનકવાસી સાધુ હતો જવાહરજીનો, બોલકો છે. ભાષણ આપે બધે. સ્થાનકવાસીમાં આપે, દેરાવાસીમાં આપે, વૈષ્ણવમાં આપે. માસિક કાઢયું છે એક 'સર્વામ્બર'. સર્વામ્બર. દિગંબર ને શ્વેતાંબર એમ નહિં સર્વામ્બર. કાંઇ ઠેકાણા નહિં. એમ કે આ બધા ભવિષ્યમાં મરીને ત્યાં જાય છે એનું અહીં નક્કી કરવાનું છે અહીં કાંઇ એમ કહે, ઇ કરો એમ કહે છે. ભવિષ્યામાં શું થાશે કોને ખબર એમ કે આહાહા! એ પેલું અહીં કાઢો એવો એક મારગ. અહીં કે, ભવિષ્યમાં એણે આપણે કે ફલાણો અહીં ગયો એને શોધવાનું, પણ શોધવાનું નક્કી જ છે.

જેની દૃષ્ટિ સ્વભાવની થઇ, એને કાંઇ રાગ બાકી હોય એ સ્વર્ગમાં જાય વહેવારે. અને જેની દૃષ્ટિના ઠેકાણા નથી એ મિથ્યાદૃષ્ટિ ચારગતીમાં રખડે, જાય એમાં શું? જાશે ત્યાં રહે એમાં કાંઇ નાસ્તિ નક્કી કરે બહારથી તો જાય નહીંતર નથી એમ છે. આહાહા! વાત એ કે ભવિષ્યમાં આવું થાશે. અત્યારે આપણે કરી લ્યો સરખું બસ. આહાહા! ભવિષ્યમાં શું થાશે? આત્મા અનાદિ અનંત છે. એનું જો દૃષ્ટિ કે એનો અનુભવ કર્યો, એનો આશ્રય કર્યો તો ભવિષ્યમાં પણ તેમાં રહેશે. થોડોક કાળ રાગાદિ હશે ત્યાં સુધી ભવ કરશે, પણ ઇ તો ભવ વિનાનો જ્ઞેય તરીકે છે, અને જેના ઠેકાણા નથી શ્રદ્ધાનાં, બધા ધર્મ સરખા એમ બસ. બધા ધર્મ સમભાવે જોવો.

મુમુક્ષુની તકરાર બધે ફરે છે ને બહુ ફરે છે. કાંઇક થઇ છે ગુઆનામાં તકરાર. ગુઆના ને ખંડવાની વાત કરે છે. સાચું હોય તે ખરું. એમ કે તમારા આ બધા મુમુક્ષુઓ બીજાને ખોટા ઠરાવીને પાછા તકરાર કરે છે, મારે છે. હેં! (**શ્રોતા :** મેં તો પૂછયું'તુ) એવું છે. આવ્યા નથી લાગતા. કહેતા'તા કે ત્રણથી જ વ્યાખ્યાન છે. પૂછયું'તુ ને ત્રણથી ચાર, પણ એને તો બોલવાનું ખરું ને. અહીં બોલવાનું ખરું કીધુ પણ અહીં વાંચવાનું નહિં. અહીં કોઇનું વાંચવાનું નહિં. ખાવાનું, ખાવાનું બહુ પૈસા ખર્ચે એ ખાય

છે. છે ? નથી તમે ઓળખતા. આપણે આવ્યો'તો પહેલા. બહુ બોલકો છે. ભાષણો બહુ આપે સ્થાનકવાસીમાં (**શ્રોતા** : પહેલા એ આવ્યા'તા ત્યારે આ જ પ્રોબલેમ લઈને) આવ્યા'તા ને ? હા ઈ આજે એમ હતું કે આજે કલ્યાણ આપો, આશીર્વાદ આપો કે. શું આશીર્વાદ આપું ? મેં કીધું.

અહીં તો કહે છે જેને ઉપયોગ બીજે નહિં ભમતા આત્મસ્વરૂપમાં સ્થિર થાય જેની દૃષ્ટિ. આહાહા ! અંતર્મુખ જેની દૃષ્ટિ થઈ છે, એટલે કે જેની વર્તમાન પર્યાય જે છે એ તો આખા અસંખ્ય પ્રદેશે છે ને ? ઈ અસંખ્ય પ્રદેશે પર્યાય જે છે એનું લક્ષ બહાર ઉપર છે. એને એક સમયની પર્યાય કહેવું અહીં કામ નથી અત્યારે. એ પર્યાય જે સામાન્ય ઉપર નથી અને વિશેષ જે પર્યાય બહાર ઉપર જાય છે, એ વિશેષ પર્યાયને એક સમયની કે એવું કાંઈ નહિં. જે પર્યાય છે તેને અંતર્મુખ દ્રવ્ય જ્યાં ધ્રુવ છે, અબદ્ધ સ્પષ્ટ કહો, ધ્રુવ કહો, ત્યાં આગળ એની દૃષ્ટિ મુકવી, જેથી એને આત્મા શું છે એની પ્રાપ્તિ પર્યાયમાં થાય. આવી વાત છે ભાઈ ! આહાહા ! એ સિવાય બધી જેટલી ક્રિયાઓ અને એમાંથી ધર્મ માનવો ને બધા ધર્મ સરખા ને એ બધો મિથ્યાત્વભાવ છે.

તો અહીં કહે છે જેને એ આત્માની દૃષ્ટિ થઈ છે એણે ઉપયોગ બીજે નહીં ભમતા આત્મસ્વરૂપમાં સ્થિર કરવું એણે. આહાહા ! તેની નિયમથી મુક્તિ થાય છે. કેમ કે મુક્ત સ્વરૂપ પૂર્ણશુદ્ધ, અબદ્ધ સ્પષ્ટ, એની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો અને એણે એમાં સ્થિરતા કરી, એને નિશ્ચયથી પરમાનંદરૂપી પરમાનંદનો લાભ એવો મોક્ષ એને થાય છે, આવું છે. મોક્ષ નથી કહ્યો ત્યાં નિયમસારમાં કહ્યું છે ને ? (**શ્રોતા** : આત્મભાવરૂપ) પરમાનંદનો આત્મલાભરૂપ મોક્ષ એવું કહ્યું છે. મૂળ તો પરમાનંદ સ્વરૂપ જે આત્માનું એવું જે અંદર દૃષ્ટિમાં વેદનમાં આવ્યું તેથી એને સ્થિરતા ત્યાં થતાં થતાં ઈ પરમાનંદ જે સ્વભાવમાં પૂરણ છે ઈ પર્યાયમાં પ્રાપ્ત થાય એનું નામ મુક્તિ. આહાહા ! એને નિશ્ચયથી મુક્તિ થાય.

જેણે આ આત્માને દૃષ્ટિમાં લીધો પર્યાયબુદ્ધિ છોડી દીધી. અંશ ઉપર જે દૃષ્ટિ હતી ને અંશની દૃષ્ટિ લાંબી જતી તો રાગમાં અને પરમાં જતી. એવું જેણે આત્મસ્વરૂપ, જે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જે વાસ્તવિક જેને આત્મા કહીએ. નિશ્ચયે એની દૃષ્ટિ થતાં એને આત્મા કેવો છે એ પ્રાપ્ત પર્યાયમાં થયો. પછી તેણે સ્વરૂપમાં સ્થિરતા કરવી બસ. એ એનું કર્તવ્ય છે. પછી પણ વ્રત પાળવા અને એ વિકલ્પ આવે ઈ જુદી વસ્તુ છે પણ અંદર વસ્તુમાં સ્થિરતા કરવી એ શુદ્ધ ચૈતન્યઘન, પૂરણ આનંદનું ધામ, શુદ્ધ પૂરણ સ્વરૂપ એવી

જે દૃષ્ટિ થઈ છે એમ આ વસ્તુ એમ પ્રાપ્ત થઈ. પણ હવે એમાં સ્થિરતા કરતાં પૂરણ આનંદની પ્રાપ્તિ થાય એવો મોક્ષ થાય એને નિશ્ચયથી મોક્ષ થાય. આહાહા!

પરંતુ જેનો ઉપયોગ એકથી બીજે ભમ્યા કરે છે શુભભાવમાં કે અશુભભાવમાં રમે બહારમાં અને આત્મ સ્વરૂપમાં સ્થિર થતો નથી તેની કદી મુક્તિ થતી નથી. આહાહા! ભવિષ્યમાં ક્યાં જશે? ઈ આ સ્થિતિ થશે. જેને ભવિષ્યમાં આત્માના સ્વરૂપમાં, જેણે દૃષ્ટિ કરીને રમણતા કરી છે એને ભવિષ્યમાં મુક્તિ પૂરણઆનંદની પ્રાપ્તિ થશે જ. (**શ્રોતા** : ... ) ઈ બધુ સમજવા જેવું હતું બધુ પણ ઈ એમ કાંઈ નક્કી થાય એવું કાંઈ કાઢો કે ભવિષ્યમાં ક્યાં ગયો? એનું નક્કી થાય એટલે એ કે એનું સમજો બધું. આહાહા!

શું થાય? જગતના પ્રાણીના. આ વસ્તુ અને તે પરમ સત્ય વસ્તુ તે આ રીતે જ અહીં છે. દિગંબર ધર્મમાં જ આ વસ્તુ છે. બીજે ક્યાંય આ છે જ નહિં. માટે દિગંબર ધર્મ એક પક્ષ છે, અને દિગંબર ધર્મ માન્યો માટે દિગંબર મુનિઓ નગ્ન એને માનવા એને તો ધર્મ, એવું નથી. દિગંબર મુનિ હોવા જોઈએને! આહાહા! (**શ્રોતા** : મુનિની જે વ્યાખ્યા છે એ પ્રમાણે હોવા જોઈએ) એ હોવું જોઈએ. (**શ્રોતા** : નામ છે ભાવ છે) એ ચર્ચા હાલી'તી હમણાં કે ઓલા દિગંબર મુનિઓ કહે છે કે અમને માનતા નથી કે અમે દિગંબર છીએ અને એ કહે છે કે ધર્મ અમે દિગંબર માનીએ છીએ. કાંઈ ઠેકાણા નહિં. ત્યારે એમ કહે કે લંગોટી તમે પહેરો તો એ માનશે તમને વળી એમ બોલે.

(**શ્રોતા** : માનશે કે નહિં) અરે! શું થાય બાપુ! આ અવસર ક્યારે આવે ભાઈ! તારું કરવામાંથી નવરો થા ત્યારે પરની પંચાત માંડને! (**શ્રોતા** : ...) આહાહા! અરેરે! આત્મા ભવિષ્યમાં ક્યાં જશે? અને ચોર્યાશીના અવતારમાં ક્યાં રખડશે? (**શ્રોતા**: ...) આહાહા! દીર્ઘ દૃષ્ટિ નથી. દીર્ઘ કાળનું રહેનારું તત્ત્વ એને દીર્ઘદૃષ્ટિથી અંતર જોતાં એને અંતરમાં સ્થિર થતાં એની મુક્તિ થયા વિના રહે નહિં અને જેને એવો દીર્ઘદૃષ્ટિનું સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું નથી, અને આવ્યો છતાં જે શુભાશુભ પરિણામમાં ભટક્યા કરે છે એની મુક્તિ નહિં થાય. બરાબર. કારણકે દર્શનને જ્ઞાનની સાથે ચારિત્રની પૂર્ણતા સ્થિરતા જોઈએ ને? સ્થિરતા વિના મુક્તિ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? આત્મ સ્વરૂપમાં સ્થિર થતો નથી તેની કદી મુક્તિ થતી નથી. આહાહા!

છઠ્ઠા ગુણસ્થાનમાં એક મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ સંસાર, ત્યાં સુધી એની મુક્તિ નહિં. ઈ છોડીને સ્થિર થઈ શકે એમ નથી. આહાહા! જન્મ મરણના અનંત સંસારના અંત લાવવા અને અનંત અનંત અને અનંત આનંદની પ્રાપ્તિ કરવી

અલૌકિક વાત છે. ઈ કાંઈ સામાન્ય વાત નથી! જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પર પદાર્થોમાં ભટકે છે, ત્યાં સવિકલ્પ દશા વર્તે છે. ત્યાં તો રાગવાળી દશા વર્તે છે. આ સવિકલ્પ દશામાં ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શક્તો નથી. નિર્વિકલ્પદશામાં જ ઉપયોગ આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. જેને શુભાશુભ વિકલ્પ રહિત સ્થિર થાય છે અંદર આહાહા! એટલું એને કરવાનું છે. ક્યાં સુધી કરવાનું છે કે અનુભવ થયો છતાં સ્થિરતા એને પૂરી કરવાની છે. સ્થિરતા કર્યા વિના એની મુક્તિ થાય નહિં. જેનો ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તેને જ મુક્તિ થાય છે બીજા કોઈને નહિં. આહાહા!

હવે ૭૨. ચિત્તમાં અચળ દ્યુતિ, જ્ઞાનમાં અચળ સ્થિર થવું, લોકના સંસર્ગનો પરિત્યાગ કરીને. કારણકે લોકનો સંસર્ગ કરશે ત્યાં સુધી વાણીનો વિકલ્પ વાણી ઉઠશે અને મનમાં પરિસ્પંદ વિકલ્પ ઉઠશે. આહાહા! આત્મ સ્વરૂપના સંવેદનનો અનુભવ થતાં થાય છે. સંસર્ગનો પરિત્યાગ કરી અચળ સ્થિર થતી દ્દષ્ટિ સ્વભાવમાં, ત્યારે સંવેદન થતાં એને આત્માનો અનુભવ થાય છે. બીજી રીતે નહિં. આહાહા!

**चित्तेऽचलाधृतिं च लोकसंसर्ग परित्यज्यात्मस्वरूपस्य संवेदनानुभवे सति स्यान्नान्यथेति दर्शयन्नाह -**

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ।। ७२ ।।**

**જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ[૨],**
**તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ ।। ૭૨ ।।**

**ટીકા** : जनेभ्यो वाक् वचनप्रवृत्तिर्भवति । प्रवृत्तेः स्पन्दो मनसः व्यग्रता मानसे भवति । तस्याऽऽत्मनः स्पन्दाच्चित्तविभ्रमाः नानाविकल्पप्रवृत्तयो भवन्ति । यत एवं, तत्तस्मात् योगी त्यजेत् । कं? संसर्गं सम्बन्धम् । कैः सह? जनैः ।

ચિત્તમાં અચલ ધૃતિ, લોકના સંસર્ગનો પરિત્યાગ કરીને આત્મ સ્વરૂપના સંવેદનનો અનુભવ થતાં થાય છે. બીજી રીતે નહિં. તે દર્શાવી કહે છે કે :-

**અન્વયાર્થ :** (जनेभ्यः) લોકોના સંસર્ગથી (वाक्) વચનની પ્રવૃત્તિ થાય છે; (ततः) તેનાથી એટલે વચન પ્રવૃત્તિથી (मनसः स्पन्दः) મનની વ્યગ્રતા થાય છે - ચિત્ત ચલાયમાન થાય છે, (तस्मात्) તેનાથી એટલે ચિત્તની ચંચલતાથી (चित्त-विभ्रमाः भवन्ति) ચિત્તમાં વિવિધ પ્રકારના વિકલ્પો ઉઠવા લાગે છે અર્થાત્ મન વિક્ષિપ્ત થઈ જાય છે; (ततः) તેથી (योगी)

યોગીએ - યોગમાં સંલગ્ન થવાવાળા અંતરાત્માએ - (जनैः संसर्ग त्यजेत्) લૌકિક જનોના સંસર્ગનો ત્યાગ કરવો.

**ટીકા :** લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિથી મનનું સ્પંદન-મનમાં વ્યગ્રતા-થાય છે, તે આત્માના (ભાવમનના) સ્પંદનથી ચિત્તવિભ્રમો અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે; તેટલા માટે યોગીએ તજવો. શું (તજવો)? સંસર્ગ-સંબંધ કોની સાથેનો? લોકો સાથેનો.

**ભાવાર્થ :** લૌકિક જનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે, - ચિત્ત ચલાયમાન થાય છે અને વિવધ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઉઠે છે. તેનાથી આત્મ સ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી. માટે આત્મ સ્વરૂપના અભ્યાસીએ લૌકિક જનોના સંસર્ગથી દૂર રહેવું યોગ્ય છે.

### વિશેષ

સાધકને જેમ જેમ ભેદ-વિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ થાય છે અને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતાના પ્રમાણમાં તે આત્મસ્થિરતા પ્રાપ્ત કરે છે. સ્વરૂપ - સ્થિરતાના કાળે લૌકિક જનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે. ૭૨

---

## પ્રવચન – ૮૪

અહીં તો અંતરમાં સ્થિર થવાનો પ્રશ્ન છે ને? સમાધિ છે ને? દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં સમાધિ આવી પણ સ્વરૂપની સ્થિરતા વિના પૂર્ણ સમાધિ ન થાય અને પૂર્ણ સમાધિ શાંતિ વિના મુક્તિ ન થાય. આહાહા! આમાં પરનું કરી દઉં અને પરનું આ કરું એ ક્યાં છે આમાં? એ પ્રશ્ન છે. આ મકાન કર્યા વિના થયું? (**શ્રોતા :** કોણે કર્યું?) કર્યું, કરનારે કર્યું કે લ્યો આ પથરો એની મેળે આમ જાય. જો આમ ઉપાડી મુકે એ તો મુકાય. (**શ્રોતા :** મુકાઇ ગયો) જેને એ નિશ્ચય કરવો નથી, ફક્ત લોકમાં માન લેવું બહારમાં હેં? અરે! એમાં શું થયું ભાઇ! એ માન નહિં મુકાય. પર ગતિ જતાં કાંઇ ગરણ મુકાશે. આહાહા! ભગવાન આત્મા તદ્દન નિવૃત્ત સ્વરૂપ છે.

પરિગ્રહ પાંચ નથી આવતા? નિયમસારમાં પરિગ્રહપાંચમામાં આવે છે.

૨. સ્પંદ - વ્યગ્રતા

નિવૃત્તિ સ્વરૂપ છે. પરની અપેક્ષા પર પરિગ્રહની છે જ નહિં. પાંચમા(૫) મહાવ્રતની વ્યાખ્યામાં આવે છે. આહાહા! જેને અંતરમાં ઠરવું છે એને બહારના કોઈ સાધનની એને જરૂર હોતી નથી. (**શ્રોતા** : બાહ્ય સાધન છે જ નહિં) ઈ માને ને આ વહેવાર સાધન છે. એમાં કહ્યું છે ખરું ને શાસ્ત્રમાં! (**શ્રોતા** : બહારમાં સાધન તો પોતામાં ખરું સાધન છે) વાંધા ઈ બધા ઉઠે છે ને! વહેવાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ભાઈ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. સાધન ફાધન છે નહિં. આહાહા! સત્ જેને જોઈતું હોય એની અહીં તો વાત છે ભાઈ! પોતાની માન્યતાની પૃષ્ટિ કરવી હોય એ તો અનાદિથી કરી રહ્યો છે, માની રહ્યો છે.

**જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ[૩],**
**તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ ॥ ૭૨ ॥**

લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય. દેખો તેઓને ધર્મનો સંદેશ દેવો છે. ઈ આવ્યું છે મોટું ઓલા વીરનું. આંહી ગ્યા'ને, આંહી ગ્યા. મોટા ખ્રીસ્તીઓએ આદર આપ્યો છે ને ઓલા સુશીલને. લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય. આહાહા! જેને પોતાનું કામ કરવું છે એને લોક હારે સંસર્ગથી તો વિકલ્પ ઉઠશે કહે છે. (**શ્રોતા ...** ) આહાહા! કો કાંતિભાઈ આવો મારગ છે તદ્દન, અને ઈ પાછા માને ન માને, એની હારે વળી આમ હોય ને બાપા વહેવારે કહ્યો છે ને આમ કહ્યું છે ને નિશ્ચય. આહાહા! આમ પાછા માથું કુટે.

લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે. પ્રવૃત્તિથી મનનું સ્પંદન વ્યગ્રતા, વ્યગ્રતા થાય મનમાં આમ. આહાહા! અરે! આણે માન્યું ને એણે ન માન્યું, આણે નિષેધ કર્યો, આણે મારી વાત તોડી નાંખી ને, એવા વિકલ્પો ઉઠે અંદર. અથવા આણે માન્યું રાજી થાય એય વિકલ્પ છે. આહાહા! (**શ્રોતા** : બહાર ગયો એમાં જ વિકલ્પ છે) આહાહા! એકલો જ્ઞાનધામ સ્વરૂપ પ્રભુ, નિષ્ક્રિય વસ્તુ જ્યાં, જ્યાં પર્યાયની ક્રિયા પણ જ્યાં નથી, આહાહા! એવા આત્મામાં સ્થિર થવું એ પણ એક પર્યાય ક્રિયા છે. તે આત્માના ભાવ મનના સંવેદનથી ચિત્ત વિભ્રમો વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે.

શાસ્ત્રની ચર્ચા કથા વાર્તામાં વિકલ્પો ઉઠે છે કહે છે. આહાહા! એમ કહે છે. ધર્મ એક જીવ પણ પામે તો લાભ થાયને! એમ કહે છે. કોને શું લાભ થાય? એ તો તને વિકલ્પ આવ્યો ને કહ્યું અને વાણી નીકળી એમાં લાભ એને કારણે એને થયો એમાંથી

૩. સ્પંદ - વ્યગ્રતા

તને લાભ શું થયો ? એટલે લોકનો સંસર્ગ છોડી દઈ, વચનની પ્રવૃત્તિ છોડી દઈ અને એને લઈને મનની કલ્પના છે એને પણ છોડી દે એમ કહે છે. આહાહા ! આવો મારગ છે. એને કેટલું ભાઈ અમારું ગમે તે થાય પણ લોકોને એકવાર તારવા સાટુ અમારે ભલે ભવ કરવો પડે. એને ભવ જ કરવો છે ને ? આહાહા ! જગતના હિતને માટે ભવ કરવો પડે તો પણ વાંધો નથી એમ કહે છે. એની તો...

(**શ્રોતા** : પરનું હિત કોણ કરે ?) આહાહા ! કોણ કરે ? કોનું કરે ભાઈ ? સંબંધ અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે એટલા માટે ધર્મી યોગીએ, યોગીએ એટલે સ્વરૂપમાં જેને જોડાવું છે એને. યોગ એટલે સ્વરૂપમાં જેને જોડાવું છે, સ્વરૂપમાં જેને દૃષ્ટિ સહિત સ્થિરતા કરવી છે એને સંસર્ગ છોડવો. આહાહા ! સાધુ છે એ જુઓને પહેલાં આચાર્ય, ઉપાધ્યાય હોય પણ છેલ્લે ઈ પદેય છોડી દેવું પડે એને. કોઈ પૂછવા કોઈ આવે આનું થાય ને આવું થાય, સાધુ થાય એટલે છૂટી જાય ઈ વાત. એ આચાર્ય ઉપાધ્યાયને હોય ઈ વાત. આહાહા ! શ્વેતાંબરમાં એવું આવે છે કે આચાર્ય થાય ઈ અલ્પ ભવે મોક્ષ જાય ત્યારે અહીં કહે છે આચાર્યપણું છોડીને સાધુ થાય ત્યારે મોક્ષ થાય.

આચાર્યોમાં તો હજી શિષ્યો માટે આમ, આમ તેમ આમ. આહાહા ! કેવી વિકલ્પની જાળમાં રોકાવું પડે ત્યાં સુધી સ્થિરતા ન થાય અને શ્રેણી મંડાય નહિં. શ્રેણી એટલે ધારાવાહી ધ્રુવ, ધ્રુવમાં ધારાવાહી પરિણતી ન થાય. આહાહા ! (**શ્રોતા**...) આહાહા ! શું કહ્યું ? કે સંમત રહેવું. સંસર્ગ કોની સાથેનો ? લોકો સાથેનો. લોકોને ધર્મ પમાડવા, લોકોને આ કરવા ને આ કરવા એ બધી વિકલ્પની દશા અને એમાં લાભ માને, ભ્રમણા છે. આવી વાતું ભારે આકરી. પરોપકાર થાય પરોપકાર. ભગવાન પણ હિતોપદેશી છે નહિં ? ભગવાન હિતોપદેશી હતાં કે નહિં ? લ્યો.

(**શ્રોતા** : જ્ઞાન કર્યું છે. ઉપદેશ નીકળવાનો હતો એટલે નીકળ્યો) નાભીરાજાએ આ લોકોને ખાવા ટાણે વળી એ વિચાર આવ્યો. કીધું ઘઉંની રોટલી કે દિ'નું થયું હશે પૂછ્યું'તું ને ? આ ઘઉંની રોટલી ખોરાકમાં ક્યારથી હશે ? ઘઉંમાંથી ઘઉં પાકતા હશે ? એવું આવે છે કે તાવડી બનાવવા માટે માટીનું ઓલું, હાથીનું હોયને એમ ખન એમાં તાવડી બનાવવી એ ભગવાને શીખવ્યું. બીજું સાધન હતું નહિં ત્યાં. તાવડી સમજ્યાને ? એનું ઓલું હોય ને ખન. ખન મોટો માટીનું કરી એ તાવડી. તાવડી હશે, ઘઉં હશે એ ત્યાં એ વખતે. જુગલિયા મટયા ને પછી ઘઉં થાતા હશે ? ઘઉંની રોટલી ખાવી ને ત્યાંથી શરૂ થયું હશે ? પંડિતજીને પૂછ્યું પણ પંડિતજીએ જવાબ ન આપ્યો પછી કાંઈ ?

હિંમતભાઈને આજ આહાર વખતે પૂછયું. આજ આહાર એમનો હતો ને? આજ છોકરો હતો ને આવ્યો છે. પ્રવિણ આવ્યો છે ને? કીધુ આ રોટલીનું. ઘઉંની રોટલીનો ખોરાક ક્યાંથી શરૂ થયો હશે?

(**શ્રોતા :** અનાદિથી) પણ ઘઉં જુગલિયા વખતે ઘઉં હતા નહિં. જુગલિયા મટયા પછી ઘઉં ન્યાં ઘઉં કે દિ' પાકવા માંડયા પાછા? પાછા જુગલિયા વખતે મટીને! કીધું દાણા બાણા પાકતા હશે? (**શ્રોતા :** જો ઘઉંનો દાણો ન હોય તો ઘઉં ક્યાંથી થાય?) ઈ અંદર હશે કાંઈક થાતું હશે. ઈ આમ અમથુંય કલ્પવૃક્ષ પાકે છે ને લ્યો. (**શ્રોતા :** ઈ એ અનાદિનો) કાંઈ ન હોય ને ત્યાં કલ્પવૃક્ષ પાકે છે. ઈ અંદર એ જાતના બીજડા રહે છે. આ કલ્પવૃક્ષ થાય એ, ન્યાં કોણ વાવે છે કોણ? ત્યાં અસંખ્ય ભવમાં અથવા અસંખ્ય વરસમાં એ ન હોય કલ્પવૃક્ષ હં! પાધરા કલ્પવૃક્ષ ઉગે નવા, લ્યો જમીનમાંથી ઉગતા એમાં એવું થતું હશે. ઘઉંનું વાવેતર જ ક્યાં જુગલિયામાં હતું? (**શ્રોતા :** જુગલિયામાં હોય જ ક્યાં? ઘઉં જોયા છે ક્યાં?) કીધું આ ઘઉંની રોટલી ખાવી ક્યારનું શરૂ થયું હશે? (**શ્રોતા :** અનાદિ) ઈ સંસ્કાર આવ્યા હોય ને. આહાહા!

આહીં તો કહે છે પ્રભુ તારે જો આત્માનું કામ કરવું હોય, (**શ્રોતા :** બીજી પંચાતમાં પડીશ નહિં) તો લોકની સાથે સંસર્ગમાં પરિચયમાં આવીશ નહિં. (**શ્રોતા :** તો પછી આટલા બધા ઉપદેશ કોને કેમ મોકલો છો?) ઈ બધું રામજીભાઈને હેઠે કરે છે ને! ખીમચંદભાઈ ને હિંમતભાઈ બેય. આ બેય પણ એ રામજીભાઈને માથે, નાયકની હેઠે એ કરે છે બધા. (**શ્રોતા :** કોઈને માથે કોઈ હોય?) ઈ એ કહેતો તો રામજીભાઈ છે ને? મેં કીધું હા. (**શ્રોતા :** બહુત ઉંમર હો ગઈ ઉનકી) શું કીધું? (**શ્રોતા :** એમની ઉંમર મોટી થઈ ગઈ છે) અહીં આવ્યો'તો ને આંહી રહી ગયો છે. બોટાદમાં આવ્યો'તો. અહીં બે ત્રણ વાર આવ્યા છે. અરે! વસ્તુ... વસ્તુ .... બધા ધર્મ સરખા, બધામાં પણ સમભાવ રાખવો ને બધું. આહાહા!

(**શ્રોતા :** સમભાવ રાખવો એટલે શું?) બધા ધર્મ સરખા એનું નામ સમભાવ એમ. (**શ્રોતા :** એનું નામ હોય? એનું નામ તો એકલું અજ્ઞાન છે. ધર્મ હોય જગતમાં તો અધર્મ હોવો જોઈએ કે નહિં? આટલા મોટા સંત કેમ થયા?) શ્રીમદ્ તો સમભાવની વ્યાખ્યા કરી. કુદેવને કુદેવ તરીકે જાણે માને, સુદેવને સુદેવ તરીકે જાણે માને, કુગુરુને કુગુરુ તરીકે જાણે માને, સુગુરુને સુગુરુ તરીકે જાણે માને એનું નામ સમભાવ છે. (**શ્રોતા :** એમ જ હોય, હોય એમ જાણે) બેય સરખા છે ઈ તો મુર્ખાઈ છે. (**શ્રોતા :**

બેયને જાણે માને ઇ સમભાવ ?) લખ્યું છે એમ હોં. બેયને સરખા માને ઇ મુર્ખાઇ. મુર્ખ છે. મુર્ખ કહે છે. સત્‌ને સત્ તરીકે જાણે, અસત્‌ને અસત્ તરીકે જૂઠા એમ જાણે. જાણવું એમાં વિસમતા ક્યાં આવી ? આહાહા ! દ્વેષ કરવો એના પ્રત્યે એ દ્વેષ ન હોય, ઇ એ આત્મા છે.

આંહી કહે છે કે લૌકિકજનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે. કારણ કે મન ત્યાં ને ત્યાં રોકાયા કરે. (**શ્રોતા** : એના વિચારો આવે) આ આમ કહે છે ને આ આમ કહે છે ને એને આમ કહેવું ને આમ કહેવું ને ! આહાહા ! જુઓને સંતોએ કામ. સમાધિ સ્થિરતા કરવી છે એમ. જેને આનંદમાં સ્થિર થવું છે એ આ સંતની વાત છે આ. (**શ્રોતા** : સમાધિ છે ને) સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટયું ત્યાં અંશે સમાધિ આવી, શાંતિ આવી, આનંદનો અનુભવ આવ્યો. આહાહા ! (**શ્રોતા** : ફણગા ફૂટયા) પણ પૂરણ કરવા માટે એણે સ્વરૂપમાં સ્થિરતા માટે લોકનો સંગ છોડવો પડશે. અને સંગ કરશે તો ચિત્તનો ભ્રમ વિકલ્પ ઉઠશે, અને વિકલ્પ ઉઠશે તો ભ્રમણા થાશે બધી. આ સમજ્યો ને આ સમજ્યો ને ન સમજ્યો ! આહાહા ! પંચમઆરાના સંત આવી વાત કરે છે.

(**શ્રોતા** : વાત તો ત્રણે કાળે એક જ હોય) આહાહા ! સંતપણું તો એવું જ હોય છે ને ! લૌકિકજનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે, ચિત્ત ચલાયમાન થાય છે અને વિવિધ પ્રકારના સંકલ્પ વિકલ્પ ઉઠે. પંડિતોનું શાસ્ત્ર સંસાર કહ્યો છે ને ! કે આ શાસ્ત્રમાં આમ કહ્યું છે ને, એના ને એના વિકલ્પોમાં રોકાયા જ કરે. આહાહા ! આકરી વાત ભાઇ ! (**શ્રોતા** : થોડી થોડી વાત) પંડિતોને શાસ્ત્ર સંસાર કીધો છે એને, શાસ્ત્ર એનો સંસાર છે કારણ કે આ જાણ્યું અને મને આ આવડયું ને મને આ ન આવડયું, આ મેં બીજાને સમજાવ્યું, ને આ બધા રાજી થયા મારા વ્યાખ્યાન સાંભળીને. (**શ્રોતા** : એમાં તારે શું ?) એમાં તારે શું ? (**શ્રોતા** : આધિ-વ્યાધિ કરવી. તારામાં શુદ્ધિ કેટલી થઇ ? આહાહા !

કહે છે કે ચિત્ત ચલાયમાન થતાં વિવિધ સંકલ્પ વિકલ્પ ઉઠે છે. તેનાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી. આહાહા ! ''આનંદમાં રહેવું અનુભવીને એટલું રે..... આનંદમાં રહેવું રે....'' એવું નાની ઉંમરમાં બ્રાહ્મણ બોલતા નહોતા દસ વરસની ઉંમરની વાત છે. બ્રાહ્મણ હતા, અમારે મામા કહેતા. મારા બા ના મોસાળના ગામના હતાં. મુળજીમામા કહીએ અમે. એકલા રહેતાં. બૈરા, બૈરા પછી કોક દિ' આવે બાકી એકલા રહેતાં. નોકરી પછી નહાતા વખતે ઓલું આબોટીયું પહેરે ને એ આ બોલતા ''અનુભવીને એટલું રે, આનંદમાં રહેવું રે... ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઇ ન કહેવું

રે !...... '' પરિબબ્રહ્મ શબ્દે પરમાત્મા, પરિબ્રહ્મ શબ્દ આત્મા. (**શ્રોતા** : ઓહ ! શું વાત કરો છો ?) આહાહા ! મારો પરિબ્રહ્મ ભગવાન તો મારો મારી પાસે છે. ભગવાન ક્યાં ઓલા છે ? તે તો દૂર છે. આહાહા ! આત્માના અનુભવી જીવે તો અનુભવમાં રહેવું અને ભજવા પરિબ્રહ્મ એટલે આત્માના પૂર્ણ સ્વરૂપનું ભજન કરવું. ભજન એટલે તેમાં સ્થિર થવું. આહાહા ! એવી વાત છે ભાઈ અહીંયા. ત્યાં પાછું મોક્ષમાર્ગ પ્રકાશકમાં કીધું ને ? ભગવાને પણ ઉપકાર કર્યો હતો માટે નથી આવતું ૮માં અધ્યયનમાં ? કીધું વ્યવહારની વાતો આવે તો આવે. કોણ ઉપકાર કરે ?

(**શ્રોતા**...) વિકલ્પ ઉઠે તે જ નુકશાનકારક છે. આહાહા ! ભાઈએ તો ક્યાં સુધી લખ્યું નહિં ? ન્યાલભાઈએ તો સુનનેવાલાનેય નુકશાન ને સુનાનેવાલેકો નુકશાન, લખ્યું છે ? બેયને. આહાહા ! (**શ્રોતા** : સાંભળતા નુકશાન) એને એમ કે આ મારા સમજે તો ઠીક એવી એટલી દીનતા. આહાહા ! ઓલામાં નથી આવ્યું મોક્ષમાર્ગ પ્રકાશકમાં ? શુભમાં શુદ્ધનો અંશ છે ઈ તે માન્યું તો તને શાબાશ છે. આવે છે ? વાત તો આવે કારણ કે જ્ઞાનની નિર્મળતા જ્ઞાનથી થાય અને ચારિત્રની નિર્મળતા જ્ઞાનીથી ન થાય. એ વખતે શુદ્ધનો અંશ હોય, એ શુદ્ધની સ્થિરતા  વધતી વધતી સ્થિરતા થાય, માટે શુભમાં પણ ગ્રંથીભેદ થાય એટલે કે રાગની એકતા તૂટે ત્યારે શુદ્ધની એકતાની સ્થિરતા વધે. આહાહા ! ઈ તે માન્યું કે નહિં ? એમ કહ્યું છે નહિં એમાં ?

(**શ્રોતા** : માન્યું તો શાબાશ) શાબાશ. આહાહા ! (**શ્રોતા** : ન માન્યું તો તારી યોગ્યતા બીજું શું ?) ન માને તો તારું દ્રવ્ય એ રીતે પરિણમ્યું છે બાપુ ! બીજું શું કરીએ ? આહાહા ! અમે તને સમજાવી દઈએ એવું કાંઈ છે નહિં. તીર્થંકરમાં તાકાત નથી કે બીજાને સમજાવે. આહાહા ! એની પર્યાયનો કર્તા ઈ એને બીજો કેમ કરી દે ? અહીં આવશે આગળ. ગુરુ તું તારો છો ભાઈ ! આગળ આવશે આમાં. તને તું તારો સમજાય છે એ ગુરુ એમ કીધું છે ને ! (**શ્રોતા** : તારી પર્યાય સમજાવે) બીજું કોણ આવે એમાં ? ૭૫માં છે.  ૭૫ ગાથામાં ''नान्यो गुरुरस्ति परमार्थतः। व्यवहारेण तु यदि भवति तदा भवतु। यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः। આત્માનો ગુરુ આત્મા છે. આહાહા ! એ છોટાભાઈ ! છે એમાં હોં. यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मनः મૂળ પાઠ છે. આહાહા ! गुरुआत्मानः तस्मात् अन्यो अस्ति परमार्थतः। न अन्यो अस्ति એમ કહ્યું.

પોતે પોતાના આત્માની પર્યાયમાં દ્રવ્યમાં લક્ષ જાય, આશ્રય કરે એ તો પોતે સમજ્યો ને પોતે પોતાનો ગુરુ થયો એ તો. આહાહા ! આવું કરવા જશો તો પછી

ગુરુનું માન નહિં રહે વળી એને એમ થશે. (**શ્રોતા** : માનનું શું કામ, ગુરુને શિષ્યનું શું કામ?) પણ એને મોટા તરીકે માનશે નહિં, પણ તારે એનું કામ શું છે તને? (શ્રોતા : એકદમ સાચું) આહાહા! (**શ્રોતા** : એ તો એના સાટું કર્યું) આહાહા! આ તો પછી આવીને એમ કહે કે પંડિતોથી બીજા સમજે. એવું જો ન હોય તો પંડિતોનું માન જ, પંડિતોનો આદર કોણ કરશે? (**શ્રોતા**...) પાટે બેસે, આમ માણસ ભેગું થાય, આમ વાતું કરે અંદર, કેટલી શોભા ધર્મની થાય લ્યો....! એ જેઠાભાઇ! બાપુ ધર્મની કંઇ બહારની શોભા ધર્મ છે? આહાહા!

(**શ્રોતા** : ધર્મચક્ર ફર્યું તો કેટલો પ્રભાવ થયો) ધર્મચક્ર કીધું ને! ધર્મચક્ર શું? એ તો ઘણું કહ્યું ત્યાં અને કહ્યું એમાં બીજી વાતે કાઢી રાતે ત્યાં. રાતે હાલ્યા છે તે સારું નથી કર્યું. કોઇ પૂછનાર નહિં એટલે શું? બાકી તો ન્યાયથી જોઇએ આપણે તો રાતે હાલવું અને દિવસે જાત્રા? કોના ઘરનો વહેવારનોય ન્યાય નથી. અંધારામાં હાલવા અરે! પ્રભુનો મારગ તો જુઓ ભાઇ! વાત તો જે સત્ય હોય તે રહેશે. બાકી કાંઇ પક્ષથી કોકે કર્યું માટે એને સારું માની લેવું. (**શ્રોતા** : એને ધર્મ ન કહેવાય. હોય નહિં ધર્મ) એ ગીરધર ભાઇ! (**શ્રોતા** : આ તો આપણી પાસે સાચું છે) આહાહા! અને તે શું ત્રણ મહિનામાં લાખ માણસ હારે રહે. આ તો ત્રણ મહિનામાં દસ લાખ ખરચ્યા કહે છે પણ એથી શું? એમાં રાગની મંદતા એ વખતે કરી હોય અને દબાણથી કરવું પડે.

આપણે અહીંયા આવ્યા છીએ ને અગ્રેસર મોટા પૈસાવાળા છીએ એટલે કંઇક દેવું પડે નહિંતર તો પછી આ એવું કાંઇક દબાણ રહીને થાય તો એ પણ કાંઇ છે નહિં. આહાહા! ભારે મારગ બાપા! એમ કે આ સાથેના માણસો બે પાંચ લાખવાળા છે ને હું કઇંક પચાસ લાખવાળો છું, એ એટલુ ભરે ને મારે એટલુંય નથી ભરતો, તો પછી સરખી શોભા નહિં રહે. (**શ્રોતા** : શોભા આમાં શોભા કે શુદ્ધતામાં શોભા હોય?) કાંતીભાઇ! આ તો ભાઇ મારગડા જુદા હોં આ! વિકલ્પો રહ્યા જ કરે. એક માણસ કે'તા કે ક્યાંક ગ્યાતા તે આખી રાત હાલ્યા કે સાંજથી ને સવાર સુધી. થાકીને લોથ થઇ ગયા બધા માણસ. આખી રાત ઉંઘ ન આવે. હાલે એમાં કાંઇક વળી બહુ હોય એવા ઉંઘી જતા હશે એવા હાલતી બસે. બીજાને તો ઉંઘે ન આવે સાધનમાં. હેં? એવું છે, પણ આખી રાત (સવારથી સાંજ) સાંજથી સવાર. આહાહા!

આંહી તો કહે છે કે એવા સંકલ્પ વિકલ્પોમાં રોકાવું, એ તો બંધનું કારણ છે. મારગ એવો છે. એ ચેતનજી! ક્યાં સુધી લઇ જવું છે આ? (**શ્રોતા** : એક બે વખત

થયું છે) ઈ રાતે તો ઘણીવાર હાલે પણ એક બે વાર આખી રાત. બાકી આમ તો ઘણીવાર દસ(૧૦) - દસ(૧૦), અગીયાર(૧૧) વાગ્યા સુધી તો ઘણી વખત. (**શ્રોતા** : આ તો વસ્તુનું સ્વરૂપ) આ તો વસ્તુ સ્થિતિ બાપુ! (**શ્રોતા**...) પ્રવૃત્તિમાં પણ વિવેક જોઈએ. એક ફેરી તો ન્યાલભાઈને પૂછયું છે કે વિવેક ક્યાં? વિવેક બિવેકને પૂડે મૂકી દે એક કોર, એક ફેર એમ કહે. એક ફેર વળી કહ્યું કે વિવેક જોઈએ પહેલો. બે પ્રશ્ન છે. દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ ૩૫૭ અને ૬૮માં બે પ્રશ્ન છે. (**શ્રોતા**...) ઈ એ વળી જુદું આ તો બીજું છે. વિવેકની વાત છે એક ઠેકાણે.

અને એક ઠેકાણે વિવેકને સ્થાપ્યું છે. વિવેક જોઈશે પણ પર્યાયબુદ્ધિ રાખવી નહિં. પર્યાય ઉપરનું જોર ન દેવું એમ. છે ઈ કેટલામી છે ખબર છે? નથી ખબરને? પ્રશ્નમાં છે? કયે ઠેકાણે પ્રશ્ન છે? આપણને કાંઈ બહુ યાદ રહે નહિં. ન્યાય યાદ રહે એવું ક્યાં આવ્યું'તું હોં! આહાહા! એકનો અર્થ એમ કે આવો રાગ હોવો જોઈએ નહિંતર આમ થાય ને તેમ થાય એમ, હોવો જોઈએ શું? થાય એવો એ થાશે, એને સમ્યગ્દર્શનમાં એવો સ્વચ્છંદી રાગ ન થાય એને. એને યોગની લાયકાત પ્રમાણે જ થાય, પણ એનું જોર જવું જોઈએ વસ્તુ ઉપર. જેમાં ખાણ છે, એ ખાણ ઉપર નજર રાખવી જોઈએ વધારે, જોર ત્યાં જવું જોઈએ. પર્યાયનો વિવેક હોય છે એની પ્રમાણમાં, પણ એનું જોર પર્યાય ઉપર ન જોઈએ શું છે? હેં?

(**શ્રોતા** : સાત નંબરનું છે) ક્યાંક છે બે બોલ છે. એક બોલ કાઢશો ત્યાં એમાં બીજો બોલ આવે છે. લખી લીધો હશે. એમાં વિવેકનો નકાર કર્યો છે ને ત્યાંય પણ પાનું લખ્યું હશે. વિવેકનો હકાર કર્યો એનો છે એમાં ઘણું હશે. ભાઈ આંહી તો કહેછે કે રાગથી ભિન્ન પડીને જ્યાં, આત્માનું ભાન થયું એ વિવેક નામ વિવેકજ્ઞાન થયું, ઈ વિવેક થયો. આહાહા! લૌકિકજનો સાથે આવી ગયુંને ઈ? માટે આત્માના અભ્યાસીએ, આત્મ સ્વરૂપના અભ્યાસી એ આમ વાત છે. અપેક્ષિતથી સમજવું જોઈએને? માટે આત્મ સ્વરૂપના અભ્યાસીએ લૌકિકજનોના સંસર્ગથી દૂર રહેવું. લ્યો! (**શ્રોતા** : એક સાધુ સાથે બીજો સાધુ હોય એ સંસર્ગ લૌકિક કહેવાય) એ બધુ એની હારે. આ વિનય કરવો ને વહેવાર રાખવો ને ઈ બધુ એ આવે છે ને? ઈ એ વહેવાર છોડીને યોગસારમાં આવે છે. છોડ વહેવાર બધો એવો. આ તો મારગ ભાઈ! આવે ખરો પણ એનો એ વહેવારમાં જે લક્ષ થાય છે તે તો વિકલ્પ છે ને, બંધનું કારણ છે.

વૈયાવચ્ચમાં નથી આવતું? વૈયાવચ્ચ કરવી. પ્રવચનસારમાં. (**શ્રોતા** :

એ તો છેક દસમાના ........ ) ઈ તો એવો રોગી માણસ સાધુ હોય અને આને એવો પ્રસંગ હોય ધ્યાનમાં ન હોય અંદરમાં, તો બહાર લક્ષ જાય એને એ જાતનો ભાવ આવે એમ, એટલું પણ એની ભાવના હોય કે આવું કાંઈક થાય તો મારે સેવાનો વિકલ્પ લાવવો જ છે એવું નથી. આહાહા! એવો પ્રસંગ હોય તો એને એવો વિકલ્પ આવે. (**શ્રોતા...**) બસ એટલી વાર. ધ્યાનમાં ન હોય અને બહારે સાધુને કાંઈક ઉલટી થતી હોય કે ઓલુ થતું હોય તો વૈયાવચ્ચનો ભાવ આવે એને. આહાહા! ભારે મારગ ભાઈ!

વીતરાગભાવે રહીને વિકલ્પ આવે, જ્ઞાતાદૃષ્ટાપણે રહી વિકલ્પ આવે પણ એનો નિષેધ છે. આહાહા! ઈન્દ્ર પણ ભગવાનની સામે તાંડવનાચ કરે ત્યારે જુઓને કેવા નાચે છે? એ જાય છે ને બાવન જીનાલયમાં જાય છે ને? હેં! ક્યાં? (**શ્રોતા :** નંદીશ્વરદ્વીપ) નંદીશ્વરદ્વીપમાં. અહીં આપણે આ બાવન થાંભલા છે. (**શ્રોતા :** આજે જ ગણવાનો પ્રસંગ બન્યો) હેં! આજે જ ગણ્યા'તા ન્યાં જઈને ચોવીસ હેઠે, ચોવીસ ઉપર અડતાલીસ. ઓલા ચાર છે. હેઠે ચાર છે. બાવન છે. કીધું. બાવન જીનાલય હેં? (**શ્રોતા:** કુદરતી ખબર પડી ગઈ) આઠ આમ છે આઠ આમ સોળ, ચાર આમ, ચાર આમ, ચોવીસ થયા. ઉપર ચોવીસ. અને આ ઉપર થાંભલા છે બીજા આ ઉપર છે હોં! ચાર હેઠા ગણ્યા'તા ઉપર ચાર છે? લ્યો તો તો છપ્પન થયા. (**શ્રોતા :** હોય ન્યાં હોય એટલા ગણાયને) છપ્પન થયા. આહાહા! એ થવાકાળે થઈ ગયું કોણ કરે એને? (**શ્રોતા :** ઈંજીનિયર કરે એને બીજુ કોણ કરે એને?) ઈંજીનિયર કોઈ કરે નહિં.

## વિશેષ

સાધકને જેમ જેમ ભેદવિજ્ઞાનનું બળ વધતું જાય છે. જોયું? આવે છે ને ઓલામાં? ભેદ અભ્યાસ કરતાં કરતાં સ્થિરતા વધે છે. ભેદ અભ્યાસ. આવે છે નિયમસારમાં. ભેદ અભ્યાસ કરતાં કરતાં પરથી ભિન્ન પાડતાં પાડતાં સ્થિરતા વધે છે. ચારિત્રની. (**શ્રોતા :** આનંદની) આહાહા! પહેલાં એને જ્ઞાનમાં નિર્ણય તો કરે પાકો કે વસ્તુ આ સ્થિતિએ છે. (**શ્રોતા :** સાચી વાત છે) એ સ્થિતિમાં રમ્યા વિના કોઈ રીતે મુક્તિ થાય, મોક્ષ થાય (**શ્રોતા :** એમ નથી) આહાહા! આજે જાત્રાના ધમાધમમાં સમ્મેતશિખરની જાત્રાને (**શ્રોતા :** ઈ પોતે જ ભાવ સમ્મેતશિખર છે) શત્રુંજય. (**શ્રોતા :** ઈ એ પોતે જ છે) અસંખ્ય ગુણનું તીર્થધામતો તું છે! અનંતગુણનું તીર્થધામ. આહાહા!

સાધકને જેમ જેમ ભેદવિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ થાય છે લ્યો, જોયું? આહાહા! અને વીતરાગતા વધતી જાય છે.

આહાહા! વીતરાગતાના પ્રમાણમાં તે સ્થિર, આત્મસ્થિરતા પ્રાપ્ત કરે છે. જેટલી વીતરાગતાના પ્રમાણમાં આત્મામાં સ્થિરતા થાય છે, સ્વરૂપ સ્થિરતાના કાળે લૌકિકજનો સાથેનો સંસર્ગ છૂટી જાય છે. આહાહા! આ તો જગતને ધર્મ પમાડું. જગતને ધર્મ પમાડવા નીકળ્યા છે. પોતાને ધર્મ કેમ થાય છે એની ખબરું નથી. આહાહા! લૌકિકજનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે. સ્વરૂપની સ્થિરતા પણ કોને થાય? જેની દૃષ્ટિમાં પહેલો આત્મા આવ્યો હોય એને.

આ પસ્સદિ જૈનશાસન છે. વાંચીને જો વિચારે તો બેસી જાય એવું છે કે આ બધું આપણે જે માનીએ છીએ એ બધું ખોટું છે. હેં! આહાહા! સામાન્યનો આવિર્ભાવ, વિશેષનો તિરોભાવ. જે જ્ઞાન સ્વરૂપ ભગવાન એનું પ્રગટપણું થવું ઈ સામાન્યનો આવિર્ભાવ. અને જ્ઞેય દ્વારા જ્ઞાનનું થવું એ વિશેષનો આવિર્ભાવ. એનો તિરોભાવ થઈ, આહાહા! જ્ઞેય દ્વારા જ્ઞાનનું પ્રગટ થવું એ તો વિશેષ થયું, સામાન્ય ન આવ્યું. છે? બે લખ્યા છે. એ ન્યાં મેં કીધું આની કોર જુઓ ઈ ૩૫૭.(દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ) જોયું? પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈ, ઉનકો સહજ હોના ચાહીએ. થયું અને ૬૮ છે. (**શ્રોતા :** નંબર લખેલું છે) લખ્યો છે ને પણ આ તો ૬૮માં આવે છે, ન્યાં ના પાડશે.

અનુભવ હોને કે બાદ પરિણામમેં મર્યાદા આ જાતી હૈ ને? વિવેક હો જાતા હૈ ને? એમ પ્રશ્ન હૈ. ઉત્તર વિવેક કી બાત એકબાજુ રાખો. એક દફે વિવેક કો છોડ દો, (પર્યાયકી સાવધાની છોડ દો) ઈ ખાસ દેખાડવું હતું. પરિણામ માત્ર હી 'મૈં' નહિં. 'મૈં' તો અવચલિત ખુંટા હું. મેરેમેં ક્ષણિક અસ્તિત્વ હૈ હી નહિં. વિવેક કે બહાને ભી જીવ પરિણામ મેં એકત્વ કરતે હૈ. ત્યાં ઈ કહ્યું અને અહીંયા હા પાડી. અપેક્ષાથી સમજવું જોઈએને? અહીંયા હા પાડી જો. પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈ ઉનકો સહજ હોના, સહજ હોના ચાહીએ. પ્રશ્ન બે ઠેકાણે મૂક્યો છે હોં! આહાહા! ૭૨ ગાથા થઈ.

તો શું તેમનો સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? (**શ્રોતા :** આત્મામાં કરવો) ગામ હો કે જંગલ હો આત્મામાં રમવું. ઈ કાંઈ ગામ, જંગલ જડતું નથી ત્યાં કાંઈ! તો શું લોકોના સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? એવી આશંકાનું નિવારણ કરતાં કહેશે લ્યો.

વિશેષ કહેશે.........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૮૫

## શ્લોક – ૭૩

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૦.૦૭.૭૫**

**तर्हितैः संसर्ग परित्यज्याटव्यां निवासः कर्तव्य इत्याशंकां निराकुर्वन्नाह –**

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ।।७३।।**

અનાત્મદર્શી[1] ગામ વા વનમાં કરે નિવાસ;
નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ ।। ૭૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

૧. અનાત્મદર્શી – આત્માનો અનુભવ જેને થયો નથી તે.

**टीका** : ग्रामोऽरण्यमित्येवं द्वेधा निवासः स्थानं अनात्मदर्शिनामलब्धात्मस्वरूपोपलम्भानां दृष्टात्मनामुपलब्धात्मस्वरूपाणां निवासस्तु विविक्तात्मैव रागादिरहितो विशुद्धात्मैव निश्चलः चित्तव्याकुळतारहितः ।।७३।।

તો શું તેમનો (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે -

**અન્વયાર્થ** : (अनात्मदर्शिनां) જેમને આત્માનો અનુભવ થયો નથી તેવા લોકોને (ग्रामः अरण्यम्) ગ્રામ કે અરણ્ય (इति द्वेधा निवासः) એવાં બે પ્રકારના નિવાસસ્થાન છે; (तु) કિન્તુ (दृष्टात्मनां) જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને, (निश्चल) ચિત્તની વ્યાકુલતા રહિત (विविक्तात्मा एव) રાગાદિરહિત શુદ્ધ આત્મા જ (निवासः) નિવાસસ્થાન છે.

**ટીકા** : ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારના નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે અર્થાત્ જેમને આત્માનો અનુભવ થયો નથી, જેમને આત્માની ઉપલબ્ધિ થઇ નથી તેવા લોકો માટે છે, પરંતુ જેમને આત્માનો અનુભવ થયો છે, જેમને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઇ છે, તેવા (જ્ઞાની) લોકોને માટે તો નિવાસસ્થાન વિવિક્ત એટલે વિમુક્ત આત્મા જ અર્થાત્ રાગાદિ રહિત શુદ્ધ આત્મા જ છે જે નિશ્ચલ એટલે ચિત્તની આકુલતારહિત છે.

**ભાવાર્થ** : જેને આત્માનો અનુભવ નથી, ભેદ-જ્ઞાન નથી તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે. જે આત્મદર્શી છે - જેમને આત્માનો અનુભવ છે - તેમનું નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે. તે રાગ-દ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી, તેમને ગ્રામનિવાસ માટે કે વનનિવાસ માટે પ્રેમ હોતો નથી અને તેમનું ચિત્ત સંકલ્પો-વિકલ્પોથી આકુલિત હોતુ નથી. તેઓ ગ્રામ કે વનને પોતાના આત્મસ્વરૂપથી બહિર્ભૂત સમજે છે; તેથી કોઇમાં પણ આસક્તિ રાખવી કે તેને પોતાનું નિવાસસ્થાન માનવું એ તેમને ઇષ્ટ નથી. તેઓ તો શુદ્ધાત્મા સ્વરૂપને જ પોતાની વિહાર-ભૂમિ બનાવે છે અને તેમાંજ સદા રમ્યા કરે છે. ''ચટાઇ, પત્થર, ઘાસ, જમીન, લાકડાનું પાટીયું, વગેરે ધ્યાન માટે નિસ્સાર છે કારણ કે જેણે રાગ-દ્વેષ અને વિષય-કષાયરૂપી શત્રુઓને દૂર કર્યા છે તેવા પુરુષોને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે એવું જ્ઞાનીજનોએ માન્યું છે.''[૨]

૨. न संस्तरोऽश्मा न तृणं न मेदिनी, विधानतो नो फलको विनिर्मितः ।
यतो निरस्ताक्षकषायविद्विषः, सुधीभिरात्मैव सुनिर्मलो मतः ।।२२।। (શ્રી અમીતગતિ આચાર્યકૃત 'સામાયિક પાઠ')

આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ-અરણ્યની જેમ અન્ય પર પદાર્થો પણ નિસ્સાર છે; ત્રિકાલી શુદ્ધાત્માનું અવલંબન જ સારભૂત છે. ૭૩.

---

## પ્રવચન – ૮૫

સમાધિતંત્ર તોંતેર(૭૩) ગાથા. તો શું તેમનો સંસર્ગ છોડીને જંગલમાં નિવાસ કરવો? સંસર્ગ છોડવાનું કહ્યુંતુંને? આત્માર્થીને પોતાના પ્રયોજન સિધ્ધ કરવા પરનો સંસર્ગ છોડવો. સંસર્ગથી વાણી આવે અને વાણીને લઇને મનમાં વિકલ્પ પણ ઉઠે એથી ચિત્તમાં અસ્થિરતા થાય એથી એને સંસર્ગ છોડવો. ત્યારે શું એણે સંસર્ગ છોડીને જંગલમાં રહેવું? એવો પ્રશ્ન ઊઠયો. એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે.

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ।।७३।।**

**અનાત્મદર્શી[૩] ગામ વા વનમાં કરે નિવાસ;**
**નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ ।। ૭૩ ।।**

હવે આંહીતો વનવાસને અનાત્મદર્શી વનવાસને ગામને માને એમ કહે છે. મુનિઓને તો વનવાસ જ હોય. (**શ્રોતા :** આત્મદર્શી તો શહેરમાં જ રહે છે) આત્મદર્શી આત્મામાં રહે એમ કહે છે. ગ્રામને અરણ્ય એને માટે વાસ નથી એમ કહેવું છે. આંહી તો નિશ્ચયથી વાત કહેતાં વન અને ગ્રામ બેય, એને નિવાસનું સ્થાન તો આત્મા છે બે નહિં, છતાં એને વનવાસમાં મુનિ હોય એવો વિકલ્પ એને આવે, એ વાતની ગૌણતા કરીને, વનવાસ અને ગામમાં રહેવું એ તો બે માં અનાત્મદર્શીની વાત છે એમ કહે છે. હવે આમાં હેં! (**શ્રોતા :** બેયમાં) અનાત્મદર્શી, એને ગામ અને આ ઠીક છે એ તો અનાત્મદર્શીની વાત છે. આત્મધર્મી માટે તો પોતે નિવાસસ્થાન પોતાનું આત્મામાં છે.

હવે વનવાસ છે ખરો એ વાતને અહીં ગૌણ કરીને, કોઇ એમ જ કહે કે આ તો નિશ્ચયની વાત કરી, વહેવાર તો ઉડાવ્યો. આંહી તો પર એમ કહેને? આ હમણા ભાઇએ છાપ્યું છે ને? હુકમચંદજીએ? આ ભગવાન મહાવીર. એની સમાલોચના કરી છે

---

૩. અનાત્મદર્શી – આત્માનો અનુભવ જેને થયો નથી તે.

આમાં જૈન ગેઝેટમાં. એમ કહે કે એકાંત સ્થાપ્યું છે એમણે તેમાં. પણ આંહી શું કહે છે? વનવાસ અને ગામ અનાત્મદર્શી માટે, અને એક બાજુ કહે કે મુનિ તો વનવાસમાં જ રહે. (**શ્રોતા :** એ વહેવારની વાત) એ એનું સિદ્ધ કર્યું પણ એવો ભાવ એને વિકલ્પ હોય.

મુનિ જંગલમાં જ રહે, વનવાસમાં રહે, પણ એ વનવાસમાં રહું, તો મારું આત્મધ્યાન સ્થિર વિશેષ થાય એમ નથી. એટલું નિષેધ કરવા માટે. આહાહા! એવી વાત છે ભાઈ! આમાંથી એમ કાઢે લ્યો કે આ તો નિશ્ચયની વાત સ્થાપી. વહેવાર વનવાસ મુનિ હોય એવી વાત પણ, એ કઈ અપેક્ષાએ કહેવી છે? આહાહા! મુનિ તો વનવાસમાંજ હોય, જંગલમાં જ હોય, ગામમાં ન હોય. એ તો ગામમાં આહાર લેવા આવે અને કોઈ ઉપદેશનો વખત હોય તો માણસ આવે તો ઉપદેશ દઈને ચાલ્યા જાય. આહાહા! એવો મારગ છે. હવે આમાં કહે કે ભાઈ એ તો વનવાસ એમ કહ્યું ને? 'અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ, નિશ્ચલ શુદ્ધાત્મા મહીં આત્મદર્શીનો વાસ' પાઠ છે ને? ઈ જુઓને?

**ટીકા :** ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારના નિવાસસ્થાન અનાત્મદર્શીઓ માટે છે. જેમને આત્માનો અનુભવ થયો નથી એને. લ્યો ઠીક! એટલે કે જંગલમાં જ રહું તો આત્મસ્થિરતા વિશેષ થાય એવું નથી એમ, એ સિદ્ધ કરવા આમ કહ્યું છે. સમજાણું કાંઈ? મુનિને તો ગુફામાં વનવાસ આદિ એકાંતમાં જ રહેવાનો એને ભાવ હોય, એ ઈ! પણ એને એ એકાંતમાં ત્યાં રહું તો આત્મસાધન વધારે થાય એમ નથી. એટલું સિદ્ધ કરવા આ વાત કરી છે. સમજાણું કાંઈ? આંહી તો કહે ગામ અને અરણ્ય, જંગલ બે પ્રકારના નિવાસસ્થાન અનાત્મદર્શી માટે છે. જેમને આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ, ચૈતન્ય જ્યોતિ, આનંદધામ, એનો અનુભવ નથી, એને આંહી ગામમાં રહેવું કે અરણ્યમાં રહેવું એવા વિકલ્પો આવે. એ અનાત્મદર્શી છે એમ કહેવું છે. આહાહા!

વહેવાર તો ઉડાવ્યો આમાં, નહિં તો વનવાસ છે મુનિને જંગલમાં જ રહે, કે પણ કયા માટે? એ તો એ જાતની સહજ સ્થિતિ હોય છે. પણ વનવાસમાં રહું તો આત્મસાધન વધારે થાય એમ નથી. આહાહા! વસ્તુ જે છે આત્મા ચૈતન્ય જ્ઞાનને આનંદનું ધામ જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું, ત્યારે તો સમ્યગ્દર્શન થયું. આહાહા! અને એમાં વસ્યો ખૂબ સ્થિરતાથી રમણતાથી ત્યારે ચારિત્ર થયું. એથી કહે છે કે અંદરની રમણતા માટે વનવાસ ઠીક અને ગામ ઠીક નહિં, એવું જ્ઞાનીને હોતું નથી આ અપેક્ષાથી. સમજાણું કાંઈ? આહાહા! મુનિ તો સ્થિર સ્થવીર હોય કે શું કીધું બેય (**શ્રોતા :** જિનકલ્પી) હેં! કેવા?

જિનકલ્પી, સ્થવીર કલ્પી હોય કે જિનકલ્પી હોય બેય વનવાસી, નગ્નમાં જ હોય, નગ્ન જ હોય. એ ૮૬માં ત્યાં આવ્યા હતા ને એક મુનીન્દ્રસાગર, ભાવનગર, ૮૬ની સાલ.

ત્યારે વ્યાખ્યાન બંધ કરીને ન્યાં ગ્યા'તા. કીધું ભાઈ કેવા છે તમારા વડલા ને ? વજુભાઈ છે ને આ સુતરીયા ને ? માળો એવું માખણ ચોપડવા લાગ્યો. સ્થવીર કલ્પી અને જિનકલ્પી બેય સાધુ હોય, સ્થવીર કલ્પી વસ્ત્રવાળા હોય ને આ, કીધું આ મારે ગપ્પા આવા માળા સાધુ થઈને હેં ! સ્થવરકલ્પીને ય વસ્ત્ર રહિત હોય, જિનકલ્પીને ય વસ્ત્ર રહિત હોય. આહાહા ! જિનકલ્પી એકાકી વિચરે, સ્થવીરકલ્પી ઘણા સાધુના સમુદાયમાં હોય બસ એટલો ફેર. બીજો કાંઈ ફેર નથી એમાં આહાહા ! કે સ્થવીરકલ્પી વસ્ત્ર રાખે અને ગામમાં રહે તો પણ એ સાધુ છે. એમ નથી.

(**શ્રોતા :** એવા ભેદો શ્વેતાંબર પાડે છે) એમ નથી હેં ! (**શ્રોતા :** શ્વેતાંબર એવા જ ભેદો પાડે) શ્વેતાંબર ભાગ પાડે, શ્વેતાંબર ધર્મ જ ક્યાં સાચો છે ? શ્વેતાંબર છે એ જૈન વીતરાગ માર્ગનું કહેલું તત્ત્વ જ નથી. આ તો માર્ગ એવો છે બાપુ ! આહાહા ! સર્વજ્ઞ પરમાત્માએ કહેલામાંથી ભ્રષ્ટ થયા અને વસ્ત્રનો ટુકડો રાખી આટલું ફાલક, અને સાધુપણું મનાવવા લાગ્યા ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા ! અને એ મિથ્યાત્વમાં શાસ્ત્રો રચ્યા, આકરું લાગે લોકોને શું થાય ? વસ્તુની સ્થિતિ એવી છે. જ્યાં કોઈ પ્રત્યે વિરોધ ને દ્વેષ નહિં. (**શ્રોતા :** વસ્તુ સ્વરૂપ આ છે) પણ વસ્તુની સ્થિતિ જ આવી છે એ રીતે સર્વજ્ઞ ભગવાનને અનુસારે દિગંબર સંતોએ કહ્યું છે, અને એ વસ્તુ એવી જ છે એમ જ છે. આ તો બધી કલ્પિત રચના. આહાહા !

મહાસતી દ્રૌપદી એને પાંચ પતિ. સજ્જનતાના ઠેકાણાં ક્યાં હતા ? દ્રૌપદી કોણ ? આહાહા ! સમ્યગ્દૃષ્ટિ ને મહાસતી, એને એક પતિ 'અર્જુન' એને ઠકાણે પાંચ પતિ ઠરાવ્યા. આહાહા ! ગજબ કર્યો છે ને ? અને તે પાંચે ધર્માત્મા અને ધર્માત્માને આ રીતે ઠરાવ્યા આહાહા ! ગજબ કર્યો છે કામ ! અને સર્વજ્ઞના નામે જ્ઞાતાસૂત્રમાં પાઠ છે, એ વાત સાચી નથી. આહાહા ! આ તો એક દૃષ્ટાંત આપ્યું. એ કથન સમ્યગ્દૃષ્ટિનું જ નથી. આહાહા ! એથી એ બધા ભાગ પાડે કે આમ છે ને તેમ છે ને જિનકલ્પી જંગલમાં રહે ને સ્થવરકલ્પી વસ્ત્રવાળા, બિલકુલ ખોટી વાત છે. આંહી તો એમ સિદ્ધ કરવું છે કે અરણ્યમાં રહે તો લાભ થાય અને ગામમાં રહે તો (અ)લાભ, એ ક્ષેત્રને કારણે લાભ થાય એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી એટલી વાત છે. આહાહા ! મારગ એવો છે ભાઈ !

આ કાંતિભાઇની બા માંદા છે ને ? મેનેજર ! સવારમાં જરીક કંઇક હશે વધારે, પાછું વળી ઠીક ને હતું જરી શરીર જીર્ણ. જરીક ઉંકારો કર્યો એટલે આ પૂછયું જરા વૈધે વૈધને ! રવિભાઇ આવ્યા હતા ને કે બેન આ શું ? તમે તો ભાઇ ! ભગવાન પાસે જાવું ભારે આકરું છે કહે. શરીરમાં ઉંકારો થઇ ગયો એ આત્માથી નહિં એમ કહ્યું. એ પછી આમ વાત. આજ સવારની વાત છે હમણાં રવિભાઇ આવ્યા'તા ને ? એમ થાય. આ શરીર જીર્ણ પાતળું એમ એ ઉંકારો એને દુ:ખ છે માટે થઇ ગયો એમ નથી. એની નબળાઇને લઇને થાય, પણ એની નબળાઇને લઇને થાય તે દૃષ્ટિ પર ઉપર હોય ને નબળાઇને લઇને થાય તો તે વસ્તુ ખોટી.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું'તું ને ? દેહ છૂટવા ટાણે, મનસુખ ! બા ને દિલગીર થવા દેશો નહિં. હું મારા સ્વરૂપમાં જાઉં છું. આહાહા ! ઉભા થયા એટલી શક્તિ હતીને જરીક, શું કહેવાય એ ? આરામ ખુરશી. લૂગડું ઢાંક્યું મોઢે અને અંદરથી અવાજ એકદમ પોતે ધ્યાનમાં, પણ આ ઓલી શક્તિ એટલી હતી કે ઘસાવાની વાણીના અવાજો એટલા આવ્યા, ચાર(૪)-ચાર(૪) ઘર સંભળાય પાંચ(૫)-પાંચ(૫), અને ઝવેરભાઇ એના બનેવી કહે કે મહારાજ ! અમને તો એ વખતે શ્રદ્ધા કાંઇ ન હતી એમની કે આવું મરણ ! એ આ ભાઇ તમને ખબર નથી, એ દેહની સ્થિતિનું એટલું જરી કે આ વળી સહનશક્તિ હતી એટલે જેથી ઉઠયાને ? એટલું ઘસાવું જોઇએને ? એ તો અંદરમાં ઉતર્યા ધ્યાનમાં અંદર ગયા, એટલે એ અવાજ આદિ થયા એ દુ:ખથી થયા એમ નથી. આ રે આ વાતું ભારે આકરી !

એનો જે શ્વાસ જરીક દેહને જીર્ણ થઇને છૂટવું છે ને ? એમને એમ કસાવામાં કંઇ છૂટવું નથી. આહાહા ! એથી એમનું આમ ધ્યાનમાં ગયા એટલે આંઇની ઘૂંટણ, ઘૂંટણ શરૂ થઇ ગયું અવાજવાળું. એથી એને દુ:ખથી અવાજ થયા છે એમ નથી. (**શ્રોતા :** દુ:ખથી અવાજ કોઇને થાય નહિં) ના આ તો દુ:ખ લાગે ને અવાજ થાય. દુ:ખ લાગે, વેદનાનું લાગે દુ:ખમાં, અને ઘૂંટવું થાય એ જુદી વસ્તુ. સમજાણું કાંઇ ? વેદના અને અંદર દુ:ખરૂપ લાગે, અને થાય ઉંહુ ઉંહુ એ ઉંહકાર જુદી જાતની વાત. અને આંહી તો વેદના નથી, દુ:ખ નથી, આનંદમાં છે છતાં એ ક્રિયા થાય છે જડની જડને કારણે છે. આહાહા ! આવું ભારે આકરું કામ !

આંહી જે બે'ક વાત કરી છે કે અનાત્મદર્શીઓ બે વાત માને એ આ અપેક્ષાએ વાત છે. એમ કે ગામમાં સંસર્ગમાં રહેવાથી આત્માને નુકસાન થાય છે, અને

બહારમાં રહેવાથી આત્માને લાભ થશે. એવા ક્ષેત્રફેરની અપેક્ષા રાખીને વાસને વાસરૂપ રહેવાનું નક્કી કરે, એ અનાત્મદર્શી છે એમ કહે. આહાહા ! હવે આમાંથી કોઇ એમ મને કહે કે જુઓ આ તો વનવાસમાં રહેવાનું એનો વિકલ્પ હોય નહિં એને ? એ વાતને અહિંયા ગૌણ કરી નાંખી છે વાતને. સમ્યગ્દ્રષ્ટિ મુનિ છે, ધર્માત્મા એને તો વનમાં એકાંત, એકાંત, એકાંત ! એવો વિકલ્પ હોય એ અસ્થિરતાને કારણે હોય, એ વાસ ત્યાં રહેશે માટે મારે આત્મસાધન વધારે ત્યાં ઠીક ક્ષેત્રને લઇને થશે એમ નથી. આહાહા ! મારગ તે મારગ છે ને.

ગામ અને અરણ્ય બે પ્રકારના નિવાસસ્થાન અનાત્મદર્શીઓ માટે. આરે ! વનવાસનો તો નિષેધ કરી દીધો આમાં. કઇ અપેક્ષાએ કહ્યું ? એને વનવાસમાં રહેવાથી મારું આત્મસાધન વધશે ક્ષેત્રમાં બહારથી એમ નથી. વિકલ્પ આવે જંગલમાં એકાંત સ્થાનમાં. આહાહા ! એ તો ફક્ત નિવૃત્તિને માટેનો પ્રશ્ન છે. એને ન્યાં આત્મસાધન વધારે થશે એવું કાંઇ માનતા. એ તો આત્મા આનંદનું ધામ છે, જ્યાં એની દ્રષ્ટિ ત્યાં પડી છે ત્યાં એનો વાસ છે. આહાહા ! બહુ મારગ. જેમને આત્માનો અનુભવ થયો નથી, ભગવાન પૂર્ણાનંદનો નાથ, આત્મ ચૈતન્ય વસ્તુ, ભગવાન સ્વરૂપે આનંદનું ધામ, એવા ધામને જેણે જાણ્યો નથી, એવા ધામનું જેને અનુભવમા એ ચીજ આ છે એમ જાણી નથી, એને આવા વિકલ્પ હોય કહે છે એમને આત્માની ઉપલબ્ધિ થઇ નથી.

આત્મા જેનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ પવિત્ર એવી દ્રષ્ટિમાં એની પ્રાપ્તિ થઇ નથી એવા લોકો માટે બે વાસ કહેવામાં આવે. જંગલ અને ગામ એમ કે. આહા ! કઇ અપેક્ષાએ કહેવા માંગે છે ? એનું જોર વસ્તુમાં અંતરમાં રહેવું એ નિવાસસ્થાન છે. ધર્મીનું જોર ત્યાં અંતરનિવાસ. વિકલ્પ આવે, પણ વિકલ્પમાંય જોર આ બાજુનું ઢળવાનું ત્યાં છે એ વખતે. આહાહા ! મારગ ભારે ભાઇ ! થોડો સહેજ ફેર ત્યાં અનાત્મદર્શી કહી દીધા. ગામ અને અરણ્ય એવા બે ભાગ પાડવા હોય તારે તો તેં આત્મા જાણ્યો નથી. આહાહા ! અનંતગુણનું નિવાસસ્થાન પ્રભુ પોતે છે. આહાહા ! પરંતુ જેમને આત્માનો અનુભવ થયો છે, જેમને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઇ છે પ્રાપ્તિ. આ આત્મા એ શુદ્ધ, ચૈતન્યઘન, આનંદકંદ, પૂર્ણાનંદ એવું જ્ઞાનમાં અનુભવમાં આવ્યું છે.

જ્ઞાનમાં એ જ્ઞેય બનીને એ ખ્યાલમાં આવી ગઇ છે વાત, આહાહા ! એવા લોકોને માટે તો નિવાસસ્થાન. પાઠ છે ને ઇ ? વિવિક્ત એટલે વિમુક્ત આત્મા જ એટલે કે વિકલ્પ વિનાની આત્મા ચીજ જ ધર્મીને માટે નિવાસસ્થાન છે. આહાહા ! સમજાણું ?

'વિવિક્ત' પાઠમાં છે ને ? 'વિવિક્તમ્ આત્મ એવ નિશ્ચલઃ' ભગવાન આત્મા કોઇ શુભ અશુભ વિકલ્પના રાગ એનાથી રહિત છે એવો અનુભવ થયો, એટલે કે એ આત્મા જેવો છે તેવી ઉપલબ્ધિ. પર્યાયમાં તેવડો જેવડો આત્મા તેવી પર્યાયમાં પ્રાપ્તિ થઇ. પર્યાયમાં આવડો આત્મા છે એનું જ્ઞાન થયું. ભલે પર્યાયમાં આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ આવ્યો નથી. સમજાણું કાંઇ ? પણ પર્યાયમાં ધ્રુવ સ્વરૂપ આવું શુદ્ધ છે પૂરણ એની પર્યાયમાં જ્ઞાન થયું, એથી એને આત્મા આવો છે એની ઉપલબ્ધિ પર્યાયમાં થઇ. આહાહા ! મારગ ભારે ભાઇ ! આ તો વીતરાગ મારગ છે આહાહા ! લોકોએ ચૂંથી નાંખ્યો એને. વહેવારના વિકલ્પથી નિશ્ચય થાય. નિમિત્તને અકિંચિત્કર માને છે. એવું લખ્યું છે ઓલા ? ઓલો થયો છે ને હમણાં પારસ, વર્ધમાન પારસનાથ ? શું વર્ધમાન પારસનાથ ?

(**શ્રોતા** : પરનું કરે પરપણે) હુકમીચંદની ટીકા કરી છે અને ઓલા જૈન દર્શનમાં આ ફતેહપુરનું સોનગઢનું કહેવાયને ઇ ધર્મચક્ર ? એની ટીકા કરી હશે એમાં આ શ્રુતસાગરે. એ લોકોએ ટીકા જૈન દર્શનમાં કરી એ ધર્મચક્ર નહિં સોનગઢનું ઇ, તો આણે કીધું નહિં, એ ધર્મચક્ર છે ઇ, શ્રુતસાગર છે ને અત્યારે સાધુ ? કહો ફતેહપુરનું એટલે સોનગઢનું કહેવાય ને એ ? (**શ્રોતા** : ફતેહપુર એટલે સોનગઢ) સોનગઢ લખ્યું છે સોનગઢનું ધર્મચક્ર. શ્રુતસાગર છે ને કો'ક ? એણે લખ્યું છે. જૈનદર્શનમાં એમ આવ્યું'તું કે એ જૈન ધર્મચક્ર નહિં એ ગલત કર્યું છે, જૂઠું કર્યું છે. ધર્મચક્ર છે એ હવે આમાં આવ્યું છે (**શ્રોતા** : એ વળી જૈન ગેઝેટમાં) જૈન ગેઝેટમાં (**શ્રોતા** : આપણામાં વાંધો હશે) કારણકે એ ધર્મચક્ર તો સોનગઢની વાત પ્રસિદ્ધ કરેને બહાર ! અને સોનગઢની એકાંત છે એમ. આહાહા ! (**શ્રોતાઃ** સમ્યક્ એકાંત છે) એટલે એ લોકો ટીકા કરે. હમણાં ઇ થયો છે ને ઓલો વર્ધમાન પારસનાથ, લાલબહાદુરનો નીકળ્યો ઇ થયો છે. સોલાપુરવાળો. એણે લખ્યું છે. હો, કરે, એમાં કંઇ એથી કરીને દ્વેષ કરવા જેવું નથી કંઇ. આહાહા !

વસ્તુ જે નિશ્ચય છે તે સત્ય છે ને તેનો પ્રચાર ને પ્રસાર એ સત્ય છે. આહાહા ! આ જુઓને શું કહ્યું ? આમાં તો આચાર્ય પોતે કહે છે કે અરણ્ય ને ગામમાં બેયમાં વાસ માને તે અનાત્મદર્શી છે. મુનિ તો અરણ્યમાં જ રહેનારા હોય છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી કહ્યું ? કે ગામમાં નજીકમાં કોણ આવે ? શિયાળિયા આવે, આ શિયાળ, શિયાળ, એમ કે મુનિ આવે નહિં નજીકમાં, એ તો અરણ્યમાં રહેનારા હોય છે એમ લખ્યું છે એમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે ને ? બરાબર છે. છતાં આવે એ રહે એ જુદી વાત

પણ એની લાઇન તો અંદરની. એકાંત જ્યાં કોઇ પરિચય નથી. માણસનો પગરવ નથી, પશુનો જ્યાં પગરવ નથી, એવી એ ઊંડે જઇને આત્મસાધના સાધતા હોય છે. પણ આંહી એ આત્મસાધનામાં, જંગલમાં રહેવું એથી આત્મસાધના વધે, એવું માને ઇ અનાત્મદર્શી છે બસ એટલી વાત છે.

(**શ્રોતા :** એ તો નિમિત્ત, ઉપાદાન તો એનું હોય) આંહી ઉપાદાનમાં (**શ્રોતા :** એ ઉપાદાનની વાત છે) આહાહા ! ત્યારે ઇ કહે છે ને કે ઉપાદાનનું કાર્ય થાય ઇ એની મેળે થઇ જાય ? લખ્યું છે એમાં. નિમિત્ત વિના થઇ જાય ? નિમિત્ત અકિંચિત્કર છે પરને માટે અકિંચિત્કર છે. (**શ્રોતા :** વહેવારે કિંચિત્કર છે) ભારે આકરું પણ. અરે આ ઝઘડાએ પાર આવે ? બાપુ ! સત્‌ની સ્થિતિ વસ્તુની સ્થિતિ શું છે ? એમ જાણવા માંગે તો આ થાય. અમે માન્યું એ પ્રમાણે આવે તો ઇ વાત સાચી એવું કાંઇ હોય ? આચાર્યએ આમ સ્થાપ્યું જુવો અત્યારે. આહાહા ! ધર્મી સમકિતી આત્મદર્શી માટે તો આત્મા, વિમુક્ત આત્મા એટલે વિવિક્ત આત્મા, રાગાદિ રહિત શુદ્ધ આત્મા, આહાહા ! એ એનું નિવાસસ્થાન છે.

છઠ્ઠાબોલમાં ન કહ્યું ? અવ્યક્તમાં. અવ્યક્ત છઠ્ઠો બોલ. પોતે પોતાથી પોતા વડે જાણવામાં આવ્યું. વ્યક્ત જે આ વ્યક્તપણું એમાં ઇ ઠરતો નથી, રહેતો નથી ફરી ફરીને આમ આવે છે. વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. આહાહા ! એ શું કહે છે ? પર્યાય પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. પોતે પોતા વડે અનુભવમાં આવતો એવો જે આત્મા એ વ્યક્ત પ્રત્યે પરમ ઉદાસીન પ્રદ્યોતમાન છે. આહાહા ! એક સમયની પર્યાયમાં એ ટકતું નથી તત્ત્વ, આમ ફરી ફરીને આમ આવે છે એમ કહે છે. સમજાણું કાંઇ ? મુનિઓને તો ફરી ફરીને આત્મા ત્યાં આવે આમ. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિની અપેક્ષાએ તે ત્યાં જ છે વાસ, અસ્થિરતા જરીક છે. આહાહા ! જ્યાં જે આત્મા ઉપલબ્ધિ થઇ પર્યાયમાં, ઉપલબ્ધિનો અર્થ ? કે જેવો આત્મા છે તેવો અંદર જ્ઞાનની પર્યાયમાં જણાણો. આહાહા ! ભલે ઇ ચીજ વસ્તુ છે ઇ પર્યાયમાં આવી નહિં.

(**શ્રોતા :** પ્રગટ ન થઇ પળે પળે) પણ પર્યાયમાં ક્યાંથી ? વસ્તુ તો વસ્તુમાં છે, પણ એને ઉપલબ્ધિ થઇ પર્યાયમાં કે આ આત્મા. જે જ્ઞાનની પર્યાયે રાગને ને પરને માન્યો ત્યાં આત્માની ઉપલબ્ધિ નહોતી જ્ઞાનમાં, પણ જ્ઞાનની પર્યાયમાં એની કોર ઢળતાં આ આત્મા શુદ્ધ, અખંડ, અભેદ, પૂર્ણાનંદ સ્વરૂપ ઇ આત્માની પર્યાયમાં પ્રાપ્તિ થઇ એમ

કહેવાણું. સમજાણું કાંઇ ? એ આત્માની ઉપલબ્ધિ પ્રાપ્તિ થઇ આત્મા એમાં આવ્યો નથી. સમજાણું કાંઇ ? સુજાનમલજી ! આવી વાત છે. (**શ્રોતા :** અલૌકિક વાત !) પર્યાયમાં ઇ આખી ચીજ આવી છે એવું જ્ઞાન આવી ગયું એટલે ઉપલબ્ધિ થઇ ગઇ, આ આ આત્માની પ્રાપ્તિ થઇ ગઇ. પ્રાપ્તિ થઇ એનો અર્થ ઇ આત્મા પર્યાયમાં આવ્યો નથી, આહાહા ! પણ પર્યાયમાં એ જેવડો છે જેવો છે એનું જ્ઞાન આવ્યું એટલે આત્મપ્રાપ્તિ - ઉપલબ્ધિ થઇ ગઇ એમ કીધું. આહાહા ! એને શુદ્ધાત્મા જ નિશ્ચલ છે. જે છે એ નિશ્ચલ ચિત્તની આકુળતા રહિત છે. આહાહા !

જેમાં વિકલ્પનું સ્થાન નથી જેમાં, એ તો નિર્વિકલ્પ ચૈતન્ય દ્રવ્ય છે એની પ્રાપ્તિ પર્યાયમાં થઇ. આહાહા ! આરે ! એમ શબ્દ છે ને ? આત્મ સ્વરૂપની ઉપલબ્ધિ થઇ એટલે કે જે આત્મા દ્રવ્ય સ્વભાવે શુદ્ધ, ચૈતન્ય, અખંડ, અભેદ, એનું અસ્તિત્વ હતું એ પર્યાયમાં ખ્યાલમાં નહોતું આવ્યું, પર્યાયમાં રાગને પરનું ખ્યાલમાં આવ્યું'તું. એ પર્યાયમાં આ દ્રવ્ય આવું પૂરણ છે, શુદ્ધ છે, અભેદ, અખંડ છે એવું પર્યાયમાં એનું ભાન થયું તો ઉપલબ્ધિ દ્રવ્યની ઉપલબ્ધિ પર્યાયમાં પ્રાપ્તિ થઇ. આહાહા ! સમજાણું કાંઇ ? કાંતિભાઇ ! આવો મારગ છે બાપા ! આહાહા ! અરે એને દેહને છૂટવાના કાળે, એને આ આત્મા પરથી ભિન્ન છે અનુભવ થયો હશે એને ત્યાં છૂટવામાં નિર્વિકલ્પતા રહેશે, ત્યાં ભિન્ન રહેશે બાકી ભિંસાઇ જશે. આહાહા !

અનાદિનો દેહનો આ અભ્યાસ અને દેહમાં કાંઇક રોગ થાય દુઃખ તો, દેહમાં રોગ આવે તો મને રોગ આવ્યો. એમાં શૂળ ચડે, શૂળ ચડે આંચકા મારે. કોણ હમણાં કહેતુ'તું ? આંચકા મારે છે. આ જ્યારે આ જગુભાઇ ! આંચકા મારે છે એમ કહે અંદરથી. એની ક્રિયા થાય એમાં શું ? પણ ત્યાં એનું જેને વસ્તુ સ્વરૂપ જે છે, જે રીતે ને જેવડું એવું જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી તો એની બુદ્ધિ રાગમાં જ જાય છે. આહાહા ! એના જ્ઞાનમાં રાગની પ્રાપ્તિ છે. હેં ! આહાહા ! એવો અનાત્મદર્શી અરણ્યને ગામનો ફેર પાડે છે એમ કહે છે. આહાહા ! પણ જેને પર્યાયમાં વસ્તુ આવી છે, સામાન્ય ધ્રુવ એ ધ્રુવનું પર્યાયમાં પ્રાપ્તિ થઇ. એ આત્મા નહોતો પર્યાયમાં એ આત્માનું આવ્યું એ આત્મા આવ્યો. આહાહા ! સમજાય છે કાંઇ ?

જે પર્યાયમાં આત્મા નહોતો ને પર્યાયમાં રાગાદિ એ હતું, એ પર્યાયમાં આત્મા આવ્યો. આહાહા ! એને કહે છે કે નિવાસસ્થાન તો આત્મા છે હવે. જેઠાભાઇ ! આવી વાતું છે. આહાહા ! એનું નિવાસસ્થાન તો અસંખ્ય પ્રદેશી આનંદધામ એ છે.

સમજાણું કાંઇ ? અજ્ઞાનીને આ ગામને અરણ્ય એવા ભાગ પાડીને વાસ માને છે. તે પરમાં કયા વાસ છે એનો ? જંગલમાં છે આત્મા ? ગામમાં આત્મા નથી ? (**શ્રોતા :** માટે જંગલમાં મુનિઓ રહે છે) એને તો કાંઇ બિચારાને, અરે ! એની કાંઇ આપણે વ્યક્તિને શું કહીએ ? પણ વસ્તુનું સ્વરૂપ એવું છે. બાપુ ! ઓહોહો ! મુનિપણું એટલે હજી સમ્યગ્દર્શન કોને કહેવું એનીય ખબરું ન મળે. આહાહા ! ને વહેવારના ક્રિયાકાંડો કરે એ સાધુપણું ને એ મુનિપણું, આહાહા ! એવું તો અનંતવાર અભવિએય માન્યુંને ભવિએય માન્યું'તું, (**શ્રોતા :** એવીય ક્રિયા ક્યાં છે ?) અને એવીય ક્યાં છે ?

નવમી ગ્રૈવેયક જેને દર્શનની વહેવાર ક્રિયાવાળો દ્રવ્યલિંગી જે ગયો, એવીય ક્રિયા ક્યાં છે અત્યારે ? આહાહા ! વ્યક્તિને માટે નથી, સૌને જવાબદારી તો તેના પરિણામની સૌને સૌનામાં છે. બાપુ ! એ કાંઇ જવાબદારીનું બીજાને કંઇ નુકસાન લાભ નથી. આહાહા ! ઓહો શું વાત કરી ? જેને જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો આહાહા ! આત્મા જડયો, હાથ આવ્યો. એય ! જ્ઞાનની દશામાં જે રાગ હાથ આવ્યો'તો કે એક સમયનો અંશ તે હું, હાથ એને હાથ ઇ આવ્યું'તું, એ અનાત્મદર્શી છે. આહાહા ! જેના જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધાની પર્યાયમાં. શ્રદ્ધા પચવે છે ને પૂરણને ? પૂરણ એમ પર્યાયમાં આવતો નથી, તેમ પર્યાય પૂરણમાં જાતી નથી. આહાહા !

બે ધર્મો ભિન્ન છે ને ? છતાં આંહી કહયું કે 'દષ્ટાત્મનાં નિવાસસ્તુ' એમ કહ્યું ને ? 'દષ્ટાત્મનાં' જેને આત્માને દૃષ્ટિમાં આવ્યો છે એમ કીધું ને પાઠમાં ? ભાઇ ! એમ આવ્યું જુઓને 'ग्रामो अरण्यमिति द्विधा निवासो अनात्मदर्शिनाम्' આહાહા ! શું પણ આચાર્યો આહાહા ! મુનિઓએ કામ કર્યા છે. 'दृष्टात्मनां निवासस्तु' પણ જેણે આત્માને પ્રાપ્ત થયો છે, દેખ્યો છે એમ કહે છે. આહાહા ! પર્યાયબુદ્ધિવાળાએ આત્મા દેખ્યો નથી. દ્રવ્ય દૃષ્ટિ એટલે કે દૃષ્ટિ જે દ્રવ્યની થઇ ત્યારે એણે આત્માને દેખ્યો. હેં ? આહાહા ! આવું છે બાપુ મારગ આ. પાઠમાં તો દષ્ટાત્મા છે ને ? 'દષ્ટાત્મનાં' એટલે આત્માના સ્વરૂપનો અનુભવ થયો એટલે પર્યાયમાં આત્મા છે એવો દેખાણો, છે એવો અનુભવ થયો, છે એની પ્રાપ્તિ થઇ, આહાહા ! એને તો નિવાસસ્થાન એ તો આત્મા છે. આહાહા ! આ બહારના મકાન ને ફકાન ને ગામ ને અપાસરા ને એ એનું નિવાસસ્થાન નહિં કહે છે. આહાહા ! એમ અરણ્યનું નિવાસસ્થાન એનું નહિં. આહાહા !

જેને પર્યાયમાં દ્રવ્ય હાથ આવ્યું, એ દ્રવ્ય જ્યાં પર્યાયમાં જણાણું, ત્યાં પર્યાયનો વાસ ત્યાં દ્રવ્યમાં છે. પર્યાય તો પર્યાયમાં રહી છે. સમજાણું કાંઇ ? પણ એ

પર્યાયનું ધ્યેય જે દ્રવ્ય છે જણાણું, એના ઉપર એનું જોર છે રહેવાનું. આહાહા! સમજાણું કાંઇ ? ચેતનજી! આવી વાતું છે. આ વહેવારની ના પાડી, અરણ્યની ના પાડી, અરણ્યને ગામ એ તો અનાત્મદર્શી માટે. એને આ સિદ્ધ કરવું છે ને? એટલી વાત છે. માટે તે વહેવાર ઉડાવે છે ને માટે નિશ્ચયભાસ છે એમ નથી. સમજાણું કાંઇ? આહાહા! જેને પર્યાયમાં દ્રવ્ય ભાસ્યો નથી એને આ રહેવું આંહી કે રહેવું ગામમાં રહેવું, કે જંગલમાં રહેવું, એકાંતમાં રહેવું, એવા ભેદ એને પાડે છે એમ કહે છે. પણ વસ્તુ જેને હાથ આવી આહાહા! જેને પર્યાયમાં પ્રભુ પ્રાપ્ત થયો માળા આહાહા!

ઓલા પેંડાવાળા છે કો'ક એણે માથે એવું લખ્યું છે. કો'ક છે રાજકોટના પેંડાવાળા કો'ક છે ત્યાં ? એમાં એની અંદર વેદાંતના ચારે પડખે લખ્યું છે. ભાષા બહુ રામ સચ્ચિદાનંદ પ્રભુ જ્યાં છે ત્યાં બીજું રાગાદિ છે નહિં. એણે વ્યાપક કીધું. આ પેંડાવાળા ભાઇ હોય છે ને ઓલું બોક્ષ ? રામજીભાઇ લાવ્યા'તા આજે, પટેલ રાજકોટથી એમાં ચારે બાજુ માળાએ ભલે વેદાંતની શૈલી, સર્વ વ્યાપક ભગવાન છે પણ જેને પ્રેમ થાય તેને દેખાય છે (**શ્રોતા :** પેંડા ઉપર) પેંડા ઉપરના બોક્ષ ઉપર, બોક્ષ ઉપર લખ્યું છે. આહાહા! રામ સચ્ચિદાનંદ પ્રભુ! ત્યાં બીજું ક્યાં એમાં છે કાંઇ ? ભલે એણે ઇ માન્યું પણ વસ્તુસ્થિતિ તો આંહી છે.

સર્વવ્યાપક એટલે ક્ષેત્રથી નથી. વિભુ પોતાના અનંતગુણમાં વ્યાપક છે. આહાહા! અને પર્યાય બધાને જાણે એ અપેક્ષાએ વ્યાપક કહેવામાં આવે. આહાહા! કારણ એક સમયની પર્યાય, આ વસ્તુ જે દ્રવ્ય આખી ચીજ પરમાત્મ સ્વરૂપ, એને જેણે પર્યાયમાં હાથ લઇ લીધો એને એ પર્યાયમાં લોકાલોકનું પણ હાથ જ્ઞાન આવી ગયું એને. આહાહા! સમજાણું કાંઇ? એટલે એને માટે આ સ્થાન ઠીક ને આ સ્થાન ઠીક નહિં. (**શ્રોતા :** આત્મામાં જ રહેવું એક જ સ્થાન) આહાહા! હવે આને એમ કોઇ કહે કે એ તો નિશ્ચયની એકલી વાત કરી પણ અરણ્યમાં રહેને! ભાઇ એમાં સાંભળને, કઇ અપેક્ષાએ વાત છે? એમ ટીકા ન થાય. આહાહા! પોતે અરણ્યમાં રહે, જંગલમાં રહે, ગામમાં રહે નહિં અને વળી કહે કે અરણ્યમાં ના રહે ઇ અનાત્મદર્શી, એય!

(**શ્રોતા :** એ તો દ્રવ્યની અપેક્ષા) એ તો કઇ અપેક્ષાએ બાપુ? એમાં ઇ જ્યાં જાય ત્યાં પોતામાં છે ઇ. આહાહા! શ્રીમદ્ ને પૂછયું ને કોઇએ શ્રી કૃષ્ણ ક્યાં છે ભાઇ? શ્રી કૃષ્ણ આત્મામાં છે. આહાહા! લોકોને બહારની ઓલી ગતિ ફતિના તકરાર

હોય છે ને ? એના વાંધા હેં ? (શ્રોતા : ઝઘડા બધા) એ જ્યાં છે ત્યાં આત્મામાં છે ભાઈ ! એ રાગમાં ને નરકના સ્થાનમાં એ નથી. આહાહા ! વહેવાર હોય એને જાણે છે. ભાઈ ! આત્મજ્ઞાન ને આત્મદર્શન તો અલૌકિક ચીજ છે. આત્મદર્શનને ? આત્મદર્શન ને ? અને આત્મજ્ઞાનને ? આહાહા !

પૂરણસ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ જેની પર્યાયમાં ભાસ્યું ઈ પરમાત્માપણું પર્યાયમાં ભાસ્યું. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ જે છે, પરમ પારિણામિક જ્ઞાયક ભાવ. આહાહા ! એ પર્યાયમાં ભાસ્યું એને તો નિવાસ આત્મામાં છે હવે. આહાહા ! વનવાસનો આંહી નિષેધ કર્યો છે એમ નથી. ફક્ત વનવાસ ને ગામમાં ફેર પડયે આત્માનું સાધન થાય એવું નથી. આહાહા ! ગામની નજીક તો શિયાળિયાને કૂતરા હોય એમ કહે. લખ્યું છે ને ભાઈ એ ? મોક્ષમાર્ગ પ્રકાશક એવી વાત છે. જંગલના ઢોર પણ ગામની સમીપે ન રહે, કૂતરાને શિયાળિયા એવા નજીક આવીને. આહાહા ! એમ જેણે અરણ્યમાં પોતાનું સાધન થાય છે એવી વસ્તુની સ્થિતિ અરણ્યને લઈને નહિં. (શ્રોતા : પોતાના આત્માના લીધે) આહાહા !

ભગવાન આત્મા જ્યાં અંદર દૃષ્ટિમાં આવ્યો, વસ્તુ દૃષ્ટિમાં આવી અને વસ્તુ જ્ઞાનની પર્યાયમાં આવી એટલે જણાણી એમ. 'તે તો પ્રભુએ આપીયો' એમ આવે છે ને ? લ્યો આત્મા આપ્યો એનો અર્થ શું થયો ? કે પર્યાયમાં જે આત્મા નહોતો ઈ જણાણો, એ આત્મા આવ્યો, એ આત્મા પ્રાપ્ત થયો. આહાહા ! (શ્રોતા : પ્રાપ્ત ક્યાં થયો ગુરુએ આપ્યો એમ કહે છે) હેં ! ઈ વહેવારની વાતું. પર્યાયમાં દ્રવ્ય આવ્યું ઈ વહેવારની વાતું. દ્રવ્ય ક્યાં આવ્યું છે ? દ્રવ્ય તો દ્રવ્યમાં છે, ઉપલબ્ધિ થઈ, પર્યાયમાં તેવડો જેટલો છે તેનું જ્ઞાન થયું એટલે ઉપલબ્ધિ થઈ એમ કહેવામાં આવ્યું. આહાહા !

ભાઈ ભાષાને ઉપર પકડે તો આરો નહિં આવે. એનું હાર્દ શું છે ? ભાવ શું છે ? ઓહોહો ! ઈ શરીરના અવયવે અવયવથી છૂટું પડવું હોય જ્યારે ત્યારે જેણે છૂટો આત્મા જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી જેને, એને તો ન્યાં ભિંસાઈ જશે ઈ. પ્રતિકૂળતા થતાં એને દ્વેષ થયા વિના રહેશે નહિં. કારણકે આત્મા જે વસ્તુ છે એ, એ પર્યાયમાં તો હજી આવી નથી, અને એ પર્યાયમાં તો આ આવ્યું. આહાહા ! શરીરમાં દુઃખ થાય, પ્રતિકૂળતા થાય તો મને દુઃખ એને લઈને થયું એમ માન્યું એણે. આહાહા ! અને દેહ છૂટવા ટાણે આમ આંતરડે આંતરડા છૂટું પડવું છે ને અસંખ્ય પ્રદેશથી, છૂટું તો છે. પણ એ અત્યારે અજ્ઞાની ને ખીરનીરની પેઠે ભેગું દેખાય છે. બાકી ખીરખીરમાં દૂધ દૂધમાં ને નીર

પાણી પાણીમાં છે. ઓહોહો!

દિગંબર સંતોએ કેવળજ્ઞાનનો કક્કો ઘૂંટાવ્યો છે. કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય? પૂરણદશા કેમ પ્રાપ્ત થાય? કે પૂરણને દૃષ્ટિમાં લેવાથી અને એ પૂરણમાં સ્થિર થવાથી કેવળજ્ઞાન થાય. આહાહા! એ સંઘયણ છે માટે કેવળજ્ઞાન થાય, મનુષ્યપણું મળ્યું માટે થાય એમ નથી. આહાહા! આ તો મારગડા અંદરની જેને પડી હોય એની વાતું છે ભાઈ! એકલી વાતો કરીને રાજી થઈ જાય કે આપણને આવડયું ને આપણે શીખ્યા હવે આપણને કંઈ નવું શીખવાનું નથી. આહાહા! સમજતે હૈ? ભાષા સમજતે હૈ ને? ગુજરાતી થોડી થોડી એ તો અભ્યાસ થઈ જાય તો થઈ જાય હોં! આપણે ભાઈ આવ્યા છે ને રોહટક? ક્યા નામ? જેંતીપ્રસાદ નામ ક્યા? (જ્યોતીપ્રસાદ) જયોતીપ્રસાદ રોહટકથી આવ્યા છે ભાઈ! થોડી થોડી ભાષા ગુજરાતી, આંહી હિંદી ચાલે છે જ્યારે ઓલું ક્લાસ ચાલશેને ત્યરે, હિંદી લોકો આવે છે ને ત્યારે હિંદી ચાલે. પણ આવું તત્ત્વદર્શન ચોખ્ખું હિન્દીમાં આવવું બહુ મુશ્કેલ પડે, આ તો સહેજે અંદરથી. ઓહોહો!

**ભાવાર્થ** : જેને આત્માનો અનુભવ નથી એટલે આત્મા શું ચીજ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ નથી, આહાહા! અને એની પર્યાયમાં રાગની ને પરના નિમિત્તની પ્રાપ્તિ છે. આહાહા! એવા ભેદજ્ઞાન નથી, તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે. એય તે વહેવારથી. બાકી (**શ્રોતા** : મુનિનેય) મુનિનેય આવે છે પણ એક એ તો એકાંતમાં સ્થાન હોય છે એવો એક વિકલ્પ આવે એટલું. પણ એકાંતમાં સ્થાન છે માટે આત્મસાધન ન્યાં વધારે થાશે, (**શ્રોતા** : શાંતીનું સ્થાન છે એવો વિકલ્પ) એમ નથી. (**શ્રોતા** : સાચું સ્થાન આત્મામાં) એમ! જંગલમાં રહેવાનો જ વિકલ્પ હોય છે, પણ એ જંગલમાં રહીશ માટે આત્મામાં નિવાસ વધારે થાશે એવો વિકલ્પ નથી. સમજાણું કાંઈ? તે પુરુષને ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે.

જે આત્મદર્શી છે, જેમને આત્માનો અનુભવ છે. આહાહા! આત્મા નો અનુભવનો અર્થ જ પર્યાયમાં આત્મા છે એવું જ્ઞાન આવે છે એવો અનુભવ છે એમ. તેમનું નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે. આહાહા! દેહ છૂટતાં કોઈને નિર્વિકલ્પ દશા પણ હોય કોઈને સવિકલ્પ હોય છતાં સમાધિમરણ છે. કેમ કે ઈ દૃષ્ટિને પર્યાયનું જોર ત્યાં દ્રવ્ય ઉપર છે. અને આવું દ્રવ્ય છે એનું એને ભાન થઈ ગયું છે. એથી કદાચિત મરતાં, દેહ છૂટતાં વિકલ્પે હોય કે આ, આ આમાં કાંઈક થાય છે એવું, ઉપસર્ગ

કે પરિષહનો ખ્યાલેય આવી જાય અને દેહ છૂટી જાય. પણ છતાં પર્યાયમાં જે દ્રવ્યનું ભાન થયું છે, એથી એને વિકલ્પ ત્યાં નુકસાનકર્તા સમાધિને નથી. આહાહા! નિર્વિકલ્પ દેહથી છૂટે એ તો જબ્બર અભ્યાસ. સમજાણું કાંઇ? વિકલ્પમાં હો પણ અંદર સમાધિમાં પડયો છે. દેહથી ભિન્ન અને રાગથી પણ ભિન્ન એવી પર્યાયમાં વસ્તુની પ્રાપ્તિ થઇ છે, એને વિકલ્પની પ્રાપ્તિ પર્યાયમાં નથી થઇ. આહાહા! સમજાણું કાંઇ?

અરે! એક દિ' એવો આવશે, આ ભવમાં આવશે? આહાહા! (**શ્રોતા :** નજીક આવતો જાય છે ને દરેકને) નજીક આવતો જાય છે. જેટલા જેટલા દિવસો જાય એટલા મરણની સમીપે જાય છે. પ્રાણભાઇ આઘા બેઠા છે પ્રાણભાઇ! જીજ્ઞાસુ બહુ છે, બોટાદમાં એક પાક્યા છે ઇ. આહાહા! વસ્તુ, એની વસ્તુની દૃષ્ટિનું જોર એને જોઇએ, રુચિનું પહેલું. એ રુચિના જોરે જ્યારે અનુભવ થાય ત્યારે પર્યાયમાં આત્મા આવી ગયો. આહાહા! નહોતો, રખડતો, નહોતોજ એની પર્યાયમાં. આહાહા! એને કહે છે નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે. આહાહા! આવું હવે વ્યાખ્યાન (**શ્રોતા :** અલૌકિક) ગિરધરભાઇ! ઓલો ઝપટ બોલાવતો હોય આમ બધા પચાસ હજાર ને લાખ માણસની અંદર આમ થાય ને આમ થાય ને આમ થાય બાપુ! બધા મારગ સરખા છે, બધા પ્રત્યે સમભાવ રાખવો. (**શ્રોતા...**) સરખા કે દિ' હોય પોતપોતાના ધર્મમાં જે માણસ પડયા છે તે બધા ધર્મના સાધક જ છે, એમ કહે એટલે બધાને સારું કેવું લાગે?

પણ ધર્મનું સાધન તો ધર્મી જે ચીજ છે વસ્તુ એ દૃષ્ટિમાં ન આવે ને જ્ઞાનમાં ન આવે ને ઇ સાધક ક્યાંથી થાય? એને સમન્વય નાંખવો ક્યાંથી? આહાહા! ઇ ગાયું'તું હમણાં ત્યાં, ઓલું ભાવનગરમાં નહોતું ગાયું? દેરાવાસી છે ને એક પંડિત? ત્યાં હતા તમે આવ્યા'તા ભાવનગર. આ પંચ કલ્યાણક વખતે. હા એ. રાતે નહોતું ગાયું? કલાક સવા કલાકેક ગાયું'તું પંદરસો રૂપિયા આપ્યા'તા એક કલાકના. એમ કરીને આવેલા નક્કી કરીને એટલે શું કરે? હતું તો કાંઇ નહિં. હેં! (પીનાકિન શાહ) હા તમારે ત્યાં આવ્યા નહોતા? આંહી હમણાં અમને ત્યાં આહાર હતોને અમારે, નજીક પ્લેનમાં આવતુ'તું ત્યારે, આહાર હતો ત્યારે, આહાર પહેલા પોગ્યા'તા (પહોંચ્યા'તા) વહેલા એટલે ત્યાં આવ્યા'તા બે ગાયન બોલ્યા'તા.

''મોટા મંદિર ને માળિયા, સોડ તાણીને સુતો
કાઢો કાઢોરે એને સહુ કહે, જાણે જન્મયો જ નહોતો''

પણ એ તો વૈરાગ્યની વાતો. મૂળ તત્ત્વની દૃષ્ટિ વિનાનો વૈરાગ્ય હોઈ શકે જ નહિં. હેં? (**શ્રોતા** : વૈરાગ્યે નથી) એ વૈરાગ્ય ક્યાં છે? આહાહા! (**શ્રોતા** : વૈરાગ્ય તો આત્માનો હોય) અંદર અસ્તિત્વનું ભાન થઈને રાગથી ભિન્ન પડે તે વૈરાગ્ય છે. આહાહા!

''સગી નારી રે તારી કામની, ઊભી ટગટગ જોવે રે,
આરે કાયામાં હવે કાંઈ નથી, ધ્રુસકે ધ્રુસકે રોવે રે''

બે ગાયન બોલ્યા'તા ને નહિં? બે બોલ્યા'તા. આહાર વખતે પછી વખત હતો ને? વહેલા આવ્યા'તા ને ન્યાં? દિશાએ બહાર ગયા'તા. ગામથી આવતા અને આ તમારા દાદાના દર્શન કરીને, દાદાના દર્શન કરીને ગયા'તા ને ન્યાં? તમારે ત્યાં વહેલા આવ્યા'તા પછી આહાર કરવાની વાર હતી ત્યાં ઈ આવ્યા, લોકો કીધું આવી વાતમાં બધું માની લ્યે કે, આહાહા! પણ જેને આત્મા દૃષ્ટિમાં નથી આવ્યો એને વૈરાગ્ય જ કહેવાય નહિં એને. (**શ્રોતા** : એ તો મંદ કષાય છે) એ તો મિથ્યાત્વ સહિત મંદકષાય હો. આજે જ લેખ આવ્યો છે એમાં હોં કાંતીલાલનો, ઈ જ હશે તે દિ' ગેઝેટમાં આવ્યો છે. આજે જ વાંચ્યો, તે દિ' વાંચ્યો નહોતો. વિશુદ્ધભાવથી નિર્જરા થાય છે એ રાગ નથી, ભલે રાગ હારે હોય. અરે! અરે ભગવાન! દુનિયાને સારું લાગે અને પોતાની માન્યતાનું પોષક થાય. વિશુદ્ધભાવ રાગ બંધનું જ કારણ છે અંશે પણ નિર્જરાનું કારણ નથી.

હા. ભલે શુભભાવથી એને જરી અશુભ ટળે થોડું એ પણ એ કંઈ અશુભ મૂળ ટળતું નથી. આહાહા! આંહી તો કહે છે જેને રાગદ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી આત્મા, શુદ્ધાત્મા પોતાનો આત્મા છે એ રાગદ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી, તેમને ગ્રામનિવાસ માટે કે વનનિવાસ માટે પ્રેમ હોતો નથી બસ એટલું. અને તેમનું ચિત્ત સંકલ્પ વિકલ્પોથી આકુલિત થતું હોતું નથી. તેઓ ગ્રામ કે વનને પોતાના આત્મસ્વરૂપથી બહિર્ભૂત સમજે છે. બેય બહાર છે ને? તેથી કોઈમાં પણ આસક્તિ રાખવી કે તેને પોતાનું નિવાસસ્થાન માનવું એ તેમને ઈષ્ટ નથી. તેઓ તો શુદ્ધાત્મ સ્વરૂપને જ પોતાની વિહારભૂમિ આહાહા! ત્યાં વિહાર કર! નથી આવતું સમયસારમાં? ત્યાં વિહાર કર. ભાઈ! તારું નિવાસસ્થાન મહાપ્રભુ છે. એમ ઈષ્ટ તેઓ તો શુદ્ધાત્મા સ્વરૂપને જ પોતાની વિહારભૂમિ માને છે અને તેમાં જ રમ્યા કરે છે.

વિશેષ કહેશે...............

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૮૬

## શ્લોક – ૭૩ અને ૭૪

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૧.૦૭.૭૫**

**तर्हितै: संसर्ग परित्यज्याटव्यां निवास: कर्तव्य इत्याशंकां निराकुर्वन्नाह -**

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चल: ।।७३।।**

અનાત્મદર્શી[1] ગામ વા વનમાં કરે નિવાસ;
નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ ।। ૭૩ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

---

૧. અનાત્મદર્શી – આત્માનો અનુભવ જેને થયો નથી તે.

તોંતેર(૭૩) ગાથાનું છેલ્લું છે. જ્યાં જ્યાં આત્માનું ભાન થયું છે, નથી થયું એને આત્માનું ભાન કરવું એ વાત. (છે) પોતાનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ છે એમાં પર્યાયને પસરાવવી. પર્યાયને દ્રવ્ય તરફ ઢાળવી એ પહેલું કર્તવ્ય છે. આત્મજ્ઞાન એટલે જે જ્ઞાનની પર્યાયમાં આત્મદ્રવ્ય આવે એટલે કે એનું જ્ઞાન આવે, ઈ પહેલામાં પહેલું કર્તવ્ય તો આ છે.

હવે કહે છે કે જેને આત્મજ્ઞાન થયું અને દર્શી, આત્મદર્શી એટલે દૃષ્ટિમાં એ આત્મા છે એવો અનુભવમાં આવ્યો. એને બહારના આસનોની કંઈ જરૂર નથી. કે ગામમાં રહે કે અરણ્યમાં રહે તો એને લાભ થાય એવું કંઈ છે નહિં. આહાહા! એને તો અંદર આત્માનું જ અવલંબન છે. એને ચટાઇ હો તો એનો પણ આધાર એનો આશ્રય નથી. છે ને? છેલ્લી બે લીટી. પોતેજ આત્મા આનંદ સ્વરૂપ ધ્રુવ જેમાંથી પર્યાય ઉભી થાય છે, એ પર્યાયનો આધાર. ને જે ધ્રુવ છે એનો જ્યાં અંતર અનુભવ થયો એને હવે વિશેષ આગળ જતાં, ધ્યાન માટે એ આત્મા જ સાધન છે એમ કહે છે. એને ચટાઇ સારી હોય તો ત્યાં ધ્યાન થઇ શકે એવું છે નહિં. આહાહા! પત્થર સારો હોય બેસવાની શીલા બરાબર આમ, એ પણ કંઈ આત્માના અવલંબનના ભાવમાં એની કોઇ જરૂર (નથી). આહાહા! ઘાસ સુંવાળું ઘાસ હોય બેસવાનું તો એને ઠીક પડે ધ્યાન માટે એવું કાંઇ છે નહિં.

નદીમાં દરિયામાં નાંખ્યા સાધુને લ્યો, આહાહા! ત્યાં ઈ તણાતા તણાતા પણ આત્માના ધ્યાનમાં હતા. આહાહા! એમાં એકાગ્ર થઈને ત્યાં કેવળજ્ઞાન પામ્યા'તા લ્યો, ત્યાં આસનેય કાંઇ નથી. આહાહા! જેને આત્મા ધ્યેય સ્વરૂપમાં પકડાયું છે, એને ધ્યાનને માટે તો એ અવલંબન આત્મા છે. આહાહા! કો મેરૂ પર્વત ઉપર આમ પછાડે સાધુને, હવે એમાં ઈ ત્યાં લગાવે આત્મા ઉપર ધ્યાન લગાવ્યું છે. આહાહા! બહાર ઉપરથી વિકલ્પથી ખસી જઈને, અંતરના ધ્યાનમાં મોટો આધાર ભગવાન આત્માનો છે ત્યાં. આહાહા! એ શરણ છે એ આધાર છે. એને આવા બહારના જમીન અનુકૂળ હોય તો ધ્યાન થાય એવું કાંઇ છે નહિં. નિસ્સાર છે કહે છે. આહાહા! નિસ્સાર છે ને શબ્દ? એવું જ્ઞાનીજનોએ માન્યું છે. 'છે' નિસ્સાર જુઓ પાછળ. આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ અરણ્યની જેમ અન્ય પદાર્થો પણ નિસ્સાર છે. છે? આહાહા!

જ્યાં દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જ્યાં આવ્યું એને હવે બીજા આધારને અવલંબનની જરૂર નથી. આહાહા! છતાં એ સામાયિક કરે ત્યારે શું? એ નિરૂપણ આવે છે શાસ્ત્રમાં. શ્રાવક રત્નકરંડાચારમાં સામાયિકમાં બેસેને ત્યારે વાળ બાળ બાંધવા, ને કપડા આમ સરખા રાખવા. આહાહા! લૂગડા ફર ફર થાય

એને આમ એ બધી વહેવારની વાતો છે. આવે છે ને સામાયિક? શ્રાવક રત્નકરંડાચાર, સામાયિક વખતે સુખે કરીને ધ્યાન થઇ શકે એવું આવે છે લ્યો! વહેવારની વાત આવે તો એમ બતાવેને! આહાહા! એટલે બહારના કપડા ફર ફર થાય તો ધ્યાન ન થાય એવું કાંઇ છે નહિં. અહીં તો મુનિની અપેક્ષાએ વાત છે તો એને કાંઇ કપડા બપડા (છે નહિં) (**શ્રોતાઃ** લૂગડા ક્યાં છે ત્યાં) લૂગડા જ નથી ત્યાં. આહાહા! એકલું શરીર નગ્ન દશા આહાહા! એને અંતર ધ્યાનને માટે બહારના કોઇ પદાર્થ નિસ્સાર છે, સાર છે નહિં. આહાહા!

કહ્યું નહોતું કે ભગવાન શું ધ્યાન કરે? ભગવાન તો કેવળી છે એ ભગવાન આનંદનું ધ્યાન કરે. આહાહા! આનંદને અનુભવે એમ. આહાહા! પ્રશ્ન ચાલ્યો છે ને કેવળી ધ્યાન શું કરે? એ તો આનંદનું સ્વરૂપ જે પ્રગટયું છે એને વેદે છે, એને ધ્યાન કહેવામાં આવે છે. આહાહા! નીચલી દશામાં પણ આનંદ સ્વરૂપ ભગવાન આત્મા જે દૃષ્ટિમાં ને જ્ઞાનમાં આવ્યો છે, એનું સ્વરૂપ આવ્યું છે પર્યાયમાં. એ પર્યાય ત્યાં જ વળ્યા કરે છે વારંવાર. આહાહા! એના આલંબન ધ્યાનને માટે તો આત્મા છે. કહો સુજાનમલજી! (**શ્રોતા** : બરાબર, પરમ સત્ય, ટંકોત્કીર્ણ બાત હૈ) પરમસત્ય વાત હૈ. ભઇ! ગુફામાં જાવું ને એકાંતમાં જાવું ત્યાં ધ્યાન, પણ ધ્યાન કરનારો તો તું ત્યાં બધે તો તું છો, એટલે અંતરમાં વળવું છે એને માટે બહારના કોઇ સાધન અનુકૂળ હોય કે એ કંઇ છે નહિં. આહાહા!

કેટલું નિરાલંબન, નિરાલંબન આત્મા. સમોશરણમાં આવ્યું છે ને? જેવો નિરાલંબ આત્મા એવો નિરાલંબ ભગવાન આમ અધ્ધર શું કહેવાય ઇ? કમળ સિંહાસન હોયને એના ઉપર શું કહેવાય ઇ? ગંધકુટી, ગંધકુટીમાં બેસે નહિં કંઇ ભગવાન! દેહ સહિત કેવળી છે તો ઇ ગંધકુટીની નીચે શરીર ન અડે એને, અધ્ધર રહે. આહાહા! એવી દશા થઇ જાય છે કરવી છે ક્યાં એને કે આમ કરવું છે ને આમ કરવું છે, આહાહા! ને કેવળીઓ પણ તીર્થંકરની સભામાં હોય છે. એ કાંઇ સાંભળવા સાટુ બેઠો છે? એ જાતની યોગ્યતાના કારણે શરીર ત્યાં થંભી ગયું. કેવળજ્ઞાન છે એને હવે સાંભળવું છે ક્યાં ને કહેવું છે ક્યાં? એ ભગવાનની વાણી નીકળે છે ત્યાં, એ તો ધ્યાનમાં છે. આનંદના ધ્યાનમાં છે એ ટાણે તે આહાહા! પણ એ આનંદ સ્વરૂપ છે એવું દળ છે આત્મા, એવું એને ધ્યાનમાં સમકિતમાં આવવું જોઇએ પહેલા.

જે કાંઇ તું સુખ માગે છે આનંદની ભાવના તારી, એ ભાવનાને સાર્થક કરનાર તો આત્માનું સ્વરૂપ છે. કારણકે એ આનંદ સ્વરૂપ છે. આહાહા! એને સ્પર્શવાથી પર્યાય એને સ્પર્શે એ આનંદની દશા પ્રગટ થાય, એના આધાર માટે તો આત્મા છે.

આહાહા! આ તો પાંચમાં આરાના સાધુ છે. કોઈ કહે આ તો ચોથા આરાની વાત છે. (**શ્રોતા :** આત્માની વાત છે કોઇ આરાની વાત નથી) આરો ફારો ન્યાં કાંઇ છે ? ચોથોય નથી ને પાંચમોય નથી. મુનિ પોતે કુંદકુંદાચાર્ય પાંચમા આરાના સાધુ અમૃતચંદ્રાચાર્ય (પણ) આહાહા! પાંચમા આરાના સાધુ છે લ્યો. આ બધા બીજા છે. આહાહા! એ લાકડાનું પાટિયું સારું હોય, બેસવાનું સુંવાળુ સરખુ તો ધ્યાન થાય, એમ છે નહિં કહે છે. વગેરે ધ્યાન માટે નિસ્સાર છે. છે ? આહાહા! 'નો ફલકો વિનિર્મિત:' ઇ ને ? ઓલીકોર છે ને શ્લોક ?

**न संस्तरोऽशमा न तृण न मोहिनी, विधानतता नो फलको विनिर्मित।**
**यतो निरस्ताक्षफषायविद्विष: सुधीभिरात्मैव सुनिर्मलो मत: ।।२२।।**

શ્રી અમિતગતિ આચાર્યકૃત 'સામાયિક પાઠ'

ધર્માત્મા જ્ઞાનીનો તો આ મત છે કહે છે, આહાહા! કારણકે જેણે રાગ અને દ્વેષને વિષયકષાય રૂપી શત્રુને દૂર કર્યા છે, તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે નિર્મળ. ન્યાલભાઇએ કહ્યુ છે ને એક ઠેકાણે હું તો પલોઠીવાળીને અંદર બેસી જાઉં છું એમ. ભાષા એવી સાદી કરી નાંખી છે ને! પલોઠીનો અર્થ હું તો અંદરમાં બેસી જાઉં છું એમ. એય ચેતનજી! પલોઠીવાળીને એમ છે ત્યાં પલોઠી વાળતા હશે ? એનો અર્થ કે મારી પર્યાય ત્યાં થંભી જાય છે. આહાહા! લોકોને વિશેષ એવું લાગે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પર્યાયને દ્રવ્યમાં સ્થાપી, એમાં લીન કરી એ પલોઠીવાળીને બેસી ગયો એનો અર્થ ઇ. આસન નાંખ્યું ધ્રુવમાં એમ. હેં! આવો મારગ ભારે ભાઇ! આ તો પંચમઆરાના સાધુને માટેનો મારગ આ છે. એમની આ ચોથાઆરાની આ વાત નથી કાંઇ ? અરે જેને સમ્યક્ થયું તેને પણ આજ ઉપાય છે. પાંચમા આરામાં પણ, અને સમ્યક્ થવા માટે પણ એકજ ભાગ છે. આહાહા! પાંચમા આરા માટે કે ચોથા આરા માટે.

ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં ધ્યાન કરીને એને વિષયમાં લેવો લક્ષમાં, બસ એ સમ્યક્ પામવાની કળા ને રીત આ છે, અને પછી પણ ધ્યાન કરવા માટે આત્મા જ અવલંબન છે. બહારના કોઇ સાધન અવલંબન છે નહિં. આહાહા! એવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે, એવું જ્ઞાનીજનોએ માન્યું છે. છે ને ? સુધી ઇ ને. સુધી છે ને ? જ્ઞાની સુધી જેની બુદ્ધિ સમ્યક્ થઇ છે, એવા જ્ઞાનીએ આમ માન્યું છે કે બહારના કોઇ આસનની એને જરૂર નથી.

આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં જેણે આસન લગાવ્યા છે, આહાહા! એમાં જેની પર્યાય થંભી છે, બસ એને પરના આસનની કંઈ જરૂર નથી. આહાહા! આત્મ સ્વરૂપના અનુભવ માટે ગ્રામને અરણ્યની જેમ, ગામ અરણ્ય તો પાઠમાં હતું ને? અને આ તો બીજા શ્લોકનો આધાર આપ્યોને એટલે કહ્યું. અન્ય પરપદાર્થો પણ નિસ્સાર છે પાઠમાં તો એ હતું ને? ૭૩શ્લોકમાં ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् પણ કહે છે કે એ સિવાય બીજા પણ અન્ય પદાર્થો પણ નિસ્સાર છે. ત્રિકાળી શુદ્ધ આત્માનું અવલંબન જ સારભૂત છે. આહાહા! શરણ એ ઉત્તમ એ મંગળિક એ આહાહા! અનાત્મદર્શીને આત્મદર્શીના ફળ દર્શાવી કહે છે ૭૪ શ્લોકમાં.

**देहान्तरगतर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।**
**बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना ।।७४।।**

**टीका** : देहान्तरे भवान्तरे गतिर्गमनं तस्य बीजं कारणं किं? आत्मभावना । क्व? देहेऽस्मिन् अस्मिन्कर्मवशाद्गृहीते देहे । विदेहनिष्पत्तेः विदेहस्य सर्वथा देहत्यागस्य निष्पत्तेर्मुक्तिप्राप्तेः पुनर्बीजं स्वात्मन्येवात्मभावना ।।७४।।

**દેહે આતમ-ભાવના દેહાન્તરગતિ-બીજ;**
**આત્મામાં નિજ-ભાવના દેહમુક્તિનું બીજ ।। ૭૪ ।।**

અનાત્મદર્શી અને આત્મદર્શીના ફલને દર્શાવી કહે છે :-

**અન્વયાર્થ** : (अस्मिन् देहे) આ શરીરમાં (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ શરીરને જ આત્મા માનવો ત(देहान्तरगतेः) અન્ય શરીરગ્રહણરૂપ ભવાન્તર પ્રાપ્તિનું (बीजंः) બીજ એટલે કારણ છે અને (आत्मनि एव) આત્મામાં જ (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ આત્માને જ આત્મા માનવો તે (विदेहनिष्पत्तेः) શરીરના સર્વથા ત્યાગરૂપમુક્તિનું (बीजं) બીજ છે.

**ટીકા** : અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન - તેનું બીજ એટલે કારણ. કયું? આત્મભાવના. શામાં? આ દેહમાં એટલે કર્મવશ ગ્રહેલા આ દેહમાં. વિદેહનિષ્પત્તિનું - વિદેહની અર્થાત્ સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મામાં જ આત્મભાવના (કરવી તે) છે.

**ભાવાર્થ** : શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે અને પોતાના આત્મામાં જ - નિજ સ્વરૂપમાં જ

આત્મબુદ્ધિ કરવાથી અર્થાત્ આત્માને જ આત્મા માનવાથી મુક્તિ થાય છે - દેહનો સંબંધ સર્વથા છૂટી જાય છે.

માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય - પુનર્ભવ ન કરવો પડે તે માટે જ્ઞાનીએ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આત્મ-ભાવના કરવી એ જ યોગ્ય છે.

### વિશેષ

‘‘જ્યાં સુધી દેહ પ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.’’[૨]

‘‘જે ઇન્દ્રાદિનો વિજયી થઇને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઇ રીતે અનુસરે ? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)’’[૩]

‘‘જે અજ્ઞાની જીવ (શરીરાદિક) પુદ્ગલ દ્રવ્યને અભિનંદે છે - અર્થાત્ તેને પોતાનું માને છે - તેમાં આત્મીય ભાવ કરે છે, તે જીવની સાથેનો સંયોગ - સંબંધ ચારે ગતિઓમાં તે પુદ્ગલ દ્રવ્ય છોડતું નથી.’’[૪] ૭૪.

## પ્રવચન – ૮૬

**ટીકા :** અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં, ગતિ એટલે ગમન, બીજો ભવ થવો તેનું કારણ બીજ એટલે કારણ કયું ? કે આત્મભાવના. શેમાં ? કે આ દેહમાં. આહાહા ! અને પર પદાર્થની અનુકૂળતા તે હું, રાગાદિ અનુકૂળતા હોય તો ઠીક, શરીરની અનુકૂળતા હોય તો ઠીક એ બધું દેહબુદ્ધિ છે. આહાહા ! ઓલા કહેતા'તા ને પેટમાં ભૂખ હોય અને પછી આત્માની વાત કરો, લ્યો એમ, એમ કહે એક કો'ક કહેતુ'તું હમણાં, અંદરમાં બડબડિયા બોલતા હોય ભૂખના, અને એને તમે આત્મા આત્મા કરો, હવે પણ એ તો દેહની ક્રિયા છે

૨. કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહિં. (૧૫૦) (શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૫૦)

૩. કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને-ઉપયોગને,
તે કર્મથી રંજિત નહિં, ક્યમ પ્રાણ તેને અનુસરે ?(૧૫૧) (શ્રી પ્રવચનસાર - ગુ. આવૃત્તિ - ગા. ૧૫૧)

૪. ‘ઇષ્ટોપદેશ’ - શ્લોક ૪૬.

એમાં આત્માને શું ? આહાહા ! તમારા ઓલા નહિં હેં ? કાંચવાળા ! કયા ? વીરચંદભાઈ, હા બોર્ડિંગના એ ત્યાં કહ્યું'તું. ૯૦ની સાલમાં રાજકોટ, બહાર જંગલમાં જતા'તા હારે આવતા. હવે તો ત્યાં મકાનો થઈ ગયા, જાગનાથ જાગનાથ ! મકાનો થઈ ગયા. ખેતરમાં ત્યાં જાતાને ? મહારાજ તમે આમ બધી વાતો કરો પણ પેટમાં આહાર ન પડયો હોય ને એને આત્મા આત્મા શી રીતે બેસે ? હવે કીધું જ્યારે આહાર પડયો, ન પડે ત્યાં સુધી આત્મા સમજાય નહિં, આહાર પડે પછી પચે નહિં ત્યાં સુધી, પછી એ જંગલ સરખું ન થાય ત્યાં સુધી, આત્માને લે હવે ક્યારે એને આત્માને કરવો ? પછી તો ફરી ગ્યા'તા એના પછી.

આંહી કહે છે અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન એનું બીજ કોણ ? એનું મૂળ કારણ કોણ ? આહાહા ! આત્મભાવના. શેમાં ? આત્મભાવના તો કીધી. આમ તો શ્રીમદ્ કહે 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' પણ આમાં આતમભાવના શેમાં ? ઓલી આતમભાવના આત્મામાં આવે છે ને ઈ ? આતમભાવના ભાવતાં જી લહે કેવળજ્ઞાન રે ! બોલે, ગોખે, પણ આત્મા શું ચીજ છે ? એનું જેને ભાન થયું ઈ એમાં એકાગ્રતાની ભાવના કરે. સમજાણું કાંઈ ? ભાવ આત્માનો ભાવ. જ્ઞાયકભાવ જણાણો હોય એ એની ભાવના કરે. જે ભાવ દૃષ્ટિમાં આવ્યો નથી એની ભાવના શી રીતે કરે ? એટલે 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' બસ થઈ રહ્યું. લ્યો ગોખો, ગોખે શું થાય ? ધૂન લગાવો. ધૂન એ વિકલ્પ છે એ તો હેં ? (**શ્રોતા :** સંસ્કાર તો પડે) ક્યા ? (**શ્રોતા :** સંસ્કાર તો પડે છે ને ?) એમાં સંસ્કાર પડે ? વિકલ્પના સંસ્કાર છે એ તો બધા. આહાહા ! આંહી તો નિર્વિકલ્પ ચૈતન્ય જે અભેદ આનંદ સ્વરૂપ છે એના સંસ્કાર પડે અંદરમાં. એ તો નિર્વિકલ્પથી એના સંસ્કાર પડે એવી વાત છે.

આતમભાવના. શેમાં ? આ દેહમાં એટલે કર્મવશ ગ્રહેલા આ દેહમાં. કર્મને તાબે થયેલા, કર્મને કારણે મળ્યો છે જે દેહ એમાં જેની આતમભાવના છે. આહાહા ! જેને આત્મા પરથી ભિન્ન, રાગથી ભિન્નની ખબર નથી એની આ ભાવના શરીરમાં જ જાય છે એમ કહે છે. આહાહા ! સમાધિતંત્ર છે ભાઈ આ તો ! કાયરના કામ નથી આ, આ તો વીરાના વીરના કામ છે. આહાહા ! કર્મવશ ગ્રહેલો આ દેહ એમ ભાષા છે ને ? '**कर्मवशाद् गृहिते देहे**' છે ને ? સંસ્કૃતમાં છે. દેહ જે છે એ તો કર્મને કારણે મળ્યો છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, ને આત્માને કારણે મળ્યો નથી. આહાહા ! આત્માનો સ્વભાવ તો કાંઈ મળે નહિં એવો છે. આહાહા ! કર્મવશ ગ્રહેલા આ દેહમાં આતમભાવના, એટલે કે ઈ શરીરાદિ ખલુ ધર્મ સાધનમ્ આવે છે ને ?

શરીર અનુકૂળ હોય, નિરોગ હોય તો મન ઠીક રહે, અને મન ઠીક રહે તો ધ્યાન થઈ શકે એવું આવે છે. (**શ્રોતા** : આવે એ તો વહેવારની વાતો) એ તો બધી વહેવારની વાતું છે. આહાહા! ઘાણીમાં પીલે દેહને, ભગવાન ધ્યાનમાં અંદર રહે. કેવળ પામી જાય. આહાહા! કારણકે જે પર્યાયનું ધ્યેય જે વસ્તુ છે જેની પર્યાય છે તેમાં તેને વાળી છે, આહાહા! પર્યાય જેની છે જ્ઞાનની, એ જ્ઞાનની પર્યાયને આમ જ્ઞાયક તરફ જે જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન છે તેના ઉપર વાળી છે, એટલે એને દ્રવ્યનું જ્ઞાન થાય છે, એથી એને ગુણનું જ્ઞાન થાય છે, અને એથી એને પર્યાય નિર્મળ એનું જ્ઞાન થાય છે. આહાહા! એ આવી ગયું છે એકસો ચોપ્પન(૧૫૪)માં નહિં? એકસો ચોપ્પન(૧૫૪) ગાથા પ્રવચનસાર.

(**શ્રોતા** : દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ વ્યય) ધ્રુવ દ્રવ્ય, ગુણ પર્યાયને ધ્રુવને ઉત્પાદ વ્યય. ધ્રુવને ઉત્પાદ, વ્યય. ત્યાં ધ્યેયનું છે ને એટલે. જ્ઞાનની જે પર્યાય છે, આહાહા! એ પર્યાય આમ અંતર જે જ્ઞાન સ્વરૂપી વસ્તુ છે. એને જ્ઞાનની પર્યાય ન્યાં વાળતા દ્રવ્યનું જ્ઞાન એને થાય છે, એને ગુણનું જ્ઞાન થાય છે અને એને પર્યાયનું જ્ઞાન થાય છે. એ આત્મા દ્રવ્ય, ગુણને પર્યાયમાં છે. એ રાગમાંય નથી ને પરમાંય નથી ને ક્યાંય. આહાહા! ધ્રુવને ઉત્પાદ વ્યય, જે પર્યાય ઉત્પાદ વ્યયવાળી છે એ ધ્રુવને અવલંબે છે એટલે ઉત્પાદની પર્યાયને ધ્રુવનું જ્ઞાન થાય છે. એથી એ જ્ઞાનમાં ધ્રુવ એટલે દ્રવ્ય સ્વભાવ આ કાયમ ટકતું તત્ત્વ છે એવું પર્યાયમાં જ્ઞાન થાય તે જ્ઞાન ધ્રુવનેય જાણે અને પોતાની પર્યાયનેય જાણે. આહાહા! એને અહીંયા આતમજ્ઞાન અને આત્માનું ધ્યાન કહેવામાં આવે છે. જેઠાભાઈ! ભારે વાતું આહાહા!

એક જણો બિચારો કહેતો'તો ઓલો વીરમગામથી નહોતો આવ્યો ઈન્કમટેક્ષનો, ઈન્કમટેક્ષ ને? આ બીજું હેં? કેવું (**શ્રોતા** : કસ્ટમ, કસ્ટમ) કસ્ટમખાતાનો દેરાવાસી આવ્યો'તો એક, ઘણાં વરસ થઈ ગયા. વીસ-પચ્ચીસ વરસ . આ મહારાજ અમે હાલતા'તા ને રસ્તે ને એમાં તમે પત્થરા માર્યા. અમે જ્યાં જાઈએ શેત્રુંજય દર્શન કરવા જાઈએ. એ જેઠાભાઈ! ત્યાં કેવા અમારે ભાવ થાય, હવે તમે કહો કે એ ધરમ નહિં. આરે! આ ઘરની દુકાન ધંધા છોડી એકાંત નિવૃત્ત જંગલ જેવા જંગલમાં તીર્થમાં એમાં જાઈએ, વાતાવરણ એમાં કેવું. લ્યો એ વળી એક સ્થાનકવાસી કહેતો'તો, દીક્ષા પહેલા એક આવ્યો. ફરતો'તો સ્થાનકવાસી એ મળ્યો'તો. એ કહે કે મારું હાળું બધા આ શેત્રુંજયને જાઈએ ત્યાં વાતાવરણ બહુ સારું મળે. પણ તું સ્થાનકવાસીને! ઠીક. આ અડસઠની(૬૮) વાત છે.

પણ માળુ એકાંત, શાંત વાતાવરણ, પણ શાંત વાતાવરણ એ તને ક્યાંથી આવ્યું? શાંત વાતાવરણ તો આંહી અંદર છે. હેં? કાગડાને કંઈક રહે છે હેં? અને દેડકાને ખાય, શાંત વાતાવરણ છે દેડકા હોય કાગડા ખાય, મોર નીકળે સર્પ ને ખાય પકડે. ક્યાં ગયું શાંત વાતાવરણ? બહારના કારણે શું છે? એથી પછી આ કહેને કે પ્રતિમાને કારણે કાંઈ નથી એમ કહીને ઉડાડે, પણ એ પ્રતિમા જ્યાં સુધી અંદર સ્થિરતા ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવો શુભ ભાવ હોય અને એ શુભભાવમાં એ લક્ષ નિમિત્ત ત્યાં જાય છે. એ ધરમ નથી પણ ધર્મીને એવો ભાવ શુદ્ધ પૂરણ જેની દશા પ્રગટ થઈ છે એની પ્રતિમા એનું મંદિર, દેવ કહ્યા છે ને ભાઈ? મંદિરને દેવ કહ્યો છે. આઠ દેવ આઠ, નવ દેવ નવ, મંદિર દેવ, વાણી દેવ, જિનધર્મ દેવ, દર્શન, જ્ઞાન, ચારિત્ર દેવ આહાહા! એ ભાવ પરદ્રવ્યના ઉપર લક્ષ જાય છે એટલે એને શુભ ભાવ થાય છે. એ શુભ ભાવ પોતાથી થાય છે, એ કાંઈ એના કારણે થાતો નથી. એવું હોય છે પણ એ વહેવાર છે એ પુણ્યબંધનું કારણ છે.

આંહી તો એનોય નિષેધ કરવો છે, કે એને લક્ષે તો રાગ થશે, માટે એ કંઈ એકાંતનું સાધન ન્યાં જંગલમાં ન્યાં ધ્યાન થાય એવું છે નહિં. તારો આત્મા જ જંગલ છે. આહાહા! વિકલ્પને સંગ વિનાની ચીજ અસંગ ચીજ છે એ તો. એ અસંગનો પરિચય કર તો તને સંગના સાધનોની જરૂર છે નહિં. આહાહા! એમ એના નિરાલંબન તત્ત્વને દૃષ્ટિમાં જ્ઞાનમાં પહેલું બેસવું જોઈએ. સમજાણું કાંઈ? તેથી ઓલા કહે છે ને? ભગવાનના દર્શન કરે આશ્રવ ટળે સંવર વધેજી. એય ચેતનજી! આવે છે? દેવચંદ્રજી, ભગવાનના દર્શનથી આશ્રવ ટળે, સંવર વધેજી. ધૂળેય નથી, સંવર વધેજી. દેવચંદ્રજીએ કહ્યું છે એમ કે ભગવાનના દર્શનથી આશ્રવ ટળે, સંવર વધેજી. જય પરદ્રવ્યને આશ્રયે સંવર વધે? ઘણાં લાકડા ઊંધા, આચાર્ય નામ ધરાવે, સાધુ નામ ધરાવે ને આવું કરે. સત્‌નો એ અનાદર કરે છે. પરમ સત્‌ પ્રભુ, પરમ સત્ય સાહેબો પૂર્ણાનંદનો નાથ, જેના અવલંબે કેવળજ્ઞાન થાય એને બીજા આલંબનની જરૂર (નથી) આહાહા!

એનો ઉગ્ર આશ્રય લે તો કેવળ થાય. મંદ આશ્રયમાં સમકિત થાય, મધ્યમ આશ્રયમાં ચારિત્ર થાય ને ઉગ્ર આશ્રયમાં કેવળ થાય. પણ એનું મહાત્મ્ય ન આવે ત્યાં સુધી તો એને આંહીથી થાશે, આંહીથી થાશે, અહીંથી થાશે, ગિરનારમાં જાય તો થાસે સમ્મેદશિખર (માં જાશે તો થાશે) (ત્યાંથી) કાંકરે કાંકરે મોક્ષ ગયા છે તે શું છે પણ? (**શ્રોતા :** એ તો અઢીદ્વીપમાં દરેક ઠેકાણે ગયા છે) દરેક ઠેકાણે ગયા છે આ આ ઠેકાણે

અનંતા મોક્ષ ગયા છે કારણ કે ત્યાં અનંતા કોઇ જગ્યા અનંત વિના ખાલી નથી ઉપર જાય છે કેમ ? સીધા જાય. ન્યાંય છે અનંતા તે આંહીથી ગયા છે આહાહા ! જ્યાં બોકડા કપાય છે અત્યારે તે ઠેકાણેથીય અનંતા મોક્ષ ગયા છે. કારણ કે ત્યાં પીસ્તાલીસ(૪૫) લાખ જોજનમાં અનંત સિદ્ધો બિરાજે છે તે આંહીથી સીધા ગયા છે. આડા અવળા આંહીથી આમ જાય ને એમ નથી. આહાહા !

પીસ્તાલીસ(૪૫) લાખ જોજનનો એક કણ ખાલી નથી. દરિયાના પાણીમાં પણ અનંતા મોક્ષ ગયા છે. આહાહા ! બે લાખ જોજનનો લવણ સમુદ્ર એ ઉપર અનંતા સિદ્ધ છે. એ ક્ષેત્રે ઉપર એ ક્ષેત્ર ઉપર અનંત ક્યાંથી આવ્યા ? આંહીથી ન્યાં ગયા છે ? આહાહા ! ન્યાંથી સીધા ગયા છે આમ. હેં ? આહાહા ! અને આ સિદ્ધની જાત્રા કે એનો હેતુ તો આ છે મૂળ તો, કે ત્યાં શુભ ભાવ એવો સ્મરણમાં આવે કે આંહી સિદ્ધ મોક્ષ બિરાજે સિદ્ધ અહિંયા, એટલે નીચે એનું સ્મરણનું કારણ થાય તો શુભભાવ થાય. આહાહા ! હેં ! (**શ્રોતા :** હવે જાત્રા બાત્રા થઇ ગઇ એટલે એનો મહિમા ઉડાવો છો) હવે જાત્રા બાત્રા થઇ ગઇ એટલે એનો મહિમા ઉડાવી દયો એમ કહે છે. એ તો હોય, હજીય હોય, હોય તો શું એવો વિકલ્પ હોય. એના થવા ટાણે. પણ છે એ, પર દ્રવ્યના સ્મરણનું કારણ છે એ પુણ્યબંધનું કારણ છે.

એક ફેરી કહ્યું'તું ઓલા જગજીવનભાઇ હતાને બરવાળાવાળા નહિં ? બરવાળાવાળા દિનશાના ભાઇ (**શ્રોતા :** સોનાની ચકલી વાળા ? સોનાની ચકલી વાળા) ના એ નહિં. એ ચૂડાવાળા એ તો સોનાની ચકલી ચૂડાવાળા. આ તો જગજીવનભાઇ હતા, સંતબાલના ભગત પાકા હતા. દિનશા નહોતા આપણે આંહી ? બરવાળાના હેં ? ચીમનભાઇ ! અમૃતલાલ. એ અમૃતલાલના ભાઇ હતા જગજીવનભાઇ. પાકા, પાકા સ્થાનકવાસી. પહેલા ગયેલાને જ્યારે મુંબઇ, તેરની(૧૩) સાલમાં ત્યારે એ આવીને પૂછયું મહારાજ આ બધું શું ? આ જાત્રા ને આ દર્શન. તે દિ' જાત્રામાં જવાનું હતું ખરુંને ? પહેલું વહેલું ન્યાંથી શરૂઆત થતું ને ત્યાંથી. (મેં કીધું) જો ભાઇ ! એવી વાત છે તે સ્થાનના ઉપર અનંતા સિદ્ધો તે ક્ષેત્રથી ઉપર ગયા છે, એથી એનું સ્મરણનું કારણ છે, બીજું કોઇ કારણ નથી. એ કાંઇ આપી દેતા નથી એ ક્ષેત્રે અને એ ક્ષેત્રે એનું સ્મરણ કરે તો ત્યાં નિર્જરા ને સંવર થાય એમેય નથી. ત્યારે કહે હા ! આ હતા સ્થાનકવાસી. વાત સાચી લાગી છે માળી.

ભાઇ ! એમ છે વસ્તુ સ્થિતિ. ભગવાન પરમાત્માનો એને ખ્યાલ હોય છે.

સિદ્ધ આવા હોય એ ક્ષેત્રેથી આ એ જ માથે એવા અનંત સિદ્ધો બિરાજે છે એની અસ્તિત્વતાનું સ્મરણ થાય એ શુભભાવ છે, પણ એ શુભભાવ એ ન્યાં ગયો ને એ ક્ષેત્રથી થયો એમ નથી, (**શ્રોતા :** એ તો નિમિત્ત કહેવાય) એ તો થયો પોતાથી ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. આહા! ભારે કઠણ વાત. વિદેહની સર્વથા દેહત્યાગની નિષ્પતિનું એટલે વિદેહ નિષ્પતિનું, વિદેહની સર્વથા દેહત્યાગની નિષ્પતિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મામાં જ આતમભાવના કરવી લ્યો. છે? જ્યાં આત્મસ્વરૂપ પડયું છે મોટું મહા પરમાનંદ એની ભાવના એટલે એકાગ્રતા કરવી એ મુક્તિનું બીજ છે. છે પાઠમાં છે ને? જુઓને **बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना** આત્મામાં આત્માની ભાવના એમ. સર્વથા દેહત્યાગની નિષ્પતિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું કારણ બીજ, પોતાના આત્મામાં જ આત્માભાવના કરવી. એ 'આતમભાવના ભાવતાં લહીયે કેવળજ્ઞાન એ' આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે. પણ એ આત્માની જેને અંદર ખબર પડી છે દૃષ્ટિમાં આવ્યો છે, અનુભવમાં આવ્યો છે, પર્યાયમાં એનું પૂરણ સ્વરૂપ છે ઈ જ્ઞાનમાં આવી ગયું છે, એ પૂરણ સ્વરૂપનું ધ્યાન કરે છે. એને મુક્તિનું કારણ કહેવામાં (આવે છે). આહાહા!

કહો, સિદ્ધિનું ધ્યાન ને અરિહંતનું ધ્યાન ઈ મુક્તિનું કારણ નહિં એમ કહે છે. આગળ લેશે થોડું નિમિત્તથી કથન. શરીરમાં આતમબુદ્ધિ કરવાથી જ્યાં પ્રભુ બિરાજે છે એને ન જાણતાં એના અસ્તિત્વનું સામર્થ્ય કેટલું છે તેની નહિં ખબરને લઈને, શરીરમાં એટલે પોતાનું અસ્તિત્વ ત્યાં માને છે. શરીરમાં આતમબુદ્ધિ કરવાથી, એટલે શરીરને જ આત્મા માનવાથી એનો અર્થ એ થયો કે વિકલ્પ છે, એને રાગ છે, એને પણ પોતાનો માન્યો એટલે એ શરીરને જ માન્યું છે. આહાહા! એણે આત્મા રાગ વિનાની ચીજ છે, મહા પ્રભુ છે, ભલે પર્યાયમાં પામરતા બીજાની અપેક્ષાએ કેવળીની અપેક્ષાએ દેખાય, છતાં વસ્તુ તરીકે તો પ્રભુ પૂરણ સ્વરૂપ છે. આહાહા! એવા પૂરણનું ધ્યાન એ આતમભાવના ને એ મુક્તિનું કારણ છે. આહાહા! આ બધી ક્રિયાકાંડો મુક્તિનું કારણ નથી એમ કહે છે.

(**શ્રોતા :** એ મોટો વાંધો છે શ્રાવક ધર્મનો) આ ન્યાં કહે છે વિદ્યાનંદજી લખ્યું'તું ત્યાં કોટામાં આવ્યું'તું ચોપાનિયું આવ્યું'તું. પણ જૈન દર્શનમાં આવ્યું હશે પહેલું, વિદ્યાનંદજીએ કહ્યું હશે તો છપાણું હશે. ત્યાં કોઈ અભયકુમાર છે એક મેં તો પૂછયું જંબુભાઈને, જંબુકુમાર છે ને? શાંત માણસ છે, શેઠ, ગૃહસ્થ, જુવાન અવસ્થા છે ગંભીર માણસ છે. કીધું આ કોણ છે કે ભાઈ ઓળખતા નથી ગામમાં કોણ છે? ઈ ચોપાનિયામાં નામ આપેલું અભયકુમાર કોટા. કે આ બધું શ્રાવક અને સાધુનો જે આચાર એનો લોપ

કરે છે દિગંબર ધર્મનો લોપ કરે છે. કહો. હેં? એને ખબર નથી કે શ્રાવકને સાધુનો આચાર જે વિકલ્પ છે એ તો સંસાર છે. આહાહા!

એમાં એમ કહે કે ભણાવો સાધુ ધરમને એ સાધુ છે શ્રાવક આવા છે, આવા છે (**શ્રોતા** : વાંધો જ ઇ છે) આહાહા! ક્યાં હતા? અરે ભાઇ! હમણાં એક મોટું ચોપાનિયું આવ્યું'તું. વાંચો વંચાવો, મંદિરમાં ચોડો, ચાર દિ' પછી આવ્યુ'તું પાંચમે દિ' સવારમાં. કોણ ન્યાં ગણતુ'તું? ન્યાં તો પાંચ પાંચ હજાર માણસ સવાર બપોરથી ક્યાંય માય નહિં એટલું ભાઇનું બહુ યુગલકિશોર, આપવા કાળે બોલતા કોઇ વખતે વીસ(૨૦) મિનીટથી વધારે નહિં, શાંત માણસ, બોલે તો ધારાવાહી (**શ્રોતા** : પાકા પંડિત) પાકો પંડિત હોંશિયાર . એક કોર હુકમચંદજી, એક કોર ઇ (યુગલકિશોર) અને શેઠ તરીકે જંબુભાઇ, એટલે બધી સરખાઇ કોટામાંથી . જંબુભાઇ તો પાછળથી બેસે, અરે ભાઇ! મોઢા આગળ આવોને? ત્યારે માંડ આવે મોઢા આગળ, એને પ્રેમ હતો. અરે આ વાતું ભાઇ!

મોક્ષનું કારણ આતમભાવના. આત્મામાં આત્માની ભાવના. સંસારનું કારણ શરીરમાં આત્માની ભાવના. રાગમાં શરીરમાં એ ભાવના એ સંસારનું કારણ. એ રાગ એ શરીર છે કાર્મણ શરીર છે. શરીરનું કારણ ને શરીરનું ફળ છે ઇ બધું ઇ સ્વભાવની અપેક્ષાએ. એ સંસારનું બીજડું છે કહે છે. ભવ મળે એનું બીજ દેહમાં આત્મબુદ્ધિ, કે જે દેહનો વિયોગ નહિં થાય એને જ્યાં જશે ત્યાં દેહ જ મળશે. આહાહા! અને મોક્ષનું બીજ પ્રભુ! આતમસ્વરૂપ જે પૂરણ શુદ્ધ ચૈતન્ય. એની દૃષ્ટિમાં આવ્યા પછી એમાં એકાગ્રતા આહાહા! એ મુક્તિનું કારણ છે. આ બે મોક્ષના કારણ એમ ન સિદ્ધ કર્યું. મોક્ષમાર્ગ બે છે એમ નથી સિદ્ધ કર્યું. આ તો આત્મામાં એકાગ્રતા, તે જ એક મોક્ષનું કારણ છે એમ કે સિદ્ધ કર્યું.

(**શ્રોતા** : નિશ્ચય ને વહેવાર બે કારણ) હેં? (**શ્રોતા** : નિશ્ચયને વહેવાર બે માર્ગ) હે ક્યાં વહેવારને ફહેવાર, એ તો નિમિત્તનું કથન છે. મોક્ષમાર્ગ તો એક જ છે. એ તો કથનની શૈલી કરતાં રાગ જોડે છે એને આરોપ કરીને વહેવારે સમકિત કહ્યું. સમકિત ક્યાં છે? એ તો રાગ છે. આહાહા! અભૂતાર્થ દૃષ્ટિથી વાત કરી છે. આહાહા! ભગવાન આત્મા મોક્ષ સ્વરૂપ જ છે. એ મોક્ષ સ્વરૂપને આશ્રયે જે ક્રિયા થાય અબંધની, એ ક્રિયા મોક્ષનું કારણ છે. અબંધસ્વરૂપ એવો ભગવાન આત્મા એને અબંધ તરીકે દૃષ્ટિમાં જ્યાં લીધો, ત્યાં એ દૃષ્ટિના પરિણામ પણ અબંધ થયા. આહાહા! અબંધ સ્વરૂપના શ્રદ્ધા જ્ઞાન થયા, એ પણ અબંધ પરિણામ થયા અને એ અબંધ પરિણામ પૂર્ણ અબંધ એટલે મુક્તિનું કારણ છે. આહાહા!

શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે. ને પ્રવચનસાર નથી આવ્યું એક ઠેકાણે નથી આવ્યું ? શરીરનું સંક્રમણ થાય છે એટલે બીજું મળે છે. આવે છે ને ? શરીર પોતે ઉદયનું, શરીરનું કામ થાય છે સંક્રમણ થાય છે ત્યાં, આવે છે એક પદમાં. હેં ? સંક્રાતિ - સંક્રાતિ પામે દેહની એ શરીર જ સંક્રાતિ પામે છે. આહાહા ! છે એ શ્લોક, હમણાં સજ્ઝાયમાં આવી ગયું હતું, શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી, અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે. અને પોતાના આત્મામાં જ પોતાનો આત્મા પાછો હોં ! આ પરનો એમ નહિં. નિજ સ્વરૂપમાં જ આત્મ બુદ્ધિ કરવાથી, અર્થાત્ આત્માને જ આત્મા માનવાથી મુક્તિ થાય છે. દેહનો સબંધ સર્વથા છૂટી જાય છે. દેહના સબંધ વિનાની આત્માના સબંધવાળી ભાવના એનો દેહનો સબંધ થતો નથી. આહાહા !

માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય, પુનર્ભવ કરવો ન પડે તે માટે જ્ઞાનીએ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આતમભાવના કરવી. બીજી માતા કરવી નથી જેને, એ તો ધર્મીજીવની વાત છે. જેને ધરમ સમજાણો છે જેને અનુભવ થયો છે, એ એમ કહે છે કે મારે બીજી માતા કરવી નથી. આજ છે આ ચુનીલાલનો દિકરો ગુજરી ગયો તો ને આજ દિવસ છે એનો, કામાણી ને ઇ ? (**શ્રોતા :** દામાણી) દામાણી યાદ રહ્યું છે. તે દિ’ ગયા’તા ને ત્યાં ઇસ્પિતાલમાં હતોને ? એને અકસ્માત થઇ ગયો તો ને ? અને બાબરાવાળા એ શું નામ નરભેરામ ! એની દિકરી છે ને ? એય બોલી હતી કે ફરીને મા કરીશ નહિં ભાઇ ! પણ એને ભાન કે દિ’ હતું. પણ આંહી કીધું હોયને ? એમ બોલી’તી નરભેરામની, ચુનીભાઇની દિકરી. એ તો આંહી નથીને, હમણાં અમદાવાદ છે. તે દિ’ ગ્યા’તા ને એને ઇસ્પિતાલમાં એને દર્શન કરવા ગ્યા’તા. એ બોલી’તી તે દિ’, ફરીને મા કરીશ નહિં દિકરા પણ ક્યાં એને ભાન છે ? ધરમ શું છે એની ખબર નથી. આહાહા ! ફરીને મા કોને ન હોય ? કોણ કહે ઇ ? આહાહા ! જેને આત્મા રાગથી ને શરીરથી ભિન્ન જાણ્યો છે, અને એમાં જેની લગની છે એ એમ કહે છે કે માતા ! એકવાર રોવું હોય તો રોઇ લે મા, ફરીને અવતાર નહિં કરીયે અમે. આહાહા ! ફરીને જણેતા અમે નહિં જણીયે. આહાહા ! એ આ એક ધ્રુવનું નાટક આવે છે ને ધ્રુવ ? ધ્રુવને પ્રહલાદ અવિચળ પદ આપ્યા.

એ વાતો છે ઇ ! એ ધ્રુવનું નાટક ન્યાં હતું ભાવનગરમાં. રાજકુમાર હતો ને એની મા મરી ગઇ હતી ને બાપ નવી પરણ્યો’તો. પછી આ પોતે બાવો સાધુ થયો’તો.

ઓલી હોય છે ને લાકડી આમ (પાવડી) પાવડી. ધ્યાનમાં બેસે ત્યાં, અપ્સરાઓ આવે છે એને ચળાવવા, રાજકુમાર છે ને ?નાટક આવ્યું'તું. અડસઠ-ઓગણસિત્તેરની (૬૮-૬૯) વાત છે. ભાવનગરમાં થિયેટર છે ન્યાં. પછી એ અપ્સરાઓ બહુ એને લલચાવે છે કે આ જો અમારા શરીર સુંદર આવા, અમારા મોઢા કેવા, અમારા પગ કેવા, અમારા શરીર કોમળ કેવા આ બધા, હે રાજકુમાર! જરીક ધ્યાન આપ, ધ્યાન આપ, અમારા તરફ ધ્યાન આપ અમે. પછી કહે છે માતા! દેવી! જો જનમ કરવો નહિં હોય તો તો કાંઈ નથી. એની એ શૈલી ત્યાં એમ, પણ જો જનમ લેવો હશે તો માતા તારી કૂખે લઈશ, બીજું તો છે નહિં હો! જો જન્મ કરવો હશે તો બા, મા, માતા તારે કુખે આવીશ. બીજી વાત નથી. ઓહો! આહાહા! તે દિ' આ માળા, પહેલા તો બધા વૈરાગ્યના નાટક હતા. ભલે એની દૃષ્ટિ પણ આ તો બધું ફિલ્મ, ફિલ્મ કરીને મારી નાંખ્યા છે. આહાહા! બજાર વચ્ચે અમદાવાદ ને મુંબઈ મોટા ફોટા, એ સ્ત્રી આમ જુવે છે ને આદમી આમ હાથ નાંખે છે ને અરે! આ સજ્જનતાના લખણ? આવા (**શ્રોતા :** સિનેમાના ખેલ) સિનેમાના ખેલ તે પણ કેવા ખરાબ આહાહા! સજ્જનને ન શોભે એવા તો બહાર ચિન્હ કરે આ, અને આ છોકરાએ એના, આજે આ રે બહુ ફેરફાર પડી ગયો. અનીતિના ધોરણ બહુ ઉતરી ગયા હેઠે.

આંહી તો જ્યાં લોકોત્તર નીતિ પ્રગટી જ્યાં આહાહા! એમ આવે છે ને જિનનીતિ અલંઘ્યમાનમ્ કળશમાં આવે છે ને ભાઈ પાછળ જિનનીતિ અલંઘ્યમાનમ્ આહાહા! જેને વીતરાગનો માર્ગ જે છે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રને જે ઓળંગતુ નથી એ નિશ્ચયથી મુક્તિ પામે છે. આહાહા! એને દેહ ધારવા હોતા નથી એને, અને કોઈ એકાદ દેહ હોય તો પણ એ જ્ઞાનનું જ્ઞેય તરીકે રહે છે, મારા તરીકે રહેતું (નથી). આહાહા! માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય પુનર્ભવ કરવો ન પડે, તે માટે જ્ઞાનીએ શરીરમાં આતમબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આતમભાવના કરવી એ યોગ્ય છે. આહાહા! આ ઓલા આંહી જોઈએ છીએને આપણે શેત્રુંજય? ચાર છ મહિને, આઠ મહિને છેલ્લે ગયા'તા, પરમદિવસે જાવું છે ત્યાં પછી ઓલા ન્યાં શેઠના ભાઈ છે ઓલા વનમાળી શેઠ હતાને? એના ભાઈ છે આવે ત્યાં આવે, મેં કીધું જુવો આ દયા દાન વ્રતાદિના ભાવ એ શુભ છે અને આ ભક્તિ પણ ત્યારે ઈ તો કહે, તો ઈ શુભનો બાપ છે એટલે સારો છે એમ.

જાત્રા બાત્રામાં આવવું હોય તો કહે, તમે પણ આવો છો એમ કહે, ઈ તો એમ કહે એનો ધરમનો બાપ છે. એ બિચારા! લોકોને એવું ઠસાવી દીધું છે ને? બહારની

ક્રિયાકાંડનો ભાવ જાત્રાનું ને આનું એ બધું ધરમ છે ને મોક્ષનું કારણ છે. અને શાસ્ત્રમાંય એમ આવે, વહેવાર ધરમની વાત કરે ત્યારે, ઈ વહેવાર ધરમ છે વહેવાર, વહેવાર ધરમ એટલે પુણ્ય અને પુણ્ય એટલે બંધનું કારણ. આહાહા !

## વિશેષ

જ્યાં સુધી દેહ પ્રધાન વિષયોમાં, આ આપણે ગાથા હમણાં આવી ગઈ છે પ્રવચનસારની એકસો પચાસ(૧૫૦) (ગાથા) જ્યાં સુધી દેહ પ્રધાન વિષયોમાં, (દેહ મુખ્ય છે જેને વિષયોમાં) મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે, નવા નવા પ્રાણ ધારણ કરે છે. આવી ગયું આપણે (પ્રવચનસાર) ૧૫૦ (ગાથા) બીજી એ ૧૫૧ (ગાથા) એય આવી ગઈ છે. જે ઈન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે, (તે કર્મો વડે રંજિત થતો નથી, તેને પ્રાણો કઈ રીતે અનુસરે ? અર્થાત્ તેને પ્રાણોનો સબંધ થાતો નથી.) શુદ્ધ સ્વભાવ જે ઉપયોગ સ્વરૂપ, ઉપયોગ સ્વરૂપ ત્રિકાળ હોં ! ત્રિકાળ શુદ્ધ ઉપયોગ તે જ આત્મા. શુદ્ધ ઉપયોગ પર્યાયની વાત નથી આ. શુદ્ધ ઉપયોગ ત્રિકાળ શુદ્ધ જ્ઞાન દર્શનનો ઉપયોગ તે ત્રિકાળ શુદ્ધ, એવા ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે. એવા આત્માનું ધ્યાન કરે છે એ પર્યાય છે.

ઉપયોગમાત્ર આત્મા એ દ્રવ્ય છે વસ્તુ, એને ધ્યાવે છે તે કર્મ વડે રંજિત થતો નથી, એ રાગ વડે ને કર્મ વડે રંગાતો (નથી). તેને પ્રાણો કઈ રીતે અનુસરે ? એ આવી ગયું આપણે. એને પ્રાણ કઈ રીતે પ્રાપ્ત થાય ? એ પ્રાણ રહિત જ થઈ જશે. આ દશ પ્રાણ છે એના રહિત થઈ જશે આહાહા ! અજ્ઞાની જીવ ઈષ્ટોપદેશ ! શ્લોક ૪૬ ઈષ્ટોપદેશનું છે. જે અજ્ઞાની જીવ શરીર આદિ પુદ્‌ગલ દ્રવ્યને અભિનંદે છે, તેને પોતાનું માને છે, શરીર અનુકૂળ હોય તો ધરમ થાય એ માનનારા શરીરને જ આત્મા માને છે. શરીરની નિરોગતા હોય તો હેં ? (**શ્રોતા** : પંડિતોની ચર્ચામાં પ્રશ્ન થયો હતો) છે ને ? શરીર નિરોગ હોય તો એનું આ થાય તેનું આ થાય, અરેરે ! (**શ્રોતા** : શરીર વિના ધરમ થાય ?) શરીર વિના જ ધરમ થાય, તેને પ્રાણો કઈ રીતે અનુસરે ? તેને પ્રાણોનો સબંધ કઈ રીતે થાય ? થતો જ નથી. આહાહા ! પુદ્‌ગલ દ્રવ્યને જે અભિનંદે ઈષ્ટઉપદેશમાં તેને પોતાનું માને છે તેમાં આત્મીય ભાવ કરે છે. ઈ સાધન છે એક, એમ જે માને છે એ શરીરને જ માને છે પોતાનું. તેમાં આત્મીય ભાવ તે જીવને સાથેનો એ સંયોગ સબંધ ચારેય ગતિઓમાં, તે જીવની સાથેનો સબંધ સંયોગ ચારે ગતિઓમાં તે પુદ્‌ગલ દ્રવ્ય છોડતું નથી. જેના ઉપર પ્રેમ છે તે ચીજ એને છોડતી (નથી) એટલે શરીરમાં રખડશે એમ

કહે છે. તો મુક્તિ પ્રાપ્તિનો હેતુ કોણ ? ગુરુ હશે ? ન્યાં લાવ્યા જો હવે. એવું બોલનાર પ્રત્યે કહે છે.

મુક્તિ પ્રાપ્તિનો હેતુ ગુરુ, ગુરુ મળે એટલે એની મુક્તિ થાય જ. (**શ્રોતા :** નિમિત્ત તો જોઈએ ને ?) એ આંહી નિમિત્તની વાતે ય નથી આંહી. આહાહા ! એ મુક્તિ પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે ? એવું બોલનાર પ્રત્યે કહે છે.

વિશેષ કહેશે..........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે તેમ સહજાત્મસ્વરૂપ એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા - દાન આદિ વિકલ્પો તે અંધકાર સમાન છે, તેને જ્ઞાનસૂર્યથી તદ્દન જુદાઈ છે. સહજાત્મસ્વરૂપ એટલે જે સ્વાભાવિક છે, અણકરાયેલ છે, અકૃત્રિમ છે એવા સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય ! કેવળીઓના વિરહ પડયા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યા નહિં, જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિં. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે, આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહાભાગ્યશાળી છે.**

**દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર ૫૯૧.**

# પ્રવચન – ૮૭

## શ્લોક – ૭૫ અને ૭૬

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૨.૦૭.૭૫

तर्हि मुक्तिप्राप्तिहेतु: कश्चिद्गुरुर्भविष्यतीति वदन्तं प्रत्याह -

नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च।
गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थत: ।।७५।।

જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ ।। ૭૫ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ......

**टीका** : जन्म संसारं नयति प्रापयति : कं ? आत्मानं। कोऽसौ ? आत्मैव देहादौ ढात्माभावनावशात्। निर्वाणमेव च आत्मानमात्मैव नयति स्वात्मन्येवात्मबुद्धिप्रकर्षसद्भावात् । यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः। नान्यो गुरुरस्ति परमार्थतः। व्यवहारेण तु यदि भवति तदा भवतु ।।७५।।

તો મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઇ ગુરુ હશે એવું બોલનાર પ્રતિ કહે છે

**અન્વયાર્થ** : (आत्मा एव) આત્મા જ (आत्मानं) આત્માને (जन्म निर्वाणम् एव च नयति) જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે-અર્થાત્ પ્રાપ્ત કરાવે છે; (तस्मात्) માટે (परमार्थतः) નિશ્ચયથી (आत्मनः गुरुः) આત્માનો ગુરુ (आत्म एव) આત્મા જ છે; (अन्यः न अस्ति) બીજો કોઇ નહિં.

**ટીકા** : જન્મ એટલે સંસાર પ્રતિ દોરે છે - પ્રાપ્ત કરાવે છે. કોને ? આત્માને. કોણ તે ? દેહાદિમાં દઢ આત્મભાવનાવશ આત્મા જ (જન્મ પ્રાપ્ત કરાવે છે); અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્ભાવથી આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઇ જાય છે, કારણ કે વાસ્તવમાં આત્મા આત્માનો ગુરુ છે; પરમાર્થે બીજો કોઇ ગુરુ નથી. વહેવારે તે હોય તો ભલે હો.

**ભાવાર્થ** : જે આત્મા દેહાદિમાં દઢ આત્મબુદ્ધિ કરે છે તે જન્મ-મરણરૂપ સંસારમાં ભ્રમણ કરે છે - અર્થાત્ આત્મા જ પોતાના આત્માને સ્વ-અપરાધથી સંસારમાં રખડાવે છે, અને તે જ આત્મા જો પોતાના આત્મામાં જ દઢ આત્મબુદ્ધિ કરે, તો તે સંસારભ્રમણથી મુક્ત થાય છે - નિર્વાણ પામે છે - અર્થાત્ આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે; તેથી પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઇ ગુરુ નથી.

## વિશેષ

અહીં આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી જ પોતાના આત્માનું હિત-અહિત કરે છે. તેમાં કર્મ કે પર પદાર્થો અહેતુવત્ છે અકિંચિત્કર છે.

જ્યાં સુધી જીવ પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી અંતરંગ રાગાદિ શત્રુઓ અર્થાત્ કષાયપરિણતિ પર વિજય પ્રાપ્ત કરી સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે અને જન્મમરણનાં અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે, પરંતુ જ્યારે તે આત્મસ્વરૂપનું બરાબર જ્ઞાન કરી સ્વભાવ-સન્મુખ વિશેષ ઉગ્ર પુરુષાર્થ આદરે છે, ત્યારે ક્રમે ક્રમે રાગ-દ્વેષાદિ કષાય-ભાવોનો યા વિભાવ પરિણતિનો સ્વયં ત્યાગ થઇ જાય છે અને રાગાદિ ભાવથી સર્વથા મુક્ત થતાં

અર્થાત્ પરમ વીતરાગતા પ્રાપ્ત થતાં તે મોક્ષ પામે છે.

'આત્મા, પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે, અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન કરાવે છે અને સ્વયં કલ્યાણકારી આત્મ-સુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે, તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.[૧]

માટે આત્મા પરનું - નિમિત્તનું અવલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને, તો તે જન્મ-મરણનાં દુઃખોથી મુક્ત થઇ નિર્વાણ પામે.

---

# પ્રવચન – ૮૭

પંચોતેર(૭૫) ગાથા સમાધિતંત્ર મુક્તિ પ્રાપ્તિનો હેતુ કોઇ ગુરુ હશે ? એમ પૂછનાર પ્રત્યે જવાબ દેવાય છે.

**नयत्याय्मानमात्मैव जन्म निर्वाणमेव च।**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ।।७५।।**

**જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;**
**તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ ।। ૭૫ ।।**

**ટીકા** : જન્મ એટલે સંસાર પ્રત્યે નયન છે ને ? નયતિ, દોરી જાય છે આ. રખડવામાં સંસારમાં જીવ પોતે પોતાને કારણે દોરી જાય છે. (**શ્રોતા** : દોરવામાં કર્મનો ઉદય અનાદિનો છે ને) એ આંહી વાત જ નથી. (ભેદવિજ્ઞાન સિદ્ધા સિદ્ધા યેકિલ અકેચનમ્ તસેવ અભાવ તો બદ્ધા) એમ વાત લીધી છે. ભેદવિજ્ઞાનના અભાવને લઇને સંસારમાં પરિભ્રમણ કરે છે અને ભેદજ્ઞાનના સદ્ભાવથી જન્મ મરણ રહિત મુક્તિને પામે છે. એમાં કોઇ કરમ, આ નિમિત્ત છે ને આ ગુરુ એ આંહી તો બધુ ગુરુને કાઢી નાંખ્યા. ગુરુ વિના જ્ઞાન ન થાય એમ આવે છે ને ? શ્રીમદ્માંય એમ આવે છે, 'ઉપાદાનનું નામ લઇએ જે તજે નિમિત્ત, (લ્યો) પામે નહિં પરમાર્થને રહે ભ્રાંતિમાં સ્થિત'. એય ! એના બાપેયને તે શ્રીમદ્ ના ભગત હતા ને ? એ વાત એવી છે આ તો. આહાહા !

---

૧. स्वस्मिन् सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।
स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ।। ३४।। (ઇષ્ટોપદેશ - શ્લોક ૩૪)

જન્મ એટલે સંસાર. ચોરાશીના અવતારમાં રખડવું. એ પોતે જ સંસાર જન્મ પ્રાપ્ત કરાવે છે. કોણ ? કોને ? આત્માને ! કોણ ? કે દેહાદિમાં દઢ આત્મભાવનાવશ. આહાહા ! રાગ દેહાદિ મારા છે એવી માન્યતા વાળો જીવ જ સંસારમાં રખડે છે. એને કરમ રખડાવે છે એમ છે નહિં, આહાહા ! (**શ્રોતા** : ગોમ્મટસારમાં છે) એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનાવરણીય, એનો ક્ષયોપશમ થાય તો આ થાય. (**શ્રોતા** : અભાવ થાય તો જ્ઞાન થાય) એ તો એય બધા કહેતા'તા. હંસરાજભાઇ કહેતા ગઢડામાં એક દિ' ૮૧માં આવ્યા'તા. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો જ્ઞાનમાં આ ક્ષયોપશમ આવે. વર્ણીજી એમ કહેતા'તા કે જ્ઞાનાવરણીના કર્મનું નિમિત્તને કારણે હીનાધિક દશા જીવમાં હોય છે. આંહી તો ના પાડે છે. એય !

એય ! ભગવાન આત્મા ! 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા' એને કોઇ કરમ રખડાવે છે (**શ્રોતા** : કરમ બિચારે કૌન) આહાહા ! 'કરમ બિચારે કોન, ભૂલ મેરી અધિકાઇ'. એ વાત છે. આ નિમિત્તવાળાને જરીક કઠણ પડે એવું છે. આહાહા ! પોતાનો ભગવાન આનંદ સહજ સ્વભાવ સ્વરૂપ પ્રભુ, એને ભૂલીને રાગને શરીર (ને) તરફ દોરાયેલી બુદ્ધિ એ સંસારમાં રખડવાનું કારણ છે. (**શ્રોતા** : આ નવી શોધ કરી) નવી શોધ ? આ નવી શોધ છે એમ કે સોનગઢની એમ કહે છે. આ આ લખાણ કોનું છે આ ? આ સોનગઢનું છે આ લખાણ ? ઓલાએ લખ્યું છે, ભંવરલાલજી છે ને ભંવરલાલજી નહિં ? પદમપુરાણમાં. ભંવરલાલ નહિં ? પંડિત છે ને આ પુસ્તક કાઢે છે. એમ કહે સોનગઢનું નામ પડે ત્યાં લોકો ભડકે છે.

(**શ્રોતા** : લોકો ભડકતા નથી, સાંભળવા દોડી આવે છે) એણે તો અનુકૂળ સાટું લખ્યું છે. એ તો અનુકૂળ સાટું લખ્યું છે. એ તો હમણાં ત્યાં વ્યાખ્યાન આપ્યુ'તું ત્યાં, ઘણું માણસ હતું. આખી સભા ભરાયેલી હતી. અને જયપુરમાં વ્યાખ્યાન તો માણસ માય નહિં. મોટું મંદિર જબ્બર, માણસ માય નહિં. માણસ તો બહુ આવે. એમ કહે કે સોનગઢ છે એ નિશ્ચયની એકાંત વાત કરે છે. અને વહેવારથી પણ લાભ થાય, વહેવારથી નુકસાન થાય, ગુરુથી જ્ઞાન થાય, કર્મથી વિકાર થાય એમ કહેતા નથી અને અત્યારે તો બધા એમ કહે છે, આંહી કહે ના પાડે છે જુઓ. 'नयति आत्मनं आत्मएव जन्म' આ શબ્દ છે. આત્મા પોતાના સંસારને પોતે સંસારમાં પોતે દોરે છે. રખડવાનો ભાવ પોતે કરે છે. આહાહા કર્મથી થાય ? (**શ્રોતા** : પોતે પોતાનું નાક કાપે ?) હા. પોતે નાક કાપે છે પોતાનું આહાહા !

'नयति आत्मनं आत्मएव जन्म' આ શબ્દ છે. આત્મા પોતે જન્મ નામ

સંસાર, પરિભ્રમણ, એ આત્મા પોતે પોતાથી કરે છે. એને કોઈ કરમ કરાવે છે, નિમિત્ત ફિમિત્ત એની આંહી વાત છે નહિં. આહાહા! અને આત્મા જ જન્મ પ્રાપ્ત કરાવે છે. દેહાદિમાં દૃઢ આત્મભાવના વશ, રાગાદિ વિકલ્પ જે છે એને તાબે થયેલો આત્મા પોતે જ અજ્ઞાનથી સંસારમાં રખડે છે. આહાહા! અને પોતાના આત્મામાં આત્મબુદ્ધિના પ્રકષ્ટ સદ્ભાવથી, પોતાના છે ને શબ્દ? 'नयति आत्मएव निर्वाणमएव' એમ લેવું. મોક્ષ પણ પોતે જ આત્માનો પોતે જ કરે છે, એને કોઈ ગુરુથી મોક્ષ થાય એમ નથી. આહા! ભારે કામ ભાઈ! ગુરુ પરદ્રવ્ય છે એનાથી આત્માને લાભ થાય? (નહિં). પોતે, ભગવાન પોતે આત્મા પોતાનો ગુરુ છે. જે રાગથી ભિન્ન પડીને, ધ્રુવના અવલંબનમાં પોતે આવે છે ત્યારે ધ્રુવના આશ્રયે તેને મુક્તિ થાય છે. આહાહા! કહો ચેતનજી! આ કરમને લઈને સંસાર નહિં, ને ગુરુને લઈને ધરમ નહિં. એમ આ તો બેય વાત લીધી. આહાહા! એ વાત એને બેસવી કઠણ ભારે પડે. વસ્તુ તો આ છે આમ, આચાર્ય પોકાર કરે છે આંહી તો.

ચોખ્ખી વાત. કે સંસાર નામ ચોરાશીના અવતારમાં દોરી જાય છે જીવ એ પોતાના મિથ્યાત્વને કારણે. આહાહા! એને સંસારમાં લઈ જવાનું કોઈ બીજુ કારણ નથી. નયતિ છે ને? દોરી જાય, પ્રાપ્ત કરે. (**શ્રોતા :** બે કારણ છે?) બે કારણ, કારણ એક જ છે, વાસ્તવિક ઉપાદાન કારણ આ છે. આહાહા! અશુદ્ધ ઉપાદાન કારણ, વિકલ્પ છે શુભાશુભ ભાવરૂપ સંયોગી ભાવ છે ખરેખર એ પણ એક કાર્મણ શરીર જ છે. ભાવ કારણ કર્મભાવ. ભાવકર્મ છે ને ઈ? એને દૃઢપણે પોતાના છે એમ માનનારો સંસારમાં પોતે રખડે છે. આહાહા! સમજાણું કાંઈ? અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ પ્રકર્ષ સદ્ભાવથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, નિર્મળાનંદ પ્રભુ, એવો અનુભવ કરીને આત્મા પોતે પોતાના ધ્રુવને આશ્રયે મુક્તિ કરે છે. ગુરુને આશ્રયે મુક્તિ કરે છે ને, લ્યો. (**શ્રોતા :** એ તો નિમિત્તથી વાત ને કથન કોનો આશ્રય લે?)

ઓલું સાંભળ્યુ'તું શ્રુત કહેવું છે ને? એ અપેક્ષાથી વાત છે જ્યારે એ આવ્યા'તા ને એક ફેરી બોલતા'તા ને? ઓલા નરોત્તમદાસ, જેસંગભાઈના જમાઈ, આંહી મીલમાં રહેતા ને ભાવનગર. તે એક ફેરી આવ્યા'તા આંહી. આમ નિમિત્ત ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત એ કહેતા'તા. પણ ઉપાદાનનું નામ લઈને તજે નિમિત્ત એની વાત છે કે નહિં? પણ ઉપાદાનનો ભાવ લઈને નિમિત્ત ન તજે એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા! પોતે ભગવાન આત્મા, શદ્ધ ચિદ્ઘન રાગની ક્રિયા વિનાનો, અને નિશ્ચયથી તો એના સ્વભાવમાં પર્યાયની ક્રિયા વિનાનો ચીજ, એવો નિષ્ક્રિય તત્ત્વમાં જે દોરાય છે

આહાહા! રાગને પોતાનો માનનાર સંસારને પામે છે, અને નિષ્ક્રિય એવો ભગવાન આત્મા ધ્રુવ એને અવલંબનનારો મુક્તિને પામે છે. કોઇ ગુરુને અવલંબે આ થાય છે.

કહો આ દેરાસરને, મંદિરને, ભગવાનની પ્રતિમાને અવલંબે ધરમ થાય એમ ના પાડી આંહી તો. (**શ્રોતા** : હવે વાંધો નહિં) હેં ? હવે થઇ ગયા એમ કે આ બધું. મંદિર થઇ ગયું, માનસ્તંભ થઇ ગયું, સમોશરણ થઇ ગયું, આ થઇ ગયું, પણ થયું ન થયું એ તો એ તો એને કારણે થયું છે. એ રામજીભાઇએ ધ્યાન રાખ્યું છે માટે થયું છે ? એય રતીભાઇ ! (**શ્રોતા** : એમણે ધ્યાન રાખ્યું માટે નથી થયું, વજુભાઇએ ધ્યાન રાખ્યું માટે થયું છે) કોઇનું ધ્યાન રાખ્યે થયું નથી. ન્યાં એ આ એણે કર્યું છે ને એ ? માનસ્તંભનું છે ને, ઘીયાનું માનસ્તંભ છે ને સમોશરણ એનું છે ને ઓલ્યું મુળજીભાઇનું. બહારથી કહેવાય નિમિત્તથી. આ હમણાં હતું એ માનસ્તંભનું હતું ને આ ? બાર મહિનાનું ત્યાં હતા તે'દિ. કોણ કરે ? આરે આરે ભારે વાતો ભાઇ ! પૈસા એમણે આપ્યા માટે એમણે માનસ્તંભ બનાવ્યો. આપે કોણ ને લે કોણ ? આંહી તો વસ્તુ કહે છે, બધી જુદી છે.

(**શ્રોતા** : માનવું કાંઇક ને બોલવું કાંઇક એમ કેમ મનાય ? (કહેની કુછ કરની કુછ) ભઇ કહે રતિભાઇનું મુખ્યપણું છે બધુ લ્યો બધામાં ધ્યાન રાખે છે, મંત્રી છે. રામજીભાઇ તો આંહી બેઠા છે નામ ન્યાં બધા આપે એને. પણ એ કહે છે કે એ પરનું રતિભાઇએ કરતા નથી. એ સમોશરણ ને માનસ્તંભ ને ઇ, કેટલા ? સાડાસાત લાખ રૂપિયાનું બધું એટલાનું બનાવ્યું છે લ્યો. મંદિર, સમોશરણ ઓલ્યું શું કહેવાય હોલ, હા ન્યાં તો ભાઇનું નામ છે ને મોહનભાઇ ધીયા. એ સિવાય ઓલું ઓલી કોર શું કહેવાય ઇ ? હોલ પાછળ ધરમશાળા. એ બધું રતિભાઇએ કર્યું છે. ધ્યાન નથી રાખતા તમે બધા. આરે આ ! (**શ્રોતા** : બોલાય કાંઇક માનવું કાંઇક) એ તો ત્યાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત અકિંચિત્કર છે એ લોકોને આકરું પડે છે.

(**શ્રોતા** : નિશ્ચયે અકિંચિત્કર, વહેવારે કિંચિત્કર) વહેવારે કિંચિત્કર એનો અર્થ એ જૂઠી દષ્ટિથી કિંચિત્કર એમ. જૂઠી દષ્ટિથી કિંચિત્કર, સાચી દષ્ટિથી અકિંચિત્કર. આહાહા ! (**શ્રોતા** : લોકવાર્તિકમાં કિંચિત્કર કહ્યું છે) એ તો લોકો ભાષામાં બોલે કથન એમાં એ વસ્તુ ક્યાં આવી ? આ જુઓને એ કહેશે. ન્યાંય આવે છે ને બંધ અધિકારમાં નહિં ? અકિંચિત્કર ટીકામાં છે. આહાહા ! જે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલે છે, વાસ્તવિક પદાર્થની દષ્ટિ જેને નથી અને વિપરીત દષ્ટિમાં જે રોકાય છે એ પોતે રોકાય છે. એને કારણે એને નયતિ સંસારની પ્રાપ્ત થાય છે. આહાહા ! નિગોદની પ્રાપ્તિ

પણ એના પોતાના કારણે એમ કહે છે. કેટલાક કહે છે કે નિગોદ સુધી તો કરમનું જોર ખરું. ત્યાં કરમ પછી જ્યારે પંચેન્દ્રિય થાય, ક્ષયોપશમ થાય ત્યારે એને પુરુષાર્થથી ત્યાં થાય નહિંતર કરમનું જોર ત્યાં સુધી તો ખરું એકેન્દ્રિય જ્યાં સુધી હોય. આંહી તો ના જ પાડે છે.

એ કાંતિભાઇ! કહે છે પ્રભુ તું ડાકલી આમ વગાડ તો તું રખડ ને આમ વગાડ તો મુક્તિ થાય આ વાત છે. આત્મા પોતાના વિભાવ ભાવને પોતાનો માને એ ડાકલી પર ઉપર વગાડી તે સંસારમાં જાય. અને આત્માના આનંદ તરફ ડાકલી વગાડે તો મુક્તિને પામે આમ વાત છે. પરને કારણે કાંઇ છે નહિં, આહાહા! એવી જેને સ્વતંત્રતાની હજી ખબર નથી એની શ્રદ્ધામાં ઠેકાણા શું હોય એને? આહાહા! કહે છે. પુસ્તક છે શાંતિભાઇ? નહિં હોય. આ જોડે છે છોટુભાઇ પાસે. આહાહા! ભારે ગાથા. સમાધિ પામે તોય પોતાને કારણે, અને અસમાધિ થાય તોય પોતાને કારણે. આહાહા! સમાધિતંત્રનો અધિકાર છે ને? ઓહોહો! પોતાના આત્મામાં જ આત્મા પોતે એટલે આનંદ સ્વરૂપ ભગવાન. રાગની વિકલ્પની ક્રિયા વિનાનો પ્રભુ એવો પોતે પોતાને જાણે ને અનુભવે. એમાં કોઇ નિમિત્તની કોઇ જરૂર છે (નહિં). આહાહા! ગુરુની કૃપાથી સમકિત છે લ્યો એવું આવે છે.

(**શ્રોતા** : કર્મના અભાવમાં નિમિત્તની જરૂર છે) કોઇમાં નિમિત્તની જરૂર નથી. અભાવ પણ પુરુષાર્થથી સ્વભાવનો આશ્રય લે ત્યારે કર્મનું એને કારણે એ અકર્મ રૂપે પરિણમી જાય છે. એ પણ અકર્મ રૂપે પરિણમનમાં આ મોક્ષની પર્યાય પ્રગટ કરી માટે એમ થયું એમ નથી. આહાહા! પરની અપેક્ષા રાખ્યા વિના કર્મની પર્યાય અકર્મ રૂપે થઇ. આહાહા! (**શ્રોતા** : આ તો સોનગઢનું છે) સોનગઢનું છે કોનું છે? એય રમેશભાઇ! આ રમેશભાઇ બહાર બહુ જાય છે ત્યાં, વાંચે છે બહુ ત્યાં, એક બાઇએ તો આંહી રહો એમ પાસ કર્યા'તા, કયા ગામ ઇટાવા, ઇટાવાને ભાઇ કયું? ઇટાવા. આઠ લાખ રૂપિયાની મૂડી હતી બધી મકાન બકાન. ભાઇ જાય છે ને આપણા તરફથી ત્યાં રેકોર્ડો લઇને, એ ખુશી થયા હતા. ભાઇ! તું મારે ત્યાં રહે, તુ મારો દિકરો ને હું તારી મા. આ બધી આઠ લાખની પૂંજી એ તારી આંહી રહે. આ કહે કે ના આંહી રહુ નહિં હું, મારે તો, પણ ત્યાં રહેવું એનો અર્થ શું? આઠ લાખની પૈસા મળે માટે રહેવું ત્યાં? આહાહા!

આંહી તો કહે છે પ્રભુ તને જે સંસારનું જન્મ મરણ નિગોદને ચારગતિના ભવ સિંધુ. ઓહોહો! ભવનો મોટો સિંધુ દરિયો પરિભ્રમણનો, એમાં તું તારી મેળાએ રખડે છો. આહાહા! ભવના અભાવ સ્વભાવ સ્વરૂપ પ્રભુ! એનો આશ્રય ન લેતાં

ભવના કારણરૂપ રાગાદિભાવ એનો આશ્રય લઈને તું સંસારને પ્રાપ્ત કરે છે. આહાહા! આ દિગંબર સંતોની આવી વાણી છે. સમજાણું કાંઈ? સનાતન વીતરાગ જૈન ધરમ કહો તો આ છે. આહાહા! મુનિ પંચમઆરાના, પૂજ્યપાદ સ્વામી લ્યો. હેં? ગુરુ વિના જ્ઞાન નહિં ને ગુરુથીયે જ્ઞાન નહિં. એમ કહો કે આંહી તો ગુરુ વિના જ જ્ઞાન થાય છે એમ કહે છે. એ તો નિમિત્તપણું સિધ્ધ કરવું હોય, દેશના લબ્ધિ લ્યો, દેશના લબ્ધિ પામ્યા વિના સમકિત થાય? એય! પણ એ એના વિના જ પામે છે ઈ.

લક્ષમાં આવ્યું કે આ ભગવાને શુધ્ધાત્મ તત્ત્વ ઉપદેશ આપ્યો. આહાહા! ગુરુએ એમ કહ્યું શુધ્ધાત્મ તત્ત્વ કહ્યું ને? કુંદકુંદ આચાર્ય, અમારા ગુરુએ અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો છે. એમાંથી અમારો વૈભવનો જનમ છે. ઠીક, એય ભાઈએ લખ્યું છે. હિંમતભાઈએ લખ્યું છે ને આ બધું. રાજેશ નહિં? આહાહા! ગર્જના તો સિંહની જેમ આત્મા અંદર પોકારીને કરે. અરે! હું તો પૂર્ણાનંદનો નાથ છું. મારામાં અલ્પજ્ઞતા નથી ને રાગ ને સંસાર તો ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? સિંહની ગર્જના જેમ સાંભળીને હરણના ટોળા ભાગે, એમ આત્માની ગર્જના સાંભળતા અશુદ્ધતા ક્યાંય હાલી જાય અંદરથી. આહાહા! સમજાણું કાંઈ?

એ સિંહ જેવો ભગવાન, અનંત શક્તિના સામર્થ્યવાળો પ્રભુ એનો એને વિશ્વાસ આવતો નથી. આવો હું હોઈશ? આવો, આવડો મોટો? અરે એવડો મોટો તે કેવડો? સિદ્ધની પર્યાય પાસે દ્રવ્યનું જ્યાં સિદ્ધની પર્યાયની પણ જ્યાં કિંમત નથી, આહાહા! હેં? પર્યાયની કિંમત સિદ્ધની પર્યાય એ તો એક સમયની દશા છે. આ તો ત્રણલોકનો નાથ, અનંતી સિદ્ધની પર્યાય જેને અંદરમાં પેઠી છે એક સમયમાં. આહાહા! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું જાણનાર, માનનાર, ઠરનાર કોણ? એ તો પોતે છે. એ તો પોતે ગુરુ થયો. આહાહા! એકાંત છે એમ માને, પણ બાપુ! સમ્યક્ એકાંત એ જ વસ્તુ છે. આહાહા! આત્મા નિત્ય છે, સર્વથા, ત્યારે એમ કહે કે આત્મા દ્રવ્યે નિત્ય પણ છે અને અનિત્ય પણ છે? હેં? એમ આત્મા પોતાને આશ્રયે સર્વથા મુક્તિ કરે છે. આહાહા! અરે એને ક્યાં શ્રદ્ધામાં બેસે આ તે કોણ છે પ્રભુ અંદર? આહાહા! શાસ્ત્રનું શ્રવણ કરું તો તેનો ખ્યાલ આવે.

એય છોટાભાઈ! છોટાભાઈ શાસ્ત્ર સાંભળે તો ખ્યાલ આવે ને? ઈ આંહી ના પાડે છે લ્યો. એ વહેવારથી તો એમ કહેવાય 'લક્ષ થવાને તેહનું કહ્યાં શાસ્ત્ર સુખદાય' આવે છે ને? પણ લક્ષ કર્યું કોણે? પૂરણ સ્વરૂપ ભગવાન એની પ્રતીતિ એના જ્ઞેયની જ્ઞાનની પર્યાયમાં એ આખો આવો આત્મા બેસે, એ પુરુષાર્થથી બેસે છે. એ કોઈ ગુરુથી

બેસે છે, ને ગુરુની કૃપાથી થાય છે, આહાહા! એ આત્માની કૃપાથી થાય છે. આહા! કરુણાસાગર પરમાત્મા પોતે આત્મા એનો અંતર આશ્રય લઈને મુક્તિ થાય છે એમાં ગુરુથી થાય છે એ વાત છે નહિં. કહો સમજાણું કાંઈ ? તો પછી આ તમે ઉપદેશ બુપદેશ ન્યાં બધી, ભાઈ સાંભળ ભાઈ! ઉપદેશને કારણે, વાણીને કારણે, જોગમાં વાણી હોય અને એની યોગ્યતા પ્રમાણે એની જીજ્ઞાસાના ભાવમાં એ સાંભળવા મળે, પણ મળે માટે ત્યાં જ્ઞાન થાય ? આહાહા! (એમ નથી) સમજાણું કાંઈ ?

નિરાલંબન એવો આત્મદેહ ભાઈએ લખ્યું છે નહિં ? સમોશરણ. એવો ભગવાન આમ અદ્ધર બિરાજે છે, એમ આંહી પણ ભગવાન કોઈ ક્ષેત્રને કોઈ રાગને આધારે બિરાજે છે એમ છે નહિં. આહાહા! એ આત્મા પોતે આત્માને જ, આત્મામાં જ, આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્‌ભાવથી ટીકામાં છે ખરુંને ? 'સ્વઆત્મએવ આત્મબુદ્ધિ પ્રકર્ષ વિશેષે', પોતામાં બુદ્ધિ પુરુષાર્થથી. મારો સ્વામી પૂર્ણાનંદનો નાથ એને જેણે સ્વીકાર્યો આહા! હે નાથ! તારજે. એ વાણીમાં સામું આવ્યું કે હે નાથ તું એ તારજે, તું તારજે એમ આવ્યું. એમાં સામો અવાજ ધ્વનિ એમ આવ્યો. આહા! ઓલામાં લખ્યું છે ઓલું પુસ્તક નહિં ? કલકત્તાનું. દિલીપનું. ભગવાન તું, કહેનાર તું એવું મોઢા આગળ બે શબ્દ છે, મોઢા આગળ ચોપડીમાં છે. પુસ્તક મિલા હે ? કલકત્તાનું. મળ્યું ભાઈ ? મળ્યું ? ક્યાંથી ? કલકત્તાનું ? આ છોકરાઓએ હમણાં છપાવ્યું છે, દિલીપ ને ઈ. ક્યાં મળ્યું ? (**શ્રોતા :** ત્યાંથી હારે લઈ આવ્યા) એમાં ઠીક લ્યો એવો મોઢા આગળ શબ્દ છે.

એય શાંતિભાઈ! પુસ્તક મળ્યું તમને ? લઈ જાજો આંહીથી. છોકરાઓએ બનાવ્યું, દિલીપ, દિલીપ આ જાદવજીભાઈનો પૌત્ર. એના દિકરા જેંતિભાઈ આવ્યા છે ? ગ્યા ? છે ? આ જેંતિભાઈ એનો પુત્ર એ એનો ગુરુ છે ઈ. (**શ્રોતા :** અહીંયા તો આપ ના પાડો છો) એ જેંતિભાઈ! એના બાપનો ને એના દાદાનો ગુરુ છે ઈ. એને સમજવા સાટું બેસે છે ન્યાં એની પાસે બેસે કે નહિં, જેંતિભાઈ બેસે છે કે નહિં વાંચે ત્યારે ? એ નિમિત્ત હોય, પણ એ સમજે છે ત્યારે જીવ પોતાથી સમજે છે પરથી સમજતો નથી. આહાહા! આવી સત્ય વાતને લોકો એકાંત માની લે છે. પણ એ સમ્યક્ એકાંત જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ ? આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ, પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને આશ્રયે થાય ? ગુરુ આશ્રયે થાય ? નિમિત્ત રાગ કે આશ્રયે થાય ? આહાહા! અરે! પર્યાયને આશ્રયે થાય ? આહાહા!

પૂરણ આનંદનો નાથ પ્રભુ અનંત શક્તિનો સાગર જેની પરમાત્મદશાની

વાત શું વસ્તુની ? એનો જેણે આશ્રય, પોતે પોતાનો આશ્રય કર્યો આહાહા ! ત્યારે તે મુક્તિનું કારણ પોતે થયો. ગુરુ નહિં તો પછી કર્મનો અભાવ કારણ થાય એય રહ્યું નહિં આંહી તો. આહાહા ! (**શ્રોતા** : કુંદકુંદ આચાર્યને ગુરુ હતા એ આપે હમણા કહ્યું) એ ભાષા કહે છે ને ? કીધું તો ખરું એ, પણ ઈ નિમિત્તથી કથન છે. શદ્ધાત્મા તત્ત્વનો અમને ગુરુએ ઉપદેશ આપ્યો, એનાથી અમારો નિજ વૈભવ પ્રગટયો છે. એ તો નિમિત્ત કોણ હતું ? એ જણાવ્યું છે. એ જ ગુરુ આ સમાધિશતકના કર્તા ગુરુ એ જ જાતના છે. જેવા કુંદકુંદ આચાર્ય હતા એવા યોગીન્દ્ર દેવ છે, પૂજ્યપાદ સ્વામી છે. આહાહા ! એ તો કોઈપણ મુનિ છે એ કુંદકુંદ આચાર્યની નાતના છે બધા, સાચા સંત દિગંબર સંત હોં. આહા ! એવી વાત સત્ સંતની.

ભવનો અંત કરનાર પ્રભુ તું પોતે છો કહે છે આહાહા ! કેમ કે જેમાં ભવ ને ભવના ભાવનો જેમાં અભાવ, એવા સદ્ભાવનો જેણે આશ્રય લીધો. આહાહા ! ભવ નરક આદિ અને એનો કારણ ભાવ, એ ભાવ વિનાની ચીજ જે છે એવો ભગવાન પૂરણ શુદ્ધ સ્વરૂપ, એનો જેણે આશ્રય લીધો એ તો પોતે લીધો પોતાનો. આહાહા ! એને મુક્તિ નયન નામ પામે છે. એ મુક્તિને પામે છે. આહાહા ! નયન શબ્દ છે ને ? દોરે છે, પ્રાપ્ત કરે છે, પામે છે. નયનનો અર્થ. નિ ધાતુ લ્યો ને આંહી આપણે ! નિ ભાઈ છે ને ? નિ ધાતુ એમાંથી આ નયન દોરે છે, પામે છે, લઈ જાય છે, પોતાની પૂરણ મુક્તિની પર્યાય તરફ આત્મા લઈ જાય છે, એને કોઈ રાગ લઈ જાય છે કે ગુરુ લઈ જાય છે એમ છે નહિં. આહાહા ! અરે આવું સ્વયંસિદ્ધ સ્વતંત્ર જેને કોઈ મુક્તિને માટે પરની અપેક્ષા નથી. અરે જેને સંસારના મિથ્યાત્વભાવને માટે પણ પરની અપેક્ષા નથી. આહાહા ! આહાહા !

એક કાર્યના બે કારણ હોયને ? તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ કહ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન, પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. નિશ્ચયથી તો આત્મા પોતે જ પોતાને કારણે એક જ કારણે મુક્તિ પામે, બીજું કારણ છે જ નહિં. આહાહા ! અરે એવી એને દઢતા બેસવી જોઈએને પહેલી ! એ દઢતા ઈ બેસાડે કે દઢતા કોઈ બીજો બેસાડે ? હેં ? આહાહા ! (**શ્રોતા** : એક ગુરુ સિવાય બીજો કોઈ નહિં) આંહી તો ગુરુનીય ના છે પાઠમાં જુઓ 'ન અન્યો અસ્તિ પરમાર્થ ગુરુ' લ્યો. પરમાર્થે બીજો ગુરુ છે નહિં કોઈ, તું તારો ગુરુ છો. આહાહા ! ભાઈ ! ઓલામાં આવે છે ને ? 'નિશ્ચયવાણી સાંભળી સાધન તજવા નોય, નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય'. એ કોણ, સાધન ક્યા એ ઈ ? આહા ! એ બધી વહેવારની વાતું છે. શ્રીમદ્માં આવે છે ને કયું સાધન ભાઈ ? રાગનું સાધન ? વિકલ્પનું

સાધન ? ગુરુનું સાધન ? શાસ્ત્રનું સાધન ? આહાહા ! એ કોઈ સાધન છે જ નહિં.

ભગવાન પૂરણ શુદ્ધ સ્વરૂપ, અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો, એવા અનંત ગુણથી ભરેલો પદાર્થ એવો આત્મા એ આત્માને આહાહા ! એવા આત્માને, આત્મા એવા આત્માને પોતાની નિર્મળ પર્યાય દ્વારા તેને પહોંચે છે, એ મોક્ષને પહોંચે છે. આવું છે ભાઈ ! વહેવારના સ્થાનમાં વહેવાર હો, પણ એનાથી કંઈ નિશ્ચય પામે છે એમ નથી. આહાહા ! ભલે હો, કહે છે ને કહેશે ને ? 'વ્યવહારેણ તુ યદિ ભવતિ તદા ભવતુ' હો, વહેવાર એથી કોને શું ? એથી કરીને એનાથી પામ્યો છે એમ છે નહિં. આહાહા ! પોતે પોતાનો ગુરુ થઈને પોતે પોતાને તારે છે, ત્યારે એને બાહ્યથી ગુરુ એને વહેવાર નિમિત્ત કહેવાય છે. આહાહા ! નિમિત્તને તો અકિંચિત કરી નાંખ્યું (શ્રોતા...) ત્યારે નિમિત્ત કહેવાય. કાંઈ કરે તો નિમિત્ત કહેવાય ક્યાંથી ? આહાહા !

આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઈ જાય છે. નયતિ છે ને ? દોરી જાય છે. આહાહા ! પૂર્ણાનંદનો આશ્રય લઈને પોતે જ પોતાને આત્મા પૂરણ પર્યાયની પ્રાપ્તિને પામે છે. આહાહા ! એમાં કોઈ વિકલ્પને ગુરુને શાસ્ત્ર તે બધા અકિંચિત્કર છે. આહાહા ! વહેવાર મોક્ષનો મારગ પણ સ્વના આશ્રયવાળાને અકિંચિત્કર છે. જેઠાભાઈ ! બહુ મારગ આવો આ. હવે ઓલા કહે કરમને લઈને વિકાર થાય એમ માનો તો ચર્ચા કરીએ જેઠાભાઈ હારે. આંહી તો ના પાડે છે. હેં ? બધાય ઘણાં એમ જ કહે છે. વર્ણીજીય એમ કહેતા'તા ને ? આત્મામાં જ્ઞાનની હીનાધિકતા એ જ્ઞાનાવરણીયના કારણે થાય, એકલી ન થાય એમ કહેતા'તા.

ચેતનજી ! એની ખબર છે કે નહિં ? એને એ મળ્યું નહોતું ને, મળ્યું નહોતું એ વાત મળી નહોતીને ! આહાહા ! આત્માને વિકાર તે કરમ વિના ન થાય. આંહી કહે છે કરમ વિના પોતાને કારણે વિકાર થાય. આહાહા ! એમ મનુષ્યપણું ને સંઘયણ વજ્રનારાચ સંઘયણને સંસ્થાન એ હોયતો આંહી કેવળ પામે એમ નથી એમ ના પાડે છે આંહી. આહાહા ! એ મુક્તિને પામવાને માટે પોતાનો આશ્રય પોતે કરે ત્યારે મુક્તિ પામે છે. પરનું નિમિત્તપણું એમાં અકિંચિત્કર છે. આહાહા ! એ વાત બેસવી જોઈએ અંદર હોં ! કારણકે વાસ્તવમાં આત્મા, આત્માનો ગુરુ છે પરમાર્થે બીજો કોઈ ગુરુ નથી. ટીકા પ્રમાણે અર્થ કર્યો છે. વહેવારે તે હોય તો ભલે હો વહેવારે કહેવામાં આવે. નિમિત્ત હો. આહાહા ! એ તો એનો અર્થ કે કાંઈ કર્યું નહિં એણે. આહાહા !

**ભાવાર્થ :** જે આત્મા દેહાદિ રાગાદિમાં દઢ આત્મબુદ્ધિ કરે છે, જે એના સ્વભાવમાં નથી એવા ભાવને દઢ બુદ્ધિએ પોતે કરે છે. આહાહા! જે ભગવાન આત્મા શુદ્ધ સિદ્ધ સમાન પ્રભુ એમાં રાગ ને ભવનો અભાવ છે. એવા ભાવને જેમાં નથી એને પોતાની આત્મબુદ્ધિએ માને. ભઈ! શરીર નિરોગ હોય તો કામ ચાલે. નિરોગ હોય તો મનમાં સ્ફૂરણા રહે ને મનમાં સ્ફૂરણા થાય તો અંદર આત્મા તરફ વળવાનો પ્રયત્ન કરે. એ આંહી ના પાડે છે. આહાહા! નારકીનો જીવ હોય છે ને એનું શરીર પરમાધામી લોઢાના સળિયાથી આમ બાંધે આમ, માથું ને પગને બધું ભેગુ કરીને કચરડીને લોઢાના ધગધગતા સળિયા કરીને બાંધે, આહાહા! કહે છે પણ એમાં એને સમકિત પામવાને એ કોઇ બિલકુલ નડતર કરતા નથી એમાં. આહાહા!

અંદરમાં પર્યાયને દોરે છે એ પોતે દોરે છે અંદર. એમાં બહારના આ બધા કચ્ચરઘાણ આમ બધા આંખ્યો ફોડી નાંખી હોય, કાનમાં ખીલા નાંખ્યા હોય, અને આખુ શરીરને માથુ આમ જેમ લૂગડાનો દડો કરીને બાંધે એમ દડો કરે આહાહા! પણ એ તો દેહની દશા, ભગવાન આત્માતો એ દશાથી પાર ભિન્ન છે. પછી એવી દશામાં સમકિત ન પામે, અને નિરોગ શરીર ને મજબૂત શરીર હોય અંદર એવી દશાથી, કેવળ પામે એમ નથી. આહાહા! ખાવા પીવાના સાધન સરખા હોય, દિકરો રળતો હોય, પોતાને નિવૃત્તિ એટલું હોય તો નિવૃત્તિ લઇ શકે ને? હેં? આ બે જણા તમે છો તો પૈસા કાંઇક છે તો, પૈસા છે તો નિવૃત્તિ લીધી, નહિં તો નિવૃત્તિ લેવાય? રળવું પડે તો? દોડવું પડે તો? આહાહા!

અંતરમાં નિવૃત્તિ લેવા માટે પરની કોઇ અપેક્ષા છે નહિં એમ કહે છે આંહી. અને અંતરમાં ઢળવા માટે બહારની અનુકૂળતા હોય તો એ અંદર ઢળી શકે છે, હેં? આહાહા! એની હારે સંબંધ શું છે કહે છે, એ વાત સાંભળવા પણ મળવી કઠણ પડે એમ છે. હેં? (**શ્રોતા :** એમ જ છે) ઓશિયાળો થઇ ગયો છે ને અનાદિનો! કાર્ય નિમિત્ત વિના થાય એકલા ઉપાદાનથી? એમ રાડું પાડે છે માણસો લ્યો. એ ઓલ્યો એમ કહેતો'તો, હેં? (**શ્રોતા :** આપ ક્યાં કોઇની વાત સાંભળો છો) એ આત્મા કોઇની વાત સાંભળતો નથી. એ કહે છે કે બીજાને સંભળાવે છે પણ સાંભળતા નથી માળું કૈલાસચંદજી એમ કહે છે. કૈલાસચંદજી છે ને? આ બધું આંહી કીધું પણ સાંભળ્યું કાંઇ અમારું કાંઇ ગણ્યું જ નહિં. કહે એ તો એની પોતાની જ વાત દીધે રાખે છે. હેં? કહ્યું'તુંને? છાપામાં આવ્યું છે હમણાં છાપામાં આવ્યું છે. એ બધાને સંભળાવે છે પણ સાંભળતા નથી કોઇનું. એ સંભળાવતાય નથી ને સાંભળતાય નથી. સાંભળને! હેં? આહાહા!

ખુલાસો ભાઈએ સારો કર્યો છે છોટાભાઈએ. જે આત્મા દેહાદિમાં દઢ આત્મબુદ્ધિ કરે છે તે જન્મ મરણ રૂપ સંસારમાં ભ્રમણ કરે છે. અર્થાત્ આત્માજ પોતાના આત્માને, સ્વઅપરાધથી સંસારમાં રખડાવે છે. આહાહા! ૬૨ગાથામાં આવ્યું ને? પંચાસ્તિકાય એ વર્ણીજી હારે ચર્ચા થઈ'તી કે જો ભાઈ! આમાં તો આમ કહ્યું છે કે મિથ્યાત્વમાં રાગદ્વેષ કરવામાં કર્મના શું કીધું ઈ? કારક! કર્મના કારકની અપેક્ષા નથી. તેરની સાલ, અઢાર(૧૮) વરસ થયા. ત્યાં શું કહેવાય ઈ? મધુવન. શાંતિભાઈ હતા? શાંતિભાઈ હતા, આવ્યા હશે તે દિ'. આકરું, આકરું કામ ભાઈ. કે નહિં એ તો અભેદનું કથન છે, પણ અભેદનું કથન એટલે શું કીધું? પરની અપેક્ષા વિકાર કરવામાં બિલકુલ નથી. આહાહા! કહે હવે નહિંતો એટલા ભણેલા, બહારમાં પુણ્યશાળી માણસ, આબરૂ એ બાજુમાં તો બહુ પ્રસિદ્ધ હેં? બાપુ આ વાત નહિં બેઠેલી. કીધું વિકાર થાય છે એ પરની અપેક્ષા નહિં.

પાછું કહેવડાવ્યું ન્યાં કલકત્તે ગજરાજજીને ન્યાં આહાર હતો ગજરાજજી પાછળ. ગુજરી ગ્યા'ને આ ગજરાજજી, કલકત્તાના, ન્યાં આહાર હતો. આહાર હતો એમાં ભાઈ આવ્યા શેઠ શાહુજી, શાહુજી કાગળ લઈને આવ્યા, આહાર કરીને બેઠા ખુરશી લઈને. આમ આવ્યું છે કહે ખુલાસો કરો. વિકાર પરથી ન થાય તો સ્વભાવ થઈ જાય. કીધું બધા ઉત્તર આપ્યા છે ત્યાં, ઉઠો. શાહુજી હોય કે ફલાણા હોય અમારે શું છે? ચોખ્ખી વાત કરી'તી કે વિકારમાં પર કારકની અપેક્ષા નથી. સંસ્કૃત બાસઠ(૬૨) ગાથા-પંચાસ્તિકાય. મૂકી'તી ત્યાં ને ભાઈએ કહ્યુંને! ફૂલચંદજી, સ્વામીજી કહે છે કે નિશ્ચયમાં વિકાર કરવામાં પરની અપેક્ષા નથી. એ ચોખ્ખું મૂક્યું બહાર. એણે પકડયું'તું. એમ નિશ્ચયથી મોક્ષ થવામાં પરના કારણની બિલકુલ જરૂર નથી. આહાહા!

એ ઓલો આવ્યો'તોને એક પંડિત, નહિં ઓલો? વજ્રઋષભ નારાચ સંઘયણથી થાય નહિં આવ્યોતો ને એક પંડિત? કુચામણનો, આંહી આવ્યો'તોને એક ફેરી ઘણા વરસ પહેલા. મનુષ્યપણું પણ સંઘયણ વિના કેવળ થાય? આંહી કહે કે કરમના અભાવની પણ જેને કેવળ પામવામાં અપેક્ષા નથી. આહાહા! જ્ઞાનાવરણીનો અભાવ થાય તો કેવળ થાય એમ છે નહિં. આહાહા! હો. અભાવ તો એને કારણે એમાં આંહી શું છે? ભગવાન પોતે પોતાના આશ્રયમાં જ્યાં પડયો છે, આહાહા! નિર્વિકલ્પ આનંદ સ્વભાવમાં એ પોતે પડયો છે જ્યાં, ત્યાં કોઈની અપેક્ષા છે નહિં. આહાહા! એવું વસ્તુનું સ્વયંસિદ્ધ સ્વતંત્ર સ્વરૂપ જ છે. ભગવાને જેવું હતું એવું કહ્યું, એણે કંઈ કર્યું નથી, બનાવ્યું

નથી પરનું સ્વરૂપ ને ઇ તો જેવું હતું એવું જણાવ્યું. બાપુ! વિકાર કર તોય તારાથી, ને મોક્ષ કર તોય તારાથી. આંહી તો બેય વાત લીધી. આહાહા!

અસમાધિ ઉત્પન્ન કર સંસારમાં જવાની રખડવાની, આહાહા! તોય તારાથી અને સમાધિ પ્રગટ કર તોય તારાથી. એમાં કોઇ પરની અપેક્ષા છે નહિં. આહાહા! એક ભાવ પણ એને અંતરમાં યથાર્થ બેસવો જોઇએ, એ વિના અંતરમાં બેઠા વિના એ ભાવ અદ્ધર રહી જાય તો કામ નહિં કરે ઇ. સમજાણું કાંઇ ? શાંતિભાઇ ! આવો મારગ છે આ. આહાહા ! છોકરા બધા કામે વળગે એવા થઇ જાય રળતા તો પોતાને નિવૃત્તિ મળે, એ આંહી ના પાડે છે, એમ છે નહિં. ના પાડે છે એટલે કહો, ભરત તું એકલો છો ન્યાં કામ કરે તો આંહી ખીમચંદભાઇને નિવૃત્તિ મળી કે નહિં એને લઇને ?

(**શ્રોતા** : એ નહોતો કરતો ત્યારેય નિવૃત્તિ હતી) આહાહા! કહે છે કે અંતરના પરિણામને રાગરહિત કરવા એમાં પરની કોઇ અપેક્ષા છે નહિં. આહાહા! ને રાગસહિત કરવા એને પણ કોઇ કર્મની કે નિમિત્તની અપેક્ષા છે નહિં. આહાહા! સ્વઅપરાધથી સંસારમાં રખડાવે છે તે આત્મા પોતાના આત્મામાં દઢ આત્મબુદ્ધિ કરે, એટલે કે પોતાની પર્યાયને દઢઆત્મામાં દઢ કરે, આહાહા તો તે સંસાર ભ્રમણથી મુક્ત થાય છે, નિર્વાણ પામે છે. આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે તેથી પરમાર્થે આત્મા આત્માનો ગુરુ છે બીજો કોઇ ગુરુ નથી. આહાહા!

(**શ્રોતા** : એ તો ભાવાર્થમાં છે બીજો શબ્દ) એ આવ્યું એ આમાં નથીને ? परमार्थतः व्यवहारेण तु यदि भवति तदा भवतुः વહેવાર એટલે કે નથી એનો અર્થ (**શ્રોતા** : વહેવાર હોય તો ભલે હોય એમ) એ ભલે હોય એનો અર્થ શું ? કે નિમિત્ત અંદર હોય પણ એને લઇને આંહી થયું છે એમ છે નહિં. આહાહા! આંહી આચાર્યે સ્પષ્ટ કર્યું છે.

## વિશેષ

કે જીવ પોતાના શદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી જ. લ્યો શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાન, સ્વનો આશ્રય લેવો તે શુદ્ધ ઉપાદાન અને પરના આશ્રય લેવાની બુદ્ધિ તે અશુદ્ધ ઉપાદાન પણ પોતાને લઇને છે ઇ. આહાહા ! અશુદ્ધ ઉપાદાનથી જ પોતાના આત્માનું અહિત કરે છે. શુદ્ધ ઉપાદાનથી પોતે હિત કરે ને અશુદ્ધથી પોતે અહિત કરે તેમાં કરમ કે પરપદાર્થ અહેતુવત્ છે લ્યો, છે ને ? એ ન્યાંય કહ્યું છે અહેતુવત્ પંચાધ્યાયીમાં. .... અર્થ કર્યો છે. પાઠમાં છે. વળી પાછા અર્થ કરે ત્યારે આ શું કરે પ્રભુ તું આ. ભગવાનની પેઢીમાં આવું હલવે ?

વીતરાગ ત્રણલોકના નાથ એનો મારગ છે. એના મારગમાં કલ્પનાએ

અર્થ કરવા પેઢીને દૂષણ છે ઇ. પેઢીનું એ દિવાળું કાઢે છે એ તો. આહાહા! (**શ્રોતા :** પેઢીની આબરૂ કરે છે) આબરૂ કરે છે, કલંક લગાડે છે પ્રભુને. આહાહા! અહેતુવત્ છે ને? અકિંચિત્કર. ભાષા બહુ સ્પષ્ટ કરી નાંખી. આહાહા! ગુરુએ આત્માના મોક્ષને માટે અકિંચિત્કર છે, અને મિથ્યાત્વને અજ્ઞાન કરવા થવામાં કરમ અકિંચિત્કર છે. જ્યાં સુધી જીવ પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી, પોતાના સ્વભાવના સામર્થ્યનું ભાન કરી, અંતરંગ રાગાદિ શત્રુઓ કષાય પરિણતિ પર વિજય પ્રાપ્ત કરી, સ્વયં પોતાના આત્માનો ઉધ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી. આહાહા! પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી, અંતરંગ રાગાદિ શત્રુઓ કષાય પરિણતિ પર વિજય પ્રાપ્ત કરી, સ્વયં પોતાના આત્માનો ઉધ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી સંસારરૂપી કીચડમાં ફસાય છે. આહાહા! સમજાણું કાંઇ? અને જનમમરણના અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે લ્યો. આહાહા!

નિગોદમાં એક અંતમુહૂર્તમાં એક શ્વાસમાં અઢાર(૧૮) ભવ એનું કારણ? (**શ્રોતા :** એની ઉંધાઇ) પોતાની ઉંધાઇની વાત છે. કરમને કારણે ત્યાં અઢાર(૧૮) ભવ કરે છે એમ નથી, એમ કહે છે. પોતાનું જે સ્વરૂપ છે તેનું ભાન કર્યા વિના, અથવા તેનો અનાદર કરીને, જે એનામાં નથી એના રાગમાં પોતાપણું માને છે એ સંસાર રખડવાનું કારણ છે. કોઇ કરમ ફરમ રખડવાનું કારણ છે (નહિં). આહાહા! સિત્તેર(૭૦) ક્રોડાક્રોડીનું કરમ લ્યો પણ એ તો એની સ્થિતિમાં છે, આંહી ક્યાં આવ્યું? એ તો પોતે એવી અયોગ્યતાના કારણે, જે કાંઇ વિકાર કર્યા તે કાળે તે કરમની સ્થિતિને થવાને લાયક જેવા પરમાણુઓ એ રીતે થયા એ તો એનામાં એને કારણે થયા. આંહી તે મિથ્યાત્વ સેવ્યું અને વિપરીત માટે દર્શન મોહનું પરિણમન ન્યાં થયું એમ નથી. આહાહા! એ દર્શનમોહનું પરિણમન ને મિથ્યાત્વના ભાવનું અકિંચિત્કરપણું છે આહાહા! અને મિથ્યાત્વભાવના પરિણમનને દર્શનમોહનો ઉદય અકિંચિત્કર છે.

(**શ્રોતા :** લોકવાર્તિકમાં એ કિંચિતકર કહ્યું છે) એ તો વહેવારની વાત કરે છે. આંહી અકિંચિત્કરનો સ્વભાવ છે પોતાથી, ત્યારે નિમિત્તમાં અકિંચિત્કરનો આરોપ નાંખ્યો. અકિંચિત્કર છે પર, પણ પોતે કર્યું ને પોતાનાથી અહીં એથી એને આંહી કર્યું એનું કર્તાપણાનું કિંચિત્કરનો આરોપ આપ્યો ત્યાં. એ બધા આધાર આપે છે? આમાં આમ કહ્યું છે ને આમાં આમ કહ્યું છે. લાખ વાત કરી હોય, લાખ વાતની વાત એક જ આત્મ ઉર આણો આવે છે ને? છોડી જગત દ્વંદ ફંદ. આહાહા! એ ચોરાશીનો ભવસિંધુ મોટો દરિયો, જેની ખાણમાં અનંતા ભવ કરવાની તાકાત એ પોતે કરે છે. આહાહા! મિથ્યા દઢતાની શ્રદ્ધા પોતે કરે છે એને લઇને ભવસિંધુમાં એ રખડે છે. કરમને લઇને

નહિં. અને એ ભવસિંધુનો અભાવ જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવો આત્મા આત્માનો આશ્રય કરીને કેવળજ્ઞાન અને મુક્તિને પામે છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું એક ઠેકાણે ભાઈ ! આવું કરશે તો એને નિમિત્ત સારા મળશે ને ત્યાં ધરમ પામવો હોય તો પામશે. આવે છે ને ? પણ એ પામશે તો પામશે એનો અર્થ શું ? એનાથી એને લઈને શું છે ? આહાહા ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે પણ નિમિત્તનો અર્થ શું ? એને લઈને પામશે એ ત્રણકાળમાં નહિં. એ વહેવારના વચનો એને કે ભઈ ! રાગની મંદતા હોય તો પુણ્ય બાંધશે અને પુણ્ય બાંધશે તો એને નિમિત્તો અનુકૂળ મળશે, અને એમાં જો પામવાનો આશ્રય કરશે તો પામશે નહિંતર નહિં પામે. એ તો એનો આશ્રય થયો એમ કાંઈ થયું નહિં. આહાહા ! છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે, આ શબ્દો છે એ તો યાદ આવી જાય અંદરથી ત્યારે. આહાહા ! માળે એણે પણ સ્પષ્ટ કર્યું છે ને, એણે જરીક ત્યાં કે એને ભઈ ! આવા નિમિત્ત અનુકૂળ હશે તો ત્યાં પામવું હશે તો પામશે એનો અર્થ કે નિમિત્તથી પામશે એમ કાંઈ છે નહિં. આહાહા ! આંહી તો ના પાડે છે. ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે. આહાહા !

ભાવકલંક પહુરા નથી ? ગોમ્મટસારમાં. કરમ તીવ્ર છે માટે નિગોદમાં રહ્યો એમ નથી કહ્યું ત્યાં. ભાવકલંક પહુરા. પ્રચુર ! ભાવકલંકની પ્રચુરતા પોતે કરે છે. આહાહા ! એમાં કોઈ કરમના નિમિત્તની અપેક્ષા છે એમ છે નહિં. આહાહા ! આકરી વાતું ભારે ! વસ્તુનો સ્વભાવ જ આવો છે ત્યાં શું થાય ? અને જનમમરણના અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે. આહાહા ! જનમવું અને મરવું એ તો એક નિમિત્તથી કથન છે. વિકારના ભાવને વેદતો રહે છે ત્યાં સુધી. અસહ્ય વિકાર એવા ભાવને વેદે છે. ઓહો ! એક શ્વાસમાં અઢાર(૧૮) ભવ, જેને રાગનો ને ભવનો પ્રેમ છે ને, એ વારંવાર આવા ભવ કરે. આહાહા ! જે સ્ત્રીને કપડાનો પ્રેમ હોય છે ને એ દસ(૧૦) જાતના સાડલા રાખે. દિશાએ જાય ત્યાં બીજો, ફરવા જાય ત્યાં બીજો, સગામાં જાય ત્યાં બીજો. આ સાંજની કાણ માંડે છે ને મરી જાય તો નથી ? થોડા દિ' હાલે છે. રોવા જાય નહિં. ચાર વાગે જાય. હવે નહિં હોય પહેલા હતું. ચાર વાગે જાય બધા ભેગા થઈને અડધો કલાક રોવે એવું પાંચ સાત દહ(દસ) દિ' કરે પછી બંધ કરે ત્યારે સાડલો બીજો. લગ્નમાં બીજો. પ્રેમ છે ને ફેરવ્યા ફેરવ કરે, એમ એને ભવનો પ્રેમ છે અજ્ઞાનીને, આહાહા ! ફેરવ્યા ફેરવ ભવ કરે પણ છે ને ? પુરુષાર્થ આદરે, જનમ મરણના ભોગવતો રહે પરંતુ જ્યારે તે એ વિશેષ લેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન - ૮૮

## શ્લોક - ૭૫ અને ૭૬

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૩.૦૭.૭૫**

तर्हि मुक्तिप्राप्तिहेतुः कश्चिद्गुरुर्भविष्यतीति वदन्तं प्रत्याह -

**नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च।**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ।।७५।।**

જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ ।। ૭૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ......

સમાધિતંત્ર ૭૫ ગાથા. એનું વિશેષ ફરીને. આંહી આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાન - એ પોતાના સ્વભાવથી કે વિભાવથી પોતાના આત્માનું હિત અહિત કરે છે. શુદ્ધ ઉપાદાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, અશુદ્ધ ઉપાદાનમાં મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગની પર્યાય એ પોતે પોતાથી કરે છે, કોઇ બીજાનું એમાં સહચર કે નિમિત્ત છે નહિં. કીધું છે ને ત્યાં ? સહચર નિમિત્ત ને ઉપચારથી કહેવું. હેં ? મોક્ષમાર્ગ પ્રકાશક (શ્રોતા : મોક્ષમાર્ગની ના પાડે છે) સહચર, નિમિત્ત એને વહેવારથી ઉપચાર એને કરવો. એનો અર્થ કે ઇ તો વસ્તુ એક બીજી હતી એટલું. એનાથી આત્મા થાય છે એ વહેવાર સમ્યગ્દર્શનનો આરોપ આપ્યો છે. વાસ્તવિક વહેવારથી નિશ્ચય થાય છે એમ છે નહિં. આહાહા ! પોતે જ સ્વરૂપ શુદ્ધ આનંદ એના પોતાના સ્વભાવના સાધન દ્વારા, પોતે દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત કરી, પોતે જ મુક્તિને પામે છે. અને પોતે જ પોતાના સ્વભાવના સામર્થ્યનું ભાન વિના, પોતાની સામર્થ્યતા જાણે નથી, એમ માનીને રાગાદિ કે મોક્ષમાર્ગની પર્યાય પરથી થાય એમ માને છે, તે સંસારમાં દુ:ખમાં પરિભ્રમણ કરશે, દુ:ખમાં પરિભ્રમણ કરશે. આહાહા !

જ્યારે છે ? પરંતુ જ્યારે તે આત્મસ્વરૂપનું બરાબર જ્ઞાન કરી સ્વભાવ સન્મુખ વિશેષ ઉગ્ર પુરુષાર્થ આદરે છે, ત્યારે ક્રમે ક્રમે રાગ-દ્વેષાદિ કષાય ભાવોનો વિભાવ પરિણતિનો સ્વયં ત્યાગ થઇ જાય છે. સ્વયં ત્યાગ થઇ જાય છે. ત્યાગ કરવો પડતો નથી. ત્યારે ક્રમે ક્રમે ત્યાં થઇને રાગાદિ ભાવથી સર્વથા મુક્ત થતાં, પરમ વીતરાગતા પ્રાપ્ત થતાં તે મોક્ષ એ તો પોતાને કારણે પામે છે. એમાં કોઇ ગુરુ કે દેવ કે શાસ્ત્ર કે ધર્મ મિત્ર કોઇ એનાથી એ થતું નથી એમ કહે છે. ઇ શ્લોક આપ્યો છે ઇષ્ટોપદેશનો - ચોત્રીસ(૩૪)મો. કોઇ પૂછતું'તુ ને ? બપોરના આહાર વખતે કે કરવું, કરાવવું ને અનુમોદવું પોતાના ધર્મનું ઇ શું ? કોણ પૂછતું'તુ નહિં, હેં ? ... ભાઇ ઓલું આવ્યું'તુ ને ટીકામાં કૃત, કારત, અનુમોદન શુદ્ધ ઉપાદાનમાં હવે એ વાતનો આંહી શ્લોક છે લ્યો –

**स्वस्मिन् सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वत:**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मन: ।।३४ ।।**

(ઇષ્ટોપદેશ - શ્લોક ૩૪)

આત્મા પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે, પરમાનંદ સ્વરૂપની પોતે અભિલાષા કરે, કર્તા થઇને. પરમાનંદ સ્વરૂપ પૂરણ સુખ આનંદનું ધામ એવો જે મોક્ષ એની સદા અભિલાષા કરે ઇ પોતે એ કર્તા થયો. અભિષ્ટ મોક્ષસુખનું જ્ઞાન

કરાવે છે લ્યો એ પ્રયોજક થયો. અભિષ્ટ મોક્ષસુખનું જ્ઞાન પોતે કરાવે છે પોતાને, એ કર્તા થઈને કરાવે છે એમ. અને સ્વયં કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે. કરાવવું આવ્યું'તું ને ? યોજું હું યોજું, એ કરાવે. પોતે કરાવે એટલે એ યોજે છે એમ. આહા ! એમાં કોઈ ગુરુ કે શાસ્ત્ર ત્યાં મદદગાર હોતા નથી. આહા ! શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે એવો એક શબ્દ છે આનંદઘનજીનો. આનંદઘનજીમાં છે. દિશા દેખાડી અળગા રહે કહે છે આ તારી ચીજ અંદર છે, હવે એને કરવું તો એને કરવું તો એને કરવું છે.

(**શ્રોતા** : હવે ગુરુ મદદ તો કરશે) હેં ? (**શ્રોતા** : ગુરુ મદદ તો કરે) જરીય મદદ નથી એમ કહે છે આંહી તો. કહો છોટાભાઈ ! આ યોજે કીધું, કરે પોતે અને યોજેય પોતે. આહાહા ! ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ એવી પરિણતિને પોતે કરે અને તેને યોજે અથવા મોક્ષસુખનું જ્ઞાન કરાવે પોતે પોતાને. મોક્ષસુખની અભિલાષા કરે અને મોક્ષસુખનું જ્ઞાન કરાવે પોતે. આહા ! આત્મા આત્માનો ગુરુ એમ સિધ્ધ કરે છે અહિંયા. વહેવારે હો એમ લખ્યું છે ને જુઓને. વહેવારે તુ यदि भवति तदा भवतु હો. ઉસસે કાંઈ એથી એનાથી થયું છે એમ નથી. આહાહા ! તો તો આમાં ગુરુનું માહાત્મ્ય ઉડી જાય. (**શ્રોતા** : એમાંજ ગુરુનું મહાત્તમ રહે) (**શ્રોતા** : એની આજ્ઞાનો અમલ કર્યો એમાં ગુરુનું માહાત્મ્ય કેમ ઉડી જાય ?) આહા ! (**શ્રોતા** : ખરું માહાત્મ્ય ન જોડાય એમાં ગુરુનું માહાત્મ્ય ઉડી જાય) ન્યાં એવું કહ્યું છે જુઓને આહાહા ! ઈ ઈષ્ટોપદેશમાં છે. શબ્દમાં છે પછી આ ઠેકાણે આ ગાથા હોય કે બીજે એક … આ પ્રમાણે તો ઉડી જાય માહાતમ કોઈનું ઈષ્ટોપદેશમાં છે. પછી આ ગાથામાં હોય કે એના પહેલા પછી હોય એ પરનું માહાતમ છે જ નહિં અહિંયા. આહાહા !

પોતાનો જે સ્વભાવ, ધ્રુવ અનંતગુણની ગાંઠડી, એનો જે અનુભવ કરે એ તો આત્મા પોતે કરે એને કંઈ ગાંઠડી બીજા લક્ષ બતાવે કે આ તારી ચીજ છે એટલું, પણ એને કરવાનું તો એને પોતાને છે ને ! આહાહા ! ધ્રુવ સ્વભાવ, જેના સ્વભાવમાં અચિંત્ય શક્તિઓનો ભંડાર એવું સામર્થ્યપણાનું જ્ઞાન કરાવે કોણ ? પોતે કહ્યુંને કીધુ એ ! (**શ્રોતા** : પોતે પોતાને કરાવે) જુઓ અભિષ્ટ મોક્ષસુખનું જ્ઞાન પોતે કરાવે છે, આહાહા ! અને સ્વયં કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિ (ભાષા ત્રણેયમાં લીધું છે એ) મોક્ષસુખની સદા અભિલાષા, અભિષ્ટ પ્રિય એવા મોક્ષસુખનું જ્ઞાન કરાવે, પોતે પોતાને કરાવે. પ્રભુ તું તો સુખરૂપ છો ને ! આહાહા ! તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને ! ઈ કોણ કરાવે ને કોણ શીખવે ? કે પોતે. આહાહા !

મૃગની નાભિમાં કસ્તુરી એને એની ખબર નથી. આને ખબર પડે ત્યારે

પોતે ખબર પાડે છે, કે ઓહો ! જ્યાં હું ઉભો છું તે તો પર્યાય છે, અને એ પર્યાય જેની છે એ તો મહાતત્ત્વ છે. એ પર્યાય એના ઉપર ખડી રહી છે. છે એવી ભાષા ? ચિદાનંદજી ક્યાં ગયા ચેતનજી ? નથી આવ્યા ? ન્યાલભાઈમાં છે આ શબ્દ. કોઈએ એમ પૂછયું કે ન્યાયથી વાત તો આ મગજમાં બેસે છે, પણ હજી ધ્રુવ સ્વભાવ તરફ ઝટ જતો નથી એનું શું કારણ ? આવે છે એમાં,આવે છે ક્યાંક આવે છે ખરો. એ તો મોટો દરિયો છે. ત્યારે કહે કે જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે, વિકલ્પથી ન્યાયથી એ પર્યાય કોઈ ઉપર ખડી છે કે નહિં ? સમજાણું ? એ પર્યાયમાં તને ન્યાયથી બેસે છે તો હવે એ પર્યાય ક્યાં છે ? કોના આધારે છે ?

નિશ્ચયથી આધાર એ અત્યારે આંહી લેવો નથી. પર્યાય પર્યાયનો આધાર. જેના ઉપર પર્યાય રહે છે એવું જે ધ્રુવ, એનું લક્ષ કર તો તને અનુભવ થાય. આહાહા ! પર્યાયમાં તને એ વાત બેઠી હોય તો એ પર્યાય કોના ઉપર ઉભી છે ? એટલે કે એનો ઉત્પાદ કોને આધારે ? કોના આધારમાં, અધ્ધર ઉત્પાદ થયો છે ? જેના ઉપર એ પર્યાય થઈ છે, ખડી છે, છે, એના આધારમાં જા. આહાહા ! આવી વાત ઝીણી ભાઈ ! એને કરવાનું તો આ છે, બાકી બધી વાતું છે. આહાહા ! (**શ્રોતા** : એ વાતું એટલે ?) વાતું કરે કે આનું આમ હોય ને આનું આમ હોયને ! (**શ્રોતા** : એ તો રાગ છે) એમાં બીજું શું ? એ આવશે ક્યાંક. વિકલ્પમાં - આમાં જ આવશે ને હવે ૭૮ અઠ્ઠોતેર છે ને ?

**व्यवहारे[१] सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ।। ७८ ।।**

ટીકા કરીને વ્યાખ્યાન કેમ કર્યું ? ઠીક આ.

**ટીકા** : વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ, એટલે કે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ એવો જે વિકલ્પ આહાહા ! શુભ કરું કે અશુભથી નિવૃતું, એવો જે વિકલ્પ, એમાં જે સૂતો છે આહાહા ! તે પ્રયત્ન પરાયણ નથી. એ સ્વરૂપમાં પ્રયત્ન પરાયણ નથી. વહેવારમાં સૂતો છે તે આત્મામાં જાગતો નથી. સૂતો એટલે આ. સમજાણું ? વિકલ્પ વહેવારમાં જે સૂતો - પ્રયત્ન પરાયણ નથી તે આત્મદર્શનમાં, આત્મવિષયમાં જાગે છે એમાં પ્રયત્ન પરાયણ નથી એમ. સૂતો છે એટલે એમાં પ્રયત્ન પરાયણ નથી. તે આત્મદર્શનમાં, આત્મવિષયમાં જાગે છે. આહાહા ! આ શુભ કરું ને અશુભથી નિવૃતું

१ जो सुत्तो ववहारे सो जोइ जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे ।।३१।। (मोक्षप्रामृते, कुन्दकुन्दाचार्यः)

એવો જે વિકલ્પ વહેવાર એમ કહેવું છે, એમાં જે તત્પર પરાયણ નથી તે આત્મામાં જાગે છે, આત્માનો પ્રયત્ન કરે છે. આહાહા!

આ વહેવારની ધૂન છે ને ભક્તિની ને પૂજાની ને દયા, વ્રત ને તપ ને એવા વિકલ્પની ધૂન છે જેને, એ વિકલ્પમાં સૂતો છે હજી. એ પ્રયત્ન એમાં એનો છે આહાહા! આમાં નથી, અને જેને આત્મામાં પ્રયત્ન છે, હેં ને? પણ જે ઉક્ત પ્રકારના વહેવારમાં જાગે છે, એમાં તત્પર છે, તે આત્મવિષયમાં સૂતો છે. આહાહા! બહુ ઝીણું. બહારના ત્યાગ ગ્રહણ નહિં. અંદરમાં શુભને કરું, અશુભ છોડું એવા વિકલ્પમાં જે તત્પર છે, એ વહેવારમાં જાગતો છે એ આત્મામાં સૂતો છે. અને આ આત્મામાં જે તત્પર છે તે વહેવારમાં (**શ્રોતા :** સૂતો છે) સૂઈ ગયો છે એની ઉપર. હો ભલે પણ એના તરફનો પ્રયત્ન તે મારું કર્તવ્ય છે એ નથી. આહાહા! વહેવારવાળાને આકરું ભારે લાગે. (**શ્રોતા :** આકરું લાગેજ ને!) એ વાત આ કહે કે વસ્તુ ઈ જે વિકલ્પથી રહિત છે એને જેની વિકલ્પમાં પ્રવૃત્તિની પ્રયત્નતા છે એને આંહી પ્રયત્ન નથી એ વહેવારમાં જાગતો છે ઈ. આહાહા! શાંતિભાઈ આવું આકરું કામ ભારે! (**શ્રોતા :** આ બધા ધમાલ કરે છે) હેં? આહાહા!

તમારા ભાવનગરના બધા માણસોને આ કઠણ પડે બધાને. પૂજા ને ભક્તિ ને આ ને આ ને આ.... જેને પર તરફના વિકલ્પમાં તત્પર છે, ભલે શુભમાં કે અશુભની નિવૃત્તિ કરું એમ ભાવમાં, પણ બેય વિકલ્પનો વહેવાર છે. એ આત્મામાં જાગતો નથી ન્યાં તત્પર છે ઈ. (**શ્રોતા :** એ પરસન્મુખ થયો) આહાહા! અને જે પરમાં વિકલ્પની નિવૃત્તિ કે પ્રવૃત્તિનો વિકલ્પ એમાં તત્પર નથી, તેમાં પ્રયત્ન પરાયણ નથી એ આત્મામાં જાગતો છે. એ આત્મામાં પ્રયત્ન પરાયણ છે. આ વહેવારની વ્યાખ્યા કરી ભાઈ! વિકલ્પની પ્રવૃત્તિ નિવૃત્તિનો શબ્દ જુઓને. ઈ આવે છે ને આપણે ત્યાં સર્વ વિશુદ્ધ અધિકારમાં, શુભમાં રહું કે અશુભથી નિવૃત્તું બધો એ વિકલ્પભાવ છે, પડિક્કમણું નહિં આ. નિંદા ધરનાર એ બધો શુભ વિકલ્પ છે. એ શુભ વિકલ્પમાં અશુભથી તો નિવૃત્યો છું ને? એવો જે વિકલ્પ છે, આહાહા! એવો જે વહેવાર છે, એમાં જેની પ્રીતિ ને રુચિ ને તત્પર છે એ જાગતો છે વહેવારમાં. નિશ્ચયમાં સૂતો છે ઈ. આહાહા! એ આંહી કહ્યું. પોતાના આત્મામાં, પોતાના આત્મામાં ભગવાનના આત્મામાં એમ નહિ.

**स्वस्मिन्** છે ને? ઈષ્ટોપદેશ ચોત્રીસ. પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે. વળી એક ઠેકાણે એવું આવે છે અભિલાષા માત્ર મિથ્યાત્વ છે, રાગ છે. (**શ્રોતા :** ઈ જડમાં માને એ રાગ જ છે ને) એ ય! પંચાધ્યાયી, પંચાધ્યાયીમાં આવે છે

અભિલાષા માત્ર. ઈ આંહી અપેક્ષા નથી, આંહી તો મોક્ષસુખની જેને અંતરમાં ભાવના છે. વર્તમાન પ્રયત્ન સ્વભાવ તરફ છે એથી એને મોક્ષસુખની ભાવના છે એમ. સમજાણું કાંઈ ? (**શ્રોતા** : ઈ શુભભાવના છે ને ?) ઈ આંહી શુભભાવે નથી લેવો. પૂરણ આનંદ તરફની જેને ગતિ વળી છે એટલું. શરીરની ગતિ એમેય આવશે. ગતિ એટલે નાશ, ગતિનો નાશ થાય છે શરીરનો ત્યારે અજ્ઞાની મૂંઝાય છે ઈ આવશે.

આત્મા, પોતાના આત્મામાં હવે એને પરની ક્યાં જરૂર રહી ? મોક્ષસુખની સદા અંતરમાં, જેની રુચિમાં વીર્ય મોક્ષસુખની ભાવનામાં છે. અને અભિષ્ટ મોક્ષસુખનું પ્રિય જે મોક્ષનું સુખ એનું આત્મા પોતે પોતાને જ્ઞાન કરાવે છે. અને સ્વયં કલ્યાણકારી આત્મસુખની, સ્વંય કલ્યાણકારી આત્મસુખ એની પ્રાપ્તિમાં પોતાને યોજે છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે તેનાં આનંદમાં પોતે યોજે છે અંદર, આહાહા ! યોગ કરે છે, જોડે છે, તેથી આત્મા જ આત્માનો ગુરુ છે. ગુરુ કેમ ? એનું કારણ આપ્યું, કે પોતે મોક્ષનો અભિલાષ કરે છે. ભાવ ભાવના અભિષ્ટ સુખની એને એનું જ્ઞાન કરાવે છે, પોતે જ્ઞાન કરાવે છે. અહિંયા ગુરુ ક્યાં આવ્યા ? અને કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિમાં પોતે પોતાને યોજે છે. આનંદસ્વરૂપ ભગવાન એમાં યોજના જોડાણ પોતે કરે છે. એમાં કંઈ ગુરુને લઈને જોડાણ થાય છે એમ છે નહિં. ભારે વાત ભાઈ !

વીતરાગ મારગ નિરાવલંબી (**શ્રોતા** : વીતરાગતા વહેવારને કહે ?) કહે એ તો એની ઉપેક્ષા કરાવવા કહે. તાત્પર્ય કહેવાનો આશય તો વીતરાગતાનું છે, તો ગમે તે વાત કરે તો એમાંથી એની ઉપેક્ષા કરીને વીતરાગતા કર એ માટે કહે છે. આહાહા ! પરનું જ્ઞાન કરીને પણ પરમાં ઠરીશ નહિં એ માટે એનું જ્ઞાન કરાવે છે. ઠરવાનું તો આંહી છે. આહાહા ! ભારે વાતું. આવો ધરમ ! તેથી આત્મા જ, કયા કારણે ? કે પોતે મોક્ષસુખની ભાવના કરે છે પોતે, પ્રિય મોક્ષસુખનું જ્ઞાન પોતે કરાવે છે અને કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિમાં પોતે પોતાને યોજે છે અંદર. આહાહા ! તેથી આત્મા જ આત્માનો ગુરુ છે. હવે એક ગાથામાં કેટલું મૂક્યું જુઓને !

કહો નવરંગભાઈ ! કર્તા, કરાવવું, અનુમોદવું બધું આવી ગયું એમાં. ઓલુ આવ્યું'તું ને ટીકામાં સવારમાં ? ભાઈએ પ્રશ્ન કર્યોતો ને કે આ શું માળું કે મોક્ષસુખનો કર્તા પણ પોતે, યોજનારો પોતે, કરાવનાર અને અનુમોદન એટલે આ ઠીક છે, આ જ ઠીક છે એવું હિતનું માનનાર પણ પોતે. આહાહા ! વહેવાર ઠીક છે કે વહેવારનો કર્તા પોતે છે કે વહેવારનો જોડાણ કરનાર ઈ આત્મા નહિં. આહાહા ! (**શ્રોતા** : વહેવાર પોતે અણાત્મા)

અણાત્મા છે તો આત્મા અણાત્મામાં કેમ જોડાય ? જાણે. છે એમ જાણે. છે એમ જાણે તેથી કંઇ એની મદદ કરી એણે ? (**શ્રોતા** : જરાય નહિં) પેલું નો'તુ આવ્યું એક ફેરી ભાઇનું, કોણ નામ ભાઇ ... ભાઇ નહિં, ઈંદોરવાળા નહિં ઓલા શું નામ ભૂલી ગયો.

(**શ્રોતા** : ભંવરલાલ) ભંવરલાલ નહિં, (**શ્રોતા** : ભંવરલાલજી કેતા'તા) ઇ નહિં. આ તો આપણા અહીંયા કામ કરતા કરતા બેસી ગઇ વાત પેલી ને એમ કહેતા ને મૂળચંદજી હારે. (**શ્રોતા** : છોટાલાલજી) છોટાલાલજી, છોટાલાલજી. (**શ્રોતા** : બાલ બ્રહ્મચારી) હા ઇ. હેં ? છોટેલાલજી, બ્રહ્મચારી છોટેલાલજી. ઇ કહે કે વહેવારમાં (પહેલા કહેતા'તા બિચારા હોં). વહેવારમાં આવે તો જરી વિશ્રામ મળે એને પછી અંદરમાં જવાને ઠીક પડે એમ, એમ આવ્યું'તું પહેલું, પછી આંહી આવીને ફરી ગ્યા, ફરી ગ્યા બધું. મારું બધું પહેલા માન્યું'તું વળી ફરી ગયું ને વળી પાછું. હવે તો એને મારગ તો આ જ છે. એમ કહે વહેવારમાં આવે તો થોડો એનો થાક ઉતરે ત્યાં અંદર જાણે થાક લાગતો હશે, પણ વહેવારમાં આવવું એ જ થાક છે. (**શ્રોતા**: વહેવાર પોતે થાક છે) ઇ થાક પોતે થાક છે. એ થાકને ઉતારવા માટે તો અંદરમાં જાવું પડે આહાહા ! ઇ ગાથાનો અર્થ થયો, ઇષ્ટોપદેશનો.

પોતે સાર લખે છે માટે આત્મા પરનું નિમિત્તનું (પરનું એટલે નિમિત્તનું) આલંબન છોડી, પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રય બને, સ્વ આશ્રય બને. '**भूयत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ભગવાન, સત્યાર્થ ત્રિકાળનો આશ્રય લે તો સ્વ આશ્રયી બન્યો ઇ તો. આહાહા ! તો તે જનમ મરણનાં દુઃખોથી મુક્ત થઇ નિર્વાણ પામે. એ પોતે આ કરે તો નિર્વાણ પામે, કોઇ બીજો કરાવે એમ છે નહિં. આહાહા ! અરે ! પણ જેને જનમ મરણના દુઃખનો થાક લાગ્યો હોય એને આ વાત છે, પણ એમ ને એમ લહેર કરતો હોય એમાં જે બાહરથી આહાહા ! શરીર કાંઇ ઠીક હોય, પાંચ પચ્ચીસ લાખ પૈસા મળ્યા હોય, બાયડી છોકરા કાંઇ ઠીક હોય, ધંધો કાંઇ ઠીક હાલતો હોય, છોકરા પણ કમાવામાં પહોંચી ગયા હોય, આહાહા ! પહોંચી વળ્યા હોય એમ. બે - ચાર છોકરા હોય (**શ્રોતા** : પોતાને કમાવું ન પડે) હેં ? પોતાને કમાવું ન પડે એટલે નિરાંતે પછી, આહાહા ! ત્યારે અમે સુખી છીએ. ધૂળમાંય નથી. આહાહા !

પરની અનુકૂળતાએ સુખી, એ માન્યતા ભ્રમ અને પાખંડ છે. સુજાનમલજી ! (**શ્રોતા** : જોગ મળે તો નિવૃત્તિ નહિં થાય ને જોગ કરે) ઇ જ કહે છે ઇ કે જોગ, કોનો જોગ ? શેનો ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો જોગ મળે એમ કહે છે આંહીતો. એ છોકરો

ન્યાં રળે છે ને બાયડી ન્યાં ઘરે પડી છે માટે આપણે નિવૃત્તિએ રોટલાં પૂરે. આ તો દાખલો. એ કંઇ છે (**શ્રોતા** : નહિં) આહાહા! (**શ્રોતા** : ... ઉતરે તો હૈ) બહારની એમ કે અનુકૂળતા હોય બહારનો સંયોગ જેમાં રહે છે એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં અનુકૂળતા હોય તો એને ઠીક પડે અંદરમાં આત્માનું કલ્યાણ કરવા માટે, એમ નથી. આહાહા! સ્વ આશ્રય કલ્યાણનું કારણ છે એમ કહે છે. કીધું ને? સ્વ આશ્રયી બનવું ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એમાં. એને પડખે જવું અને વહેવારનાં નિમિત્તના પડખાનું લક્ષ છોડી દેવું. આહાહા! આવો મારગ વીતરાગનો.

આ ઝઘડા વહેવાર ને નિશ્ચયના એટલા બધા. સોનગઢને નામે આવે છે કે એ સોનગઢ તો નિશ્ચયની વાતું માનનારા એમ કરીને બધા એમ કહે લ્યો. બાબુભાઇએ હમણાં લખ્યું છે બે ભાગ પડી ગ્યા ને એના એ લોકોમાં વહેંચી નાંખ્યું છતાં વહેંચ્યું છે એક ધર્મશાળા આને આપી, એક ફલાણું આ આપ્યું એને એક જણો પણ અંદરમાં કંઇ અંદર આ દ્વેષ છે. સોનગઢને નામે માળે ભાગ પડયા આ તો. મારું એક જગ્યાએ હાલતું'તુ એમાં ભાગ પડયા. એક ધર્મશાળાને એક કાંઇક આપ્યું છે ને બેય નહિં? બીજું (**શ્રોતા**...) હા, કોલ એનું આ નહિં કાંઇ. ભાગ પડયા. હવે કાંઇ નો'તું. આ સોનગઢ થયું તો ભાગ પડયા એમ કહે છે. અરે ભાઇ! વહેવારને પરથી લાભ થાય એમ માનનારાઓ તો પરાશ્રયી, પરાધીન દૃષ્ટિવાળા મિથ્યાત્વી છે. આહાહા! ચાહે તો સાધુ થઇને પંચમહાવ્રત પાળીએ તો આત્માને કલ્યાણ થાય, એ બધા પરાશ્રયી દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઇ? અહીંયા તો મારગ વીતરાગનો છે બાપા!

વીતરાગમાં વીતરાગભાવને પ્રગટ કરવામાં પરાશ્રયની બિલકુલ જરૂર નથી. કેમકે પોતે વીતરાગભાવથી ભરેલો પદાર્થ છે, એટલે ચારિત્ર સંપન્ન વસ્તુ જ પોતે છે, એટલે અકષાય સ્વભાવ સ્વરૂપ જ એ છે, એથી અકષાય સ્વભાવના આશ્રય લેતા અકષાય ભાવ પ્રગટ થાય. બીજી ભાષાએ એમ કીધું ૧૫-૧૪માં કે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણવાથી અબદ્ધ પરિણામ પ્રગટ થાય. એ અબધ્ધ પરિણામ પ્રગટ થાય તે જૈન શાસન એમ કહ્યું. આહાહા! આત્મા અબદ્ધ છે રાગથી બંધાયેલ નથી. વસ્તુ તો વસ્તુ છે, એ વસ્તુ પોતે છે એ રાગથી બંધાયેલના રાગના સંબંધમાંય નથી. સંબંધ નથી એટલે એનો બંધ રાગનો એને નથી. એવું જે અબદ્ધતત્ત્વ એનો આશ્રય લેતાં અબદ્ધ પરિણામ એટલે કે મુક્તિના પરિણામ, મોક્ષના પરિણામ તેને કહીએ. સ્વ આશ્રયથી મુક્તિના પરિણામ થાય મોક્ષનો મારગ. પર આશ્રયે જતા તો રાગ અને વિકલ્પ ઉઠે. આહાહા!

ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હો! ત્યાંતો એમેય કહ્યું મોક્ષપાહુડમાં તો ‘પર દવ્વાઓ દુગ્ગઇ’ ત્રિલોકના નાથ એમ કહે, કે અમે તારા હિસાબે પર દ્રવ્ય છીએ અને પર દ્રવ્ય પર તારુ લક્ષ જતાં તને દુર્ગતિ મળશે. આહાહા! એટલે? ચૈતનની ગતિનું પરિણમન તને નહિં થાય, રાગનું થશે એ તો દુર્ગતિ, જીવની ગતિ નહિં એ. આહાહા! આવો મારગ સાંભળવા મળે નહિં માણસને બિચારા પાછા, (**શ્રોતા :** અમને તો મળ્યો છે ને?) હા. ભાગ્યવાન ભાગ્યશાળી ભાઇ! આહાહા! પોતે, વસ્તુ પોતે છે એ તો રાગના સંબંધના બંધ વિનાની, સંબંધ નહિં એટલે બંધ વિનાની ચીજ છે, એનો આશ્રય લેતાં જે અબંધ પરિણામી એટલે મોક્ષ સ્વભાવી એટલે વીતરાગ ભાવી પ્રભુ એનો આશ્રય લેતાં વીતરાગી પર્યાય થાય એટલે કે મોક્ષના મારગની દશા થાય, એનો ઉગ્ર આશ્રય લેતા મોક્ષ થાય. આહાહા! કહો સમજાય છે કાંઇ? બહુ કઠણ બાપુ!

માણસને તો એવું લાગે આ માળા, આ નહિં મારે. (**શ્રોતા :** જેને માણસ મટીને....) માણસ રહેવું નથી. માણસ એ આત્મા માણસ જ નથી. શરીર નહિં હોં માણસની ગતિ. એ ગતિ આત્મા નહિં. આહાહા! શરીર આત્મા નહિં એ તો જડ મનુષ્ય એ કંઇ ગતિ નથી. મનુષ્યની જે ગતિ છે એ આત્મા નથી. આહાહા! મનુષ્યની ગતિથી ભિન્ન ભગવાન છે અંદર, એથી મનુષ્યની ગતિ ધરમમાં કારણ થાય, મોક્ષમાં કારણ મોક્ષ કારણકે મનુષ્ય ગતિમાં કેવળ થાય છે, માટે મોક્ષની ગતિ કેવળજ્ઞાનમાં નિમિત્ત કારણ થાય નહિં. આહાહા!

જેંતિભાઇ! આ બધું સમજવું પડશે હોં. બાહરમાં ધૂળમાં કાંઇ નથી, પૈસામાં ને! કાંઇ ન્યાં ઠીક હમણા એમ કે પૈસામાં રળીએ છીએ ને તો એ પૈસામાં કાંઇક મેલા હાથ થાયનહિં, એ પૈસા દેવા લેવાની વાતું એમાં કાંઇ મેલા હાથ થાય નહિં, કાંઇક ગણતરી બીજી કરવી પડે નહિં. કાપડનો ધંધો હોય તો એ આમ ફેરવવું પડેને આમ ફેરવવું પડે. આ તો પૈસાના ધંધા. દોઢ ટકાને વ્યાજે આ લ્યો ને ફલાણું અત્યારે આ મોંઘવારીની અપેક્ષાએ હો પણ ઓલો તમારો છોકરો છે ઇ તો સાંભળીને એમ કહે આહાહા! આ ફેરે કહેતો’તો પ્રવચનસાર સાંભળીને, આહાહા! મહારાજ, આ સાંભળીને હવે તો અંદરમાં ઉતરી જઇએ એવી છે વાત બાકી કંઇ હવે. એય શાંતિભાઇ! કહેતો’તો આ ફેરી આ મહિનો રહી ગયો ને પ્રવચનસાર વખતે અધિકાર. કહો એના બાપના આટલા પૈસા છે ને દુકાને હલાવું છું ને દુકાને પૈસા વધારશું એ વાતું તો કરતોય નથી.

(**શ્રોતા :** એમ કેમ કીધું કે પૈસા એના બાપનાય નથી) (**શ્રોતા :** પૈસા

પૈસાના છે એમ આપે કહ્યું'તુ) અરે એવું બોલ્યો'તો જ્યારે પ્રવચનની ઝીણી વાત આવતી'તી ને, કે દરેક દ્રવ્યની પર્યાયનો જનમકાળ છે તે તે પર્યાય તે કાળે તે ઉત્પન્ન થાય, એને બીજો શું કરે. ઉત્પન્ન કરાવે ક્યાં. આહાહા! મોક્ષમાર્ગની પર્યાય. આહા! એનો પણ જનમકાળ, એની ઉત્પત્તિનો ઇ કાળ છે એને બીજો શું કરે. રાગ શું કરે ને ગુરુ શું કરે. આહાહા! એ વાત આવી'તી. મહિનો સાંભળીને પછી એકવાર બોલ્યો માળો ભલે અંદર અવ્યક્તપણે પણ આનો એનો રસ એને. આહાહા! એમ બોલે હોં! એમ ન બોલે કે અમને સમજાતું નથી ને એ જેંતિભાઇ, આહા! આવું ઝીણું કંઇ સમજાતું એમ નહિં. આહાહા!

(**શ્રોતા** : દાદાને ને બાપાને ના થોડી પાડે) એ દાદા બાપુ ત્યાં પડયા છે બીજામાં. આહાહા! ઇ તો એનેય ખબર છે ને. અવ્યક્ત પણ એને માળાને રસ ભારે. એમ સાંભળીને એમ કહે હવે તો અંદરમાં ઉતરી જઇએ. બીજી કાંઇ છે નહિં બસ આહા! ધંધો કરવા ને પરણવું-ફરણવું એ તો ક્યાંય નથી, પણ વહેવારના વિકલ્પ કરવા એ હવે નથી એમ કહે છે એમ કહેતો'તો. જ્યાં પૂર્ણાનંદનો નાથ છે ત્યાં ઉતરી જઇએ અંદર. અરે! આત્મા છે ને એમાં શું છે? અવ્યક્તપણે પણ હજી એનો પ્રેમ થાય છે ને? આહાહા! આત્મા પરનું નિમિત્તનું અવલંબન છોડી, પોતે પોતાનો ગુરુ બને, અને ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને, આહાહા! તો તે જનમ મરણના દુઃખોથી મુક્ત થઇ નિર્વાણ પામે. એ પંચોતેર(૭૫) થઇ.

છોતેર(૭૬). દેહમાં આત્મબુદ્ધિ કરનાર મરણ નજીક આવતાં શું કરે છે? દેહની સ્થિતિ પૂરી થાય અને એમ ખબર પડે આહાહા! દાક્તર ખાનગી કહે કે હવે બહુ લાંબુ નહિં ટકે અને એનો મિત્ર બિત્ર સાંભળી ગયો હોય તો એને કહે કે દાક્તર આમ બોલી ગયા છે. બહારમાં નથી બોલ્યા અંદર બોલી ગયા છે ભાઇ આ. દેહમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા મરણ નજીક આવતાં શું કરે?

**देहे स्वबुद्धिर्मरणोपनिपाते किं करोतीत्याह-**

**द्धात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ।**
**मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद्भृशम् ।।७६।।**

**દેખી લય[1] પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,**
**દઢ દેહાતમબુદ્ધિને મરણભીતી બહુ હોય ।। ૭૬ ।।**

૧. લય – નાશ

**टीका** : देहादौ द्दढात्मबुद्धिरविचलात्मद्दष्टिर्बहिरात्मा । उत्पश्यन्नवलोकयन् । आत्मनो नाशं मरणं मित्रादिभिर्वियोगं च मम भवति इति बुद्धयमानो मरणाद्‌बिभेति भृशमत्यर्थम् ।। ७६ ।।

દેહમાં આત્મબુદ્ધિ કરનાર (બહિરાત્મા) મરણ નજીક આવતા શું કરે છે? તે કહે છે :-

અન્વયાર્થ : (देहादौ द्दढात्मबुद्धि) દેહાદિમાં દઢ આત્મબુદ્ધિવાળો બહિરાત્મા (आत्मनः नाशं) પોતાના એટલે પોતાના શરીરના નાશને (च) અને (मित्रादिभिः वियोगं) મિત્રાદિથી થતા વિયોગને (उत्पश्यन्) દેખીને (मरणात्) મરણથી (भृशम्) અત્યંત (बिभेति) ડરે છે.

**ટીકા** : દેહાદિના દઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદષ્ટિવાળો બહિરાત્મા, પોતાનો નાશ એટલે મરણ જોઈને - અવલોકીને તથા 'મિત્રાદિથી મારો વિયોગ થશે' એમ સમજીને મરણથી અત્યંત ભય પામે છે; એવો અર્થ છે.

**ભાવાર્થ** : અજ્ઞાની જીવ શરીરને જ દઢપણે આત્મા માને છે, તેથી શરીર છૂટવાના સમયે અર્થાત્ મરણ સમયે પોતાના આત્માનો નાશ અને તેથી કરીને સ્ત્રી-પુત્ર-મિત્રાદિથી વિયોગ એ બે વાત જાણી મરણથી ઘણો જ ભય પામે છે.

**'संसारासक्तचित्तानां मृत्युर्भीत्यै भवेन्नृणाम् ।'**

જે પુરુષોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેમને માટે મૃત્યુ ભયનું કારણ છે. કારણકે તે માને છે કે 'મારા શરીરનો નાશ થતાં, સ્ત્રી-પુત્રાદિથી વિયોગ થશે. હવે મને તેમના સંયોગનું સુખ મલશે નહિં.' આવા વિયોગના દુઃખથી તે મરણથી બહુ બીએ છે. ૭૬

---

# પ્રવચન – ૮૮

**द्दढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ।**
**मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद्‌भृशम् ।।७६।।**

**દેખી લય[2] પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,**
**દઢ દેહાતમબુદ્ધિને મરણભીતી બહુ હોય ।। ૭૬ ।।**

**ટીકા** : દેહાદિમાં દઢ આત્મબુદ્ધિવાળો દેહ અને દેખાતા મિત્રો આદિ. આહા! બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, મિત્રો એ દેખાય આમ બહાર. આહાહા! દેહમાં દઢ આત્મબુદ્ધિવાળો

૨. લય – નાશ

એટલે અવિચલ આત્મદષ્ટિવાળો બહિરાત્મા ત્યાંજ એની પ્રીતિ અને પ્રેમ જેનો જાગ્યો છે, બેઠો છે, આહાહા! એ પોતાનો નાશ એટલે મરણ જોઇને (ગતિનો આવે છે બીજા વિષે) પોતાનો છે ને? પોતાનો એટલે શરીરનો નાશને દેખીને-અવલોકીને, આહાહા! આ શરીર હવે છૂટી જશે એટલે બુદ્ધિ તો ત્યાં છે અને દેહના જે માતા પિતા, મિત્રો, કુટુંબ બધું, બધું છૂટી જશે. આહાહા! જેના અનુકૂળ સંયોગોમાં હું રહ્યો ઉછર્યો છું, હું એટલે દેહ એમ. આહા! જેની સહાયથી અને મદદથી મારું શરીરાદિની સગવડતા અને બધી અનુકૂળતા થઇ, અરે! એનો વિયોગ થાય છે, મિત્રાદિથી મારો વિયોગ થશે. આ વહાલા મિત્રો, વહાલા દીકરા સામુ જોવે ત્યાં રોવે છોકરાઓ આમ રોવે, અરે બાપા જાય છે હવે.

(**શ્રોતા** : બાપા ન જાય તો કોણ જાય) એ બાપા જાય છે ઇ સગવડતાને માટે રોવે છે. મરીને નરકમાં જાય તો અમને ક્યાં નાવું છે એને? આહાહા! બરાબર હશે? (**શ્રોતા** : એમ જ છે) એની સગવડતા ને એના બાપા હોય, બેઠા હોય, દુકાને બેઠા હોય, (**શ્રોતા** : માથે છત્ર એમ કહે) હેં? આહા! બાપા હતા, માથે છત્ર હતું છત્ર. (**શ્રોતા**: તમને કહે....) હા એમ. બાપા હતા, છત્ર હતું તમને, અને તમારે નિશ્ચિંત કામનુ બાપ બાપનું માથે છત્ર ભઇ! એને શું હોય. આવા ગાંડા વાતું કરે અંદર. પાગલ ભેગા થાય. આમે એમની હૈયાતિમાં તમારે એટલી પ્રવૃત્તિ નહોતી જરૂર નહોતી, હવે તમારે માથે બધું પડયું. એય કાંતીભાઇ! આવી બધી વાતું કરે માળા. આહાહા! ઓલો મરીને ક્યાં જશે એનો એણે વિચાર કર્યો છે? અને આ દેહ છૂટીને હું ક્યાં પણ એ દેહને પોતાનો માને એમાં છૂટીને જાવું'તું ક્યાં એને? આહા! દેહના નાશે પોતાનો નાશ.

એના એ મકાન એ દસ-દસ લાખના મકાન હોય અને અત્યારની આ બધી શું કહેવાય ફર્નિચર, હેં? કબાટો આમ ભર્યા હોય, રમકડાંના ને ફલાણાના ને કાચના ને અરીસાના, જુદી જુદી જાતના આવે છે ને અત્યારે તો. પૂતળા એક આમ ને તેમને હવે એમાંથી એને જાવું,. (**શ્રોતા** : કઠણ પડે) એક ફેરી કહ્યું'તું ત્યાં, લીલાધરભાઇને ત્યાં, લીલાધરભાઇ રાજકોટ (**શ્રોતા** : લીલાધર) હા એને ત્યાં તો બધું દાદરા પણ આમ સાફ સુફ બધા. લીલાધરભાઇ અને એના દીકરા શું છબીલ ને? છબીલભાઇ. ત્યાં વહોરવા ગ્યા'તા ત્યાં દાદરા બાદરા આમ સાફ સુફ, પાલીસ આમ બધું, બધું આમ જોવોતો. મેં કહ્યું કે આમાંથી નીકળવું આકરું પડશે (**શ્રોતા** : ચોવીસે કલાક નોકરો હોય, સાફ જ રાખે) કર્યા જ કરે. લૂગડાં રાખે મોટા ને તે લાકડાને સાફ જ કર્યા કરે ઇ. દાદરા ને ઓલા પાટલા હોય એમાં પાછા ખુરસીઓ હોય, મહેમાન આવે ત્યાં બેસે ને બેઠા બેઠા ખાય.

હમણાં આજ કહેતા'તા ભાઈ જેંતિભાઈ ઓલા લાડવા ખાય છે ને ત્યાં. શેત્રુંજય નહિં ? લાડવા મળતા, (**શ્રોતા** : હા મળે) ત્યાં ઈ તો ત્યાં થાળી મૂકે હેં ? તે ઠેકાણે તો આ બધા આમ ખુરસીઓ, ટેબલો, ટેબલ ને કરોડપતિ આવે, ત્યાં ખુરસી પર બેસી જાય. ટેબલ પર મૂકે થાળી અને લાડવા આવે. ઓલા હેઠે લાડવા ખાતા'તા. અમેય ખાધા'તા પહેલાં, ઘણા વર્ષની વાત છે. અમારા શીવલાલભાઈ ને હું બે હતા. શીવલાલભાઈ હારે નહિં ? જાત્રા કરી હતી. બેન હતા ગામમાં. હરકોરબેનનો મોટી મોતીશાની ધર્મશાળામાં અગ્રેસર. પછી પછી આંહી ખાય. મોડુ થઈ ગ્યુ'તું પછી ખાધું ત્યાં ઘરે પણ આંહી લાડવા ને ખાધું.

આજ કહેતા'તા કે એટલી સગવડતા કરી છે હવે, તમે એકવાર મહારાજ આવો હવે જોવા. મંદિરને પાંત્રીસ લાખનો તો એક દરવાજો બનાવ્યો છે ઉપર. શ્વેતાંબરનું મંદિર છે ને જે મુખ્ય એના દરવાજામાં પાંત્રીસ લાખ નાંખ્યા છે. કારણકે આ ઓલા ધર્મના પૈસા સરકાર લઈ જશે એ કરતાં નાંખો આમાં પથરામાં. જેંતિ કહેતા હતા આવું બધું એવું ઠાઠ પડી ગયો હતો. માથે રાખે. છઠ્ઠી સાલમાં ગ્યા'તા ને પચ્ચીસ વરસ થઈ ગયા. હવે તો પડી ગયો છે એક મોટો માથે બાથે. શું પણ હવે ન્યાં ? પચાસ લાખના બંગલા ને મોટા એ શોભા છે ? આહાહા ! અમે કરાવ્યા પૈસા ખર્ચીને એ પણ એક મિથ્યાત્વભાવ છે. (**શ્રોતા**ઃ કોને કરે) હેં ?

પરમાણુની પર્યાયને કાળે તે પર્યાય તેનો જન્મક્ષણ છે માટે થઈ આહાહા ! આકરું ભારે. પરમાણુનો તે સમયનો, તે પર્યાયનો, કાળ હતો માટે ત્યાં થાય છે. આવી વાત બેસવી જગતને કઠણ પડે. અભિમાની છે ને, જ્યાં હોય ત્યાં અમે કરીએ, અમે કરીએ. દુકાનમાં થડે અમે બેસીએ ત્યારે ઘરાકને સાચવીએ. પેદા થાય એ કંઈ માલ વિનાનો બેસે એનાથી થાતા હશે ? લ્યો આ બધાં એક ફેરે બળી ગ્યું હતું બધું લ્યો. (**શ્રોતા**ઃ વીમો ઉતરાવ્યો હોય) બધું બળી ગયું હતું પછી વળી કાંઈ મળ્યું હશે શું કહેવાય ? શું કહેવાય ? (**શ્રોતા** : વીમો, વીમો) વીમો. ઈ તો હિંમતભાઈને ત્યાં બળી ગયું હતું ને પંચકલ્યાણકમાં. પણ પૈસા પાછા મળી ગયા. પંચકલ્યાણક વખતે અને પા(૦ા), પા(૦ા) કલાકમાં ઉડી ગયું બધું એવા ભડકા થયા હેં ?

(**શ્રોતા** : બીજું કંઈ પાછું બનાવ્યું એ ઉડી ગયું) અરે ! એ તો થવા કાળ બાપા થાય એમાં શું ? આહાહા ! આ હિંમતભાઈ જેવા હુશિયાર માણસ હતા ત્યાં લ્યો કર્તા. (**શ્રોતા** : આપ અમારી હુશિયારી હાલવા દયો તો ને !) આહા ! દેહાદિ, મિત્રો

આદિ, મકાનમાં શણગારેલી બધી મકાનમાં શું કહેવાય ? ફર્નિચર. એમાં આત્મબુદ્ધિ આવે એ મારા.. મારા, મેં ભેગા કર્યા આહાહા ! મેં મારા બાહુબળથી આ બધું ભેગું કર્યું, બાપ પાસે કાંઇ નહોતુ. આવું હતું કાંઇક હરગોવિંદભાઇ પાસે, આટલું બધું ક્યાં હતું ? એ નોકરી કરતા ગઢે જઇ. લ્યો અમે આ મેળવ્યું આવું કર્યું લ્યો. શાંતિભાઇને ત્યાં બહુ ધનબાદમાં ઘણી જમીન મળી ગઇ. ઘણાં લાખો રૂપિયા ઉપજ્યા. આ શાંતિભાઇ ! નહિં નહિં તોય પાંચ-દસ લાખ રૂપિયાની જમીન બધી, કેટલી મોટી. ઓહોહો ! ઉભો રે પણ ! કોની જમીન ને કેના પૈસા બાપુ ! આહાહા !

કહે છે કે જેને એમાં પર પદાર્થ દેહાદિમાં બધું આવ્યું પછી શરૂ તો આંહીથી કર્યું. દેહાદિમાં દઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદષ્ટિવાળો, બહિરાત્મા એટલે બહિર ચીજને પોતાની માનનારો, શરીરથી માંડીને બધી પરચીજ. આહાહા ! આ વજુભાઇને બિચારા જુઓને કેદમાં નાંખ્યા છે, ચીમનભાઇના ભાઇ હેં ? અમે ગ્યા'તા હોં અમદાવાદ ત્યારે હજી ઘરે હતા. ઓલું રૂમનું ધારીને કંઇક થોડુ રાખે. ગ્યા'તા અમે, ગ્યાને રોવા માંડયા. નહિંતો માણસ તો વીર્યવાળો માણસ છે. પછી બહેન ઘરે બૈરા કહે શું કરો છો આ ? ઓલી કહે કારણકે જેલમાં હું હવે ક્યારે છૂટવાનો એ કાંઇ નક્કી ન મળે. આહાહા ! ભારે વાતું બાપા. જેને પ્રેમથી પાળ્યા, મોટા કર્યા, રાખ્યા હવે એના વિયોગમાં રહેવું હેં ?

કહે છે એ પોતાનો નાશ એટલે મરણ જોઇને આહાહા ! જોયું અવલોકીને મિત્રાદિથી મારો વિયોગ થશે. અરે ! આ વહાલા દીકરાઓ ક્યાં મળશે હવે ? આહાહા ! આ બાયડી આમ રોતી હોય ધ્રુસ્કે ધ્રુસ્કે, છાતી ફાટ, આંખોમાંથી ધારા હાલતી હોય, અરેરે ! આ ક્યાં મળશે હવે થઇને. આ અજ્ઞાનીને આ બધા દુ:ખના દાવાનળ સળગે છે એ વખતે કહે છે દેહ છૂટવા ટાણે. આહાહા ! એમ સમજીને મરણથી અત્યંત ભય પામે છે. આહાહા ! હાય હાય આ છૂટી જશે આ બધું ! એ છૂટી જશે એટલે મારો નાશ થઇ જશે એમ. દેહનો નાશ એટલે મારો નાશ. આહાહા ! જુઓ, આ સમાધિ-અસમાધિના લક્ષણનું વર્ણન કર્યું છે. દેહ છૂટવાનો કાળ તો આવશે. એમ કાંઇ એ, આ દેહ દેહમાં આવશે કે બીજે દેહે. આહા !

હાય હાય ! હાથે ઉંચો થતો નથી. લ્યો તમારા ત્યાં રહેતા'તા નહિં કરસનજીના બનેવી હતા એક, તમારા ઓરડામાં (રહેતા) બાણુ(૯૨)માં. આ કરસનજીભાઇ નહોતા આંહી વિષ્ણુ, કેવા કહેવાય કરસનજી નહિં, લાલુભાઇના જમાઇ. લાલુભાઇ લીમડાવાળા. કરસનજી હતા ને ક્યાંક બીજે ગ્યા છે. આંહી રહેતા. (**શ્રોતા :**

મોદી) મોદી હા, ઇ વિષ્ણુ એના બનેવી હતા ઘોઘાના વિષ્ણુ, પછી તમારા મકાનમાં રહેતા ત્યાં અમે એને માંગલિક સંભળાવવા આવ્યા હતા. દાક્તર બાક્તર પૈસાવાળો માણસ એટલે બધાં ઈંજેક્શન તૈયાર આમ. માંગલિક સાંભળવાનોય વખત ન મળે. પણ માણસ જરીક ડાહ્યો હતો માળો હં જરી. હતો વિષ્ણુ ભલે, એમ બોલ્યો મહારાજ, વસ્ત્ર જીર્ણ થઇ ગયું છે હવે નવું વસ્ત્ર આવશે એમ બોલ્યો ભાઇ કંઇક. શરીરનું વસ્ત્ર જીર્ણ થઇ ગયું છે એ નહિં રહે.

સમાધિશતકમાં તો એમ આવ્યું છે ક્યાંક બીજે હેં ને ? મૃત્યુ મહોત્સવમાં. એ ક્યાંક છે, કે એમાં જ હશે શ્લોક એમાં. એમાં છે ? એમાં શ્લોકમાં છે ને ? પછીમાં હશે ને ? છે જુઓ. આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી. મરણને તે મિત્ર સમાન માને છે, એને એક મહોત્સવ તરીકે, ઓહોહો ! આ ગતિ ફેરવવાના કારણમાં તો મરણ કારણ છે. અને મારે જ્યારે ગતિ ફેરવીને જાવું છે મોક્ષમાં કે કાં સ્વર્ગમાં આહાહા ! એ મૃત્યુ વિના કોણ આ ફેરવે ? મૃત્યુ વિના મારે જાવું છે સ્વર્ગમાં અને કાં મોક્ષે, દેહના છૂટવા વિના એ થાત ક્યાં ? માટે દેહનું છૂટવું તે મિત્ર છે મારો. આહાહા ! મારી દશાનું પ્રાપ્તપણું મૃત્યું પછી થવાનું એ મૃત્યુએ મને કરાવ્યું છે. આહા ! છે ને ઇ ? મિત્ર સમાન તેને એક મહોત્સવ તરીકે, તે નિરાકુળતાવાળો આત્મસ્વરૂપમાં સ્થિર થઇ સમાધિમરણ સાધે છે. આહા ! ઇ ત્યાં કહેશે જુઓ. ગર્ભથી લઇ આજ સુધી દેહ પિંજરામાં તું અનેક પ્રકારનાં દુ:ખ ભોગવતો પડયો. મૃત્યુ રૂપી બળવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ પિંજરામાંથી મુક્ત કરી શકે એમ છે ? આહાહા ! માળે નાંખ્યું છે બધું ગોતીને. છે ને અઠ્ઠોતેર(૭૮) ગાથામાં છે. આહાહા !

છોતેર(૭૬)નો ભાવાર્થ: અજ્ઞાની જીવ શરીરને જ દ્રઢપણે આત્મા માને છે તેથી શરીર છૂટવાના સમયે, મરણ સમયે પોતાના આત્માનો નાશ. હાય ! આપણે મરી જઇશું હવે મરી જશું. કોણ મરે પણ ? આત્મા મરે ? (**શ્રોતા** : ન મરે) આત્મા જન્મે ? આહાહા ! એ તો દેહનો સંયોગ એને જન્મ કહેવાય અને દેહના વિયોગને મૃત્યુ કહેવાય. આત્મા જન્મે નહિં ને આત્મા (**શ્રોતા** : મરે નહિં) સાચું હશે ? આ છોકરાઓને બેસે કે નહિં આ. આ તો છોકરાઓને સમજાવ્યું છે. ( આત્મા તો જાણનાર ને દેખનાર છે) હેં ? દેખનાર. તો દેહ છૂટે તો કાંઇ મરી જાય એવો છે ઇ ? અને ઇ જન્મે છે ? એ તો છે એમ અનાદિનો છે. આહાહા ! એવું જાણીને શરીર છૂટવાના કારણે પોતાના આત્માનો નાશ કરીને, સ્ત્રી-પુત્ર-મિત્રાદિથી વિયોગ એ બે વાત જાણી મનથી ઘણો જ ભય પામે છે. આહાહા ! એક તો શરીરનો નાશ થશે એટલે મારો નાશ થશે એમ. આહાહા ! અને મરણ

સમયે પોતાનો નાશ તેથી સ્ત્રી-પુત્ર-મિત્રાદિ એનો વિયોગ બેનો એને ત્રાસ છે એને અંદર. આહાહા! આ વહાલાનાં જેણે રક્ષા કરી એ બધા ક્યાં આવશે ભેગા? કોણ આવશે? ક્યાં જશે? આહાહા! બધા આંહી પડયા રહેશે. રોતા રહેશે આંહી. અજ્ઞાની ને શરીર ઉપરના પ્રેમની બુદ્ધિમાં, મરણ ટાણે આવો એને ત્રાસ થાય છે. જ્ઞાનીને ત્રાસ થતો (શ્રોતા : નથી) આહાહા!

વિશેષ કહેશે...........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં પરિણતિના ષટ્કારની ક્રિયાનું લક્ષ છૂટી જાય છે. પર્યાયના ષટ્કારની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું એમ લક્ષ કરતાં સમ્યગ્દર્શન થાય છે. વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકનાં પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.**

**દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર ૧૦૦**

# પ્રવચન – ૮૯

## શ્લોક – ૭૬ અને ૭૭

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૪.૦૭.૭૫**

**देहे स्वबुद्धिर्मरणोपनिपाते किं करोतीत्याह-**

**દ્ઢાત્મબુદ્ધિર્દેહાદાવુત્પશ્યન્નાશમાત્મનઃ ।**
**મિત્રાદિભિર્વિયોગં ચ બિભેતિ મરણાદ્ભૃશમ્ ।।૭૬।।**

દેખી લય[1] પોતાતણો, વળી મિત્રાદિ વિયોગ,
દ્રઢ દેહાતમ બુધ્ધિને મરણભીતિ બહુ હોય ।। ૭૬ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

પંચોતેર(૭૫) ગાથાનો છેલ્લો ભાગ છોત્તેર(૭૬) નો **ભાવાર્થ**: જે પુરુષોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેમને માટે મૃત્યુ ભયનું કારણ છે. દેહ છૂટવાનો કાળ એને ભયનો કાળ છે. કારણકે એને દેહ એ મારી ચીજ છે એમ આસક્તિથી માની છે તેથી એને દેહ છૂટવા કાળે ભય થાય. હાય હાય! દેહ છૂટશે. કારણકે તે માને છે કે મારા શરીરનો નાશ થતાં સ્ત્રી-પુત્રાદિથી વિયોગ થશે. એ મકાન પાંચ પાંચ દસ લાખના હોય, એ ફર્નીચર હોય, ભેંસુ ગાયું દૂધ માટે તૈયાર રાખી હોય આમ દૂધ જોઈતું હોય તો, હવે એમાંથી એને ખસવું. (**શ્રોતા** : ચાકરી કરનારા હોયને) રાખનારા પણ ક્યાં રાખે? પણ એના પ્રત્યે જેને આસક્તિ છે અને એનાથી જેને પોતે શોભા માને છે, એને મૃત્યુ ટાણે છૂટતાં ભારે દુઃખ થાય છે. (**શ્રોતા** : ભગવાનના નામે બધું રાખે એમાં રાગ ક્યાં છે? ચક્રવર્તી પણ બધું રાખે છે) એ તો પુણ્યનો ઉદય હોય અને એવો સંયોગ આવે. ચક્રવર્તીને પુણ્યના ઉદયે ચક્રવર્તી પદ મળે એથી શું? એ ચીજ મને શોભાદાયક છે ને મને લાભદાયક છે એમ છે નહિં.

(**શ્રોતા** : ... અપટુડેટ રાખે) કોને અપટુડેટ રાખે? શરીરને રાખી શકે નહિં તો વળી કપડાં ફપડાં સરખા રાખે ને આ ટોપી ને. આહાહા! જેને બાહ્ય પદાર્થ પ્રત્યેની અનુકૂળતાથી જેને રસ છે ને પ્રેમ છે, એને એના છૂટવા કાળે બહુ ભય થશે, દુઃખ થશે. આહાહા! આ શરીરનો એક કટકો પણ હારે નહિં આવે. આહાહા! (**શ્રોતા**: રાખ થઈ જાય રાખ) એ વળી પછી થશે પણ છૂટવા ટાણે દેહ અહિંયા આમ ને આમ પડયું રહેશે. આહાહા! (**શ્રોતા** : શરીરને જીવ દગો દે છે, જીવ એને મૂકીને વયો જાય છે) શું કરે? સ્થિતિ પૂરી થાય તો જાય પણ એ છોડતો નથી, એ છૂટી જાય છે. છોડ તો તો હું આત્મા છું, આનંદ સ્વરૂપ છું. આહાહા! સવારમાં ન આવ્યું વળી? કે એ આનંદ સ્વરૂપ છું એવા પરિણમન વાળો જીવ, એમ માને છે કે આ શરીરાદિના કર્તા-કર્મ-કરણ-સાધન હું નથી એમ માને છે. ભેદજ્ઞાન થયું છે ઈ એમ માને છે, એમ કહેવું છે ત્યાં. આહાહા!

હું એક આત્મા શુદ્ધ, ચૈતન્ય મૂર્તિ, નિર્વિકાર, પરમાનંદ સુખરૂપ લક્ષણ સંપન્ન તો એની પર્યાયમાં આનંદનું પરિણમન, શાંતિનું પરિણમન થાય તે ભેદજ્ઞાની જીવ એ શરીરને વાણી ને મનનું કર્તાપણું પુદ્ગલનું છે એ મારું નથી એમ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા! મારી ક્રિયા તો એને થાય તેને જાણવાની. એનું અસ્તિત્વ છે માટે જાણવાની એમેય નહિં. મારો સ્વભાવ જ એવો છે કે મને જાણતાં ને પરને જાણતાં મારી પર્યાય સ્વતંત્ર પરિણમે છે. આહાહા! એ પરિણમનની પર્યાય પણ જેને ફેરવવી નથી. આહાહા! જેનું લક્ષ જે પર્યાય છે એનું લક્ષ પણ ધ્રુવ ઉપર છે. આહાહા! એટલે પર્યાયનો

પલટો ખાય એ પણ પર્યાયથી પલટો ખાય છે, આહાહા! એમ પર્યાય જાણે છે. એને આ પર વસ્તુનું કરવું અનુમોદન કર્તા એ હું નથી. એના જ્ઞાનમાં એ યથાર્થપણે આવ્યું એમ. આહાહા! સમજાણું કાંઇ ?

આંહી એના જ્ઞાનમાં, આસક્તિમાં જે પડયો છે એટલે બહિરાત્મા છે એને શરીરનો નાશ થતાં આંહી શાસ્ત્ર કહે છે છોત્તેર(૭૬)-સિત્તોતેર(૭૭)માં શરીરની ગતિ ગતિ કહેશે. ગતિ એટલે નાશ. એમ શરીર ગતિ કરે, જાય, નાશ થાય. આહાહા! હવે મને તેમના સંયોગનું સુખ નહિં મળે એમ અજ્ઞાની માને છે. આહાહા! જ્યારે ત્યારે ઉની ઉની રોટલી, ચોખા, દાળ, ઓસામણ તાજા ઉના એ બધું, આ સ્ત્રી કુટુંબનો પરિવાર હોય તો એ મળે, એ ન હોય તો આપે કોણ? એમ અજ્ઞાની માને છે એથી એને એના વિયોગે દુઃખ થાય છે. આહાહા! આ બધા મારા સંયોગી અનુકૂળનાં સાધન હતાં. ભાવમાં એને પોતાની ચીજ જે ભિન્ન છે એમ ભાસ્યું નથી, એથી આ સંયોગી ચીજમાં હું છું અને એ સંયોગનો વિયોગ થતાં એને દુઃખ થાય છે. આહાહા!

હવે મને એમના સંયોગનું સુખ મલશે નહિં. આવા વિયોગના દુઃખથી તે મરણથી બહુ બીવે છે. આહાહા! એવા વિયોગને કારણે સંયોગ છે એનો વિયોગ. સંયોગ છે એનો વિયોગ થાય જ તે. આહાહા! સંયોગનાં સંબંધમાં જેણે મમતા કરી છે એને વિયોગના કાળે એને દુઃખ થયા વિના રહેશે નહિં. આહાહા! હેં? (**શ્રોતા** : જેટલો રાગ કર્યો એટલું દુઃખ) જેટલો અંદર પ્રેમ છે તેટલો વિયોગે દુઃખ થશે એને. આહાહા! એ છોત્તેર(૭૬) કીધી. જેને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ છે એટલે ભેદજ્ઞાન છે જેને, આહાહા! ભગવાન આત્મા શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપી, પરમાનંદનું ધામ એવું જેને ભાન થયું છે એને આત્મામાં આત્મબુદ્ધિ છે. સમજાણું કાંઇ ? આહાહા!

એ કીધું હતું ને! એક દામનગરમાં એક હતા શેઠ, આમ હોંશિયાર ગણાતા, લૌકિકના કાર્યમાં ને બધે ભાગ બહુ લેતા. મરણ ટાણે જોવા આવે બધા શેઠિયાઓ ગામનાં. ખુશાલભાઇ હતા. આ જગુભાઇ નહોતા મોટા જગુભાઇ ગઢડા વાળા? આંહી રહેતા ને જગુભાઇ ને? એના બાપ હતા. જગુભાઇ રહેતા આંહી મોટા આપણે દામનગરવાળા નહિં? ત્યાં રહેતા ને ઓલા મણીભાઇની જોડે નહિં? વળાના ઉતારામાં આ ગઢડા વાળા નહિં? એના બાપ હતા. આબરુદાર. આમ બહારમાં શેઠિયા ને બધા કામકાજ સંસારના હોય ત્યાં પહોંચી વળે, જાય, અને છાપ પડે એની એટલે છેલ્લે સ્થિતિ આવી તો જોવા માણસો બહુ આવે ગામના. અને આંખમાંથી આંસુની ધારા હાલે.

અરેરે ! આહા ! મેં મારું કાંઇ ન કર્યું ને આ બધી સંસારની અનુકૂળતા કરવામાં મારી જીંદગી ગઇ એમ બિચારા ખુશાલભાઇ હતા, એક આંખ ઓલી હતી. આહાહા !

આ તો એટલું કે કહેવાતા ડાહ્યા માણસ એ લૌકિક અપેક્ષાએ. આહાહા ! એ આમ નિધિએ જાય અંદરથી ભાઇ. આહાહા ! અને ભણકાર વાગ્યા કરે થઇ રહ્યું. આ બધું ગામનું ને બધાનું સાચવ્યું એ કોઇ અહીં મદદ કરવા આવતું નથી. આહાહા ! આ બધું મૂકીને હવે જાવું છે. આહાહા ! અને તે પણ મેં મારું કર્યું નહિં અને આમાં હવે થઇ રહ્યો, આહાહા ! આંસુની ધારા હાલી જાય અંદરથી. ઓલી નહિં ભાઇ આપણે નેવું(૯૦)માં ? ઓલા મ્યુનિસિપાલટીના, નામ શું હતું એનું ? હા ઇ. (**શ્રોતા :** પ્રેમચંદભાઇ) પ્રેમચંદભાઇ. નેવુ(૯૦)માં પ્રેમચંદભાઇ હતા. આહાહા ! શરીર બરીર બહુ મજબૂત, લાંબુ લઠ્ઠ જેવું શરીર પણ ક્યાં ગયા હશે આ લગનમાં ? એમાં જલેબી બલેબી ખાધી હશે ને આ બધું એમાંથી આ બેય આમ થઇ ગયું, જડબેસલાક કફ. શ્વાસ લીધો લેવાય નહિં, મૂક્યો મૂકાય નહિં અને શ્વાસ પીડા, પીડા, પીડા.

દેરાવાસી હતા. પણ ચોમાસામાં હું ત્યાં હતો એટલે માણસ આવ્યો કહે મહારાજ દર્શન કરવા છે, માંગલિક સંભળાવો. હાલો ભાઇ કીધું બેઠા, તળાઇમાં સૂતા'તા. રૂપાળું શરીર ને મોટું ખાધે પીધે લઠ્ઠ પણ થઇ રહ્યા, બેય (ફેફસાની) આ નળીઓ ભરાઇ ગયેલી કફથી. આંસુ તો હાલ્યા જાય બેય આંખમાંથી અને બાયડી બેઠી માથે ત્યાં ખાટલે પૂછે પૂછવું હવે શું કે આ જાય છે તો પૂછી લઇએ પણ આ શું કરો છો પણ હવે આ ? આહાહા ! અકસ્માત થઇ ગયું કારણકે ક્યાંક લગનમાં ગયા હશે બે ત્રણ દિ' તે દિ' તો નેવું (૯૦)ની વાત છે ને ? કેટલા વરસ થઇ ગયાં ? હેં ? (**શ્રોતા :** લગનમાં ગયા હતા) લગનમાં ગયા હતા, ચાલીસ વરસ થયા.

એ પહેલાં તો બધું બહુ હતું ને હવે બધું થઇ ગયું સરખું. ત્રણ ત્રણ દિ' સાચવે, આ બધું કરે એમાંથી આ થઇ ગયું. આહાહા ! માંગલિક સાંભળતાં પણ આંસુની ધારા હાલી જાય. સહન ન થાય. આહાહા ! માથે બાયડી ખૂણે તળાઇ પર બેસીને પૂછે શું કરો છો આ તમે કીધું ? હવે આ જવાની તૈયારીયું આ દેહ છૂટવાની. એય ! હવે એને જવું છે આ દેહ છોડી અને આ તમે આ બધું શું કરો છો ? એ રતિભાઇ, તમે નહિં ઓળખતા હો, પ્રેમચંદભાઇ હતા સદરનાં, મ્યુનિસિપાલીટી નોકરી, ઘેટાં બેટાને મારવા હોય તો એ તપાસ કરીને મરાય. આહાહા ! ઓલા તલેટી. પાસ કરી દયો કોઇ. ક્યાંક સડેલા ન હોય ઓલા ન હોય એમ બધું ખબર છે એ વખતે. દેરાવાસી હતા. પણ આમાં આમ તો

અમારો પ્રેમ હોય. બધાને હતો તે દિ’ ક્યાં સમજ હતી ?

માંગલિક સંભળાવતાં પણ આંસુની ધારા, ક્યાંય લીધા લેવાય નહિં. એ ને બીજા ભાઇ નહિં આપણે પૂંજાભાઇના દિકરા અમુલખ, બેચરભાઇના કુટુંબી, બેચરભાઇના નાના ભાઇ રાજકોટ. એ છેલ્લી સ્થિતિએ આખું કુટુંબ ભેગું થયું. ઓરડો બધો નાનાલાલ ભાઇ, બેચરભાઇ, મોહનભાઇ, વરુણ, અરે આખું કુટુંબ. હવે આંહી તૈયારી નવી પરણેલાંને એમાંથી આ તૈયારી ઉપાડવાની. આહાહા ! બોલાવ્યા મહારાજને કે હાલો મંગલિક પણ ત્યાં બિચારો લીધે જાય હોં. આહાહા ! બેચરભાઇએ જરા એને રકાબી આપી. રકાબીમાં કાંઇ મોસંબી કાંઇ હતું. હશે કાંઇ અચેત, આમ વહોરાવે. હાથ ઝાલ્યા રહે નહિં, હાથ એ બેચરભાઇ ઝાલી રાખે એને તો પીડાનો પાર ન મળે. આહાહા ! એને માન્યું છે મારું એનાથી જુદો પડયો નથી, એને જુદા પાડવા ટાણે (રાગ) રાડ નાંખી દેશે એ. સમજાણું કાંઇ ? આહાહા !

બધા બિચારા રોતા હોં ! બેચરભાઇ રોવે, નાનાલાલભાઇ હતા, બધા હતા મોહનભાઇ બધા. એના કાકાનો દિકરો છે ને પૂંજાભાઇનો દિકરો. આહાહા ! આ જુઓ સંસાર. આ સંસાર. ઓળખતા’તા તમે કે નહિં ઓળખતા હોય. (**શ્રોતા** : હતા ત્યાં) હતા ? લ્યો ઓલા ઓરડામાં (**શ્રોતા** : સાંભળ્યા પછી આ ન મળે) આ તો મળે, સાંભળેલાની સાંકળ મળે. બધા આખું કુટુંબ ભેગું થયું, એને તો પીડાનો પાર નહિં. બેય ફેફસા ભરાઇ ગયેલાં. શું કહેવાય તમારા ડબલ ? ડબલ ન્યુમોનિયા. આહાહા ! બાપુ એ તો જડની દશા. જેણે આત્માને જડથી રાગથી ભિન્ન છે, ઇ રીતે જાણ્યો નથી, એ રીતે માન્યો નથી, એ રીતે માણ્યો નથી. આહાહા ! એનું માણવું એટલે આનંદની દશામાં અંદર પ્રગટ થઇને માણવું. એ રીતે જેણે જાણ્યું, માન્યું ને માણ્યું નહિં એને શરીર ટાણે છોડવા ટાણે, આહાહા ! આંતરડે આંતરડાં ભીંસાસે હેં ? આંહી કહે છે.

**यस्तु स्वात्मन्येवात्मबुध्धिः स मरणोपनिपाते किं करोतीत्याह –**

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः ।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम् ।। ७७ ।।**

**નિજમાં નિજથી આત્મથી માને તન-ગતિ ભિન્ન,**
**અભય રહે જ્યમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ।। ૭૭ ।।**

**टीका** : आत्मन्येवात्मस्वरूप एव आत्मधीः अंतरात्मा शरीरगतिं शरीरविनाशं शरीरपरिणतिं वा

बालाद्यवस्थारूपां आत्मनो अन्यां भिन्नां निर्भयं यथा भवत्येवं मन्यते। शरीरोत्पादविनाशौ आत्मनो विनाशोत्पादौ (उत्पादविनाशौ इति साधुः) न मन्यत इत्यर्थः। वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहणमिव ।।૭૭।।

પરંતુ જેને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ છે તે મરણ નજીક આવતાં શું કરે છે ? તે કહે છે -

**અન્વયાર્થ** : (आत्मनि एव आत्मधीः) આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિવાળો અંતરાત્મા (शरीरगतिं) શરીરની ગતિને-શરીરના વિનાશને (आत्मनः अन्यां) આત્માથી ભિન્ન (मन्यते) માને છે અને (वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहम् इव) મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી (निर्भयं मन्यते) પોતાને નિર્ભય માને છે.

**ટીકા**: આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો-અંતરાત્મા, શરીરની ગતિને એટલે શરીરના વિનાશને અથવા બાલાદિ અવસ્થારૂપ શરીરની પરિણતિને નિર્ભયપણે (નિઃશંકપણે) આત્માથી અન્ય - ભિન્ન માને છે, શરીરના ઉત્પાદ-વિનાશને આત્માનો ઉત્પાદ-વિનાશ એ માનતો નથી એવો અર્થ છે, જેમ વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય વસ્ત્રનું ગ્રહણ કરવું તેમ.

**ભાવાર્થ** : અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે, બંન્નેને એકરૂપ માનતો નથી, તેથી તે શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી, અર્થાત્ શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશથી આત્માનો નાશ માનતો નથી. જેમ એક વસ્ત્ર તજી બીજું વસ્ત્ર ગ્રહણ કરતાં શરીરને કાંઇ થતું નથી, તેમ એક દેહ તજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઇ થતું નથી એમ સમજી તે મરણ સમયે નિર્ભય રહે છે, મરણથી ડરતો નથી.

## વિશેષ

જ્ઞાની સમજે છે કે જેમ મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો કદી નાશ થતો નથી. આવી સમજણને લીધે તેને કોઇ પણ પ્રકારની આકુલતા રહેતી નથી. તે મરણ પ્રસંગે નિર્ભયતા સેવે છે અને આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે. જ્ઞાની મરણ સમયે વધુ દઢતા માટે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે :-

'હે આત્મન્, તું તો જ્ઞાન રૂપી દિવ્ય શરીરનો ધારી છે, માટે સેંકડો કીડોના

સમૂહથી ભરેલા આ જીર્ણ-શીર્ણ શરીરરૂપી પીંજરાના નાશ સમયે તને ભય કરવો ઉચિત નથી.'

'હે આત્મન્, આ મૃત્યુરૂપ મહોત્સવ પ્રાપ્ત થવાથી તું કેમ ડરે છે? કારણકે આ મૃત્યુદ્વારા તો તું જ્ઞાનાદિક સ્વરૂપમાં સ્થિત રહીને અન્ય શરીરરૂપ નવા નગર તરફ ગમન કરે છે.'

'ગર્ભથી લઈ આજ સુધી, દેહ પીંજરામાં તું અનેક પ્રકારનાં દુઃખ ભોગવતો પડયો રહ્યો છે. મૃત્યુરૂપી બલવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે?'

'જે પુરુષે, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં, પોતાના આત્માનું હિત સાધ્યું નહિં, તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે?'[૧]

આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે, અને તેથી તે નિરાકુલતાપૂર્વક આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ સમાધિ-મરણ સાધે છે. ૭૭

---

# પ્રવચન – ૮૯

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः ।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम् ।। ७७ ।।**

**નિજમાં નિજથી આત્મધી માને તન-ગતિ ભિન્ન,**
**અભય રહે જ્યમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ।। ૭૭ ।।**

**ટીકા** : આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો એટલે હું તો જ્ઞાન ને આનંદનો પિંડ પ્રભુ છું એવો આત્માને જેણે અનુભવ્યો, જેણે રાગથી ને દેહથી જેની ચીજ ભિન્ન છે, એવી ભિન્નતાના ભાનમાં આવ્યો, એને અહીંયા અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું? આહાહા!

ભાવાર્થમાં અંતરાત્મા લેશે. મૂળ તો અહીં ભિન્ન કરેલા જીવની વાત છે.

૧. 'મૃત્યુમહોત્સવ' - શ્લોક ૯,૧૦,૧૨,૧૪.

જેને રાગને વિકલ્પથી ભિન્ન જેણે કર્યો છે પર્યાય દ્વારા, એ પર્યાય પણ જ્યાં દ્રવ્યથી ભિન્ન છે. આહાહા ! જ્યાં પર્યાયનું ધ્યેય છે જે ધ્રુવ એ તો ત્રિકાળ એકરૂપ છે. એમ જેણે પર્યાયથી અંતરમાં વસ્તુના સ્વભાવને પર્યાયે સ્પર્શયો છે, એનું નામ અંતરાત્મા અને એનું નામ આત્મામાં આત્મબુદ્ધિ. આત્મામાં આત્મબુદ્ધિ. આહાહા ! આ એને કરવાનું, આ એને રમવાનું ને ઠરવાનું છે આ છે. આહાહા ! આત્મામાં જ એટલે કે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો. આહાહા ! 'હું તો જ્ઞાન સ્વરૂપે, આનંદ સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે છું' આહાહા ! એવા અંતરાત્મા (જુઓ ભાષા વાપરી છે ને ટીકામાં છે) 'आत्मधी अंतरात्मा' અંતરાત્મા એટલે એ આનંદ ને જ્ઞાન સ્વરૂપી જે વસ્તુ છે, એમાં જેણે પોતાપણું સ્થાપ્યું છે, રાગ ને દેહની ક્રિયાને વાણીથી જેણે પોતાપણું ઉથાપ્યું છે, આહાહા ! દષ્ટિ ત્યાંથી ખસેડી લીધી છે.

આ કાંઈ વાતુંના, વાતુ એ વડા થાય એવું નથી. વાતું વડા નથી કહેતા ? એમ આ વાતે વડા ન થાય. વડા આમ થાય ને તેમ થાય. અડદનો લોટ આવો હોય ને પછી એને આમ કરે ને પછી એને તેલમાં તળે પછી એના આવા વડા થાય પોચાં. અંદરમાં પોલા ફૂલીને આમ દડા થાય ને એ વાતું થાય ત્યાં વડા થઈ જાય ? (**શ્રોતા** : ન થાય) આહાહા ! એમ એને લોટ જોઈએ, એની ચીજ જોઈએ એની કળા માટે તેલ જોઈએ તળવા માટે આહાહા ! એમ આત્માની વાતું કરે એથી તે આત્મા થઈ જાય એવું નથી એમ કહે છે. આહાહા ! આત્મામાં જ એટલે આત્મ સ્વરૂપમાં જ. આહાહા ! આત્મ સ્વરૂપ એટલે કે એનું જ્ઞાન અને આનંદ એ સ્વરૂપ છે. અવિનાશી પોતે એમ એનો આનંદ અને જ્ઞાન અવિનાશી છે, એવા સ્વરૂપમાં જ પોતાપણાની બુદ્ધિવાળો આત્મ બુદ્ધિવાળો એટલે કે અંતરાત્મા. આહાહા !

શરીરની ગતિને (પાઠ છે ને शरीरगतिआत्मनः) શરીરના વિનાશને (ગતિ એટલે વિનાશ) આહાહા ! શરીરનો વિનાશનો અર્થ - શરીરની પર્યાય જે છે અહીં નજીક એનું દૂર થઈ જાય છે. રજકણોની પર્યાય એ શરીરનો વિનાશ આહાહા ! એવા શરીરની ગતિને એટલે શરીરના વિનાશને અથવા (વિસ્તાર કર્યો છે થોડો) બાળાદિ અવસ્થારૂપ શરીરની પરિણતીને બાળ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા, રૂપાળી અવસ્થા, જાડી અવસ્થા, કૃશ અવસ્થા શરીરની આદિ. આહાહા ! એની પરિણતીને નિર્ભયપણે (નિઃશંકપણે) આત્માથી અન્ય ભિન્ન માને છે એને સમાધિ થાય છે. આહાહા ! પણ જેને પરના પ્રેમમાં પડયો ને પર છૂટે ત્યારે એને અસમાધિ એટલે ભય થાય છે. આહાહા ! એક કોર ઝાડા રોકાય, ઉલટી થાય નહિં, આહાહા ! કાનમાં શૂળ પડે, લોહીના ધબકારા,

જેટલા રોગ છે એટલા તો બહાર ન દેખાય. ત્યાં અહીં આંગળ ને આંગળામાં છન્નુ રોગ. એક તસુમાં છન્નુ(૯૬) રોગ. આંહી એક એક પ્રદેશે અનંત આનંદ. આહાહા! એવા આત્માને જેણે ભિન્ન જાણ્યો છે, ભિન્ન માન્યો છે, ભિન્ન જેણે આ રાગથી ને શરીરથી જુદો છે એવો જેણે અનુભવ્યો છે, આહાહા! જેણે વર્તમાન પર્યાયને ઉંડે ઉંડે દ્રવ્ય સ્વરૂપ છે ત્યાં લઈ ગયો છે, એણે શરીરને આત્માથી ભિન્ન જાણ્યું છે. આમ છે.

દામોદર શેઠને એક ફેરે વા થયેલો વા. પૈસાવાળા એ હતા ને આંહી તો આ બાજુમાં દશા વાણિયામાં દસ લાખ રૂપિયા તે દિ' હવે અત્યારે તો કેટલાય રાંડી રાંડ બાયુમાંય દસ દસ લાખ થઈ ગયા. આ તે દિ' ની વાત છે સાઠ સિત્તેર વર્ષ પહેલા, દશાશ્રીમાળીમાં દસ લાખ તો એની પાસે હતા દામોદર શેઠ એને રોગ થયો. એવો રોગ એવો રોગ વા નો, પછી ઓલા પારા નથી બાંધતા કે પારા ભાઈ વાને પારા બાંધે પારા. પારા કાંચના અહીં ડોકમાં નાંખીને ફકીર બકીર આપેને. બધું હતું એવું બધું કે આમ પછી પીડા. અહીંયા ગામનો શેઠ, નગરશેઠ, પૈસાવાળો સંસારની બુદ્ધિવાળો. કહે છે કે મને બંદૂક મારો મારાથી સહન થતું નથી. આહાહા! એવું સાંભળ્યું'તું. આહાહા!

ગામમાં હુશિયાર કહેવાય, ઘરે ઘોડા હારયું, એક ઘોડા એમ નહિં ઘોડા હારયું, વાણિયાના રાજ નહિં પણ દરબાર જેવા, ગરાસિયા. એ ચિમનભાઈ તમારા સગા થાય અને ઘોડે બેસીને જ્યારે નીકળે એવી એક ઘોડી રાખી'તી એ ટાઈમે. મોટા રાજા દેખાય ને એ બધું. એ મરવા, મરવા ટાણે નહિં એના પહેલાની વાત છે. પહેલાની વાત બહુ રોગ એવો. મને સહન થતું નથી. બંદૂકે ઉડાવો. આહાહા! (**શ્રોતા :** મરવા ટાણે તો મને કોઈક તાણે છે) ઈ તો મરવા ટાણે. આ તો પહેલાં મરવા ટાણે તો મને કોઈ તાણે છે કારણકે દૃષ્ટિ ઉલટી ઘણી અને અભિમાન ઘણાં સેવેલાં. આકરું કામ છે, એટલે આમ ઓલી પરિણતી હીણી થવા માંડી. આહાહા! બહુ આકરું કામ બાપા! આ વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા!

કહે છે જેણે શરીરથી આત્મા જુદો જાણ્યો છે, માન્યો છે, અનુભવ્યો છે એને શરીરની ગતિ એટલે નાશ વખતે નિર્ભય થશે. આહાહા! એટલે કે એને સમાધિ ને શાંતિ રહેશે એમ. પણ જેણે ભગવાન આત્મા શરીરની પર્યાય અને રાગની દશા એનાથી ભિન્ન જાણ્યો નથી, અંતરમાં અનુભવમાં આવ્યો નથી એને શરીરની ગતિ વખતે ભય થશે, ડર થશે. આહાહા! ન્યાં કોઈ શરણ નથી. આહાહા! કહ્યું'તું ને આંહી કરસનજીના બનેવી હતા. બે બૈરા હતાં બે બૈરા. વિષ્ણુ હતા પણ માણસ ડાહ્યો મગજનો. આંહી હતો.

અરે! અહીં તમારા મકાને. બાણુ (૯૨)ની સાલની વાત છે બાણુ (૯૨)ની. (**શ્રોતા :** અહીં સેનેટોરીયમમાં) હા એના સેનેટોરીયમમાં. તે દિ' તો સેનેટોરીયમમાં ક્યાં લીધેલું એણે. પછી લીધું ને? બીજા ઘરાક બહુ થઈ ગયા, વહેલા જઈને એણે લીધું.

છોટાભાઈને એવું બધું સાંભળેલું તે દિ' તો નહોતું એનું ત્યારે એ રહેતા. દાક્તરો આવ્યા મોટા મોટા એમાં મને બોલાવ્યો. દાક્તરો ઈંજેક્શન આપે ને આ છતાં કહે મહારાજ માંગલિક મને સંભળાવો. શરીર જીર્ણ છે વસ્ત્ર ફાટી ગયું હવે આ ફાટેલું વસ્ત્ર હવે નહિં રહે એમ બોલ્યો હોં. હવે બીજુ વસ્ત્ર આવશે. હતા વિષ્ણુ પણ બિચારા માણસ આમ નાની ઉંમર. બે બૈરા ઘરે ને કરસનજી હતા આંહી. મોદી એની એક બેન હતા આહાહા! આંહી આમ પીડાતા. નાડીઓ ઝાલે ને ઈંજેક્શન આપે ને પણ ઈંજેક્શન શું કરે ત્યાં? આહાહા! કેમ કે શરીરમાં ભિન્ન આત્મા એવું તો ભાન નથી પણ આવા ઈંજેક્શનને લઈને જરી એને બહારની ભીંસ ઓછી દેખાય પણ નક્કી તો થઈ ગયું કે હવે આ શરીર નહિં રહે બિલકુલ. મહારાજ! જીર્ણ વસ્ત્ર થઈ ગયું છે શરીર, હવે બીજું વસ્ત્ર - શરીર આવશે એવું લાગે છે. આહાહા! એક રે દિવસ એવો આવશે, હેં? જાણે નીચે સૂતા હોય, મહેલને માળિયામા સૂતો સોડ તાણીને સૂતો, કાઢો રે કાઢો એને સૌ કહે. આહાહા!

અમદાવાદમાં એક દાક્તરનો દિકરો મરી ગયો, પછી એની વહુ બાંધવા નહોતી દેતી શું કહેવાય તમારું એ? ઠાઠડી. પછી ઠાઠડી બાંધવા નહોતી દેતી એટલે દાક્તર, દાક્તર માણસ ડાહ્યો જરીક. એ કહે ત્યારે આપણે એને રાખીએ અહીં પટારામાં. એય ના પાડે. બાંધવા દેવું નથી ઠાઠડીમાં તો રાખવું બેય પાલવતું નથી તો શું કરવું છે તારે? પણ ઈ તો રાખીને પાછો ભૂત થઈને આવે તો? લે. આહાહા! અને એક ઠેકાણે એવું બનેલું. મર્યોને અહીંયા હજી મદ્દું પડયું હતું અને લોકો રોકકળ હાલી આંહી અને એ, વ્યંતરમાં ગયેલો ભૂત તરીકેને? તરત આવ્યો, કેમ રોવો છો તમે? કેજો હું છું, જો હું છું તમારો દિકરો હું છું, જો હું દાખલો આપું. જો આપણે અહીંયા પૈસા દાટયા હતા. તમે કહો એટલા પચ્ચીસ-પચાસ વરસ રહું આંહી. કહે ના. લે! અમને ભય થાય કે આતો ભૂત છે. હેં?

એમ ન હાલે. પણ તારે શું કરવું પણ તારે? રોવું છોડવું નથી, મને અહીં રાખવો નથી હેં? ઓલો આવ્યો વ્યંતરમાંથી તરત શું કરવા રોવો છો? તમે કહો તો પચ્ચીસ-પચાસ વરસ આંહી રહું શરીરમાં. પણ અમને છોકરાઓ ભય પામે ગામમાં,

ઘરમાં. એ જેઠાભાઇ ! જુઓ આ બધા એના સગા, આહાહા ! ત્યારે એને બાળવા દેને ? દાક્તર કહે જવા દેને હવે, રાખવો નથી ને જવા દેવો નથી શું કરવું છે તારે ? સડશે આંહી ઘરમાં, આહાહા ! પણ બીજું શું થાય ? એ જડ છે, આ માટી છે આ તો. આહાહા ! જીવ નીકળે પછી તો આમાં સડો શરૂ થાય, સોજા શરૂ થાય, સડો શરૂ થાય, આહાહા ! આતો માટી છે. જેણે માટીને માટી તરીકે જાણી અને ચૈતન્યને ધણી આનંદનો નાથ છે, આહાહા ! એવું જેણે ભેદજ્ઞાન કર્યું છે એને શરીરના ઉત્પાદ વિનાશને આત્માના ઉત્પાદ વિનાશ માનતો નથી. છે એમાં ? (શ્રોતા : છે. બરાબર છે) ભિન્ન માને છે તે. આહાહા !

'જગતને મરણ તણી બીક છે મને આનંદની લહેર છે' એમ કહે. મને તો આનંદ છે. આહાહા ! કારણકે મરણના ભીંસ ટાણે મારું ભીંસપણું અંદરમાં વર્તે છે હવે. આહાહા ! જેનું વીર્ય અંતર વળે છે એને આનંદ છે. આહાહા ! એને શરીરના વિયોગ ટાણે પણ આનંદ છે. અને આ શાતા શીળીયા થઈને મરે કેટલાક, પાણી પીતા જ મરે છે જુઓને ક્યાંય રોગ ન દેખાય. આહાહા ! પણ જેણે એને શરીરને, શરીરના સ્વરૂપનો અજીવ અસ્તિત્વ, એની સાથે મારો સંબંધ એટલે હું તે, એને એના શરીરની ગતિ એટલે નાશ ટાણે રાગ થશે, અસમાધિ થશે, દુ:ખ થશે. આહાહા ! ધરમીને શરીરના ઉત્પાદ વિનાશને આત્માનો ઉત્પાદ વિનાશ માનતો નથી એવો અર્થ છે. સંસ્કૃતમાં છે ને ? शरीरोत्पादविनाशौ आत्मनो विनाशोत्पादौ (उत्पाद विनाशौ इति साधुः) न मन्यतः। આહાહા ! એવો અર્થ છે એમ વસ્ત્રનો.

જેમ વસ્ત્રનો ત્યાગ કરીને આહાહા ! મેલું ને સડેલું પહેર્યું હોય વસ્ત્ર એ આમ છૂટવા ટાણે, નવું ગ્રહણવા ટાણે એને દુ:ખ હોય ? ધોતિયું આ રેશમનું, રેશમનો કોટ એના આ સડી ગયા બધા વસ્ત્ર કાઢવા ટાણે આહાહા ! અને સળગતું હોય એ વસ્ત્ર લ્યોને, એ વસ્ત્રને છોડવા ટાણે એને દુ:ખ થાય ? સળગે છે ને આ શરીર. આ વસ્ત્ર સાથે અગ્નિમાં ભસ્મીભૂત થશે, ફટ છોડી દે આહાહા ! એમ કહે છે. વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય વસ્ત્રનું ગ્રહણ કરવું, તેમ ધરમીને આ શરીર છૂટીને બીજુ શરીરનો સંયોગ થશે. એમાં મારા આત્માની સાથે કાંઇ સંબંધ છે નહિં. આ વિનાશ ઓલો ઉત્પાદ એમ કહે છે. શરીરનો વિનાશ બીજા શરીરનો ઉત્પાદ. 'હું તો છું તે છું' આહાહા ! બાપુ ! આ કંઇ વાતે કાંઇ વળે એવું નથી આ. હેં ? આહાહા !

અંદર ભગવાન આત્મા, રાગથી ભિન્ન એનું અસ્તિત્વ જ પડયું છે. રાગથી એકપણે એ છે જ નહિં. આવ્યું'તું ને ? નહિં. સંધિ રાગ અને આત્મા વચ્ચે સાંધ છે,

નિસંધિ થયું નથી. આહાહા ! રાગ ને ભગવાન સ્વભાવ બે નિસંધિ નામ એક નથી થયા, સંધિ છે. આહાહા ! પથરાના મોટા પડયા હોય ઢગલા એમાં રગ પડે રગ. રગમાં મારે દારુ ને સુરંગ એમ રગ પડી છે અંદર. આહાહા ! ભગવાન ચૈતન્ય સ્વભાવનું દળ, ભગવાન સ્વભાવ સ્વરૂપનું દળ અને રાગ વિકારી ભાવ બે વચ્ચે સાંધ છે. સ્વભાવ અને વિભાવ બે એક થયા નથી. આહાહા ! ક્યાં વિકૃત વિભાવ ભાવ અને ક્યાં અવિકૃત ત્રિકાળી સ્વભાવ ભાવ ? એની જેણે સંધિ માં જેણે પ્રજ્ઞાછીણીને મારી છે આહાહા ! એટલે કે પ્રજ્ઞાની પર્યાયને અંતર્મુખ જેણે વાળી છે એણે બે વચ્ચે છીણી મારી. આહાહા !

આ માણસને એમ આકરું લાગે આ બધું. આ ખરું ને ? ભક્તિ ને પૂજા ને દાન ને દયા આહાહા ! પણ એને એવું લાગે આમ ભપકા લાગે. અમારે જેંતિ કહેતા હતા કે એક પાંત્રીસ લાખનો તો એક ઓલુ કર્યું છે મંદિરનો દરવાજો, પાંત્રીસ લાખનો દરવાજો. મહારાજ આવો હવે પચ્ચીસ વરસ થઇ ગયા ઘણાં છઠ્ઠી(૬) સાલ એકાદ વ્યાખ્યાન રાખીએ બપોરે ને જાત્રા થાય. એકાદ દિ' તો આવો એમ કહેતા બિચારા હેં ? બધું ઘણું કર્યું છે, કહે છે માથે બહુ ફેરફાર કર્યો છે એમાં શું પણ ? એમાં આત્માને શું ? આહાહા ! (**શ્રોતા** : એનો મહિમા કેટલો ?) એનો મહિમા શું ? સમોશરણની રચના ભગવાનની હોય એવી તો રચના ક્યાંય છે નહિં. એને દેખવું તોયે શું ? એ તો એક શુભભાવ છે. આહાહા ! એથી સમોશરણને દેખતાં કાંઇ ધરમ થાય છે. આહાહા ! ભગવાન પોતે છે એને દેખતાં એને આનંદ થાય છે. જે જ્ઞાન પરને જાણવા રોકાણું છે એ જ્ઞાનને સ્વને જાણવામાં રોકાવું બસ એનું નામ ભેદજ્ઞાન છે, એનું નામ આત્મામાં આત્મબુદ્ધિ છે. આહાહા !

ભાવાર્થ : અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે. રજકણે રજકણની આ ક્રિયા આત્માથી જુદી છે. આહાહા ! ભારે કામ ભાઇ ! અંતરાત્મા - ધર્માત્મા એટલે કે હું શુદ્ધ સ્વરૂપી, પરમાત્મ સ્વરૂપી, આનંદ સ્વરૂપી આત્મા છું. મારામાં દુ:ખના પરિણામ પણ જે રાગના એ પણ નથી. આહાહા ! એવું જેને સમ્યગ્દર્શન થયું છે આ તો ભઇ એવી વાતું. બહારથી આમ હો હા કરે અને માને કંઇક ધરમ કર્યો. બાપુ ધરમ જુદી ચીજ છે ભાઇ ! એક સમયનો ધરમ જનમ-મરણના અંતને લાવે. આહાહા ! ચોર્યાશીના અવતાર કરી કરીને બાપુ એ દુ:ખી છે. એ ભલે થપાટ મારીને લાલ નથી કાંઇ કહેતા શું કહે છે ? (**શ્રોતા** : મોઢું લાલ રાખે) મહોર રાખે આમ, આમ લાલ નહોય થપાટ મારીને લાલ રાખે. ઓલું લોહી બહાર આવે ને થપાટ મારે તો, હેં ? એમ આ બહારની ચીજની

અનુકૂળતા દેખી, રાગને દેખીને માને કે મેં કંઈક કર્યું, મારો ધરમ કર્યો. થપાટ મારીને લાલ કરવા જેવું છે ઇ તો. આહાહા! આહાહા!

આંહી તો પ્રભુ એમ કહે છે, કે એ રાગ છે એ મારું કર્તવ્ય છે એણે આત્માને જાણ્યો નથી. કેમ કે આત્મા તો શુદ્ધ સ્વભાવનો પિંડ છે, અનાકુળ આનંદનો રસકંદ છે, આહાહા! ત્રિકાળકંદ પ્રભુ છે, એને આ રાગનો કણ જે વિભાવ એ ક્ષણિક કૃત્રિમ એનો કર્તા એને માનવો એને સ્વભાવનો અનાદર છે. આહાહા! ભારે કામ ભાઇ! વીતરાગ મારગ એવો છે અને એ મારગ પામે એને ભવના અંત થયા વિના રહે નહિં, ભવ જ ન મળે જ્યાં. આહાહા! અનંત આનંદ આનંદ સમાધિ સુખમાં સમાધિતંત્ર છે ને! કહે છે અંતરાત્મા, આત્માને શરીરથી ભિન્ન સમજે છે, બન્નેને એકરૂપ માનતો નથી, જડના કામ જડથી, મારા કામ મારાથી એમ ભિન્ન જાણે છે, આહાહા! તેથી તે શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી.

યુવાન અવસ્થા તે એટલો હું, વૃદ્ધાવસ્થા મારી થઇ ગઇ, મારી બાળ અવસ્થા ગઇ એમ અજ્ઞાની માને છે. આહાહા! બાળ અવસ્થા, યુવાન અને વૃદ્ધ એ તો જડની અવસ્થા આની છે. આત્મા બાળેય નથી, યુવાને નથી અને વૃદ્ધે નથી. આહાહા! હા, એ રાગને, શરીરને પોતાનો માનનારો બાળ અવસ્થા અજ્ઞાન દશામાં છે, ઇ એ બાળ અવસ્થા છે. અને જેણે રાગથી ભિન્ન પાડી પોતાનું અસ્તિત્વ જેવડું જેટલું છે એટલામાં બુદ્ધિને સ્થાપીને ભિન્ન પડયો તે યુવાન છે. એ ધર્મમાં યુવાન છે ભલે આઠ વર્ષનો બાળક હો. આહાહા! અને જેણે આત્માના જ્ઞાનથી ઉપરાંત, સ્થિરતા અંદર વધતાં વધતાં જેને કેવળજ્ઞાન થઇ જાય છે, એ આત્મા વૃધ્ધ છે. એ ગુણમાં પાકી ગયો. આહાહા!

શરીરની અવસ્થા તો માટીની, આ જડની છે. આવી વાત છે ભગવાન. બહુ ઝીણી બાપુ. દુનિયાને અહીં એવું લાગે છે આ સોનગઢની વાતું સાંભળીને એ એકાંત એકાંત છે. ત્યાં તો નિશ્ચય બાપુ! આ વાત સાંભળ ભાઇ! તને ખબર નથી બાપા! ભાઇ, તારો નાથ અંદર બિરાજે છે. જ્ઞાનનો લાડવો છે ઇ, આનંદનો એ પિંડ છે, આહાહા! શાંતિનો સરોવર છે ઇ, ઓહોહો! અનાકુળ વીર્યનો એકલો કંદ છે ઇ. અરે ભાઇ! તું કોણ છો તને ખબર નથી બાપુ! અને અમે આ દયા પાળનારા ને વ્રત કરનારાને તપસ્યા કરનારા એવી માન્યતા ક્રિયાના રાગની એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! બહુ કામ ભાઇ આકરું. એને સત્ કેવું છે એની ખબર નથી. ચૈતન્ય સ્વરૂપે, સ્વરૂપે, સ્વ રૂપે તું શુદ્ધ આનંદનો નાથ છે, એવું જેને ભેદજ્ઞાન થયું એ શરીરની અવસ્થાને પોતાની માનતો નથી.

રોગ થયો તો કે મને રોગ થયો અજ્ઞાની એમ કહે છે. હું તો આખી જીંદગી રોગી છું બાપા. કહે છે લ્યો, તું પણ રોગી કે શરીર ? આહાહા ! શરીરની નિરોગતા કોઇ દિ' જોઇ નથી અમે તો ભાઇ. આખા રોગમાં ને રોગમાં ગયા. આ બાયડી હોયને, ધણી સરખો ન હોય તો એમ રોવે. અરે કોઇ દિ' ધણીના સુખ ભાળ્યા નથી. જ્યારથી શું કહેવાય ? (**શ્રોતા** : મોળિયો) મોળિયો, મોળિયો ત્યારથી આ બધું સાંભળેલું છે હં બધું. મોળિયો બાંધ્યો ત્યારથી હેરાન હેરાન, રોટલે સરખા નથી એ ચીમનભાઇ ! આ સંસારની દશા. આહાહા ! હેં ? આ તો એનું સ્પષ્ટીકરણ થાય છે. આહાહા ! જેણે પોતાના આત્માનો સ્વભાવ, વિભાવ અને શરીરથી ભિન્ન જાણ્યો તે વિભાવને શરીરની અવસ્થા મારી માનતો નથી. આહાહા ! અને જેણે વિભાવને શરીરથી આત્મા જુદો જાણ્યો નથી, એ વિભાવની અને શરીરની અવસ્થા મારી છે, એમાં એ હેરાન થઇને મરી જાય છે બિચારા આહાહા ! દુ:ખી છે ઇ. શરીરની અવસ્થામાં આત્માની અવસ્થા માનતો નથી. શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ ઓલામાં આવે છે નહિં ? છ ઢાળામાં આવે છે હેં ?

(**શ્રોતા** : તન ઉપજત) તન ઉપજત આવે છે આ બધું એમાંથી કાઢયું છે. પોતે ઉપજે ને પોતે નાશ થાય એમ માને. આહાહા !

**तन उपजत अपनी उपज जान, तन नशत आपको नाश मान,**
**रागादि प्रगट ये दु:खदेन, तिनही को सेवत गित चैन।**

પણ એ તો અનાદિ અને અનંત નિત્યાનંદ પ્રભુ છે. આત્મા ઉપજે ને આત્મા મરે ? આહાહા ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર દેવ ત્રિલોકનાથનો આ હુકમ છે. ભાઇ ! તને ખબર નથી એથી તું પરની ખબરુંમાં વયો ગયો, દુ:ખી છો ભાઇ. આહાહા ! અને દેહ છૂટવા ટાણે તરફડીશ તું. આહાહા ! કાળજા ધ્રુજશે. આહાહા ! ઓલા કહેતા ભાઇ ઓલા, ફાંસી આપીને હમણાં એક નહિં, લોહાણા નહિં. રાજકોટમાં એક બાઇને મારી નાંખી હતી. સાંજ સુધી તો એને ઓલામાં હુશિયારીમાં રહ્યો. હેં ?

(**શ્રોતા** : હિંમતમાં) હા. હિંમતમાં સૂતો ખબર છે સવારે તો ફાંસી ચડવાની છે. સૂતો, ત્રણ કલાક ઉંઘ લીધી. જાગ્યો તો. કોઇ દર્દ નહિં હોય અને જ્યાં લઇ ગયા ન્યાં ગ્યા'તા ને અમે એક ફેરી જેલમાં. કેદીઓ કહે કે અમારે દર્શન કરવા છે ને અમારે સાંભળવું છે. રાજકોટમાં કેદમાં ગયા'તા હમણાં ગયા'તા. કીધું ને આ બેગમગઢ. ચાલીસ ડાકુ મોટા, ડાકુ છે ને મોટા એ જયપ્રકાશ નારાયણને શરણે જઇને થોડા છૂટયા છે. ત્યાં બેગમગઢ છે ને અમારે આંહી ઉતારો હતો ત્યાં આ જેલ હતી એટલે ત્રણ ચાર વાર ત્યાં

જવું પડયું'તું અમારે. એક ફેરી ડાકુ કહે કે અમારે દર્શન કરવા છે મહારાજના. ભાઈ મહારાજ બહુ પ્રસિદ્ધ છે તેથી. ડાકુ, ભારે ડાકુ. ખૂન કરેલા કેટલાકના ને પણ એને છૂટા ને છૂટ હતી ઘરે જાવું હોય તો ત્યારે આઠ-દસ દિવસ જઈ આવે પછી અહીંયા આવવું પડે પાછું એવું બધું. ગ્યા'તા દસ મિનિટ અંદર, ચાલીસ ડાકુ હતા, ચાલીસ આવ્યા હતા. ચાર તો મોટા જબરા ડાકુ.

અમારી પાસે બાપુ કાંઈ ન મળે, આત્મા તો ભગવાન છે બાપા. આ અજ્ઞાનપણે આ બધું કરીને દુ:ખી થાય છે એને બીજું શું એને. જરી બિચારા, બિચારા ખુશી થતા હતા, તાળીઓ પાડતા'તા. હમણાં ત્યાં હતાને ? આની કોર આવ્યું ને સાગરની આની કોર આવ્યું નહિં ? સાગરના શેઠીયા હારે હતા. ભગવાનદાસ હારે હતા. મોઢા આગળ ધજા લઈને હાલતા ઠેઠ સાગરથી બધે ઓલા ખડખડિયા ઉપર શું કહેવાય તમારું ? (**શ્રોતા** : જીપ) ના ના જીપ નહિં આ ખડખડિયું નથી (**શ્રોતા** : મોટરસાઈકલ) સાઈકલ. મોટરસાઈકલ. સાગરથી તે ત્યાં સુધી હારેમાં એના પર બે માણસ ને ધજા આમ. શેઠ હારે હતા ખરાને શેઠની છાપ બહુ મોટી. ભગવાનદાસ કરોડોપતિ. કરોડપતિ જ કહેવાયને પણ બહુ પૈસો ઘણો. મોટા બાદશાહ માળા પણ છતાં નરમ માણસ હોં, ઈ તે હારે આવ્યા'તા ત્યાં જેલમાં. ઓલા નારાયણને મળવા હાલો ને જરા ડાકુને જોઈએ તો ખરા. આહાહા ! પણ એને હૃદયમાં અંદરમાં કાંઈ ભાન ન મળે અને ત્રાસમાં. આહાહા !

આંહી તો કહે છે ભાઈ એ મરણ ટાણે જેણે આત્માની દશાને પોતાની માની છે. શરીરે સુખી તે સુખી સર્વ વાતે એમ આવે છે ને ક્યાંક ? કે શરીરે સુખી તે સર્વ વાતે સુખી એવું આવે છે ક્યાંક નિશાળમાં ક્યાંક આવે છે ? આવું જરી યાદ રહી ગયેલું છે. શરીરે સુખી તે સુખી સર્વ વાતે. આ મૂઢ જીવોના લખ્ખણ, આહાહા ! એવું આવે છે નિશાળમાં આવે છે. (**શ્રોતા** : કવિતા આવે છે) કવિતા આવે છે આહાહા ! બાપા ! શરીરની સ્થિતિ જડની આહાહા ! આ તો માટી, પરમાણુ પુદ્‌ગલની અવસ્થા. એક એક રજકણની દશા ભિન્ન છે, એની અવસ્થા મારાથી થાય ને મેં રાખીને કરી. બાપુ ! તારા જ્ઞાતાદૃષ્ટા આત્માને તે મારી નાંખ્યો. હું આ નહિં. જ્ઞાન-દર્શન આનંદનો પિંડ પ્રભુ ! એ નહિં હું તો આ. એ નહિં એટલે એની હિંસા કરી. આહાહા ! પણ આ હું ને આ નહિં એણે જીવની દયા પાળી, પોતાની હોં પરની કોણ પાળતો'તો. આહાહા ! આહાહા !

નરસિંહ મહેતો નથી કહેતા ? 'હું કરું હું કરું એજ અજ્ઞાનતા છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' (**શ્રોતા** : એ જુદી દૃષ્ટિ છે) હા ને કર્તાપણું (**શ્રોતા** : એ તો

ભગવાન કરે એન માને) હા, હું કરું નથી કર્તા નથી એમ કહે. પરનાં કામ બધા હું કરું છું એમ નથી એટલું પણ હું કરું એ માનનારા અજ્ઞાની છે એટલું એ તો ઈશ્વર માને છે એ તો. આહાહા! આંહી કહે છે કે શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશે આત્માનો નાશ માનતો નથી ધરમી. જેમ એક વસ્ત્ર ત્યજી બીજું વસ્ત્ર ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી, શરીરને કાંઈ થાય? વસ્ત્ર મેલું હોય ને છૂટે આ અને બીજું વસ્ત્ર ગ્રહે એમાં શરીરને કાંઈ થાય? શું કીધું ઈ? એક વસ્ત્ર શરીર ઉપર છે એને છોડીને બીજું વસ્ત્ર પહેરે એમાં શરીરને કાંઈ થાય? એમ એક શરીર છોડીને બીજું આવે એમાં આત્માને કાંઈ થાય? દેહ ત્યજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી.

ઓલો વસ્ત્રના દૃષ્ટાંતે, વસ્ત્ર એક છોડતાં બીજું ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી, આહાહા! તેમ એક દેહ ત્યજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી. ઠંડી હોય ને જાડું વસ્ત્ર ઓઢે તો શરીરને કાંઈ થાય ઈ આંહી લેવું નથી. આંહી તો શરીરની સ્થિતિ છે એને એક વસ્ત્ર એવું ને એવું હોય ને છોડયું અને એવું જ વસ્ત્ર બીજું ગ્રહણ કર્યું એમાં શરીરને કાંઈ છે નહિં. એમ એક શરીરને છોડતાં બીજું શરીર આવ્યું એમાં આત્માને કાંઈ છે નહિં. આહાહા! જેણે આત્માને, રાગને શરીરથી ભિન્ન જાણ્યો છે એવા અંતરાત્મા નામ સમ્યગ્દૃષ્ટિ જીવ, આહાહા! એને દેહ છોડતાં નવો દેહ ગ્રહણ કરતાં કાંઈ પણ એને ફેરફાર આત્મામાં થતો નથી. આહાહા! એમ સમજી તે મરણ સમયે નિર્ભય રહે છે.

આ અંતરાત્મા જીવ, અંતરાત્મા એટલે અંદરનો જે આત્મા પૂર્ણ છે એને જેણે માન્યો, એને જેણે અનુભવ્યો, એને જેણે અંતર આનંદથી, આનંદના વેદનથી જેને જાણ્યો, આહાહા! એ મરણ સમયે નિર્ભય રહે છે. મરણથી ડરતો નથી. જ્ઞાની સમજે છે કે જેમ મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી. મકાન બળી જાય એમાં આકાશ જે અંદર છે એ બળી જાય છે? આકાશ છે ને સર્વવ્યાપક? આકાશ નામનો અરૂપી પદાર્થ. મકાન બળતાં આહાહા! હમણાં ત્યાં હતા ને મુંબઈ, એક મકાન સળગતું હતું ચાર માળનું. બીજે માળથી કાંઈક હતું નહિં? હેઠેથી નહિં પણ દીશાએ જ્યારે નીકળતા ત્યારે હળ હળ હળ આમ ભડકા ત્યારે બધું સળગે અંદર ઓલું, બહારે બારીમાંથી ભડકા નીકળતા હતા કારણકે અંદર બધું હોય ને ઓલું ફર્નીચર, બધું સળગતું હોય. ભડકા જોડેથી નીકળતા હતા ત્યાં એમાં એ સળગ્યું તો એમાં આકાશ સળગતું હશે ત્યાં? આહાહા!

મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો કદી નાશ થતો નથી. આહાહા! આવી સમજણને લીધે તેને કોઈ પણ પ્રકારની આકુળતા રહેતી નથી, તે મરણ પ્રસંગે નિર્ભય સેવે છે, નિર્ભયતા સેવે છે. સમાધિ આનંદ, આનંદ, આનંદ આહાહા! અને આત્મ સ્વરૂપમાં મગ્ન રહે છે. દેહ છૂટવા કાળે પણ આત્માને પોતાને ભિન્ન માન્યો છે એમાં તે સ્થિર રહે છે. એને દુ:ખ થતું નથી. અજ્ઞાનીને શરીર મારું માન્યું છે એ છોડતાં અને મિત્રોને, કુટુંબો, સ્ત્રીને બધા સગવડતાની સુખવાળા અરેરે! ક્યાં જશે? વયા જશે. મને કોણ આપશે? એવી ચિંતામાં ભય પામીને દેહ છોડે છે પણ ઓલાને (જ્ઞાનીને) સમાધિ હોય છે.....

વિશેષ કહેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

રાગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિં. ઇન્દ્ર ઉપરથી ઊતરે તો પણ થયા વિના રહેશે નહિં લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિં લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાંખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.

દૃષ્ટિનાં નિધાન ૪૭૬

# પ્રવચન – ૯૦

## શ્લોક – ૭૭ અને ૭૮

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૬.૦૭.૭૫**

**यस्तु स्वात्मन्येवात्मबुध्धि: स मरणोपनिपाते किं करोतीत्याह –**

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः ।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम् ।। ७७ ।।**

નિજમાં નિજથી આત્મધી માને તન-ગતિ ભિન્ન,
અભય રહે જ્યમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ।। ૭૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

**સિતયોતેર(૭૭) ગાથાનો પાઠ છે વિશેષઃ** જ્ઞાની મરણ સમયે વધુ દૃઢતા માટે જ્ઞાની કહો કે ધર્મી કહો. કોઇ કહે ભાઇ જ્ઞાની પણ બહુ જ્ઞાન હોય એ જ્ઞાની, ધર્મી પણ અમે રાગને કરીએ પુણ્યને કરીએ તે અમે ધર્મી એમ નથી. જ્ઞાની તો એમ કે જ્ઞાની બહુ જ્ઞાન જેને હોય એ જ્ઞાની કહેવાય પણ એ જ્ઞાની નથી, અને ધર્મી જીવ જુઓ આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીએ તો અમે ધર્મી છીએ એ ધર્મી જ નથી. જ્ઞાની અને ધર્મી એક જ ચીજ છે. જેને રાગથી ચૈતન્ય સ્વભાવ અંદર વીતરાગ મૂર્તિ પ્રભુ, એનો જેને અવલંબન આશ્રય થયો છે, એને રાગથી પણ જ્યાં ભિન્નતા ભાવમાં પરિણતિમાં વીતરાગતા વર્તતાં રાગથી ભિન્ન વર્તાય છે એને ધર્મી કહીએ, એને જ્ઞાની કહીએ, એને સાધક કહીએ.

કહે છે કે જ્ઞાની એટલે ધર્મી મરણને કાળે વધુ દૃઢતા, દૃઢતા તો છે પહેલી. આત્મા શુદ્ધ, ચિદ્‌ઘન, આનંદકંદ, પ્રભુ આત્મા છે એવું શ્રદ્ધામાં, જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું છે એને આત્મા પ્રત્યે દૃઢતા તો છે. કે હું નિષ્ક્રિય ચૈતન્યઘન છું એવું પરિણામે કબૂલીને પરિણામમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પરિણમ્યો છે જેને, આહાહા! એને અહીંયા ધર્મી કહે છે, એને અહીંયા જ્ઞાની કહે છે. જ્ઞાની મરણને કાળે વધુ દૃઢતા માટે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે. આહાહા! એ ગાથાઓ છે મૃત્યુ મહોત્સવની નવ(૯), દસ(૧૦), બાર(૧૨) અને ચૌદ(૧૪). મૃત્યુ મહોત્સવ નામનો ગ્રંથ શાસ્ત્ર છે એમાં આ ચાર છે. હે આત્મન! ધર્મી હોય તેને રાગેય હોય, વિષય-કષાયનો રાગ પણ હોય છતાં તે રાગથી ભિન્નતાનું જ્યાં ભાન છે, ત્યાં રાગનું થવું તેનો કર્તા થતો નથી. સવારમાં કહ્યું'તું ને?

આત્મામાં શરીરનો અભાવ છે તો જેનો અભાવ છે તેનો એ કર્તા કેમ હોય? એમ આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એને રાગનો એમાં અભાવ છે. જેમાં રાગનો અભાવ એને રાગરૂપ ભાવનો કર્તા શી રીતે થાય? આહાહા! આવી દૃષ્ટિ તો પહેલેથી થઇ છે પણ દેહ છૂટવાને કાળે વધારે ભાવના દૃઢતાની કરે છે. સ્થિરતાની, સમ્યક્‌ની દૃઢતા તો છે. પૂરણ શુધ્ધ પરમ બ્રહ્માનંદ એ જ હું છું. પરિણામ માત્રે પરિણમે એમ માન્યું છે, આહાહા! કે હું તો ધ્રુવ શુધ્ધ પૂર્ણ બ્રહ્મઆનંદ છું એમ પરિણામે એમ માન્યું છે. સમજાણું કાંઇ? વસ્તુ જે છે એને કાંઇ માનવી નથી એ તો વસ્તુ છે ધ્રુવ ચૈતન્ય, પણ એના તરફ વળતાં પરિણામ એને માન્યું છે કે આ પૂરણ શુધ્ધ છું તે હું છું. આહાહા! એવી દૃઢતા તો સમ્યક્ થતાં થઇ છે પણ મરણને કાળે વધારે સ્થિરતા થાય એ માટે ભાવના ભાવે છે.

હે આત્મન્! તું તો જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે જુઓ એ કોણ માને

જાણે છે ? પર્યાય આહાહા ! હું તો જ્ઞાન સ્વરૂપ, જ્ઞાન જેનું વિગ્રહ, એટલે કે શરીર એટલે કે સ્વરૂપ. તું તો જ્ઞાન સ્વરૂપ છો, દિવ્ય શરીરનો ધારી. જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધરનાર. આહાહા ! આત્મા લેવો છે ને ? આત્મા જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધરનાર. સમજાય છે કાંઇ ? હે આત્મન્ ! તું તો એમ પરિણામ જે પર્યાય છે એણે નિર્ણય કરેલો છે એમાં વધારે દૃઢતા કરે છે. આહાહા ! ઓહો ! શ્રીમદે લખ્યું છે એક પત્રમાં 'ભવના અભાવ ટાણે જેને ભવના અભાવ ભાવ રાખ્યો એને ભવ હોય નહિં લાંબા' એક ઠેકાણે છે. આહાહા ! ભવનો અભાવ એટલે દેહ છૂટવાનો કાળ એમ. ભવના અભાવ કાળે આંહી એમ કીધું શરીરની ગતિ કરી છે ને ભાઇ ! નાશ, ગતિ એટલે નાશ, જવાની સ્થિતિમાં છે. આહાહા ! જાય છે તો આત્મા એમાંથી, શરીર તો ત્યાં, પણ શરીરની ગતિ એટલે ત્યાં આગળ આત્મામાં રહેવાની હતી આમ ક્ષેત્રે એ આંહી જુદી પડી જાય છે. આહા ! એવે ટાણે જ્ઞાની વિચારે છે કે તું તો આહાહા ! જ્ઞાનરૂપી, જ્ઞાન સ્વરૂપી એકલો જ્ઞાન સ્વભાવ, એવો દિવ્ય શરીરનો તું ધરનાર છો. આહાહા ! રાગનોય ધરનાર નહિં ને શરીરનોય ધરનાર એ આત્મા નહિં. આહાહા !

દેહ છૂટવાનો કાળ આવશે કે નહિં ? આહાહા ! આ ભવમાં આવશે ? આહાહા ! સંયોગી ચીજ છે તે છૂટવાનો વિયોગ લઇને તો આવી છે ઇ. આહાહા ! સંયોગી ચીજ છે. અરે ! રાગ પણ સંયોગી ભાવ છે તો એક ક્ષણમાં ઉત્પન્ન થઇને વિધ્વંસ થઇ જાય છે. આ શરીર એ હું નહિં, રાગ એ હું નહિં. એમ ન લેતાં નાસ્તિ ન લેતાં પહેલું, હું તો જ્ઞાનરૂપી જાણગ્ સ્વભાવ પ્રજ્ઞા સ્વરૂપ જાણગ્ સ્વભાવ, એ રૂપી, દિવ્ય શરીરનો આત્મા ધરનાર છે. આહાહા ! આંહી તો પર્યાયનો ધરનારે ન લીધો. પર્યાય એમ નિર્ણય કરે છે, પર્યાય એમ ભાવના કરે છે કે આ હું જ્ઞાનરૂપી શરીર આખું હોં, પર્યાયે નહિં. આહાહા ! પર્યાય તો એ પર્યાયની દૃઢતા પર્યાયમાં પડી છે એ પર્યાયમાં એ ભાવના છે કે હું એટલે આ આત્મા આહાહા ! જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી. આહાહા !

આ તો હાડકા, ચામડા, લોહી વીર્ય જેમાં ભર્યા છે એ તો આ માટી જડ છે. આહાહા ! હું તો દિવ્યજ્ઞાન શરીરનો ધરનાર એનો અર્થ એ કે દિવ્ય શરીરનો ધરનાર, દિવ્ય આનંદનો ધરનાર, દિવ્ય શાંતિનો ધરનાર, દિવ્ય પુરુષાર્થનો ધરનાર એને એક ગુણથી લઇએ તો આનો ધરનાર ને બધું સમુદાયથી લઇએ તો આ બધા ગુણનો ધરનાર. આહાહા ! ધીરાનાં કામ છે ભાઇ ! ભાઇએ પૂછયું'તું ચીમનભાઇએ કે આ ધીરાના કામ એટલે શું ? કે ચીમનભાઇએ આ લખ્યું વેદન, વેદનને ? આ દેશના ક્યાં ? આ દેશના

ક્યાં ? અસંખ્ય પ્રદેશી દેશનો એ. આહાહા ! અને જ્ઞાનરૂપી જેનું શરીર છે. ધીરાનો અર્થ કે એણે અંતરમાં બહુ શાંતિથી ધીરજથી આત્માને કબજે લેવો છે. પર્યાયમાં આત્માને કબજે લેવો છે. આહાહા ! પર્યાયે રાગને કબજે લીધી છે. આહાહા ! સમજાણું કાંઇ ? રાગને કબજેમાં શું થાય ? એ તો દુ:ખ થાય. આહાહા ! પણ પર્યાયે ભગવાનને કબજે લીધો છે.

જ્ઞાનરૂપી શરીર ચૈતન્યબિંબ જાણગ્ સ્વભાવ ત્રિકાળ હોં ધ્રુવ એ રૂપી દિવ્ય શરીરનો હું ધરનાર છું. આહાહા ! માટે સેંકડો કીડાના સમૂહથી ભરેલું આહાહા ! આ શરીર તો સેંકડો કીડાથી ભરેલું છે અને દાક્તરોએ તો લોહીમાં જીવ જોયા છે ને ? અનંતા. પણ ભગવાને તો જીવ જોયા છે ને ? કીડા થાય ઓલા થાય શું કહેવાય ? કરમિયા થાય, માથું સડે ને જીવાય પાકે અંદરમાં. તો આમ કરે તો જીવાત નીકળે. આ શીતળા નીકળતા એ લ્યોને દાણે દાણે ઇયળ. કહ્યું'તું ને લાઠીનું નહિં ? એ જુવાન બાઇ હતી અઢાર વર્ષની એને દાણે દાણે ઇયળ.

સંકડો કીડોના સમૂહથી ભરેલું આ શરીર જીર્ણ શીર્ણ. એવા સેંકડો કીડાના સમૂહથી ભરેલા આ જીર્ણ શીર્ણ શરીરરૂપી આહાહા ! મરવા ટાણે, દેહ છૂટવાના ટાણે અનેક પ્રકારના રોગે હોય શરીરમાં હેં ? આહાહા ! શ્વાસ લેવાય નહિં, ભીંસ પડે અંદર, ડબલ ન્યુમોનિયા થયા હોય, આહાહા ! આખી છાતીમાં એકલો કફ એ જાળું, કફનું જાળું જામી ગ્યું હોય આહાહા ! ખોરાકનો સીધો કફ જ થઇ જાય એને. એ કફના જાળામાં શ્વાસ લેવો. શ્વાસની ક્રિયા એ જડની છે. આત્મા લઇ શકે કે છોડી શકે એમ નથી કારણકે હું તો દિવ્ય જ્ઞાન શરીરનો ધરનાર છું, એ શ્વાસ લેવો કે છોડવો એ મારી ચીજ નથી. આહાહા ! આ તો મુદ્દાની રકમની વાત છે ભાઇ ! આહાહા !

આનંદની લક્ષ્મીથી ભરેલો ભગવાન એવો હું એટલે તું એમ પોતાને કહે છે. તું તો આનંદરૂપી દિવ્ય શરીરનો ધરનાર, એ તો જ્ઞાનથી લીધું છે, આનંદરૂપી શરીર છે. આહાહા ! આનંદ જેનું શરીર છે, આનંદ જેનું સ્વરૂપ છે, આનંદ જેનો અતીન્દ્રિય આનંદ જેનો સ્વભાવ છે એનો હું ધરનાર છું. કેમ કે આનંદ અને જ્ઞાનનો ધરનાર છું એવી પરિણતિ પર્યાયમાં ઉભી થઇ છે એ પરિણતિ એમ જાણે છે કે હું આ આનંદનો ધરનાર છું. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! ન્યાં કાંઇ વાતું કામ ન આવે. શાસ્ત્રોમાં બહુ ધાર્યા હોય, હેં ? એ કામ ન આવે ત્યાં. આહાહા ! શાસ્ત્રના જાણપણા કરીને અભિમાન સેવ્યા હોય ત્યાં એણે જ્ઞાન સ્વભાવ સ્વરૂપ છું એવી તો દૃષ્ટિ ન કરી એને તો આ અધિકતા લાગી. આહાહા ! પણ એથી ભિન્ન મારી ચીજ. શાસ્ત્રના જાણવાની પર્યાયથી મારું

જ્ઞાનરૂપી શરીર ભિન્ન છે. આહાહા! એના સેંકડો કીડાના સમૂહથી ભરેલો કીડાના (સેંકડો) સમૂહથી ભરેલો ઓહોહો!

ઓલા.... નહિં? જીવાત થઇ ગઇ. આમ ફરે ત્યાં કીડા નીકળે આમ બધા જીવડા પડેલા ન્યાં, ન્યાં કાંઇ મોતી પાકે છે? આહાહા! એવું જીર્ણ શીર્ણ, જીર્ણ શરીર જીર્ણ કીધું છે ને? જીર્ણ શરીર જીર્ણ નામ વીખાવાની પર્યાય થઇ જાય. આહાહા! શરીર રૂપી પીંજરાના નાશ સમયે સેંકડો કીડોના સમૂહથી ભરેલા આ જીર્ણ શીર્ણ શરીર રૂપી પીંજરાના, આ પીંજરું છે આ એના નાશ સમયે પીંજરામાં પડયો છે. આહાહા! મોટો સિંહ પાંજરામાં પૂરાણો છે. આહાહા! એવો હું ભગવાન જ્ઞાન સ્વરૂપી એ આ શરીરના નાશ સમયે તને ભય કરવો ઉચિત નથી. આહાહા! એમ જીવને મૃત્યુ કાળે સમજણ વિશેષ બોધ કરે છે. સમજાણું? એવા સમયે તને ભય કરવો ઉચિત નથી. એ એક ગાથા મૃત્યુ મહોત્સવની થઇ. મૃત્યુ મહોત્સવની એની દસ(૧૦)મી, નવ(૯)મી, દસ(૧૦)મી. મૃત્યુ મહોત્સવ પુસ્તક છે, શાસ્ત્ર છે, મૃત્યુ મહોત્સવ છે. આહાહા!

જગતને મરણતણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર છે. આહાહા! દિવ્ય શરીર સાધક છે ને? પંચમ આરાની વાત છે આ એટલે એને શરીર તો થશે. ગમે તેવો મુનિ હોય તો પણ, એને આ ભવમાં કેવળ નથી એથી એવા જીવને લીધો છે ને? એ સમયે તને ભય કરવો ઉચિત નથી. હે આત્મન્! આ મૃત્યુ રૂપ મહોત્સવ પ્રાપ્ત થવાથી તું કેમ ડરે છે? દેહ છૂટવાના કાળે તને ડર શો? આહાહા! આ તો હાડકાનો પીંજર છે ભગવાન ચૈતન તો અંદર ભિન્ન છે. આહાહા! દેહ દેવળમાં ભગવાન દેવ સ્વરૂપે બિરાજમાન છે. દેવળ બળે એટલે કાંઇ દેવ બળી જાય ભેગો? આહાહા! શરીર નો નાશ થાય તો ત્યાંનું આકાશ નાશ થઇ જાય એમ છે? આહાહા! જેની દ્રષ્ટિ દિવ્ય જ્ઞાન શરીર ઉપર પડી છે અને એ સત્તાનો જ્યાં અંતર સ્વીકાર થયો છે, (જેની) પર સત્તાનો અભાવ છે જેમાં, એવા સ્વભાવના સ્વીકારને કાળે જેને ભાન થયું છે પરથી ભિન્ન, એવા મૃત્યુના કાળે દેહના છૂટવાના કાળે તને કેમ ડર છે? કારણ આ મૃત્યુ દ્વારા તો તું જ્ઞાનાદિક સ્વરૂપમાં સ્થિત રહીને, આહાહા! તું જ્યાં છો ત્યાં સ્થિર થઇને અન્ય શરીરરૂપ નવા નગર તરફ ગમન કરે છે. આહાહા!

અન્ય શરીર, અનેરા શરીર, નવું નગર, નવું નગર આહાહા! તરફ ગમન કરે છે. વસ્ત્રનો દાખલો આવે છે ને? વસ્ત્ર છૂટે ને નવું પહેરે એમાં એને ખેદ થાય છે? એમ જીર્ણ શીર્ણ થવાને કાળે એવા ઝાડા થઇ ગયા હોય. પચ્ચીસ, પચાસ, સો ઝાડા

એક દી'માં, ઉનવો નથી કાંઇ કહેતા? હેં? ઉનવા થાય ત્યારે મોસંબી નાંખે તો પાણી નીકળી જાય બહાર. રાજપાલને એમ થ્યું'તું. જીવરાજજીના હતા ને ભાઇ. કાકાના ભાઇ હતા, ગુજરી ગયા ને ૯૪માં પણ મોસંબી આંહી નાંખી હેઠે નીકળી ગઇ. છેલ્લી સ્થિતિ. રાજકોટમાં મસ્જિદની ઓલી કોર નામ ભૂલી ગ્યા! હેં?

હા એ નામ ભૂલી ગ્યા આવતા ને સંપ્રદાયમાં હતા. પચાસ, પોણોસો (પંચોતેર) ઝાડા. ઉનવો જાણે. નામ હતું કાંઇ ભૂલી ગયો. રાજકોટના પારેખ હતા, વૃદ્ધ હતા નામ ભૂલી ગયો. રાજકોટ. મસ્જિદ છે ને મુસલમાનની એની ઓલી કોર હતા. ગ્યા'તા ત્યાં. દર્શન કરવા'તાને? સંપ્રદાયમાં હતાને, નેવ્યાસી(૮૯), નેવ્યાસી(૮૯)ની વાત છે પણ એ તો શું કહેવાય? હિંડોળો, હિંડોળા ઉપર બેઠા. બેસે ને જાય, બેસે ને જાય ઝાડે. પચાસ-પોણોસો(પંચોતેર) આહાહા! આ દેહમાં ઝાડા ન થાય તો શું આત્મામાંથી થાય? આહાહા! એવે ટાણે શરીર છૂટવાને કાળે પ્રભુ તું તો આનંદ છો ને? જ્ઞાન છો ને? તું તો જાણનાર છો. શરીર હોય કે જાય એનો તું જાણનાર છો. શરીરનું છોડવું કે નવાનું ગ્રહવું એ સ્વરૂપમાં નથી. આ તો ન્યાયથી એને વાત સમજાવે છે.

શરીર નવા નગર તરફ ગમન કરે છે. આહાહા! ગર્ભથી લઇ આજ સુધી એ ત્રીજો બોલ, બાર(૧૨)મી ગાથા, આ દસ(૧૦)મી ગઇ. શેઠીજીનો પત્ર હતો કોના ઉપર? ન્યાલભાઇની ઉપર ચેતનજી! શેઠીજી ઉપર હેં? ઓલા આપણા શેઠીની વાત નથી આ. શેઠીની વાત છે આય બીજા શેઠીની વાત. એનો પત્ર એમ કે દુનિયાને ચારિત્ર કેમ પામે એ મારો પ્રયત્ન છે એનો શેઠીએ લખ્યું છે. આપ્યોને છે ને જવાબ એનો પણ તમે શું કરી શકો? શું કરી શકો છો એ તો નિર્ણય કરો પહેલા. વિકલ્પનું થવું એ પણ દુઃખદાયક છે એને ઠેકાણે બીજાને ધર્મ પમાડું, ચારિત્રની વિશેષતા થાય જગતને ચારિત્ર સુધરે એમ કહ્યું. એવું એનામાં છે પત્રમાં. એવો અમે પ્રયત્ન કરીએ છીએ. એનો એવો પ્રયત્ન ને એને જવાબ આપ્યો છે બીજાના ચારિત્ર સુધારવાનો તમારો હક્ક છે કાંઇ? આહાહા! શેના પરમાં સુધારવા માટે તમને આ બધી હરખ ને હોંશ વર્તે છે? તમે કોણ છો ને શું કરી શકો છો એનો નિર્ણય તો કરો. પરને સુધારવા માટે દોડધામ એ કરી શકે છે? ભ્રમણા છે અજ્ઞાનીની. આહાહા!

બંધ અધિકારમાં ત્યાં સુધી આવ્યું કે, બીજાનો મોક્ષ કરું, કરી શકું એ અધ્યવસાય તારો મિથ્યાત્વ છે. આહાહા! કેમ કે એની વીતરાગતાના ભાવ વિના એનો મોક્ષ નહિં થાય. એ વીતરાગ ભાવ તો એ કરે તો થાય કે તારાથી થાય? આહાહા! કામ

ભારે ભાઇ ! દેહ આમ અક્કડ થઇ જાય ને અક્કડ ભારે આમ જાણે રજકણે રજકણની પર્યાય ભિન્ન છે. સવારે શબ્દનું કહ્યું નહોતું ભાઇ ! શબ્દની પર્યાય થાય છે ને ? અનંત પરમાણુ પણ એ પર્યાયમાં પણ એ પરમાણુના સંબંધમાં, પરમાણુમાં પણ શબ્દરૂપી પર્યાયની સત્તાથી થઇ છે. એકમાં ન હોય, બીજામાં ન હોય, ત્રીજામાં ન હોય તો ભેગો શેનો ? એકલો પરમાણુ હોય ત્યારે એને શબ્દની પર્યાય નથી પણ આંહી ભેગો થાય ત્યારે એની પોતાની લાયકાતથી શબ્દની પર્યાય થઇ એમાં છે. આહાહા ! સમજાણું કાંઇ ? એ ઘણાં પરમાણુના સંબંધમાં એ આવે છે ત્યારે એમાં એના પોતામાં શબ્દની પર્યાય પ્રગટ થવાની લાયકાત થઇ છે. આહાહા ! એ ઘણાં સંબંધમાં આવ્યો માટે નહિં.

એ કાળે ઘણાં પરમાણુની પર્યાય શબ્દની છે તે એના પોતાનો પણ પરમાણું તો જુદો જ છે અંદર. શબ્દની અનંત પરમાણુની પર્યાય એમાં એ પરમાણુ જુદો છે. એ કાંઇ ભેગો ભળી ગયો છે ? આહાહા ! એ શબ્દની અનંત પરમાણુના દ્રવ્યની પર્યાય એમાં પણ શબ્દની યોગ્યતા વાળો પરમાણુ તે શબ્દની પ્રગટતા યોગ્યતા વાળો ત્યાં, આહાહા ! એકલો નહોતો અને શબ્દની યોગ્યતા નહોતી ના પાડી, ભેગો થયો ત્યાં થયો એ સંબંધને લીધે થયો કે નહિં ? આહાહા ! એ શબ્દની પર્યાય અનંતા પરમાણુમાં દ્રવ્યની પર્યાય છે આ ભાષાની. એક પરમાણુમાં શબ્દ થવાની લાયકાત નથી. પણ અનંતા પરમાણુની પર્યાય સ્કંધરૂપે એક પર્યાય થાય ત્યારે એને શબ્દની પર્યાય વ્યક્ત થઇ એની પર્યાય પોતામાં હો, એવી અનંત પરમાણુમાં શબ્દની પર્યાયની યોગ્યતા, ઓહોહો ! કેટલી સ્વતંત્રતા છે રજકણની ?

એકલો હતો તેને શબ્દની પર્યાય નહોતી. ઘણાં પરમાણુના સંબંધમાં આવ્યો ત્યારે તેની પર્યાયમાં શબ્દ થવાની લાયકાત પ્રગટ થઇ. પ્રગટ થઇ શબ્દની પર્યાય અનંતા રજકણોમાં એ શબ્દની પર્યાય પ્રગટ એનામાંથી થઇ. આહાહા ! એનો એ સમયનો કાળ જ એ છે, આહાહા ! એનો જન્મક્ષણ. આવી વાતું બાપા અંદર આહાહા ! ભેદજ્ઞાન નહિં કરે, તો એમાં સલવાઇને મરી જશે એમ ને એમ. ભલે એ પંચમહાવ્રત પાળે ને ક્રિયાકાંડ કરે, સંથારા કરે બે-બે મહિનાના આહાહા ! અજ્ઞાન હતું બહુ. શાંતિભાઇના ભાઇએ બધું બહુ કર્યું હતું ત્યાં રાજગ્રહી (રાજગીરી) હેં ? એ શાંતિભાઇ ! ખબર છે કે નહિં છાપામાં આવ્યું હતું, પછી અમે વાંચેલું બધું છાપામાં આવ્યું'તું. ભાઇનું મકાન એણે કરાવ્યું, મકાન એણે કરાવ્યું અને સામું ઓલું ન્યાં સલવાઇ ગ્યા. સંથારા વખતે પૈસા ખર્ચ્યા.

જગજીવન નહિં જગજીવન તપશીના સગા હતા. મણીલાલ ભાઇ હતાને તપશી આપણા ? એના સગા હતા જગજીવન. રાજગૃહી (રાજગીરી)માં. એય માણસ

ભેગું થયું હતું ને હોહા, હોહા. ભારે કામ આકરું. આહાહા! શેના સંથારા, દૃષ્ટિ મિથ્યા છે ત્યાં? દૃષ્ટિ તો મિથ્યા છે આખી એ ગૃહિત મિથ્યાદષ્ટિ છે. આખો પંથ સાધુ, આર્જા બધા મિથ્યાદષ્ટિ, બધા ગૃહિત મિથ્યાદષ્ટિ છે. એ શશીભાઇ! હવે એને સંથારો કેવો? એને ધર્મ કેવો? એ તો મિથ્યાત્વના પોષક છે. આહાહા! એને અનુમોદવા, અનુમોદવા કે આ ભારે કર્યું. મહામિથ્યાત્વ અનંત સંસારનું પોષક છે એ તો. આકરી વાતું બાપા! વીતરાગ માર્ગની એવી દીક્ષા હે વીતરાગ એમ કહ્યું છે ને ભક્તામરમાં આહાહા! પણ જેને આ વીતરાગભાવની પ્રશંસા જાગી છે, જેનો સ્વભાવ વીતરાગ ચૈતન્ય એવો જેને પ્રગટ થયો પરમાત્માને એવા પરમાત્માની સ્તુતિ કરતાં હે નાથ! તારી વીતરાગતાને હરિહરાદિ જોઇ લીધા પ્રભુ. આહાહા!

બીજા ધર્મોની સ્થિતિ અમે જોઇ લીધી પછી અમે તને માન્યા ને અનુભવ્યા છે. આહાહા! આવે છે ને ચેતનજી ''मन्ये वरं हरिहरादय एव दृष्टा'' નહિં? આવે છે. તથા મારી સ્થિતિ પણ અત્યારે વીતરાગ ભાવમાં છે. આહાહા! વીતરાગ ભાવ એવો મારો સ્વભાવ, રાગના કહેનારા ને રાગથી લાભ મનાવનારા બધાને મેં જોઇ લીધા પહેલેથી, હવે અમારું મન ક્યાંય જાતું નથી. આહાહા! સુજાનમલજી! કહે છે, ગર્ભથી લઇ આજ સુધી, દેહ પીંજરામાં તું, અનેક પ્રકારના દુ:ખ ભોગવતો પડયો રહ્યો છે, પડયો રહ્યો છે. આહાહા! એ વહેવારથી વાત કરે છે. દેહને લઇને દુ:ખ નથી એ તો દુ:ખ તો જેટલો રાગ છે એનું દુ:ખ છે. પણ આ દેહની સ્થિતિમાં રોગનું રહેવું, આહાહા! આઠ ડીગ્રી, છ-છ ડીગ્રી તાવ આવે, ધાણી ફૂટે એવો તાવ એવું નથી કહેતા? ધાણી ફૂટે એવો તાવ ચડયો.

ભગવાન તો અંદર ભિન્ન છે. આહાહા! આવા પીંજરામાં રહ્યો પડયો એમ કીધું છે. અનેક પ્રકારના દુ:ખ ભોગવીને એટલે એવી સ્થિતિ બને છે શરીરમાં એમાં રહ્યો છે હા. એ મૃત્યુ રૂપી બળવાન રાજા સિવાય, મૃત્યુરૂપી બળવાન રાજા સિવાય બીજા કોણ તને આ દેહ પીંજરામાંથી મુક્ત કરી શકે? દેહને મુક્ત થવામાં તો એ મૃત્યુ પોતે મૃત્યુ જ છે. બીજો કોઇ મુક્ત કરી શકે એવું નથી! દેહથી છૂટું પાડવામાં મૃત્યુ જ કામ કરે છે બીજો કોઇ છૂટું કરી શકે એમ છે નહિં. આહાહા! થોડા દિવસ પડેલા નહિં એક બકરી હતી મોટી, ચાર મોટા ડાઘા જીવતી હોં જીવતી, નહોતું જોયું ચંદુભાઇ દિશાએથી આવતા? ચાર ડાઘા ખેંચી ખેંચીને કૂતરા મોઢામાં લઇને ખેંચતા. આ દેહ પીંજર આવી સ્થિતિ એમાં હતી. એમાં તું રહ્યો છો અત્યાર સુધી એમ કહેવું છે. આહાહા!

મૃત્યુ રૂપી બળવાન રાજા સિવાય આહાહા! બીજો કોણ તને આ દેહ

પીંજરામાંથી મુક્ત કરે ? કોણ મુક્ત કરી શકે ? છે કોઇ ? આહાહા ! માટે મૃત્યુરૂપી બળવાન મહોત્સવ છે જેથી દેહ છૂટે છે. નવો દેહ મળશે અને ધર્મીને તો દેહ મળે ત્યાં ભગવાન પાસે તો અમે જવાના જ એના એને .... આવે છે. આ ભગવાન પાસે છે માટે ભગવાન બિરાજે છે જ્યાં આહાહા ! કારણ કે ધર્મી જીવ છે એ તો સ્વર્ગમાં વૈમાનિકમાં જ જાય છે. એના શરીરમાં બીજું તો એને હોય નહિં. મરીને માણસ થાય તો મિથ્યાદૃષ્ટિ હોય. કોઇ એમ કહે કે માણસ મહાવિદેહમાં જાય છે ને ? તર્ક આ બહુ કરે પણ મિથ્યાદૃષ્ટિ હોય એ જાય, સમકિતી મહાવિદેહમાં ન જાય અને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં ન જાય, સ્ત્રી ને નપુંસકના શરીરમાં ન જાય. આહાહા !

વૈમાનિક અને પુરુષનું શરીર એમાં સાધક જીવ ઉપજે અને ત્યારે એને ઉપજે ત્યારે, અહો દેવો બીજા ઉભા હોય તે મહારાજ, પ્રભુ ધન્ય અવતાર અહીં આવ્યા તમે. ભગવાનની પૂજાનો અવસર છે. ભગવાનની પ્રતિમા છે, મંદિર છે શાશ્વત એની પૂજા કરો. .... કોઇ કોઇ પહેલી પૂજા કરે નહિંતર એને પૂછે અહો ! ભગવાન ક્યાં છે ? સર્વજ્ઞ પરમાત્મા મનુષ્યદેહમાં કયે ક્ષેત્રે છે ? એ વિકલ્પ આવે છે ત્યાં જાય છે. આહાહા ! કહે છે કે બહારથી ભગવાનને ભેટા થવામાં મૃત્યુ બળવાન રાજા મિત્ર છે. આહાહા ! ભય શેનો તને ? તું કરી શકે નહિં એટલી દશા જરી હોય એ બીજી વાત છે. સમજાણું કાંઇ ? જરીક નબળાઇને લઇને જરીક રાગને કારણે દુ:ખ થાય પણ એથી કરીને શરીર છૂટવાના કાળે એ શરીર છૂટે છે માટે દુ:ખ છે એમ નથી. શરીર છૂટીને તો નવું નગર મળશે, નવું શરીર મળશે. આહાહા ! એક તો આ ભવમાં છે એને બીજે ભવે પણ રહેશે, શરીર મળશે. આહાહા ! આવી આસ્થાની વાત કરી છે હેં ? દેહ પીંજરામાંથી મુક્ત કરી શકે એવું કોઇ છે ? તો એ મૃત્યુ સિવાય કોઇ નથી.

હવે ચોથો(૪) શ્લોક, ચૌદ(૧૪)મો. જે પુરુષે, પુરુષ શબ્દે આત્મા, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં આહાહા ! ભાષા દેખો. દેહ છૂટવાને કાળે તે કલ્પવૃક્ષ છે, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષમાં જેમ ધાર્યા ફળ મળે છે ને એમાં ? તેમ મૃત્યુંનું કલ્પવૃક્ષ છે. આહાહા ! ત્રણલોકના નાથ વીતરાગ પરમાત્મા બિરાજે છે ત્યાં જવાનો કાળ તને આવ્યો. કલ્પવૃક્ષ છે મૃત્યુ. ભગવાનના વિરહ હતા. ભાઇ ! કુંદકુંદ આચાર્યે ન કહ્યું ? આહા ! ''સીમંધરનાથના વિરહા પડયા આ ભરતમાં'' એમ કંઇ આવે છે ને ? ત્યાં પોન્નૂર હિલ. અરે ! પરમાત્મા ત્રિલોકનાથ ભરતક્ષેત્રમાં નથી પણ જ્યાં છે ત્યાં અહીંનો તો અમને વિરહ છે ને ! વિરહ છે સાક્ષાત્ બિરાજે છે સીમંધર ભગવાન.

સ્થાનકવાસીના ૩૨સૂત્રમાં એ સીમંધર સ્વામી ભગવાનનું નામ નથી હેં ? એમાં હશે પણ આમાં નથી. એ ચર્ચા અમારે થઇ ગયેલી છે. એંસી(૮૦)માં પચાસ(૫૦) વર્ષ બોટાદમાં બોટાદ થઇ ગઇ મોટી ચર્ચા થઇ હતી. કીધું વીસ(૨૦) વિહરમાન .... સીમંધર, બીજા યુગંધરનું નામ છે એમાં સીમંધર ભગવાન એવા આ વીસમાં નામ ત્યાં નથી. સીમંધર ભગવાનની આજ્ઞા માંગે છે પણ સીમંધર ભગવાનનું નામ શાસ્ત્રમાં છે નહિં. અહીં તો પાઠમાં પાધરા પ્રવચનસાર. ન્યાં તીર્થંકર મહાવિદેહમાં છે. આવે છે પ્રવચનસારમાં ? પ્રત્યેકને પ્રત્યેકને હું વંદન કરું છું છે ? પ્રવચનસારમાં આવે છે ને પહેલા આહાહા ! હેં ? ગાથામાં અંદર ટીકામાં છે. સીમંધર ભગવાન ભલે અહીં નથી તીર્થંકર ભગવાન રૂપે પણ મહાવિદેહમાં બિરાજે છે. એને દરેકને સમુદાય તરીકે વંદન કરું છું અને પ્રત્યેકને ભિન્ન ભિન્ન લક્ષ કરીને પણ વંદન કરું છું. આહાહા ! જુઓ આ પંચમઆરાના કુંદકુંદ આચાર્ય છે ને ? એવા અરિહંતોને ગાથામાં છે, ટીકામાંય છે. ટીકામાં આવે છે નહિં ?

પ્રવચનસાર, પાનું ૭ સંસ્કૃત ટીકા ચોથી(૪) લાઇન- सर्वानिव सांप्रतमे तत्क्षेत्रसंभव तीर्थंकरा संभवान्महाविदेह भूमि संभवत्वे सति मनुष्यक्षेत्र प्रवर्तिभिस्तीर्थनायकै: सह वर्तमानकालं गोचरी कृत्य युगपद्युगपत्प्रत्येकं प्रत्येकं च मोक्षलक्ष्मी स्वयंवरायमाण परम नैर्ग्रन्य.....

માળે પણ ટીકા, અનંત તીર્થંકરો જે વર્તમાન એ સિવાય કેવળી, એ સિવાય વર્તમાન આંહી નથી, વર્તમાન મહાવિદેહ છે એને સમુદાયને બધાને અને પ્રત્યેકને ભિન્ન ભિન્ન વંદન કરું છું. કે જેને કેવળજ્ઞાન દશા વર્તે છે એવા વીતરાગ. એવી વીતરાગની જેને અંતરદૃષ્ટિ વીતરાગ સ્વભાવની થઇ એને એવા વીતરાગ ભાવ પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ આવ્યા વિના રહે નહિં. ત્યાં શુભ ભાવ આવ્યા વગર રહે નહિં. ત્યાં તો એમેય કહ્યું છે ને ? ભગવાનનું નામ, નામસ્મરણ આવે છે ને આહાહા ! જેનું નામ ગ્રહણ પણ સારું છે. લ્યો પહેલું આવ્યું ને ? આહાહા ! નામ ગ્રહણ પણ સારું છે, આહાહા ! જુઓ આમાં તો તીર્થંકરનું નામ આવ્યું મહાવિદેહનું, મહાવિદેહમાં તીર્થંકર બિરાજે છે, ક્યાં આઠ(૮)મે પાને પાંચમી લાઇન, પ્રવચનસાર साम्प्रतमेत्र भरतक्षेत्रे तीर्थंकराभावात् पंचमहाविदेह स्थित श्री सीमंधरस्वामि तीर्थंकर परम देव प्रभृति तीर्थंकरै:।

સીમંધર નામ ભગવાન છે આમાં તો ટીકામાં છે અને મૂળ પાઠમાં છે. મહાવિદેહમાં છે એ ત્રીજી(૩) ગાથા છે ને ? वट्टंते माणुसे खेत्ते એ ત્રીજી(૩) ગાથામાં એ પછી નામ આપ્યું ટીકામાં સીમંધર ભગવાન આદિ. ઓહોહો ! મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં આહાહા ! પોતાના આત્માનું હિત સાધ્યું નહિં. દેહ છૂટવાના મૃત્યુ સમયે

મૃત્યુનો મહોત્સવ છે. એને જે મહોત્સવ ન કર્યો અને આત્માનું હિત ન સાધ્યું એ સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે ? એટલે કૂવામાં પડશે. જે પુરુષે મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત કરવા, અહીં તો કલ્પવૃક્ષ લીધું અહીંયા આહાહા ! આત્મામાં પોતાના આત્માનું હિત સાધ્યું નહિં તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ શું કલ્યાણ કરશે ? આવા વિચારથી, જ્ઞાની મરણથી ભય પામતો નથી. પણ મરણને તે મિત્ર સમાન ગણે છે લ્યો.

શ્રીમદ્‌માં આવ્યું નહિં ? 'વનમાં એકાકી વિચરતો વળી સ્મશાનમાં વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસનને મનમાં નહિં ક્ષોભતા પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' મારે શરીર જોઈતું નથી અને એને જોઈએ છે તો એ મિત્ર થ્યો મારો. આહાહા ! 'અડોલ આસનને મનમાં નહિં ક્ષોભતા પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' અહીંયા કહ્યું છે મરણ તો મિત્ર છે જુઓ કહ્યું ને ? આહાહા ! શ્રીમદ્‌ને સમાધિમરણ અને સ્વર્ગમાં ગયા. મહાવિદેહમાં ન જાય ને પછી આઠ(૮) વર્ષે કેવળજ્ઞાન ઉતાવળે પમાડવા મરીને મહાવિદેહમાં ગ્યા છે આ. આખું તત્ત્વ જ ફરી જાય છે એની વાત. આહાહા ! આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતા નથી પણ મરણને મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે. આહાહા ! અને તેથી તે નિરાકુલતા પૂર્વક આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ સમાધિમરણ સાધે છે. આહાહા ! આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વહેવાર વિષે અનાદર રાખે છે એવી ગાથા આવે છે.

ગાથાની ભૂમિકા ઈઠ્યોતેર(૭૮)મી ગાથા. આવું જ્ઞાન તેને જ થાય કે જે વહેવારના વિષે અનાદર (રાખે છે). વહેવાર હોય ખરો પણ એમાં પ્રયત્ન પરાયણ નહિં. આહાહા ! આ કરું ને આ કરું ને વહેવાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એવો વિકલ્પ છે એનો આદર ધર્મીને ન હોય. હોય ખરો ભાવ, છદ્મસ્થ છે એટલે ભાવ હોય પણ આદર નહિં, ઉપાદેય બુદ્ધિ નહિં. આહાહા ! જેને વહેવાર વિષે અનાદર રાખે છે પરંતુ જેને જ્યાં આદર છે વહેવારમાં જે મગ્ન છે, બસ ક્રિયાકાંડ વહેવારના વિકલ્પમાં તેને તેવું જ્ઞાન થતું નથી, તેને સાચું જ્ઞાન થતું નથી. આહાહા ! હેં ? વહેવાર મૂઢ છે. વહેવારમાં તત્પર છે, એ તો વહેવારમાં મૂઢ છે અને નિશ્ચય અનારુઢ છે. અનાદિરુઢ વહેવારમાં મૂઢ અને નિશ્ચયમાં અનારુઢ ત્રણ(૩) શબ્દ છે ને ? નિશ્ચયમાં અનારુઢ છે ને ? ચારસો તેર(૪૧૩) ગાથા તેને એનું જ્ઞાન થતું નથી એમ કહે છે લ્યો.

**एवं च स एव बुध्यते यो व्यवहारेऽनादरपर: यस्तु तत्रादरपर: स न बुध्यत इत्याह -**

**व्यवहारे[1] सुषुप्तो य: स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ।।७८।।**

સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત[2] આત્મામાંય ।। ૭૮ ।।

**टीका** : व्यवहारे विकल्पाभिधानलक्षणेप्रवृत्तिनिवृत्यादिस्वरूपे वा सुषुप्तोऽप्रयत्नपरो य: स जागर्त्यात्मगोचरे आत्मविषये संवेदनोद्यतो भवति। यस्तु व्यवहारेऽस्मिन्नुक्तप्रकारे जागर्ति स सुषुप्त: आत्मगोचरे ।।७८।।

આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે, પરંતુ જેને ત્યાં (વહેવારમાં) આદર છે તેને આવું જ્ઞાન થતું નથી. તે કહે છે :-

**અન્વયાર્થ** : (य:) જે (व्यवहारे) વ્યવહારમાં (सुषुप्त:) સૂતેલો છે, (स:) તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (जागर्ति) જાગે છે (च) અને જે (अस्मिन् व्यवहारे) આ વ્યવહારમાં (जागर्ति) જાગે છે તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (सुषुप्त:) સૂતેલો છે.

**ટીકા** : વ્યવહારમાં એટલે, વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં (વિકલ્પના સ્થાનરૂપ) અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ (વ્યવહારમાં) જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે અર્થાત્ સંવેદનમાં (આત્માનુભવમાં) તત્પર હોય છે, પણ જે આ ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે તે આત્મ-વિષયમાં સૂતો છે. (અર્થાત્ આત્મદર્શન પામતો નથી.)

**ભાવાર્થ** : જ્ઞાની, પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સાંસારિક કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે - તત્પર રહે છે, જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સંસારનાં કાર્યોમાં પ્રયત્નશીલ રહે છે - જાગૃત રહે છે અને આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે.

---

१. जो सुत्तो ववहारे सो जोइ जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे ।।३१।। (मोक्षप्रामृते, कुंदकुंदाचार्य)

૨. સુષુપ્ત - સૂતેલા

## વિશેષ

અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્ત-નિવૃત્તિરૂપ વ્યવહારમાં-અર્થાત્, અહિંસા, ભક્તિ, વ્રત, નિયમાદિ શુભ પ્રવૃત્તિરૂપ વ્યવહારમાં અને હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભ કાર્યથી નિવૃત્તિરૂપ વ્યવહારમાં-એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે તે જ આત્માનુભવ કરી શકે છે, પરંતુ ભક્તિ આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યમાં નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તે પ્રવૃત્તિ વિકલ્પારુઢ છે - રાગયુક્ત છે. રાગ ભલે શુભ હોય તો પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી.

જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે, તેથી તેને વ્યવહાર ધર્મથી સ્વયં નિવૃત્તિ થઇ જાય છે. તેની તે પ્રવૃત્તિ વિકલ્પારુઢ નથી પણ નિર્વિકલ્પ છે અને તેનાથી ધર્મ થાય છે.

જ્ઞાનીને અસ્થિરતાને લીધે કદાચિત્ પૂજા-ભક્તિ આદિનો શુભ રાગ આવે, પણ તે તેને ભલો માનતો નથી, તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે; તેથી તેમાં તેની પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય જ છે.

અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે.

''વળી કોઇ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઇ પ્રવર્તે છે, પણ તે તો જેમ અન્યમતી ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું; ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે, માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય, એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતું ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે...''[૩]

''... આ ભક્તિ, કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને એવા અજ્ઞાની જીવોને જ હોય છે તથા તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે''[૪] એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઇ શક્તો નથી ત્યારે તેને આવી ભક્તિ હેયબુદ્ધિએ હોય છે. ૭૮.

---

૩. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ. ૨૨૬.
૪. શ્રી પંચાસ્તિકાય - ગાથા ૧૩૬ની ટીકા.

# પ્રવચન – ૯૦

આહાહા! ટીકા એટલે એની વહેવારમાં વ્યાખ્યા કરી. વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેવી (પ્રવૃત્તિ) પ્રવૃત્તિ-નિવૃત્તિઆદિ સ્વરૂપ એ વહેવાર. અશુભથી નિવૃત્તિને શુભમાં પ્રવૃત્તિને એવો જે વહેવાર આહાહા! ભાષા કેવી કરી જોયું? विकल्पाभिधान लक्षणेप्रवृत्ति निवृत्यादि स्वरुपे व्यवहार: એમ વહેવારની વ્યાખ્યા. વહેવારે विकल्पाभिधान लक्षणेप्रवृत्ति निवृत्यादि स्वरुपे વહેવારે એટલે એમ, છે ને? વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે, તેમાં વિકલ્પના સ્થાનરૂપ પ્રવૃત્તિ નિવૃત્તિઆદિ સ્વરૂપ. આ કરું ને આ કરું વિકલ્પ છે. શુભભાવ અને આને છોડું ને અંદર જાઉં એ પણ એક વિકલ્પ છે.

વહેવારમાં પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વિકલ્પ. આકરું છે. વહેવારમાં જે સૂતો છે એટલે પ્રયત્ન પરાયણ નથી એમ તેમાં પ્રયત્ન પરાયણ નથી. પ્રવૃત્તિ-નિવૃત્તિના વિકલ્પમાં આદર નથી, પ્રયત્ન પરાયણ નથી. આહાહા! તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે. વહેવારના વિકલ્પો હોય, પણ એમાં એનો આદર નથી. હેયબુદ્ધિએ આવે છે તેથી એ વહેવારમાં પ્રયત્નપરાયણ નથી. આહાહા! આમ તો કીધું, છ દ્રવ્યને જાણવું પ્રયત્ને યોગસારમાં નથી આવતું? યોગસારની ગાથામાં આવે છે, પણ પ્રયત્ન એ જુદું. એ તો પ્રયત્ન પરાયણ એ વસ્તુમાં તત્પર થઈ જવું સમજાણું? વહેવારની ક્રિયા દયા, દાન, ભક્તિ, પૂજા આદિ ભાવ બધો વહેવારનો વિકલ્પ છે. આહાહા! એ વિકલ્પમાં જેનો પ્રયત્ન તત્પર છે એને આત્મજાગૃતિ નથી એને, એને પ્રયત્નમાં નથી તત્પર એને આત્મદર્શનની જાગૃતિ છે. આહાહા! યોગસારમાં છે ને હેઠે? કુંદકુંદઆચાર્યમાં આપણે આવી ગ્યું છે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ આવ્યું છે અને.....

વિશેષ કહેશે ............

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન સત્ સાહિત્ય પ્રચાર

બોરીવલી